॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨

અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આચાર-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૨ માં છે...

૦ "આચાર" – અંગસૂત્ર-૧-ના...

-૦- શ્રુતસ્કંધ-૧-ના...

– અધ્યયન-૬ થી ૯

અને

-૦- શ્રુતસ્કંધ-૨-સંપૂર્ણ

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતી*નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

# અનુદાન દાતા

*આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા*

**સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ**
**શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી**
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
**જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત**
**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.**
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બાટોદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*



**સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી**

**આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક મુનિશ્રી દીપરત્નસાગરજીની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.**

**(૧) શ્રી જૈન શ્વે૰ મૂર્તિ૰ સંઘ, થાનગઢ**
**(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.**

**પૂ૰પૂ૰ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ**
**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત**
**પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૰ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી પ.પૂ. **સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી** તથા **સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૰ તપ૰ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.ની પુનિત પ્રેરણાથી
''શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી.''

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી શ્રમણવર્યા મોક્ષનંદિતાશ્રીજી મ૦ની પ્રેરણાથી ''શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્ના શ્રીજીની પ્રેરણાથી- ''શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ,'' વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.ની પ્રેરણાથી - ''શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ,'' ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે ''કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી,'' કરચેલીયા, સુરત.



(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી મ૦ની પ્રેરણાથી
''શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજીની પ્રેરણાથી
સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦ની પ્રેરણાથી - ''શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ, જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ૦ ની પ્રેરણાથી – ''અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી મ૦ની પ્રેરણાથી – ''શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ, ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા સા૦ સૂર્યપ્રભાશ્રીજી મ૦ની પ્રેરણાથી – ''શ્રી ભગવતી નગર ઉપાશ્રયની બહેનો, અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી મ૦ની પ્રેરણાથી. ''શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, आगमविषयदर्शन, आगमकथानुयोगના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.



## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.



## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં ''કથાનુયોગ'' નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ ''આગમ કથાનુયોગ'' કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

**૪૮-પ્રકાશનો**

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોના અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે ''સટીક અનુવાદ'' એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનોને અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશનનું મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

-- x -- x --



## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

– મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ ''લઘુપ્રક્રિયા'' પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે ક્રાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

– આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** ૩

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

– આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. ''મન્નહ જિણાણં'' નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

– શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-** ૧

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧૦

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦

– આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

### (૪) આરાધના સાહિત્ય :- 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

### (૫) વિધિ સાહિત્ય :- 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

### (૬) પૂજન સાહિત્ય :- ૧

o આગમ મહાપૂજન વિધિ-જેની નોંધ આગમ વિભાગમાં છે.

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

### (૭) યંત્ર સંયોજન :-

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર



### (૮) જિનભક્તિ સાહિત્ય :- ૯

o ચૈત્યવન્દન પર્વમાલા

o ચૈત્યવન્દનસંગ્રહ-તીર્થજિન વિશેષ

o ચૈત્યવન્દન ચોવિસી

o ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

o શત્રુંજય ભક્તિ

o शत्रुञ्जय भक्ति

o સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ

o વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય

o ચૈત્ય પરિપાટી

### (૯) પ્રકીર્ણ સાહિત્ય :- ૯

o શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી

o શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી

o અભિનવ જૈન પંચાંગ

o अभिनव जैन पञ्चाङ्ग

o અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી

o બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો

o શ્રી જ્ઞાનપદ પૂજા

o કાયમી સંપર્ક સ્થળ

o ચોઘડીયા તથા હોરા સમયદર્શિકા

### (૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :- ૫

o જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ

o પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૨ :-

# (૧) આચારાંગ-સૂત્ર/૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

● **ભૂમિકા :-**

પીસ્તાળીશ આગમોમાં ''આચાર'' એ પહેલું આગમ સૂત્ર છે. વ્યવહારમાં ''આચારાંગ'' નામે ઓળખાતા આ આગમને પ્રાકૃતમાં 'आयार' કહે છે. આ અંગેની ભૂમિકા ભાગ-૧માં નોંધી છે.

આચારાંગ સૂત્ર ભાગ-૧માં પહેલા શ્રુતસ્કંધના અધ્યયન-૧ થી ૫નો ટીકાનુસારી અનુવાદ છે. આ બીજા ભાગમાં શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૬ થી ૯ અને શ્રુતસ્કંધ-૨ નો ટીકાનુસારી અનુવાદ છે. [જો કે શ્રુતસ્કંધ-૧માં અધ્યયન-૭ નો વિચ્છેદ થયેલો છે.] શ્રુતસ્કંધ-૨ માં ચાર ચૂલિકા છે. ચૂલિકા-૧માં સાત અધ્યયનો છે. ચૂલિકા-૨માં સાત અધ્યયનો છે અને ચૂલિકા-૩,૪માં કોઈ અધ્યયન નથી. આ રીતે ચાર ચૂલિકાને બદલે કેટલાંક સોળ અધ્યયનો રૂપે પણ તેને ઓળખાવે છે.

卐 શ્રુતસ્કંધ-૧ 卐

*[અધ્યયન-૧ થી ૫ માટે પહેલા ભાગમાં જોવું]*

### ૦ અધ્યયન-૬ ''ધુત'' ૦

પાંચમું અધ્યયન કહ્યું છે. હવે છઠ્ઠા અધ્યયનનો આરંભ કરીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે છે - અધ્યયન-૫માં લોકમાં સારભૂત એવા સંયમ અને મોક્ષનું પ્રતિપાદન કર્યું. તે નિઃસંગતા સિવાય અને કર્મને દૂર કર્યા વિના ન થાય. તેથી કર્મ ધોવાનું બતાવવા માટે આ ઉપક્રમ કરાય છે. આ સંબંધથી આવેલ ''ધુત'' નામક અધ્યયનના ચાર અનુયોગ દ્વાર થાય છે. તેમાં પ્રથમ ઉપક્રમમાં અર્થાધિકાર બે ભેદે છે. (૧) અધ્યયન અર્થાધિકાર અને (૨) ઉદ્દેશ અર્થાધિકાર.

અધ્યયનનો અર્થાધિકાર પહેલા અધ્યયનમાં કહેલ છે. ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહે છે—





[નિ.૨૫૦] ઉદ્દેશા-૧માં પોતાના સગાના વિધૂનન [મોહત્યાગ] નો અર્થાધિકાર છે, બીજામાં કર્મોના, ત્રીજામાં ઉપકરણ અને શરીરોના, ચોથામાં ત્રણ ગારવોના વિધૂનનનો અધિકાર છે તથા ઉપસર્ગ કે સન્માનનો [ત્યાગ કરવો] સાધુઓએ પૂર્વે જે પ્રમાણે કર્મો ધોયા છે, તે પાંચમાં ઉદ્દેશકમાં બતાવે છે. આ પ્રમાણે અર્થાધિકાર બતાવીને નિક્ષેપ કહે છે.

આ નિક્ષેપ ત્રણ પ્રકારે છે - તેમાં ઓઘ નિષ્પન્નમાં અધ્યયન છે, નામ નિષ્પન્નમાં 'ધૂત' નામ છે. 'ધૂત'ના ચાર નિક્ષેપા છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય અને ભાવ બતાવવા ગાથા કહે છે—

[નિ.૨૫૧] દ્રવ્યધૂત બે ભેદે છે - આગમથી અને નોઆગમથી આગમથી જ્ઞાતા હોય પણ તેમાં ઉપયોગ ન હોય. નો આગમથી જ્ઞ શરીર, ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યધૂત તે વસ્ત્રાદિની ધૂળ દૂર કરવી તે. આદિ શબ્દ વૃક્ષ આદિ ફળ અર્થે છે. ભાવધૂત તે આઠે કર્મોને દૂર કરવા રૂપ છે. ફરી આ જ વિષયને વિશેષ સ્પષ્ટ કરે છે—

[નિ.૨૫૨] દેવતા, મનુષ્ય, તિર્યંચના જે ઉપસર્ગો આવે તેને સારી રીતે સહન કરીને જે સંસાર વૃક્ષના બીજ સમાન કર્મો આવે તેને ધોવા-દૂર કરવા. તેને 'ભાવધૂત' જાણ. ક્રિયા-કારકની અભેદતાથી કર્મધૂનન. એ જ ભાવધૂત જાણ. નામ નિક્ષેપો કહ્યો.

### 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૧ 'સ્વજન વિધૂનન' 卐

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું. તે આ છે—

● **સૂત્ર-૧૮૬ :-**

***કેવલજ્ઞાની પુરુષ સંસારના સ્વરૂપને જાણીને ઉપદેશ આપે છે. એકેન્દ્રિયાદિ જાતિને સારી રીતે જાણનાર શ્રુતકેવલિ આદિ પણ અનુપમ બોધ આપે છે. જ્ઞાની પુરુષ ત્યાગમાર્ગમાં ઉત્સાહિત થયેલા, હિંસક ક્રિયાથી નિવૃત્ત, બુદ્ધિમાન અને સાવધાન સાધકોને મુક્તિનો માર્ગ બતાવે છે. તેમાં જે મહા-વીર છે, તે જ પરાક્રમ કરે છે. કેટલાક આત્મજ્ઞાનરહિત સંયમમાં વિષાદ પામે છે તે જુઓ.***

***હું કહું છું - જેમ કોઈ કાચબો શેવાળાદિથી આચ્છાદિત તળાવમાં ગૃદ્ધ થઈ બહાર નીકળવાનો માર્ગ મેળવી શકતો નથી. વૃક્ષ પોતાનું સ્થાન છોડી શકતું નથી, તેમ કેટલાંયે વિવિધ કુળમાં ઉત્પન્ન રૂપાદિમાં આસક્ત થઈ કરુણ વિલાપ કરે છે. પણ કર્મોથી છૂટી મોક્ષ પામી શકતા નથી. વળી જુઓ, પોત-પોતાના કર્મોના ફળને ભોગવવા માટે વિવિધ કુળોમાં ઉત્પન્ન થાય છે.***

● **વિવેચન :-**

સ્વર્ગ, મોક્ષ તથા તેના કારણો, સંસાર તથા તેના કારણો કેવળજ્ઞાન વડે જાણીને આ મૃત્યુલોકમાં મનુષ્યોને ધર્મ સમજાવે તે ભવોપગ્રાહી કર્મ સદ્ભાવથી મનુષ્યભાવમાં રહી ધર્મ કહે છે. પણ શાક્યોની માફક ભીંતમાંથી ધર્મોપદેશ ન પ્રગટે. વૈશેષિક માફક ઉલુક ભાવ વડે પદાર્થ આવિર્ભાવ પણ અમારામાં નથી. કેમકે

ઘાતિકર્મક્ષયથી ઉત્પન્ન કેવળજ્ઞાન પછી મનુષ્યપણામાં રહેલાં જ પોતે કૃતાર્થ થયા છતાં પણ જીવોના હિતને માટે મનુષ્ય અને દેવોની સભામાં ધર્મ કહે છે.

આ ધર્મ તીર્થંકર સિવાય બીજા પણ વિશિષ્ટ જ્ઞાની અને સમ્યક્ પદાર્થ પરિચ્છેદી ધર્મોપદેશ કરે છે. તે કહે છે, જે અતીન્દ્રિયજ્ઞાની કે શ્રુતકેવલી છે. જે અધ્યયન-૧માં કહેલ છે, તે વિશિષ્ટજ્ઞાનીએ આ એકેન્દ્રિય આદિ જાતિને સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્તરૂપે શંકા રહિત જાણી છે. તેવા જ ધર્મ કહે છે, બીજા નહીં તે કહે છે—

તે તીર્થંકર, સામાન્ય કેવળી, અતિશયજ્ઞાનિ કે શ્રુતકેવલિ કહે છે. શું કહે છે ? જેના વડે જીવાદિ પદાર્થો જણાય તે જ્ઞાન પાંચ પ્રકારે છે. તેવું જ્ઞાન બીજે ન હોવાથી અનીદૃશ છે. અથવા સકલ સંશયને દૂર કરવા વડે ધર્મ સંભળાવતા તે જ પોતાનું અનન્ય સદૃશ જ્ઞાન બતાવે છે. તેઓ - તીર્થંકર, ગણધરો યથાવસ્થિત ભાવોને ધર્માચરણ માટે યોગ્ય રીતે જે પુરુષો ઉઠેલા હોય, તેમને કહે છે. અથવા દ્રવ્યથી શરીર વડે અને ભાવથી જ્ઞાનાદિ માટે ઉત્થિતને ધર્મ કહે છે.

સમોસરણમાં સ્ત્રીઓ બંને પ્રકારે ઉત્થિત થઈ સાંભળે. પુરુષો દ્રવ્યથી ઉભા કે બેઠા પણ ભાવથી ઉત્થિત થઈને જ ધર્મ સાંભળે. દેવ, તિર્યંચ અને બીજા જીવો ઉત્થિત થઈ સાંભળે. ફક્ત કૌતુકથી આવેલા સાંભળે તો તેમને પણ ધર્મ કહે છે. હવે ભાવ સમુત્થિતને વિશેષથી કહે છે—

મન, વચન, કાયાથી જીવોને દુઃખ દેવા રૂપ જે દંડ તથા તે દૂર કરવાથી નિક્ષિપ્ત દંડવાળા-સંયમિતને તથા તપ, સંયમમાં ઉધમ કરવાથી શાંત અનન્યમનસ્ક તેમને વિશેષથી ધર્મ કહે છે. તેમજ પ્રકર્ષ જ્ઞાન ધરાવનારને આ મનુષ્યલોકમાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મુક્તિ માર્ગ બતાવે છે. આ રીતે સાક્ષાત્ ધર્મ સંભળાવતા કેટલાંક લઘુકર્મી જીવો તે જ વખતે ચારિત્ર ગ્રહણ કરે છે. પણ બીજા તેમ ચારિત્ર લેતા નથી તે કહે છે - કેટલાક ભવ્ય આત્મા જિનેશ્વર પાસે ધર્મ સાંભળતા જ સંયમ સંગ્રામમાં પરાક્રમ બતાવે છે અને બીજા ઇન્દ્રિય કે કર્મશત્રુ જીતવા પરાક્રમી બને છે.

તેથી ઉલટું કહે છે, તીર્થંકર બધા સંશયને છેદનાર ધર્મ કહે છે, છતાં કેટલાંક પ્રબળ મોહથી સંયમમાં ખેદ પામે છે, તેને તમે જુઓ. આત્માના હિતને માટે જેમની પ્રજ્ઞા કામ કરતી નથી તે અનાત્મપ્રજ્ઞા સંયમમાં ખેદ માને છે. તે વાત દૃષ્ટાંત વડે સમજાવે છે.

*[વૃત્તિમાં અહીં દ્રહમાં કાચબાનું દૃષ્ટાંત છે. તેનો સંક્ષેપ આ પ્રમાણે—]*

કોઈ કાચબો મોટા કુંડમાં ગૃદ્ધ બનેલો હોય તે પાંદડા વડે ઢંકાયેલા ઉપર આવવાના વિવર [છિદ્ર] ને પામતો નથી. એટલે કે ઉન્માર્ગ પામી શકતો નથી. ભાવાર્થ આ પ્રમાણે - એક લાખ યોજનવાળો મોટું દ્રહ છે. તે અતિ શેવાળથી ઢંકાઈ ગયેલ છે. તેમાં અનેક જળચરોનો આશ્રય છે. તેમાં કુદરતી એક ફાટ પડેલી. ભવિતવ્યતાના યોગે કોઈ કાચબાની ગરદન તે ફાટમાંથી બહાર નીકળી. તેણે શરદપૂનમનો ચંદ્ર જોયો. તારા વડે છવાયેલ આકાશ અને શોભાયમાન સરોવર જોયું.



આ બધું જોઈને તે ઘણો ખુશ થયો. પોતાના સ્વજન, સહચર, મિત્રોને આવું અ-પૂર્વ, મનોરમ દૃશ્ય દેખાડવા વિચાર્યું. તે તે બધાને શોધવા ગયો. પછી પાછો આવ્યો પણ ફરી છિદ્ર મેળવી ન શક્યો. તે ઉન્માર્ગ પામ્યા વિના જ મરણ પામ્યો. તેનો સાર આ પ્રમાણે—

સંસાર દ્રહ છે. કાચબો જીવ છે, કર્મ શેવાળ છે. તેમાં છિદ્ર સમાન મનુષ્ય જન્મ છે - આર્યક્ષેત્ર, સુકુલોત્પત્તિ, સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ ચંદ્રવાળુ આકાશતલ મેળવીને મોહના ઉદયથી જ્ઞાતિ કે વિષયભોગ માટે સદનુષ્ઠાન ન કરતાં તે મોક્ષને પામતો નથી. તે રીતે વખત ગુમાવી ફરી આવી ઉત્તમ સામગ્રી કેવી રીતે મેળવી શકે ? માટે હે ભવ્ય ! સેંકડો ભવે પણ દુષ્પ્રાપ્ય એવું કર્મ વિવરરૂપ સમ્યક્ત્વ પામીને એક ક્ષણ પણ પ્રમાદી ન થવું. ફરીથી સંસાર રાગીનું બીજું દૃષ્ટાંત આપે છે—

વૃક્ષો ઠંડી, તાપ, કંપન, છેદન આદિ અનેક ઉપદ્રવો સહે છે, છતાં પોતાના સ્થાનને તેમાં સ્થિર બનીને તે છોડતાં નથી. એ પ્રમાણે કર્મથી ભારે બનેલા મોહાંધ જીવો અનેક ઉચ્ચ-નીચ કુળમાં ઉત્પન્ન થઈને પોતે ચારિત્ર ધર્મને યોગ્ય હોવા છતાં ચક્ષુ ઇન્દ્રિયને અનુકૂળ રૂપમાં અને ઉપલક્ષણથી શબ્દાદિ વિષયમાં ગૃદ્ધ બનીને શરીર-મનના દુઃખે દુઃખી, રાજઉપદ્રવની પીડા, અગ્નિદાહથી સર્વસ્વ દગ્ધ અને અનેક આધિ છતાં બધાં દુઃખોના આવાસરૂપ ગૃહવાસ કર્મ છોડવા સમર્થ થતાં નથી, પણ ઘરમાં રહીને જ તેવા તેવા દુઃખો આવતાં દીન સ્વરે રડે છે. હે બાપ ! હે મા ! આદિ ચીસો પાડે છે - x - તે જ કહ્યું છે - આ અચિંતિત, અસદૃશ, અનિષ્ટ, અનુપમ નારકીના જેવું દુઃખ મને એકદમ ક્યાંથી આવ્યું ?

અથવા રૂપાદિ વિષયાસક્તિથી બાંધેલા કર્મથી નારક આદિ વેદના અનુભવતા કરુણ સ્વરે રડે છે, તો પણ રાંકડો તે દુઃખથી મૂકાતો નથી, તે બતાવે છે - દુઃખનું નિદાન તે ઉપાદાન કર્મ છે, તેને રડવા છતાં પણ દુઃખથી મુક્તિ કે મોક્ષના કારણરૂપ સંયમ અનુષ્ઠાનને પામી શકતો નથી. દુઃખના છુટકારાના અભાવમાં સંસાર-ઉદરમાં વિવિધ વ્યાધિથી ઘેરાયેલ જીવો આમતેમ ભમે છે, તે બતાવે છે. હે શિષ્ય ! તું જો. તે ઉંચ-નીચ કુળોમાં પોતાના કર્મોને ભોગવવા જન્મેલા, કર્મોના ઉદયથી આવી અવસ્થાને ભોગવે છે. તેમને ઉત્પન્ન થતા સોળ રોગોને કહે છે—

**• સૂત્ર-૧૮૭ :-**

***૧. કંઠમાળ, ૨. કોઢ, ૩. ક્ષય, ૪. મૂર્છા, ૫. કાણાપણું, ૬. હાથ-પગમાં શૂન્યતા, ૭. કુણિત્વ તથા ૮. કુબડાપણું...***

**• વિવેચન :-**

કંઠમાળ રોગ વાત, પિત, શ્લેષ્મ, સંનિપાત એ ચાર પ્રકારે થાય છે. આ ગંડ જેને હોય તે ગંડી કહેવાય છે. - x - અથવા રાજાંસી [ક્ષય], અપસ્માર [મૂર્છા] આદિ રોગ થાય. અથવા અઢાર પ્રકારે કોઢ રોગવાળો કોઢીયો થાય. તેમાં સાત મોટા કોઢ છે. તે આ પ્રમાણે - અરુણ, ઉદુંબર, નિશ્ચજિહ્વ, કપાલ, કાકનાદ, પૌંડરીક, દદ્રુ. આ સાતે બધી ધાતુમાં પ્રવેશ થવાથી અસાધ્ય છે. અગિયાર કોઢો ક્ષુદ્ર છે -

સ્થૂળારૂષ્ક, મહાકુષ્ટ, એકકુષ્ટ, ચર્મદળ, પરિસર્પ, વિસર્પ, સિધ્મ, વિચર્ચિકા, કિટિભ, પામા, શતારૂક.

આ રીતે ૧૮ કોઢ છે, તે બધાં સંનિપાતજ છે. છતાં વાત આદિ ઉત્કટ દોષથી ભેદવાળા ગણાય છે. તથા ક્ષય રોગવાળો ક્ષયી છે, જે સંનિપાત જ ચાર કારણે થાય છે. કહ્યું છે - ત્રણ દોષવાળો ક્ષય વીર્યના વેગનો રોધ, વેગ, ક્ષય, સાહસ અને વિષમ ખોરાકથી એ ચાર કારણે થાય છે. અપસ્માર રોગ વાત, પિત્ત, કફ, સંનિપાતથી થાય. તે સારા માઠાના વિવેકથી રહિત હોય તથા ભ્રમ, મૂર્છાદિ અવસ્થાને તે રોગી અનુભવે છે. કહ્યું છે—

ભમરી, મૂર્છા થવી, દ્વેષનો ઉછાળો, સ્મૃતિ ભ્રંશ એમ ચાર ભેદે આ ઘોર અપસ્માર રોગ જાણવો. તે સર્વ નેત્રમાં ભ્રમણ કરે છે. તથા કાણત્વ-અક્ષિરોગના બે ભેદ છે. ગર્ભમાં થાય કે જન્મ્યા પછી થાય. ગર્ભવાળાને દૃષ્ટિ ભાગ અપૂર્ણ હોય છે, તે જાત્યંધ હોય. તે પ્રમાણે એક આંખમાંથી તેજ જતાં કાણો બને. તથા રક્તપણાથી રક્તતા, પિત્તપણાથી પિંગાક્ષ, શ્લેષ્મતાથી શુક્લાક્ષ, વાતપણાથી વિકૃતાક્ષ બને છે. જન્મ્યા પછી જે થાય તે વાતાદિ જનિત આંખમાંથી પાણી ઝરે છે. કહ્યું છે—

વાત, પિત્ત, કફ, રક્ત એ ચારથી અભિષ્યંદ થાય. પ્રાયઃ તેથી જ આંખના બધા રોગોનો ઘોર સમૂહ થાય. તથા જાડ્યતા- સર્વ શરીરનું પરવશપણું છે. ગર્ભાધાનના દોષથી એક પગ ટૂંકો કે હાથ ખોડવાળો હોય તે કુણિ રોગ છે. પીઠ વગેરેમાં કુબડાપણું તે કુબ્જી છે. માતા-પિતાના લોહી-વીર્યના દોષથી કુબ્જ, વામન વગેરે ખોડો શરીરમાં થાય. કહ્યું છે, ગર્ભમાં વાયુપ્રકોપથી કે દોહદ પુરા ન થવાથી કુબડો, કુણી, પંગુ, મુંગો કે મન્મન રોગી થાય. તેમાં મુંગો અને મન્મન એ મુખ દોષ કહે છે—

● **સૂત્ર-૧૮૮ :-**

***૯. ઉદર રોગ, ૧૦. મૂંગાપણું. ૧૧. સોજા આવવા, ૧૨. ભસ્મક રોગ, ૧૩. કંપવાત, ૧૪. પંગુતા, ૧૫. હાથીપગો, ૧૬. મધુમેહ.....***

● **વિવેચન :-**

વાત, પિતના કારણે ઉત્પન્ન ઉદરરોગ આઠ પ્રકારે છે. તે રોગવાળો ઉદરી છે. તેમાં જલોદર અસાધ્ય છે. બાકીના તુરંત ઉત્પન્ન થયેલા મટી શકે છે. તેના ભેદ આ રીતે - બધા વાયુ વગેરે પૃથક્ કે સમુદાયથી વાતોદર, પિત્તોદર, કફોદર, કષ્ઠોદર, ઉદરરોગ, બદ્ધગુદ, આગંતુક અને જલોદર એ આઠ પેટના રોગ છે. તથા હે શિષ્ય ! તું મુંગા કે બોબડાને જો—

તે ગર્ભદોષથી કે જન્મ્યા પછી થાય. ૬૫ પ્રકારે મુખરોગ સાત સ્થાનમાં થાય છે. તે સ્થાન - બે હોઠ, દાંતનું મૂળ, દાંત, જીભ, તાળવું અને કંઠ છે. તેમાં બે હોઠના આઠ રોગ છે, દંતમૂળના-૧૫, દાંતના-૮, જીભના-૫, તાલુના-૯, કંઠમાં-૧૭, બધાંના સાથે મળીને-૩. એમ કુલ-૬૫ રોગો છે. શૂન્યપણું એટલે સોજાનો રોગ વાત, પિત્ત, કફ, સંનિપાત, રક્ત અને અભિઘાત એ છ પ્રકારે છે. કહ્યું છે - શોફ [સોજો]



નામે ઘોર રોગ છ પ્રકારે થાય છે. વાતાદિ દોષથી તેમાં શરીર ફૂલેલું દેખાય છે, તે લોહીના બગાડથી થાય અને ભસ્મક નામે રોગ વાત, પિતાના ઉત્કટપણાથી અને કફની ન્યૂનતા વડે ઉત્પન્ન થાય છે. 'વેવઈ' વાયુના કંપથી થાય. કહ્યું છે—

જે ઘણો કંપે છે, કંપતો ચાલે છે. તેને સંધિ નિબંધથી મૂકાયેલો 'કલાપખંજ' રોગ જાણવો. તથા ગર્ભના દોષથી જીવ ''પીઢ સર્પિ''પણે ઉત્પન્ન થાય છે. અથવા જન્મ્યા પછી કર્મના દોષથી થાય છે. આ રોગીને હાથમાં પકડેલ લાકડું ખસી જાય છે, પગ વગેરેમાં કઠણપણું હોય છે. તે આ પ્રમાણે - વાત, પિત, કફના પ્રકોપથી છાતીમાં રોગ ઉત્પન્ન થઈ જંઘામાં સ્થિર થઈ કાલાન્તરે પગમાં સોજા ચડે છે.

ઉક્ત 'શ્લીપદ' રોગ જે ભૂમિમાં પાણી ભરાઈ રહેતું હોય, સર્વ ઋતુ શીતલ રહેતી હોય તેવા દેશોમાં વિશેષ થાય છે. માણસોને આ રોગ હાથ-પગમાં થાય છે. કેટલાંક વિદ્વાનોના મતે કાન, નાક, હોઠમાં પણ આ રોગ થાય છે. તથા 'મધુમેહ' તે બસ્તિરોગ છે. તે રોગી મધુમેહી કહેવાય. તેનું મૂત્ર મધ જેવું હોય. તે પ્રમેહના ૨૦ ભેદ છે જે અસાધ્ય ગણાય છે. બધાં પ્રમેહો પ્રાયઃ બધા દોષોથી થાય છે. વાતની ઉત્કટતા વડે ૨૦ ભેદ થાય છે. તેમાં કફથી ૧૦, પિત્તથી ૬, વાયુથી ૪ થાય છે. આ બધા અસાધ્ય અવસ્થામાં મધુમેહથી થાય. કહ્યું છે કે, બધા પ્રમેહ રોગો યોગ્ય સમયમાં પ્રતિકાર ન થવાથી મધુમેહપણું પામે છે ત્યારે તે અસાધ્ય બને છે.

● **સૂત્ર-૧૮૯ :-**

***આ રીતે ક્રમશઃ સોળ મહારોગ કહ્યા છે. આ સિવાય અન્ય શૂલાદિ પીડા અને ઘાવ આદિ ભયંકર દર્દ થાય છે.***

● **વિવેચન :-**

આ પ્રમાણે ઉક્ત સોળ રોગો ક્રમશઃ કહ્યા. આ રોગ સંસારી જીવને થાય છે. 'આતંક' એટલે શીઘ્ર જીવલેણ રોગ. તથા ગાઢ પ્રહાર જનિત દુઃખ દેનારા સ્પર્શો ક્રમથી નિમિત્તથી કે નિમિત્ત વગર પણ આવે. તેને માત્ર આ રોગો જ નથી, બીજા પણ તે સંસારી જીવને દુઃખ છે તે કહે છે—

તે કર્મભારથી ગૃહવાસમાં આસક્ત મનથી અસમંજસ રોગ વડે પીડા થતાં અંતે પ્રાણત્યાગ થાય છે તે વિચારીને અને પાછો તેમનો ઉપપાત તથા ચ્યવન કર્મોદયથી સંચિત થયો જાણી એવું કરવું જોઈએ કે જેથી ઉપરોક્ત ગંડાદિ રોગોનો, મરણ તથા જન્મનો સંપૂર્ણ અભાવ થાય. વળી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગથી મેળવેલ કર્મનો 'અબાધા' કાળની મુદત પછી ઉદય થાય છે. ત્યારે તેનો પરિપાક થાય છે. તે વિચારીને જળ-મૂળથી કાઢવા પ્રયત્ન કરવો.

તે દુઃખી દીન સ્વરે રડે છે વગેરે સૂત્ર વડે ઉપપાત તથા ચ્યવન સુધી બતાવ્યા છતાં ફરી તેનું મોટાપણું બતાવવા જેના વડે પ્રાણીને સંસારમાં નિર્વેદ ઉત્પન્ન થાય તે માટે સૂત્રમાં બતાવે છે.

● **સૂત્ર-૧૯૦ :-**

***તે મનુષ્યોના મૃત્યુનું પર્યાલોચન કર, ઉપપાત અને ચ્યવનને જાણીને***

***કર્મોના વિપાકને સારી રીતે વિચારી તેના ફળને સાંભળો. એવા પણ પ્રાણી છે જે અંધ છે, અંધકારમાં રહે છે, તે પ્રાણી તેને જ એક કે અનેક વાર ભોગવી તીવ્ર અને મંદ સ્પર્શોનું સંવેદન કરે છે. તીર્થંકરોએ આ સત્ય કહેલું છે - એવા પ્રાણી પણ હોય છે. જેમકે - વર્ષજ, રસજ, ઉદક, ઉદકચર, આકાશગામી આદિ પ્રાણી અન્ય પ્રાણીને કષ્ટ આપે છે. તેથી તું લોકમાં આ મહાભયને જાણી હિંસા ન કર.***

**● વિવેચન :-**

તે યથાવસ્થિત કર્મવિપાકને તમે મારી પાસે સાંભળો. જેમકે - દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય એ ચાર ગતિ છે. તેમાં નરકગતિમાં ચાર લાખ યોનિ તથા ૨૫-લાખ કુલ કોટિ છે. ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ત્યાં પરમાધામીકૃત્, પરસ્પર ઉદીરિત અને સ્વાભાવિક વેદના છે. તે કહેવી શક્ય નથી. થોડામાં કહેવાથી પૂરો વિષય ન કહેવાય. તો પણ કર્મવિપાકના કહેવાથી પ્રાણીઓને વૈરાગ્ય થાય તે માટે વર્ણન કરે છે—

કાન કાપવા, આંખના ડોળા ખેંચવા, હાથ-પગ છેદવા, હૃદય બાળવું, નાક છેદવું, પ્રતિક્ષણ દારુણ અવાજ, કટ વિદહન, તીક્ષ્ણ આપાત, ત્રિશૂળથી ભેદન, બળતા મોઢાવાળા કંક પક્ષીઓથી વારંવાર ભક્ષણ, તીક્ષ્ણ તલવારોથી, વિષમ ભાલા, બીજા અઘ ચક્રો વડે, પરસુ, ત્રિશૂળ, મુદ્‌ગર, તોમર આદિથી દુઃખ દે છે. તાળવું-મસ્તક ભેદે, ભુજા, કાન, હોઠ, છેદે, છાતી, પેટ, આંતરડા ભેદે ઇત્યાદિથી નારકી જીવો પીડાય છે.

નીચે પડે, ઉંચે ઉછળે, વિવિધ ચેષ્ટા કરતા પૃથ્વી પર દીન થઈને રહેલા કર્મ પટલથી અંધ બનેલા નારક જીવોનો કોઈ રક્ષક નથી.

પરસુની તીક્ષ્ણ તલવાર જેવી ધારાથી તે રાંકડા છેદાય છે, હડકાયા કુતરા કરડવા માટે વીંટાયેલા રહી પોકાર કરે છે, કરવત વડે લાકડા જેમ ચીરાય છે, બાહુ છેદાય છે, કુંભીમાં ગરમ તરવું પાય છે, મૂષમાં શરીર બળાય છે, બળતા અગ્નિની જ્વાળા વડે ભુંજાય છે, નીભાળામાં સળગે છે ત્યારે ઉંચા હાથ રાખી આર્ત્ત સ્વરે કન્દન કરે છે. શરણરહિત થઈને બિચારા બધી દિશામાં જુએ છે, પણ કોણ રક્ષણ કરે ?

તિર્યંચ ગતિમાં પૃથ્વીકાયની સાત લાખ યોનિ, બાર લાખ કુલ કોટિ છે. તેઓને સ્વકાય-પરકાય શસ્ત્ર તથા શીત-ઉષ્ણ વેદના છે, અપ્‌કાય જીવોની ૭-લાખ યોનિ, સાત લાખ કોટિ છે, તેમને જુદી જુદી વેદના છે, અગ્નિકાયની ૭-લાખ યોનિ, ૩ લાખ કુલ કોટિ, પૂર્વવત્ વેદના છે. વાયુકાયની ૭-લાખ યોનિ, ૭-લાખ કુલ કોટિ શીતોષ્ણાદિ વિવિધ વેદના છે. પ્રત્યેક વનસ્પતિની ૧૦-લાખ યોનિ, સાધારણ વનસ્પતિની ૧૪-લાખ યોનિ, બંનેની ૨૮-લાખ કુલ કોટિ છે. અનંતકાળ સુધી છેદન, ભેદન, મોટન આદિ વિવિધ વેદના અનુભવે છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય ત્રણેની બે-બે લાખ યોનિ તથા અનુક્રમે ૭, ૮, ૯ લાખ કુલ કોટિ છે, તેમને થતી ભૂખ, તરસ, ઠંડી આદિ વેદના પ્રત્યક્ષ છે. પંચેન્દ્રિય તીર્યંચની ચાર લાખ યોનિ છે - x - x - તેમની વેદના પ્રત્યક્ષ છે. જેમકે



ભૂખ, તરસ, ઠંડી, તાપ, ભયથી દુઃખી, સદા પીડાયેલા એવા તિર્યંચો અતિ દુઃખી છે. જરા પણ સુખ નથી.

મનુષ્ય ગતિમાં ૧૪-લાખ યોનિ તથા ૧૨-લાખ કુલ કોટિ છે તથા આવી વેદના છે - પહેલું દુઃખ ગર્ભવાસમાં રહેવાનું છે, જન્મ પછી મલીન શરીર આદિ - x - દુઃખ, યુવાનીમાં વિરહનું દુઃખ અને વૃદ્ધાવસ્થા તો અસાર જ છે, મનુષ્યો ! સંસારમાં થોડું પણ સુખ દેખાતું હોય તો બોલો. બાળપણાથી રોગ વડે ડસાયેલો, મૃત્યુપર્યંત શોક, વિયોગ, કુયોગ વડે તથા અનેક દુર્ગત દોષો વડે મૃત્યુ સુધી પરાભવ પામે છે. ભૂખ, તરસ, ઠંડ, તાપ, શીતદાહ, દારિદ્ર, શોક, પ્રિયવિયોગ, દૌર્ભાગ્ય, મૂર્ખતા, નીચજાતિ, દાસપણું, કુરુપત્વ, રોગથી આ મનુષ્યદેહ સદા પરતંત્ર છે.

દેવગતિમાં પણ ચાર લાખ યોનિ, ૨૬-લાખ કુલ કોટિ છે. તેમાં પણ ઇર્ષ્યા, વિષાદ, મત્સર, ચ્યવનભય, શલ્યાદિથી પીડાયેલા મનથી દુઃખનો પ્રસંગ જ છે, સુખનું અભિમાન તો આભાસ માત્ર છે. કહ્યું છે, દેવો ચ્યવન તથા વિયોગથી દુઃખી છે, ક્રોધ, ઇર્ષ્યા, મદ, મદનથી પીડાયેલા છે. હે આર્ય ! અહીં કંઈપણ સુખ વર્ણવવા યોગ્ય હોય, તો વિચારીને કહો.

આ પ્રમાણે ચાર ગતિમાં સંસારી જીવો વિવિધ કર્મવિપાકને ભોગવે છે. તે સૂત્રકાર દર્શાવે છે - પ્રાણી વિદ્યમાન છે. ચક્ષુરહિત તે દ્રવ્ય અંધ છે અને વિવેકરહિત તે ભાવ અંધ છે. તેઓ નરકગતિ આદિના દ્રવ્ય અંધકારમાં તથા મિથ્યાત્વ આદિના કર્મવિપાકથી ભાવ અંધકારમાં રહેલા છે.

વળી તેવી કોઢ વગેરે અધમ અવસ્થામાં કે એકેન્દ્રિય અપર્યાપ્ત અવસ્થાને એકવાર અનુભવીને પાછું કર્મોદયથી તે જ અવસ્થા વારંવાર અનુભવીને ઉચ-નીચ દુઃખ વિશેષને જીવ અનુભવે છે. આ બધું તીર્થંકરે કહેલું તે કહે છે - તીર્થંકરે પ્રકર્ષથી પ્રથમથી કહેલ છે. હવે પછી કહેવાનાર પણ તેમનું જ કહેલું છે. કેટલાંક ભાષા લબ્ધિ પામેલા બેઇન્દ્રિયાદિ જીવો છે, તેમજ કટુ તિક્તાદિ રસને જાણનારા સંજ્ઞી ‘રસજ’ જીવો છે. આ પ્રમાણે સંસારી જીવોનો કર્મવિપાક વિચારીને મહાભય જાણવો.

ઉદકરૂપ એકેન્દ્રિય જીવો પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદે છે. ઉદકમાં ચરનારા પોરા, છેદનક, લોડુણક આદિ ત્રસ જીવો છે. માછલા, કાચબા છે, જળાશ્રિત મહોરગ, પક્ષી આદિ છે. બીજા આકાશગામી પક્ષી છે. આ રીતે બધાં પ્રાણી પ્રાણીઓના આહારાદિ કે મત્સરાદિથી દુઃખ આપે છે. તું જો, કે આ ચૌદ રાજ પ્રમાણ લોકમાં કર્મવિપાકથી વિવિધ ગતિમાં દુઃખ તથા કલેશનાં ફળરૂપ મહાભય છે. કર્મવિપાકથી મહાભય કેમ ? તે કહે છે—

**● સૂત્ર-૧૯૧ :-**

***જીવો બહુ દુઃખી છે, મનુષ્યો કામભોગોમાં આસક્ત છે. આ નિર્બળ અને ક્ષણિક શરીર સુખ માટે જીવ વધની ઇચ્છા કરે છે, વેદનાથી પીડિત તે ઘણું દુઃખ પામે છે. તે અજ્ઞાની જીવ શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થયેલા જોઈને તેની***

***ચિકિત્સામાં જીવોની હિંસા કરે છે. પણ તેમ કરવાથી પણ રોગ મટતો નથી. માટે હે મુનિ ! તું એવી પ્રવૃત્તિ ન કર. આ હિંસાને મહાભયરૂપ સમજીને કોઈપણ પ્રાણીની હિંસા ન કર.***

● **વિવેચન :-**

કર્મના વિપાકથી આવેલાં બહુ દુઃખો જે જીવોને છે, તે જાણીને તમારે તેમાં અપ્રમાદવાળા થવું. આવો ઉપદેશ વારંવાર કેમ કરાય છે તે કહે છે- અનાદિના અભ્યાસથી અગણિત ઉત્તર પરિણામવાળા ઇચ્છા મદનમાં ગૃદ્ધ થયેલા પુરુષો છે, તેથી પુનરૂક્તિ દોષ નથી. કામાસક્ત જીવો બળરહિત નિઃસાર તુષમુષ્ટિ સમાન ઔદારિક શરીર જે જાતે જ ભંગશીલ છે, તેના વડે સુખ મેળવવા કર્મનો ઉપચય કરી અનેક મરણ મેળવે છે. કોણ આવા કટુ વિપાકવાળી સંસાર વાસનામાં રતિ માને ?

મોહના ઉદયથી આર્ત્ત થયેલ, કાર્ય-અકાર્યના વિવેકને ગણતો નથી. તે પ્રાણી બહુ દુઃખ આપનારા કામ વિષયોમાં ગૃદ્ધ થાય છે. અથવા રાગદ્વેષથી આકુળ બનેલ બાળજીવ પ્રાણીઓને કલેશરૂપ કૃત્ય પ્રકર્ષથી કરે છે. તદ્‌જનિત કર્મવિપાકથી પોતે અનેકવાર વધ પામે છે અથવા પૂર્વે કહેલ રોગો આવતા હવે પછી કહેવાતાં અકૃત્યને અજ્ઞ જીવો કરે છે—

ગંડમાળ, કોઢ આદિ રોગ આવતાં તેની વેદનાથી ગભરાઈને તેને દૂર કરવા બીજા પ્રાણીને સંતાપે છે. - x - જીવવાની આશાએ પ્રાણીઓને મહાદુઃખરૂપ હિંસામાં વર્તે છે; પણ એમ વિચારતા નથી કે પોતાના કરેલ કર્મોના ફળ ઉદયમાં આવે છે. કર્મ શાંત થતાં તે પણ શાંત થાય છે, પણ પ્રાણીને દુઃખરૂપ ચિકિત્સા કરવાથી નવા પાપો જ બંધાય છે. હે શિષ્યો ! વિવેકરૂપ જ્ઞાન ચક્ષુ વડે જુઓ ! કર્મના ઉપશમ માટે ચિકિત્સા વિધિ સમર્થ નથી. જો એમ છે તો શું કરવું ? તે કહે છે—

હે શિષ્ય ! તું વિવેકી છે. તારે પાપ ચિકિત્સાની જરૂર નથી. વળી પ્રાણી હિંસાને હે મુનિ ! તું મહાભયરૂપ જાણ. તું કોઈ પ્રાણીને હણતો નહીં, એક પણ પ્રાણીને હણતાં આઠ પ્રકારના કર્મો બંધાય છે જે સંસારભ્રમણ કરાવે છે માટે મહાભય છે. અથવા ઉક્ત રોગો બહુ પ્રકારે જાણીને કામો પોતે જ રોગરૂપ છે, તે તું જાણ. જેમ કામાતુર જીવ બીજા પ્રાણીને દુઃખ દે છે, તેમ રોગકામાતુરતાથી સાવધ અનુષ્ઠાનમાં પ્રવર્તેલાને ઉપદેશપૂર્વક મહાભય બતાવીને તેની હિંસા ન કરનાર ગુણવાન્‌ના સ્વરૂપને બતાવવા સૂત્રકાર કહે છે—

● **સૂત્ર-૧૯૨ :-**

***હે શિષ્ય ! સાંભળ અને સમજ ! હું 'ધૂતવાદ' બતાવું છું. આ સંસારમાં કેટલાંક જીવ સ્વકૃત્ કર્મોથી તે તે કુળોમાં રજ અને શુક્રથી ઉત્પન્ન થયા, વૃદ્ધિને પ્રાપ્ત થયા, જન્મ્યા, મોટા થયા, પ્રતિબોધ પામી દીક્ષા લીધી અને ક્રમથી મહામુનિ બન્યા.***

● **વિવેચન :-**

હે શિષ્ય ! હું તને જે કહીશ, તે તું જાણ, સાંભળવા ઇચ્છા રાખ કે તારે અહીં



પ્રમાદ ન કરવો. હું ધૂતવાદને કહીશ. ધૂત એટલે આઠ પ્રકારના કર્મોને ધોવા અથવા જ્ઞાતિનો ત્યાગ કરવો. તેનો વાદ એટલે કથન. તેને એક ચિત્તે સાંભળ. નાગાર્જુનીયા કહે છે - કર્મને કે પોતાને ધોવાનો ઉપાય તીર્થંકર આદિ કહે છે - આ સંસારમાં આત્માનો ભાવ તે જીવ અસ્તિત્વ કે સ્વકૃત્ત કર્મ પરિણતિ છે તેનાથી યુક્ત જીવ સમૂહ છે. પણ પૃથ્વી આદિ ભૂતોના કાયાકાર પરિણમવાથી કે પ્રજાપતિથી જીવ બન્યા નથી. તેવા તેવા કુળોમાં પોતાના પૂર્વકૃત્ કર્મ સંચયથી મનુષ્ય ઉત્પત્તિ છે.

સાત દિવસે કલલ થાય, પછીના સપ્તાહે અર્બુદ થાય, અર્બુદની પેશી બને, પછી ઘન થાય તેમાં કલલ થાય ત્યાં સુધી અભિસંભૂત કહેવાય. પેશી થતા અભિસંજાત કહેવાય. પછી સાંગોપાંગ સ્નાયુ, શિર, રોમ વગેરે અનુક્રમે અભિનિવૃત્ત થાય, પછી પ્રસૂતિ થતાં અભિસંવૃદ્ધ થાય. ધર્મકથા વગેરે નિમિત્તથી અભિસંબુદ્ધ થાય. પછી સત્-અસત્‌નો વિવેક જાણનાર અભિનિષ્ક્રાંત થાય. પછી આચારાદિ શાસ્ત્રો ભણી - x - શિક્ષક, ગીતાર્થ, ક્ષપક, પરિહારવિશુદ્ધિ, એકલવિહારી, જિનકલ્પી સુધી ક્રમશઃ આગળ વધે. દીક્ષા લેવા તૈયાર થયેલાને પોતાના સગાં શું કરે ?

● **સૂત્ર-૧૯૩ :-**

***સંયમમાં પરાક્રમ કરતા તેને માતા-પિતાદિ કહે છે - અમે તારી ઇચ્છાનુસાર ચાલનારા, તને આટલો પ્રેમ કરનારા છીએ. તું અમને ન છોડ. એ રીતે આક્રંદન કરતા કહે છે - માતાપિતાને છોડે તે ન મુનિ થઈ શકે કે ન સંસાર તરી શકે. આવા વચનોને જે સ્વીકારતા નથી તે કઈ રીતે સંસારમાં રહે ? આ જ્ઞાન સદા ધ્યાનમાં રાખે. તેમ કહું છું.***

● **વિવેચન :-**

તત્ત્વ જ્ઞાતા, ગૃહવાસથી પરાંગમુખ બનીને મહાપુરુષ સેવિત માર્ગે જવા તૈયાર થયા હોય તેને માતા-પિતાદિ રોતા-રોતા કહે છે તું અમને ન છોડ. - x - અમે તારા અભિપ્રાય મુજબ વર્તનારા છીએ, તારા પર પૂર્ણ વિશ્વાસ છે, તેથી અમને ન છોડ એમ આક્રંદ કરીને તે સગાં રડે છે. વળી કહે છે, જે પાખંડથી ઠગાઈને માતા-પિતાને ત્યજી દીક્ષા લે છે, તે મુનિત્વ પામતો નથી કે સંસાર તરી શકતો નથી. ત્યારે બોધ પામેલો શું કરે તે કહે છે—

આ સગાં મારા રાગી છે, પણ મને અવસરે શરણભૂત થતાં નથી. તે ગૃહવાસ બધા તિરસ્કારને યોગ્ય નરકના પ્રતિનિધિ સમાન અને શુભદ્વારને પરિઘ સમાન છે. તેમાં કોણ રમે ? ગૃહવાસ રાગદ્વેષ રૂપ છે તેમાં મોહરહિત એવો કોણ રતિ કરે ? તેથી પૂર્વોક્ત જ્ઞાન સદા આત્મામાં સ્થાપી રાખવું.

**અધ્યયન-૬ 'ધુત' ઉદ્દેશો-૧ ''સ્વજન વિધૂનન''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ॐ અધ્યયન-૬ ઉદ્દેશો-૨ "કર્મવિધૂનન" ॐ

૦ ઉદ્દેશો-૧-કહ્યો હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં સગાનો મોહ છોડવાનું કહ્યું. જો કર્મનું વિધૂનન થાય તો તે સફળ થાય, તેથી કર્મના વિધૂનન માટે આ ઉદ્દેશો કહે છે - x -

● **સૂત્ર-૧૯૪ :-**

***કેટલાંક વસુ [સાધુ] કે અનુવસુ [શ્રાવક] આ સંસારને દુઃખમય જાણી, પૂર્વસંયોગોને છોડીને, ઉપશમ ભાવ ધારણ કરી, બ્રહ્મચર્ય ધારણ કરીને ધર્મને યથાર્થરૂપે જાણીને પણ કેટલાંક કુશીલો ધર્મપાલન કરતા નથી.***

● **વિવેચન :-**

લોક એટલે માતા, પિતા, પુત્રાદિ સ્નેહ સંબંધનો વિયોગ થતા કે તેમનું કંઈ બગડતા પીડાય છે અથવા સંસારી જીવ કામરાગથી પીડાય છે. તેને જ્ઞાન વડે ગ્રહણ કરીને તથા માતાપિતાદિ સંબંધ છોડીને, ઉપશમ પામી, બ્રહ્મચર્યમાં વસીને તે દ્રવ્યવાળો અર્થાત્ કષાયરૂપ કાળાશ દૂર કરી પોતે વીતરાગ બને છે, તેથી ઉલટો સરાગ બને છે અથવા વસુ એટલે સાધુ અને અનુવસુ તે શ્રાવક છે. કહ્યું છે કે, વીતરાગ તે જિન કે સંયત હોય તેને વસુ જાણવા અને વૃદ્ધ કે શ્રાવકને અનુવસુ જાણવા.

તથા શ્રુત-ચારિત્ર ધર્મ જાણીને, સ્વીકારીને કેટલાંક જીવો મોહોદયથી તેવી ભવિતવ્યતાના યોગે તેવા ધર્મને પાળવા શક્તિમાન થતા નથી. તેઓ કુશીલ છે, ધર્મપાલનમાં અશક્ત હોવાથી તે કુશીલ છે. તેઓ શું કરે છે ?

● **સૂત્ર-૧૯૫ :-**

***તે વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ છોડી અનુક્રમે આવતા દુઃસહ પરીષહોને સહી ન શકવાથી કામભોગમાં મમત્વ કરે છે પણ થોડાં જ સમયમાં આ ક્ષણભંગુર શરીરનો ત્યાગ થાય છે. આ પ્રકારે તે અનેક વિઘ્નો અને દ્વન્દ્વો કે અપૂર્ણતાથી યુક્ત કામભોગોથી અતૃપ્ત જ રહે છે.***

● **વિવેચન :-**

કરોડો ભવે પણ દુષ્પ્રાપ્ય માનવજન્મ પામીને અપૂર્વ, સંસાર સમુદ્રથી પાર ઉતરવા સમર્થ બોધિ મેળવીને મોક્ષવૃક્ષબીજ સમાન સર્વવિરતિ લક્ષણ ચારિત્ર સ્વીકારી ફરી દુર્નિવાર્ય કામથી, મન ઢીલું થતાં ઇન્દ્રિય લાલસાથી મોહનીય કર્મ ઉદયથી, અશુભ વેદનીય પ્રગટ થવાથી - x - ભાવિ હિતને અવગણીને કાર્યાકાર્યને વિચાર્યા વિના મહા દુઃખનો સાગર સ્વીકારી - x - કુલ ક્રમાચાર ત્યજીને ચારિત્ર છોડે છે. તે ત્યાગ ધર્મોપકરણ છોડવાથી થાય છે તે બતાવે છે—

વસ્ત્ર, પાત્ર, કંબલ, પાત્ર નિયોગ, રજોહરણને બેદરકારીથી ત્યજીને કોઈ દેશવિરતિ સ્વીકારે છે, કોઈ સમ્યક્દર્શન રાખે છે, કોઈ તેનાથી પણ ભ્રષ્ટ થાય છે. આવું દુર્લભ ચારિત્ર પામીને કેમ તજે ?

દુસહ્ય પરીષહોને સહન ન કરી શકવાથી, મોહના પરવશપણાથી દુર્ગતિને આગળ કરી મોક્ષમાર્ગને તજે છે. ભોગ માટે ત્યાગ કરવા છતાં પાપના ઉદયથી શું



થાય ? તે કહે છે—

વિરૂપ કામોને વહાલા માની સ્વીકારતો, ભોગના અધ્યવસાયવાળો બનવા છતાં અંતરાય કર્મોદયથી તત્ક્ષણ પ્રવ્રજ્યા મૂક્યા પછી કે ભોગ પ્રાપ્તિ પછી અંતર્મૂહૂર્તમાં કે અહોરાત્રમાં અપરિણામથી શરીર ભેદાય છે. એ રીતે આત્મા અને શરીરનો ભેદ થાય છે, અનંતકાળે પણ પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત થતું નથી. આ વિષયનો ઉપસંહાર કરતા કહે છે—

આ રીતે તે ભોગાભિલાષી અનેક વિઘ્નોવાળા અંતરાયવાળા કામ ભોગોને ચાહે છે. તે ભોગો આકેવલિક કે અસંપૂર્ણ છે. જેને મેળવવા પાછા સંસારમાં પડે છે અથવા - x - કામભોગો વડે અતૃપ્ત બનીને જ શરીરનો નાશ કરે છે. જ્યારે બીજા નીકટ મોક્ષગામી, ચારિત્ર પરિણામી લઘુકર્મના કારણથી વધતા જતા ભાવવાળા બને છે તે કહે છે—

● **સૂત્ર-૧૯૬ :-**

***કેટલાંક લોકો ધર્મ પ્રાપ્ત કરીને ધર્મોપગરણથી યુક્ત થઈને સર્વજ્ઞ કથિત ધર્મ આચરે છે. લીધેલ પ્રતિજ્ઞામાં દૃઢ રહે છે. સર્વ આસક્તિને દુઃખમય જાણી તેનાથી દૂર રહે તે જ મહામુનિ છે. તે સર્વે પ્રપંચોને છોડી "મારું કોઈ નથી - હું એકલો છું" એમ વિચારી વિરત થઈ, યતના કરતો અણગાર સર્વ પ્રકારે મુંડિત થઈ વિચરે, અચેલક થઈ, સંયમમાં ઉદ્યત બની, ઉણોદરી કરે, કોઈ તેની નિંદા કરે, પ્રહાર કરે, વાળ ખેંચે, પૂર્વે કરેલ કોઈ દુષ્કર્મ યાદ કરાવી અસભ્ય શબ્દો બોલે, દોષારોપણ કરે ત્યારે મુનિ સમ્યક્ ચિંતન દ્વારા સમભાવે સહન કરે. અનુકૂળ-પ્રતિકૂળ, મનોહારી-અનિષ્ટ પરીષહોને સમભાવે સહન કરે.***

● **વિવેચન :-**

ઉક્ત વિશુદ્ધ પરિણામથી નીકટ મોક્ષગામીતાથી સાધુએ શ્રુત ચારિત્રરૂપ ધર્મ પામીને વસ્ત્ર, પાત્રાદિ ધર્મોપકરણ સ્વીકારીને ધર્મકરણીમાં પ્રણિહિત બની પરિષહો સહન કરી સર્વજ્ઞ ઉપદિષ્ટ ધર્મને પાળે અહીં પૂર્વોક્ત પ્રમાદનાં સૂત્રો અપ્રમાદના અભિપ્રાયથી કહેવા. - x - x - તે સાધુઓ કેવા થઈને ધર્માચરણ કરે તે કહે છે—

કામભોગો કે માતાપિતાદિમાં મોહ ન કરે, તપ સંયમાદિ ધર્મ ચરણમાં દૃઢ બની ધર્મ આચરે. વળી બધી ભોગાકાંક્ષાને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગે. એ કામપિપાસાનો પરિત્યાગી પ્રકર્ષથી નમેલો સંયમ કે કર્મ ધોવામાં લીન મહામુનિ બને છે, બીજા કોઈ બનતા નથી. વળી સર્વે પ્રકારે પુત્ર-પત્નીના સંબંધ કે કામાનુસંગ ઉલ્લંઘી શું ભાવના ભાવે ? તે કહે છે—

આ સંસારમાં પડતા મારે આલંબનરૂપ કોઈ નથી, સંસારમાં હું એકલો છું, હું કોઈનો નથી. આ ભાવના ભાવનારો આ જિન પ્રવચનમાં સાવધ અનુષ્ઠાન ત્યાગી દશવિધ સાધુ સામાચારીમાં યત્નવાળો થાય. તેવો કોણ થાય ? અણગાર. તે એકત્વભાવના ભાવતો ઉણોદરી તપ કરે - x - . વળી તે દ્રવ્ય-ભાવથી મુંડ બનીને સંયમાનુષ્ઠાનમાં વર્તે. કેવો બનેલો ? તે કહે છે—

જે અલ્પવસ્ત્રી કે જિનકલ્પી સંયમમાં ઉધત વિહરનારો અંત પ્રાંત ભોજી, ઉણોદરી તપ કરે, ઉણોદરી કરતા કદાચ પ્રત્યનીકતા વડે ગ્રામ કંટકથી પીડાય તો ? તે દર્શાવવા કહે છે - તે મુનિ વાણીથી આક્રુષ્ટ, દંડ વડે મરાતો, વાળ ખેંચવાથી દુઃખી થાય ત્યારે પૂર્વકૃત્ કર્મથી જ આ ઉદયમાં આવ્યું છે, તેમ માની સમ્યક્ પ્રકારે સહન કરતો વિચરે તથા આવી ભાવના ભાવે - પૂર્વે જે દુષ્ટકૃત્યોનું આચરણ કર્યુ તેને તપ વડે કે ભોગવીને જ દૂર કરવા પડે, તે સિવાય ન છુટે.

વચન વડે આક્રોશ કઈ રીતે કરે ? તે સાધુએ પૂર્વે વણકર આદિ નીચ કૃત્ય કર્યા હોય તે યાદ કરીને નિંદે. જેમકે - હે કોલિક ! તું મારી સામે બોલે છે ઇત્યાદિ કે ગાળો આપે. જુઠા કલંકના શબ્દોથી તિરસ્કાર કરી 'તું ચોર છે.' 'તું લંપટ છે' તેવું કહે. આવા શબ્દો સાંભળીને કે હાથ-પગ છેદાય. ત્યારે આ મારા જ દુષ્કૃત્યનું ફળ છે તેમ ચિંતવે અને તેને સહન કરતો વિચરે. - x -

પાંચ સ્થાનમાં છદ્મસ્થ સાધુ ઉત્પન્ન ઉપસર્ગોને સહે, ખમે, ક્રોધ ન કરે, શાંતિ રાખે અને વિચારે કે, (૧) આ પુરુષ-યક્ષાવિષ્ટ છે, (૨) ઉન્માદ પ્રાપ્ત છે, (૩) અહંકારી છે, (૪) મારે તે ભવે વેદવાનો કર્મો ઉદીર્ણ થયા છે કે જેથી આ પુરુષે આક્રોશ કરે છે, બાંધે છે, તેપે છે, પીટે છે, સંતાપે છે, (૫) પણ મને તે સારી રીતે સહન કરવાથી એકાંતે કર્મનિર્જરા થશે.

કેવલી ભગવંત આ પાંચ સ્થાને આવેલા પરીષહ ઉપસર્ગ સહન કરે છે. તે રીતે છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રન્થો પણ ઉદીર્ણ પરીષહ-ઉપસર્ગોને સહન કરે. આ પરીષહો અનુકૂળ-પ્રતિકૂળ બે રીતે છે - x - તે બંનેમાં રાગદ્વેષ કર્યા વિના શાંતિ રાખી વિચરે. અથવા પરીષહ બે પ્રકારે છે - મનને ઇષ્ટ એવા સત્કાર-પુરસ્કાર પ્રતિકૂળતાથી મનને અનિષ્ટ અથવા લજ્જારૂપ યાચના, અચેલાદિ અને લજ્જારહિત એવા શીત, તાપ વગેરે. આ પરીષહો સમ્યક્ પ્રકારે સહન કરતા વિચરે — વળી —

● **સૂત્ર-૧૯૭ :-**

***સર્વ વિસ્રોતિકાને છોડીને સમ્યગ્ દર્શની મુનિ દુઃખ સ્પર્શોને સમભાવે સહે. હે મુનિઓ ! જે ગૃહવાસ છોડીને ફરી તેમાં ન જાય તે જ સાચા મુનિ છે. 'આજ્ઞામાં મારો ધર્મ છે.'' એ મનુષ્યો માટે ઉત્તમ વિધાન છે. વિષયોથી ઉપરત સાધક જ સંયમલીન બની કર્મો ખપાવે છે. તે કર્મોના સ્વરૂપને જાણી સાધુપર્યાય દ્વારા કર્મોને દૂર કરે. અહીં કોઈ કોઈ સાધુ એકાકી ચર્યા કરે છે. આવા સાધુ વિભિન્ન કુળોમાંથી શુદ્ધ એષણા દ્વારા નિર્દોષ આહાર લઈ સંયમનું પાલન કરે છે. સુગંધી કે દુર્ગંધી આહાર ગ્રહણ કરે છે. એકાકી અવસ્થામાં જંગલીપશુ દ્વારા થતા ઉપદ્રવને ધૈર્યથી સહન કરે છે, એમ હું કહું છું.***

● **વિવેચન :-**

બધાં પરીષહોથી થતી વેદના સહન કરી દુઃખ અનુભવવા છતાં શાંતિ રાખે. કેવો બનીને ? - x - સમ્યગ્ દૃષ્ટિ બનીને. તે પરીષહ સહન કરનાર નિષ્કંચન, નિર્ગ્રન્થ, ભાવનગ્ન કહ્યા છે. આ મનુષ્યલોકમાં આગમન ધર્મરહિત છે. ગ્રહણ કરેલ



મહાવ્રતના ભારને વહન કરતા ફરી ઘેર જવાની ઇચ્છા કરતા નથી. પણ જિનવચનને જ ધર્મ માની સમ્યગ્ પાલન કરે. - x - ધર્મ અનુષ્ઠાન કરતા વિચારે કે ધર્મ જ મારે સાર છે, બાકી બધું પારકું છે આ ઉત્કૃષ્ટ વાદ જ મનુષ્યોને કહેલો છે.

વળી આ કર્મ દૂર કરવાના ઉપાયરૂપ સંયમમાં લીન થઈ આઠ પ્રકારના કર્મોને ખપાવતો ધર્મ પાળે. - x - કર્મોને જાણીને મૂળ-ઉત્તર પ્રકૃતિ ભેદથી જાણે. શ્રામણ્ય પર્યાય થકી તેનો ક્ષય કરે. સંપૂર્ણ કર્મ દૂર કરવામાં અસમર્થ જે બાહ્યતપ છે તેને આશ્રીને કહે છે - આ જૈન પ્રવચનમાં લઘુકર્માને એકાકી વિહાર પ્રતિમા છે, તેમાં વિવિધ અભિગ્રહો તપ તથા ચારિત્ર સંબંધી હોય છે - x - તે એકાકી વિચરણમાં સામાન્ય સાધુથી વિશેષપણે અંત પ્રાંત કુલોમાં દશ પ્રકારના એષણા દોષરહિત આહારાદિથી તથા આહારાદિ સંબંધી ઉદ્‌ગમ ઉત્પાદન ગ્રાસૈષણા સંબંધી પરિશુદ્ધ વિધિએ સંયમમાં વર્તે છે. બહુપણામાં એક દેશપણાને કહે છે, તે મેધાવી સંયમમાં વર્તે. વળી તેવા બીજા કુલોમાં આહાર સુગંધી કે દુર્ગંધી હોય તેમાં રાગ-દ્વેષ ન કરે. વળી ત્યાં એકલવિહાર કરતાં શ્મશાનમાં પ્રતિમાએ રહેતા કોઈએ કરેલા શબ્દો ભયકારક લાગે કે બીભત્સ પ્રાણીઓ - x - બીજા જીવોને સંતાપે અને તને પણ સંતાપે તો તેને ધૈર્યથી સહન કર.

**અધ્યયન-૬ ''ધૂત'' ઉદ્દેશક-૨ ''કર્મવિધૂનન''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૩ ''ઉપકરણ-શરીર વિધૂનન'' 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશમાં 'કર્મવિધૂનન' કહ્યું. તે ઉપકરણ શરીરના વિધૂનન વિના ન થાય. તે માટે ઉપકરણાદિના વિધૂનન માટે કહે છે. આ સંબંધથી આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહેવું જોઈએ, તે આ પ્રમાણે છે—

● **સૂત્ર-૧૯૮ :-**

***સદા સુઆખ્યાત ધર્મવાળા વિધૂતકલ્પી તે મુનિ 'આદાન'નો ત્યાગ કરે. જે મુનિ અચેલક રહે છે, તેને એવી ચિંતા હોતી નથી કે મારું વસ્ત્ર જીર્ણ થયું છે, હું વસ્ત્રની યાચના કરીશ, સીવવા માટે સોય-દોરા લાવીશ. વસ્ત્ર સાંધીશ-સીવીશ, બીજું વસ્ત્ર જોડીશ, આ વસ્ત્રને નાનું કરીશ. પછી પહેરીશ કે શરીર ઢાંકીશ. સંયમમાં પરાક્રમ કરનાર નિર્વસ્ત્ર મુનિને તૃણસ્પર્શનું દુઃખ, ઠંડી-ગરમી, ડાંશ, મસક આદિ દુઃખ પ્રાપ્ત થાય છે. તેને વસ્ત્રરહિત સાધક કર્મોની લાઘવતાનું કારણ જાણી સહન કરે. તો મુનિને તપની પ્રાપ્તિ થાય છે. ભગવંતે જે રીતે ફરમાવેલ છે, તેને સત્ય જાણી સર્વ પ્રકારે અને પૂર્ણરૂપે સમ્યકત્વાનુકૂળ જ આચરણ કરવું જોઈએ. આ રીતે પૂર્વે કેટલાંક મહા-વીર પુરુષોએ લાંબા સમય સુધી, પૂર્વો સુધી સંયમનું પાલન કરી જે પરીષહો સહન કર્યા છે, તેને તું જો.***

● **વિવેચન :-**

પૂર્વે કહેલ કે હવે પછી કહેવાતું - x - તે કર્મનું ઉપાદાન છે. તેનું કારણ ધર્મોપકરણથી અતિરિક્ત હવે પછી કહેવાતાં વસ્ત્રાદિ છે, તેનો મુનિ ત્યાગ કરે. તે મુનિ કેવા હોય ? તે સદા સ્વાખ્યાત ધર્મવાળો, સંસારભીરુ, આરોપિત વ્રતનો ભારવાહી તથા 'વિધૂત'-સારી રીતે સાધુઆચાર આત્મામાં સ્પર્શેલ છે, તેવા મુનિ 'આદાન' કર્મને ખેરવશે.

— તે વસ્ત્રાદિ આદાન કેવા હોય કે તે દૂર કરવા પડે છે ?

- x - સાધુ અલ્પ વસ્ત્ર રાખનાર સંયમમાં રહેલો છે, તેવા સાધુએ એવું વિચારવું ન કલ્પે કે મારુ વસ્ત્ર જીર્ણ થયું છે, હું અચેલક થઈશ. મને રક્ષક વસ્ત્ર નથી. ઠંડીથી મારું રક્ષણ કેમ થશે ? તેથી કોઈ શ્રાવકને ત્યાં જઈ વસ્ત્ર યાચું, વસ્ત્ર સાંધવાને સોય-દોરો યાચીશ, જીર્ણ વસ્ત્રનાં કાણાને સાંધીશ, ફાટેલાને સીવીશ - x - x - ઇત્યાદિ.

એમ યોગ્ય બનાવીને હું પહેરીશ તથા શરીર ઢાંકીશ આદિ આર્ત્તધ્યાનથી હણાયેલ અંતઃકરણની વૃત્તિ ધર્મમાં એકચિત્ત રાખનાર સાધુને વસ્ત્ર સંબંધી ચિંતા ન થાય. અથવા આ સૂત્ર જિનકલ્પીને આશ્રીને છે. કેમકે તે મુનિઓ અચેલ હોય છે - x - તેઓ પાણિપાત્ર છે. પાણિ એટલે હાથ. હાથમાં ભોજન કરે છે. તેમને પાત્રાદિ સાત પ્રકારનો નિયોગ નથી હોતો. - x - ફક્ત રજોહરણ અને મુખવસ્ત્રિકા હોય છે. તેવા અચેલક ભિક્ષુને વસ્ત્ર સંબંધી આર્ત્તધ્યાન ન હોય - x - x -

જેઓ 'છિદ્રપાણિ' છે તેવા સ્થવિર કલ્પી પાત્ર નિયોગ યુક્ત હોય, વસ્ત્ર કલ્પ પ્રમાણે ત્રણમાંથી એક વસ્ત્ર હોય, તેવા મુનિ પણ વસ્ત્ર જીર્ણ આદિ થાય ત્યારે આર્ત્તધ્યાન ન કરે. તથા અલ્પપરિકર્મી હોય તે સોય-દોરો ન શોધે. તે અચેલ કે અલ્પવસ્ત્રવાળાને તૃણ વગેરે લાગતાં શું કરે તે કહે છે, તેને અચેલપણે રહેતા જીર્ણવસ્ત્રાદિ કૃત્ અપધ્યાન ન થાય. અથવા તે અચેલપણે વર્તતા સાધુ અચેલપણાને કારણે કોઈ ગામડાંમાં શરીરના રક્ષણના અભાવે ઘાસનો સંથારો કરે તેમાં તૃણ આદિ - x - દુઃખદાયી સ્પર્શને - x - દીનતારહિતપણે સહે.

તે જ પ્રમાણે શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, દંશ-મસકસ્પર્શને સહે. તેમાં દંશ-મસકાદિ સ્પર્શ સાથે આવે પણ શીત-ઉષ્ણ પરસ્પર વિરુદ્ધ છે, તે અનુક્રમે આવે. - x - x - વિરૂપ તે મનને દુઃખ દેનાર કે વિવિધ જાતના મંદ વગેરે ભેદના સ્વરૂપવાળા સ્પર્શો છે તેનાથી દુઃખ પડે કે દુઃખ આપનાર તૃણાદિ સ્પર્શને સમ્યક્ રીતે દુર્ધ્યાનરહિત સહન કરે.

કોણ સહે ? ઉપરોક્ત વસ્ત્રરહિત, અલ્પવસ્ત્રવાળો કે પ્રતિમાધારી સમ્યક્ પ્રકારે સહે. શું વિચારીને સહે ? દ્રવ્ય અને ભાવ લાઘવતાને જાણનારો સમતાથી પરીષહો તથા ઉપસર્ગોને સહે. દ્રવ્યથી ઉપકરણ લાઘવતા અને ભાવથી કર્મનું લાઘવપણું જાણવું.

નાગાર્જુનીયા કહે છે, ''એ પ્રમાણે ઉપકરણના લાઘવપણાથી કર્મક્ષય કરનારો તપ નિશ્ચયથી કરે છે.'' એ રીતે ભાવ લાઘવ માટે ઉપકરણ લાઘવનો તપ કરે છે.



ઉપકરણ લાઘવથી કર્મ ઓછાં થાય છે. ઉપકરણ લાઘવતાથી તૃણાદિ સ્પર્શો સહેતા કાયક્લેશરૂપ બાહ્ય તપ થાય છે. માટે સાધુ તે સારી રીતે સહે. ''આ મારું કહેલું નથી'' તે દર્શાવે છે - જે કહ્યું કે કહેવાશે તે વીર વર્ધમાનસ્વામીએ કહેલું છે.

ઉપકરણ લાઘવ કે આહાર લાઘવ જાણીને દ્રવ્યાદિથી લઘુતા રાખે. જેમકે દ્રવ્યથી આહાર-ઉપકરણમાં, ક્ષેત્રથી બધાં ગામ આદિમાં, કાળથી દિવસ કે રાતમાં કે દુકાળમાં અને ભાવથી કૃત્રિમ-મલિન ભાવોમાં લાઘવતા રાખે. 'સમ્યક્ત્વ' એટલે પ્રશસ્ત, શોભન કે એકાંત હિત થાય તેવું તત્ત્વ. કહ્યું છે કે, ''પ્રશસ્ત, શોભન, એક સંગતવાળો જે ભાવ તે સમ્યક્ત્વ છે.'' આવું સમ્યક્ત્વ કે સમત્વ સારી રીતે સમજે, વિચારે કે પોતે અચેલ હોય અને બીજો એક વસ્ત્રાદિ રાખનારો હોય તેને પોતે નિંદે નહીં. કહ્યું છે કે, જે બે વસ્ત્ર, ત્રણ વસ્ત્ર કે એક વસ્ત્ર ધારણ કરે કે અચેલક ફરે તે બધાં જિનાજ્ઞામાં છે, તેથી પરસ્પર ન નિંદે.

જેઓ જુદા જુદા કલ્પવાળા છે, તે સંઘયણ કે ધૈર્યાદિ કારણે છે. તેથી એકબીજાનું અપમાન ન કરે કે ઓછાપણું ન માને. તે બધાં જિનાજ્ઞામાં કર્મક્ષય કરવાને યથાવિધિ રહેલા છે, યોગ્ય વિહાર કરતાં વિચરે છે. એવું નિશ્ચયથી જાણે. અથવા તે જ લાઘવપણાને સમજીને સર્વ પ્રકારે દ્રવ્યાદિ વડે સર્વથા નામાદિ નિક્ષેપે સમ્યક્ત્વને સારી રીતે જાણે. અર્થાત્ તીર્થંકર ગણધર ઉપદેશથી સમ્યક્ ક્રિયા કરે.

આ બધાં અનુષ્ઠાનો તક્ષક નાગનાં મસ્તકે રહેલ જ્વરહર મણિ લાવવા રૂપ અશક્ય ઉપદેશ નથી, પણ બીજા ઘણાંએ ઘણાં કાળ સુધી એવું ઉત્તમ સંયમ પાળેલ છે, તે બતાવે છે - એ રીતે અચેલ રહીને તૃણાદિ સ્પર્શ દુઃખ સહેનાર મહા-વીર પુરુષોએ સકલ લોકને ચમત્કારકારી ઘણો કાળ આજીવન અનુષ્ઠાન કર્યું છે તે વિશેષથી કહે છે.

ઘણાં વર્ષો સંયમ અનુષ્ઠાન પાળતાં વિચર્યા છે. પૂર્વનું પરિમાણ ૭૦ કરોડ લાખ, ૫૬ કરોડ હજાર વર્ષ છે. આ વાત ઋષભદેવથી શીતલનાથ સુધી પૂર્વના આયુષ્ય હતા, તેને આશ્રીને છે. શ્રેયાંસનાથથી વર્ષની સંખ્યાની પ્રવૃત્તિ જાણવી તથા ભવ્ય જીવો જે મુક્તિગમન યોગ્ય છે, તેમને તું જો. - x - x - તૃણાદિક સ્પર્શ સહન કરનારને જે લાભ થાય તે કહે છે—

● **સૂત્ર-૧૯૯ :-**

***પ્રજ્ઞાવાન્ મુનિઓની ભૂજાઓ પાતળી હોય છે, તેના શરીરમાં માંસ અને લોહી અતિ અલ્પ હોય છે. રાગદ્વેષાદિ રૂપ સંસાર શ્રેણિનો સમભાવથી વિનાશ કરી, સમત્વભાવનાથી જાણી, તે મુનિ તીર્ણ, મુક્ત અને વિરત કહેવાય છે એમ હું કહું છું.***

● **વિવેચન :-**

જેમણે પ્રજ્ઞાન મેળવેલ છે તેવા ગીતાર્થ સાધુ તપ કરીને તથા પરીષહો સહન કરીને કૃશ બાહુવાળા બને છે અથવા ઉપસર્ગ-પરીષહ વગેરેમાં તેઓ જ્ઞાન મેળવેલા હોવાથી તેમને પીડા ઓછી થાય છે. કેમકે કર્મ ખપાવવા તૈયાર થયેલ સાધુને શરીર

માત્રને પીડાકારી પરીષહ ઉપસર્ગો સહાયકારી માનવાથી તેને મનની પીડા થતી નથી કહ્યું કે—

બીજો માણસ આત્માને પીડા નથી જ આપતો પણ શરીરને દુઃખ આપે છે. હૃદયથી તે દુઃખ પોતાનું માન્યુ છે, તે પારકાનું નથી જ આપેલું. શરીરની પીડા તો થાય છે જ તે બતાવે છે - શરીર સુકાય ત્યારે માંસ અને લોહી સુકાય, તેવા સાધુને લુખા તથા અલ્પ આહારથી પ્રાયઃ ખલપણે આહાર પરિણમે છે, રસપણે નહીં. કારણ અભાવે થોડું જ લોહી શરીરપણે હોવાથી માંસ પણ થોડું જ હોય છે, તેથી મેદ પણ થોડો હોય અથવા પ્રાયઃ લુખુ તે વાયુ કરે છે. વાયુ પ્રધાનને લોહી માંસ ઓછા હોય અચેલતાથી તૃણાદિ સ્પર્શ થતાં શરીરમાં દુઃખ થવાથી પણ માંસ અને લોહી ઓછા હોય છે.

સંસાર શ્રેણિ જે રાગદ્વેષરૂપ કષાયની સંતતિ છે તેને ક્ષાંતિ આદિ ગુણોથી તથા સમત્વ ભાવનાથી જાણીને વિશ્રેણિ [નષ્ટ] કરે. જેમકે જિનકલ્પી કોઈ એક કે કોઈ બે કે કોઈ ત્રણ કલ્પ ધારણ કરે. અથવા સ્થવિર કલ્પી કોઈ માસક્ષમણ કે અર્ધમાસક્ષમણ કરે, કોઈ વિકૃષ્ટ કે અવિકૃષ્ટ તપ કરે, કોઈ કૂરગડૂ માફક નિત્યભોજી હોય. આ બધા જિનવચનાનુસાર પરસ્પર નિંદા ન કરતા સમત્વદર્શી છે. કહ્યું છે કે—

“જે બે, ત્રણ, એક અથવા વસ્ત્રરહિત નિભાવ કરે તે બધા જિનાજ્ઞાવર્તી હોવાથી પરસ્પર નિંદા ન કરે.” તથા જિનકલ્પી કે પ્રતિમાધારી કદાચ છ માસ સુધી ભિક્ષા ન મળે તો પણ - x - નિત્યભોજીને તેં ખાવા માટે જ દીક્ષા લીધી છે એવું ન કહે. આ રીતે સમત્વદૃષ્ટિ પ્રજ્ઞા વડે ઉક્ત મુનિ સંસારસાગર તર્યો છે, તે જ સર્વ સંગથી મુક્ત અને સર્વ સાવધ અનુષ્ઠાનથી વિરત કહ્યો છે. તેમ હું કહું છું.

પ્રશ્ન - તે પ્રમાણે સંસાર શ્રેણીને ત્યાગી સંસારસાગર તરેલાને મુક્ત અને વિરત કહ્યા. તેવા સાધુને અરતિ પરાભવ કરે કે નહીં ?

[ઉત્તર] કર્મના અચિંત્ય સામર્થ્યથી પરાભવ કરે ? - તે કહે છે—

● **સૂત્ર-૨૦૦ :-**

***અસંયમથી વિરત, અપ્રશસ્ત ભાવોથી નીકળી પ્રશસ્ત ભાવમાં રમણ કરનાર, દીર્ઘકાલના સંયમી મુનિને અરતિ પરાભવ કરે ?***

***તે સમુત્થિત મુનિ શુભ પરિણામોની શ્રેણી ચઢતા જાય છે. જેમ અસંદીન દ્વીપ યાત્રિકોનું આશ્વાસન સ્થાન છે, તેમ તીર્થંકર ઉપદિષ્ટ ધર્મ મુનિને આશ્રય સ્થાન છે. મુનિ ભોગેચ્છા તથા હિંસા ન કરવાના કારણે લોકપ્રિય, મેધાવી અને પંડિત કહેવાય છે.***

***જે પ્રમાણે પક્ષી પોતાના બચ્ચાનું પાલન-પોષણ કરી તેને સમર્થ બનાવે છે, તેમ ધર્મમાં અનુત્થિત શિષ્યને આચાર્ય દિન-રાત સાવધાનીપૂર્વક શિક્ષા આપી ધર્મમાં કુશળ બનાવે છે - એમ હું કહું છું.***

● **વિવેચન :-**

અસંયમથી બચેલ, ભિક્ષાથી નિર્વાહ કરનાર તથા અપ્રશસ્ત સ્થાનરૂપ અસંયમથી નીકળી, ગુણના ઉત્કર્ષથી ઉપર ઉપરના પ્રશસ્ત ગુણસ્થાનરૂપ સંયમમાં વર્તતા સાધુને





શું સ્ખલાયમાન કરે ? અર્થાત્ તેવા સાધુને શું અરતિ મોક્ષમાં જતા અટકાવી શકે ? હા. દુર્બળ અને અવિનયવાળી ઇન્દ્રિયો છે, તેને અચિંત્ય મોહશક્તિ અને વિચિત્ર કર્મ પરિણતિ શું ન કરે ? કહ્યું છે કે, નિશ્ચે કર્મ ઘણાં ચીકણાં અને વધુ પ્રમાણમાં વજસાર જેવા ભારે હોય તો જ્ઞાનથી ભૂષિત પુરુષને પણ કુમાર્ગે લઈ જાય.

અથવા તેવા ઉત્તમ સાધુને અરતિ કંઈ ન કરી શકે કેમકે તેઓ ક્ષણે ક્ષણે વિશુદ્ધતર ચારિત્ર પરિણામથી મોહના ઉદયને રોકેલા હોવાથી લઘુકર્મી થાય છે. તેથી તેને અરતિ પરાભવ ન કરી શકે - તે કહે છે - ક્ષણે ક્ષણે વિના વિલંબે સંયમ સ્થાનમાં ચડતા ચડતા કંટકને ધારણ કરતો સમ્યગ્ ઉત્થિત અથવા ઉત્તરોત્તર ગુણસ્થાને પહોંચતો યથાખ્યાત ચારિત્ર અભિમુખ જતો હોવાથી અરતિ તેને કઈ રીતે અટકાવે ?

આવા સાધુ ફક્ત પોતાને જ અરતિથી રક્ષે છે, તેમ નહીં પણ તે બીજાને પણ અરતિથી દૂર કરવાથી રક્ષક છે, તે બતાવે છે - દ્વીપ દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે. - x - દ્રવ્ય દ્વીપમાં આશ્વાસ લે છે તેથી તે - x - આશ્વાસદ્વીપ છે - x - તેમાં નદી-સમુદ્રના બહુ મધ્યભાગમાં કોઈ કારણે વહાણ ભાંગે ત્યારે ડૂબતા માણસો આશ્રય લે છે. આ દ્વીપ બે પ્રકારે છે. જે પખવાડીયે કે મહિને પાણીથી ભરાય તે સંદીન અને તેથી વિપરીત તે અસંદીન. જેમકે સિંહલદ્વીપ આદિ. વહાણવાળા આ અસંદીનદ્વીપનો આશ્રય લે છે - x - તે જ રીતે ભાવસંધાનને માટે ઉત્થિત સાધુનો પણ બીજા પ્રાણી આશ્રય લે છે.

અથવા દ્વીપને બદલે દીપ લઈએ તો તે પ્રકાશને માટે હોવાથી પ્રકાશદીપ છે. તે આદિત્ય, ચંદ્ર, મણિ આદિ અસંદીન છે અને વિદ્યુત્, ઉલ્કા વગેરે સંદીન છે અથવા પ્રચુર ઇંધનથી વિવક્ષિત કાળમાં સ્થાયી અગ્નિ અસંદીન છે, તેથી વિપરીત ઘાસના ભડકા જેવો સંદીન છે. - x - x - x - તે પ્રમાણે જ્ઞાન મેળવવા ઉદ્યત થયેલ પરીષહ ઉપસર્ગમાં દીનતા ન લાવવાથી અસંદીન છે. તે સાધુ વિશેષ પ્રકારે બોધ આપતા હોવાથી બીજા જીવોને માટે ઉપકારી થાય છે.

બીજા આચાર્યો ભાવદ્વીપ કે ભાવદીપને બીજી રીતે કહે છે, જેમકે ભાવદ્વીપ તે સમ્યકત્વ છે. તેમાં પ્રતિપાતિ હોવાથી ઔપશમિક, ક્ષાયોપશમિક એ સંદીન ભાવદ્વીપ છે અને ક્ષાયિક અસંદીન છે. તે પ્રાપ્ત થતા પરીત સંસાર થવાથી પ્રાણિને આશ્વાસન મળે છે. સંદીન ભાવદીપ તે શ્રુતજ્ઞાન છે અને અસંદીન તે કેવલજ્ઞાન છે. તે મેળવીને પ્રાણી અવશ્ય ધૈર્ય પામે છે. અથવા ધર્મને સારી રીતે ધારણ કરી ચારિત્ર પાળતો છતાં અરતિને તે સાધુ વશ થતો નથી એમ કહેતા કોઈ પ્રશ્ન કરે છે કે—

કેવા ધર્મને માટે આ સાધુ ઉત્થિત થયો છે ? આચાર્ય કહે છે—

જેમ અસંદીન દ્વીપ પાણીથી ન ભીંજાયેલો ઘણા જીવોને શરણ આપવાથી વિશ્રાંતિ યોગ્ય છે, તેમ તીર્થંકરપ્રણીત ધર્મ કષ, તાપ, છેદ અને નિર્ઘટિત હોવાથી અસંદીન છે. અથવા કુતર્કથી ગભરાતો નથી, પણ યોગ્ય ઉત્તર આપવાથી પ્રાણીઓના રક્ષણ માટે આશ્વાસ્ય ભૂમિ છે.

તે ધર્મ જિનકથિત હોવાથી શું તે પ્રમાણે વર્તનારા સમ્યગ્ ક્રિયા કરે છે ? હા, કરે છે. તે સાધુઓ ભાવ સંધાનમાં ઉધત, સંયમમાં અરતિને દૂર કરનાર, મોક્ષ સમીપે રહીને ભોગની ઇચ્છા છોડી ધર્મમાં સારી રીતે ઉધમ કરે છે. પ્રાણિને હણતા નથી, બીજા મહાવ્રત પણ પાળે છે તથા કુશલ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત હોઈ સર્વ લોકોના રક્ષક છે. સાધુની મર્યાદામાં રહેલા મેધાવી છે, પાપના કારણોને છોડવાથી સમ્યક્ પદાર્થ જ્ઞાતા પંડિત છે. ધર્મ ચારિત્ર પાળવાને માટે સમુત્થિત છે.

પણ જેઓ તેવું જ્ઞાન ધરાવતા નથી, તેઓ સમ્યગ્ વિવેકના અભાવે હજુ સુધી તેઓ તેવું ચારિત્ર પાળવા તૈયાર નથી. તેવા જ્ઞાનરહિતને જ્યાં સુધી તેઓ વિવેકવાળા થાય ત્યાં સુધી આચાર્યએ સારી રીતે પાળવા જોઈએ તે બતાવે છે - ઉક્ત વિધિએ અસ્થિર મતિવાળા અને ભગવંત મહાવીરના ધર્મમાં સારી રીતે ન જોડાયેલાને સુબોધના ઉપદેશ વડે તેમનું પાલન કરી સ્થિર મતિવાળા બનાવવા.

જેમકે - પક્ષીના બચ્ચાને તેની મા ગર્ભના પ્રસવથી ઇંડુ મુકે ત્યારપછી અનેક અવસ્થા આવે, તે બધામાં બચ્ચુ ઉડવા યોગ્ય થાય ત્યાં સુધી પાળે છે તેમ આચાર્ય નવા શિષ્યને દીક્ષા આપે ત્યારથી સામાચારી ઉપદેશ તથા અધ્યાપન વડે ગીતાર્થ થાય ત્યાં સુધી પાળે. પણ આચાર્યના ઉપદેશને ઓળંગીને સ્વચ્છંદતાથી કોઈપણ ક્રિયા કરે તે ઉજ્જૈનીના રાજપુત્ર માફક વિનાશ પામે છે.

ઉજ્જૈનીમાં જિતશત્રુ રાજાને બે પુત્રો હતા. મોટા પુત્રે ધર્મઘોષ આચાર્ય પાસે દીક્ષા લીધી. 'આચાર' આદિ શાસ્ત્રો ભણી, જિનકલ્પ સ્વીકારવા બીજી સત્ત્વભાવના ભાવે છે. આ ભાવના પાંચ પ્રકારની છે - ઉપાશ્રયે, તેની બહારે, ચાર રસ્તે, શૂન્યગૃહે, શ્મશાને. તેમાં પાંચમી ભાવના ભાવતો હતો. તે સમયે નાનોભાઈ મોટાભાઈના અનુરાગથી આચાર્ય પાસે આવ્યો - x - તેણે દીક્ષા લીધી. - x - તેના ઘણા આગ્રહથી મોટાભાઈને દેખાડ્યા - x - નાનાભાઈને આચાર્યાદિએ - x - ઘણો નિવાર્યો તો પણ મોટાભાઈના મોહથી તે શ્મશાનમાં તેમની માફક રહ્યો.

દેવતાએ આવીને મોટાભાઈ મુનિને વંદન કર્યું. નાનાભાઈ મુનિને ન વાંદ્યા. તેથી અસ્થિર મતિના કારણે તે દેવી ઉપર કોપાયમાન થયો. દેવતાએ પણ તેના અવિધિના કૃત્યથી તેને લાત મારીને તેની બંને આંખોના ડોળા બહાર કાઢી નાંખ્યા. - x - x - x - આ રીતે ઉપદેશથી બહાર વર્તનારને દુઃખ ભોગવવું પડે છે. તેમ વિચારી શિષ્યએ સદા આચાર્યના ઉપદેશમાં [આજ્ઞામાં] રહેવું.

આચાર્યએ પણ સદા પરોપકાર વૃત્તિ રાખીને પોતાના શિષ્યોને યથોક્તવિધિએ પાળવા જોઈએ. પક્ષી પોતાના બચ્ચાને પાળે તેમ આચાર્યએ પણ શિષ્યોને વાચનાદિ દ્વારા સંસાર પાર ઉતારવા સમર્થ બનાવવા જોઈએ. તેમ હું કહું છું.

**અધ્યયન-૬ 'ધુત' - ઉદ્દેશો-૩ ઉપકરણ શરીર વિધૂનનનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૪ "ગૌરવત્રિક વિધૂનન" 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો. ઉદ્દેશા-૩માં શરીર-ઉપકરણનો મમત્વ ત્યાગ બતાવ્યો. તે ત્રણ ગૌરવ ધારણ કરનારને સંપૂર્ણ ન હોય. તેથી ગૌરવના ત્યાગ માટે આ ઉદ્દેશો કહે છે. આ સંબંધથી આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે—

● **સૂત્ર-૨૦૧ :-**

***આ રીતે મહા-વીર અને પ્રજ્ઞાનવાન્ ગુરુ દિવસ-રાત સતત શિક્ષા આપી શિષ્યને પ્રશિક્ષિત કરે છે. તેમાંથી કેટલાક શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી ઉપશમ ભાવ છોડી કઠોરતા પ્રાપ્ત કરે છે. કેટલાંક બ્રહ્મચર્યમાં નિવાસ કર્યા પછી વડીલોની આજ્ઞાનો અનાદર કરે છે. કેટલાંક શિષ્યો કુશીલના દુષ્પરિણામ જોઈને, જિનભાષિત તત્ત્વને સાંભળી, સમજીને અમે સંયમી જીવન જીવીશું એમ વિચારી દીક્ષા લે છે. પણ મોક્ષમાર્ગમાં ન ચાલીને, કામભોગથી બળતા સુખમાં મૂર્છિત થઈને વિષયોનો વિચાર કરતા સમાધિને પ્રાપ્ત કરતા નથી ઉલટું હિતશિક્ષા આપનાર મુનિને કઠોર વચન કહે છે.***

● **વિવેચન :-**

એ રીતે પક્ષીના બચ્ચાના ઉછેરની જેમ પોતાના હાથે દીક્ષા આપેલ શિષ્યો કે ઉપસંપદાથી આવેલ કે ભણવા આવેલને દિવસ અને રાત્રે ક્રમથી જ ભણાવેલા હોય. તેમાં કાલિક સૂત્ર દિવસની પહેલી અને ચોથી પોરિસિમાં ભણાવાય છે. ઉત્કાલિક સૂત્ર કાળ વેળા છોડીને આખો દિવસ રાત ભણાવાય છે. તે અધ્યાપન આચારાંગના ક્રમે કરાય છે.

'આચાર' સૂત્ર ત્રણ વર્ષના પર્યાયવાળાને ભણાવાય છે. ઇત્યાદિ ક્રમે અધ્યાપિતા ચારિત્ર લીધેલા સાધુઓ હોય છે. યુગમાત્ર દૃષ્ટિએ જવું, કાચબા માફક અંગો સંકોચી રાખવા ઇત્યાદિ શિક્ષા આપી તીર્થંકર, ગણધર, આચાર્યાદિએ તેમને ભણાવેલા છે. તે ભણાવનાર જ્ઞાનીઓ છે. તેમનો કહેલો ઉપદેશ જ અસર કરે છે. શિષ્યો પણ બંને પ્રકારે પ્રેક્ષાપૂર્વકારી છે. તેઓ આચાર્ય પાસે રહીને શ્રુતજ્ઞાન ભણે છે. કેમકે તે શ્રુતજ્ઞાનના પ્રતાપથી જ નવો નવો બોધ થાય છે.

તે બોધથી બહુશ્રુત બની પ્રબળ મોહોદયથી સદુપદેશને ઉત્કટ મદથી દૂર કરીને ઉપશમ છોડીને દુઃખી થાય છે. ઉપશમ દ્રવ્ય-ભાવથી બે ભેદે છે. દ્રવ્ય ઉપશમ તે કતક ચૂર્ણ, તે મલિન જલ નિર્મળ કરે છે અને ભાવ-ઉપશમ તે જ્ઞાનાદિ ત્રણ છે.

(૧) જ્ઞાનોપશમ-જ્ઞાન વડે જે ક્રોધ ન કરે. આક્ષેપણી આદિ ધર્મકથાથી કોઈ જીવ શાંતિ ધારણ કરે.

(૨) દર્શન ઉપશમ-શુદ્ધ સમ્યગ્દર્શન વડે બીજાને શાંતિ પમાડે. જેમકે શ્રેણિકે અશ્રદ્ધાળુ દેવને બોધ પમાડ્યો. દર્શન પ્રભાવકોથી કોઈ જીવ શાંત થાય.

(૩) ચારિત્ર ઉપશમતો ક્રોધાદિનો ઉપશમ છે.

તેમાં કેટલાંક ક્ષુદ્ર સાધુઓ જ્ઞાનસમુદ્રની સપાટીએ જ તરનારા છે. તે ઉપશમનો

ત્યાગ કરી લેશમાત્ર જ્ઞાનથી અહંકારી બની કઠોરતા ગ્રહણ કરે છે. તેઓ પરસ્પર ગુણનિકાય કે મીમાંસામાં એકબીજાને કહે છે જે તેં કહ્યું, તે આ શબ્દનો અર્થ નથી, તેથી તું જાણતો નથી. મારા જેવો શબ્દનો અર્થનિર્ણય કરવામાં કોઈક જ સમર્થ છે. બધા નહીં. કહ્યું છે, ગુરુઓને પૂછેલ અને જાતે પણ નિશ્ચય કરેલ છે - x - વાદી અને મલ્લમાં મુખ્ય મારા જેવો કોઈક જ બીજો હશે. બીજો સાધુ કહે છે—

પણ અમારા આચાર્ય તો આ પ્રમાણે કહે છે, ત્યારે પે'લા ફરી બોલે છે કે, તે આચાર્ય બોલવામાં કુંઠ અને બુદ્ધિહીન શું જાણે ? તું પણ પોપટ માફક ભણાવેલો, વિચાર કર્યા વિનાનો છે. આ પ્રમાણે તે દુષ્ટબુદ્ધિ ગૃહિત અલ્પજ્ઞાની બીજું પણ બોલે છે. મહા ઉપશમનું કારણ જે જ્ઞાન છે, તે તેને વિપરીત પરિણમતા આવું બોલે છે—

બીજાઓએ ઇચ્છાનુસાર રચેલા કોઈપણ અર્થને શ્રમથી જાણીને પોતે સંપૂર્ણ સિદ્ધાંત પારગામી હોય તેમ અહંકારથી બીજાનું અપમાન કરે છે. શ્રીમંતોની ક્રીડા સમાન વસ્તુને કુકડાના લાવક સમાન બનીને શાસ્ત્રોને પણ હાસ્ય કથા બનાવી ક્ષુદ્ર સાધુ લઘુતા પમાડે છે અથવા પાઠાંતર મુજબ-ઉપશમ છોડેલા કેટલાંક બહુશ્રુતો [બધા નહીં] કઠોરતા સ્વીકારે છે, તેમને બોલાવતા કે પૂછતાં મૌન રહે છે કે હુંકાર કરે છે.

વળી કેટલાંક બ્રહ્મચર્ય-સંયમમાં રહીને અથવા બ્રહ્મચર્ય-આચાર સૂત્ર અનુસાર અનુષ્ઠાન કરવા છતાં તેનો તિરસ્કાર કરીને જિનાજ્ઞાને કંઈક માને-કંઈક ન માને પણ સાતા ગૌરવથી શરીર બકુશ થાય છે. અથવા અપવાદને આલંબીને વર્તતા ઉત્સર્ગ માર્ગના ઉપદેશ આપતાં તેઓ એકાંત પકડી કહે છે કે, આ માર્ગ જિનોક્ત નથી. હવે અપવાદ કહે છે, નિરોગી સાધુ ગ્લાનની સમાધિ માટે વૈયાવચ્ચ કરે, કારણે તેને આધાકર્માદિ આહાર પણ લાવી આપે.

કુશીલ સાધુને ઘણી આશાતનાથી દીર્ઘસંસાર થાય તે કેમ ન કહ્યું ? શરીર કુશીલને કટુ વિપાકાદિ બતાવનાર ગુરુ પ્રત્યે જ તેઓ કઠોર વચન કહે છે. તેઓ સમનોજ્ઞ બની માન મેળવી અમે જીવન વીતાવશું એવા હેતુથી સિદ્ધાંતને ભણે છે અથવા આ ઉપાય વડે લોક સંમત થઈ અમે જીવીશું એમ માની દીક્ષા લઈ કુશીલ બને છે. અથવા દીક્ષા લેતા તે વિચારે કે અમે ઉદ્યતવિહારી બનીશું. પણ દીક્ષા લઈને મોહોદયથી બરાબર ચારિત્ર ન પાળે.

તેઓ ગૌરવત્રિકમાંના કોઈ કારણે જ્ઞાનાદિ મોક્ષ માર્ગે સારી રીતે વર્તતા નથી. આજ્ઞામાં ન વર્તતા તે કામગૃદ્ધ ચિત્તથી બળતા અને ગૌરવત્રિકમાં રક્ત બની ઇન્દ્રિય પ્રણિધાનરૂપ તીર્થંકર કથિત મહાવ્રતોને બરાબર ન પાળીને સ્વયં પંડિત માનીને આચાર્યાદિએ શાસ્ત્ર મુજબ પ્રેરણા કર્યા છતાં ગુરુને કઠોર વચન કહે છે. બોલે છે કે આ વિષયમાં આપ કંઈ જાણતા નથી - x - સૂત્રના અર્થાદિને જે રીતે હું જાણું છું તે રીતે બીજો કોણ જાણે ? ધર્મોપદેશકને પણ કડવાં વચન કહે છે. આચાર્ય ઠપકો આપે તો કહે છે કે તીર્થંકર અમારું ગળુ કાપવાથી વિશેષ બીજું શું કહેવાના છે ? ઇત્યાદિ - x -

તેઓ માત્ર આચાર્યને જ નહીં, બીજાને પણ કઠોર વચન કહે છે.



● **સૂત્ર-૨૦૨ :-**

***શીલવાન્, ઉપશાંત અને વિવેકથી વર્તતા મુનિને અશીલવાળા કહે છે, આ તે મૂર્ખની બીજી અજ્ઞાનતા છે.***

● **વિવેચન :-**

શીલ ૧૮,૦૦૦ ભેદવાળું છે અથવા મહાવ્રત પાલન, પાંચ ઇન્દ્રિય જય, કષાયનિગ્રહ, ત્રણ ગુપ્તિએ ગુપ્ત એવું નિર્મળ શીલ પાળે તે શીલવંત છે તથા કષાયના ઉપશમથી ઉપશાંત છે. શીલવાન્‌ના ગ્રહણથી ઉપશાંત આવી જ જાય છતાં કષાય નિગ્રહનું પ્રાધાન્ય જણાવવા તેનું ગ્રહણ કર્યું.

સમ્યક્ રીતે જેના વડે કહેવાય તે સંખ્યા કે પ્રજ્ઞા. તેના વડે સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારા હોય તો પણ કોઈ મંદભાગ્યથી તેઓને 'અશીલ' એમ કહી નિંદનાર - x - કે મિથ્યાદૃષ્ટિ આદિ વડે બોલે કે તેઓ કુશીલ છે, એવું કહેનાર પાસત્થા આદિની તે બીજી મૂર્ખતા છે.

એક તો પોતે ચારિત્રરહિત છે. બીજા ઉદ્યુક્ત વિહારીને નિંદે તે બીજી મૂર્ખતા છે. અથવા શીલવંત તે ઉપશાંત છે એવું બીજાએ કહ્યાં છતાં તે કુસાધુ કહે છે - આ ઘણાં ઉપકરણવાળામાં કયા શીલ કે ઉપશાંતતા છે ? એમ બોલતા તે દુરાચારીની બીજી મૂર્ખતા છે. બીજા કેટલાંક વીર્યાંતરાયના ઉદયથી પોતે શીથીલ હોવા છતાં બીજા સાધુને પ્રશંસતા રહીને યથાવસ્થિત આચાર બતાવે છે. તે કહે છે—

● **સૂત્ર-૨૦૩ :-**

***કેટલાંક સંયમથી નિવૃત્ત હોવા છતાં આચાર-ગોચર બરાબર કહે છે. જ્ઞાનથી ભ્રષ્ટ સમ્યગ્દર્શન વિધ્વંસક થઈને.....***

● **વિવેચન :-**

કર્મના ઉદયથી સંયમ કે લિંગ [વેશ] મૂકી દે. અથવા ન મૂકે તો પણ સાધુના જેવા આચાર-ગોચર હોય તે બતાવે. સ્વનિંદા કરતા કહે કે અમે તેવો આચાર પાળવા સમર્થ નથી. આવું કહેનારને બીજી મૂર્ખતા નથી. તેઓ એવું નથી કહેતા કે અમે જે કરીએ છીએ. તેવો જ અમારો આચાર છે. એમ પણ ન કહે કે દુઃષમ કાળમાં બળ ઓછું થવાથી મધ્યમ વર્તન જ કલ્યાણનું કારણ છે. હમણાં ઉત્સર્ગનો અવસર નથી. કહ્યું છે કે,

સારો સારથી ઘોડાને જોરથી કે ધીમે ન હાંકે તથા ઘોડા પણ તેમ મધ્યમ ચાલે તો તે યોગ બધે માનનીય થાય. - x - x -

[કુસાધુ] શા માટે કુશીલનું સમર્થન કરે ? તે કહે છે, સત્ અસત્‌ના વિવેકના જ્ઞાનથી તેઓ ભ્રષ્ટ છે. તથા સમ્યક્‌દર્શન વિધ્વંસક, અસત્ અનુષ્ઠાનથી પોતે નાશ પામેલા છે, બીજાને શંકાશીલ બનાવી સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે. બીજા બાહ્ય ક્રિયા કરવા છતાં આત્માનો નાશ કરે છે. તે—

● **સૂત્ર-૨૦૪ :-**

***કેટલાંક 'નમનાર' હોવા છતાં સંયમ જીવનને દૂષિત કરે છે. કેટલાંક***

***પરીષહોથી ડરી અસંયમિત જીવન માટે સંયમ છોડે છે. તેમની દીક્ષા કુદીક્ષા છે. કેમકે તે સાધારણજન દ્વારા પણ તે નિંદિત થાય છે. પુનઃ પુનઃ જન્મ ધારણ કરે છે. નીચો હોવા છતાં પોતાને વિદ્વાન માને છે, “જે છું તે હું જ છું” તેવો ગર્વ કરે છે. મધ્યસ્થ સાધકને કઠોર વચન કહે છે. તેમના પૂર્વ જીવનનું કથન કરે છે કે જૂઠા આરોપથી નિંદા કરે છે. બુદ્ધિમાન ધર્મને સારી રીતે જાણે.***

**• વિવેચન :-**

તે જ્ઞાનાદિ ભાવવિનય સિવાય માત્ર શ્રુતજ્ઞાનાર્થે આચાર્યાદિને દ્રવ્યથી નમે છે. તેમાંના કેટલાંક, કર્મના ઉદયથી સંયમ જીવનને વિરાધે છે. ઉત્તમ ચારિત્રથી આત્માને દૂર રાખે છે. વળી બીજું શું તે કહે છે—

અસ્થિર મતિવાળા, ત્રણ ગૌરવમાં આસક્ત, પરીષહોથી સ્પર્શાતા તેઓ સંયમ કે સાધુવેશથી દૂર થાય છે - શા માટે ? અસંયમી જીવિતના નિમિત્તથી. અમે સુખેથી જીવીશું એમ વિચારી સાવધ અનુષ્ઠાન કરી સંયમથી દૂર થાય છે તેવા કુસાધુ ઘર છોડવા છતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, મૂળ-ઉત્તર ગુણમાં ઉપઘાત થતાં કુદીક્ષિત થાય છે. અસમ્યગ્ અનુષ્ઠાન થકી દીક્ષા છોડનાર સામાન્યજનથી પણ નિંદાય છે. વળી તેઓ વારંવાર નવા જન્મો ધારણ કરે છે. તેઓ કેવા છે ?

અસંયમ સ્થાનમાં રહેલા કે અવિદ્યાથી કુમાર્ગે વર્તતા છતાં પોતે પોતાને વિદ્વાન્ માનતા લઘુતાથી આત્માને ગર્વ કરાવે છે - આત્મશ્લાઘા કરે છે. થોડું ભણેલ છતાં માનથી ઉન્નત બની રસ-સાતા ગૌરવથી માને કે હું બહુશ્રુત છું, આચાર્ય જે જાણે છે, તે મેં અલ્પકાળમાં જાણી લીધું છે. એમ માની અહંકારી બને. તદુપરાંત ઉત્તમ સાધુને નિંદે છે.

રાગદ્વેષરહિત મધ્યસ્થ સાધુ બહુશ્રુત હોવાથી શાંત હોય છે. સ્ખલિત સાધુને સમજાવે ત્યારે તે કઠોર શબ્દ કહે છે, તમે તો પહેલાં કૃત્ય-અકૃત્યને જાણો પછી અમને કહેજો. - x - x - તે કુસાધુ ગુરુને જેમ તેમ બોલે, અપમાન કરે, તિરસ્કારે [તો પણ મધ્યસ્થ સાધુ શાંત રહે]. - x - મેધાવી સાધુ શ્રુત ચારિત્ર ધર્મને સારી રીતે જાણે.

જે અસભ્યવાદમાં બાળ સાધુ વર્તતો હોય તેને શું કરવું ? કહે છે—

**• સૂત્ર-૨૦૫ :-**

***[પતિત સંયમીને સાચો સંયમી આ પ્રમાણે ઉપદેશ આપે કે] તું અધર્મનો અર્થી છે, અજ્ઞ છે, આરંભાર્થી છે. “પ્રાણીને મારો” એવો ઉપદેશ આપે છે, હિંસાની અનુમોદના કરે છે. જ્ઞાનીઓએ ઘોર ધર્મની પ્રરૂપણા કરી છે, પણ તું તેની આજ્ઞાની ઉપેક્ષા કરી રહ્યો છે. આવા સાધુ કામભોગમાં મૂર્છિત અને હિંસામાં તત્પર કહેવાય છે. તેમ હું કહું છું.***

**• વિવેચન :-**

અર્થ જેને હોય તે અર્થી. અધર્મનો અર્થી, તેને શિક્ષા અપાય છે. તે અધર્માર્થી કેમ છે ? કેમકે તે અજ્ઞાન છે. કેમ અજ્ઞાન છે ? કારણ કે તે સાવધ આરંભમાં વર્તે છે. પ્રાણીને દુઃખ દેવારૂપ વાદોને બોલતો તે કહે છે, “જીવોને હણો”. બીજા



પાસે હણાવો. હણતાને અનુમોદો. રસાદિ ગૌરવમાં રક્ત, રાંધવા-રંધાવાની ક્રિયામાં પ્રવર્તેલ ગૃહસ્થી પાસે તેમના ભોજનનો ઇચ્છુક બની આ પ્રમાણે કહે છે—

આમાં શું દોષ છે ? શરીર વિના ધર્મ ન થાય. તેથી ધર્મના આધારરૂપ શરીર યત્નાથી પાળવું જોઈએ. કહ્યું છે કે, “ધર્મથી યુક્ત શરીર પ્રયત્નથી બચાવવું, કેમકે બીજ હોય તો અંકુરો થાય.” ત્યારે [આચાર્ય તેને કહે છે-] તું શા માટે આવું બોલે છે ? સાંભળ ! ધર્મ ઘોર છે. સર્વ આશ્રવ નિરોધથી દુરનુચર છે. એવું તીર્થંકરાદિએ કહેલું છે. તું તેવા અધ્યવસાયવાળો બન. તેવા ઉત્તમ અનુષ્ઠાનને અવગણીને તીર્થંકર આદિની આજ્ઞા બહાર સ્વેચ્છાએ વર્તે છે ?

ઉક્ત અધર્માર્થી, અજ્ઞ, આરંભનો અર્થી બની પ્રાણીનો ઘાત કરે, કરાવે, કરનારને અનુમોદીને ધર્મની અવગણના કરનારો; કામભોગ વાંછક, વિવિધ હિંસા કરનારો અથવા સંયમમાં પ્રતિકૂળ છે. એવું સ્વરૂપ તીર્થંકરે કહેલું છે તે હું કહું છું.

તું મેધાવી બની ધર્મને જાણ. આગળ પણ કહું છું કે—

**• સૂત્ર-૨૦૬ :-**

***[કેટલાક સાધક વિચારે છે-] આ સ્વજનોનું હું શું કરીશ ? [મારે શા કામના છે ?] એવું માનતા અને કહેતા કેટલાંક લોકો માતા, પિતા, જ્ઞાતિજન અને પરિગ્રહનો ત્યાગ કરી વીર વૃત્તિથી સમુત્થિત થઈ દીક્ષા લે છે, અહિંસક, સુવ્રતી, દાંત બને છે. છતાં [પાપના ઉદયથી સંયમથી] પતિત થઈ દીન બને છે, તે વિષયોથી પીડિત કાયર મનુષ્ય વ્રતોનો નાશક બને છે. તે તું જો. તેમાંના કેટલાકની શ્લાઘારૂપ કીર્તિ પાપરૂપ થાય છે. લોકો કહે છે જુઓ આ શ્રમણ વિભ્રાન્ત [ભગ્ન શ્રમણ] છે.***

***વળી જુઓ કેટલાંક સાધુ ઉત્કૃષ્ટ આચારવાળા મધ્યે શિથિલાચારી, વિનયવાન્ મધ્યે અવિનયી, વિરત મધ્યે અવિરત, પવિત્ર મધ્યે અપવિત્ર બને છે. આ સર્વે જાણીને પંડિત, બુદ્ધિમાન્, નિષ્ઠિતાર્થ, વીર મુનિ સદા, આગમાનુસાર પરાક્રમ કરે. એમ હું કહું છું.***

**• વિવેચન :-**

કેટલાક તત્ત્વ સમજેલા, વીર માફક વર્તતા, સમ્યગ્ ઉત્થાન વડે ઉત્થિત થઈને ફરી પ્રાણિની હિંસા કરનારા થાય છે. કઈ રીતે ઉત્થિત ?

તે વિચારે છે - પરમાર્થથી અનર્થરૂપ, સ્વાર્થી એવા આ માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિથી મારે શું પ્રયોજન ? તે મારા કોઈપણ કાર્યમાં કે રોગ દૂર કરવામાં સમર્થ નથી. તેના વડે હું શું કરીશ ? એમ જાણીને દીક્ષા લે. અથવા કોઈએ કહ્યું કે, રેતીના કોળીઆ ખાવા સમાન દીક્ષા વડે તું શું કરીશ ? પૂર્વના ભાગ્યે મળેલ ભોજનાદિ ભોગવ. એમ કહેતા વૈરાગ્ય પામેલો તે બોલે કે, હું આ ભોજનાદિથી શું કરીશ ? સંસારમાં ભમતા મેં અનેકવાર ભોગવ્યું તો પણ તૃપ્તિ ન થઈ, તો આ જન્મે શું થશે ?

આ પ્રમાણે વિચારતા સંસાર સ્વભાવ જાણેલા કેટલાંક દીક્ષા લેવા તત્પર થઈને

મા, બાપ, જ્ઞાતિજન, ધન-ધાન્યાદિ પરિગ્રહને છોડવામાં વીર માફક આચરણ કરનારા બનીને સમ્યક્ સંયમાનુષ્ઠાનમાં તત્પર થઈને હિંસા ત્યાગી, શોભન વ્રત ધારણ કરી, ઇન્દ્રિયો દમીને એ રીતે સમુત્થિત થયા હોય છે. નાગાર્જુનીયા પણ કહે છે, અમે અણગાર, અકિંચન, અપુત્ર, અપ્રસૂત, અહિંસક, સુવ્રતી, દાંત, પરદત્તભોજી એવા શ્રમણ થઈશું. પાપકર્મ કરીશું નહીં. એમ જાણીને દીક્ષા લે છે.

આ પ્રમાણએ દીક્ષા લઈને પછી શીયાળપણે વિચરનારા બની તજેલ ભોગોને - x - પાછા ગ્રહણ કરી પતિત થયેલાને તું જો. તેઓ કેમ દીન થાય છે તે કહે છે, ઇન્દ્રિય વિષય, કસાયથી પરવશ થયેલા તે કર્મનો બંધ કરે છે. તે કહે છે, શ્રોત્રેન્દ્રિય વશ જીવ કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? હે ગૌતમ ! આયુને છોડીને સાત. - x - ભગવન્ ! ક્રોધને વશ થઈને કેટલી ? સાત. આ પ્રમાણે માન આદિમાં પણ સમજવું. વળી તેઓ પરીષહ ઉપસર્ગ આવતા કે વિષયલોલુપ થઈ કાતર [બીકણ] બને છે.

તેઓ કોણ છે ? અને શું કરે છે ? તેઓ ભગ્ન બનીને વ્રતોના વિધ્વંસક બને છે. આવું ૧૮,૦૦૦ શીલાંગને કોણ ધારી શકે ? એમ વિચારી દ્રવ્ય કે ભાવ લિંગ તજીને જીવોના વિરાધક બને છે તે લિંગ તજેલાનું પછી શું થાય ? તે કહે છે, કેટલાંક વ્રત લઈને ભાંગે છે - x - તેમને અંતર્મુહૂર્તમાં પણ મરણ આવે છે. કેટલાકની પાપરૂપ નિંદા થાય છે. સ્વ કે પરપક્ષમાં તેની ઘણી અપકીર્તિ થાય છે. જેમકે—

જુઓ, આ મસાણીયો ભોગાભિલાષી દીક્ષા લઈને મૂકી દીધેલ, તેનો વિશ્વાસ ન કરવો. - x - કહ્યું છે કે, "પરલોક વિરુદ્ધ આચરનારને દૂરથી તજવો. જે આત્માને સ્થિર ન રાખે તે બીજાનું શું હિત કરે ?"

અથવા સૂત્ર વડે તેની અશ્લાઘા બતાવે છે - તેઓ સાધુ બનીને વિવિધ રીતે ભમતો સાધુપણાથી ભ્રષ્ટ થયેલો છે. વીપ્સા વડે અત્યંત જુગુપ્સા બતાવે છે. વળી હે શિષ્યો ! તમે કર્મનું સામર્થ્ય જુઓ. કેટલાંક અભાગીયા ઉત્તમ સાધુ સાથે રહેવા છતાં શિથિલ વિહારી બને છે. સંયમાનુષ્ઠાન વડે વિનયી બનેલા સાથે રહીને નિર્ઘૃણતાથી સાવધ અનુષ્ઠાયી બને છે. વિરત મધ્યે અવિરત, દ્રવ્યભૂત મધ્યે અદ્રવ્યભૂત થઈ, પાપ કલંકવાળા થવાથી ઉત્તમ સાધુ સાથે વસવા છતાં સુધરતા નથી. આવા શિથિલ સાધુને જાણીને શું કરવું ?

હે સાધુ ! તું જ્ઞાત જ્ઞેય છે, મર્યાદામાં રહેલ છે, વિષયસુખ તૃષ્ણારહિત છે, તું કર્મ વિદારણ સમર્થ થઈને સર્વજ્ઞ પ્રણીત ઉપદેશ મુજબ સર્વદા સંયમમાં પરાક્રમ કર. તેમ હું કહું છું.

**અધ્યયન-૬ 'ધુત' ઉદ્દેશો-૪ "ગૌરવત્રિક વિધૂનન"નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૫ "ઉપસર્ગ સન્માન વિધૂનન" 卐

૦ ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૫-માં કર્મ દૂર કરવા ત્રણ ગૌરવ છોડવાનું બતાવ્યું. તે કર્મ વિધૂનન ઉપસર્ગ વિધૂનન વિના સંપૂર્ણ ન બને. તથા સત્કાર પુરસ્કારરૂપ સન્માન વિધૂનન વિના ગૌરવત્રિક વિધૂનન સંપૂર્ણતા ન પામે. એથી ઉપસર્ગ સન્માનને વિધૂનન કરવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે તે અસ્ખલિતાદિ ગુણ વડે ઉચ્ચારવું—

● **સૂત્ર-૨૦૭ :-**

***તે શ્રમણ ઘરોમાં, ગૃહાંતરોમાં, ગામોમાં, ગ્રામાંતરોમાં, નગરોમાં, નગરાંતરોમાં, જનપદોમાં, જનપદાંતરોમાં, ગામ-નગરાંતરોમાં, ગામ-જનપદાંતરોમાં અથવા નગર-જનપદાંતરોમાં [વિચરતા કે કાયોત્સર્ગ સ્થિત મુનિને જોઈને] કેટલાક લોકો લૂસક [હિંસક] બની જાય છે. તેઓ ઉપસર્ગ કરે છે. ત્યારે તેનો સ્પર્શ થવા છતાં ધીર મુનિ તેને સમભાવે સહન કરે. તે સમદૃષ્ટિ હોય. આગમ જ્ઞાતા મુનિ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશામાં સ્થિત જીવોને અનુકંપા બુદ્ધિએ ધર્મોપદેશ આપે.***

***ધર્મના ભેદ-પ્રભેદોને સમજાવે અને ધર્મનો મહિમા બતાવે. તે મુનિ ધર્મશ્રવણની ઇચ્છાવાળા કે સેવાશુશ્રૂષા કરનાર મુનિઓ ગૃહસ્થોને શાંતિ, વિરતિ, ઉપશમ, નિર્વાણ, શૌચ, આર્જવતા, માર્દવતા, લાઘવતાનો યથાર્થ બોધ આપે છે. તે ભિક્ષુ સર્વ પ્રાણી, સર્વ ભૂત, સર્વ સત્વ, સર્વ જીવોને ધર્મનું વ્યાખ્યાન કરે.***

● **વિવેચન :-**

તે પંડિત, મેધાવી, નિષ્ઠિતાર્થ, વીર સાધુ સદા સર્વજ્ઞપ્રણિત ઉપદેશ મુજબ વર્તનારો ત્રણ ગારવથી અપ્રતિબદ્ધ, નિર્મમ, નિષ્કિંચન, આશારહિત, એકાકી વિહારથી ગામ ગામ વિચરતો ક્ષુદ્ર-તિર્યંચ, મનુષ્ય, દેવે કરેલા ઉપસર્ગ પરિષહોથી દુઃખ સ્પર્શોને નિર્જરાર્થી બનીને સમ્યક્ રીતે સહન કરે.

કયા સ્થાને તેને પરીષહો ઉપસર્ગો થાય તે કહે છે, આહારાદિ અર્થે ઉંચ-નીચ ઘરોમાં જતા કે ઘરોની વચ્ચે જતા, ગામ કે ગામાંતરમાં, નગર કે તેના મધ્યે, લોકોને રહેવાના જનપદને અવંતિ આદિ સાધુને વિચરણ યોગ્ય સાડા પચીશ દેશો કે તેના મધ્યે અથવા ગામ-નગરના મધ્યમાં કે ગામ-જનપદના મધ્યમાં કે નગર-જનપદના મધ્યમાં અથવા ઉધાન કે ઉધાનના મધ્યમાં વિચરતા કે જતા-આવતાં અથવા તે ભિક્ષુને ગામ આદિમાં કાયોત્સર્ગ આદિ કરતા કેટલાક મલિનતવાળા હિંસક લોકો તે સાધુને દુઃખ દે છે.

સાધુને નારકી દુઃખ દેવા અશક્ત છે, તિર્યંચ અને દેવોના ઉપસર્ગ કોઈ વાર જ થાય, તેથી મનુષ્યો દ્વારા ઉપસર્ગ થાય તેમ કહ્યું. અથવા જેઓ જન્મે તે જન.

જન શબ્દથી તિર્યંચ, મનુષ્ય, દેવ લીધાં. તે જનો અનુકૂળ, પ્રતિકૂળ કે બંનેમાંનો કોઈ ઉપસર્ગ કરે છે. તેમાં દેવકૃત્ ઉપસર્ગ ચાર પ્રકારે છે - હાસ્યથી, દ્વેષથી, વિમર્શથી અને પૃથક્ વિમાત્રથી. તેમાં કેલીપ્રિય કોઈ વ્યંતર હાસ્યથી વિવિધ ઉપસર્ગો કરે. - x - x - x - દ્વેષથી - જેમકે ભગવંત મહાવીરને - x - વ્યંતરીએ શીત ઉપસર્ગ કર્યો. વિમર્શથી - આ સાધુ ધર્મમાં દૃઢ છે કે નહીં ? તે જોવા - x - ઉપસર્ગો કરે. જેમ કોઈ વ્યંતરીએ સ્ત્રીવેશ ધારણ કરી સાધુને અનુકૂળ ઉપસર્ગથી ચલાયમાન કરવા ધાર્યું. સાધુ નિશ્ચલ રહેતા ભક્તિથી વાંદ્યા, પૃથક્ વિમાત્રા એટલે ઉક્ત ત્રણે કે ત્રણમાંથી કોઈ એક પ્રકારે ઉપસર્ગ કરે. જેમ સંગમે ભગવંત મહાવીરને કર્યા. - x -

મનુષ્ય પણ સાધુને હાસ્ય, દ્વેષ, વિમર્શ અને કુશીલ પ્રતિસેવના એ ચાર ભેદે ઉપસર્ગ કરે. તેમાં હાસ્યથી દેવસેના ગણિકાએ બાળસાધુને ઉપસર્ગ કર્યો. - x - દ્વેષથી સોમભૂતિ સસરાએ ગજસુકુમાલને ઉપસર્ગ કર્યો. વિમર્શથી - ચાણક્યમંત્રીની પ્રેરણાથી ચંદ્રગુપ્તે ધર્મ પરીક્ષાર્થે સાધુને ઉપસર્ગ કરાવેલો - x - કુશીલના પ્રતિસેવન માટે ઉપસર્ગ કરે - કોઈ સાધુ કોઈ શેઠ ઘેર ન હતા ત્યાં રાત રોકાયા ત્યારે સ્ત્રીઓએ ઉપસર્ગ કર્યા.

તિર્યંચ પણ ભય, દ્વેષ, આહાર તથા બચ્ચાના રક્ષણ માટે ઉપસર્ગ કરે તે ચાર પ્રકારે છે, ભય-સાપ વગેરે ચમકીને કરડે, દ્વેષથી ચંડકૌશિકે ભગવંત મહાવીરને ઉપસર્ગ કર્યો. આહાર માટે સિંહ, વાઘ ઉપસર્ગ કરે, બચ્ચાના સંરક્ષણ માટે કાકી વગેરે પીડે.

આ પ્રમાણે ઉપસર્ગથી જનો દુઃખ દેનારા થાય છે. અથવા તે તે ગામ વગેરે સ્થાનમાં જતાં કે રહેતા આત્માને પીડનારા દુઃખો થાય છે તે ચાર પ્રકારે છે — (૧) આંખમાં કણુ વગેરે પડતા ઘટ્ટનતા, (૨) ભ્રમરી કે મૂર્છાદિ વડે પતનતા, (૩) વાયુ આદિથી સ્તંભનતા, (૪) તાળવામાં આંગળી આદિ નાંખવાથી થતી શ્લેષણતા અથવા વાત્ત, પિત્ત, કફ આદિના ક્ષોભથી કટુ સ્પર્શો થાય અથવા નિષ્કિંચનપણાથી તૃણસ્પર્શ, ડાંસ, મચ્છર, શીત-ઉષ્ણાદિ પીડા કોઈ વખત થાય.

તેવા કોઈપણ દુઃખ સ્પર્શો આવે ત્યારે ધીર બનીને સહન કરે. ચિંતવે કે, નારકી વગેરેમાં કર્મોના ઉદયથી પછી પણ ભોગવવાના રહેશે. માટે હમણાં જ ભોગવવા ઠીક છે માનીને સહન કરે અથવા ઉક્ત સાધુ પરીષહો સહીને પોતાનો રક્ષક બને અને ઉપદેશ વડે બીજાનું પણ રક્ષણ કરે. તે બતાવે છે. ઓજઃ એકલો રાગાદિથી રહિત સારી રીતે દર્શન પામેલો તે સમિત દર્શન કે સમ્યગ્ દૃષ્ટિ છે. અથવા શમિત એટલે ઉપશમ પામેલ, દર્શન એટલે દૃષ્ટિ કે જ્ઞાન અર્થાત્ ઉપશાંત અધ્યવસાયવાળો.

અથવા સમતાને પામેલ દર્શનવાળો કે સમદૃષ્ટિ. આવા ગુણવાન્ સાધુ પરીષહોને સહે. અથવા ધર્મને કહે. - x - તે આ રીતે - જીવ માત્ર ઉપર દ્રવ્યથી દયા જાણીને, ક્ષેત્રથી પૂર્વ આદિ બધી દિશાને જોઈને સર્વત્ર દયા કરતો તે સાધુ ધર્મ કહે. કાળથી



જીવનપર્યન્ત, ભાવથી રાગદ્વેષ રહિતપણે ધર્મ કહે - કેવી રીતે કહે ? —

બધા જીવો દુઃખના દ્વેષી અને સુખના ચાહનારા છે, તેમને આત્મવત્ માનવા. કહ્યું છે, જે પોતાને ગમતું નથી તેવા બીજા માટે ન કરવું. એ જ સારરૂપ ધર્મ છે. તે કામનાથી જુદો પ્રવર્તે છે ઇત્યાદિ. તે પ્રમાણે ધર્મ કહેતા પોતે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદો વડે અથવા આક્ષેપણી આદિ કથા વડે પોતે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજનથી દૂર રહી ધર્મ પાળે અથવા આ પુરુષ કોણ છે ?, કયા દેવને માને છે ?, તેનો અભિપ્રાય આદિ વિચારીને વ્રત અનુષ્ઠાનનું ફળ કહે—

આવો ધર્મ કોણ કહે ? આગમ જ્ઞાતા કહે. નાગાર્જુનીયા પણ કહે છે, જે સાધુ નિશ્ચયે બહુશ્રુત, આગમ જ્ઞાતા, હેતુ બતાવવામાં કુશળ, ધર્મકથા લબ્ધિસંપન્ન, ક્ષેત્ર, કાળ, પુરુષને વિચારી આ પુરુષ કોણ છે ? કયા દર્શનને માને છે ? એ પ્રમાણે ગુણ-જાતિએ યુક્ત હોય તે જ ધર્મ કહેવાને સમર્થ છે.

— તે કેવા નિમિત્તોમાં ધર્મ કહે ?

તે આગમજ્ઞાતા સ્વસમય-પરસમયજ્ઞ ભાવથી ઉઠેલા યતિને ધર્મ કહે. 'વા' એટલે પાર્શ્વનાથ શિષ્યોમાં ચાર યામ ધર્મ પાળતા હોય. તેને અને ભગવંત મહાવીરના ગણધરો પંચમહાવ્રત ધર્મને બતાવે છે. અથવા સદા ઉત્થિત એવા પોતાના શિષ્યોને નવું તત્ત્વ જણાવવા ધર્મ કહે. અથવા ધર્મ શ્રવણની ઇચ્છાવાળા, ગુરુ સેવા કરનાર શ્રાવકોને સંસાર પાર ઉતારવા ધર્મ કહે છે — કેવો ધર્મ કહે છે ? —

શમન એટલે શાંતિ - અહિંસા રૂપ ધર્મને કહે તથા વિરતિને કહે. એ રીતે પાંચે મહાવ્રતોને સમજાવે. તથા ક્રોધજયથી ઉપશમ દ્વારા ઉત્તરગુણને કહે તથા નિર્વાણ-મોક્ષનું સ્વરૂપ કહે છે. મૂલગુણ-ઉત્તરગુણ વડે આ ભવ-પરભવનું સુખ અને છેવટે મોક્ષ મળે છે. 'શૌચ' એટલે ઉપાધિરહિત પવિત્ર વ્રત ધારવું. 'આર્જવ' માયારૂપ વક્રતાનો ત્યાગ. 'માર્દવ' માન, અહંકારનો ત્યાગ. લાઘવ એટલે બાહ્ય-અભ્યંતર ગ્રંથનો ત્યાગ. તે કેવી રીતે કહે, તે બતાવે છે—

યથાવસ્થિત વસ્તુ જેમ આગમમાં કહી હોય તેમ ઉલ્લંઘ્યા વિના કહે. કોને કહે ? — દશ પ્રકારના પ્રાણને ધારનારા તે 'પ્રાણી' - સામાન્યથી સંજ્ઞી પંચેન્દ્રિય. મુક્તિગમન યોગ્ય જે ભવ્યપણે રહેલા છે 'ભૂત', સંયમ જીવિત વડે જીવે તે 'જીવ' અને સંસારમાં દુઃખ પામતા રહેતા એવા તિર્યંચ, નર, દેવ તે 'સત્વ'. - x - તે બધાંને ધર્મ કહે છે અથવા પ્રાણી, ભૂત, જીવ, સત્વ એ એકાર્થક શબ્દ છે. તેમને ક્ષાંતિ આદિ દશવિધ ધર્મ - x - કહે છે. - x - તે ધર્મકથા લબ્ધિવાન્ હોય તે કહે છે. હવે ધર્મ જે રીતે કહે છે, તે બતાવે છે—

● **સૂત્ર-૨૦૮ :-**

***વિચાર કરી ધર્મ કહેનાર મુનિ પોતાના આત્માની આશાતના ન કરે, બીજાની આશાતના ન કરે કે અન્ય પ્રાણ, ભૂત, જીવ, સત્વની આશાતના ન કરે. આ રીતે સ્વયં આશાતના ન કરતા કે બીજા પાસે ન કરાવતા તે મુનિ વધ્યમાન પ્રાણી, ભૂત, જીવ, સત્વને માટે અસંદીનદ્વીપની માફક શરણભૂત થાય***

***છે - એ પ્રમાણે તે સંયમમાં ઉત્થિત, સ્થિતાત્મા, અસ્નેહ, અચલ, [વિહાર ચર્યા કરનાર] ચલ, અબહિર્લેશ્ય પરિવ્રજન કરે.***

***જે મુનિ આ પવિત્રધર્મને જાણીને સદનુષ્ઠાન આચરે છે, તે મુક્તિ પામે છે. તે માટે આસક્તિના વિપાકને જુઓ. પરિગ્રહમાં ગૃદ્ધ બનેલ મનુષ્યો કામોથી આક્રાન્ત થાય છે. માટે સંયમથી ગભરાવું ન જોઈએ. જે વિવેકહીન તથા હિંસકવૃત્તિવાળા પાપ કર્મોને કરતાં ભયભીત થતા નથી, જ્ઞાનીજન તે આરંભોનો સર્વથા ત્યાગ કરે. તે ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરીને કર્મબંધનથી મુક્ત થાય છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તે ભિક્ષુ મુમુક્ષુ ધર્મનો પૂર્વાપર વિચાર કરીને કે સાંભળનાર પુરુષની પૂર્વાપર સ્થિતિ વિચારી, જેને જેવું કથન યોગ્ય હોય તેને તેવો ધર્મ કહે. મર્યાદા વડે સમ્યગ્ દર્શનાદિ અનુષ્ઠાન વિરુદ્ધ વર્તી આશાતના વડે આત્માને દોષિત ન કરે. અર્થાત્ આશાતના ન થાય તેમ ધર્મ કહે. અથવા આત્માની આશાતના બે પ્રકારે છે - દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી - આહાર, ઉપકરણ વગેરે દ્રવ્યની કાલસંબંધી આશાતના ન થાય તેમ કહે. આહારાદિ દ્રવ્ય આશાતનાથી પોતાના શરીરને પીડા થતા ભાવમલિનતાથી ભાવાશાતના થાય. અથવા કહેતા ગાત્ર-ભંગરૂપ ભાવ આશાતના ન થાય તેમ કહે.

સાંભળનારની નિંદા ન કરે. જેથી તે નિંદા વડે ક્રોધિત થઈ આહાર, ઉપકરણ કે શરીર પીડા કરવા પ્રવૃત્ત ન થાય. તેથી સાંભળનારની આશાતના વર્જીને ધર્મ કહે. અથવા અન્ય પ્રાણી, ભૂત, જીવ, સત્વોને બાધા ન કરે. તે મુનિ પોતાનો અનાશાતક છે, બીજાની આશાતનો કરતો નથી, તથા બીજા આશાતના કરનારની અનુમોદના કરતો નથી. વધ્યમાન પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્વોને પીડા ઉત્પન્ન ન થાય તેમ ધર્મ કહે.

જેમકે - કોઈ લૌકિક, કુપ્રાવચનિક, પાસત્થા વગેરેને દાન આપવાની પ્રશંસા કરે, કુવા-તળાવ બનાવવાની પ્રશંસા કરે તો પૃથ્વીકાય આદિને દુઃખ થાય તો સાધુને દોષ લાગે. નિંદા કરે તો અંતરાય થતા કર્મબંધનથી વિપાક ભોગવવો પડે. કહ્યું છે કે, દાન પ્રશંસાથી પ્રાણિ વધનો દોષ લાગે. દાનની નિંદા કરે તો દાન લેનારની વૃત્તિનો છેદ કરે છે. તેથી તે દાન તથા કુવા આદિ સંબંધે વિધિ-નિષેધ ન કરતાં યથાવસ્થિત શુદ્ધ દાન પ્રરૂપે.

આ પ્રમાણે બોલતો સાધુ ઉભયદોષ ત્યાગી જીવોને આશ્વાસ્ય થાય. આ બાબત દૃષ્ટાંતથી કહે છે, અસંદીનદ્વીપ માફક આ મુનિ જીવને રક્ષણનો ઉપાય બતાવે તેથી વધ્યમાન અને વધકને પાપવિચારથી બચાવી વિશિષ્ટ ગુણસ્થાન મેળવવાથી શરણ લેવા યોગ્ય થાય છે. તે ધર્મકથા કથન દ્વારા કેટલાંકને દીક્ષા અપાવે છે, કેટલાંકને શ્રાવક બનાવે છે, કેટલાંકને સમ્યગ્દર્શનવાળા કરે છે, કેટલાકને ભદ્રક પરિણામી બનાવે છે.

પ્રશ્ન - કેવા ગુણવાળો સાધુ દ્વીપ માફક શરણ યોગ્ય થાય છે ?



ઉત્તર - હવે પછી કહેવાતા ભાવ ઉત્થાન વડે સંયમાનુષ્ઠાન કરતો ઉત્થિત થયેલ તથા જ્ઞાનાદિ મોક્ષ માર્ગે સ્થિત હોય, સ્નેહરહિત હોય, રાગદ્વેષ રહિતતાથી અપ્રતિબદ્ધ હોય, પરિષહ-ઉપસર્ગમાં ચલિત ન થાય, અનિયત વિહારી હોય, સંયમથી જેની લેશ્યા બહાર ન હોય એવો મુનિ બધી રીતે સંયમ અનુષ્ઠાનમાં વર્તે, ક્યાંય આસક્ત ન થાય.

પ્રશ્ન - શા માટે તે સંયમ અનુષ્ઠાનમાં વર્તે ? - તે શોભન ધર્મને વિચારી અવિપરીત દર્શનવાળો થાય કે સદનુષ્ઠાન દૃષ્ટિમાન બને. તે કષાયના ક્ષય કે ઉપશમથી પરિનિવૃત્ત છે, તેવા ગુણવાળો ન હોય તે મિથ્યાદૃષ્ટિ, પેશલ ધર્મને પામતો નથી, તે બતાવે છે–

મિથ્યાદૃષ્ટિવાળો સંગને કારણે મોક્ષમાં ન જાય તેથી તેના માતા, પિતા આદિ જનિત કે ધન ધાન્યાદિ જનિત સંગ વિપાકને તમે જુઓ. વિવેકથી હૃદયમાં અવધારો. સૂત્રમાં કહે છે, તે સંગવાળા મનુષ્ય બાહ્ય અભ્યંતર ગ્રંથથી ગુંથાયેલા, ગ્રંથના સંગથી વિષાદ પામેલા છતાં ઇચ્છા, મદન કામથી આક્રાંત બનેલા મોક્ષમાં જતા નથી.

જો એમ છે તો શું કરવું ? - જે કામથી આસક્ત ચિત્ત થઈને સગાં તથા ધન-ધાન્યાદિમાં મૂર્છિત, કામસંબંધી શરીર-મનના દુઃખોથી પીડાય છે. તેનાથી હે શિષ્ય ! તું સંયમથી ત્રાસ ન પામીશ. સંયમાનુષ્ઠાનથી કંટાળતો નહીં, કેમકે સંયમદુઃખ કરતા અતિ દુઃખ સંસારસંગીને છે.

કયા સાધુને સંયમથી ન ડરવાનો સંભવ છે ? - જે મહામુનિએ સંસાર અને મોક્ષના કારણો જાણ્યા છે, તેને આ સંગરૂપ આરંભો એક સમાનપણે બધા માણસે આચરેલ છે - x - તે આરંભો સર્વે પ્રકારે જાણીતા છે. આ આરંભો કેવા છે ? જેમાં ગ્રંથ ગ્રથિત, વિષાદી, કામ આક્રાંત લોકો હિંસક બની અજ્ઞાન-મોહના ઉદયથી પાપ કરતા ડરતા નથી. પણ ઉક્ત આરંભોને જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગે છે, તેણે જ આરંભોના સુપરિજ્ઞાતા જાણવા. આરંભ પરિજ્ઞાતા બીજું શું કરે ?

તે મહામુનિ - x - ક્રોધાદિ ત્યાગી - x - x - x - મોહનીય કર્મને તોડે. મોહનીય જતાં સંસાર સંતતિથી છૂટે છે. એમ તીર્થંકરે કહેલ છે. એમ સુધર્માસ્વામી કહે છે. અથવા હવે પછી જે કહે છે તે બતાવે છે–

**● સૂત્ર-૨૦૯ :-**

***દેહનાશના ભય પર વિજય પ્રાપ્ત કરવો એ સંગ્રામ શીર્ષ કહેવાય છે. તે જ મુનિ સંસાર પારગામી છે. તે કષ્ટોથી પીડિત થવા છતાં લાકડાના પાટિયાની જેમ અચલ રહે છે. મૃત્યુકાળ આવવા પર જ્યાં સુધી જીવ અને શરીર ભિન્ન ભિન્ન ન થાય ત્યાં સુધી મરણકાળની પ્રતીક્ષા કરે. એમ હું કહું છું.***

**● વિવેચન :-**

ઔદારિક આદિ ત્રણ શરીર કે ઘાતિકર્મનો વિનાશ અથવા કાયાને આયુષ્યના ક્ષય સુધી ઘાત કરનારો બને તે મુનિ સંગ્રામશીર્ષરૂપે વર્ણવેલ છે. જેમ સંગ્રામને મોખરે શત્રુના સૈન્ય સામે તીક્ષ્ણ તલવારની પ્રભાથી ઉગતા સુરજની માફક કે

વિજળીના ચમકારા માફક દેખાવ કરી જોનારની આંખોમાં ચમત્કાર કરાવનાર અને પોતાનું કાર્ય કરવા છતાં પણ કોઈ વખત તે સુભટ ચિત્તનો વિકાર કરે છે. તે જ પ્રમાણે મરણકાળ આવે ત્યારે સ્થિર મનવાળો હોય તો પણ કોઈ વખત સંજોગાધીન તેનો ભાવ બગડે પણ ખરો. તેથી જે મરણકાળે પણ મોહ ન પામે તે જ મુનિ સંસાર પારગામી અથવા કર્મનો કે લીધેલ ભારનો પર્યંતયાયી છે.

વળી વિવિધ પરીષહ ઉપસર્ગો વડે હણાયેલો છતાં ન કંટાળતા ઉંચેથી પડીને કે ગાર્ધપૃષ્ઠ કે અન્ય રીતે આપઘાત ન કરે. અથવા હણાવા છતાં બાહ્ય અભ્યંતર તપ તથા પરીષહ ઉપસર્ગ વડે ધૈર્ય રાખી પાટીયા માફક સ્થિર રહે; પણ દીનતા ન લાવે. તે જ રીતે મૃત્યુકાળથી પરવશતા પામેલો બાર વર્ષની સંલેખના વડે આત્માને દુર્બળ કરી પહાડની ગુફા વગેરેમાં નિરવધ સ્થાને પાદપોપગમન, ઇંગિત મરણ કે ભક્તપરિજ્ઞામાંનું કોઈ એક અનશન કરીને મરણકાળ-આયુષ્ય ક્ષય સુધી શરીરથી જીવ જુદો પડે ત્યાં સુધી સ્થિરતા રાખે. આ જ મૃત્યુકાળ કે શરીરનો ભેદ છે તે સિવાય જીવનો કોઈ વિનાશ નથી - તેમ હું કહું છું.

અધ્યયન-૬ ‘ધુત’ ઉદ્દેશો-૫ ‘‘ઉપસર્ગ સન્માનવિધૂનનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

**૦ અધ્યયન-૬-નો ટીકા સહિતનો અનુવાદ સમાપ્ત ૦**

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-

**卐 *અધ્યયન-૭ ‘‘મહાપરિજ્ઞા’’ હાલ ઉપલબ્ધ નથી* 卐**

-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-x-



## 卐 અધ્યયન-૮ ‘‘વિમોક્ષ’’ 卐

● **ભૂમિકા :-**

છટ્ઠું અધ્યયન કહ્યું. હવે સાતમું-આઠમું અધ્યયન આરંભે છે. હાલ ‘‘મહાપરિજ્ઞા’’ નામક સાતમા અધ્યયનનો અવસર છે. તે વિચ્છેદ જવાથી તેને ઓળંગીને આઠમા અધ્યયનનો સંબંધ કહેવો. તે આ પ્રમાણે - અધ્યયન-૬-માં પોતાના કર્મ, શરીર, ઉપકરણ, ગૌરવત્રિક, ઉપસર્ગ, સન્માન વિધૂનન વડે નિઃસંગતા બતાવી, પણ જો અંતકાળે સમ્યગ્ નિર્યાણ થાય તો જ તે સફળતા પામે તેથી સમ્યગ્ નિર્યાણ બતાવવા આ આરંભે છે–

અથવા નિઃસંગ વિહારીએ અનેક પ્રકારના પરીષહ-ઉપસર્ગ સહન કરવા. એમ પૂર્વે બતાવ્યું. તેમાં મારણાંતિક ઉપસર્ગ આવે ત્યારે અદીનમનવાળા બની સમ્યગ્ નિર્યાણ જ કરવું. તે બતાવવા આઠમું અધ્યયન છે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ઉપક્રમ આદિ ચાર અનુયોગદ્વાર છે. તેમાં ઉપક્રમ દ્વારમાં આવેલ અર્થાધિકાર બે ભેદે છે. તેમાં અધ્યયનનો અર્થ પૂર્વે કહ્યો. ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહે છે.

**[નિ.૨૫૩ થી ૨૫૭-]** પહેલા ઉદ્દેશામાં આ અર્થાધિકાર છે - અસમનુજ્ઞ-[પાસત્થા], અસમનોજ્ઞ [સ્વચ્છંદાચારી] કે ૩૬૩ અન્યવાદીઓનો ‘વિમોક્ષ’-પરિત્યાગ કરવો તથા તેમના આહાર, ઉપધિ, શય્યા, અભિપ્રાયને ત્યાગવો. પાર્શ્વસ્થા વગેરે, ચારિત્ર, તપ, વિનયમાં હીન તે અસમનોજ્ઞ અને જ્ઞાનાદિ પાંચ આચારોમાં હીન તે યથાછંદ તેવાની સંગતિ ન કરવી.

બીજા ઉદ્દેશામાં-આધાકર્માદિનો ત્યાગ કરવો અથવા કોઈ આધાકર્મી વડે નિમંત્રણ કરે તો તેને નિષેધ કરવો. નિષેધ કરતા તેને ક્રોધ ચડે તો તેને સિદ્ધાંત સમજાવવો કે આવું દાન તને કે મને ગુણકારી નથી.

ત્રીજા ઉદ્દેશામાં - ગોચરી ગયેલા સાધુને ઠંડી આદિથી અંગ ધ્રુજે ત્યારે ગૃહસ્થને શંકા થાય કે, ઇન્દ્રિયોની ઉન્મતત્તાથી કે શ્રૃંગાર ભાવાવેશથી આ સાધુ ધ્રુજે છે, આવું બોલે કે શંકા કરે, તો શંકા દૂર કરવા યથાવસ્થિત અર્થનું કથન કરવું [તેમને ઉપશાંત કરવા]

બાકીના પાંચ ઉદ્દેશામાં - ઉપકરણ તથા શરીરનો વિમોક્ષ, તે વિષય સંક્ષેપ અને વિસ્તારથી કહે છે, ચોથા ઉદ્દેશામાં વૈહાનસ [ફાંસો ખાવો], ગાર્ધ પૃષ્ઠ-ગીધ આદિથી પોતાનો નાશ કરાવવો. આ બે મરણનું વર્ણન છે.

પાંચમાં ઉદ્દેશામાં ગ્લાનતા અને ભક્તપરિજ્ઞા સમજાવી.

છઠ્ઠામાં એકત્વભાવના તથા ઇંગિત મરણને બતાવ્યું.

સાતમામાં - ભિક્ષુપ્રતિમા અને પાદપોપગમનનું વર્ણન છે.

આઠમામાં - અનુપૂર્વ વિહાર કરનારા, દીર્ઘ સંયમ પાળનારા, શાસ્ત્ર અર્થના ગ્રહણ પછીના કાળે સીદાતા, સંયમ અધ્યયન-અધ્યાપન ક્રિયા કરનાર સાધુઓ તૈયાર થયા પછી બાર વર્ષની સંલેખના દ્વારા દેહ દુર્બળ બનાવી ભક્તપરિજ્ઞા,

ઇંગિતમરણ કે પાદપોપગમન સ્વીકારે.

આ પ્રમાણે સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી તે ઉદ્દેશામાં કહેવાશે. નિક્ષેપ ત્રણ પ્રકારે છે - ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન. ઓઘમાં અધ્યયન છે, નામમાં વિમોક્ષ છે. હવે વિમોક્ષનો નિક્ષેપ કહે છે.

**[નિ.૨૫૮]** વિમોક્ષના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ નિક્ષેપા છે. એ સંક્ષેપથી કહ્યા. વિસ્તારથી કહેવા નામ અને સ્થાપના સુગમ છે, તેને છોડીને દ્રવ્યાદિ વિમોક્ષ કહે છે—

**[નિ.૨૫૯]** દ્રવ્ય વિમોક્ષના બે ભેદ - આગમથી, નોઆગમથી. આગમથી જ્ઞાતા, પણ તેમાં ઉપયોગ ન હોય. નો આગમથી જ્ઞ શરીર, ભવ્ય શરીરથી વ્યતિરિક્ત બેડીમાંથી જે છૂટકારો તે દ્રવ્ય વિમોક્ષ. અથવા બેડી વગેરે દ્રવ્યથી છૂટવું તે દ્રવ્ય વિમોક્ષ. - x - દ્રવ્ય વડે કે દ્રવ્યથી સચિત્ત, અચિત, મિશ્ર દ્રવ્યથી મોક્ષ તે દ્રવ્ય વિમોક્ષ, ઇત્યાદિ.

ક્ષેત્ર વિમોક્ષ તે જે ક્ષેત્રમાં ચારકાદિથી પકડાયો હોય તેમાંથી છૂટવું અથવા ક્ષેત્રના દાનથી કે જે ક્ષેત્રમાં મોક્ષ વર્ણન થાય તે ક્ષેત્ર વિમોક્ષ.

કાળ વિમોક્ષ - ચૈત્યમહિમાદિમાં જેટલો કાળ અમારિ ઘોષણા કરાવે અને જેટલો કાળ હિંસાદિ બંધ રહે તે અથવા મોક્ષ વર્ણન કાળ. - x -

**[નિ.૨૬૦]** ભાવ વિમોક્ષ બે પ્રકારે — (૧) આગમથી જ્ઞાતા અને તેમાં ઉપયોગવાન્. (૨) નો આગમથી બે ભેદ — દેશથી, સર્વથી. તેમાં દેશથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને અનંતાનુબંધી કષાય ક્ષયોપશમથી તથા દેશવિરતને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી, સાધુને સંજ્વલન સિવાયના કષાયના ક્ષયોપશમથી ક્ષપકશ્રેણીમાં જેને જેટલા કષાયો ક્ષીણ થાય, તેને તેટલાનો ક્ષય થવાથી દેશવિમુક્તિ છે, તેથી સાધુ દેશવિમુક્ત છે. ભવસ્થ કેવલી સાધુઓ પણ ભવોપગ્રાહીના સદ્‌ભાવથી દેશવિમુક્ત જ છે, સર્વથા વિમુક્ત તો સિદ્ધ ભગવંતો જ છે. - x - x - બંધપૂર્વક મોક્ષને હવે બતાવે છે—

**[નિ.૨૬૧]** કર્મવર્ગણા દ્રવ્ય સાથે જે જીવનો સંબંધ છે, તે પ્રકૃતિ સ્થિતિ અનુભાવ અને પ્રદેશરૂપ બદ્ધ સ્પૃષ્ટ નિધત્ત નિકાચિત રૂપ બંધ જાણવો. કેમકે આત્મપ્રદેશ અનંતાનંત કર્મ પુદ્‌ગલો વડે બદ્ધ છે અને અનંતાનંત નવા બંધાઈ રહ્યા છે. બાકીના ગ્રહણ યોગ્ય નથી.

આઠ પ્રકારના કર્મ કેવી રીતે બંધાય છે ? મિથ્યાત્વના ઉદયથી.

કહ્યું છે — પ્રશ્ન - હે ભગવન્ ! જીવો આઠ પ્રકારના કર્મો કેમ બાંધે ?

હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મ બંધાય. દર્શન મોહનીય કર્મના ઉદયથી મિથ્યાત્વ બંધાય. તેથી આઠે કર્મ જીવ નિશ્ચયથી બાંધે. અથવા સ્નેહથી લિપ્ત શરીરને જેમ રેતી ચોંટે તેમ રાગદ્વેષની ચીકાશથી જીવને કર્મો ચોંટે છે. એ આઠ પ્રકારના કર્મના આસ્રવ નિરોધથી કે તપ વડે અપૂર્વકરણ ક્ષપક શ્રેણિના અનુક્રમથી કે શૈલેશી અવસ્થામાં જે કર્મનો વિયોગ થાય છે, તે





ક્ષય જ મોક્ષ છે.

એ પ્રધાન પુરુષાર્થત્વથી પ્રારંભેલ તલવારની ધાર માફક વ્રતઅનુષ્ઠાનનું મુખ્ય ફળ હોવાથી તથા બીજા મતવાળા સાથે તેનો ભેદ હોવાથી યથાવસ્થિત અવ્યભિચારી મોક્ષનું સ્વરૂપ બતાવે છે, અથવા પૂર્વકર્મ વિયોગ ઉદ્દેશ વડે મોક્ષનું સ્વરૂપ બતાવ્યું. હવે જીવ વિયોગના ઉદ્દેશ વડે મોક્ષનું સ્વરૂપ બતાવે છે—

**[નિ.૨૬૨]** જીવ અસંખ્યપ્રદેશાત્મક છે, તેને આપમેળે જ અનંતજ્ઞાન સ્વભાવથી જ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ પરિણત થવાથી જે કર્મો બંધાય છે, તે પૂર્વબદ્ધ હોવાથી અનાદિકાળની અપેક્ષાએ ચાલુ છે, તે કર્મનો સર્વ અભાવરૂપ વિવેક કરવો. તે જીવને તેટલો જ મોક્ષ છે, પણ બીજા નિર્વાણપ્રદીપ માફક કલ્પેલો મોક્ષ નથી.

ભાવ વિમોક્ષ કહ્યો. જેને તે થાય છે, તેણે મોક્ષ માટે અવશ્ય ભક્તપરિજ્ઞાદિ ત્રણ મરણમાંથી કોઈપણ મરણ સ્વીકારવું. કાર્યમાં કારણના ઉપચારથી તે મરણ જ ભાવ વિમોક્ષ છે, તે બતાવે છે—

**[નિ.૨૬૩]** ભક્તપરિજ્ઞા એટલે ભોજનનું પ્રત્યાખ્યાન-અનશન. તે ત્રણ કે ચાર આહાર ત્યાગીને શરીરની વૈયાવચ્ચ કરવા દે. તે ધૃતિ સંઘયણવાળો જેમ પોતાને સમાધિ રહે તેમ અણસણ કરે. તથા

ઇંગિત પ્રદેશમાં મરણ તે ઇંગિતમરણ. તે ચાર આહાર નિવૃત્તિરૂપ છે. વિશિષ્ટ સંઘયણવાળા, આપ મેળે પડખું ફેરવવાદિ ક્રિયા કરે તે.

ચારે પ્રકારે આહાર ત્યાગી, બધી ચેષ્ટા છોડીને એકાંતમાં શરીરની વૈયાવચ્ચ વિના ઝાડની માફક સ્થિર રહેવું તે પાદપોપગમન જાણવું. પણ ભવસિદ્ધિક જીવ છેલ્લા અનશનને આશ્રીને મરે છે. ઉત્તમ સાધુ પૂર્વોક્ત ત્રણમાંના એક મરણે મરે, પણ વૈહાસન આદિ બાળમરણથી મરતો નથી. ત્રણે અણસણમાં થોડો ભેદ હોવાથી ભાવમોક્ષ ત્રણ પ્રકારે છે એમ તું જાણ. તે જ મરણ હવે બે ભેદે કહે છે—

**[નિ.૨૬૪]** પરાક્રમ સહિત તે સપરાક્રમ મરણ, તેથી વિપરીત તે અપરાક્રમ, જંઘાબળ ક્ષીણ થતાં ભક્તપરિજ્ઞાદિ ત્રણ ભેદે અનશન છે. ત્રણે મરણ સપરાક્રમ અપરાક્રમ બે ભેદે છે. તેમાં સિંહ, વાઘ વગેરેથી નાશ થાય તે વ્યાઘાત અને અવ્યાઘાત તે દિક્ષા લઈ સૂત્રાર્થ ગ્રહણ કરી અનુક્રમે આયુષ્ય ક્ષયને અનુભવતો જે છે તે અવ્યાઘાત.

અહીં અનુપૂર્વી શબ્દ છે, તેનો પરમાર્થ બતાવતા ઉપસંહાર કરે છે. વ્યાઘાત વડે અનુક્રમે સપરાક્રમ કે અપરાક્રમ સાધુને મરણ આવે ત્યારે સૂત્રાર્થજ્ઞ કાલજ્ઞતાથી સમાધિ મરણે મરવું. ભક્ત પરિજ્ઞાદિ ત્રણમાંના કોઈ એક મરણ સમાધિ રહે તેમ કરવું, પણ વેહાસનાદિ બાળમરણે ન મરવું.

તેમાં સપરાક્રમ મરણ દૃષ્ટાંત વડે બતાવે છે—

**[નિ.૨૬૫]** પરાક્રમ સહિત તે સપરાક્રમ, મરણનો આદેશ [દૃષ્ટાંત] આચાર્ય પરંપરામાં સંભળાતો વૃદ્ધવાદ આ પ્રમાણે છે - x - x - આર્ય વજસ્વામીનું મરણ

પાદોપગમન છે, તે સપરાક્રમ મરણ છે, તેનો ભાવાર્થ કથાથી જાણવો. તે કથા પ્રસિદ્ધ જ છે. જેમકે વજસ્વામી કાને રાખેલ સુંઠનો ગાંગડો વાપરવો ભૂલી ગયા. આ પ્રમાદથી મૃત્યુને નજીક જાણીને સપરાક્રમી બની રથાવર્ત્ત પર્વત ઉપર પાદોપગમન અનશન કર્યું. હવે અપરાક્રમ કહે છે—

[નિ.૨૬૬] પરાક્રમ ન હોય તે અપરાક્રમ, તેવું મરણ જેને જંઘાબળ ક્ષીણ થયેલું તેવા - x - આર્ય સમુદ્રનું મરણ છે. તેનો વૃદ્ધવાદ આ પ્રમાણે છે. પાદોપગમન અનશન વડે તેનું મરણ થયેલ છે. - x - તેના ભાવાર્થ કથાથી જાણવો. આર્યસમુદ્ર આચાર્ય સ્વભાવથી જ કૃશ હતા. પછી જંઘાબળ ક્ષીણ થતા શરીરથી બીજો લાભ ન જાણીને તેને તજવાની ઇચ્છાથી પોતાના ગચ્છમાં રહીને ઉપાશ્રયના એક ભાગમાં આહારરહિત પાદોપગમન અનશન કર્યું. હવે વ્યાઘાતિમ અનશન કહે છે—

[નિ.૨૬૭] વિશેષથી આઘાત તે સિંહ આદિએ કરેલ વ્યાઘાત એટલે શરીરનો નાશ. તેના વડે થતું મરણ તે વ્યાઘાતિમ. કોઈ સાધુને સિંહ આદિ કોઈએ ઘેર્યો હોય અને તેનાથી મરણ થાય, તે વ્યાઘાતિમ. તેનો વૃદ્ધવાદ એવો છે કે, તોસલી આચાર્યને ભેંસોએ ઘેર્યા, તેમણે ચાર પ્રકારે આહાર ત્યાગીને અનશન કર્યું તે વ્યાઘાતિમ મરણ. તેનો ભાવાર્થ કથાથી જાણવો - x - x -. હવે અવ્યાઘાતિમ બતાવે છે.

[નિ.૨૬૮] આનૂપૂર્વી [ક્રમ] ને પામે, તે આનુપૂર્વીગ. તેનો વૃદ્ધવાદ આ પ્રમાણે - પહેલા આત્માર્થીએ દીક્ષા લેવી. પછી સૂત્ર, પછી અર્થજ્ઞાન દેવું. બંનેમાં પ્રવીણ થયો હોય, સુપાત્ર હોય, તેને ગુરુ આજ્ઞા આપે તો ત્રણમાંથી કોઈ એક અનશન માટે નીકળે. આહાર, ઉપધિ, શય્યા એ ત્રણેનો ત્યાગ કરે - નિત્ય પરિભોગથી મુક્ત થાય. જો તે આચાર્ય હોય તો શિષ્યોને તૈયાર કરી બીજા આચાર્યને સ્થાપીને પોતે નિવૃત્ત થઈ, બાર વર્ષની સંલેખના વડે સંલિખિત થઈ ગચ્છની અનુજ્ઞા લઈ ગચ્છ છોડે અથવા સ્વસ્થાપિત આચાર્યની સંમતિ લઈ મરણ માટે ઉદ્યત થઈ બીજા આચાર્ય પાસે જાય. તે પ્રમાણે ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક કે સામાન્ય સાધુ આચાર્યની રજા લઈને સંલેખના કરી પરિકર્મ વડે ભક્ત પરિજ્ઞાદિ મરણ સ્વીકારે. તેમાં પણ ભાવ સંલેખના કરે. કેમકે એકલી દ્રવ્ય સંલેખનામાં દોષનો સંભવ છે. તે કહે છે—

[નિ.૨૬૯] આચાર્યએ પ્રેરણા કરેલો તું ફરી સંલેખના કર, એવું કહેતા ક્રુદ્ધ થયેલા શિષ્યને રાજાની આજ્ઞા માફક આચાર્યની આજ્ઞા પહેલા તીક્ષ્ણ લાગે પણ પછી શીતળ થાય છે. વળી નાગરવેલના બાકીના પાન બચાવવા પહેલા સડેલ પાનનો ત્યાગ કરવો પડે તેમ કુશિષ્યને પણ પહેલા કદર્થના કરવી, પછી તે માફી માંગે ત્યારે તેના પર કૃપા કરવી. ભાવાર્થ કથા—

એક સાધુએ બાર વર્ષ સંલેખના કરી, પછી અનશન માટે આચાર્યની રજા માંગી. આચાર્યએ કહ્યું, તું હજી સંલેખના કર. તેથી ક્રુદ્ધ થયેલા શિષ્યે માત્ર ચામડી-હાડકા બચેલ આંગળી ભાંગીને દેખાડી. હજી શું અશુદ્ધ છે ? તેમ પૂછ્યું. આચાર્યએ કહ્યું કે, આ ક્રોધ છે તે જ અશુદ્ધિ છે. તેં વચનની કડવાસથી આંગળી ભાંગી ભાવ અશુદ્ધતા દેખાડી છે. તેથી તેને બોધ કરવા માટે દૃષ્ટાંત કહ્યું,



કોઈ રાજાને બંને આંખે પાણી ઝરતું હતું, રાજવૈદ્યે ઘણી દવા કરી પણ ન મટ્યું. કોઈ પરદેશી વૈદ્ય આવ્યો. તેણે કહ્યું કે, જો તું એક મુહૂર્ત વેદના સહન કરે અને મને ન મરાવે તો તને સાજો કરું. રાજાએ કબૂલ્યું. અંજન વડે તીવ્ર વેદના થતા વૈદ્યને મારવાની આજ્ઞા કરી તે તીક્ષ્ણ આજ્ઞા. પૂર્વે ન મારવાનું વચન આપેલ તે શીતળ આજ્ઞા. મુહૂર્ત પછી વેદના દૂર થઈ જતાં રાજાએ વૈદ્યની પૂજા કરી. એ જ પ્રમાણે આચાર્ય દ્વારા થતી પ્રતિચોદના રૂપ આજ્ઞા તીક્ષ્ણ હોવા છતાં પરમાર્થથી શીતલ છે. તો પણ આમ કહેવા છતાં શિષ્ય શાંત ન થાય તો બીજા શિષ્યોના રક્ષણ માટે સડેલા પાન માફક દૂર કરવો.

જો આચાર્યનો ઉપદેશ શિષ્ય માને તો ગચ્છમાં જ રહેવા દઈને દુર્વચનોથી તેની કદર્થના કરી જોવી. તો પણ તે કોપે નહીં તો તેને શુદ્ધ જાણીને અનશનની આજ્ઞા આપે તથા તેની ખબર રાખી કૃપા કરે. આ પ્રમાણે કેવો અને કેટલો કાળ, કેવી રીતે આત્માને સંલેખે ? કહે છે—

[નિ.૨૭૦ થી ૨૭૩-] સૂત્ર, અર્થ તથા ઉભયથી પોતાના શિષ્યોને તથા ભણવા આવેલાને - x - પ્રયત્નથી તૈયાર કરવા જોઈએ. પછી આચાર્ય બાર વર્ષની સંલેખના કરે. તે આ રીતે - ચાર વર્ષ વિચિત્ર તપ અનુષ્ઠાન કરે — એક, બે, ત્રણ, ચાર, પાંચ આદિ ઉપવાસ કરે પારણે વિગઇ વાપરે કે ન પણ વાપરે. પછી બીજા ચાર વર્ષ તેવો તપ કરી પારણે વિગઈ ન જ વાપરે. નવામા, દશમાં વર્ષે ઉપવાસના પારણે આંબેલ કરે. અગિયારમાં વર્ષે પહેલાં છ માસ અતિ વિકૃષ્ટ તપ ન કરે અથવા એક, બે ઉપવાસ કરીને પરિમિત આંબેલથી પારણું કરે - ઉણોદરી કરે. બીજા છ માસ વિકૃષ્ટ તપ કરે, પારણે ઉણોદરી આંબેલ કરે. બારમાં વર્ષે નિત્ય આંબેલ કરે - x - તેમાં ચાર માસ બાકી રહે ત્યારે તેલના કોગળા, અસ્ખલિત નમસ્કાર શીખવા વાયુ દૂર કરે.

આ પ્રમાણે બાર વર્ષ અનુક્રમે બધું કરી સામર્થ્ય હોય તો ગુરુ આજ્ઞા લઈ પહાડની ગુફામાં જઈને જગ્યા જોઈ પાદોપગમનાદિ કોઈ એક અનશન જેમ સમાધિ રહે તેમ કરે. આ રીતે બાર વર્ષ સંલેખનાથી આહાર ઓછો કરતા આહાર ઇચ્છાનો ઉચ્છેદ થાય.

[નિ.૨૭૪,૨૭૫-] કેવી રીતે એ સાધુ તપ કરવામાં પંડિત થાય ? જે નિત્ય ઉદ્યુક્ત આત્મા બનીને ૩૨ કોળીયા પરિમાણવાળી વૃત્તિ ન રાખે ? જે લઘુવૃત્તિ પરિક્ષેપ ન કરે તે તપકર્મમાં પંડિત કેવી રીતે થાય ? તથા આહાર વડે બે પાંચ ઉપવાસપૂર્વક પારણું કરે તો તે અલ્પાહારી થાય.

તે શા માટે તપ કરે ? અનશન માટે. આ પ્રમાણે ઉપવાસ કરતો તથા પારણે અલ્પાહાર વડે આહાર ઓછો ઓછો કરતા ઉક્ત વિધિએ ભક્ત પ્રત્યાખ્યાન કરે.

નામ નિક્ષેપો કહ્યો.

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૧ "અસમનોજ્ઞવિમોક્ષ" 卐

૦ હવે સૂત્રાનુગમે અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૧૦ :-

*હું કહું છું - સમનોજ્ઞ કે અસમનોજ્ઞ સાધુને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આદરપૂર્વક ન આપે, તે માટે નિમંત્રણ ન કરે, તેમની વેયાવચ્ચ ન કરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

જે મેં ભગવંત પાસે જાણ્યું તે હું કહું છું, જે હવે કહીશ. સમનોજ્ઞ કે અસમનોજ્ઞ હોય. સમનોજ્ઞ એટલે દૃષ્ટિ અને લિંગથી સમ, પણ ભોજન આદિથી સમ નહીં, અસમનોજ્ઞ તેથી વિપરીત એવા શાક્યાદિ.

જે ખવાય તે અશન-શાલિ ઓદન આદિ. પીવાય તે પાન - દ્રાક્ષ પાનક આદિ. ખવાય તે ખાદિમ - નાળિયેર આદિ. સ્વાદ કરાય તે સ્વાદિમ કર્પૂર, લવીંગ આદિ તથા વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ પ્રાસુક કે અપ્રાસુક અન્ય કુશીલના ઉપભોગને માટે ન આપે. દાન માટે નિમંત્રણ ન કરે. તેની વૈયાવચ્ચ ન કરે. - x - અતિ આદરવાળો બનીને તેઓને કંઈ પણ ન આપે, ન નિમંત્રે, ન થોડી ઘણી વૈયાવચ્ચ કરે. તેમ હું કહું છું.

● સૂત્ર-૨૧૧ :-

*[કદાચ તે કુશીલ કહે કે, હે મુનિઓ !] તમે નિશ્ચિત સમજો કે, તમને અશન યાવત્ રજોહરણ મળે કે ન મળે, તમે ભોગવ્યું કે ન ભોગવ્યું હોય, માર્ગ સીધો હોય કે વક્ર તો પણ અવશ્ય આવવું. - આ રીતે જુદા ધર્મને પાળનારા આવતા કે જતા કંઈ આપે, આપવા નિમંત્રણ કરે કે, વૈયાવૃત્ય કરે તો મુનિ તે ન સ્વીકારે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે શાક્યાદિ કુશીલો અશનાદિ બતાવીને એમ બોલે કે, આ નિશ્ચયે જાણો કે અમારા મઠમાં તમને ભોજન મળશે. આ ભોજન તમને બીજે મળે કે ન મળે, ખાઈને કે ખાધા વિના અમારી ખુશી માટે અવશ્ય આવવું. જો ન મળે તો લેવા અને મળે તો વધુ ખાવા કે વારંવાર ભોજન માટે અને ન ખાધું હોય તો પ્રથમાલિકા [નવકારસી] માટે ગમે ત્યારે આવવું અથવા જ્યારે તમને જે કલ્પે તેવું અમે આપશું.

વળી અમારો મઠ તમારા માર્ગે જ છે. તમે બીજે રસ્તે જતા હો તો પણ થોડો ફેરો ખાઈને આવવું. - x - તેમાં ખેદ ન રાખવો. શાક્યાદિ કેવા હોય ? તે કહે છે, જુદા ધર્મને પાળતા હોય. તેઓ કદાચ ઉપાશ્રયે આવીને કે રસ્તે જતાં નિમંત્રણ કરે કે અશનાદિ આપે. અશનાદિ લેવા આવવા બોલાવે કે ભક્ત માફક વૈયાવચ્ચ કરે; મુનિને તે લેવું ન કલ્પે, તેમની સાથે પરિચય પણ ન કરે. પણ તેમના તરફ અનાદરવાન્ રહે. તો જ દર્શનશુદ્ધિ રહે. અથવા હવે પછી કહે છે—



● સૂત્ર-૨૧૨ :-

*આ મનુષ્યલોકમાં કેટલાક સાધુને આચાર-ગોચરનું યોગ્ય જ્ઞાન હોતું નથી. તેઓ આરંભાર્થી થઈ અન્યમતીયનું અનુકરણ કરી "પ્રાણીને મારો" એવું કહી બીજા પાસે હિંસા કરાવે છે, હિંસા કરનારની અનુમોદના કરે છે. અદત્તને ગ્રહણ કરે છે અથવા અનેક પ્રકારના વચનો બોલે છે—*

*જેમકે, "લોક છે, લોક નથી, લોક નિત્ય છે, લોક અનિત્ય છે, લોક સાદિ છે, લોક અનાદિ છે, લોક અંતવાળો છે, લોક અનંત છે, સારું કર્યું, ખરાબ કર્યું, કલ્યાણરૂપ છે, પાપરૂપ છે, સાધુ છે, અસાધુ છે, સિદ્ધિ છે, સિદ્ધિ નથી, નરક છે, નરક નથી" આ પ્રમાણે વાદીઓ જે વિવિધ પ્રકારે પરસ્પર વિરોધી વાતો કરે છે. પોત-પોતાના મતને જ સાચો બતાવે છે તેમનું તે કથન નિર્હેતુક છે. આ એકાંતવાદ સુ-આખ્યાત ધર્મ નથી, સુપ્રજ્ઞપ્ત ધર્મ નથી.*

● વિવેચન :-

આ મનુષ્યલોકમાં કેટલાંક પૂર્વે કરેલ અશુભકર્મના વિપાકવાળાને મોક્ષ માટે જે અનુષ્ઠાનરૂપ આચાર છે, તે સારી રીતે પરિચિત થયો નથી. તે અપરિણત આચારવાળા જેવા હોય તે બતાવે છે—

તે આચારનું સ્વરૂપ ન જાણનારા સ્નાનરહિત પરસેવાના મેલથી કંટાળેલા સાધુ છે, તેમને સુખવિહારી શાક્યાદિ વડે પોતાના જેવા વિચારવાળા બનાવેલા છે. તેમના સંગથી સાધુ આ લોકમાં આરંભાર્થી બને છે. અથવા તે શાક્યાદિ કે અન્ય કુશીલો સાવધ આરંભાર્થી છે તથા મઠ, બગીચા, તળાવ, કુવા બનાવવા; ઔદ્દેશિક ભોજનાદિ કરનારા ધર્મને કહેતા બોલે છે કે, પ્રાણીને મારો, એ પ્રમાણે બીજા પાસે હિંસા કરાવતા અને હિંસા કરનારની અનુમોદના કરતા અથવા બીજાનું દ્રવ્ય લેવાથી થતા કટુ ફ્લને વિસરીને જેના શુભ અધ્યવસાયો ઢંકાયેલા છે, તેઓ ચોરીનું દ્રવ્ય લે છે, વળી પહેલા અને ત્રીજા વ્રતમાં અલ્પવક્તવ્યતા હોવાથી તેને પ્રથમ કહીને પછી બહુતર વક્તવ્યતા વાળું બીજું વ્રત કહે છે.

અથવા તે અદત્ત લે છે કે વિવિધ યુક્તિઓ યોજે છે. તે આ રીતે - સ્થાવર જંગમરૂપ લોક છે, તેમાં નવખંડા પૃથ્વી કે સાત દ્વીપવાળી પૃથ્વી છે. બીજા બ્રહ્માના અંડમાં અંતવર્તી માને છે. કોઈ બ્રહ્માના અંડા જેવી પાણીમાં રહેલી કહે છે. તથા જેઓ સ્વકૃત કર્મફળ ભોક્તા છે, પરલોક છે, બંધ-મોક્ષ છે, પાંચ મહાભૂત છે ઇત્યાદિ મતો છે.

ચાર્વાકો કહે છે આ લોક જે દેખાય છે, તે માયા-ઇન્દ્રજાલ-સ્વપ્નવત્ છે. તથા અવિચારીત રમણીપણે ભૂતનો સ્વીકાર કરવા છતાં પરલોકનો અનુયાયી જીવ પણ નથી, શુભાશુભ ફળ નથી પણ જેમ કિણુ આદિમાંથી જેમ નસો ઉત્પન્ન થાય છે, તેમ ભૂતમાંથી ચૈતન્ય થાય છે. આ બધું માયાકાર ગંધર્વનગર તુલ્ય છે. પુન્ય-પાપાદિ યુક્તિથી સિદ્ધ થતાં નથી.

વળી કહે છે, જેમ જેમ અર્થો વિચારીએ તેનું વિવેચન કરીએ તેમ તેમ જે

જે અર્થરૂપે ત્યાં આપણે વિચારવાની શું જરૂર ? આ શરીર, વિષય, ઇન્દ્રિયો બધું ભૌતિક છે, તો પણ મંદબુદ્ધિઓ તેને તત્ત્વ કહે છે.

વળી સાંખ્યાદિ કહે છે, લોક નિત્ય છે, કેમકે પ્રગટ કે લય એ જ માત્ર ઉત્પાત-વિનાશ છે. કેમકે નથી તેનો ઉત્પાદ નથી, છે તેનો નાશ નથી. અથવા નદી, સમુદ્ર, પૃથ્વી, પર્વત, આકાશનું નિશ્ચયપણું હોવાથી તે ધ્રુવ છે. શાક્યાદિ કહે છે લોક અનિત્ય છે, કેમકે પ્રતિક્ષણ તેનો સ્વભાવ ક્ષય થવા રૂપ છે. વિનાશના હેતુના અભાવથી અને નિત્ય વસ્તુના અનુક્રમથી બધું અનિત્ય છે અથવા અધ્રુવ તે ચલ છે. જેમ ભૂગોલ કેટલાકના મતે ચલાયમાન છે અને સૂર્ય સ્થિર છે. સૂર્યમંડલ દૂર હોવાથી પૂર્વથી જોનારને સૂર્યનો ઉદય દેખાય, નીચે રહેલાને મધ્યાહ્ન, દૂર રહેલાને અસ્ત દેખાય છે. બીજા કોઈ માને છે કે લોકની આદિ છે—

તેઓ કહે છે, આ બધું પૂર્વે અંધારારૂપ, અજાણ્યુ, લક્ષણહીન, વિચારાય નહીં તેવું, અવિજ્ઞેય, સુતેલા જેવું હતું. તે એક સમુદ્રરૂપ હતું. સ્થાવર-જંગમ તથા દેવ-મનુષ્યો ન હતા. નાગ તથા રાક્ષસ ન હતા. ફક્ત પોલાણરૂપ, મહાભૂતોથી રહિત હતું. તેમાં અચિંત્ય આત્મા પ્રભુ સુતા સુતા તપ કરી રહ્યા હતા. તે ત્યાં સુતેલા પ્રભુની નાભિમાંથી કમળ નીકળ્યું, જે ઉગતા સૂર્યમંડળ જેવું સોનાની કર્ણિકાવાળું હતું.

તે કમળમાંથી ભગવાન દંડ ધારક અને જનોઈયુક્ત બ્રહ્મા ઉત્પન્ન થયા તેણે જગત્‌ની માતાઓ સર્જી. દેવોની માતા અદિતિ છે, અસુરોની દિતિ છે. મનુષ્યોની મનુ, પક્ષીની વિનીતા છે. - x - સરી સૃપની માતા કદ્રુ છે, નાગજાતિની સુલસા, ચતુષ્પદની સુરભિ, સર્વે બીજોની માતા ઇલા છે.

બીજા મતવાળા કોઈ લોકને અનાદિ કહે છે—

જેમકે શાક્યો કહે છે કે, હે ભિક્ષુઓ ! આ સંસાર અનાદિ છે. તેની પૂર્વ કોટી જણાતી નથી. નિરાવરણ સત્વોને અવિદ્યા નથી, સત્વોનો ઉત્પાદ નથી. વળી આ લોક અંતવાળો છે, જગત્‌ના પ્રલયમાં સર્વનો વિનાશ છે. [કોઈ મતે] આ લોક અનંત છે કેમકે વિધમાન વસ્તુનો સર્વથા નાશ અસંભવ છે. તેમાં જેમના મતે આદિ છે તેઓ લોકનો અંત માને છે, જેમના મતે અનાદિ છે તે લોકને અનંત માને છે.

કેટલાક આ બંનેને માને છે - કહ્યું છે કે, લોકમાં પૂર્વે બે પુરુષો જ હતા. ક્ષર અને અક્ષર. ક્ષરમાં સર્વે ભૂતો છે, અક્ષર તે કૂટસ્થ છે.

આ પ્રમાણે પરમાર્થને ન જાણતા 'લોક છે' ઇત્યાદિ વિવાદ કરતા વિવિધ વાણી યોજે છે. તે જ પ્રમાણે આત્માને પણ જુદી જુદી રીતે કહે છે - જેમકે સારુ કર્યું કે સર્વ સંગ ત્યાગીને મહાવ્રત લીધા. બીજા કોઈ કહે છે કે, ખોટું કર્યું કે મુગ્ધ સ્ત્રીને પુત્ર ઉત્પન્ન કર્યા વિના તેં ત્યાગી તથા કોઈ દીક્ષા લેવા તૈયાર થાય તેને કહે છે, આ કલ્યાણ છે. તો બીજા કહે છે કે, પાખંડીના જાળમાં ફસાયેલો આ કાયર છે, ગૃહસ્થાશ્રમ પાળવા અસમર્થ છે. વિના પુત્રે દીક્ષા લેવી તે પાપ છે. આ સાધુ છે - આ અસાધુ છે.

આ રીતે પોતાની મતિ કલ્પના મુજબ બોલે છે. તથા સિદ્ધિ છે — સિદ્ધિ નથી.



નરક છે - નરક નથી. એ પ્રમાણે બીજું પણ પોતાના આગ્રહ મુજબ બોલ્યા કરે છે - તે બતાવે છે. આ પૂર્વે બતાવેલ લોક આદિને આશ્રીને જુદુ જુદુ માનનારા તે વિપ્રતિપન્ન વાદીઓ છે તેમ કહે છે—

સૃષ્ટિના વાદીઓ બધું જ મતિલિંગ અને કૃત્રિમ માને છે. સકલ લોક, માહેશ્વરાદિ સાદિ પર્યન્ત છે. કોઈ નારી તથા ઈશ્વરથી ઉત્પન્ન થયેલ માને છે, કોઈ સોમ-અગ્નિથી ઉત્પન્ન માને છે. કેટલાંક દ્રવ્યગુણ આદિ છ વિકલ્પવાળું જગત્ માને છે. કેટલાંક જગત્‌ને ઈશ્વર પ્રેરિત અને કેટલાંક બ્રહ્માકૃત્ માને છે. કાપિલમતવાળા અવ્યક્ત વિશ્વ માને છે. કોઈ બધુ સ્વાભાવિક માને છે, કોઈ ભૂતોના વિકારથી થયેલું માને છે. કોઈ જગત્‌ને અનેકરૂપવાળું માને છે. આ પ્રમાણે બધાં પોતાના મત કહે છે.

જેમણે સ્યાદ્વાદ સમુદ્ર અવગાહ્યો નથી તેવા એકાંશ ગ્રહણ મતિ ભેદવાળા પરસ્પર દોષિત બતાવે છે. તે કહે છે, લોક, ક્રિયા, આત્મા, તત્ત્વ સંબંધી વિભિન્ન અર્થવાદીઓ બતાવે છે, જેમણે સ્યાદ્વાદથી વિનિશ્ચય કર્યા વિના તત્ત્વવર્ણન કર્યું છે. પણ જેમણે સ્યાદ્વાદ મતનો નિશ્ચય કર્યો છે, તેમણે અસ્તિત્વ-નાસ્તિત્વથી નય અભિપ્રાય મુજબ અર્થ કર્યો હોવાથી વિવાદનો અભાવ જ છે. તેનો વિસ્તાર અત્રે કરેલ નથી. સૂયગડાંગ આદિ સૂત્રમાં તેનો વિસ્તાર છે.

તે બધાં પરસ્પર વિવાદ કરતા પોતાના મતના આગ્રહ કરતા પોતે નાશ પામ્યા છે અને બીજાનો પણ નાશ કરે છે. જેમકે - કેટલાંક સુખથી ધર્મને ઇચ્છે છે, બીજા દુઃખથી તો કોઈ સ્નાનથી ધર્મ માને છે. તથા કહે છે કે, મારો જ ધર્મ મોક્ષ માટે છે, બીજા ધર્મ નામ લેવા જેવા નથી. એમ બોલનારા તુચ્છ ધર્મવાળા પરમાર્થ ન જાણતાને ફસાવે છે. તેનો ઉત્તર [જૈનાચાર્યો] આપે છે. લોક છે કે નથી તે તમે જાણો. - x - x - *[અહીં જે વાદ રજૂ થયો છે, તે અમારું કાર્યક્ષેત્ર નથી, તેથી સંક્ષેપમાં કહેલ છે.]*

દરેક મતમાં કોઈ હેતુ છે, તે ન માનો તો બધું એકાંત થઈ જશે. જેમ 'લોક છે' તેમ માને તો અલોક સિદ્ધ નહીં થાય. અથવા લોક સર્વગત સિદ્ધ થશે. ઇત્યાદિ - x - x - 'લોક નથી' તેમ કહો તો ''તમે ક્યાં છો ?'' એવા પ્રશ્નો આવશે. આ પ્રમાણે દરેકે વિચારીને એકાંતવાદીનું સમાધાન કરવું. અમારા સ્યાદ્વાદ [જૈન] મતમાં 'કથંચિત્' અંશના સ્વીકારથી ઉક્ત દોષો સંભવતા નથી. કારણ કે સ્વ-પર સત્તાથી વિવક્ષા કરાયેલ હોવાથી જે સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સ્વભાવથી વસ્તુનું અસ્તિપણું છે, તે પર દ્રવ્ય આદિ અપેક્ષાએ નાસ્તિપણું છે - x - x - જો આ રીતે ન માનીએ તો વસ્તુની વ્યવસ્થા રહે નહીં. ઇત્યાદિ. - x - x - x -

આ પ્રમાણે તે એકાંતવાદીઓનો ધર્મ યોગ્ય રીતે કહેવાયો નથી. તેમ શાસ્ત્ર પ્રણયન વડે સારી રીતે પ્રજ્ઞાપિત નથી. - x - જો તે વાદીઓએ કહેલ એકાંત પક્ષ બરોબર નથી તો કેવો ધર્મ સુપ્રજ્ઞાપિત થાય ?

● **સૂત્ર-૨૧૩ :-**

***જે પ્રકારે 'આસુપ્રજ્ઞ' ભગવંત [મહાવીરે] જ્ઞાન-દર્શન ઉપયુક્ત થઈ આ ધર્મ કહ્યો છે, મુનિ તે જ પ્રમાણે નિરૂપણ કરે અથવા મૌન ધારણ કરે. તેમ હું***

***કહું છું. [પૂર્વોક્ત વાદીઓને સાધુ સંક્ષેપથી કહે કે] સર્વત્ર સંમત એવા પાપકર્મને મેં છોડી દીધું છે. આ મારો વિવેક કહ્યો છે.***

***ધર્મ ગામમાં થાય કે અરણ્યમાં ? તે ન ગામમાં થાય, ન અરણ્યમાં. તેને જ ધર્મ જાણો જે મતિમાન મહામાનવ ભગવંતે બતાવેલ છે. તે ભગવંતે ત્રણ યામ [અહિંસા, સત્ય, અપરિગ્રહ] કહેલ છે. આર્યપુરુષ તેને સારી રીતે સમજી તેમાં સદા સાવધાન રહે. જે પાપકર્મોથી નિવૃત્ત છે તેને નિદાનરહિત કહેલા છે.***

**● વિવેચન :-**

વસ્તુનું આ સ્યાદ્વાદરૂપ લક્ષણ બધાં વ્યવહારને અનુસરનારું કોઈપણ વખત ન હણાનારું ભગવંત મહાવીરે કહેલું છે તથા હવે પછી કહેવાનાર છે. તેઓ કેવા છે ? નિરાવરણ અને સતત ઉપયોગવાળા [કેવળજ્ઞાનથી] તેઓ આશુપ્રજ્ઞ છે. જ્ઞાન ઉપયોગથી 'જાણતા' અને દર્શન ઉપયોગથી 'દેખતા' ભગવંતે આ ધર્મ કહ્યો છે. તેવો ધર્મ એકાંતવાદીઓએ કહ્યો નથી. અથવા ગુપ્તિ તે વાચાની છે - ભાષાસમિતિ છે. ભગવંતે આ ભાષાસમિતિ જાળવવા કહ્યું છે.

અથવા અસ્તિ, નાસ્તિ, ધ્રુવ, અધ્રુવ આદિ બોલનારા વાદીઓ વાદ કરવાને માટે તૈયાર થયેલા ૩૬૩ પ્રાવાદુકો છે. તેમની પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત ઉપન્યાસ દ્વાર વડે ભૂલો બતાવી તેમને સમ્યગ્ ઉત્તર આપવો. અથવા વચનગુપ્તિ રાખવી, તેમ હું કહું છું અને હવે કહીશ. તે વાદીઓ જે વાદ કરવા આવે તેમને આમ કહેવું, તમારામાં બધે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિનો આરંભ કરવો, કરાવવો, અનુમોદવો એમ સંમતિ આપી છે, એથી બધી જગ્યાએ આ પાપ અનુષ્ઠાન છે એમ અમારો મત છે. તેમાં સંમત થઈ શકાય નહીં, તે બતાવવા કહે છે—

આ પાપ અનુષ્ઠાન છોડીને હું રહ્યો છું. એ જ મારો વિવેક છે. તેથી હું બધાથી અપ્રતિસિદ્ધ આસ્રવ દ્વારો વાળા સાથે કેવી રીતે ભાષણ કરું. તેથી વાદ કરવો દૂર રહો. એ પ્રમાણે અસમનુજ્ઞનો વિવેક કરે છે.

પ્રશ્ન - અન્યતીર્થિકો પાપસંમત, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, ચારિત્રરહિત અને અતપસ્વી છે તેવું કેમ કહો છો ? - કારણ કે તેઓ ન ખેડાયેલ ભૂમિ ઉપરના વનમાં વાસ કરે છે, કંદમૂળ ખાય છે, વૃક્ષને આશરે રહે છે.

ઉત્તર - અરણ્યવાસથી જ ધર્મ નથી. જીવ-અજીવના સંપૂર્ણ જ્ઞાનથી તથા તેવા અનુષ્ઠાનથી ધર્મ છે, તેવો ધર્મ તેમનામાં નથી, તેથી તેઓ અસમનોજ્ઞ છે. વળી સારા-માઠાંનો વિવેક જેમાં હોય તે ધર્મ છે અને તેવો ધર્મ ગામમાં પણ થાય, અરણ્યમાં પણ થાય. ધર્મનું નિમિત્ત કે આધાર ગામ કે અરણ્ય નથી. જેથી ભગવંતે રહેવાસ કે બીજો કોઈ આશ્રય લઈને ધર્મ બતાવ્યો નથી. પણ જીવાદિ તત્ત્વના જ્ઞાન કે સમ્યગ્ અનુષ્ઠાન વડે તું ધર્મને જાણ, એવું ભગવંત મહાવીરે કહ્યું છે.

તે ભગવંત કેવા છે ? મનન-સર્વ પદાર્થ પરિજ્ઞાન તે જ મતિ છે અને તે મતિવાળા અર્થાત્ કેવલી ભગવંતે ત્રણ યામરૂપ ધર્મ કહ્યો છે. યામ એટલે વ્રત વિશેષ - પ્રાણાતિપાત, મૃષાવાદ, પરિગ્રહ એ ત્રણેનો ત્યાગ. અદત્તાદાન અને મૈથુન ત્રણેનો



પરિગ્રહમાં સમાવેશ કર્યો છે. અથવા યામ એટલે વય-અવસ્થા. તે આ પ્રમાણે — (૧) આઠ થી ૩૦ વર્ષ, (૨) ૩૧ થી ૬૦ વર્ષ, (૩) ૬૧ વર્ષથી ઉપર. એ રીતે અતિ બાલ કે વૃદ્ધને નિવાર્યા. અથવા જેના વડે સંસારભ્રમણ દૂર થાય તે યામ, જે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે.

જો આ પ્રમાણે છે તો શું કરવું ? અવસ્થા વિશેષ કે જ્ઞાનાદિમાં આર્ય દેશમાં ઉત્પન્ન કે હેય ધર્મો દૂર કરનારા બોધ પામેલા, સમુત્થિત સાધુઓ કેવા છે ? તે બતાવે છે - જેઓ ક્રોધાદિ દૂર કરી શાંત થયા છે, પાપકર્મમાં નિદાનરહિત છે, તેવા સાધુનું જ અહીં પ્રતિપાદન કરેલ છે.

તેઓ ક્યાં પાપકર્મમાં નિદાનરહિત છે ? તે બતાવે છે—

**● સૂત્ર-૨૧૪ :-**

***ઊંચી, નીચી, તિર્છી અને સર્વે દિશા-વિદિશાઓમાં પ્રત્યેક જીવમાં કર્મ સમારંભ રહેલો છે. તે જાણીને મેધાવી સાધક સ્વયં છ કાય જીવનો દંડ સમારંભ ન કરે, બીજા પાસે દંડ સમારંભ ન કરાવે, દંડ સમારંભ કરનારની અનુમોદના ન કરે. જેઓ આ છ કાયને દંડ સમારંભ કરે છે, તે જોઈ અમે લજ્જા પામીએ છીએ. એ જાણી મેધાવી મુનિ હિંસા કે અન્ય દંડ ન કરે - દંડ સમારંભ ન કરે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

ઉંચે, નીચે, તિર્છી કે જે જે દિશા અને વિદિશા છે, તેમાં એકેન્દ્રિય સૂક્ષ્મ બાદર આદિમાં જે કર્મોનો સમારંભ છે-જીવોને દુઃખ દેવારૂપ જે ક્રિયા સમારંભ છે, તેને જ્ઞ પરિજ્ઞા વડે જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે મર્યાદામાં રહેલ મેધાવી મુનિ ત્યાગ કરે. કેવી રીતે ત્યાગે ? પોતે પોતાના આત્માથી જ ચૌદ ભૂતગ્રામમાં રહેલા પૃથ્વીકાયાદિનો હિંસારૂપ સમારંભ ન કરે, બીજા પાસે ન કરાવે, અન્ય આરંભીને અનુમોદે નહીં.

તે હિંસાના કરનારથી અમે લજ્જા પામીએ છીએ. એવો વિચાર કરીને, તથા તે જીવની હિંસા મહા અનર્થ માટે છે, એમ જાણીને મેધાવી મુનિ હિંસા તથા મૃષાવાદ આદિ દંડથી ડરે. એ રીતે દંડભીરુ થઈ જીવ હિંસાદિ કાર્ય ન કરે. કરણત્રિક યોગત્રિક વડે તેને ત્યાગે. તેમ હું કહું છું.

**અધ્યયન-૮ "વિમોક્ષ" ઉદ્દેશો-૧ 'અસમનોજ્ઞવિમોક્ષ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૨ "અકલ્પનીય વિમોક્ષ" 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૧ માં પાપરહિત સંયમ પાળવા માટે કુશીલ પરિત્યાગ બતાવ્યો. તે આ અકલ્પનીય પરિત્યાગ વિના સંપૂર્ણતા ન પામે. માટે અકલ્પનીય પરિત્યાગ અર્થે આ ઉદ્દેશો કહે

છે. તે સંબંધનું પહેલું સૂત્ર—

● **સૂત્ર-૨૧૫ :-**

***તે ભિક્ષુ શ્મશાનમાં, શૂન્યગૃહમાં, પર્વત ગુફામાં, વૃક્ષમૂળમાં કે કુંભારના ખાલી ઘરમાં ફરતો હોય, ઉભો હોય, બેઠો હોય, સુતો હોય કે બીજે ક્યાંય વિચરતો હોય તે સમયે કોઈ ગૃહસ્થ તેની પાસે આવીને કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! હું આપના માટે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ, પ્રાણ, ભૂત, જીવ અને સત્વોનો સમારંભ કરી આપને ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને, છીનવીને, બીજાની વસ્તુ તેની આજ્ઞા વિના લાવીને, સન્મુખ લાવીને કે ઘેરથી લાવીને આપને આપું છું અથવા આપના માટે આવાસ બનાવી આપું છું કે, સમારકામ કરાવી આપું છું. તમે તેને ભોગવો-ત્યાં રહો.***

***હે આયુષ્યમાન્ શ્રમણો ! તે સાધુ તે સુમનસ્ અને સુવયસ ગૃહપતિને આ પ્રમાણે કહે કે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! હું આપના વચનનો આદર કે સ્વીકાર કરતો નથી. જે તમે મારા માટે અશનાદિ અને વસ્ત્રાદિને પ્રાણ આદિની હિંસા કરી મને ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને - યાવત્ - ઘેરથી લાવીને મને આપવા ઇચ્છો છો કે મારા માટે આવાસ બનાવવા ઇચ્છો છો. હે આયુષ્યમાન્ ગૃહપતિ ! હું આવા કાર્યોથી દૂર રહેવા જ વિરત-ત્યાગી બન્યો છું. [માટે તે ન સ્વીકારી શકું.]***

● **વિવેચન :-**

સામાયિક ઉચ્ચરેલ સાધુ સર્વ સાવધ ન કરીને પ્રતિજ્ઞારૂપ મેરુ પર્વતે ચડેલ ભિક્ષણશીલ ભિક્ષુ ભિક્ષા કે અન્ય કાર્યોર્થે વિહાર કરે, ધ્યાન વ્યગ્ર થઈ ઉભો રહે, ભણવા-ભણાવવા, સાંભળવા-સંભળાવવા બેસે કે માર્ગમાં થાકતા આડે પડખે થાય. આ બધું ક્યાં કરે ?

મડદાં રહે તે શ્મશાન-મસાણમાં. જો કે ત્યાં સુવાનું ન સંભવે. તેથી યથાયોગ્ય જ્યાં જે ઘટે તે લેવું. આ રીતે ગચ્છવાસીઓને ત્યાં સ્થાન આદિ કલ્પતા નથી. કેમકે ત્યાં પ્રમાદ થતા વ્યંતરાદિ ઉપદ્રવ થાય. તથા જિનકલ્પાર્થે સત્વ ભાવના ભાવનારને પણ મસાણમાં નિવાસ કરવાની અનુજ્ઞા નથી. પણ પ્રતિમાધારી મુનિને તો જ્યાં સૂર્ય અસ્ત થાય તે સ્થાને જ રહેવાનું છે. તેને અને જિનકલ્પીને આશ્રીને શ્મશાનસૂત્ર છે. આ પ્રમાણે બીજે પણ યથાસંભવ યોજવું.

શૂન્યગૃહ કે પર્વતની ગુફામાં અથવા અન્યત્ર ગામની બહાર સાધુ કોઈ સ્થાને વિહાર કરે, તેને ગૃહપતિ ત્યાં જઈને જે બોલે તે બતાવે છે - શ્મશાન આદિમાં પરિક્રમણ ક્રિયા કરતા સાધુ પાસે કોઈ ત્યાં પૂર્વે રહેલ સ્વભાવથી ભદ્રક કે સમ્યક્ત્વધારી ગૃહસ્થ હોય, સાધુના આચારથી તે અજાણ હોય; તે સાધુને ઉદ્દેશીને કહે, આ આપેલો આહાર ખાનારા છે, આરંભ ત્યાગી છે, અનુકંપા યોગ્ય છે, સત્ય શુચિવાળા છે તેને આપેલું અ-ક્ષય છે, માટે હું તેમને દાન આપીશ. એમ વિચારી સાધુ પાસે આવીને કહે, હે આયુષ્માન્ શ્રમણ ! હું સંસારસમુદ્ર તરવાની ઇચ્છાવાળો તમારે માટે અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ તથા વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ બનાવી



લાવું. એમ કહીને તે શું કરે ?

શ્વાસોચ્છ્વાસ યુક્ત પંચેન્દ્રિય તે પ્રાણી, ત્રણે કાળમાં થયા છે - થાય છે અને થશે તે ભૂત, જીવતા હતા, જીવે છે અને જીવશે તે જીવો તથા સુખ-દુઃખમાં સક્ત છે તે સત્વો. આ પ્રાણી, ભૂત, જીવ, સત્વનો આરંભ કરીને લાવે. તેમાં અશનાદિના આરંભમાં જીવ હિંસા અવશ્ય થાય. તેમાંથી બધું કે થોડું કોઈ સાધુ સ્વીકારી લે, તેથી અવિશુદ્ધિ કોટિ લીધી —

આધાકર્મી — ઔદ્દેશિક, મિશ્ર, બાદર, પ્રાભૃતિક, પૂતિ, અધ્યવપૂરક આ છ ભેદો અવિશુદ્ધિ કોટિ છે. હવે વિશુદ્ધિ કોટિ બતાવે છે - મૂલ્યથી ખરીદેલું, ઉધાર લીધેલું, છીનવી લીધેલું, - x - બીજા સાથે બદલીને લાવેલ આવું દાન કોઈ સાધુને આપવા માટે કરે તથા પોતાની ઘેરથી સામેથી લાવીને આપે તે વિશુદ્ધ કોટી છે. આ પ્રમાણે સાધુને અશનાદિ આપવા માટે કોઈ બોલે તથા હું તમારા માટે ઉપાશ્રય બનાવીશ કે સમરાવીશ. આ પ્રમાણે ગૃહસ્થ હાથ જોડી કે અંજલિ કરીને આહાર આદિ માટે નિમંત્રણા કરે કે આ ભોજન વાપરો, મેં સુધરાવેલ વસતિમાં રહો ત્યારે-

સૂત્રાર્થ વિશારદ સાધુ દીનતા લાવ્યા વિના તેને ના પાડે. [શિષ્યને ગુરુ કહે છે] હે આયુષ્માન્ શ્રમણ ભિક્ષુ ! તે ગૃહસ્થ ભદ્રહૃદય કે મિત્ર કે અન્ય કોઈપણ હોય; તેને સાધુએ કહેવું કે, હે આયુષ્માન્ ગૃહપતિ ! તમારા એ વચનને હું સ્વીકારતો નથી. - x - તમારા એ વચનને હું આસેવન પરિજ્ઞાનથી અવધારી શકું નહીં. કેમકે તું મારા માટે જીવહિંસા વડે બનાવેલ ભોજન આપે કે ઉપાશ્રય બનાવે; તે મને ન કલ્પે.

હે આયુષ્માન્ ગૃહપતિ ! તેવા આરંભ કરાવવા રૂપ અનુષ્ઠાનથી હું મુક્ત થયેલો છું. - x - માટે હું સ્વીકારતો નથી. આ પ્રમાણે ભોજનાદિ સંસ્કારનો સાધુ નિષેધ કરે. પણ જો કોઈ ગૃહસ્થ છાનું જ તેવું ભોજનાદિ કરી સાધુને આપે, તો સાધુ કઈ રીતે તેનો નિષેધ કરે તે કહે છે—

● **સૂત્ર-૨૧૬ :-**

***તે મુનિ શ્મશાનાદિમાં ફરતા હોય અથવા અન્ય ક્યાંય વિચરતા હોય, તેની પાસે આવીને કોઈ ગૃહસ્થ પોતાના આત્મગત ભાવોને પ્રગટ કર્યા વિના મુનિના માટે આરંભ કરી અશન આદિ, વસ્ત્રાદિ આપે કે મકાન બનાવે; એ વાત મુનિ સ્વ બુદ્ધિએ, બીજાના કહેવાથી કે કોઈ પાસે સાંભળીને જાણી લે કે આ ગૃહસ્થે મારા માટે આહાર, વસ્ત્ર યાવત્ મકાન બનાવેલ છે; તો એવું જાણી તે મુનિ ગૃહસ્થને સ્પષ્ટ સૂચના કરે કે હું મારા નિમિત્તે તૈયાર કરેલ આ બધું વાપરી શકતો નથી. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ કોઈ સ્મશાનાદિમાં વિચરતા હોય અને કોઈ ગૃહસ્થ પાસે આવી, હાથ જોડે, વંદન કરે. તે પ્રકૃતિભદ્ર હોય; તે મનમાં વિચારે કે હું આ સાધુને ગુપ્ત રીતે આરંભ કરીને અશનાદિ આપીશ, રહેવા મકાન આપીશ. કેમકે - x - તે સાધુ

આહારાદિ દોષિત છે તેમ જાણી લે તો ન લે.

તે સાધુ કેવી રીતે જાણે ? પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી, બીજાના કહેવાથી, તીર્થંકરે બતાવેલા ઉપાયોથી, બીજા પાસેથી કે તેના સ્વજનો પાસેથી સાંભળીને જાણી લે કે આ ગૃહસ્થે મારે માટે આરંભ કરીને અશનાદિ કે મકાન બનાવેલ છે - x - ત્યારે તે વાતની ખાત્રી કરીને તે સાધુ કહે કે, આ મને કલ્પતું નથી આ અમારા માટે બનાવેલું છે, માટે હું નહીં લઉં.

જો આવું કરનાર શ્રાવક હોય તો તેને ''પિંડ નિર્યુક્તિ'' બતાવે. જો તે ભદ્રક પ્રકૃતિ હોય તો તેને નિર્દોષ દાનનું ફળ બતાવે તથા તેને યથાશક્તિ ધર્મકથા કહે. તે આ પ્રમાણે — યોગ્ય કાળ દેશમાં શ્રદ્ધાયુક્ત અને શુદ્ધ મને ઉધમવાળા થઈને કલ્પ્ય એવું પ્રાસુક દાન ઉત્તમ સાધુને આપે.

ગુણાધિક સત્પુરુષોને વિનયપૂર્વક આપેલ અલ્પ દાન પણ મોટું ફળ આપે છે. જેમ નાની વડ કણિકા છતાં વડનું ઝાડ સારાં ફળ આપે છે.

પ્રાજ્ઞજન સુપાત્ર દાનથી દુઃખ સમુદ્રને તરે છે. જેમ મગરના નિલયરૂપ મોટા સમુદ્રને વેપારીઓ નાના વહાણ વડે તરી જાય છે.

**● સૂત્ર-૨૧૭ :-**

***કોઈ ગૃહસ્થ સાધુને પૂછીને કે પૂછ્યા વિના ઘણું દ્રવ્ય ખર્ચી આહારાદિ બનાવે. [જ્યારે મુનિ એ ન લે ત્યારે] કદાચ તે ગૃહસ્થ ક્રોધાવેશથી સાધુને મારે અથવા કહે કે, આને મારો, પીટો, હાથ-પગ છેદો, બાળો, પકાવો, લૂંટી લો, બધું છીનવી લો, પ્રાણરહિત કરી દો. અનેક પ્રકારે પીડા પહોંચાડો. આવા કષ્ટોને તે ધીર સાધુ સહે. અથવા તેને આચારગોચર સમજાવે અથવા મૌન રહે. પોતાના આચાર-ગોચરનું સમ્યક્ પ્રકારે પાલન કરે. એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે.***

**● વિવેચન :-**

તે ભિક્ષણશીલ સાધુને કોઈ કહે, હે સાધુ ! હું તમારા માટે ભોજનાદિ કે ઉપાશ્રયાદિ તૈયાર કરાવીશ કે સુધરાવીશ. સાધુએ તેને અનુમતિ ન આપી હોય, તો પણ તે કરાવે અને મીઠા વચનથી કે બળાત્કારે હું સાધુ પાસે ગ્રહણ કરાવીશ એવું માને; બીજા કોઈ સાધુના થોડા આચારને પણ જાણતો હોય, તેને પૂછ્યા વિના છૂપું કાર્ય કરે અને વિચારે કે હું તેમને ભોજનાદિ આપીશ. હવે તે ન ભોગવવાથી, શ્રદ્ધા ભંગથી, સેંકડો મધુર વચનના આગ્રહથી કે રોષના આવેશથી સુખ-દુઃખપણે આલોકને જાણનાર આ સાધુ છે, તેમ જાણીને - રાજાજ્ઞા લઈ ન્યકાર ભાવનાથી દ્વેષને પામેલો તે ગૃહસ્થ 'હનન' આદિ પ્રવૃત્તિ પણ કરે તે બતાવે છે—

- x - જેઓ પૂછીને કે પૂછ્યા વિના ઘણું દ્રવ્ય ખર્ચીને આહારાદિ લાવી સાધુને આપે અને સાધુ ન લે તો ગૃહસ્થ ક્રોધી બનીને પીડા કરે છે.

તે પોતે સાધુને મારે છે, બીજાને પણ મારવા માટે પ્રેરે છે. બોલે છે કે, આ સાધુને દંડા વડે મારો, હાથ-પગ છેદી નાંખો, અગ્નિથી બાળો, તેમના સાથળનું માંસ પકાવો, વસ્ત્રો લૂંટી લો, બધું છીનવી લો, સહસા પ્રહાર વડે કરાવો, જલ્દી મારી



નાંખો, વિવિધ રીતે પીડા કરો. આ રીતે તે સાધુને ઘણું દુઃખ આપે, તો પણ ધીર એવો તે સ્પર્શોને શાંતિથી સહે. તથા બીજા ભૂખ-તરસ આદિ પરીષહો તે પણ સહે. પણ ઉપસર્ગ-પરીષહ વડે પીડાઈને, વિકળ બનીને દોષિત આહારાદિને ન ઈચ્છે.

અથવા મીઠા વચનરૂપ ઉપસર્ગોથી ન લલચાય. જો સામર્થ્ય હોય તો જિનકલ્પી આચાર પાળે અથવા સ્થવીર કલ્પમાં વિવિધ ઉપસર્ગજનિત દુઃખ સહન કરે. અથવા સાધુઓના આચાર અનુષ્ઠાન જે મૂળગુણ-ઉત્તરગુણ ભેદ સંબંધી છે તે સમજાવે. - x - તેમાં પણ મૂલગુણોના સ્થૈર્યાર્થે ઉત્તરગુણોને સમજાવે. પિંડૈષણા શુદ્ધિ સમજાવે. - x - વળી - જેથી પોતે દુઃખી ન થાય. તેમ બીજાના દુઃખમાં નિમિત્તભૂત પણ ન થાય. ફક્ત ધર્મકાર્યમાં સહાયક નિર્દોષ ભોજન જ આપે.

શું બધાં પુરુષોને આ બધું કહેવું ? ના. આવનાર પુરુષની પર્યાલોચના કરવી. જેમકે, આ પુરુષ કોણ છે ? કોને નમે છે ? આગ્રહવાળો કે આગ્રહરહિત છે ? મધ્યસ્થ છે ? ભદ્રિક છે ? એમ બધું વિચારીને યથાયોગ્ય, યથાશક્તિ કહે. - x - x - સ્વપક્ષ સ્થાપના, પરપક્ષનું નિરસન કરે, અનન્ય સદૃશ વચન કહે. પણ સાધુ સામર્થ્યરહિત હોય તો સામેનો માણસ કદાચ રોષ પામે. અથવા કહેવાથી અનુકૂળ પ્રત્યનીક બને, તેથી મૌન રાખવું. એટલે સાધુ સમર્થ હોય તો સાંભળનાર કે દાતારને આચારગોચર કહે. ન હોય તો મૌન રાખી આત્મહિત વિચારી પિંડવિશુદ્ધિ આદિ આચાર વિષયને ઉદ્‌ગમાદિ પ્રશ્નો પૂછી સમ્યગ્ શુદ્ધિ કરે.

કેવો બનીને ? આત્મગુપ્ત થઈને, સતત ઉપયોગવંત બનીને વિચરે. ''આ મેં નથી કહ્યું'' તેમ સુધર્મા સ્વામી કહે છે. તે કલ્પ્યાકલ્પ્યની વિધિ જાણનાર તીર્થંકરે બતાવેલ છે તથા હવે પછી કહે છે—

**● સૂત્ર-૨૧૮ :-**

***તે સમનોજ્ઞ મુનિ આદરપૂર્વક અસમનોજ્ઞને - આહાર આદિ ન આપે, ન નિમંત્રણા કરે, વૈયાવચ્ચ ન કરે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

ગૃહસ્થ કે કુશીલ પાસેથી અકલ્પ્ય જાણીને આહારાદિ ન લે. તે સમનોજ્ઞ સાધુ અસમનોજ્ઞને તે પૂર્વોક્ત અશનાદિ ન આપે. તેમને અતિ આદરથી અશનાદિ માટે નિમંત્રણ ન કરે. બીજી રીતે લલચાવે તો પણ તેમની વૈયાવચ્ચ ન કરે. ત્યારે પોતે કેવો બને ? તે કહે છે—

**● સૂત્ર-૨૧૯ :-**

***મતિમાન્ ભગવંતે જે ધર્મ કહ્યો છે, તે બરાબર સમજો. સમનોજ્ઞ સાધુ સમનોજ્ઞ સાધુને અતિ આદરપૂર્વક અશનાદિ આપે યાવત્ વૈયાવચ્ચ કરે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તમે કેવલી વર્ધમાનસ્વામીએ કહેલા દાનધર્મને જાણો. જેમ સમનોજ્ઞ સાધુ ઉદ્યુક્તવિહારી હોય, તે બીજા સમનોજ્ઞ ચારિત્રધારી સંવિગ્ન હોય, સમાન સામાચારીમાં

રહી સાથે ગૌચરી કરતો હોય તેવાને અશનાદિ આહાર, વસ્ત્રાદિ દ્રવ્ય આપે, તે માટે નિમંત્રણા કરે કે અંગમર્દનાદિ વૈયાવચ્ચ કરે. પણ તેથી વિપરીત ગૃહસ્થો, કુતીર્થિકો, પાસત્થાદિ, અસંવિગ્ન અસમનોજ્ઞ સાધુને ન આપે.

— પરંતુ સમનોજ્ઞને જ આપે. તથા અતિ આદરપૂર્વક તથા તે વસ્તુ માટે સીદાતો હોય કે ઉત્તપ્ત હોય તો તેની યોગ્ય વૈયાવચ્ચ કરે. આ પ્રમાણે ગૃહસ્થાદિ અને કુશીલાદિનો ત્યાગ કરવાનું કહ્યું. વિશેષ એ કે ગૃહસ્થ પાસે જે કલ્પ્ય હોય તે લે, માત્ર અકલ્પ્યનો નિષેધ કરે. અસમનોજ્ઞ પાસે દાન લેવાનો સર્વથા નિષેધ છે.- x -

**અધ્યયન-૮ 'વિમોક્ષ' ઉદ્દેશો-૨ ''અકલ્પનીય વિમોક્ષ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૩ ''અંગચેષ્ટાભાષિત'' 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૨ માં અકલ્પનીય આહારાદિનો નિષેધ કહ્યો. તે નિષેધથી ક્રોધિત થયેલ દાતાને યથાવસ્થિત પિંડદાનની પ્રરૂપણા કરે. તેમ આ ઉદ્દેશામાં આહારદાન નિમિત્તે ઘરમાં પ્રવેશેલ સાધુનું અંગ શીતાદિથી કંપતું જોઈને ગૃહસ્થ ઉલટું સમજે તો તેવા ગૃહસ્થને યથાવસ્થિત સ્વરૂપ બતાવીને ગીતાર્થ સાધુએ તેમની શંકા દૂર કરવી. આ પ્રમાણેના સંબંધથી આવેલા ઉદ્દેશાનું સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે—

**● સૂત્ર-૨૨૦ :-**

***કોઈ મધ્યમ વયમાં પ્રતિબોધ પામી ચારિત્ર ધર્મ માટે ઉત્થિત બને છે. મેધાવી સાધક પંડિતોના વચન સાંભળી તથા સમજીને સમભાવ ધરે. તીર્થંકરોએ સમતામાં ધર્મ કહ્યો છે. સમભાવી સાધુ કામભોગોની ઇચ્છાથી નિવૃત્ત થઈ પ્રાણીની હિંસા ન કરે, પરિગ્રહ ન રાખે, તેથી સમગ્ર લોકમાં અપરિગ્રહી કહેવાય છે. જે પ્રાણીના દંડનો ત્યાગ કરે છે તેથી પાપકર્મ નથી કરતા. તેથી તે મહાન્ નિર્ગ્રન્થ કહેવાય છે. એવા સાધુ દ્યુતિમાન, ક્ષેત્રજ્ઞ બને છે. ઉપપાત અને ચ્યવનને જાણીને [પાપકર્મ વર્જી બને છે.]***

**● વિવેચન :-**

ત્રણ અવસ્થા છે - યુવા, મધ્યમવય અને વૃદ્ધત્વ. તેમાં મધ્યમ વયવાળા પરિપક્વ બુદ્ધિત્વથી ધર્મને યોગ્ય છે, તે પ્રથમ બતાવે છે. કેટલાંક મધ્યમ વયમાં બોધ પામેલા, ચરણધર્મ માટે તૈયાર થયેલા તે સમુત્થિત જાણવા. જો કે પ્રથમ-ચરમ વયમાં દીક્ષા લેનારા હોય છે. છતાં બહુલતાએ પ્રાયઃ મધ્યમ વયમાં ભોગ તથા કુતૂહલ દૂર થયા હોવાથી અવિઘ્નપણે ધર્મના અધિકારી થાય છે. કઈ રીતે બોધ પામેલા તૈયાર થયા છે ? તે કહે છે. ત્રણ પ્રકારના બોધ પામનારા છે. તે આ રીતે—

સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોધિત. તેમાં અહીં બુદ્ધબોધિતનો અધિકાર



છે, તે કહે છે, મેધાવી-મર્યાદામાં રહેલ, પંડિત-તીર્થંકર આદિનું 'વચન'-હિત પ્રાપ્તિ અહિત ત્યાગને સાંભળીને, વિચારીને સમતા ધારણ કરે. શા માટે ? સમતા-મધ્યસ્થતા વડે તીર્થંકર આદિએ પ્રકર્ષથી શ્રુત ચારિત્રરૂપ ધર્મ કહ્યો છે. મધ્યમ વયમાં ધર્મ સાંભળી બોધ પામી ચારિત્ર લેવા તૈયાર થયેલા શું કરે ? તે કહે છે—

તેઓ દીક્ષા લઈને મોક્ષ પ્રતિ પ્રયાણ કરી કામભોગો ન ઇચ્છીને તથા પ્રાણીને દુઃખ ન આપીને પરિગ્રહને ધારણ ન કરતા વિચરે. આદ્ય-અંતના ગ્રહણથી મધ્યના ત્રણ મૃષાવાદત્યાગ આદિનું પણ ગ્રહણ થશે. એવા બનીને પોતાના દેહમાં પણ મમત્વ ન કરે. સર્વલોકમાં પણ કોઈ પરિગ્રહ ન રાખે. - x - વળી પ્રાણીને દંડે તે દંડ - પરિતાપકારી. તે દંડને પ્રાણી તરફ કે પ્રાણી વિશે નાંખવાથી અઢાર પ્રકારના પાપરૂપ કર્મ બંધાય. તેને ઉત્તમ સાધુ ન આચરે. બાહ્ય અભ્યંતર ગ્રંથને ત્યાગવાથી તેવા સાધુને તીર્થંકર, ગણધરાદિએ નિર્ગ્રન્થ કહ્યા છે.

તે અદ્વિતીય એટલે રાગદ્વેષરહિત છે. સંયમ કે મોક્ષનો ખેદજ્ઞ-નિપુણ દેવલોકમાં પણ ઉપપાત, ચ્યવન છે, તેમ જાણીને વિચારે કે, સર્વ સ્થાન અનિત્ય છે. એવી બુદ્ધિથી પાપકર્મવર્જી થાય. કેટલાંક તો મધ્યમ વયમાં પણ ચારિત્ર લઈ પરિષહ-ઇન્દ્રિયોથી ગ્લાની પામે છે—

**● સૂત્ર-૨૨૧ :-**

***શરીર આહારથી વૃદ્ધિ પામે છે અને પરીષહોથી ક્ષીણ થાય છે. છતાં જુઓ કાયર મનુષ્ય શરીર ગ્લાન થતા સર્વ ઇન્દ્રિયોથી ગ્લાન થાય છે.***

**● વિવેચન :-**

આહારથી ઉપચય [વૃદ્ધિ] પામનાર દેહો [શરીરો] છે. આહારના અભાવે તે મ્લાન બને છે કે નાશ પામે છે. પરીષહો વડે પણ શરીર ભંગાય છે. તેથી આહારથી પુષ્ટ થતા શરીર પણ પરીષહો આવતા કે વાયુના ક્ષોભથી તમે જુઓ કે કેટલાક કાયરો સર્વ ઇન્દ્રિયોથી ગ્લાન થતાં કાયર બની જાય છે. જેમકે ભૂખથી પીડાયેલો દેખતો નથી, સાંભળતો નથી, સુંઘતો નથી આદિ. કેવલી પણ આહાર વિના શરીરે ગ્લાની પામે છે તો બીજા સ્વભાવથી જ ભંગુરશરીરનું શું કહેવું ?

પ્રશ્ન - અકેવલી અકૃતાર્થત્વથી અને ક્ષુધા વેદનીયના સદ્‌ભાવથી આહાર કરે છે અને દયાદી વ્રતો પાળે છે. પણ કેવલી તો નિયમથી મોક્ષે જનાર છે, તે શા માટે શરીર ધારણ કરે છે કે તે માટે ખાય છે ?

ઉત્તર - કેવલીને પણ ચાર કર્મોનો સદ્‌ભાવ છે, તેથી એકાંતથી કૃતાર્થ નથી. તે માટે શરીર ધારે છે. આહાર વિના તેનું ધારણ ન થાય. ક્ષુધા વેદનીયનો પણ તેને સદ્‌ભાવ છે. કેવલીને પણ ૧૧-પરીષહો સંભવે છે. તેથી કેવલી આહાર કરે તે સિદ્ધ છે. આહાર વિના ઇન્દ્રિયો ગ્લાની પામે છે તે કહ્યું.

તત્ત્વજ્ઞાતા પરીષહથી પીડાય તો શું કરે ?—

**● સૂત્ર-૨૨૨ :-**

***તેજસ્વી પુરુષો પરીષહો આવવા છતાં દયા પાળે. જે ભિક્ષુ સંનિધાન***

***શસ્ત્રના ખેદજ્ઞ છે; તે કાલજ્ઞ, બલજ્ઞ, માત્રજ્ઞ, ક્ષણજ્ઞ, વિનયજ્ઞ, સમયજ્ઞ હોય છે. પરિગ્રહની મમતા છોડી યથાસમય ક્રિયા કરતા, અપ્રતિજ્ઞ, રાગદ્વેષનો નાશ કરી સંયમમાં આગળ વધે છે.***

● વિવેચન :-

એકલો રાગદ્વેષ રહિત થઈ ભૂખ-તરસ આદિ પરીષહમાં પણ દયા પાળે છે. પરીષહથી પીડાઈને દયા છોડતો નથી. દયા કોણ પાળે ?

જે લઘુકર્મા હોય તે, જેના વડે સમ્યક્ રીતે નારકાદિ ગતિમાં રખાય તે સંનિધાન કર્મ. તેના સ્વરૂપને જણાવનાર શાસ્ત્રમાં નિપૂણ છે અથવા સંનિધાન કર્મનું શસ્ત્ર-સંયમ તેને સારી રીતે જાણનાર, સંયમ વિધિજ્ઞ છે. તે ભિક્ષુ ઉચિતાનુચિત અવસરનો જ્ઞાતા છે. આ બધાંનો અર્થ બીજા અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં કહ્યો છે. તથા બલજ્ઞ આદિ, પરિગ્રહના મમત્વનો ત્યાગી, કાલમાં ઉત્થાયી તથા અપ્રતિજ્ઞ બનીને ઉભયથી છેદનારો એવો સંયમાનુષ્ઠાનમાં નિશ્ચયથી વર્તે.

તેને સંયમ અનુષ્ઠાનમાં વર્તતા શું થાય ? તે કહે છે—

● સૂત્ર-૨૨૩ :-

***શીતસ્પર્શથી ધ્રૂજતા મુનિ પાસે જઈને કોઈ ગૃહસ્થ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આપને ઇન્દ્રિયવિષય તો પીડતા નથીને ? ત્યારે ભિક્ષુ કહે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! મને કામ પીડા નથી પણ હું ઠંડી સહન નથી કરી શકતો. અગ્નિ વારંવાર સળગાવીને શરીર વારંવાર તપાવવું કે તેમ બીજાને કહેવું મને કલ્પતું નથી.***

***સાધુની આ વાત સાંભળીને કદાચ તે ગૃહસ્થ અગ્નિ સળગાવી, પ્રજ્વલિત કરી મુનિના શરીરને તપાવવા પ્રયત્ન કરે તો સાધુ તેને કહી દે કે, મારે અગ્નિનું સેવન કલ્પતું નથી. તેમ હું કહું છું.***

● વિવેચન :-

અંત પ્રાંત આહારથી તેજરહિત બનેલા નિષ્કિંચન તથા ભિક્ષાથી નિર્વાહ કરનારા સાધુને ઉષ્માવસ્થ યુવાની જતા ઠંડી રોકવા યોગ્ય વસ્ત્ર જોઈઓ તે ન મળતા ઠંડીથી કંપતા શરીરવાળાને ગૃહસ્થ નજીક આવે ત્યારે શું થાય તે કહે છે—

તે ગૃહસ્થ ઐશ્વર્યની ઉષ્માવાળો છે. કસ્તુરી અને કેસર આદિથી લિપ્ત દેહવાળા છે. યુવાન સુંદરીના સંદોહથી વીંટાયેલો છે, શીત સ્પર્શનો અનુભવ જેને નાશ પામેલ છે તેવો ધનિક કંપતા મુનિને જોઈને વિચારે છે કે, આ મારી રૂપસંપન્ન સુંદરીને જોઈને કંપે છે કે ઠંડીથી ? તે સંશયથી બોલે છે કે, હે શ્રમણ ! - x - આપને શું ઇન્દ્રિય વિષયો દુઃખ દે છે ? આવું પૂછનાર ગૃહસ્થને સાધુએ કહેવું કે—

આ ગૃહસ્થને આત્મીય અનુભવથી ખોટી શંકા થઈ છે. એમ વિચારી સાધુ બોલે કે, હે આયુષ્યમાન્ ગૃહસ્થ ! મને ઇન્દ્રિય વિષયો પીડતા નથી. તમે મારું કંપતું શરીર જોયું તે ફક્ત ઠંડીના કારણે જ છે. મનના વિકારજન્ય નથી. શીતસ્પર્શને સહન કરવા હું સમર્થ નથી.





તે સાંભળી ભક્તિ અને કરુણાસભર ગૃહસ્થ કહે કે, તમે ઠંડીને દૂર કરનારા સુપ્રજ્વલિત અગ્નિને કેમ સેવતા નથી ? ત્યારે મુનિ કહે કે, મને અગ્નિકાય સેવન, અગ્નિ સળગાવવો કે કોઈએ સળગાવેલ હોય ત્યાં થોડો તાપ લેવો પણ કલ્પતો નથી. બીજાના વચનથી પણ તેમ કરવું મને ન કલ્પે. - x - આવું સાંભળી ગૃહસ્થ કદાચ અગ્નિ સળગાવી ભડકો કરી મુનિની કાયાને થોડી-ઘણી તપાવે તો તે જોઈને મુનિ સ્વ બુદ્ધિથી કે તીર્થંકર વચનથી કે બીજા પાસે તત્ત્વ જાણીને તે ગૃહસ્થને સમજાવે કે અગ્નિ સેવવો મને કલ્પતો નથી, પણ તમે ભક્તિ અને અનુકંપાથી પુણ્યનો સમૂહ ઉપાર્જન કર્યો છે, તેમ હું કહું છું.

અધ્યયન-૮ ‘વિમોક્ષ’ ઉદ્દેશો-૩ ‘અંગચેષ્ટાભાષિત’નો
મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૪ “વેહાસનાદિમરણ” 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે ઉદ્દેશા-૩ માં ગોચરી ગયેલા સાધુને ઠંડીથી શરીર કંપતા ગૃહસ્થને ખોટી શંકા થાય તો દૂર કરે. પણ યુવાન સ્ત્રીને ખોટી શંકા થાય અને ઉપસર્ગ કરે તો વેહાસનાદિ મરણ સ્વીકારવું. જો કોઈ કારણ ન હોય તો આપઘાત ન કરવો.

તે બતાવવા આ ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૨૪ :-

***જે ભિક્ષુ ત્રણ વસ્ત્ર અને એક પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરે છે. તેને એવો વિચાર નથી હોતો કે હું ચોથું વસ્ત્ર યાચું. તે જરૂર હોય તો એષણીય વસ્ત્રની યાચના કરે અને જેવું વસ્ત્ર મળે તેવું ધારણ કરે. તે વસ્ત્ર ધુવે નહીં, ન રંગે કે ન ધોયેલ-રંગેલ વસ્ત્ર ધારણ કરે. એવાં હલકા વસ્ત્રો રાખે કે જેથી ગામ-જતાં રસ્તામાં સંતાડવા ન પડે. આ નિશ્ચિતરૂપે વસ્ત્રધારીની સામગ્રી છે.***

● વિવેચન :-

અહીં પ્રતિમાધારી કે જિનકલ્પીને ‘અછિદ્રપાણિ’ મુનિ જાણવા. તેને જ પાત્રનિર્યોગ યુક્ત પાત્ર તથા ત્રણ વસ્ત્રની ઓઘ ઉપધિ હોય છે. તેને ઔપગ્રહિક ઉપધિ હોતી નથી. તેમાં ઠંડીમાં અઢી હાથ લાંબા, એક હાથ પહોળા સુતરાઉ બે વસ્ત્રો અને ત્રીજું ઉનનું હોય છે. તેવા મુનિ ઠંડીમાં પણ બીજું વસ્ત્ર ન ઇચ્છે. જે ભિક્ષુ ત્રણ વસ્ત્રની મર્યાદાવાળા છે, તેઓ ઠંડી લાગે તો એક વસ્ત્ર ઓઢે, તો પણ ઠંડી સહન ન થાય તો બીજું વસ્ત્ર ઓઢે, છતાં સહન ન થાય તો બે સુતી વસ્ત્ર પર ઉની વસ્ત્ર ઓઢે. ઉનનું વસ્ત્ર સર્વથા બહારના ભાગે રાખે. ત્રણ વસ્ત્રો કેવા છે ?

પડતા આહારને ન પડવા દે તે પાત્ર. તેના ગ્રહણથી સાત પ્રકારનો પાત્રનિર્યોગ પણ લીધો. તેના વિના પાત્ર ન લેવાય. તે આ પ્રમાણે - પાત્ર, પાત્રબંધ, પાત્રસ્થાપન,

પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છગ આ સાત પાત્રનિર્યોગ છે. તથા કલ્પ [વસ્ત્ર] ત્રણ અને રજોહરણ, મુહપત્તિ એ બાર પ્રકારે ઉપધિ છે. તે ધારણ કરનારને એવો વિચાર ન થાય કે મને શીતકાળે ત્રણ વસ્ત્રોથી ઠંડી દૂર થતી નથી માટે હું ચોથું વસ્ત્ર યાચું. આમ અધ્યવસાય નિષેધથી યાચનાનો પણ નિષેધ થયો.

જો ત્રણ કલ્પ ન હોય અને ઠંડી ઋતુ આવે તો આ મુનિ નિર્દોષ વસ્ત્રની યાચના કરે. - x - તેમાં ઉદ્દિષ્ઠ, પહે, અંતર, ઉજ્જિતધર્મા એ ચાર વસ્ત્રની એષણા છે. તેમાં પાછલા બે નો અગ્રહ છે, બાકીના બે ગ્રાહ્ય છે. તેમાં કોઈ એકનો અભિગ્રહ હોય છે. યાચનાથી શુદ્ધ વસ્ત્રો મળે તો લે અને જેવાં લીધાં તેવા જ પહેરે, પણ તેને ધોવું વગેરે પરિકર્મ ન જ કરે. તે જ દર્શાવવા કહે છે–

વસ્ત્ર ન ધુવે, - x - ધોઈને રંગેલા વસ્ત્રો ન પહેરે, ગ્રામાંતર જતા વસ્ત્ર સંતાડ્યા વિના ચાલે. અર્થાત્ અંતપ્રાંત વસ્ત્ર ધારણ કરે જેથી સંતાડવા ન પડે. તેથી જ જિનકલ્પી અવમચેલિક છે - એટલે - પ્રમાણથી અને મૂલ્યથી અલ્પ વસ્ત્ર. આ પ્રમાણે વસ્ત્રધારી મુનિને ત્રિકલ્પવાળી કે બાર પ્રકારની ઔધિક ઉપધિ હોય છે. પણ બીજી ન હોય.

ઠંડી દૂર થતાં તે વસ્ત્રો પણ તજવાના છે, તે બતાવે છે–

● **સૂત્ર-૨૨૫ :-**

***મુનિ જાણે કે હેમંત [ઠંડી] ની ઋતુ વીતી ગઈ છે, ગ્રીષ્મઋતુ આવી છે, તો પહેલાંના જીર્ણ વસ્ત્રો પરઠવી દે. અથવા જરૂર હોય તો ઓછા કરે અથવા એક જ વસ્ત્ર રાખે કે અચેલક થઈ જાય.***

● **વિવેચન :-**

જો તે વસ્ત્રો બીજા શિયાળા સુધી ચાલે તેવાં હોય, તો બંને કાળે પડિલેહણા કરી ધારણ કરે. પણ જો જીર્ણ જેવાં થઈ ગયા હોય તો ત્યાગ કરે. - x - પછી તે સાધુ એમ જાણે કે નિશ્ચે શિયાળો ગયો અને ઉનાળો આવ્યો છે. ઠંડી દૂર થઈ છે. આ વસ્ત્રો પણ જીર્ણ થયા છે એવું જાણીને તે વસ્ત્રો તજી દે. જો બધાં જીર્ણ ન થયા હોય તો જે જીર્ણ હોય તે ત્યજે. પછી નિઃસંગ થઈને વિચરે. પણ જો શિશિર ઋતુ વીત્યા પછી ક્ષેત્ર, કાળ કે પુરુષને આશ્રીને ઠંડી વધુ લાગે તો શું કરવું ?

ઠંડી જતાં વસ્ત્રો ત્યાગે. અથવા - x - હિમ કે ઠંડો પવન હોય તો - x - ઠંડીની પરીક્ષા કરવા કાંઈક ઓઢે, કાંઈક બાજુએ રાખે. પણ ઠંડીની શંકાથી ત્યજી ન દે. અથવા ઓછા વસ્ત્રવાળો થઈ - x - બે વસ્ત્ર ધારણ કરે, ઠંડી જતાં બીજું વસ્ત્ર દૂર કરે, ક્રમશઃ ઠંડી જતાં માત્ર એક વસ્ત્ર રાખે અથવા તે પણ તજી અચેલક બની મુહપત્તિ અને રજોહરણ જ રાખે.

તે એક-એક વસ્ત્ર શા માટે તજે ? તે બતાવે છે–

● **સૂત્ર-૨૨૬ :-**

***લાઘવ ગુણની પ્રાપ્તિ થતા [વસ્ત્ર પરિત્યાગ કરે] તેથી તે મુનિને સહજતાથી [કાયકલેશ] તપની પ્રાપ્તિ થાય છે.***



● **વિવેચન :-**

લઘુનો ભાવ લાઘવ જેને હોય તે લાઘવિક છે. તેને ધારણ કરવા વસ્ત્રનો ત્યાગ કરે અથવા શરીર અને ઉપકરણકર્મમાં લાઘવતા પામીને વસ્ત્ર ત્યાગ કરે. એવા લાઘવિકને શું થાય તે કહે છે–

તે વસ્ત્ર પરિત્યાગી સાધુને તપની પ્રાપ્તિ થાય. કેમકે કાયક્લેશ એ તપનો ભેદ છે. કહ્યું છે કે, પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થને અચેલકત્વ પ્રશસ્ત છે - અલ્પપડિલેહણા, વિશ્વાસ્યરૂપ, તપની અનુમતિ, પ્રશસ્ત લાઘવ અને વિપુલ ઇન્દ્રિય નિગ્રહ. ભગવંતે કહ્યું છે તે બતાવે છે–

● **સૂત્ર-૨૨૭ :-**

***જે આ ભગવંતે કહ્યું છે, તેના રહસ્યને સમજી સર્વ પ્રકારે સંપૂર્ણરૂપે સમત્વને સમ્યક્ પ્રકારે જાણે અને સેવન કરે.***

● **વિવેચન :-**

આ બધું વીર વર્ધમાન સ્વામીએ કહેલું છે, એમ જાણીને સર્વ પ્રકારે સર્વાત્મના સમ્યકત્વ કે સમત્વ ધારે અર્થાત્ સચેલ-અચેલ અવસ્થાની તુલનાને જાણી આસેવન-પરિજ્ઞાથી પાલન કરે. પણ જે સાધુ અલ્પસત્ત્વતાથી ભગવંતનો માર્ગ બરોબર ન જાણે, તો તે સાધુ હવે જે બતાવે છે, તેવા અધ્યવસાયવાળો થાય. તે કહે છે–

● **સૂત્ર-૨૨૮ :-**

***જે સાધુને એમ સમજાય કે હું શીતાદિ પરીષહોથી આક્રાંત થયો છું. હું તેને સહન કરવા અસમર્થ છું, તે સંયમધની પોતાની બુદ્ધિથી વિચારી, અકાર્ય નહીં કરતાં સંયમમાં જ સ્થિત રહે. જો સંયમજીવનની રક્ષાનો સંભવ ન હોય તો તપસ્વી માટે વૈહાસનાદિ મરણ શ્રેષ્ઠ છે. આ મરણ કોઈ કોઈ સ્વીકારે છે. આ મરણ પણ તે સામાયિક મરણ સમાન છે. આ પ્રકારે મૃત્યુ પામનાર કર્મોના અંત કરે છે. આ મરણ નિર્મોહતાનું સ્થાન છે, હિતકર-સુખકર-યોગ્ય-મોક્ષનું કારણ અને પરલોકમાં સાથે ચાલનાર છે, તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

જે ભિક્ષુને મંદ સંહનનતાથી એવો અધ્યવસાય થાય કે હું રોગ આતંકથી, ઠંડી આદિ કારણે કે સ્ત્રી આદિના ઉપસર્ગથી મારે આ અવસરે શરીર ત્યાગવું એ જ શ્રેય છે, હું ઠંડી વગેરેનું દુઃખ, ભાવશીત સ્પર્શ કે સ્ત્રી આદિ ઉપસર્ગ સહન કરવા સમર્થ નથી. તેથી મારે ભક્તપરિજ્ઞાદિ ઉત્સર્ગ મૃત્યુ યોગ્ય છે. પણ આ અવસરે તેવું બની શકે તેમ નથી કેમકે તેટલો કાળ હું ઉપસર્ગ સહન કરી શકું તેમ નથી. - x - તો મારે વેહાનસ કે ગૃદ્ધપૃષ્ઠ અપવાદિક મરણ સ્વીકારવું જ યોગ્ય છે. પણ આ પાપસેવન યોગ્ય નથી.

તે સાધુ સંયમ રૂપ ધનવાળો છે. તેને સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત થવા છતાં કોઈ સ્ત્રીના કટાક્ષનો ઉપસર્ગ સંભવ થતાં પણ તે ન સેવવાથી આવૃત્ત છે. અથવા વાયુ આદિથી થતો ઠંડો સ્પર્શ જે દુઃખદાયી છે, તેની ચિકિત્સા ન કરવાથી તે સંયમધની

સિદ્ધાંત પ્રાપ્ત જ્ઞાનથી આવૃત્ત છે. તેવા ઉપસર્ગમાં કે વાતાદિ વેદના ન સહન કરી શકવાથી તે શું કરે ? તે કહે છે—

જેથી ઘણો કાળ વાતાદિ વેદના ન સહી શકવાથી કે સ્ત્રીના ઉપસર્ગથી તે વિષભક્ષણ કે ફાંસો ખાવા છતાં મુક્ત ન થાય તો તે તપસ્વીએ - x - મરવું એ જ શ્રેય છે. જેમ કોઈ સાધુને સગાંએ સ્ત્રીવાળા ઓરડામાં પ્રવેશ કરાવ્યો, પ્રીતિવાળી પત્નીએ પ્રાર્થવા છતાં સાધુએ ધૈર્ય રાખ્યું, પણ ઉપાય ન મળવાથી તેણે ફાંસો ખાધો તેમ ફાંસો ખાવો, વિષ ભક્ષણ કરવું - x - આદિ યોગ્ય જ છે.

શંકા-ફાંસો ખાવો આદિ બાળમરણ છે, તે અનર્થને માટે છે. તો તેનો ઉપદેશ કેમ કર્યો ? - કારણ કે સિદ્ધાંતમાં કહ્યું છે - બાલ મરણે મરતો જીવ અનંત નૈરયિક ભવગ્રહણથી આત્માને સંયોજે છે - x - x - વારંવાર સંસાર ભ્રમણ કરે છે.

ઉત્તર - આર્હત્ ધર્મમાં આ દોષ નથી. મૈથુન સિવાય એકાંતે કોઈ દોષ નથી. બીજામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રીને જે પહેલા નિષેધ કર્યો હતો તે જ સ્વીકારાય છે. ઉત્સર્ગ પણ અગુણ માટે અને અપવાદ પણ ગુણ માટે થાય. દીર્ઘકાળ સંયમપાળીને સંલેખના વિધિ વડે ભક્તપરિજ્ઞા મરણ ગુણને માટે છે પણ સ્ત્રી આદિ ઉપસર્ગમાં વેહાનસાદિ મરણ - x - પણ ગુણવાળું છે - x - ઘણાં કાળ પર્યાયે ખપાવાતું કર્મ સાધુ આવા અવસરે થોડાં કાળમાં ખપાવે છે—

વેહાનસ આદિ મરણે મરનાર પણ - x - વિશેષ પ્રકારે અંતક્રિયા કરનાર છે. તેને તે અવસરે વેહાસનાદિ મરણ જ ઉત્સર્ગ માર્ગ છે. કેમકે આવા અપવાદિક મરણ વડે અનંતા સિદ્ધો પૂર્વે થયા અને થશે. ઉપસંહાર કરવા કહે છે, આ પૂર્વોક્ત વેહાસનાદિ મરણ મોહ રહિતને કર્તવ્યતાથી આશ્રયરૂપ છે, અપાય પરિહારથી હિતરૂપ છે. તથા જન્માંતરમાં સુખ આપનાર હોવાથી સુખરૂપ છે. કાળ પ્રાપ્ત થયો હોવાથી યુક્ત છે, કર્મક્ષય હેતુથી નિઃશ્રેયસ છે. પુણ્ય અર્જિત થવાથી આનુગામિક છે. તેમ સુધર્માસ્વામી કહે છે.

**અધ્યયન-૮ 'વિમોક્ષ' ઉદ્દેશો-૪ ''વેહાસનાદિમરણ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૫ ''ગ્લાનભક્તપરિજ્ઞા'' 卐

૦ ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે. તેનો સંબંધ આ રીતે છે - ઉદ્દેશા-૪માં ગૃદ્ધપૃષ્ઠાદિ બાળમરણ બતાવ્યું. આ ઉદ્દેશામાં તેથી વિપરીત ગ્લાનભાવ પામેલા ભિક્ષુએ ભક્તપરિજ્ઞા મરણ સ્વીકારવું તે કહે છે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

**● સૂત્ર-૨૨૯ :-**

***જે ભિક્ષુએ બે વસ્ત્ર અને ત્રીજું પાત્ર રાખવાની મર્યાદા કરી છે તેને એવું થતું નથી કે હું ત્રીજું વસ્ત્ર યાચું. તે પોતાની કલ્પમર્યાદા અનુસાર એષણીય વસ્ત્ર યાચે - યાવત્ - તે એ સાધુની સામગ્રી છે. જ્યારે એ ભિક્ષુ જાણે કે હેમંતઋતુ ગઈ, ગ્રીષ્મ આવી તો જીર્ણવસ્ત્રોને પરઠવી દે અથવા જરૂર હોય તો વસ્ત્ર ધારણ કરે કે એકનો ત્યાગ કરે કે વસ્ત્રરહિત પણ થઈ જાય. એ રીતે લાઘવગુણ સાથે તપની પ્રાપ્તિ થાય છે. જે રીતે આ ભગવંતે કહ્યું છે તે સારી રીતે સમજી સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.***

***જે સાધુને એવું લાગે કે હું રોગથી નિર્બળ થયો છું. ભિક્ષા માટે અનેક ઘરોમાં જવા માટે અસમર્થ છું. એવું કહેતા સાંભળીને કોઈ ગૃહસ્થ સાધુ માટે સામેથી લાવીને આહારાદિ આપે તો સાધુ પહેલાં જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! સામેથી લાવેલ આહાર કે આ પ્રકારનો અન્ય કોઈ પદાર્થ મને ખાવો-પીવો ન કલ્પે.***

**● વિવેચન :-**

અહીં ત્રણ કલ્પ [વસ્ત્ર] સ્થિત સ્થવિરકલ્પી કે જિનકલ્પી હોય પણ બે વસ્ત્ર ધારણ કરનાર અવશ્ય જિનકલ્પી, પરિહાર વિશુદ્ધિક, યથાલંદિક કે પ્રતિમાધારી હોય. આ સૂત્રમાં બતાવેલ જિનકલ્પી વગેરે બે વસ્ત્રધારી હોય, વસ્ત્ર-શબ્દથી એક સુતરાઉ અને બીજુ ઉની વસ્ત્ર ધારી સંયમમાં રહેલ હોય [તેમ જાણવું.]

કેવા બે કલ્પ [વસ્ત્ર] ? ત્રીજું પાત્ર ધારણ કરેલ ઇત્યાદિ પૂર્વસૂત્ર પ્રમાણે - યાવત્ - તે ઠંડીથી પીડાયા સુધીનું જાણવું.

હું વાયુ આદિ રોગથી પીડિત, નિર્બળ હોવાથી ઘેર-ઘેર જવાને અસમર્થ છું. તથા ભિક્ષાચર્યાર્થે જવા અશક્ત છું. આવા ભિક્ષુ પાસે કોઈ ગૃહસ્થ - x - તેમને અશક્ત જોઈને અનુકંપા તથા ભક્તિથી કોમળ હૃદયવાળો બનીને જીવોની હિંસાદિથી બનાવેલ અશનાદિ લાવીને તે સાધુને આપે, ત્યારે ગ્લાન સાધુએ સૂત્રાર્થના અનુસારે જીવિત નહીં વાંછતા, મૃત્યુ સારું છે એમ વિચારીને શું કરવું ?

તે જિનકલ્પી આદિ ચારમાંથી કોઈએ પણ પહેલા વિચારવું કે ઉદ્‌ગમ આદિ કયા દોષથી આ દૂષિત છે ? તેમાં અભ્યાહૃત દોષ જાણીને તેનો નિષેધ કરવો. તે આ રીતે - હે આયુષ્યમાન્ ગૃહપતિ ! આ મારે સામેથી લાવેલ કે લવાયેલ અશનાદિ ખાવા-પીવાનું કે તેવું બીજું આધાકર્માદિ દોષથી દુષ્ટ ન કલ્પે. આ પ્રમાણે તે દાન આપતાં ગૃહસ્થને સમજાવે. પાઠાંતર મુજબ—

કોઈ ગૃહસ્થ તે સાધુ પાસે આવીને કહે કે, હું તમારા માટે અશન આદિ સામેથી લાવીને આપું. જો સાધુ પહેલાથી તે જાણે તો કહે કે, હે ગૃહપતિ ! મને, સામેથી લાવી આપેલ અશનાદિ કે બીજું કંઈ ન કલ્પે. આમ નિષેધ કરવા છતાં સમ્યગ્દૃષ્ટિ, પ્રકૃતિ ભદ્રક કે મિથ્યાદૃષ્ટિ કોઈ પણ એમ વિચારે કે, આ ગ્લાન સાધુ ભિક્ષા લેવા જવા અશક્ત છે, બીજાને કહી શકે તેમ પણ નથી માટે તેના નિષેધ છતાં હું કોઈ બહાને લાવીને આપીશ. એમ વિચારી લાવીને આપે તો સાધુ તેને અનેષણીય જાણીને તે ગૃહસ્થને ના પાડે. — વળી —

**● સૂત્ર-૨૩૦ :-**

***જે સાધુની એવી પ્રતિજ્ઞા હોય કે હું બીમાર થાઉં તો બીજા સાધુને સેવા***

*કરવાનું કહીશ નહીં પણ સમાન સામાચારીવાળા નીરોગી સાધુ કર્મનિર્જરાના ઉદ્દેશથી સ્વેચ્છાપૂર્વક મારી સેવા કરે તો હું સ્વીકારીશ અને જો હું સ્વસ્થ હોઉં તો બીજા સહધર્મી અસ્વસ્થ શ્રમણની સ્વેચ્છાપૂર્વક અને કર્મનિર્જરાર્થે સેવા કરીશ. બીજાઓ માટે આહારાદિ લાવીશ અને બીજા સાધુઓ લાવ્યા હોય તે સ્વીકારીશ. (૧)*

*બીજા સાધુ માટે આહારાદિ લાવીશ, પણ બીજા સાધુઓ લાવ્યા હોય તે લઈશ નહીં (૨). - હું બીજા સાધુઓ માટે નહીં લાવું પણ બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ (૩). - હું બીજા માટે લાવીશ નહીં અને બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ નહીં (૪).-*

*આ ચાર પ્રતિજ્ઞાઓમાંથી જે અંગીકાર કરી હોય તેનું પૂર્ણ રીતે પાલન કરે. એવા સાધુ શાંત, વિરત, વિશુદ્ધ લેશ્યાવાળા થઈ દેહનો ત્યાગ કરે પણ પ્રતિજ્ઞા ભંગ ન કરે. તેમ કરતા તેનું મરણ થઈ જાય તો તેનું મરણ અનશન પ્રાપ્ત મરણ સમાન છે. તે નિર્મોહપણાનું સ્થાન છે, હિતકર-સુખકર-યોગ્ય-કલ્યાણકર અને સાથે આવનાર છે. તેમ હું કહું છું.*

● **વિવેચન :-**

જે ભિક્ષુ પરિહાર વિશુદ્ધિક કે યથાલંદિક હોય તેને હવે કહેવાનાર આચાર હોય છે. તે આ પ્રમાણે— - x - હું બીજાએ કરેલી વૈયાવચ્ચની અભિલાષા રાખીશ. હું કેવો ? पडिण्णत - વૈયાવચ્ચ કરવાને બીજાએ કહેલો અર્થાત્ તેઓ કહે છે કે, અમે તમારી યથોચિત વૈયાવચ્ચ કરીએ, તે બીજા કેવા છે ? अपडिण्णत - ન કહેલા. હું કેવો છું ? ગ્લાન-વિકૃષ્ટ તપ વડે કર્તવ્યતામાં અશક્ત કે વાયુ આદિ ક્ષોભથી ગ્લાન.

બીજા કેવા છે ? અગ્લાન-ઉચિત કર્તવ્ય કરવાને સમર્થ. તેમાં પરિહાર વિશુદ્ધિકની અનુપારિહારિક [વૈયાવચ્ચ કરનાર]. તે કલ્પસ્થિત હોય કે બીજો હોય. જો તે વૈયાવચ્ચી પણ ગ્લાન હોય તો તે બીજાની સેવા ન કરે. એ પ્રમાણે યથાલંદિક સાધુનું પણ જાણવું. એટલું વિશેષ કે સ્થવિર કલ્પી તેની સેવા કરી શકે છે, તે બતાવે છે—

નિર્જરાને ઉદ્દેશીને સરખા કલ્પવાળા કે એક કલ્પમાં રહેલા બીજા સાધુઓથી કરાયેલી વૈયાવચ્ચને હું ઈચ્છીશ. જે આ ભિક્ષુનો આચાર છે, તે આચારને પાળતો ભક્તપરિજ્ઞા વડે પણ જીવિતને છોડે, પણ આચારનું ખંડન ન કરે. એ ભાવાર્થ છે.

તે જ પ્રમાણે અન્ય સાધર્મિક વડે કરાતું વૈયાવચ્ચ અનુજ્ઞાત છે. હવે બીજાની વૈયાવચ્ચ પોતે કરે તે બતાવે છે. - x - x - અને હું અપ્રતિજ્ઞપ્ત છું. જે બીજો પ્રતિજ્ઞપ્ત-વૈયાવચ્ચ ન કરવાને કહેવાયેલ ગ્લાનની હું અગ્લાન નિર્જરાર્થે તે સાધર્મિકની વૈયાવચ્ચ કરું. શા માટે ? તેના ઉપકારને માટે. તેથી આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને પણ ભક્તપરિજ્ઞા વડે પ્રાણોને છોડે. પણ પ્રતિજ્ઞા ખંડન ન કરે. એ ભાવ છે.

હવે આ પ્રતિજ્ઞા વિશેષ દ્વારથી ચઉભંગી કહે છે—



૧-કોઈ એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા ગ્લાન સાધર્મિકને આહાર આદિ લાવી આપીશ. બીજાની યથોચિત વૈયાવચ્ચ કરીશ. તથા બીજા સાધર્મિકે લાવેલ આહાર આદિ વાપરીશ. - x - એમ વૈયાવચ્ચ કરે.

૨-બીજા એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે આહારાદિ લાવીશ પણ બીજાના લાવેલ આહાર આદિ વાપરીશ નહીં.

૩-ત્રીજા એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે આહાર આદિ નહીં લાવું. પણ બીજાના લાવેલ આહાર આદિ વાપરીશ.

૪-ચોથા એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે આહાર આદિ નહીં લાવું તેમ બીજાના લાવેલ આહાર આદિ વાપરીશ પણ નહીં.

આ પ્રમાણે વિવિધ પ્રતિજ્ઞા લઈને ક્યાંય માંદો પણ થાય, તો પણ જીવિતનો ત્યાગ કરે પણ પ્રતિજ્ઞા ન લોપે. હવે આનો ઉપસંહાર કરવા કહે છે, ઉક્ત વિધિ વડે તત્ત્વજ્ઞાતા ભિક્ષુ શરીરાદિનો મોહ છોડીને યથાકીર્તિત ધર્મને જ બરોબર જાણીને આસેવન પરિજ્ઞા વડે પાળતો તથા લાઘવિકને ઈચ્છતો...ચોથા ઉદ્દેશામાં જે કહ્યું તે બધું અહીં જાણવું. તથા પોતે કષાયના ઉપશમથી શાંત છે અથવા અનાદિ સંસારના ભ્રમણથી શ્રાંત છે. તે સાવધાનુષ્ઠાનથી વિરત છે. અંતઃકરણની નિર્મળવૃત્તિથી તેજો આદિ લેશ્યાદિથી તે સુસમાહૃત લેશ્ય છે. આવો બનીને તે પૂર્વગૃહીત પ્રતિજ્ઞા પાલનમાં સમર્થ તે તપ કે રોગ વડે ગ્લાનભાવને પામેલ હોવા છતાં પ્રતિજ્ઞા લોપ ન કરતો શરીરના ત્યાગ માટે ભક્ત પ્રત્યાખ્યાન કરે.

ભક્તપરિજ્ઞામાં પણ કાળપર્યાય ન હોવા છતાં કાળ પર્યાય છે.

જેણે શિષ્યોને તૈયાર કર્યા હોય, સંલિખિત દેહવાળો હોય, તેનો જે કાળપર્યાય-મૃત્યુ અવસર પ્રશંસ્ય છે. ગ્લાનને પણ આવો જ અવસર છે. કેમકે બંનેમાં કર્મનિર્જરા સમાન છે. ઇત્યાદિ પૂર્વવત્.

**અધ્યયન-૮ "વિમોક્ષ" ઉદ્દેશો-૫ "ગ્લાનભક્તપરિજ્ઞા"નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૬ "એકત્વભાવના-ઇંગિતમરણ" 卐

૦ પાંચમો ઉદ્દેશો કહ્યો. હવે છઠ્ઠો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે— ઉદ્દેશા-૫ માં ગ્લાનતાથી ભક્ત પ્રત્યાખ્યાન કહ્યું. આ ઉદ્દેશામાં ધૃતિ સંહનનાદિ બળવાળો સાધુ એકત્વ ભાવના ભાવતો ઇંગિતમરણ કરે, તે બતાવે છે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૩૧ :-**

*જે ભિક્ષુ એક વસ્ત્ર અને બીજું પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરે તેને એવો વિચાર હોતો નથી કે હું બીજા વસ્ત્રની યાચના કરું [તેને જરૂર હોય તો] એષણીય વસ્ત્રની યાચના કરે અને જેવું વસ્ત્ર મળે તેવું ધારણ કરે - યાવત્*

*- ગ્રીષ્મઋતુ આવી ગઈ છે એમ જાણી સર્વથા જીર્ણ વસ્ત્રને પરઠવી દે અથવા તે એક વસ્ત્રને રાખે કે અચેલક થઈ જાય. આ રીતે લાઘવગુણ પામે - યાવત્ - સમભાવ ધારણ કરે.*

**● વિવેચન :-**

આ સૂત્રનું વિવેચન ઉદ્દેશા-૫ મુજબ જાણવું. તે ભિક્ષુ અભિગ્રહ વિશેષથી એક પાત્ર અને એક વસ્ત્ર ધારણ કરતો પરિકર્મિત મતિ વડે લઘુકર્મતા વડે એકત્વ ભાવનાનો અધ્યવસાય થાય તે કહે છે—

**● સૂત્ર-૨૩૨ :-**

*જે ભિક્ષુને એમ થાય કે, હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી. તે ભિક્ષુ આત્માના એકાકીપણાને જાણી લાઘવ ગુણને પ્રાપ્ત કરીને તપની પ્રાપ્તિ કરે છે - યાવત્ - સમભાવ ધારણ કરે.*

**● વિવેચન :-**

જે સાધુને આવો વિચાર થાય કે, હું એકલો છું, સંસાર ભ્રમણ કરતાં પરમાર્થ દૃષ્ટિએ મને ઉપકાર કરનાર બીજો કોઈ નથી. હું પણ બીજાનું દુઃખ દૂર કરી શકતો નથી. પ્રાણીઓ પોતાના કર્મનું ફળ ભોગવવામાં જ સમર્થ છે. આ પ્રમાણે આ સાધુ પોતાના-અંતર્આત્માને સમ્યગ્ રીતે એકલો જાણે અને આ આત્માને નરકાદિ દુઃખોથી બચાવવા બીજું કોઈ શરણભૂત નથી એમ માનતો પોતાને જે જે રોગ આદિ દુઃખ દેનારા કારણો આવે, ત્યારે બીજાના શરણની ઉપેક્ષા કરતો ‘‘મેં કર્યું છે માટે મારે જ ભોગવવું’’ આવો વિચાર કરીને સમ્યગ્ રીતે સહન કરે છે.

તે કેવી રીતે સહન કરે તે કહે છે, લાઘવિય આદિ ચોથા ઉદ્દેશામાં વિવેચન કરાયું છે તે ‘‘સમત્ત્વપણું જાણવું’’ ત્યાં સુધીનો અર્થ કહેવો.

અહીં બીજા ઉદ્દેશામાં ઉદ્ગમ, ઉત્પાદન, એષણા બતાવી. તે આ પ્રમાણે - ‘‘હે આયુષ્યમાન્ શ્રમણ ! હું તમારા માટે અશન આદિ, વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ; પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વનો સમારંભ કરીને.....ઇત્યાદિ ઉદ્દેશા-૫ માં ગ્રહણ એષણા બતાવી. કદાચ તે એમ કહે ત્યારે બીજો [ગૃહસ્થ] અશનાદિને સામેથી લાવીને આપે ઇત્યાદિ વડે ગ્રાસએષણા બતાવી, તેને હવે વિશેષથી કહે છે—

**● સૂત્ર-૨૩૩ :-**

*તે સાધુ કે સાધ્વી અશનાદિ આહાર કરતા સ્વાદ લેવા માટે આહારને ડાબા જડબાથી જમણે જડબે ન લાવે કે જમણા જડબાથી ડાબા જડબે ન લાવે. આ રીતે સ્વાદ નહીં લેવાથી લાઘવગુણ પ્રાપ્ત થાય છે. તેનાથી તપની પ્રાપ્તિ થાય છે. માટે ભગવંત દ્વારા કહેલ તત્ત્વને સારી રીતે સમજી સમભાવ ધારણ કરવો.*

**● વિવેચન :-**

તે પૂર્વે વર્ણવેલ સાધુ કે સાધ્વી અશનાદિ આહાર ઉદ્ગમ ઉત્પાદન એષણા શુદ્ધ અને પ્રત્યુત્પન્ન ગ્રહણ એષણા શુદ્ધ ગ્રહણ કરીને અંગાર, ધૂમ આદિ વર્જીને



આહાર કરે, તે અંગાર અને ધૂમ રાગદ્વેષના કારણે થાય છે. તે રાગ-દ્વેષ સરસ-નીરસ આહારથી થાય છે. - x - તેથી રસ સ્વાદના નિમિત્તને તજવાનું બતાવે છે—

તે સાધુ આહાર કરતા ભોજનને ડાબી બાજુથી જમણી બાજુ કે જમણી બાજુથી ડાબી બાજુ સ્વાદ માટે લઈ ન જાય. કેમકે તે પ્રમાણે કરી સ્વાદથી રસની પ્રાપ્તિમાં રાગદ્વેષનું નિમિત્ત છે અને તેથી જ અંગાર તથા ધૂમ દોષ લાગે છે. તેથી જે કંઈ સ્વાદિષ્ટ હોય તેનો સ્વાદ ન કરવો. પાઠાંતરથી - ‘‘આહારમાં આદરવાળો, મૂર્છાવાળો, ગૃદ્ધ બનીને આહારને આમ તેમ ન ફેરવે’’ — તેમ કહેલ છે.

જડબામાં આમતેમ ન ફેરવવું માફક બીજે પણ સ્વાદ લેવો નહીં તે બતાવે છે. તે સાધુ ચારે પ્રકારે આહારને વાપરતો રાગદ્વેષ છોડીને ખાય, તે જ પ્રમાણે કોઈ નિમિત્તથી ડાબી જમણી બાજુ આહાર ફેરવવો પડે તે પણ સ્વાદ કર્યા વિના ફેરવે. જેથી આહારની લાઘવતાને પામી આસ્વાદ ન કરે. આ રીતે આસ્વાદના નિષેધથી અંત-પ્રાંત આહારનો સ્વીકાર પણ કહેલો છે. આ પ્રમાણે તે ભિક્ષુને તપની પ્રાપ્તિ થાય છે ઇત્યાદિ અર્થ પૂર્વવત્ જાણવો - યાવત્ - સમ્યક્ત્વ પામે.

તેમને અંત પ્રાંત આહાર ખાવાથી માંસ-લોહી ઓછા થવાથી હાડકાં જર્જરિત થવાથી ક્રિયામાં ખેદ થતાં કાયચેષ્ટાવાળા શરીરના પરિત્યાગની બુદ્ધિ થાય, તે બતાવે છે—

**● સૂત્ર-૨૩૪ :-**

*જે ભિક્ષુને એમ થાય કે, હવે આ શરીરને ટકાવવા હું અસમર્થ થઈ રહ્યો છું. તો તે અનુક્રમે આહારને ઓછો કરે, આહાર ઓછો કરી કષાયોને પાતળા કરે, તેમ કરીને શરીર વ્યાપાર નિયમિત કરી લાકડાંના પાટિયા સમાન નિશ્ચેષ્ટ થઈ, શારીરિક સંતાપરહિત થઈ પંડિતમરણને માટે ઉત્થિત થાય.*

**● વિવેચન :-**

એકત્વ ભાવના ભાવનાર સાધુને આહાર ઉપકરણમાં લાઘવપણું પ્રાપ્ત થયું હોય, તેને આવો અભિપ્રાય થાય છે. - x - x - કે હું સંયમ અવસરમાં લુખા આહાર કે રોગથી પીડાઈને ગ્લાનિ પામી અશક્ત થયો છું. લુખા આહાર કે તપથી શરીર અશક્ત થવાથી યોગ્ય રીતે આવશ્યક ક્રિયાદિ કરવામાં અશક્ત બની ગયો છું. આ અવસરે શરીર દરેક ક્ષણે નબળું પડતું હોવાથી તે ભિક્ષુ એક કે બે ઉપવાસ અથવા આયંબીલ તપ વડે આહારનો સંક્ષેપ કરે. પણ બાર વર્ષીય સંલેખના ગ્રહણ ન કરે. કેમકે ગ્લાનને તેટલો કાળ સ્થિતિ ન રહે. તેથી ટૂંકા કાળની અનુપૂર્વીવાળી દ્રવ્ય સંલેખનાર્થે આહારને રોકે. આવી દ્રવ્ય સંલેખના કરીને શું કરે ? તે કહે છે—

બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસ આદિનો અનુક્રમે તપ કરીને આહારનો સંક્ષેપ કરે, કષાયોને ઓછા કરીને - સર્વકાલ કષાયો ઓછા કરવા પણ સંલેખના અવસરે વિશેષથી ઓછા કરે - તેમ કરીને, સમ્યક્ પ્રકારે અર્ચાને-શરીરને સ્થાપન કરેલ મુનિ નિયમિત કાય વ્યાપારવાળો બને છે અથવા અર્ચા એટલે લેશ્યા, તે લેશ્યાને સમ્યક્ રીતે સ્થાપે એટલે કે અતિ વિશુદ્ધ અધ્યવસાયી બને. અથવા અર્ચા એટલે ક્રોધાદિ

અધ્યવસાયરૂપ જ્વાલાને શાંત કરવી. તેમ કરીને કર્મક્ષયરૂપ ફલક અથવા ફલક એટલે પાટીયું, તેની માફક - x - છોલીને ફલગાયવટ્ઠી બને. અથવા દુર્વચન વડે છોલાવા છતાં કષાય અભાવે ફલક માફક રહે. - x - આવો સાધુ પ્રતિદિન સાકાર ભક્ત પ્રત્યાખ્યાયી, બળવાન્, રોગ આવે મરણમાં ઉધમી બની, શરીર સંતાપરહિત બની, ધૈર્યાદિથી યુક્ત મહાપુરુષે આચરેલ માર્ગે ઇંગિતમરણ સ્વીકારે. कथं-

● સૂત્ર-૨૩૫ :-

*ઉક્ત મુનિએ ગામ, નગર, ખેડ, કસબો, મડંબ, પાટણ, બંદર, આકર, આશ્રમ, સંનિવેશ, નિગમ કે રાજધાનીમાં પ્રવેશ કરીને ઘાસની યાચના કરવી, ઘાસ લઈને એકાંત સ્થાને જવું. ત્યાં ઇંડા, પ્રાણી, બીજ, લીલોતરી, ઝાકળ, પાણી, કીડીના દર, લીલફૂગ, ભીની માટી, કરોળિયાના જાળા આદિથી રહિત જમીનનું વારંવાર પડિલેહણ અને પ્રમાર્જન કરે. ઘાસની શય્યા બનાવે. ત્યાં ઇંગિતમરણ સ્વીકારે.*

*તે સત્ય છે, તે સત્યવાદી, પરાક્રમી, સંસારથી તરેલા સમાન, 'કેમ કરીશ' એવા ડર અને નિરાશાથી રહિત, સારી રીતે વસ્તુના સ્વરૂપને જાણનાર, સાંસારિક બંધનોથી મુક્ત, શરીરમમત્વ ત્યાગીને અનેક પરીષહ ઉપસર્ગની અવગણના કરી, તથા સર્વજ્ઞપ્રણીત આગમમાં શ્રદ્ધા કરી આ ઘોર અનશનનું અનુપાલન કરે. આવું મરણ કાલપર્યાયની સમાન છે, - યાવત્ - અનુગામિક છે એમ હું કહું છું.*

● વિવેચન :-

બુદ્ધિ આદિ ગુણોનો ગ્રસે અથવા અઢાર કરો જ્યાં લેવાય, તે ગામ. જ્યાં કર ન હોય તે ન-કર [નગર]. ધૂળના ઢગલાથી કોટ બનાવ્યો હોય તે ખેટ. નાના કોટથી વીટાયેલું તે કર્બટ. અઢી ગાઉને આંતરે ગામ હોય તે મડંબ. પાટણ બે પ્રકારે-જેમકે જલ પત્તન તે કાનનદ્વીપ, સ્થળ પત્તન તે મથુરા. દ્રોણમુખ તે જળ-સ્થળ નિર્ગમ પ્રવેશ જેમકે ભરુચ. સોના ચાંદીની ખાણ તે આકર. તાપસ આદિનો મઠ તે આશ્રમ. યાત્રાર્થે મળેલા માણસોનો આવાસ તે સંનિવેશ. ઘણા વેપારીનો આવાસ તે નૈગમ. રાજાને રહેવાનું સ્થાન તે રાજધાની.

આ ગામ આદિ કોઈપણ સ્થાને જઈને ઘાસની યાચના કરે. શા માટે ? સંથારો કરવા માટે પ્રાસુક દર્ભ, વીરણ આદિ કોઈ ગામ આદિમાં જઈને તેના માલિકની આજ્ઞા લઈને સુકું ઘાસ લે, તે લઈને એકાંત ગિરિગુફામાં જઈ પ્રાસુક સ્થંડિલ ભૂમિ શોધે. કઈ રીતે ? તે કહે છે.

જ્યાં કીડી આદિના ઇંડા ન હોય, બેઇન્દ્રિય જીવો ન હોય, નીવાર આદિ બીજો ન હોય, લીલું ઘાસ દુર્વા આદિ ન હોય, તથા ઉપર કે અંદર ઠારનું પાણી પડેલું ન હોય, વરસાદનું કે નીચેનું પાણી ત્યાં પડેલું ન હોય, કીડીયારું-સેવાળ-તુર્તની પાણીથી પળાળેલી માટી - કરોળીયાનાં જાળાં રહિત નિર્દોષ જગ્યા હોય તેવી સ્થંડિલ ભૂમિમાં ઘાસ પાથરે.



કેવી રીતે ? તે ભૂમિને આંખ વડે બરોબર જોઈને રજોહરણ આદિ વડે પ્રમાર્જીને સંથારો પાથરે. પછી મળ-મૂત્ર માટેની ભૂમિને બરોબર જોઈને સંથારામાં પૂર્વાભિમુખ બેસીને હાથમાં રજોહરણ લઈ લલાટે સ્પર્શીને સિદ્ધને નમસ્કાર કરી, પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી - x - પાદપોપગમન અપેક્ષાથી - x - ઇંગિતમરણ આદરે.

જિનકલ્પી આદિ મુનિને બીજા કાળમાં પણ સાકાર પ્રત્યાખ્યાનનો સંભવ નથી, તો પ્રત્યાખ્યાન જેવા અંતિમ વખતે સાકારનો સંભવ ક્યાંથી હોય ? ઇત્વરકથિત પ્રત્યાખ્યાન રોગી શ્રાવક કરે. જેમકે - જો હું આ રોગથી પાંચ દિનમાં મૂકાઈશ તો ભોજન કરીશ, અન્યથા નહીં. તે આ ઇત્વર છે પણ ઇંગિત મરણ તો ધૈર્ય આદિ બળવાળો પોતાની મેળે જ પડખું ફેરવવું આદિ ક્રિયા કરનાર યાવજ્જીવ ચારે આહારનો ત્યાગ કરે છે. કહ્યું છે કે, ચારે આહારનું ગુરુ પાસે નિયમથી પ્રત્યાખ્યાન કરે, ઇંગિત ભાગમાં ચેષ્ટા પણ નિયમથી કરે. પડખું બદલે, કાયિક આદિ ક્રિયા પણ જાતે કરે, તે ધૈર્યાદિવાળો બીજા પાસે ન કરાવે.

પ્રશ્ન - તે ઇંગિત મરણ કેવું છે ? અને કોણ કરે ? તે કહે છે—

ઇંગિત મરણ સત્ પુરુષોનું હિત કરે છે, સત્ય છે - સદ્‌ગતિમાં જવામાં તે અવિસંવાદપણે હોવાથી તથા સર્વજ્ઞના ઉપદેશથી સત્ય-તથ્ય છે. તથા પોતે પણ સત્ય બોલનાર હોવાથી સત્યવાદી છે. યાવજ્જીવ યથોક્ત અનુષ્ઠાનાદિ યથા આરોપિત પ્રતિજ્ઞાનો ભાર ઉપાડવા સમર્થ હોવાથી સત્યવાદી છે. રાગદ્વેષરહિત છે. સંસાર સાગરને તર્યા છે. - x - રાગ આદિની વિકથા કોઈ રીતે ન કરવાનું નક્કી કરવાથી છિન્ન કથંકથ છે. અથવા ઇંગિત મરણ પ્રતિજ્ઞા કેવી રીતે પાર ઉતારીશ ? એવી કથા છેદી નાંખવાથી છિન્ન કથંકથ છે. - x -

તેણે અતિશયથી જીવાદિ પદાર્થોને જાણી લીધા છે માટે તે અતીતાર્થ કે આદત્તાર્થ છે. અથવા સમસ્તપણે અર્થો અતિક્રાંત કર્યા છે - x - તે ઉપરત વ્યાપારવાળો છે. - x - x - તે અનાતીત છે. તેણે સંસાર અનાદંત કર્યો છે - તે સંસાર સમુદ્રનો પારગામી છે. આવો સાધુ ઇંગિત મરણ સ્વીકારે. પ્રતિક્ષણે ક્ષય પામતા ભિદુર શરીરનો મોહ છોડીને કર્મ સંબંધથી આવેલ ઔદારિક શરીરનો ત્યાગ કરે. તથા વિવિધ પરીષહ-ઉપસર્ગોને સહન કરે.

તેમ કરીને આ સર્વજ્ઞપ્રણીત આગમમાં વિશ્વાસ રાખીને અવિસંવાદના અધ્યવસાયપણાથી કાયર પુરુષોથી વિચારી પણ ન શકાય તેવું ભયાનક અનુષ્ઠાનરૂપ ઇંગિતમરણ પોતે સ્વીકાર્યું છે. જો કે તે તેણે રોગના કારણે સ્વીકાર્યું છે, તો પણ તેનો લાભ કાલપર્યાય આગત તુલ્ય જ છે. તે બતાવે છે - રોગ પીડાના કારણે મરણ સ્વીકાર્યું છતાં તેનો લાભ લાંબા કાળ જેટલો જ છે. તે કાલજ્ઞ સાધુને આ જ કાલપર્યાય છે. કર્મનો ક્ષય બંનેમાં સમાન જ છે. - x - x - ઇત્યાદિ પૂર્વવત્.

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૬ ''એકત્વભાવના-ઇંગિતમરણ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૭ ‘‘પાદપોપગમન’’ 卐

૦ છઠ્ઠો ઉદ્દેશો કહ્યો. હવે સાતમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૬ માં એકત્વભાવના ભાવનાર ધૃતિ આદિ યુક્તનું ઇંગિતમરણ બતાવ્યું. અહીં તે જ એકત્વ ભાવના પ્રતિમાઓ વડે બતાવે છે - x - તથા વિશિષ્ટતર સંઘયણવાળા પાદપોપગમન પણ કરે. એ સંબંધથી આવેલ ઉદ્દેશકનું પહેલું સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૩૬ :-

*જે ભિક્ષુ અચેલ-કલ્પમાં સ્થિત છે, તેને એવો વિચાર હોય છે કે, હું તૃણ સ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, ડાંસ-મચ્છર સ્પર્શ સહન કરી શકું છું. એક કે અનેક પ્રકારની વિવિધરૂપ વેદનાને સહન કરી શકું છું. પણ લજ્જાના કારણે વસ્ત્રનો ત્યાગ કરવા અસમર્થ છું. એવા સાધુને કટિવસ્ત્ર [ચોલપટ્ટક] ધારણ કરવું કલ્પે છે.*

● વિવેચન :-

જે સાધુ પ્રતિમાધારી હોય અને અભિગ્રહ વિશેષથી અચેલપણે સંયમમાં રહેલ હોય, તે ભિક્ષુને આવો અભિપ્રાય થાય કે હું ધૃતિ આદિ યુક્ત હોવાથી વૈરાગ્ય ભાવનાથી ભાવિત અંતઃકરણવાળો છું અને આગમ વડે પ્રત્યક્ષીકૃત્ નારક, તિર્યંચ વેદના અનુભવ છે અને મોક્ષ રૂપ મોટું ફળ લેવું છે તેથી તૃણ સ્પર્શ તો મને કંઈજ દુઃખ દેનાર લાગતો નથી. તથા શીત, ઉષ્ણ, ડાંસ, મશક પરીષહ સહેવા પણ હું સમર્થ છું. એક કે અનેક જાતના અનુકૂળ-પ્રતિકૂળ વિવિધ સ્પર્શો પણ હું સહન કરી શકું છું. પરંતુ લજ્જાને કારણે ગુહ્યપ્રદેશ ઢાંકવાની જરૂર હોવાથી તે હું છોડવા ઇચ્છતો નથી.

આ સ્વાભાવિક લજ્જાથી અથવા સાધનના વિકૃત રૂપપણાથી તે સાધુને ચોળપટ્ટો પહેરવો કલ્પે છે. તે પહોળાઈમાં એક હાથ ચાર આંગળ અને લંબાઈમાં કેડ પ્રમાણ હોય તેવો એક [નંગ] રાખે. પણ જો તેવાં કારણો ન હોય તો અચેલપણે જ વિહાર કરે. અચેલપણે શીત આદિ સ્પર્શ સારી રીતે સહન કરે. તે બતાવે છે—

● સૂત્ર-૨૩૭ :-

*અથવા - અચેલકત્વમાં વિચરનાર સાધુ જો તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણ-સ્પર્શ, દંશ-મશગ સ્પર્શ અનુભવે, એક યા અનેક પ્રકારે કષ્ટો આવે તેને સારી રીતે સહન કરે, અચેલક સાધુ લાઘવતા પ્રાપ્ત કરે - યાવત્ - સમભાવ રાખે.*

● વિવેચન :-

એવું કારણ હોય તે સાધુ વસ્ત્ર ધારણ કરે. પોતે લજ્જા ન પામે તો અચેલ રહી સંયમ પાળે. સંયમમાં અ-ચેલપણે વિચરતા તેને તૃણસ્પર્શો દુઃખ આપે, ઠંડી-ગરમી-ડાંસ-મશકના સ્પર્શો દુઃખ દે. એક કે અનેક જાતના વિરૂપ સ્પર્શો ભોગવવા છતાં પોતે અચેલ રહી લાઘવપણું માને ઇત્યાદિ અર્થો પૂર્વે કહ્યા છે - યાવત્ - સમ્યક્ત્વને સારી રીતે જાણે. વળી પ્રતિમાધારી સાધુ જ વિશિષ્ટ અભિગ્રહ લે. તે આ



પ્રમાણે - હું બીજા પ્રતિમાધારી મુનિઓને કિંચિત્ આપીશ કે તેમના પાસેથી લઈશ. ઇત્યાદિ અભિગ્રહની ચઉભંગી કહે છે—

● સૂત્ર-૨૩૮ :-

*કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું બીજા મુનિઓને અશનાદિ લાવી આપીશ અને બીજા મુનિ દ્વારા લાવેલ અશનાદિ સ્વીકારીશ (૧).*

*કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી બીજા મુનિને આપીશ પણ તે મુનિ દ્વારા લાવેલ અશનાદિ સ્વીકારીશ નહીં (૨).*

*કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી આપીશ નહીં પણ બીજા મુનિ લાવ્યા હશે તો તેનો સ્વીકાર કરીશ (૩).*

*કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી આપીશ નહીં કે બીજા મુનિએ લાવેલા સ્વીકારીશ પણ નહીં (૪).*

*પોતાના ઉપભોગ પછી વધેલા, વિધિપૂર્વક ગ્રહણ કરેલા, એષણીય અશનાદિ વડે પોતાના કર્મોની નિર્જરા માટે સમાન આચારવાળા સાધુની હું વૈયાવચ્ચ કરીશ અને બીજા મુનિઓના ઉપભોગ પછી વધેલા વિધિપૂર્વક લાવેલા એષણીય અશનાદિને તેઓએ નિર્જરાની અભિલાષાથી આપેલ હશે તો ગ્રહણ કરીશ. આવી પ્રતિજ્ઞા કરનાર મુનિને લઘુતા આવે છે, તપની પ્રાપ્તિ થાય છે - યાવત્ - મુનિ સમભાવ ધારણ કરે.*

● વિવેચન :-

*[આ સૂત્રની ચૂર્ણિમાં વિશેષ પાઠ તથા પાઠાંતર બંને જોવા મળે છે.]*

આ સૂત્રની વ્યાખ્યા પૂર્વે સૂત્ર-૨૩૦માં કરાયેલી જ છે. વૃત્તિકારશ્રી આરંભમાં સૂત્રનું સંસ્કૃત રૂપાંતર જ આપે છે. જે અત્રે ગુજરાતીમાં અપાયેલ હોવાથી નોંધેલ નથી. પછીથી જે વિશેષ કથન છે, તે અહીં નોંધેલ છે.

ઉક્ત ચારમાંનો કોઈ એક અભિગ્રહ ધારણ કરે અથવા કોઈ પહેલા ત્રણ અભિગ્રહને એક પદ વડે જ ગ્રહણ કરે. તે કહે છે - જે સાધુને એવો અભિગ્રહ હોય કે હું બીજાના પરિભોગ કરતા અધિક આહારને લઈશ કેમકે તે પ્રતિમાધારીને તેવું જ એષણીય છે. તે આ પ્રમાણે - પાંચ પ્રાભૃતિકામાં અગ્રહ છે, બેનો અભિગ્રહ છે તથા પોતાના માટે લીધેલા આહારમાંથી સાધર્મિક સાધુની વૈયાવચ્ચ નિર્જરાને માટે કરે. જો કે તે પ્રતિમાધારી હોવાથી એક સાથે ભેગા થઈને ન ખાય. પણ તેમનો અભિગ્રહ સમાન હોવાથી સાંભોગિક કહેવાય છે. તેથી તેવા સાધુના ઉપકરણ માટે તેમની વૈયાવચ્ચ કરું, આવો અભિગ્રહ કોઈ લે. - x -

અથવા તેમણે લાવેલ ગૌચરીમાંથી નિર્જરાને ઉદ્દેશીને સાધર્મિકે કરેલ વૈયાવચ્ચને સ્વીકારીશ. અથવા બીજાએ કરેલ બીજા સાધર્મિકની વૈયાવચ્ચની હું અનુમોદના કરીશ. - x - આ બધું શા માટે કરે ? કર્મની લઘુતા માટે. આ પ્રમાણે કોઈપણ અભિગ્રહ ધારણ કરેલ અચેલ કે સચેલ સાધુ શરીર પીડા હોય કે ન હોય પણ પોતાનું આયુષ્ય થોડું રહેલ જાણી ઉદ્યતમરણ સ્વીકારે તે દર્શાવે છે—

● **સૂત્ર-૨૩૯ :-**

***જ્યારે મુનિને એમ થાય કે હવે હું આ શરીરને અનુક્રમથી ધારણ કરવામાં અસમર્થ છું. ત્યારે તે ક્રમશઃ આહારને ઓછો કરીને કષાયોને કૃશ કરે. શરીરના વ્યાપારનું નિયમન કરીને લાકડાના પાટિયાની જેમ સહનશીલ બની મૃત્યુ માટે ઉત્થિત થઈ, શરીર શુશ્રૂષાનો ત્યાગ કરી ગામ, નગર - યાવત્ - રાજધાનીમાં જઈને ઘાસની યાચના કરી - યાવત્ - સંથારો કરે. યોગ્ય સમયે ત્યાં બેસી શરીરનો, શરીરના વ્યાપારનો અને સૂક્ષ્મ હલનચલનનો ત્યાગ કરે.***

***તે સત્ય છે, તેને સત્યવાદી, પરાક્રમી, રાગદ્વેષરહિત, સંસાર પારગામી, ભય અને શંકાથી મુક્ત, જીવાદિ સ્વરૂપના જ્ઞાતા, સમસ્ત પ્રયોજનોથી રહિત મુનિ શરીરનો ત્યાગ કરી, વિવિધ પરીષહો અને ઉપસર્ગોની અવગણના કરી, ભગવદ્ વચન પર શ્રદ્ધા રાખી કાયરજનો દ્વારા આચરી ન શકાય તેવા પાદપોપગમન મરણને સ્વીકારે. આ મરણ કાળપર્યાયની સમાન છે, હિતકર છે - સુખકર છે - યોગ્ય છે - કલ્યાણકર છે આનુગામિક છે. આવા મરણને પ્રાપ્ત કરનાર [કર્મો ખપાવે છે] અંતક્રિયા કરનાર છે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

તે ભિક્ષુને આવો - કહેવાનાર - અભિપ્રાય થાય કે હું ગ્લાન થયો છું - યાવત્ - તૃણનો સંથારો કરે. પછી શું કરે ? તે કહે છે - આ અવસરે બીજે સ્થળે નહીં પણ તે જ સ્થાને સંથારામાં બેસીને સિદ્ધની સમક્ષ આપમેળે પાંચ મહાવ્રત ફરી આરોપે. પછી ચાર આહારનું પચ્ચક્ખાણ કરે. પછી પાદપોપગમન અનશન માટે શરીરને સ્થિર કરે. તેના આકુંચનપ્રસારણ, આંખ મીંચવી-ઉઘાડવી આદિ વ્યાપારોને રોકે. તથા 'ઇર્યા' તે સૂક્ષ્મ કાયા-વચન-મનના અપ્રશસ્ત યોગનું પણ પચ્ચક્ખાણ કરે. તે સત્ય-સત્યવાદી આદિ પદોનું વિવેચન પૂર્વે થયેલું છે. - x -

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૭ ''પાદોપગમન''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૮ ''અનશન-મરણ'' 卐

૦ સાતમો ઉદ્દેશો કહ્યો. હવે આઠમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વોક્ત ઉદ્દેશામાં રોગાદિ સંભવે કાળપર્યાયે આવેલ ભક્ત પરિજ્ઞા, ઇંગિત કે પાદપોપગમન મરણ કરવું યુક્ત છે તે કહ્યું. અહીં અનુક્રમે વિહાર કરતા સાધુઓનું કાળપર્યાયે આવેલ મરણ કહે છે.

આ સંબંધ આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર કહે છે.

● **સૂત્ર-૨૪૦ :-**

***દીક્ષા ગ્રહણ આદિના અનુક્રમથી મોહરહિત મરણને પ્રાપ્ત કરી ધીર, સંયમી અને મતિમાન મુનિ સર્વ કૃત્ય-અકૃત્યને જાણી અદ્વિતીય એવી સમાધિનું***



***પાલન કરે.***

● **વિવેચન :-**

અનુક્રમે દીક્ષા, શિક્ષા, સૂત્રાર્થગ્રહણ, સ્થિર મતિ થયા પછી એકાકી વિહારત્વ સ્વીકારે અથવા આનુપૂર્વી તે સંલેખના ક્રમે ચાર-ચાર વર્ષનો તપ ઇત્યાદિ પૂર્વે બતાવેલ છે. ત્યારપછી જેનો-જેમાંથી કે જેનાથી મોહ દૂર થયો હોય તેવા મોહરહિતને અનુક્રમે ભક્તપરિજ્ઞા, ઇંગિત કે પાદપોપગમન અનશન કરવાના છે. તેમાં ક્ષોભાયમાન ન થાય, તેવા સંયમ ધનવાળા તથા હેયને છોડવું અને ઉપાદેયને ગ્રહણ કરનાર મતિમંત, તથા કૃત્ય અકૃત્ય જાણીને ભક્તપરિજ્ઞાદિ મરણ વિધાન ઉચિત છે. તેઓ ધૃતિ આદિ વિચારી અદ્વિતીય રીતે જાણીને સમાધિનું પાલન કરે.

● **સૂત્ર-૨૪૧ :-**

***ધર્મના પારગામી, તત્ત્વજ્ઞાતા મુનિ બાહ્ય અને અભ્યંતર તપને જાણી, અનુક્રમે શરીરત્યાગનો અવસર જાણી, સંલેખના સ્વીકારી શરીરના પોષણરૂપ આરંભને છોડી દે છે.***

● **વિવેચન :-**

જેના બે પ્રકારો છે તેવા બાહ્ય અભ્યંતર તપને જાણીને - પાળીને અથવા મોક્ષાધિકારમાં બે પ્રકારે વિમુક્તિ છે તેમાં બાહ્ય તે શરીર ઉપકરણ આદિ અને અભ્યંતર તે રાગાદિ છે. તેને હેયપણે જાણીને ત્યાગ કરીને આરંભથી દૂર થાય. કેમકે જ્ઞાનનું ફળ હેયનો ત્યાગ છે. તત્ત્વના જ્ઞાતા, શ્રુત-ચારિત્ર ધર્મના પારગ કે સમ્યગ્ જ્ઞાતા, ધર્મના સ્વરૂપને જાણીને પ્રવ્રજ્યા ક્રમે સંયમ પાળીને જાણે કે હવે મારા જીવવાથી કોઈ લાભ નથી. તેથી શરીરના મોક્ષનો અવસર મળ્યો છે તો હું કયા મરણે મરું ? એમ વિચારીને શરીર ધારણ કરવા માટે અન્ન-પાન ગવેષણારૂપ આરંભથી છૂટે અથવા આઠ ભેદવાળા કર્મથી છૂટે.

● **સૂત્ર-૨૪૨ :-**

***સંલેખના ધારક મુનિ કષાયોને પાતળા કરી, અલ્પાહારી બની ક્ષમાશીલ રહે. જો ગ્લાન થઈ જાય તો આહારનો સર્વથા ત્યાગ કરે.***

● **વિવેચન :-**

તે અભ્યુદ્યત મરણ માટે સંલેખના કરતો શ્રેષ્ઠ ભાવ સંલેખના કરે તે બતાવે છે - સંસારને આપનારા ક્રોધાદિ ચાર કષાયોને પાતળા કરતો થોડો જ આહાર કરે, તે બતાવે છે - થોડું ખાનારો, છઠ્ઠ-અઠ્ઠમ આદિ સંલેખનાના અનુક્રમે તપ કરતો પારણે પણ ઓછું ખાય. અલ્પ આહારથી ક્રોધ ઉદ્ભવે તો તેનો ઉપશમ કરે.

તુચ્છ માણસના દુષ્ટ વચનો સહે, રોગાતંકને બરોબર સહે, તે રીતે સંલેખના કરતો આહારને અલ્પ પ્રમાણમાં લેતાં તે ભિક્ષુ ગ્લાનતા પામે, ત્યારે આહાર ન કરે. આહાર સમીપે ન જાય, થોડા દિવસ ખાઈને સંલેખના કરીશ એવી ભાવના ન કરે.

● **સૂત્ર-૨૪૩ :-**

***સંલેખના સ્થિત મુનિ જીવવાની અભિલાષા ન કરે મરણની પ્રાર્થના ન***

*કરે. જીવન કે મરણ બે માંથી એકેમાં આસક્ત ન થાય.*

● વિવેચન :-

વળી સંલેખનામાં રહેલ મુનિ પ્રાણ ધારણરૂપ જીવિતને ન ચાહે તથા ભૂખની વેદનાથી કંટાળીને મરણની પ્રાર્થના ન કરે. જીવન કે મરણમાં સંગ [ધ્યાન] ન રાખે. તે સાધુ કેવા હોય ? કહે છે—

● સૂત્ર-૨૪૪ થી ૨૪૭ :-

*[૨૪૪] તે મધ્યસ્થ અને નિર્જરાપ્રેક્ષી મુનિ સમાધિનું પાલન કરે. અભ્યંતર અને બાહ્ય ઉપધિનો ત્યાગ કરી શુદ્ધ અધ્યાત્મ એષણા કરે.*

*[૨૪૫] તે પોતાના આયુષ્યના ક્ષેમમાં જરાપણ ઉપક્રમ જાણે તો સંલેખનાના મધ્યમાં જ પંડિત ભિક્ષુ જલ્દી પંડિત મરણને સ્વીકારે.*

*[૨૪૬] તે સાધક ગામ કે નિર્જન ભૂમિમાં જઈને સ્થંડિલ ભૂમિની પડિલેહણા કરે, તેને જીવ-જંતુ રહિત જાણીને તૃણ સંથારો બિછાવે.*

*[૨૪૭] ત્યાં આહારનો ત્યાગ કરી, તેના પર સૂવે. આવનાર પરીષહ-ઉપસર્ગને સહન કરે. મનુષ્યકૃત્ ઉપસર્ગોમાં પણ મર્યાદા ન ઓળંગે.*

● વિવેચન-૨૪૪ થી ૨૪૭ :-

[૨૪૪] રાગ-દ્વેષની મધ્યે રહે તે મધ્યસ્થ. અથવા જીવિત-મરણની આકાંક્ષા રહિત તે મધ્યસ્થ. નિર્જરાની અપેક્ષા રાખે તે નિર્જરાપ્રેક્ષી. આવો મધ્યસ્થ, નિર્જરા પ્રેક્ષી સાધુ જીવનમરણની આશંસા રહિત મરણસમાધિની અનુપાલના કરે અર્થાત્ કાલપર્યાય વડે આવેલા મરણ વખતે સમાધિસ્થ રહી પાલન કરે. અંદરના કષાયો તથા બહારના શરીરઉપકરણાદિ ત્યાગી અંતઃકરણ શુદ્ધ કરે. રાગદ્વેષ રહિત થાય.

[૨૪૫] વળી ઉપક્રમણ તે ઉપાય. તેવા કોઈ ઉપાયને જાણે. કોનો ઉપક્રમ ? આયુષ્યનું સમ્યક્પાલન, તેનો. તે આયુ કોના સંબંધી છે ? તે આત્માનું. અર્થાત્ આત્મા પોતાના આયુષ્યનો ક્ષેમથી પ્રતિપાલન માટે જે ઉપાયને જાણે તે તેને શીઘ્ર શીખવે. - x - તે સંલેખનાકાળમાં અર્ધ સંલેખનામાં જ શરીરમાં વાયુ આદિ કારણે શીઘ્ર જીવલેણ રોગ ઉત્પન્ન થાય તો સમાધિમરણને વાંછતો તેના ઉપશમના ઉપાયને એષણીય વિધિએ અભ્યંગાદિ કરે. ફરી સંલેખના કરે.

અથવા આત્માના આયુને જે કંઈ ઉપક્રમણ - x - ઉપસ્થિત થયું જાણે તો તે સંલેખના કાળ મધ્યે અવ્યાકુળ મતિવાળો બનીને શીઘ્ર જ ભક્ત પરિજ્ઞાદિ બુદ્ધિમાન સાધુ આદરે.

[૨૪૬] સંલેખના વડે શુદ્ધકાય બનીને મરણકાળ આવેલો જાણી શું કરે ? તે કહે છે, ગ્રામ શબ્દથી અહીં ઉપાશ્રય-વસતિ અર્થ લેવો. વસતિ જ સ્થંડિલ ભૂમિ છે, તેનું પડિલેહણ કરે અથવા ઉપાશ્રય બહાર ઉદ્યાન, ગિરિગુફા કે અરણ્યમાં સંથારાની ભૂમિ જોઈને તે પ્રાણિરહિત જાણી, ગામ વગેરેથી યાચિત પ્રાસુક દર્ભ આદિ સુકા ઘાસમાં યથોચિત કાળને જાણનાર સાધુ સંથારો કરે.

[૨૪૭] ઘાસ પાથરીને શું કરે ? તે કહે છે - આહાર રહિત એવો અણાહારી





બને, યથા-શક્તિ, યથા-સમાધિ ત્રણ કે ચાર આહારનું પ્રત્યાખ્યાન કરી, પંચ મહાવ્રત ફરી આરોપે. પ્રાણી સમૂહને ખમાવે, સુખદુઃખમાં સમભાવ રાખે. પૂર્વે ઉપાર્જિત પુણ્યથી મરણ વડે ન ડરે. સંથારામાં પડખાં ફેરવે. દેહ મમત્વ ત્યાગી હોવાથી પરીષહ-ઉપસર્ગ આવે તેને સમ્યક્તયા સહન કરે. તેમાં મનુષ્યકૃત્ અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ ઉપસર્ગ આવતા મર્યાદાનું ઉલ્લંઘન ન કરે. પુત્ર સ્ત્રી આદિ સંબંધી આર્ત્તધ્યાનને વશ ન થાય. પ્રતિકૂળ ઉપસર્ગો આવે તો ક્રોધથી હણાયેલો ન થાય - તે દર્શાવે છે.

● સૂત્ર-૨૪૮ થી ૨૫૦ :-

*[૨૪૮] તે સંથારા આરાધકનું કીડી આદિ ફરતા જંતુઓ, ગીધ આદિ ઉડતા પક્ષીઓ કે બિલમાં રહેનારા પ્રાણી માંસ ખાય કે લોહી પીએ તો પણ તે મુનિ તેમની હિંસા ન કરે કે દૂર ન કરે.*

*[૨૪૯] [તે આરાધક મુનિ વિચારે કે] આ પ્રાણીઓ મારા દેહની જ હિંસા કરે છે, જ્ઞાનાદિ ગુણોની નહીં. તે સ્થાનથી બીજે ક્યાંય ન જાય. આ સ્રવોથી દૂર રહી તૃપ્તિ અનુભવતો તે વેદના સહન કરે.*

*[૨૫૦] તે બાહ્ય અભ્યંતર ગ્રંથિને છોડી આયુષ્ય કાળનો પારગામી બને. અહીં સુધી ભક્તપરિજ્ઞાનું કથન કર્યું. હવે ઇંગિતમરણ કહે છે - આ ઇંગિતમરણ ગીતાર્થ સંયમી સાધકે ગ્રહણ કરવા યોગ્ય છે.*

● વિવેચન-૨૪૮ થી ૨૫૦ :-

[૨૪૮] સંસર્પન કરે તે કીડી, ક્રોષ્ટ્ર વગેરે પ્રાણી છે. ઊંચે ઉડનાર ગીધ વગેરે છે. નીચે રહેનાર બિલવાસી સાપ વિગેરે છે. આ રીતે વિવિધ પ્રકારના પ્રાણી તથા સિંહ, વાઘ આદિ આવીને માંસ ભક્ષણ કરે, ડાંસ મચ્છર આદિ લોહી પીએ તે સમયે તે જીવોને આહારાર્થે આવી જાણીને 'અવંતિસુકુમાર' માફક તેમને હણે નહીં, તેમ રજોહરણાદિ વડે દૂર કરીને તે પ્રાણીને ખાવામાં અંતરાય ન કરે.

[૨૪૯] વળી આવેલા પ્રાણી મારા દેહને હણશે, મારા જ્ઞાન, દર્શન, ચારિત્રને નહીં; તેમ વિચારી કાયાનો મોહ છોડેલ હોવાથી. તેમને ખાતાં અંતરાયના ભયથી પોતે ન રોકે, ભયને કારણે તે સ્થાનથી બીજે ન ખસે. કેવો બનીને ? પ્રાણાતિપાતાદિ આશ્રવો કે વિષય-કષાયાદિ વડે પૃથગ્ થઈ શુભ અધ્યવસાયવાળો બનીને તેમનાથી ખવાવા છતાં અમૃત આદિ વડે તૃપ્ત થયેલાની માફક તેઓએ કરેલી વેદનાને સહે.

[૨૫૦] વળી બાહ્ય અભ્યંતર ગ્રંથ તથા શરીર રાગાદિથી પોતે દૂર રહી તથા અંગ ઉપાંગ વગેરે જૈન આગમથી આત્માને ભાવતો ધર્મશુક્લ ધ્યાનમાં રક્ત બનીને મૃત્યુ કાલનો પારગામી બને એટલે જ્યાં સુધી છેવટના શ્વાસોચ્છ્વાસ હોય ત્યાં સુધી તેવી સમાધિ રાખે. - x - આ ભક્ત પ્રત્યાખ્યાન મરણથી મોક્ષ કે સ્વર્ગને પ્રાપ્ત કરે.

ભક્તપરિજ્ઞા કહી હવે શ્લોકાર્ધ વડે ઇંગિત મરણ કહે છે. જેમકે - પ્રકર્ષથી ગૃહિતતર તે પ્રગૃહીતતર છે. હવે કહેવાનાર ઇંગિતમરણ છે, તે ભક્તપ્રત્યાખ્યાન સદેશ નિયમથી જ ચાર આહારનું પ્રત્યાખ્યાન છે તથા ઇંગિત પ્રદેશમાં સંથારાની જગ્યામાં જ વિહાર લેવાથી વિશિષ્ટતર ધૃતિ આદિથી યુક્ત હોય તે જ પ્રકર્ષથી

ગ્રહણ કરે છે.

આ કોને હોય છે ? દ્રવ્ય-સંયમ જેને હોય તે દ્રવિક છે, તે જઘન્યથી નવ પૂર્વી હોય તેવા ગીતાર્થને હોય છે, બીજાને નહીં. અહીં ઇંગિતમરણમાં પણ સંલેખનામાં કહેલ તૃણ સંથારાદિ સમજવું. હવે બીજી વિધિ કહે છે—

● **સૂત્ર-૨૫૧ થી ૨૫૭ :-**

***[૨૫૧] જ્ઞાતપુત્ર મહાવીરે ઇંગિતમરણમાં વિશિષ્ટતા બતાવી છે. આત્મ વ્યાપાર સિવાય બીજા પાસે ત્રણ, ત્રણ યોગથી વૈયાવૃત્ત્ય ન કરાવે.***

***[૨૫૨] તે લીલોતરી પર ન સૂવે, શુદ્ધ ભૂમિ જાણીને સૂવે. પરિગ્રહ અને આહારનો ત્યાગી તે ભિક્ષુ પરિગ્રહો અને ઉપસર્ગોને સહન કરે.***

***[૨૫૩] નિરાહાર રહેવાથી ઇન્દ્રિયો શિથિલ બને તો પણ સમભાવમાં રહે. તે હલનચલન આદિ ક્રિયાઓ કરે તે નિંદનીય નથી, કેમકે તે અચલ છે અને સમાહિત છે.***

***[૨૫૪] ઇંગિત મરણ સ્થિત મુનિ શરીરની સુવિધા માટે નિયતભૂમિમાં જઈ અને પાછો ફરી શકે છે. પોતાના અંગોપાંગને સંકોચી કે પસારી શકે જો શરીરમાં શક્તિ હોય તો નિશ્ચેષ્ટ થઈને પણ રહે.***

***[૨૫૫] જો આ મુનિ બેઠા બેઠા થાકી જાય તો નિયત પ્રદેશમાં ચાલે, થાકી જાય તો બેસે, સીધા ઉભા રહે કે સીધા સૂઈ જાય. ઉભા ઉભા થાકી જાય તો અંતે બેસી જાય.***

***[૨૫૬] આવા અનુપમ મરણને સ્વીકારી મુનિ પોતાની ઇન્દ્રિયોને વિષયોથી નિવૃત્ત કરી સંયમમાં સ્થિર કરે. ટેકો લેવા જો પાટિયું રાખેલ હોય, તેમાં જીવજંતુ હોય તો તેને બદલીને નિર્દોષ પાટિયાની ગવેષણા કરે.***

***[૨૫૭] જે વસ્તુના અવલંબનથી પાપની ઉત્પત્તિ થાય. તેનું અવલંબન ન લે, પોતાના આત્માને પાપ વ્યાપારથી દૂર કરે અને આવતા પરીષહ-ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે.***

● **વિવેચન-૨૫૧ થી ૨૫૭ :-**

[૨૫૧] ઉક્ત ભક્તપરિજ્ઞા વિધિથી જુદો ઇંગિતમરણ વિધિ વિશેષ પ્રકારે ભગવંત વર્દ્ધમાનસ્વામીએ સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કર્યો છે. [કહ્યો છે.] - x - આ ઇંગિતમરણમાં પણ પ્રવ્રજ્યા આદિનો વિધિ કહેવો. સંલેખના પણ પૂર્વવત્ જાણવી. ઉપકરણાદિ ત્યજીને, સંથારાની ભૂમિ પડિલેહી, આલોચના-પ્રતિક્રમણ કરી, પંચમહાવ્રત ઉચ્ચરી, ચાર આહારનો ત્યાગ કરી સંથારામાં બેસે. પણ આટલું વિશેષ કે - અંગ સંબંધી વ્યાપાર વિશેષ પ્રકારે તજે મન, વચન, કાયાથી કરવા, કરાવવા, અનુમોદવા રૂપે સ્વ વ્યાપાર સિવાયનું તજે. જરૂર પડે તો પડખું ફેરવવું, સ્થાન ફેર કે મૂત્રાદિ ક્રિયા માટે જાતે જ જાય. - સર્વથા પ્રાણિ સંરક્ષણ વારંવાર કરવું તે બતાવે છે—

[૨૫૨] હરિત એટલે દુર્વા, અંકુરાદિમાં ન સુવે. પણ નિર્દોષ જગ્યા જોઈને સુવે. તથા બાહ્ય અભ્યંતર ઉપધિ છોડીને અણાહારી બનીને પરિસહ, ઉપસર્ગોથી



સ્પર્શ પામેલો પણ સંથારામાં બેઠેલો રહી સહન કરે.

[૨૫૩] વળી આહારના અભાવે મુનિ ઇન્દ્રિયોથી ગ્લાન ભાવ પામે ત્યારે આત્માને સમતા ભાવમાં રાખે, આર્તધ્યાન ન કરે. તથા જેમ સમાધિ રહે તેમ બેસે. તે આ પ્રમાણે - સંકોચથી ખેદ પામે તો હાથ વગેરે લાંબા કરે. તેથી પણ થાકે તો સ્થિરચિત્તે બેસે. અથવા મુકરર સ્થાનમાં ફરે. આ સ્વકૃત્ ચેષ્ટા હોવાથી નિંદવા યોગ્ય નથી. કઈ રીતે ? કહે છે—

અચળ તે સમાધિમાં રહે. તે ઇંગિત પ્રદેશમાં પોતાની મેળે શરીર ચલાવે. પણ ખેદથી કંટાળી અભ્યુદ્દત મરણથી ચલાયમાન ન થાય તેથી અચળ છે. તે ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં મનને સ્થાપે - ભાવથી નિશ્ચલ રહી ઇંગિત પ્રદેશમાં ચંક્રમણ આદિ કરે. તે બતાવે છે—

[૨૫૪] પ્રજ્ઞાપકની અપેક્ષાએ અભિમુખ જવું તે અભિક્રમણ છે. અર્થાત્ સંથારાથી દૂર જાય. તથા પ્રતીપ એટલે પાછો સંથારા તરફ આવે. નિયત દેશમાં ગમન-આગમન કરે. તથા નિષ્પન્ન કે નિષણ્ણ રહીને જેમ સમાધિ રહે તેમ ભુજા આદિને સંકોચે કે લાંબા કરે.

શા માટે ? તે બતાવે છે - શરીરની પ્રકૃતિના સાધારણ કારણથી અને કાયાના સાધારણપણાથી પીડા થતાં આયુષ્યના ઉપક્રમના પરિહારવડે પોતાની આયુની સ્થિતિ ક્ષય થવાથી મરણ થાય તેમને મહાસત્વપણાથી - શરીર પીડા થતાં ચિત્તમાં ખોટો ભાવ થાય [તે માટે]

શંકા - જેણે શરીરની સમસ્ત ચેષ્ટા રોકી છે, સૂકા લાકડા માફક અચેતન પડેલો છે, પ્રચુરપુન્ય સમૂહ એકઠો કર્યો છે, તે કાયા કેમ હલાવે ?

ઉત્તર - તેવો નિયમ નથી. શુદ્ધ અધ્યવસાયથી યથાશક્તિ ભાર વહન કરવા છતાં, તેની સમાન જ કર્મક્ષય છે. 'वा' શબ્દથી પાદપોપગમનમાં અચેતન માફક ઇંગિતમરણવાળો સક્રિય હોય તો પણ અક્રિય જ છે. અથવા અહીં પણ ઇંગિતમરણમાં અચેતનવત્ શુષ્ક કાષ્ઠવત્ સર્વ ક્રિયારહિત જેમ પાદપોપગમનવાળો હોય તેમ પોતે શક્તિ હોય તો નિશ્ચળ રહે.

[૨૫૫] એવું સામર્થ્ય ન હોય તો આ પ્રમાણે કરે - જો બેઠતા કે ન બેઠતા ગાત્રભંગ થાય તો ત્યાંથી ઉઠીને ફરે, સરળગતિએ નિયમિત ભાગમાં આવ-જા કરે અને થાકી જાય તો જેમ સમાધિ રહે તેમ બેસે કે ઉભો રહે. જો સ્થાનમાં ખેદ પામે તો બેસે કે પદ્માસને કે અર્ધપદ્માસને કે ઉત્કુટુક આસને બેસે અને થાકે તો સીધો બેસે. તેમાં પણ ઉંચું મોઢું રાખીને સુવે કે પડખું ફેરવે કે સીધો સુવે કે લગંડશાયી થાય. એ રીતે જેમ સમાધિ રહે તેમ કરે.

[૨૫૬] વળી, આ મરણ અપૂર્વ છે. તે સામાન્ય માણસને વિચારવું પણ દુર્લભ છે. તેવો મરણસાધક ઇન્દ્રિયોના પોતાના ઇષ્ટ અનિષ્ટ વિષયોથી રાગદ્વેષ ન કરતાં તેને સમ્યગ્ રીતે પ્રેરે. કોલા, ધુણ, કીડાનું સ્થાન તે કોલાવાસ કે ઉધઈનો સમૂહ ચોંટેલો જોઈને જે વસ્તુ હોય કે તેમાં નવી જીવાત ઉત્પન્ન ન થાય તેવું જોઈને ખુલ્લું

દેખાતું પોલાણ રહિત સ્થાન કે ફલક ટેકો લેવા માટે શોધે.

[૨૫૭] ઇંગિત મરણને આશ્રીને જે નિષેધ છે, તે કહે છે, આ અનુષ્ઠાનથી કે ટેકા વગેરેથી વજ્ર માફક ભારે કર્મ કે પાપથી દૂર રહે. તે ઘુણાવાળા લાકડાનો ટેકો વગેરે ન લે, તથા ઊંચી નીચી કાયાને કરતાં અથવા દુષ્પ્રણિહિત વચનયોગથી અને આર્તધ્યાનાદિ મનોયોગથી પોતાના આત્માને દોષ લાગતો જાણીને તેનાથી દૂર રહે. અર્થાત્ પાપ ઉપાદાનરૂપ આત્માથી નિવર્તે-દૂર રહે.

તેમાં ધૈર્ય આદિ યુક્ત હોય તો શરીરની વૈયાવચ્ચ ન કરે. ચડતા શુભ ભાવના કંડકવાળો બની અપૂર્વ-અપૂર્વ ભાવ ધારાએ ચઢી સર્વજ્ઞ પ્રણીત આગમાનુસાર પદાર્થ સ્વરૂપ નિરૂપણમાં પોતાની મતિ સ્થિર કરીને આ શરીર આત્માથી જુદું છે, માટે તજવા યોગ્ય છે, એમ વિચારી બધાં દુઃખ સ્પર્શો તથા અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગ પરીષહોને તથા વાત, પિત્ત, કફના દ્વંદ્વ કે જુદા રોગો આવે તો મારે કર્મક્ષય કરવો હોવાથી મારે આ પૂર્વકૃત્ પાપ ભોગવવાં જોઈએ, એમ વિચારી દુઃખ સહે.

કેમકે મેં જે શરીરને ત્યાગ્યું છે, એને જ ઉપદ્રવ કરશે, પણ જે ધર્મઆચરણ કરવું છે તેને બાધા નહીં કરે, તેમ વિચારી દુઃખ સહે.

● **સૂત્ર-૨૫૮ થી ૨૬૩ :-**

***[૨૫૮] આ પાદપોપગમન અનશન ભક્તપરિજ્ઞા અને ઇંગિતમરણની અપેક્ષાએ વિશિષ્ટતર છે જે તેનું વિધિ સહ પાલન કરે છે, તે શરીરમાં તીવ્ર વેદના થવા છતાં પણ તે સ્થાનથી દૂર જતાં નથી.***

***[૨૫૯] પાદપોપગમન ઉત્તમધર્મ છે કેમકે પૂર્વોક્ત બંને મરણ કરતાં અધિક પ્રયત્નથી ગ્રાહ્ય છે. મુનિ નિર્દોષ ભૂમિને જોઈને પાદપોપગમનની વિધિનું પાલન કરે અને કોઈપણ અવસ્થામાં સ્થાનાંતર ન કરે.***

***[૨૬૦] નિર્જીવ સ્થાન અને પાટિયા આદિને પ્રાપ્ત કરી તેના પર મુનિ સ્થિત થાય. શરીરમમત્વનો સર્વથા ત્યાગ કરે અને વિચારે કે મારા શરીરમાં કોઈ પરીષહ નથી.***

***[૨૬૧] જાવજ્જીવ પરીષહ ઉપસર્ગો આવવાના જ. એમ જાણી, સંવૃત્ત શરીર ભેદને માટે પ્રાજ્ઞ ભિક્ષુ તેને સમભાવે સહન કરે.***

***[૨૬૨] મુનિ વિપુલ કામભોગને નશ્વર જાણી, તેમાં રાગ ન કરે. શાશ્વત મોક્ષને વિચારીને કોઈ પ્રકારે ઇચ્છા-નિદાન ન કરે.***

***[૨૬૩] આવા મુનિને કોઈ શાશ્વત વૈભવ માટે નિમંત્રણ કરે કે દિવ્ય માયા કરે, તો તેની શ્રદ્ધા ન કરે. તે મુનિ સમસ્તમાયાને દૂર કરીને સત્ય સ્વરૂપને સમજે.***

● **વિવેચન-૨૫૮ થી ૨૬૩ :-**

[૨૫૮] ઇંગિતમરણ અધિકાર કહ્યો. હવે પાદપોપગમન અનશન કહે છે - અનંતર કહેલ હોવાથી પહેલાં અહીં પ્રત્યક્ષ મરણ વિધિ કહે છે. તે 'આયતતર' છે. ફક્ત ભક્તપરિજ્ઞા નહીં ઇંગિતમરણ વિધિ કરતાં પણ આ આયતતર છે. - x - x



- અથવા ઉક્ત બંને કરતા અતિશય આત્ત છે, માટે આત્તતર અર્થાત્ પ્રયત્ન સાધ્ય છે. તે રીતે આ પાદપોપગમન મરણ વિધિ દૃઢતર છે. તેમાં પણ ઇંગિત મરણાનુસાર પ્રવ્રજ્યા, સંલેખનાદિ બધું જાણવું.

જો આ આયતતર છે તો શું કરવું ? તે કહે છે - જે ભિક્ષુ કહેલી વિધિએ જ પાદપોપગમન વિધિ પાળે તથા કાય વ્યાપાર છોડે કે મૂર્છા પામે કે મરણ સમુદ્ઘાત આવે કે શિયાળ, ગીધ આદિ લોહી-માંસ ખાય, તો પણ મહાસત્ત્વત્વથી, મહાફળ પ્રાપ્તિ જાણી; દ્રવ્ય અને ભાવથી તે સ્થાન વડે અને શુભ અધ્યવસાયથી ચલિત ન થાય.

[૨૫૯] વળી અંતઃકરણ નિષ્પન્ન હોવાથી આ પ્રત્યક્ષ ઉત્તમ મરણ વિધિ છે. તે પાદપોપગમન રૂપ મરણનો શ્રેષ્ઠ વિધિ છે. તેની ઉત્તમતાના કારણો દર્શાવે છે - x - x - ભક્ત પરિજ્ઞા અને ઇંગિતમરણરૂપ વિધિથી તે પ્રકર્ષે ગ્રાહ્ય છે. તેથી પાદપોપગમનને પ્રગૃહિતતર કહે છે. ઇંગિત મરણમાં જે કાય સ્પંદન છૂટ હતી, તે પણ અહીં નથી. જેમ ઝાડનું મૂળ જમીનમાં હોય તે બળાતું કે છેદાતું હોય તો પણ નિશ્ચેષ્ટ નિષ્ક્રિય રહે છે અને પડતું નથી. તેમ આવો સાધુ ચિલાતિપુત્ર માફક સ્થિર રહે છે, પણ પોતાના સ્થાનથી ખસતો નથી. એ જ હવે દર્શાવે છે—

અચિર સ્થાન તે સંથારાની ભૂમિ. તે પૂર્વોક્ત વિધિએ જોઈને તેમાં રહે. અહીં પાદપોપગમનના અધિકારથી 'વિહરણ'નો અર્થ વિધિપાલન કહ્યો. તેથી સ્થાનથી ખસે નહીં. બધાં ગાત્રના નિરોધમાં પણ સ્થિર રહે. આવો કોણ છે ? 'माहण' એટલે સાધુ. તે બેઠો હોય કે ઉભો હોય તો પણ શરીર કર્મ કર્યા વિના જેવી રીતે પહેલા કાયાને સ્થાપી હોય તેમ જ અચેતન માફક રહે, પણ ચાલે નહીં.

આ જ વાતને બીજી રીતે દર્શાવે છે—

[૨૬૦] અચેતન અર્થાત્ જીવરહિત. તેવી સંથારા ભૂમિ કે પાટીયું આદિ મેળવીને સમર્થ પુરુષ તેને કે કોઈ કાષ્ઠના ટેકે પોતાને સ્થાપે. પછી ચાર પ્રકારનો આહાર ત્યાગીને મેરુ પર્વત માફક નિષ્પ્રકંપ રહે. આલોચનાદિ કરી, ગુરુની આજ્ઞાપૂર્વક શરીરનો ત્યાગ કરે. - x - જો તેને કોઈ પરીષહ ઉપસર્ગ થાય તો ભાવના ભાવે કે, આ પરીષહ મારા દેહને થતાં નથી, કેમકે મેં દેહત્યાગ કર્યો છે. - x -

અથવા મારા દેહને પરીષહો નથી. કેમકે સારી રીતે સહેવાથી તે સંબંધી પીડાના ઉદ્વેગનો અભાવ છે. તેથી પરીષહોને કર્મશત્રુના જયમાં સહાયક માની તેને અપરીષહરૂપ જ ગણે.

[૨૬૧] આ પરીષહો ક્યાં સુધી સહેવા ? આખી જીંદગી સુધી આ પરીષહ-ઉપસર્ગો સહેવા. એમ જાણીને સહે અથવા મને જાવજ્જીવ પરીષહ-ઉપસર્ગ નથી એમ જાણીને સહે. અથવા જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી પરીષહ-ઉપસર્ગ પીડા છે, પછી ક્યાં છે ? મારે આ અવસ્થામાં ક્ષણવાર રહેવાનું હોવાથી આ પીડા અલ્પ માત્ર છે, તેમ જાણીને કાયાને બરાબર સંવરીને શરીર ત્યાગ માટે હું તૈયાર થયેલો છું, તેમ માનીને ઉચિત વિધાન વેદી મુનિ કાય-પીડાદાયી કષ્ટ સહન કરે.

[૨૬૨] આવા સાધુને જોઈને કોઈ રાજાદિ ભોગ માટે નિમંત્રણા કરે તે બતાવે

છે – શબ્દાદિ કામગુણો ભેદનશીલ છે, તે વિપુલ પ્રમાણમાં હોય તો પણ તેમાં રાગ ન કરે. - x - x - કદાચ રાજા પોતાની કન્યાનું દાન આદિ આપી લોભાવે, તો પણ તેમાં ગૃદ્ધ ન થાય. તથા ઇચ્છારૂપ લોભથી ચક્રવર્તી કે ઇન્દ્રત્વની અભિલાષારૂપ નિદાન વિશેષ પણ આ નિર્જરાપ્રેક્ષી મુનિ ન કરે. અર્થાત્ દેવ સમાન ચક્રવર્તીની ઋદ્ધિ જોઈને બ્રહ્મદત્ત માફક નિદાન ન કરે. આગમમાં પણ કહ્યું છે કે, આલોકની, પરલોકની, જીવિતની, મરણની, કામભોગની આશંસાથી તપ ન કરે.

વર્ણ એટલે સંયમ કે મોક્ષ. તે દુઃખે કરીને જણાય છે. અથવા પાઠાંતરથી 'ધ્રુવવન્ન' છે. ધ્રુવ એટલે અવ્યભિચારી. અથવા શાશ્વતી યશોકીર્તિ. તેને વિચારીને કામેચ્છા લોભને દૂર કરે.

[૨૬૩] વળી યાવજ્જીવ ક્ષય ન થવાથી અથવા પ્રતિદિન દેવાથી શાશ્વત અર્થ છે તેવા વૈભવ વડે કોઈ નિમંત્રણ આપે તો વિચારવું કે શરીરને માટે ધન ભેગું કરાય છે. પણ તે શરીર જ નાશવંત છે. [માટે ધન નકામું છે]. તથા દૈવી માયામાં શ્રદ્ધા ન કરવી. જો કોઈ દેવ પરીક્ષા માટે, શત્રુપણાથી, ભક્તિથી કે કૌતુક આદિથી વિવિધ ઋદ્ધિ બતાવી લલચાવે તો પણ તેને દેવમાયા જાણી શ્રદ્ધા ન કરે.

તેને તારે દેવમાયા જાણવી. અન્યથા આ પુરુષ એકદમ ક્યાંથી આવે ? આટલું બધું દુર્લભ દ્રવ્ય ! આવા ક્ષેત્ર, કાળ, ભાવે કોણ આપે ? - x - તથા કોઈ દેવી દિવ્યરૂપ કરીને લલચાવે તો પણ તેને જાણીને [ન લલચાય]. હે સાધુ ! તું આ બધી માયા કે કર્મબંધને જાણીને તેમાં ફસાતો નહીં - x - વળી–

● સૂત્ર-૨૬૪ :-

***સર્વ અર્થમાં મૂર્છિત ન થઈ, તે મુનિ જીવનની પાર પહોંચે છે. સહિષ્ણુતાને સર્વોત્તમ સમજી, ઉક્ત ત્રણ પંડિતમરણમાંથી કોઈ એકને હિતકર જાણી સ્વીકાર. તેમ હું કહું છું.***

● વિવેચન :-

'સર્વ અર્થ' એટલે પાંચ પ્રકારના કામગુણો, તેના સંપાદક અથવા દ્રવ્યસમૂહ. તેમાં કે તેથી મૂર્છા ન પામતો આયુ પહોંચે ત્યાં સુધી સ્થિર રહે – આયુષ્ય પુદ્‌ગલોનો ક્ષય થાય ત્યાં સુધી રહે તે પારગ છે. તે યથોક્ત વિધિએ પાદપોપગમન અનશનમાં રહીને ચઢતા શુભભાવે પોતાના આયુકાળનો અંત કરે. આ પાદપોપગમન વિધિ સમાપ્ત કરતા ત્રણે મરણોના કાળ, ક્ષેત્ર, પુરુષ, અવસ્થાને વિચારીને યોગ્યતા પ્રમાણે કરે તે છેલ્લા બે પદમાં બતાવ્યું. પરીષહ-ઉપસર્ગજનિત દુઃખ વિશેષે સહે. તે ત્રણેમાં મુખ્ય જાણી મોહરહિત - x - x - થાય. - x - x -

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૮ ''અનશનમરણ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

નય વિચાર આદિ થોડું કહેવાયું છે. હવે કહેવાનારને જણાવે છે.



# અધ્યયન-૯ ''ઉપધાન શ્રુત''

● ભૂમિકા :-

આઠમું અધ્યયન કહ્યું. હવે નવમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે – પૂર્વે આઠ અધ્યયનોમાં જે અર્થ કહેવાયો તે તીર્થંકર વીર વર્ધમાનસ્વામીએ પોતે આચરેલો છે, તે નવમાં અધ્યયનમાં બતાવે છે. આઠમાં અધ્યયન સાથેનો તેનો સંબંધ આ પ્રમાણે – અભ્યુદ્યત મરણ ત્રણ પ્રકારે બતાવ્યું. તેમાં કોઈપણમાં રહેલો સાધુ અધ્યયન-૮-માં બતાવેલ વિધિએ અતિ ઘોર પરીષહ-ઉપસર્ગ સહન કરીને - x - ચાર ઘાતિકર્મનો નાશ કરી અનંત-અતિશય - x - સ્વ પર પ્રકાશક કેવળજ્ઞાન મેળવનાર ભગવંત વર્ધમાનસ્વામીને સમોસરણમાં બેઠેલા અને સત્વોના હિત માટે ધર્મદેશના કરતા હોય તેમ ધ્યાવે. તે માટે આ અધ્યયન કહે છે. આ સંબંધે આવેલા અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમ દ્વારમાં અધ્યયન અને ઉદ્દેશાનો અર્થાધિકાર છે. જેમાં અધ્યયન અર્થાધિકાર - x - અહીં બતાવે છે.

[નિ.૨૭૬] જ્યારે જે તીર્થંકર ઉત્પન્ન થાય છે, તે પોતાના તીર્થમાં આચારનો વિષય કહેવા છેલ્લા અધ્યયનમાં પોતે કરેલા તપનું વર્ણન કરે. એ બધાં તીર્થંકરોનો કલ્પ છે. અહીં ઉપધાન શ્રુત નામે છેલ્લું અધ્યયન છે. તેથી તેને ''ઉપધાન શ્રુત'' કહે છે.'' બધાં તીર્થંકરોને કેવલજ્ઞાન માફક તપ અનુષ્ઠાન સમાન છે કે ઓછું-વધતું ? તે શંકાનું નિવારણ કરવા કહે છે–

[નિ.૨૭૭ થી ૨૭૯] બધાં તીર્થંકરોનો તપ નિરુપસર્ગ કહ્યો છે. પણ વર્ધમાન સ્વામીનો તપ ઉપસર્ગ સહિત જાણવો. તીર્થંકર દીક્ષાથી ચાર જ્ઞાનવાળા થાય, દેવપૂજિત અને નિશ્ચયે મોક્ષગામી છે. તો પણ બલ, વીર્ય ગોપવ્યા વિના તપવિધાનમાં ઉદ્યમ કરે છે. તો બીજા સુવિહિત સાધુ મનુષ્યપણાને સોપક્રમ જાણ્યા પછી તપમાં યથાશક્તિ ઉદ્યમ કેમ ન કરે ?

અધ્યયન અર્થાધિકાર કહ્યો હવે ઉદ્દેશાનો અર્થાધિકાર કહે છે–

[નિ.૨૮૦] ૧-'ચર્યા'- ચરણ-ચરાય તે. વર્ધમાનસ્વામીનો વિહાર અહીં ઉદ્દેશા-૧-નો અર્થાધિકાર છે. ૨-'શય્યા'-ઉદ્દેશા-૨-માં શય્યા એટલે વસતિનું વર્ણન જે રીતે ભગવંત મહાવીર રહ્યા તે છે. ઉદ્દેશા-૩-માં 'પરીષહ' વર્ણન છે. માર્ગથી ભ્રષ્ટ ન થતાં સાધુએ નિર્જરાર્થે પરીષહોને સહન કરવા. તે માટે વર્ધમાનસ્વામીને થયેલા અનુકૂળ-પ્રતિકૂળ પરીષહોને અત્રે બતાવ્યા છે. ઉદ્દેશા-૪માં ભૂખની પીડામાં વિશિષ્ટ અભિગ્રહની પ્રાપ્તિમાં આહાર વડે ચિકિત્સા બતાવી અને તપચરણનો અધિકાર ચારેમાં છે.

નિક્ષેપો ત્રણ પ્રકારે – ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન. તેમાં ઓઘમાં અધ્યયન, નામમાં ઉપધાન શ્રુત છે. ઉપધાન અને શ્રુત દ્વિપદ નામ છે, તેમાં ઉપધાનના નિક્ષેપને કહે છે–

[નિ.૨૧૮] નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ઉપધાનના ચાર નિક્ષેપા છે, શ્રુતના પણ આ ચાર જ છે. તેમાં દ્રવ્યશ્રુત ઉપયોગરહિત છે અથવા દ્રવ્ય માટેનું કે

જૈનેતરનું શ્રુત તે દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત તે અંગ ઉપાંગમાં રહેલા શ્રુતમાં ઉપયોગ હોવો તે.

હવે નામ સ્થાપનાને છોડીને દ્રવ્યાદિ ઉપધાન બતાવે છે—

[નિ.૨૮૨] સમીપમાં રહીને કરાય તે ઉપધાન. દ્રવ્યસંબંધી હોય તે દ્રવ્ય ઉપધાન. જેમકે પથારીમાં સુખે સુવા માટે ટેકા લેવાનું ઓશીકું તે દ્રવ્ય ઉપધાન છે. ભાવ ઉપધાન તે જ્ઞાન, દર્શન, ચારિત્ર કે બાહ્ય અભ્યંતર તપ છે. કેમકે તેના વડે ચારિત્ર પરિણત ભાવવાળાને ઉપષ્ટંભન કરાય છે. તેથી અહીં જ્ઞાનાદિ ચારેનો અધિકાર છે.

ચારિત્રના આધાર માટે તપનું ભાવ ઉપધાન શા માટે કહે છે ?

[નિ.૨૮૩] - x - જેમ મેલું વસ્ત્ર પાણી વગેરેથી શુદ્ધ કરાય છે, તેમ જીવને પણ ભાવ ઉપધાનરૂપ બાહ્ય અભ્યંતર તપ વડે આઠે કર્મથી શુદ્ધ કરાય છે. અહીં કર્મક્ષયના હેતુ માટે ઉપધાન શ્રુતત્વથી તપનું ગ્રહણ કરેલ છે. તેના પર્યાયો જણાવે છે અથવા તપ અનુષ્ઠાન વડે અવધૂનનાદિ કર્મ ઓછા થવાના ઉપાય વિશેષને કહે છે—

[નિ.૨૮૪] તેમાં 'અવધૂનન' તે અપૂર્વકરણ વડે કર્મગ્રંથિના ભેદનું ઉપાદાન જાણવું. તે તપના કોઈપણ ભેદના સામર્થ્યથી આ ક્રિયા થાય છે. - x - 'ધૂનન' તે ભિન્ન ગ્રંથિવાળાને અનિવૃત્તિકરણ વડે સમ્યક્ત્વમાં રહેવું. 'નાશન' એટલે સ્તિબુક સંક્રમણ વડે એક કર્મપ્રકૃતિનું બીજી પ્રકૃતિમાં સંક્રમણ થવું. 'વિનાશન' એટલે શૈલેશી અવસ્થામાં સમસ્તપણે કર્મનો અભાવ કરવો. 'ધ્યાપન' એટલે ઉપશમ શ્રેણિમાં કર્મનું ઉદયમાં ન આવવું. 'ક્ષપણ' તે અપ્રત્યાખ્યાનાદિ ક્રમ વડે ક્ષપકશ્રેણિમાં મોહાદિનો અભાવ કરવો. 'શુદ્ધિ કર'. તે અનંતાનુબંધીના ક્ષય વડે ક્ષાયિક સમ્યકત્વ મેળવવું.

'છેદન' તે ઉત્તરોત્તર શુભ અધ્યવસાયમાં ચડીને 'સ્થિતિ' ઘટાડવી. 'ભેદન' તે બાદર સંપરાય અવસ્થામાં સંજ્વલન લોભના ખંડ ખંડ કરવા. 'ફેડણ'-તે ચોઠાણીયા રસવાળી અશુભ પ્રકૃતિને ત્રણ રસવાળી આદિ બનાવવી. 'દહન'-તે કેવલી સમુદ્‌ઘાત રૂપ ધ્યાન અગ્નિ વડે વેદનીય કર્મને ભસ્મ કરવું અને બાકીના કર્મને દોરડા માફક બનાવવું. 'ધાવન' તે શુભ અધ્યવસાયથી મિથ્યાત્વ પુદ્‌ગલોને સમ્યકત્વભાવે બનાવવા.

આ બધી કર્મ અવસ્થાઓ પ્રાયઃ ઉપશમ-ક્ષપક શ્રેણિ, કેવલિ સમુદ્‌ઘાત આદિના પ્રગટ કરવાથી પ્રગટ થાય છે. તે માટે તેનો આરંભ થાય છે. તેમાં ઉપશમશ્રેણિમાં પ્રથમ જ અનંતાનુબંધીની ઉપશમના કહેવાય છે. - x - તેમાં દર્શન સપ્તક એક વડે ઉપશમાય છે, તે કહે છે—

*[આ અને હવેનું વર્ણન કર્મગ્રંથ આધારિત હોઈ અહીં સંક્ષેપમાં કહેલ છે, જિજ્ઞાસુઓએ વૃત્તિ જોઈ, તેના વિશેષ જ્ઞાતા પાસેથી સમજવું.]*

ઉપરની ત્રણ લેશ્યા વિશુદ્ધ હોવાથી સાકાર ઉપયોગવાળો - x - અશુભ પ્રકૃતિને ઘટાડે છે અને શુભ પ્રકૃતિની વૃદ્ધિ કરે છે.



પ્રત્યેક અંતર્મુહૂર્ત્તના એવા ત્રણ કરણ કરે છે - યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ. - x - યથા પ્રવૃત્તકરણમાં દરેક સમયે અનંતગુણ વૃદ્ધિવાળી વિશુદ્ધિને અનુભવે છે. - x - અપૂર્વકરણમાં અપૂર્વ ક્રિયાને મેળવે છે. તેમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, સ્થિતિબંધ એ પાંચે અધિકાર પૂર્વે ન હતા તે હવે છે, માટે અપૂર્વકરણ કહેવાય. પછી અનિવૃત્તિકરણ કરે. આ ત્રણ કરણ વડે અનંતાનુબંધી કષાયોને ઉપશમાવે.

ઉપશમ - અનિવૃત્તિકરણ વડે કર્મરજ શાંત થઈ જાય તે ઉપશમ. તે વખતે ઉદય, ઉદીરણા, સંક્રમ, નિધત્ત, નિકાચનારૂપ કરણ થતા નથી. તેમાં પ્રથમ સમયે થોડાં કર્મદલિકો ઉપશાંત થાય, પછી અંતર્મુહૂર્ત્તમાં વધતા ક્રમે બધું ઉપશાંત થાય. બીજા આચાર્યો આ વિષયમાં અનંતાનુબંધીની વિસંયોજના બતાવે છે.

*[જે મૂળ વૃત્તિથી જાણવી.]*

હવે દર્શનત્રિકની ઉપશમના કહે છે, તેમાં મિથ્યાત્વનો ઉપશમક મિથ્યાદૃષ્ટિ છે અથવા વેદક સમ્યગ્દૃષ્ટિ છે. પણ સમ્યક્ત્વ કે સમ્યગ મિથ્યાત્વનો વેદક તે જ ઉપશમક છે. મિથ્યાત્વનો ઉપશમ કરતો ઉપશાંત મિથ્યાત્વી અને ઉપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે ઇત્યાદિ. - x - x - *[હવે વૃત્તિમાં કરાયેલ સંપૂર્ણ વર્ણન કર્મગ્રંથ કે કર્મપ્રકૃતિના અભ્યાસી પાસે સમજવું સલાહભર્યું છે. માત્ર ગુજરાતી અનુવાદથી પર્યાપ્ત અર્થ નહીં સમજાય માટે તે સમગ્ર અનુવાદ અહીં નોંધેલ નથી.]* - x - એ રીતે અનુક્રમે ઉપશાંત વીતરાગ થયા છે. - x - ત્યાંથી તે પડે છે.

એ રીતે - x - ઉપશમ શ્રેણિનું વર્ણન કર્યું. હવે ક્ષપકશ્રેણિને કહે છે. ક્ષપકશ્રેણિ આરંભક પહેલા ત્રણ કરણપૂર્વક અનંતાનુબંધી કષાયોને દૂર કરે છે. પછી મિથ્યાત્વને અને સમ્યગ્ મિથ્યાત્વને પણ ખપાવે છે. એ રીતે અનુક્રમે - x - ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ થાય છે. અપ્રમત્તગુણસ્થાન સુધી આ સાત પ્રકૃત્તિ ખપાવે છે. પછી જેને આયુષ્યનો બંધ થયો નથી તે કષાય અષ્ટકને ખપાવવા ત્રણ કરણ આરંભે છે. - x - આઠે કષાયોનો ક્ષય થાય છે. *[જો કે અહીં બે આચાર્યોના ભિન્ન ભિન્ન મત છે.]*

મોહનીય કર્મપ્રકૃત્તિ ખપાવ્યા બાદ જ્ઞાનવરણીયની, દર્શનાવરણીયની તથા યશકીર્તિ, ઉચ્ચગોત્ર મળી ૧૬ પ્રકૃત્તિનો બંધ વ્યવચ્છેદ કરે છે. પછી ક્ષીણ મોહી બનીને અંતર્મુહૂર્ત્તના અંતના છેલ્લા સમયમાં બાકી પ્રકૃતિ ખપાવીને - x - કેવળી બને છે. માત્ર સાતાવેદનીય કર્મને સયોગી ગુણસ્થાન સુધી બાંધે છે. જ્યારે અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે ત્યારે કેવલી ભગવંતો વેદનીય કર્મ ઘણું વધુ બાકી છે તેમ જાણે તો તે બંનેની સ્થિતિ સમાન કરવા કેવલીસમુદ્‌ઘાત કરે છે.

કેવળી સમુદ્‌ઘાતનું વર્ણન [સંક્ષેપમાં] - પહેલા સમયે ઉંચે-નીચે (આત્મપ્રદેશને) દંડ આકારે ફેલાવે. બીજા સમયે તીર્છી દિશામાં લોકાંત પુરવા માટે કપાટ બનાવે. ત્રીજા સમયે ખૂણાઓ પૂરવા મન્થાન બનાવે, ચોથા સમયે આંતરા પુરવા નિષ્કુટ બનાવે. પછી ચાર સમયમાં ઉલટા ક્રમે આ યોગ વેપારને સંકેલે. પછી યોગ નિરોધ કરે.

યોગ નિરોધનું વર્ણન [સંક્ષેપમાં] - પહેલા બાદર મનોયોગને રોકે, પછી

બાદર વચનયોગ, પછી બાદર કાયયોગને રોકે. પછી સૂક્ષ્મ મનોયોગ અને સૂક્ષ્મ વચનયોગને રોકે. પછી સૂક્ષ્મકાય યોગને રોકતો અપ્રતિપાતિ નામક શુક્લધ્યાનના ત્રીજા ભેદને આરોહે અને એ રીતે છેલ્લે અનિવૃત્તિ નામના શુક્લધ્યાનના ચોથા પાયાને આરોહે. એ રીતે અયોગી કેવલી ભાવને પામે. ક્રમશઃ શેષ કર્મપ્રકૃતિઓને ખપાવે. *[કઈ કર્મપ્રકૃતિ કયા ક્રમે ખપાવે તે જાણવા વૃત્તિ જોવી અને વૃત્તિના અર્થને કર્મપ્રકૃતિના જાણકાર પાસે સમજવો હિતાવહ છે].* એ રીતે સંપૂર્ણ કર્મ ક્ષય કર્યા પછી શીઘ્રતાથી અસ્પર્શ ગતિએ એકાંતિક, આત્યંતિક, અનાબાધ લક્ષણવાળા સુખને અનુભવતો સિદ્ધિ સ્થાનમાં પહોંચે.

હવે ઉપસંહાર કરતા - x - બીજા જીવોને બતાવે છે કે—

[નિ.૨૮૪] આ પ્રમાણે ઉક્ત વિધિએ જ્ઞાનાદિ ભાવઉપધાન કે તપને વીર વર્ધમાનસ્વામીએ સ્વયં આદર્યો છે, તે બીજા પણ મુમુક્ષુ આદરે. એ પ્રમાણે ગાથાર્થ જાણવો.

## ૐ અધ્યયન-૯ ઉદ્દેશો-૧ "ચર્ચા" ૐ

૦ હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહેવું જોઈએ. તે આ પ્રમાણે—

● **સૂત્ર-૨૬૫ :-**

***જે રીતે શ્રમણ ભગવન્ કર્મક્ષય માટે તૈયાર થયા. વસ્તુ સ્વરૂપ જાણી હેમંતઋતુમાં દીક્ષા લઈ તત્કાળ વિહાર કર્યો; એ સર્વ વૃત્તાંત મેં જેવું સાંભળેલ છે, તે તમને કહીશ.***

● **વિવેચન :-**

જંબૂસ્વામીએ પૂછતા આર્ય સુધર્માસ્વામી કહે છે, શ્રુત કે સૂત્ર મુજબ હું કહીશ. તે આ પ્રમાણે — તે શ્રમણ ભગવંત વીર વર્ધમાન સ્વામી ઉધત વિહાર સ્વીકારી, સર્વ અલંકાર ત્યાગ કરી, પંચમુષ્ટી લોચ કરી, ઇન્દ્રે મૂકેલ એક દેવદૂષ્ય ધારણ કરી, સામાયિકની પ્રતિજ્ઞા કરી, મનઃપર્યવજ્ઞાની થઈ આઠ પ્રકારના કર્મ ખપાવવા અને તીર્થ પ્રવર્તાવવા માટે તૈયાર થઈને; તત્વ જાણીને હેમંતઋતુમાં માગસર વદ-૧૦ના પશ્ચિમ દિશામાં સૂર્ય જતા [પાછલા પ્રહરે] દીક્ષા લઈને વિહાર કર્યો. કુંડગ્રામથી અન્તર્મુહૂર્ત્ત શેષ દિવસ રહેતા કર્મારગામે ભગવંત આવ્યા. પછી—

અનેક પ્રકારના અભિગ્રહ ધારણ કરીને ઘોર પરીષહ-ઉપસર્ગ સહન કરીને મહાસત્વપણે મ્લેચ્છોને પણ શાંતિ પમાડતા બાર વર્ષથી કંઈક વધુ છદ્મસ્થપણે મૌનવ્રતી થઈ તપ આદર્યો. - અહીં સામાયિક વ્રત ઉચ્ચરતા જ ઇન્દ્રે ભગવંત ઉપર દેવદૂષ્ય મૂક્યું. તેથી ભગવંતે પણ નિઃસંગ અભિપ્રાય વડે જ ધર્મોપકરણ વિના બીજા મુમુક્ષુથી ધર્મ થવો અશક્ય છે એ કારણે મધ્યસ્થવૃત્તિથી તે વસ્ત્ર ધારણ કર્યું. પણ તેના ઉપભોગની ઇચ્છાથી નહીં. આ જ વાત બતાવવા કહે છે—

● **સૂત્ર-૨૬૬ થી ૨૬૮ :-**

***[૨૬૬-] ભગવંતે એવું ન વિચાર્યું કે, હું હેમંતઋતુમાં આ વસ્ત્રથી શરીરને ઢાંકીશ. કેમકે ભગવંત જીવનપર્યંત પરીષહોને સહન કરનારા હતા.***



***ભગવંતનું [વસ્ત્ર ધારણ કરવું] તે તેમની અનુધર્મિતા જ હતી.***

***[૨૬૭-] દીક્ષા અવસરે ભગવંતને શરીરે લગાડાયેલ સુગંધી દ્રવ્યોને કારણે ભ્રમર આદિ આવીને તેમના શરીર પર ચઢી જતાં, ફરતા અને ડંખ મારતા હતા. આ ક્રમ ચાર માસ કરતા વધુ સમય ચાલ્યો.***

***[૨૬૮-] એક વર્ષ અને સાધિક એક માસ ભગવંતે વસ્ત્રનો ત્યાગ ન કર્યો. પછી વસ્ત્ર છોડીને તે અણગાર સર્વથા અચેલક થઈ ગયા.***

● **વિવેચન-૨૬૬ થી ૨૬૮ :-**

[૨૬૬-] ભગવંતે વિચારેલ કે, ઇન્દ્રે આપેલ આ વસ્ત્ર વડે મારા શરીરને ઢાંકીશ નહીં, શિયાળામાં તે વસ્ત્ર વડે શરીરનું રક્ષણ નહીં કરું કે લજ્જા માટે વસ્ત્ર ધારણ નહીં કરું. તે ભગવંત કેવા છે ? તે કહે છે—

તે ભગવંત પ્રતિજ્ઞાને પૂરી કરે છે અથવા પરીષહો કે સંસારનો પાર પામે છે. કેટલો કાળ ? જીવનપર્યન્ત. વસ્ત્ર શા માટે રાખે છે ? તે વસ્ત્ર ધારણ કરવાથી એમ બતાવ્યું કે - તે અનુધર્મીપણું છે. બીજા તીર્થંકરોએ તે આચરણા કરી છે. આગમમાં પણ કહ્યું છે કે—

પૂર્વે જે અનંતા તીર્થંકરો થયા, જેઓ હાલ છે અને ભાવિમાં થશે તે દીક્ષા લઈને ઉપધિવાળો ધર્મ શિષ્યને બતાવવો એ ધર્મનો માર્ગ છે એમ જાણી એક દેવદૂષ્ય સ્વીકારી દીક્ષા લેતા, દીક્ષા લે છે, દીક્ષા લેશે.

વળી કહ્યું છે કે, વસ્ત્રસહિત ધર્મના વિશેષપણાથી બીજા તીર્થંકરોએ શિષ્યના વિશ્વાસ માટે વસ્ત્ર ધારણ કર્યું છે, લજ્જાને માટે નહીં.

ભગવંતે દીક્ષા લીધી ત્યારે દેવતાએ સુગંધીનું વિલેપન કરેલું. તેની સુગંધથી ખેંચાઈને આવેલા ભમરાદિ જે પીડા આપી તે કહે છે—

[૨૬૭-] ચાર માસથી પણ અધિક સમય ભમરા આદિ ઘણાં પ્રાણીઓ આવીને શરીર પર ચડી ડંખ મારતા હતા અને માંસ લોહીના અર્થી બનીને કરડીને આમ-તેમ દુઃખ દેતા હતા. તે દેવદૂષ્ય ક્યાં સુધી રહ્યું ?

[૨૬૮-] ઇન્દ્રે આપેલ વસ્ત્ર તેર માસથી વધુ સમય ભગવંત તે વસ્ત્ર યુક્ત રહ્યા. તેનો ત્યાગ ન કર્યો. પછી વસ્ત્રનો ત્યાગ કરી, વોસિરાવીને તે અણગાર ભગવંત અચેલક રહ્યા. તે સુવર્ણવાલુકા નદીના પૂરમાં આવેલ કાંટામાં ભરાયુ અને બ્રાહ્મણે ગ્રહણ કર્યું. વળી—

● **સૂત્ર-૨૬૯ થી ૨૭૧ :-**

***[૨૬૯-] ભગવંત પૌરુષી અર્થાત્ આત્મ પ્રમાણથી તિર્યગ્ ભિત્તિએ માર્ગને ઉપયોગપૂર્વક જોતા ચાલતા હતા. આ રીતે તેમને ગમન કરતા જોઈને ભયભીત બનેલા બાળકો મારો મારો કહી કોલાહલ કરતા.***

***[૨૭૦-] ગૃહસ્થના સંસર્ગવાળા સ્થાનમાં રહેતા ત્યારે કામવિહ્વળ સ્ત્રીઓ ભોગની પ્રાર્થના કરતી. પણ ભગવંત તેને કલ્યાણ માર્ગમાં વિઘ્ન કરનાર જાણી, મૈથુન સેવન ન કરતા. આત્મામાં લીન બની ધ્યાન કરતા.***

*[૨૭૧-] ભગવંત ગૃહસ્થયુક્ત સ્થાને જાય તો તેનો સંપર્ક છોડીને ધ્યાનમાં જ લીન રહેતા હતા. કોઈ પૂછે તો પણ બોલતા નહીં. પોતાના માર્ગે ચાલતા. એ રીતે સરળ ચિત્તવાળા ભગવંત મોક્ષમાર્ગ ન ઉલ્લંઘતા.*

● વિવેચન :-

[૨૬૯-] પછી પુરુષ પ્રમાણ પૌરુષી અર્થાત્ આત્મપ્રમાણ માર્ગે જતાં ઇર્યા સમિત થઈ જાય. અહીં ધ્યાન એટલે ઇર્યાસમિતિપૂર્વક ચાલવું તે.

તે માર્ગ કેવો છે ? તિર્યગ્ ભિત્તિ એટલે ગાડાની ધુંસરી પ્રમાણે આગળ સાંકડો, આગળ જતાં પહોળો. કેવી રીતે જુએ છે ? આંખો વડે બરાબર ધ્યાન રાખીને જુએ. તેમને એ રીતે જતાં જોઈને કોઈ વખત બાળક, કુમાર આદિ ઉપસર્ગ કરે તે બતાવે છે — અહીં 'ચક્ષુ' શબ્દ દર્શનનો પર્યાય છે. તે દર્શન વડે જ ડરેલા એકઠા થયેલા ઘણાં બાળક આદિ ધૂળની મુઠી વગેરેથી હણી હણીને ચાળા પાડવા લાગ્યા. બીજા બાળકોને બોલાવીને કહ્યું, જુઓ આ નાગો મુંડીયો છે. આ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? એમ કોલાહલ કરે.

[૨૭૦-] વળી જેમાં સુવાય તે શયન-વસતિ. તેમાં કોઈ નિમિત્તથી ભેગા મળેલા ગૃહસ્થ કે અન્યદર્શની હોય, તે સ્થાને તેમને કોઈ સ્ત્રીઓ પ્રાર્થના કરે, ત્યારે તેને શુભ માર્ગમાં ભુંગળ સમાન જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગી મૈથુન ન સેવે શૂન્યગૃહમાં હોય ત્યારે ભાવ મૈથુન ન સેવે. આ પ્રમાણે તે ભગવંત પોતાના આત્મા વડે વૈરાગ્ય માર્ગે આત્માને દોરીને ધર્મધ્યાન કે શુક્લધ્યાન ધ્યાવે. તથા—

[૨૭૧-] જે કોઈ ઘરમાં રહે તે 'ગૃહસ્થો' છે. તેઓ સાથે કારણે ભેગા થતાં દ્રવ્યથી અને ભાવથી મિશ્ર ભાવ છોડીને તે ભગવંત ધર્મધ્યાન ધ્યાવે. તથા કોઈ નિમિત્તથી ગૃહસ્થ પૂછે કે ન પૂછે તેઓ ન બોલે. તેઓ પોતાના કાર્ય માટે જ જાય છે. તેઓ બોલાવે તો પણ ભગવંત મોક્ષ પથ કે પોતાના ધ્યાનને છોડતા નથી. તેઓ સંયમ અનુષ્ઠાનમાં વર્તતા હોવાથી ઋજુ છે. નાગાર્જુનીયા કહે છે, કોઈ ગૃહસ્થ પૂછે કે ન પૂછે, ભગવંત પોતે પાપમાં સંમતિ આપતા નથી. વળી—

● સૂત્ર-૨૭૨ થી ૨૭૪ :-

*[૨૭૨-] ભગવંત અભિવાદન કરનારને આશીર્વચન કહેતા ન હતા અને પુણ્યહીન લોકો દંડથી મારે કે વાળ ખેંચે તો તેમને શાપ આપતા ન હતા, પણ મૌન ધારણ કરીને રહેતા હતા.*

*[૨૭૩-] ભગવંત દુઃસહ કઠોર શબ્દાદિની પરવા ન કરતાં સંયમમાં પરાક્રમ કરતા હતા. તેમને કથા, નૃત્ય, ગીત, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ આદિમાં કંઈ આશ્ચર્ય કે કુતૂહલ થતું ન હતું.*

*[૨૭૪-] કોઈ વખતે પરસ્પર કામાદિ કથાઓમાં લીન લોકોને જોઈને જ્ઞાતપુત્ર મહાવીર હર્ષ કે શોક ન કરતા મધ્યમ ભાવમાં રહેતા. અનુકૂળ-પ્રતિકૂળ ભયંકર પરીષહ-ઉપસર્ગનું સ્મરણ ન કરી સંયમમાં વિચરતા.*



● વિવેચન-૨૭૨ થી ૨૭૪ :-

[૨૭૨-] હવે કહેવાતી વાત બીજાઓને સુકર નથી. સાધારણ પુરુષો માટે સરળ નથી. છતાં ભગવંતે કેમ આચર્યું ? તે બતાવે છે — કોઈ અભિવાદન કરે તો પણ કંઈ બોલતા નહીં. અભિવાદન ન કરનાર પર કોપતા નહીં અને પ્રતિકૂળ ઉપસર્ગ કરનાર પર વિરૂપ ભાવ ધરતા નહીં. જેમકે — અનાર્યદેશમાં વિચર્યા ત્યારે ભગવંતને તે અનાર્ય પાપીઓએ દંડા વડે માર્યા. વાળ ખેંચી દુઃખી કર્યા [તો પણ સમભાવમાં રહ્યા.] વળી—

[૨૭૩-] બીજા પાપીઓ કઠોર વચન વડે દુઃખ દેતા, તેને ગણકાર્યા વિના ભગવંત જગતના સ્વભાવને જાણીને, ચારિત્રમાં પરાક્રમ બતાવી સમ્યક્ રીતે સહન કરતા, આખ્યાત, ગીત, નૃત્યને કૌતુક માનતા નહીં, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ સાંભળીને વિસ્મયયુક્ત કે ઉત્સુક થતા ન હતા. -તથા-

[૨૭૪-] કોઈ પરસ્પર કથા કરતા હોય કે કદાગ્રહી હોય બે સ્ત્રી બીજાની કથામાં ગૃદ્ધ હોય, તે અવસરે ભગવંત મહાવીર હર્ષ છોડીને તે બધાની કથામાં મધ્યસ્થ રહીને જોતા. આ તથા બીજા અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ ઉપસર્ગો થતાં સહન ન થાય તેવા અતિશય દુઃખો આવે તો પણ તેને ન ગણતાં સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરતા. જ્ઞાત ક્ષત્રિયના પુત્ર વીર વર્ધમાનસ્વામી ભગવંત આ દુઃખોને સ્મરણમાં લાવતા નથી. અથવા ઘર એ શરણ છે, તે ન હોવાથી અશરણ અર્થાત્ સંયમમાં પરાક્રમ કરે છે.

એમાં આશ્ચર્ય શું છે કે ભગવંત અપરિમિત બળ, પરાક્રમી, પ્રતિજ્ઞા રૂપ મેરુ પર્વતે આરૂઢ થઈ પરાક્રમ કરે છે ? ભગવંતે દીક્ષા લીધી ન હતી ત્યારે પણ પ્રાસુક આહારથી નિર્વાહ કરેલો. ભગવંતના માતા-પિતા મૃત્યુ પામ્યા ત્યારે પ્રતિજ્ઞા પૂરી થઈ જાણી દીક્ષા લેવા તૈયાર થતાં જ્ઞાતિજનોએ કહ્યું કે, ઘા પર મીઠું છાંટવા જેવું કેમ કરો છો ? ત્યારે ભગવંતે વિચાર્યું કે જો અત્યારે દીક્ષા લઈશ તો ઘણાં લોકો દુઃખી દુઃખી થશે. તેથી તેમણે પૂછયું કે, કેટલો કાળ ઘેર રહેવું ? તેઓએ કહ્યું, બે વર્ષ. ભગવંત કહે, ઠીક. પણ આહાર આદિ મારી ઇચ્છાએ કરીશ. મારી ઇચ્છા તોડવી નહીં. તેઓએ પણ વિચાર્યું કે, આ રીતે પણ ભલે રહેતા. તેથી બધાં સંમત થયા.

ત્યારપછી ભગવંતે તે વચનને અનુસરીને સાધુવૃત્તિએ રહ્યા. પછી પોતાનો દીક્ષાનો અવસર જાણીને સંસારની અસારતા સમજી તીર્થપ્રવર્તન માટે ઉદ્યત થયા. તે દર્શાવે છે—

● સૂત્ર-૨૭૫ :-

*દીક્ષા પૂર્વે બે વર્ષથી કંઈક વધુ સમય ભગવંતે સચિત્ત જળનો ઉપભોગ ન કર્યો. ગૃહસ્થાવસ્થામાં પણ એકત્વભાવનાનું ચિંતન કરતા હતા. ક્રોધાદિ કષાયને શાંત કરી, સમ્યક્ત્વ ભાવનાથી ભાવિત થઈ રહેતા હતા. તેમના ઇન્દ્રિય અને મન શાંત હતા.*

● વિવેચન :-

ભગવંતે સાધિક બે વર્ષ સચિત્ત જળનો ભોગ ન કર્યો. પગ ધોવાદિ ક્રિયા

પણ પ્રાસુક જળ વડે જ કરી, જેમ જીવહિંસા ત્યાગી તેમ બીજા વ્રતો પણ પાળ્યા. તથા એકત્વ ભાવના ભાવિત અંતકરણવાળા બનીને ક્રોધજ્વાળા શાંત કરી તથા કાયાને ગોપવીને રહ્યા. તે ભગવંત છદ્મસ્થ કાળે સમ્યકત્વ ભાવના વડે ભાવિત અને ઇન્દ્રિયાદિ વડે શાંત હતા.

આવા ભગવંત ગૃહવાસમાં પણ સાવધ આરંભ ત્યાગી હતા, તો પછી દીક્ષા લીધા પછી નિસ્પૃહ કેમ ન હોય ? તે કહે છે—

**● સૂત્ર-૨૭૬ થી ૨૭૮ :-**

***[૨૭૬-] પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, લીલ-ફુગ, બીજ-હરિતકાય તથા અન્ય વનસ્પતિકાય અને ત્રસકાયને સર્વ પ્રકારે જાણીને—***

***[૨૭૭-] આ સર્વેમાં જીવ છે તે જોઈને, ચેતના છે તે જાણીને તેની હિંસાનો ત્યાગ કરીને ભગવંત વિચરવા લાગ્યા.***

***[૨૭૮-] સ્થાવર જીવ ત્રસરૂપે અને ત્રસજીવ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. અથવા સંસારી જીવ સર્વે યોનિમાં ઉત્પન્ન થઈ શકે. અજ્ઞાની જીવ પોત-પોતાના કર્માનુસાર પૃથક્ પૃથક્ યોનિઓને ધારણ કરે છે.***

**● વિવેચન-૨૭૬ થી ૨૭૮ :-**

[૨૭૬,૨૭૭-] બંનેનો સંયુક્ત અર્થ આ પ્રમાણે — ભગવંત આ પૃથ્વીકાયાદિને સચિત્ત જાણીને તેનો આરંભ ત્યાગી વિચરે છે.

તેમાં પૃથ્વીકાય સૂક્ષ્મ-બાદર બે ભેદે છે. સૂક્ષ્મ સર્વત્ર છે. બાદર પણ મૃદુ અને કઠિન બે ભેદે છે. તેમાં મૃદુ પૃથ્વી શ્વેતાદિ પાંચ વર્ણની છે અને કઠિન પૃથ્વી શર્કરા, વાલુકાદિ ૩૬ ભેદવાળી છે. તે પૂર્વે કહ્યું છે અપ્‌કાય પણ સૂક્ષ્મ-બાદર બે ભેદે છે. સૂક્ષ્મ પૂર્વવત્ બાદર શુદ્ધોદકાદિ પાંચ ભેદે છે. તેઉકાય પણ પૂર્વવત્ છે પણ બાદરના અંગારાદિ પાંચ ભેદ છે. વાયુકાયમાં બાદર વાયુકાયના ઉત્કલિકાદિ પાંચ ભેદ છે.

વનસ્પતિના સૂક્ષ્મ-બાદર બે ભેદ છે. તેમાં સૂક્ષ્મ સર્વત્ર છે. બાદરના અગ્ર, મૂળ, સ્કંધ, પર્વ, બીજ, સંમૂર્છન એ છ ભેદ છે. તે દરેકના પ્રત્યેક અને સાધારણ એમ બે ભેદ છે. પ્રત્યેક વૃક્ષ, ગુચ્છાદિ બાર ભેદે અને સાધારણ અનેક પ્રકારે છે. તે અનેક ભેદે હોવા છતાં સૂક્ષ્મ વનસ્પતિ સર્વગત અને અતીંદ્રિય હોવાથી તેને છોડીને બાદર જ લીધી છે. તે આ પ્રમાણે - બીજઅંકુર ભાવરહિત પનકાદિ, અગ્રબીજાદિ, બાકી વનસ્પતિ.

૦ આ પ્રમાણે પૃથ્વી વગેરે ભૂતો છે, એમ જાણીને તથા તે સચેતન છે તેમ સમજીને ભગવંત મહાવીર તેના આરંભને છોડીને વિચર્યા.

પૃથ્વીકાય આદિના ત્રસ સ્થાવરપણે ભેદો બતાવીને હવે તેમનામાં પરસ્પર અનુગમન પણ છે, તે બતાવે છે—

[૨૭૮-] સ્થાવર તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ છે. તે ત્રસપણામાં બેઇન્દ્રિયાદિ રૂપે કર્મના વશથી જાય છે અને ત્રસજીવો - કૃમિ આદિ. કર્મને લીધે પૃથ્વીકાયાદિમાં જાય છે. બીજે પણ કહ્યું છે કે —



હે ભગવન્ ! આ જીવ પૃથ્વીકાય - યાવત્ - ત્રસકાયપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! અનેકવાર પૂર્વે તેમ ઉત્પન્ન થયેલ છે.

અથવા બધી યોનિઓમાં - x - આ જીવ ઉત્પન્ન થયો છે. જીવ સર્વ યોનિક અને સર્વે ગતિમાં જનાર છે. તે જીવો બાળ છે. રાગદ્વેષથી વ્યાપ્ત થઈ સ્વકૃત કર્મો વડે, સર્વ યોનિ ભાજત્વથી રહેલા છે. કહ્યું છે—

આ લોકમાં વાળના અગ્રભાગ જેટલો પ્રદેશ માત્ર એવો નથી કે જ્યાં આ જીવે જન્મમરણની બાધા અનેકવાર પ્રાપ્ત કરી ન હોય. વળી તેવી શુદ્ધ રંગભૂમિ જગત્‌માં કોઈ નથી જ્યાં કર્મ શણગાર સજીને સર્વે સત્વો નાચ્યા નથી. ઇત્યાદિ—વળી—

**● સૂત્ર-૨૭૯ થી ૨૮૧ :-**

***[૨૭૯-] ભગવંતે વિચારપૂર્વક જાણ્યું કે-ઉપધિ વડે જીવો કર્મોથી લેપાઈને દુઃખ પામે છે. તેથી કર્મને સર્વથા જાણીને કર્મના કારણરૂપ પાપનો ત્યાગ કર્યો હતો.***

***[૨૮૦-] જ્ઞાની અને મેધાવી ભગવંતે બે પ્રકારના કર્મોને સારી રીતે જાણીને આદાનસ્રોત, અતિપાત સ્રોત અને યોગને સર્વ પ્રકારે સમજીને બીજા કરતા વિલક્ષણ ક્રિયાનું પ્રતિપાદન કર્યું છે.***

***[૨૮૧-] ભગવંતે સ્વયં નિર્દોષ અહિંસાનો આશ્રય લઈ બીજાને પણ હિંસા ન કરવા સમજાવ્યું. જેણે સ્ત્રીઓને સમસ્ત કર્મોનું મૂળ જાણી છોડી દીધી તે જ સાચા પરમાર્થદર્શી છે. ભગવંતે એવું જ કર્યું.***

**● વિવેચન-૨૭૯ થી ૨૮૧ :-**

[૨૭૯-] ભગવંત મહાવીરે જાણ્યું કે, દ્રવ્ય-ભાવ ઉપધિસહિત વર્તે તે સોપધિક કર્મથી લેપાઈ તે અજ્ઞાની કલેશને અનુભવે જ. અથવા સોપધિક અજ્ઞ સાધુ કર્મથી લેપાય છે, તેથી બધી રીતે કર્મ બંધાતું જાણીને ઉપધિનું કર્મ ત્યાગી દીધું. અર્થાત્ ઉપધિરૂપ પાપ કર્માનુષ્ઠાનનો ત્યાગ કર્યો.

[૨૮૦-] વળી - બે પ્રકારે કર્મ તે દ્વિવિધ કર્મ - ઇર્યાપ્રત્યય, સાંપરાયિક. તે બંનેને સર્વભાવજ્ઞ પ્રભુએ જાણી કર્મછેદન માટે સંયમ અનુષ્ઠાનરૂપ અનન્યસદૃશી ક્રિયા બતાવી, જે અન્યત્ર ક્યાંય નથી. ભગવંત કેવા હતા ? જ્ઞાની-કેવળજ્ઞાન વાળા. વળી તેમણે બીજું શું કહ્યું ? જેના વડે નવા કર્મો લેવાય તે આદાન. અર્થાત્ ખોટું ધ્યાન. ઇન્દ્રિય વિકાર સંબંધી તે સ્રોત છે તે આદાન સ્રોત કહેવાય. તેને જાણીને તથા જીવહિંસારૂપ સ્રોત અને મૃષાવાદાદિને જાણીને તથા મન-વચન-કાયાના યોગરૂપ દુર્ધ્યાન તે સર્વ પ્રકારે કર્મબંધને માટે છે તેમ જાણીને સંયમ ક્રિયા બતાવી.

[૨૮૧-] આકુટ્ટિ એટલે હિંસા. અનાકુટ્ટિ એટલે અહિંસા. પાપને ઓળંગી ગયેલ હોવાથી તે નિર્દોષ છે. ભગવંતે પોતે તે સ્વીકારી અને બીજાને પણ હિંસા પ્રવૃત્તિથી દૂર રાખ્યા તથા જેમણે સ્ત્રીઓ સ્વરૂપથી તથા વિપાકથી જાણી છે તે ‘પરિજ્ઞાતા’ છે. તે સ્ત્રીઓ સર્વ કર્મ સમૂહો - પાપના ઉપાદાનરૂપ છે એવું જોયું છે તે જ યથાવસ્થિત સંસારસ્વભાવ જ્ઞાતા છે. અર્થાત્ સ્ત્રી સ્વભાવના પરિજ્ઞાનથી, તેનો

ત્યાગ કરનાર ભગવંત પરમાર્થદર્શી છે. મૂળગુણ બતાવી હવે ઉત્તરગુણ કહે છે—

● સૂત્ર-૨૮૨ :-

*આધાકર્મી આહારને કર્મબંધનું કારણ જાણી ભગવંત તેનું સેવન કરતા ન હતા. તે સંબંધી કોઈપણ પાપકર્મનું આચરણ ન કરતા ભગવંત પ્રાસુક આહાર જ ગ્રહણ કરતા હતા.*

● વિવેચન :-

કોઈ ગૃહસ્થ સાધુને પૂછીને કે પૂછ્યા વિના આધાકર્માદિ કંઈ કર્યું હોય તો ભગવંત લેતા નહીં. કેમકે તે લેવાથી સર્વ પ્રકારે આઠ જાતના કર્મો બંધાય તે તેમણે જોયું છે. તે પ્રકારના બીજા દોષ પણ સેવતા નથી તે બતાવે છે — જે કંઈ પાપોનું ઉપાદાન કારણ છે તે ભગવંત ન કરતા પણ પ્રાસુક-નિર્દોષનો જ ઉપભોગ કરતા હતા. વળી—

● સૂત્ર-૨૮૩ :-

*ભગવંત બીજાના વસ્ત્રો વાપરતા ન હતા અને બીજાના પાત્રમાં ભોજન કરતાં ન હતા [કેમકે અચેલક અને કરપાત્રી હતા.] તેઓ અપમાનનો વિચાર કર્યા વિના દૈન્યરહિત થઈ ભોજનસ્થાનમાં ભિક્ષાર્થે જતા.*

● વિવેચન :-

ભગવંત પ્રધાન કે બીજાનું વસ્ત્ર વાપરતા નહીં, તથા બીજાના પાત્રમાં પણ ખાતા નહીં. તથા અપમાનને અવગણીને આહારને માટે - x - આહારપાક સ્થાનોમાં કોઈનું શરણ લીધા વિના-દીનતારહિત થઈ આ મારો કલ્પ છે એમ જાણી પરીષહો જીતવા માટે જતા.

● સૂત્ર-૨૮૪ :-

*ભગવંત અશન-પાનના પરિમાણને જાણતા હતા. રસ લોલુપ ન હતા. તે માટે પ્રતિજ્ઞા પણ ન કરતાં. આંખમાં રજ પડે તો પ્રમાર્જના ન કરતા. ચળ આવે તો શરીર ખંજવાળતા નહીં.*

● વિવેચન :-

ભગવંત આહારની માત્રા જાણતા હોવાથી માત્રાજ્ઞ છે. કયો આહાર ? ભાત વગેરે ખવાય તે ‘અશન’, દ્રાક્ષપાનક આદિ પીવાય તે ‘પાન’. તેમાં લોલુપ ન હતા. વિગઈમાં આસક્ત ન હતા. ગૃહસ્થપણામાં પણ તેમને રસલોલુપતા ન હતી. - x - તથા રસના વિષયમાં પ્રતિજ્ઞા ન કરતા. જેમકે આજે સિંહકેસરા લાડુ જ લેવા. પણ અડદના બાકુળા લેવા તેવી પ્રતિજ્ઞા કરનારા. તથા આંખમાં પડેલ રજકણ આદિ દૂર કરવા આંખ પણ સાફ ન કરતા. ચળ આવે તો શરીરને કાષ્ઠાદિ વડે ખણતા નહીં.

● સૂત્ર-૨૮૫,૨૮૬ :-

*[૨૮૫-] ભગવંત ચાલતી વખતે તિર્છું કે પીઠ પાછળ જોતા ન હતા. કોઈ બોલાવે તો બોલતા નહીં, જયણાપૂર્વક માર્ગને જોતા ચાલતા.*

*[૨૮૬-] દેવદૂષ્ય-વસ્ત્ર છોડ્યા પછી શિશિર ઋતુમાં ભગવંત બંને બાહુ*





*ફેલાવીને ચાલતા પણ સંકોચીને ખભા પર રાખતા ન હતા.*

● વિવેચન-૨૮૫,૨૮૬ :-

[૨૮૫-] અહીં ‘અલ્પ’ શબ્દ અભાવ અર્થમાં છે. ભગવંત વિહારમાં તીરછી દિશામાં કે પીઠ પાછળ જોતા નથી. માર્ગે ચાલતા કોઈ પૂછે તો પણ બોલતા નથી. મૌન જ ચાલે છે. રસ્તે ચાલતાં પગ નીચે જીવોને પીડા ન થાય, તેની જ જયણા રાખતા હતા.

[૨૮૬-] વળી દેવદૂષ્ય વસ્ત્ર છોડ્યા બાદ શિયાળામાં માર્ગે ચાલતા ભગવંત બંને બાહુ ફેલાવીને ચાલતા. પણ ઠંડીથી પીડાઈને હાથને સંકોચતા ન હતા કે પોતાના ખભે હાથ મૂકીને ઉભા ન રહેતા.

હવે ઉપસંહાર કરતા કહે છે—

● સૂત્ર-૨૮૭ :-

*મતિમાન માહણ ભગવંત મહાવીરે આકાંક્ષા રહિત, નિષ્કામભાવે આ વિધિ અનુસરી, મુમુક્ષુઓ પણ તેને અનુસરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

આ વિહારનો વિધિ બતાવ્યો. તે વર્ધમાનસ્વામી તત્ત્વજ્ઞાતા છે. કોઈ નિયાણું કર્યું નથી. ઐશ્વર્યાદિ ગુણયુક્ત છે. આ માર્ગ તેમણે આચર્યો છે. અન્ય મોક્ષાભિલાષી સાધુઓ સંપૂર્ણ કર્મક્ષય માટે આચરે છે. - x -

અધ્યયન-૯ ‘ઉપધાનશ્રુત’ ઉદ્દેશો-૧ ‘‘ચર્યા’’નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૯ ઉદ્દેશો-૨ ‘‘શય્યા’’ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશમાં ભગવંતની ‘ચર્યા’ કહી. તે માટે અવશ્ય કોઈ શય્યા-વસતિમાં રહેવું પડે. તે બતાવવા આ ઉદ્દેશો છે. તેનું સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૮૮ :-

*[હે ભંતે !] ‘ચર્યા’ની સાથે આપે એક વખત આસન અને શયન બતાવેલા. આપ મને તે શયન-આસન કહો જેનું સેવન ભગવંત મહાવીરે કરેલું.*

● વિવેચન :-

ચર્યામાં જે જે શય્યા, આસન વગેરે જરૂરના હોય તે શય્યા, ફલક આદિ વિશે જંબૂસ્વામીએ પૂછતા સુધર્માસ્વામીએ ભગવંતે સેવેલા શય્યા-આસન વર્ણવ્યા.

● સૂત્ર-૨૮૯ થી ૨૯૧ :-

*[૨૮૯-] ભગવંત ક્યારેક ખાલી ઘરોમાં, ધર્મશાળામાં કે પાણીની પરબોમાં, તો ક્યારેક દુકાનોમાં, લુહારની કોઢમાં કે ઘાસના બનાવેલા મંચોની નીચે રહેતા હતા.*

*[૨૯૦-] વળી ક્યારેક યાત્રીગૃહમાં, આરામગૃહમાં કે નગરમાં તો ક્યારેક શ્મશાનમાં, ખંડેરમાં કે વૃક્ષની નીચે રહેતા હતા.*

*[૨૯૧-] આ રીતે ભગવંત ઉક્ત શય્યા-સ્થાનોમાં તેર વર્ષથી કંઈક ઓછો સમય રહ્યા. મનને સ્થિર કરી, રાત-દિવસ અપ્રમત્ત બનીને સમાહિતપણે ધ્યાનમાં લીન રહ્યા.*

● વિવેચન-૨૮૯ થી ૨૯૧ :-

[૨૮૯-] ભગવંતને આહારના અભિગ્રહ માફક પ્રતિમા સિવાય પ્રાયઃ શય્યાનો અભિગ્રહ નથી. ફક્ત જ્યાં છેલ્લો પ્રહર થાય ત્યાંજ માલિકની આજ્ઞા લઈને રહેતા.

આવેશન - સર્વથા જ્યાં રહેવાય તે આવેશન-શૂન્યગૃહ છે. તથા સભા - ગામ, નગરાદિમાં ત્યાંના લોકો તથા આગંતુકોને સુવા માટે બનાવાયેલ ભીંતોવાળું મકાન. પ્રપા - પાણી પાવાનું સ્થાન. તે આવેશન, સભા, પ્રપામાં તથા દુકાન, પલિય - લુહાર, સુતરાદિના સ્થાનમાં, ઘાસના ઢગલામાં ઉપર લટકાવેલ માંચાની નીચે-ઉપર નહીં કેમકે માંચો પોલો હોય. ઉક્ત સ્થાનોમાં ભગવંતે વાસ કર્યો.

[૨૯૦-] વળી આગંતાર - પ્રસંગે આવેલા કે આવીને ત્યાં બેસે તે ધર્મશાળા, તે ગામ કે નગરની બહાર હોય તથા આરામગૃહમાં, શ્મશાન કે શૂન્યાગારમાં - x - કે ઝાડની નીચે ભગવંતે વાસ કર્યો.

[૨૯૧-] ઉક્ત શયન-વસતિમાં ત્રણ જગત્‌ને જાણનારા ભગવંતે ઋતુબદ્ધ કાળ કે ચોમાસામાં તપમાં ઉધત બનીને અથવા નિશ્ચલ મનવાળા થઈને વાસ કર્યો. કેટલો કાળ ? પ્રકર્ષથી તેરમાં વર્ષ સુધી, સમસ્ત રાત-દિવસ સંયમ અનુષ્ઠાનમાં ઉધમવાળા બનીને નિદ્રાદિ પ્રમાદરહિત તથા સમાધિત મનથી ધર્મ કે શુક્લધ્યાન કર્યું.

● સૂત્ર-૨૯૨, ૨૯૩ :-

*[૨૯૨-] ભગવંતે બહુ નિદ્રા લીધી ન હતી. પોતાના આત્માને જાગૃત રાખતા હવે હું સૂઈ જાઉં એ ભાવથી ભગવંત ક્યારેય ન સૂતા.*

*[૨૯૩-] ભગવંત નિદ્રા આવવા લાગે તો ઉભા થઈ જતા અને રાત્રે બહાર નીકળી મુહૂર્ત્ત પર્યન્ત ફરી નિદ્રા ઉડાડી પાછા ધ્યાનસ્થ થતાં.*

● વિવેચન-૨૯૨, ૨૯૩ :-

[૨૯૨-] ભગવંત પ્રમાદરહિત બનીને નિદ્રા પણ વધુ લેતા નથી. તે જ પ્રમાણે બાર વર્ષમાં અસ્થિક ગ્રામે વ્યંતરના ઉપસર્ગ બાદ કાયોત્સર્ગે રહીને અંતર્મુહૂર્ત્ત સુધી સ્વપ્નો દેખતાં સુધી એકવાર નિદ્રા કરેલી ત્યારપછી ઉઠીને આત્માને કુશળ અનુષ્ઠાનમાં પ્રવર્તાવેલ. અહીં થોડી શય્યા હતી. ત્યાં પણ હું સુઈશ એવું વિચારીને સુતા નથી.

[૨૯૩-] વળી તે ભગવંત જાણે છે કે આ પ્રમાદ સંસાર ભ્રમણ માટે છે એમ જાણીને પુનઃ અપ્રમત્ત થઈ સંયમ ઉત્થાન વડે ઉઠીને વિચરે છે. તેમ છતાં જો નિદ્રા પ્રમાદ થાય તો ત્યાંથી નીકળીને શિયાળાની રાત્રે ખુલ્લા સ્થાનમાં મુહૂર્ત્ત માત્ર નિદ્રા



પ્રમાદ દૂર કરવા ધ્યાને ઉભા રહ્યા.

● સૂત્ર-૨૯૪ થી ૨૯૭ :-

*[૨૯૪-] શૂન્યગૃહ આદિ વસતિમાં ભગવંતને અનેક પ્રકારે ભયંકર ઉપસર્ગો થતા હતા. સાપ આદિ પ્રાણી અને ગીધ આદિ પક્ષી પીડા આપતા.*

*[૨૯૫-] અથવા ચોર કે લંપટ તેમને કષ્ટો આપતા કે હાથમાં શસ્ત્ર લઈ ફરતા ગ્રામરક્ષકો પીડા પહોંચાડતા. ક્યારેક કામાસક્ત સ્ત્રી કે પુરુષો તેમને ઉપસર્ગ કરતા હતા.*

*[૨૯૬-] ભગવંતે આ લોક અને પરલોક સંબંધી અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગો સહન કર્યા. અનેક પ્રકારની સુગંધ-દુર્ગન્ધ તથા પ્રિય-અપ્રિય શબ્દોમાં ભગવંત સમભાવથી રહ્યા.*

*[૨૯૭-] ભગવંતે સદા સમિતિયુક્ત બનીને અનેક પ્રકારના સ્પર્શોને સહન કર્યા. વિષાદ અને હર્ષને દૂર કરી ભગવંત બહુ બોલતા ન હતા.*

● વિવેચન-૨૯૪ થી ૨૯૭ :-

[૨૯૪-] જ્યાં ઉત્કુટુક આસન આદિથી આશ્રય લેવાય તેવા સ્થાનોમાં કે સ્થાનો વડે તે ભગવંતને ભયાનક એવા ઠંડી, તાપ આદિ કે અનુકૂળ-પ્રતિકૂળરૂપે ઘણા ઉપસર્ગો થયા. શૂન્યગૃહ આદિમાં સાપ, નોળીયા વગેરે ભગવંતનું માંસ ખાતા અથવા શ્મશાનમાં ગીધાદિ પક્ષી માંસ ખાતા.

[૨૯૫-] વળી 'कुचर' એટલે ચોર, પરદારાલંપટ આદિ કોઈ શૂન્યગૃહમાં ઉપસર્ગો કરતા. તથા ગામરક્ષક-કોટવાળાદિ ત્રિક કે ચોતરા પર ઉભેલા ભગવંતને હાથમાં રાખેલ ભાલા વગેરેથી પીડા આપતા હતા. તથા ઇન્દ્રિય વડે ઉન્મત્ત થયેલ સ્ત્રીઓ ભગવંતનું સુંદર રૂપ જોઈ એકાંતમાં ભોગની યાચના કરતી, પુરુષો પણ તેમને ઉપસર્ગો કરતા હતા.

[૨૯૬-] આ લોકના એટલે મનુષ્યે કરેલ દુઃખ સ્પર્શો તથા દેવ અને તિર્યંચે કરેલા ઉપસર્ગો; પરલોકના એટલે સ્વકર્મજન્ય દુઃખ વિશેષને ભગવંત સમતાથી સહન કરે છે. અથવા આ જન્મમાં જે દંડ પ્રહારાદિથી દુઃખ આપે છે તે તથા પરલોક સંબંધી ભયંકર વિવિધ ઉપસર્ગો કહે છે—

સુગંધીવાળા તે ફુલની માળા, ચંદન વગેરે. દુર્ગંધીવાળા તે કુથિત મડદાં વગેરે છે. તથા વીણા, વેણુ, મૃદંગાદિ જનિત મધુર શબ્દો અને ઉંટના બરાડા આદિ કાનમાં કઠોર લાગે તેવા અમનોજ્ઞ શબ્દો. આ બધામાં ભગવંત રાગદ્વેષરહિત થઈ તેને સહન કરે છે.

[૨૯૭-] સદા કાળ પાંચ સમિતિથી યુક્ત ભગવંત જે કંઈ દુઃખસ્પર્શો આવે ત્યારે સંયમમાં અરતિ લાવતા નથી અને ભોગોમાં રતિ લાવતા નથી. બંનેનો તિરસ્કાર કરી સંયમ અનુષ્ઠાનમાં વર્તે છે. પોતે કોઈ જીવને દુઃખ ન દેવું, એવા માહણ બનેલા, કોઈ નિમિત્ત જરૂર પડતા એક કે બે ઉત્તર આપતા પણ બહુ ન બોલતા થઈને વિચરે છે.

● સૂત્ર-૨૯૮,૨૯૯ :-

*[૨૯૮-] ભગવંત જ્યારે નિર્જન સ્થાનમાં સ્થિત હોય ત્યારે એકલા વિચરનાર ચોર, લંપટાદિ ભગવંતને પૂછતાં કે, તું કોણ છે ? અહીં શા માટે ઉભો છે ? ભગવંત કંઈ ઉત્તર ન આપે ત્યારે ક્રોધિત થઈ ભગવંતને પીટતા હતા. તો પણ ભગવંત પ્રતીકાર ન કરતા, સમાધિ-લીન રહેતા.*

*[૨૯૯-] ભગવંત અંતર-આવાસમાં સ્થિત હોય અને કોઈ પૂછે કે અંદર કોણ છે ? ભગવંત કહેતા હું ભિક્ષુ છું. પૂછનાર ક્રોધિત થઈ કહે કે, જલ્દી અહીંથી ચાલ્યો જા. ત્યારે ભગવંત ચાલ્યા જતા. અથવા માર-પીટ કરે તો ભગવંત આ ઉત્તમ ધર્મ છે એમ સમજી મૌન રહેતા.*

● વિવેચન-૨૯૮,૨૯૯ :-

[૨૯૮-] તે ભગવંત ૧૨ વર્ષ અને ૧૨ પખવાડિયા સુધી એકલા વિચરતા શૂન્યગૃહાદિમાં રહેતા ત્યારે લોકો પૂછતા કે તમે કોણ છો ? અહીં કેમ ઉભા છો ? ક્યાંથી આવ્યા છો ? એવું પૂછે ત્યારે પણ મૌન રહેતા. તથા દુરાચારી આદિ એકલા ભટકતા ત્યાં આવીને કોઈ વખત દિવસે કે રાત્રે પૂછતા. ભગવંત ઉત્તર ન આપે ત્યારે ક્રોધિત થઈ અજ્ઞાન દૃષ્ટિથી દંડ, મુષ્ટિ આદિથી મારીને અનાર્યપણું બતાવતા. ભગવંત સમાધિમાં રહી ધર્મ ધ્યાને ચિત્ત રાખી સારી રીતે સહેતા, પણ વૈર લેવાની ઇચ્છા ન રાખતા. તેઓ કેવી રીતે પૂછતા ? તે કહે છે—

[૨૯૯-] અહીં કોણ રહેલું છે ? એમ સંકેત કરીને દુરાચારી કે કામ કરનારા પૂછતા. ત્યાં નિત્ય રહેનારા દુષ્ટ માનસવાળા પણ પૂછતા. ત્યારે ભગવંત મૌન જ રહેતા. કોઈ વખત ઘણો દોષ થતો હોય તો ટાળવાને માટે કંઈક બોલતા. જેમકે હું ભિક્ષુ છું, ત્યારે તેઓ સંમતિ આપે તો ભગવંત ત્યાં રહેતા. પણ ઇચ્છામાં વિઘ્ન થતું જાણી તે કષાયિત, મોહાંધ બનીને વર્તમાન લાભ જોનાર એમ કહે કે, ''આ સ્થાનેથી જલ્દી નીકળ'' તો ભગવંત આ અપ્રીતિનું સ્થાન છે એમ જાણી તુરંત નીકળી જતા. અથવા ન પણ નીકળતા. પણ આ મારું ધ્યાન ઉત્તમ ધર્મ છે, આચાર છે એમ વિચારી તે ગૃહસ્થના કડવા વચન સહન કરી મૌન રહેતા, જે થવાનું હોય તે થાય એમ માની ધ્યાનથી ચલાયમાન ન થતાં.

● સૂત્ર-૩૦૦ થી ૩૦૨ :-

*[૩૦૦-] જ્યારે શિશિર ઋતુમાં ઠંડો પવન ફુંકાતો અને બધા પ્રાણીઓ ધ્રુજતા ત્યારે બીજા સાધુઓ પવનહીન બંધ સ્થાન શોધતા.*

*[૩૦૧-] હિમજન્ય શીત સ્પર્શ અતિ દુઃખદાયી છે એમ વિચારી કોઈ સાધુ વિચારતા કે કપડા-કામળીમાં ઘુસી જઈએ કે કાષ્ઠ જલાવીએ કે કામળી ઓઢી લઈએ. ઇત્યાદિ.*

*[૩૦૨-] આ રીતે ઠંડી સહન કરવી અસહ્ય જણાતી ત્યારે ભગવંત ઇચ્છારહિત થઈ કોઈ વૃક્ષાદિ નીચે ખુલ્લા સ્થાનમાં રહી ઠંડીને સમભાવે સહન કરીને પાછા અંદર આવી ધ્યાનમાં લીન બની જતાં*



● વિવેચન-૩૦૦ થી ૩૦૨ :-

[૩૦૦-] શિયાળાની ઋતુમાં કેટલાંક કપડાના અભાવે દંતવીણાની માફક કંપતા હોય છે. અથવા શીતજનિત દુઃખને અનુભવતા આર્ત્તધ્યાનને વશ થાય છે. તે શિયાળામાં બરફ જેવો ઠંડો પવન વાય છે. ત્યારે કેટલાંક સાધુ-અન્યતીર્થિકો ઘણી ઠંડી પડતા ઠંડીને દૂર કરવા ભડકા કરતા કે અંગારાની સગડી શોધતા, કામળાની યાચના કરતા અથવા પાર્શ્વનાથ તીર્થના ગચ્છવાસી સાધુ ઠંડીથી પીડાઇને વાયરા વિનાની ઘંઘશાળાદિ બંધ જગ્યા શોધતા હતા.

[૩૦૧-] વળી સંઘાટી શબ્દથી ઠંડી દૂર કરનારાં બે કે ત્રણ વસ્ત્રો ગ્રહણ કરતાં. તે સંઘાટીમાં અમે ઘુસી જઈએ તેમ ઠંડીથી પીડાયેલા વિચારતા અને તે સંઘાટી ધારણ કરતા. અન્ય ધર્મીઓ તો બાળવાના લાકડા શોધતા જેથી ઠંડી દૂર થઈ શકે. અથવા કામળો ઓઢીને રહેતા. કેમકે તે હિમસ્પર્શ તેઓને દુઃખે કરીને સહન થતો હતો. - x -

આવી સખત ઠંડીમાં યથોક્ત અનુષ્ઠાનવાળા - x - ભગવંત શું કરતા હતા ? તે દર્શાવે છે—

[૩૦૨-] આવી હિમવાત અને શીત સ્પર્શવાળી શિયાળાની ઋતુમાં સર્વાંગ પીડા થવા છતાં ઐશ્વર્યાદિ ગુણયુક્ત ભગવાન્ શીતસ્પર્શને સમભાવે સહન કરતા. તે ભગવંતને ઠંડી વિનાની વસતિની યાચના રૂપ પ્રતિજ્ઞા ન હતી. તેઓ ક્યાં ઠંડી સહન કરતા ?

ભીંતો અને છત વગરના સ્થાનમાં રહેતા તથા રાગદ્વેષ દૂર થવાથી શુદ્ધ આત્મદ્રવ્યવાળા અથવા કર્મગ્રંથિ દૂર થવાથી જેને સંયમ છે તેવા દ્રવિક એવા ભગવંત ઠંડી સહન કરતા. જો અતિ ઠંડી પડે તો ઢાંકેલા મકાનથી બહાર નીકળી કોઈ વાર રાત્રિમાં મુહૂર્ત સુધી ત્યાં રહી રહી ફરી મકાનમાં પ્રવેશતા. શમિત કે સમ્યક્ કે સમપણે રહીને તે શીત સ્પર્શને સહન કરતા હતા.

હવે આ ઉદ્દેશાનો ઉપસંહાર કરતા કહે છે—

● સૂત્ર-૩૦૩ :-

*મતિમાન્ માહણ અપ્રતિજ્ઞ, કાશ્યપ, મહર્ષિ [ભગવંત] મહાવીરે આ [ઉક્ત] વિધિનું આચરણ કર્યું. બીજા મુમુક્ષુ સાધકો પણ આ વિધિનું પાલન કરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

આ 'વિધિ' ઇત્યાદિ ઉદ્દેશા-૨ મુજબ જાણવું.

**અધ્યયન-૯ ''ઉપધાન શ્રુત'' ઉદ્દેશો-૨ ''શય્યા''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૯ ઉદ્દેશો-૩ ‘‘પરીષહ’’ 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૨ માં ભગવંતની શય્યા [વસતિ] નું વર્ણન કર્યું. તેમાં રહેલા ભગવંતે જે પરીષહ-ઉપસર્ગો સહન કર્યા તે બતાવવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધ આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૦૪ :-**

***ભગવંત મહાવીરે સદા સમભાવમાં રહી તૃણ-શીત-ઉષ્ણ સ્પર્શો ડાંસ મચ્છરોના ડંશો તથા વિવિધ પ્રકારના સ્પર્શ-દુઃખો સહ્યા.***

● **વિવેચન :-**

કુશ આદિ તૃણના સ્પર્શો, શીત સ્પર્શો તથા આતાપનાદિ કાળે થતાં ઉષ્ણ સ્પર્શો પીડતા. અથવા જતા એવા ભગવંતને તેજકાય જ હતો. તથા દંશ-મશકાદિ પરીષહ હતા. એવા વિવિધ સ્પર્શોને ભગવંત સમતાથી કે સમિતિ વડે સહન કરતા હતા.

● **સૂત્ર-૩૦૫ થી ૩૦૯ :-**

***[૩૦૫-] ભગવંત દુર્ગમ્ય લાઢ દેશની વજ્ર ભૂમિ અને શુભ્રભૂમિમાં વિચર્યા. ત્યાં તેમણે ઘણા તુચ્છ સ્થાનો અને કઠિન આસનો સેવ્યા.***

***[૩૦૬-] લાઢ દેશમાં ભગવંતે ઘણાં ઉપસર્ગો સહ્યા. ત્યાં આહાર લુખો-સુકો મળતો, ત્યાંના નિવાસી અનાર્યો ભગવંતને મારતા અને ત્યાંના કૂતરા ભગવંત ઉપર તૂટી પડતા અને કરડતા.***

***[૩૦૭-] ભગવંતને કરડતા કુતરાને ત્યાં કોઈક જ રોકતું. મોટેભાગે તો લોકો કૂતરાને છૂ-છૂ કરીને કરડવા પ્રેરિત કરતા હતા.***

***[૩૦૮-] ત્યાં આવા સ્વભાવવાળા ઘણાં લોકો હતા, ત્યાં ભગવંતે અનેકવાર વિચરણ કર્યું. ત્યાંના લોકો રુક્ષ ભોજી અને સ્વભાવથી ક્રોધી હતા. ત્યાં શાક્યાદિ શ્રમણ શરીર પ્રમાણ કે શરીરથી ચાર આંગળ લાંબી લાકડી લઈને વિચરતા હતા.***

***[૩૦૯-] આ રીતે લાકડી લઈને વિહાર કરવા છતાં તે અન્યતીર્થિક સાધુઓને કૂતરા કરડી ખાતાં. તેથી લાઢ દેશમાં વિચરવું મુશ્કેલ હતું.***

● **વિવેચન-૩૦૫ થી ૩૦૯ :-**

*અહીં વૃત્તિનો અર્થ નોંધેલ છે. ચૂર્ણિમાં રહેલ વિશિષ્ટ અર્થ જરૂર જોવો.*

[૩૦૫-] જેમાં દુઃખે ચરી શકાય તેવો દુશ્ચર ‘લાઢ’ નામે જનપદમાં ભગવંત વિચર્યા. તેના બે ભાગ છે. ૧-વજ્રભૂમિ, ૨-શુભ્રભૂમિ. તે બંને સ્થાને વિચર્યા. ત્યાં પ્રાંત વસતિ અર્થાત્ શૂન્યગૃહાદિમાં રહીને અનેક ઉપદ્રવો સહન કર્યા. તથા ધૂળના ઢગ, જાડી રેતી. માટીના ઢેફા તથા લાકડાંના જેવા તેવા આસને ભગવંત બેસતા હતા.

[૩૦૬-] તથા ઉક્ત બંને લાઢ ભૂમિમાં પ્રાયે લોકોના આક્રોશ તથા કૂતરાં કરડવા વગેરે ઘણાં પ્રતિકૂળ ઉપસર્ગો થયા તે બતાવે છે—



જનપદમાં થયેલ તે જાનપદ-અનાર્ય આચરણ કરતા લોકો. તેઓ દાંતથી કરડવું, ભારે દંડનો પ્રહાર આદિથી દુઃખ દેતા હતા. - x - ત્યાં ભોજન પણ લુખું, અંતપ્રાંત આપતા. અનાર્યપણાથી તેઓ સ્વાભાવિક ક્રોધી હતા. રૂના અભાવે ઘાસ વડે શરીર ઢાંકતા. ભગવંત પ્રતિ વિરૂપ આચરણ કરતા હતા અને ભગવંતની ઉપર કૂતરા છોડતા હતા.

[૩૦૭-] તે દેશમાં ભાગ્યેજ-હજારે એક દયાળુ જન હશે જે કરડવા આવેલા કૂતરાને અટકાવે. ઉલટું ભગવાનને લાકડી વગેરેથી મારીને કૂતરાને તેમના પર દોડાવવા છૂ-છૂ કરતા કે જેથી તે કૂતરા શ્રમણને કરડે. આવા જનપદમાં ભગવંત છ માસ સુધી રહ્યા.

[૩૦૮-] જ્યાં લોકોનો પૂર્વોક્ત સ્વભાવ છે ત્યાં ભગવંત વારંવાર વિચર્યા. તે વજ્રભૂમિમાં ઘણાં માણસો લુખ્ખુ ખાનારા હોવાથી ક્રોધી હતા. તેથી સાધુને જોઈને કદર્થના કરે છે. ત્યાં શાક્યાદિ અન્ય શ્રમણો હતા તેઓ શરીર પ્રમાણ કે તેથી ચાર આંગળ વધુ લાંબી નળી-લાકડી કૂતરાને રોકવા માટે હાથમાં રાખીને વિચરતા હતા.

[૩૦૯-] વળી લાકડી વગેરે સામગ્રી રાખવાથી શાક્યાદિ શ્રમણ વિચરી શકતા. - x - આ રીતે કૂતરાઓથી કરડાવાનો ડર તથા તેમને નિવારણ કરવાનું મુશ્કેલ હોવાથી લાઢ દેશમાં આર્યોને વિચરવું મુશ્કેલ હતું. આવા દેશમાં ભગવંત કઈ રીતે વિચર્યા ?

● **સૂત્ર-૩૧૦ :-**

***અણગાર ભગવંત પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરી, પોતાના શરીરની મમતાને છોડી, પરીષહોને સમભાવથી સહી, કર્મ નિર્જરાનું કારણ જાણી અનાર્યજનોના કઠોર શબ્દો સહન કર્યા.***

● **વિવેચન :-**

પ્રાણીઓ જેના વડે દંડાય તે દંડ, મન-વચન-કાયા સંબંધી છે. તે દંડને [હિંસાને] ભગવંતે છોડીને; કાયાનો પણ મોહ છોડીને તે ભગવંત નીચ લોકોના કઠોર વાક્યોને નિર્જરાનું કારણ માનીને સમભાવે સહન કર્યા.

દૃષ્ટાંત દ્વારા આ વાત બતાવે છે—

● **સૂત્ર-૩૧૧ થી ૩૧૬ :-**

***[૩૧૧-] જે રીતે સંગ્રામમાં અગ્રભાગે રહી હાથી યુદ્ધનો પાર પામે છે. તે રીતે ભગવંત મહાવીર ઉપસર્ગોના પારગામી થયા.***

***ક્યારેક લાઢ દેશમાં ભગવંતને રહેવા ગામ પણ મળતું નહીં.***

***[૩૧૨-] નિયત નિવાસ આદિનો સંકલ્પ નહીં કરનાર ભગવંત ભોજન કે સ્થાનની ગવેષણાના વિચારથી ગામ નજીક પહોંચે કે ન પહોંચે ત્યાં કેટલાંક અનાર્ય લોકો ગામથી બહાર નીકળી સામે જઈ ભગવંતને મારવા લાગતા અને કહેતા-અહીંથી ચાલ્યા જાઓ.***

***[૩૧૩-] તે લાઢ દેશમાં ભગવંતને કોઈ દંડાથી કે મુઠ્ઠીથી કે ભાલા***

*આદિની અણીથી, તો કોઈ ઇંટ-પત્થર કે ઠીકરાથી મારતા હતા. તે અનાર્ય લોકો માર મારી કોલાહલ કરતા હતા.*

*[૩૧૪-] ક્યારેક તે લોકો ભગવંતનું માંસ કાપી લેતા, ક્યારેક ભગવંતને અનેક પ્રકારના કષ્ટ આપતા હતા. ક્યારેક ધૂળ ફેંકતા.*

*[૩૧૫-] ક્યારેક અનાર્ય લોકો ભગવંતને ઉંચે ઉપાડી નીચે નાખતા. આસન ઉપરથી પાડી દેતાં. પરંતુ શરીરની મમતાના ત્યાગી ભગવંત કોઈ પ્રતિકારની ભાવના ન રાખી તે દુઃખોને સહેતા હતા.*

*[૩૧૬-] જેમ કવચયુક્ત યોદ્ધો સંગ્રામના અગ્રભાગે રહીને શસ્ત્રો વડે વિદ્ધ થતા વિચલિત થતો નથી. તેમ સંવર કવચ પહેરેલ ભગવંત પરીષહોને સહતાં જરા પણ વિચલિત થતા ન હતા.*

**● વિવેચન-૩૧૧ થી ૩૧૬ :-**

[૩૧૧-] જેમ હાથી સંગ્રામમાં મોખરે રહીને શત્રુ સૈન્ય જીતીને તેની પાર જાય છે. તેમ ભગવંત મહાવીર ત્યાં લાઢ દેશમાં પરીષહ સેનાને જીતીને પાર ઉતર્યા. વળી લાઢ દેશમાં ગામો થોડા હોવાથી કોઈવાર કોઈ સ્થળે ગામ ન પણ મળતું. વળી—

[૩૧૨-] ભિક્ષાર્થે કે નિવાસ માટે જતા ભગવંત નિયત નિવાસાદિ પ્રતિજ્ઞારહિત હતા. ગામમાં પ્રવેશ થયો હોય કે ન થયો હોય તે લોકો ગામથી નીકળીને ભગવંતને કષ્ટ આપતા અને કહેતા કે આ સ્થાનથી દૂરના સ્થાને જાઓ. વળી—

[૩૧૩-] ભગવંત કદી ગામ બહાર રહેતા તો ત્યાં પણ અનાર્યો દંડ કે મુઠી કે ભાલાની અણીથી અથવા માટીના ઢેફા કે ઠીકરાથી મારી મારીને બીજાને કહેતા કે તમે જુઓ આ કોણ છે ? એ પ્રમાણે કોલાહલ કરતા.

[૩૧૪-] ક્યારેક તેઓ ભગવંત પર આક્રમણ કરી તેમનું માંસ કાપતા તથા બીજા પણ પ્રતિકૂળ પરીષહોથી ભગવંતને પીડતા અથવા ધૂળ વડે ઢાંકી દેતા હતા. વળી—

[૩૧૫-] કોઈ વખત ભગવંતને ઉંચે ઉંચકીને નીચે ફેંકતા, અથવા ગોદોહિક-ઉત્કુટુક-વીરાસનાદિથી ધક્કો મારી ભગવંતને પાડી દેતા. પણ કાયાને ત્યજી દીધેલ ભગવંત પરીષહ સહન કરવામાં લીન હતા. પરીષહ ઉપસર્ગકૃત દુઃખને સહેતા તેઓ દુઃખસહા હતા. દુઃખની ચિકિત્સા કરવાની પ્રતિજ્ઞાથી રહિત અપ્રતિજ્ઞ હતા. હવે દૃષ્ટાંત આપે છે—

[૩૧૬-] જેમ સંગ્રામના મોખરે શૂરવીર પુરુષ શત્રુના સૈન્યના ભાલા આદિથી ભેદાવા છતાં બખતર પહેરેલ હોવાથી ભંગ પામતા નથી, તેમ તે ભગવંત મહાવીર લાઢાદિ જનપદમાં પરીષહ શત્રુથી પીડા પામવા છતાં કઠોર પરીષહોના દુઃખોને મેરુ માફક નિષ્પ્રકંપ બનીને ધીરજ વડે સંવૃત અંગવાળા બની સહેતા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષ માર્ગે વિચરતા હતા. હવે ઉદ્દેશાનો ઉપસંહાર કરે છે—

**● સૂત્ર-૩૧૭ :-**

*મતિમાન્ માહણ ભગવંત મહાવીરે ઇચ્છારહિત થઈ ઉક્ત વિધિનું આચરણ*



*કર્યું છે. અન્ય મુમુક્ષુ પણ આવું જ આચરણ કરે. - x -*

**● વિવેચન :-**

પૂર્વવત્ જાણવું.

**અધ્યયન-૯ ‘‘ઉપધાનશ્રુત’’ ઉદ્દેશો-૩ ‘‘પરીષહો’’નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૯ ઉદ્દેશો-૪ ‘‘આતંકિત’’ 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે - ઉદ્દેશા-૩-માં પરીષહ ઉપસર્ગ સહેવાનું બતાવ્યું. આ ઉદ્દેશામાં રોગ આતંક પીડા આવતાં તેની ચિકિત્સા છોડી દઈને રોગ ઉત્પન્ન થતાં તેને બરોબર સહેતા અને હંમેશાં તપ ચરણમાં ઉધમ કરતાં તે બતાવશે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે—

**● સૂત્ર-૩૧૮,૩૧૯ :-**

*[૩૧૮-] ભગવંત મહાવીર રોગ ન હોય ત્યારે પણ ઉણોદરી કરતા હતા. તેમને રોગ હોય કે ન હોય તેઓ ચિકિત્સાની ઇચ્છા ન રાખતા.*

*[૩૧૯-] દેહાધ્યાસથી રહિત ભગવંતે વિરેચન, વમન, તેલમર્દન, સ્નાન અને પગચંપી આદિ પરિકર્મ તથા દંત પ્રક્ષાલનનો ત્યાગ કર્યો હતો.*

**● વિવેચન :-**

*[ચૂર્ણિમાં પાઠાંતર કે અર્થ વૈશિષ્ટ્ય જોવા મળે છે તે જાણવું]*

[૩૧૮-] ઉક્ત શીત-ઉષ્ણ, દંશ-મશક, આક્રોશ-તાડના આદિ પરીષહો સહેવા શક્ય હતા. પણ ઉણોદરી મુશ્કેલ હતી. ભગવંત વાતાદિ ક્ષોભના અભાવે રોગમાં સપડાયા ન હોવા છતાં ઉણોદરી-ઓછું ખાવારૂપ તપ કરવા સમર્થ હતા. લોકો તો રોગ થાય ત્યારે તેના ઉપશમન માટે ઉણોદરી કરે, ભગવંત તો તેના અભાવમાં પણ ઓછું ખાતા અથવા ખાંસી, દમ વગેરે રોગથી પીડાયા ન હતા, છતાં ભાવિમાં ભાવરોગ રૂપ કર્મને દૂર કરવા માટે ઉણોદરી કરતા હતા.

પ્રશ્ન - શું ભગવંતને દ્રવ્ય રોગાંતક ન હતો ? તે ભાવરોગ કહ્યો.

ઉત્તર - ભગવંતને સ્વભાવથી જ ખાંસી, શ્વાસ આદિ રોગો ન હતા. શસ્ત્રના ઘા લાગવાથી થતાં રોગ બતાવે છે - ભગવંત કૂતરા કરડવાથી થતા પણ ખાંસી આદિથી ન થતા રોગોમાં પણ ચિકિત્સા કરતા ન હતા. દ્રવ્ય ઔષધની પીડા મટાડવા માટે ઇચ્છા પણ નહોતા કરતા.

[૩૧૯-] શરીરને બરાબર શોધવું તે વિરેચન. મીંઢળ વગેરેથી વમન - x - સહસ્રપાક તેલ આદિથી શરીરનું મર્દન. ઉદ્વર્તનાદિ વડે સ્નાન. હાથ-પગ દબાવવા આદિ કરતા ન હતા. આખું શરીર અશુચિથી ભરેલ છે તેમ જાણી દાંતણ આદિથી દાંત સાફ કરતા ન હતા.

● સૂત્ર-૩૨૦ થી ૩૨૪ :-

*[૩૨૦-] ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત ભગવંત અલ્પભાષી થઈ વિચરતા હતા. ક્યારેક શિયાળામાં છાયામાં બેસી ધ્યાન કરતા.*

*[૩૨૧-] ભગવંત ઉનાળામાં તાપ સન્મુખ ઉત્કટ આસને બેસતા અને આતાપના લેતા હતા. શરીર નિર્વાહ માટે તેઓ લુખા ભાત-બોરનું ચૂર્ણ તથા અડદના બાકળાનો આહાર કરતા હતા.*

*[૩૨૨-] ભગવંતે ઉક્ત ત્રણે વસ્તુ આઠ માસ સુધી વાપરી હતી. ભગવંતે ક્યારેક પંદર દિવસ તો ક્યારેક મહિના સુધી પાણી પણ તેવું જ પીધું.*

*[૩૨૩-] ભગવંત ક્યારેક બે માસથી અધિક સમય, ક્યારેક છ માસ સુધી પાણી પણ પીધું નહીં. રાત-દિવસ અપ્રતિજ્ઞ થઈ વિચર્યા. પારણે ભગવંત સદા નીરસ ભોજન કર્યું હતું.*

*[૩૨૪-] ભગવંત પોતાની સમાધિનો વિચાર કરી, નિષ્કામ ભાવથી ક્યારેક છટ્ઠ, અટ્ઠમ, ચાર કે પાંચ ઉપવાસ કરી પારણું કરતા હતા.*

● વિવેચન-૩૨૦ થી ૩૨૪ :-

[૩૨૦-] વળી ઇન્દ્રિયોના વિષયોમાં શબ્દાદિમાં મોહ ન પામતાં સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરે છે. તેથી વિરત છે. તથા જીવોના રક્ષક ભગવંત બહુ બોલનારા ન હતા - એક વખત પણ બોલે તેથી 'અબહુ' શબ્દ લીધો. નહીં તો 'અવાદી' શબ્દ લેત. કોઈ વખત શિયાળામાં ભગવંત ધર્મ કે શુક્લ ધ્યાનમાં સ્થિર રહેતા હતા.

[૩૨૧-] વળી ગ્રીષ્મ ઋતુમાં ભગવંત આતાપના લેતા તે બતાવે છે. ઉત્કુટુક આસને ભગવંત સૂર્યના તાપ સામે બેસતા અને ધર્મના આધારરૂપ દેહને લુખા કોદરા, બોરનું ચૂર્ણ, અડદ, પર્યુષિત કે સિદ્ધ માસા આદિથી નિભાવતા હતા. હવે કાળ અવધિ વિશેષથી બતાવે છે—

[૩૨૨-] કદાચ કોઈને શંકા થાય કે ઉક્ત ભાત, બોર ચૂર્ણ, અડદ સાથે મેળવીને ખાતા હશે ? તે દૂર કરવા કહે છે - તે ત્રણે સાથે, એકલા કે જેમ મળે તેમ ખાતા હતા. કેટલો કાળ આમ કર્યું ? તે કહે છે—

આઠ માસ ઋતુબદ્ધ કાળ ભગવંતે આ રીતે નિર્વાહ કર્યો. તથા પાણી પણ અડધો માસ કે એક માસ તેવું જ પીધું.

[૩૨૩-] વળી બે માસથી અધિક અથવા છ માસથી પણ વધારે ભગવંતે પાણી પણ પીધા વિના રાત-દિવસ નિર્વાહ કર્યો. હું પાણી પીશ તેવી ઇચ્છા-પ્રતિજ્ઞા પણ ન કરી તથા કોઈવાર પર્યુષિત અન્ન પણ ખાઈ લેતા હતા.

[૩૨૪-] કોઈ વખત છટ્ઠ [ભક્ત] કરી પારણું કરતા - તે આ રીતે - પહેલે દિવસે એક વખત ખાય, પછી બે દિવસ ન ખાય [ઉપવાસ કરે], ચોથે દિવસે એક વખત ખાય. એ રીતે છ વખત ના ભોજનના ત્યાગથી છટ્ઠ થાય છે. એ રીતે દિવસની વૃદ્ધિથી અટ્ઠમ આદિ લેવું.



અથવા કોઈ વખત આઠ ભક્ત, દશ ભક્ત કે બાર ભક્ત ભોજન ન કર્યું. આ બધો તપ શરીરની સમાધિ રાખીને કરતા પણ ભગવંતને કદી મનની દીનતા ન થતી. તથા નિયાણું કરતા ન હતા.

● સૂત્ર-૩૨૫ :-

*હેય-ઉપાદેયને જાણીને ભગવંતે સ્વયં પાપ ન કર્યું, બીજા પાસે પણ ન કરાવ્યું અને પાપકર્મ કરનારને અનુમોદ્યા નહીં.*

● વિવેચન :-

ભગવંત મહાવીરે હેય-ઉપાદેયને જાણીને કર્મ-પ્રેરણ-સહિષ્ણુ બની જાતે પાપકર્મ કર્યું નહીં, બીજા પાસે પાપકર્મ કરાવ્યું નહીં, પાપકર્મ કરનારને અનુમોદન ન કર્યું. વળી—

● સૂત્ર-૩૨૬ થી ૩૩૦ :-

*[૩૨૬-] ભગવંત ગામ કે નગરમાં જઈ બીજા માટે બનાવેલ આહારની ગવેષણા કરતા હતા અને સુવિશુદ્ધ આહાર ગ્રહણ કરી આયતયોગથી સેવન કરતા હતા.*

*[૩૨૭-] ભિક્ષા લેવા જતાં ભગવંત રસ્તામાં ભૂખ્યા કાગડા વગેરે કે બીજા રસલોલુપ પક્ષીઓ જમીન ઉપર ભેગા થયેલા દેખાય તો—*

*[૩૨૮-] અથવા કોઈ બ્રાહ્મણ, શાક્યાદિ શ્રમણ, ભિખારી, અતિથી, ચાંડાલ, બિલાડી કે કૂતરાને માર્ગમાં બેઠેલા જોઈને—*

*[૩૨૯-] તેઓની [તે કાગડા આદિ, બ્રાહ્મણ આદિની] આજીવિકામાં વિચ્છેદ ન થાય, તેમને અપ્રીતિ ન થાય તે રીતે, ભગવંત ધીરે-ધીરે નીકળી; તેમની હિંસા ન થાય તે રીતે આહારની ગવેષણા કરતા.*

*[૩૩૦-] ભિક્ષામાં પ્રાપ્ત આહાર દૂધ-ઘીથી યુક્ત હોય કે રુક્ષ-સુકો હોય, શીત હોય કે અડદ-જુનું ધાન્ય-જવાદી હોય; તે પણ મળે કે ન મળે ભગવંત સમભાવ ધારણ કરતા હતા.*

● વિવેચન-૩૨૬ થી ૩૩૦ :-

[૩૨૬-] ભગવંત ગામ કે નગરમાં પ્રવેશીને આહાર શોધતા, તે બીજા માટે બનાવેલું અર્થાત્ ઉદ્‌ગમ દોષરહિત હોય તે તથા સુવિશુદ્ધ એટલે ઉત્પાદન દોષરહિત તથા એષણા દોષરહિત આહાર શોધતા. ભગવંત આયત એટલે સંયમ અને યોગ એટલે મન, વચન, કાયલક્ષણ. એવા 'આયતયોગ'-જ્ઞાન ચતુષ્ટય વડે - x - શુદ્ધ આહાર લાવીને ગૌચરીના પાંચ દોષ ટાળીને ગૌચરી વાપરતા હતા.

[૩૨૭-] વળી ભિક્ષા માટે નીકળેલ ભગવંતના માર્ગમાં ભૂખથી પીડાયેલા કાગડા તથા બીજા રસાર્થી-પાણીની ઇચ્છાવાળા કપોત-કબૂતર આદિ પ્રાણીઓ તથા ખાવાનું શોધવા માટે રસ્તામાં બેઠેલા હોય તેમને જમીન ઉપર બરોબર જોઈને તેમને ખાવા-પીવામાં અડચણ ન પડે તેવી રીતે હંમેશાં ધીમે ધીમે ગૌચરીને માટે ચાલે છે.

[૩૨૮-] અથવા બ્રાહ્મણને લાભ માટે ઉભેલો જાણીને તથા શાક્ય-આજીવક,

પરિવ્રાજક, તાપસ, નિર્ગ્રન્થાદિ શ્રમણમાંથી કોઈપણ હોય કે ગામના ભિખારી ઉદર ભરણાર્થે ભટકતા હોય કે અતિથિ-આગંતુક હોય તથા ચાંડાલ, બીલાડી, કૂતરું કે કોઈ આગળ ઉભું હોય—

[૩૨૯-] તો તેમની વૃત્તિને છેદ્યા વિના, મનથી દુષ્પ્રણિધાનને વર્જીને, તેમને લેશમાત્ર ત્રાસ ન થાય તે રીતે ભગવંત ચાલતા હતા. તથા બીજા કુંથવા આદિ જંતુની હિંસા ન થાય તે રીતે ગૌચરી-આહાર શોધતા હતા-ચાલતા હતા.

[૩૩૦-] દહીં વગેરેથી ભોજન ભીંજાવેલું હોય કે વાલ-ચણા આદિ સુકું હોય, ઠંડુ ભોજન હોય કે પર્યુષિત ભોજન તથા ઘણા દિવસના સીઝેલા જુના કુલ્માષ હોય, જુનું ધાન્ય કે ભાત વગેરે હોય અથવા જુનો સાથવો વગેરે હોય, ઘણાં દિવસનું ભરેલું ગોરસ અને ઘઉંના મંડક હોય તથા જવમાંથી બનેલ પુલાક હોય; આવો કોઈપણ આહાર મળે તો રાગ-દ્વેષરહિત થઈને વાપરતા તથા બીજો કોઈ આહાર મળે કે ન મળે પણ ભગવંત સંયમપૂર્વક વિચરતા. જો પર્યાપ્ત કે સારી ગૌચરી મળે તો અભિમાન ન કરતા અને ઓછી કે ખરાબ ગૌચરી મળે તો આપનારની જુગુપ્સા ન કરતા - વળી - તેવો આહાર મળે તો ખાઈને અને ન મળે તો ભૂખ્યા રહીને ભગવંત સારું ધ્યાન કરે છે. દુર્ધ્યાન કરતા નથી. કઈ અવસ્થામાં ધ્યાન કરે છે. તે કહે છે—

● **સૂત્ર-૩૩૧ થી ૩૩૪ :-**

***[૩૩૧-] ભગવંત મહાવીર ઉકડુ આદિ આસનોમાં સ્થિત અને સ્થિર ચિત્ત થઈને ધ્યાન કરતા હતા. ઉર્ધ્વ-અધો-તિર્છાલોકમાં સ્થિત દ્રવ્યાદિનું ધ્યાન કરતા સમાધિમાં સ્થિત રહેતા.***

***[૩૩૨-] ભગવંત કષાયરહિત, આસક્તિરહિત થઈ, શબ્દ અને રૂપમાં અમૂર્છિત થઈ ધ્યાન કરતા. છદ્મસ્થ હોવા છતાં સંયમમાં પ્રબળ પુરુષાર્થ કરતા ભગવંતે એક પણ વખત પ્રમાદ ન સેવ્યો.***

***[૩૩૩-] ભગવંતે આત્મશુદ્ધિ દ્વારા સ્વયં જ આયતયોગને પ્રાપ્ત કર્યો. માયાદિ કષાયોના વિજેતા બન્યા. જીવનપર્યંત સમિતિયુક્ત રહ્યા.***

***[૩૩૪-] અપ્રતિજ્ઞ, મતિમાન, માહણ, ભગવંતે આ વિધિનું વારંવાર આચરણ કરેલું છે, બીજા મુમુક્ષુ પણ આ રીતે આચરણ કરે.***

● **વિવેચન-૩૩૧ થી ૩૩૪ :-**

[૩૩૧-] ઉત્કુટુક, ગોદોહિક, વીરાસન આદિ અવસ્થામાં, મુખવિકારાદિ ચંચળ ચેષ્ટાને છોડીને ધર્મ કે શુક્લ ધ્યાન ધ્યાવે છે.

ત્યાં કયા ધ્યેયને ભગવંત ધ્યાવે છે ? તે કહે છે - ઉંચે, નીચે તથા તીર્છાલોકમાં જે જીવ તથા પરમાણું વગેરે વિદ્યમાન છે તેને દ્રવ્ય-પર્યાય, નિત્ય-અનિત્યાદિ રૂપપણે ધ્યાવે છે. તથા અંતઃકરણશુદ્ધિ-સમાધિને દેખતા અપ્રતિજ્ઞ થઈને ધ્યાવે છે.

[૩૩૨-] કષાયરહિતપણે-ક્રોધાદિથી ભ્રકુટી ચડાવ્યા વિના તથા ગૃદ્ધપણું દૂર કરીને, શબ્દ રૂપાદિમાં ઇન્દ્રિયાર્થે મૂર્છિત થયા વિના ધ્યાન કરે છે. મનને અનુકૂળમાં



રાગ નથી તેમ પ્રતિકૂળમાં દ્વેષ નથી કરતા. તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાયકર્મ હોવાથી છદ્મસ્થ હતાં, તો પણ વિવિધ સંયમાનુષ્ઠાનમાં પરાક્રમ બતાવીને કષાયાદિ પ્રમાદ એક વખત પણ ન કર્યો.

[૩૩૩-] તથા પોતે પોતાના આત્માથી તત્ત્વને જાણીને સંસારનો સ્વભાવ જાણનારા સ્વયંબુદ્ધ બની તીર્થ પ્રવર્તનાર્થે ઉદ્યમ કર્યો. કહ્યું છે કે, આદિત્યાદિ વિબુધોના સમૂહે કહ્યું કે, હે નાથ ! આ ત્રણ લોકમાં સારરૂપ અનુપમ જે શિવપદ છે - શીઘ્ર ભવભય છેદનાર છે તે તીર્થને આપ શીઘ્ર સ્થાપન કરો ! આ પ્રમાણે આવું વાક્ય તમારી સ્મૃતિ માટે કાને ન પડ્યુ હોત, તો આ નિયોગ કેવી રીતે થાત !

તથા તીર્થ પ્રવર્તનાર્થે ભગવંત કેવી રીતે ઉદ્યમ કર્યો તે કહે છે—

આત્મશુદ્ધિ વડે - પોતાના કર્મનો ક્ષયોપશમ તથા ક્ષય કરવા વડે સુપ્રણિહિત મન-વચન-કાયાના યોગો જે આયતયોગ છે તેને ધારણ કરી, વિષય કષાયાદિને ઉપશમાદિથી શીતીભૂત કરેલ તથા માયા રહિત ઉપલક્ષણથી ક્રોધાદિ રહિત બની યાવજ્જીવ ભગવંત પાંચ સમિતિએ સમિત તથા ત્રણ ગુપ્તિએ ગુપ્ત બનીને રહ્યા.

[૩૩૪-] શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશકની વ્યાખ્યા સમાપ્ત કરતા કહે છે - અનંતરોક્ત ''શસ્ત્રપરિજ્ઞા''થી આરંભીને જે બતાવ્યું તે અનુષ્ઠાન આસેવન પરિજ્ઞા વડે વર્ધમાન સ્વામીએ સેવેલ-આચરેલ છે તે ભગવંત ચાર જ્ઞાન વડે યુક્ત, અનેક પ્રકારે નિદાનરહિત થઈ આચરેલ છે. ઐશ્વર્યાદિ ગુણથી યુક્ત છે તેથી બીજા પણ મુમુક્ષુ ભગવદ્ આચીર્ણ મોક્ષ આપનાર માર્ગ વડે આત્મહિતને આચરતા વિચરે.

આ પ્રમાણે સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે, તે હું કહું છું જે વીર પ્રભુના ચરણની સેવા કરતાં મેં સાંભળેલ છે.

**અધ્યયન-૯ ''ઉપધાનશ્રુત'' ઉદ્દેશો-૪ ''આતંકિત''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

આ પ્રમાણે સૂત્રાનુગમ તથા સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ સૂત્રસ્પર્શ નિર્યુક્તિ સહિત વર્ણવ્યો છે.

## 卐 અધ્યયન-૯નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐

હવે નયોનું વર્ણન કરે છે - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયો સામાન્યથી છે. તે સંમતિતર્ક વગેરેમાં લક્ષણથી અને વિધાનથી કહેલ છે. અહીં તે નયોને જ્ઞાન અને ક્રિયા બંને નયોમાં સમાવીને સમાસથી કહીએ છીએ.

આચારાંગ સૂત્રના અધિકારમાં જ્ઞાન અને ક્રિયા બે નયો સમાવિષ્ટ છે. જ્ઞાન-ક્રિયાની અધીનતાથી મોક્ષને માટે શાસ્ત્રપ્રવૃત્તિ છે. જ્ઞાન અને ક્રિયા પરસ્પર સંબંધથી જ વિવક્ષિત કાર્ય સિદ્ધિમાં સમર્થ છે. પણ એકલું જ્ઞાન કે એકલી ક્રિયા સમર્થ નથી.

૦ જ્ઞાન નયવાળાનો અભિપ્રાય આ પ્રમાણે છે - જ્ઞાન જ પ્રધાન છે. ક્રિયા

નહીં. કેમકે સમસ્ત હેય પદાર્થને ત્યાગવા, ઉપાદેયને સ્વીકારવા એ પ્રવૃત્તિ જ્ઞાનને આધીન છે. તેથી સુનિશ્ચિત કરેલા સમ્યગ્જ્ઞાનથી પ્રવૃત્ત અર્થક્રિયાનો અર્થી વિસંવાદ ન કરે.

કહ્યું છે કે, પુરુષોને જ્ઞાન ફળ દેનારું છે, ક્રિયા ફળદાયી નથી. મિથ્યા જ્ઞાનવાળો ક્રિયા કરવા જાય તો તેનું અયોગ્ય ફળ સાક્ષાત્ દેખાય છે. તથા વિષય વ્યવસ્થિતનું સમાધાન જ્ઞાનપૂર્વક થાય છે અને બધાં દુઃખોના નાશ જ્ઞાનથી જ થાય છે. જ્ઞાનનું જ અન્વયવ્યતિરેકપણું છે. જ્ઞાનનું જ પ્રધાનપણું છે.

જ્ઞાનના અભાવે અનર્થ દૂર કરવા પ્રવર્તે તો પણ અપાનતાથી પતંગીયા માફક અનર્થમાં જોડાય જાય છે. જ્ઞાન વડે બધાં અર્થો અને અનર્થોના સંશયોને વિચારીને યથાશક્તિ વિઘ્નોને દૂર કરે છે. આગમમાં પણ "पढमं नाणं तओ दया" કહ્યું છે. આ બધું ક્ષાયોપશમિક અને ક્ષાયિક બંનેને આશ્રીને પ્રધાન છે. કારણ કે—

દેવથી પૂજિત - x - ભવસમુદ્રના તટે રહેલ, દીક્ષા પ્રતિપન્ન, ત્રિલોક બંધુ, તપ-ચારિત્ર યુક્ત છતાં - x - x - કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ થતી નથી. માટે જ્ઞાન જ - x - મુખ્ય છે.

૦ ક્રિયાનયવાળા કહે છે - ક્રિયા જ આ લોક-પરલોકની ઇચ્છિત ફળની પ્રાપ્તિનું કારણ છે. તે જ યુક્તિયુક્ત છે. - x - x - પ્રવૃત્તિરૂપ ક્રિયા ન કરનારનું જ્ઞાન નિષ્ફળ જાય છે. જ્ઞાનનું અર્થપણું ક્રિયા સાથે છે. - x - x - અન્વય વ્યતિરેક પણ ક્રિયામાં સિદ્ધ થાય છે. જેમ સમ્યક્ ચિકિત્સા વિધિ જાણનાર પણ ઉપયોગ ક્રિયારહિત હોય તો રોગ દૂર ન થાય. કહ્યું છે - શાસ્ત્રો ભણવા છતાં ક્રિયા ન કરનાર મુર્ખા હોય છે. થોડું ભણેલ પણ ક્રિયા કરનાર વિદ્વાન્ છે. ઔષધ વિના શું રોગી નિરોગી બને ? પુરુષોને ક્રિયા જ ફળદાયી છે, જ્ઞાન નહીં કેમકે ભોગ્ય વસ્તુની જાણકારી હોય પણ ક્રિયા ન કરે તો ભોગ પામતો નથી.

- x - x - પરલોકનું સુખ વાંછનારે પણ તપ ચારિત્રની ક્રિયા જ કરવી, જિનવચન પણ તે જ કહે છે - ચૈત્ય, કૂળ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, શ્રુત એ બધામાં પણ તેણે તપ અને સંયમમાં ઉધમ કરવાથી કર્યું જાણવું. માટે આ ક્રિયા જ સ્વીકારવી. કેમકે તીર્થંકરાદિએ પણ ક્રિયારહિત જ્ઞાનને અફળ કહ્યું છે. વળી કહ્યું છે કે—

ઘણાંએ સિદ્ધાંત ભણ્યો હોય, પણ ચારિત્રરહિત હોય તો શું કરી શકે ? લાખો દીવા હોય તો પણ અંધ શું કરી શકે ? - x - x - માત્ર ક્ષાયોપશમિક નહીં, ક્ષાયિક જ્ઞાનથી પણ ક્રિયા પ્રધાન છે. કેમકે - x - કેવળજ્ઞાન હોવા છતાં ધ્યાનરૂપ ક્રિયા વિના - x - ભવોપગ્રાહી કર્મોનો વિચ્છેદ ન થાય, મોક્ષ પ્રાપ્તિ પણ ન થાય - x - માટે ક્રિયા જ મુખ્ય છે.

આ પ્રમાણે જ્ઞાન વિના સમ્યક્ ક્રિયાનો અભાવ છે અને ક્રિયાના અભાવે અર્થસિદ્ધિ માટેનું જ્ઞાન વૈકલ્ય છે. આમ બંને નયો સાંભળી વ્યાકૂળ મતિ શિષ્ય પૂછે છે કે આ બંનેમાં સાચું શું ?



આચાર્ય કહે છે - x - x - જ્ઞાન અને ક્રિયાના અભિપ્રાય બંને એકબીજાના આધારે છે. સકલ કર્મના ઉચ્છેદરૂપ મોક્ષનાં કારણો છે. કેમકે નગર બળ્યું ત્યારે અંધ અને પંગુ મળી જવાથી બંને બચી ગયા. રથ પણ બંને પૈડાથી જ ચાલે છે. - x - x - x - આગમમાં પણ સર્વે નયોના ઉપસંહાર દ્વાર વડે આ જ અર્થ બતાવ્યો છે.

બધાં નયોનું વક્તવ્ય સાંભળીને બધા નયથી વિશુદ્ધ મંતવ્યને જ ચરણગુણ સ્થિત સાધુ માને. તેથી આ આચારાંગ સૂત્ર જ્ઞાન-ક્રિયારૂપ છે. તેને જાણેલ સમ્યગ્ માર્ગવાળા સાધુએ કુશ્રુત-કષાય-સંયોગ વિયોગ-હાસ્યાદિ યુક્ત ભયાનક સંસારને સાક્ષાત્ જોયેલ છે. તેવા સાધુએ સંસાર સમુદ્રથી પાર જવા માટે આચારાંગ સૂત્રમાં બતાવેલ જ્ઞાન-ક્રિયારૂપ વહાણ ધારણ કરવું. મુમુક્ષુએ - x - શાશ્વત - x - x - મોક્ષની ઇચ્છાવાળા બનીને આચારાંગ સૂત્રનો આધાર લેવો.

*૦ આ વૃત્તિની પ્રશસ્તિ આદિ મૂળ ટીકાથી જાણી લેવા.*

**આચારાંગ સૂત્રના શ્રુતસ્કંધ-૧ "બ્રહ્મચર્ય"નો**
**મુનિ દીપરત્નસાગર કૃત્ સૂત્ર તથા ટીકાનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

# ❀ શ્રુતસ્કંધ-૨-"આચારાગ્ર" ❀

## ૦ આરંભે કંઈક ૦

*આચારાંગ સૂત્રનો પહેલો શ્રુતસ્કંધ પૂરો થયો. તેમાં નવ અધ્યયનો હતા. [જો કે તેમાં સાતમું અધ્યયન વિચ્છેદ પામ્યું છે.] ઇત્યાદિ કથન પૂર્વે પણ થયું છે અને અહીં ભૂમિકામાં પણ થશે. વિભાગ અને પેટા વિભાગની દૃષ્ટિએ જોઈએ તો પહેલા શ્રુતસ્કંધમાં અધ્યયનો હતા, અધ્યયનોમાં ઉદ્દેશા હતા. તેમાં સૂત્રો હતા. તેથી ૧/૧/૧/૧ લખ્યું.*

*આ શ્રુતસ્કંધના વિભાગ-પેટા વિભાગમાં ભેદ છે. શ્રુતસ્કંધમાં ચાર ચૂલિકાઓ છે. ચૂલિકામાં અધ્યયનો પણ છે, અધ્યયનોમાં ઉદ્દેશા છે અને ઉદ્દેશામાં સૂત્રો છે. તેથી વિભાગીકરણ ૧/૧/૧/૧/૧ એવા પાંચ વિભાગોમાં થશે. સંક્ષેપમાં કહીએ તો શ્રુ./ચૂ./અ./ઉ./સૂ.*

● ભૂમિકા :-

અનાદિ અનંતકાળ રહેનારું, અનેક ગુણરત્નોથી ભરેલું. બધાં મતવાળાને સીધે રસ્તે લાવનાર તીર્થંકરે નમસ્કાર કરેલ એવું તીર્થ જયવંતુ વર્તે છે. *[અહીં અમારા 'આગમ' સંપાદનમાં ભૂલથી નિર્યુક્તિ-૨૮૫-લખાયું છે.]*

સદાચાર બતાવનારા અને નમેલા બધા દેવતાના મુકુટ રત્નોથી જેમના પગ પૂજિત છે. એવા શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ. *[અહીં અમારા 'આગમ' સંપાદનમાં ભૂલથી નિર્યુક્તિ-૨૮૬-લખાયું છે.]*

આચારાંગ સૂત્રરૂપ મેરૂપર્વતની ચૂલિકા સમાન આ ચૂલિકામાં જે થોડો વિષય આવેલ છે, તેને થોડામાં કહું છું. કેમકે હંમેશા કૃત્ય કરનાર ગુણવાન્ પુરુષ આરંભેલા ઇચ્છિત અર્થમાં બાકી રહેલી ક્રિયા કરવાથી જ અર્થ સિદ્ધિ પામે છે. *[અહીં અમારાથી ભૂલથી નિર્યુક્તિ-૨૮૭-લખાયું છે.]*

નવ અધ્યયનાત્મક "બ્રહ્મચર્ય" નામક પ્રથમ શ્રુતસ્કંધ કહ્યો હવે 'આચાર' સૂત્રના બીજા 'અગ્ર' શ્રુતસ્કંધને કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-પહેલા 'આચાર'ના પરિમાણને બતાવેલ છે - નવ બ્રહ્મચર્યવાળો, ૧૮,૦૦૦ પદવાળો, પાંચ ચૂલા સહિત પદાગ્ર વડે ઘણો ઘણો આ વેદ છે.

તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં નવ બ્રહ્મચર્ય અધ્યયનો કહ્યા. તેમાં પણ સમસ્ત વિવક્ષિત અર્થ કહ્યો નથી. કહેલો વિષય પણ સંક્ષેપથી કહ્યો છે. જેથી ન કહેવાયેલ વિષયને કહેવા માટે તથા સંક્ષેપથી કહેલા વિષયને વિસ્તારથી કહેવા માટે તેના અગ્રભૂત ચાર ચૂડાઓ ઉક્ત-અનુક્ત વિષયનો જ સંગ્રાહિક અર્થ બતાવે છે તેથી તે અર્થવાળો આ બીજો અગ્ર શ્રુતસ્કંધ છે. આ સંબંધે આવેલા આ સ્કંધને કહે છે—

નામ, સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને દ્રવ્ય અગ્ર કહે છે.

**[નિ.૨૮૮]** દ્રવ્ય અગ્ર બે પ્રકારે - આગમથી, નો આગમથી. ઇત્યાદિ કહીને તદ્વ્યતિરિક્ત દ્રવ્યાગ્ર ત્રણ પ્રકારે-સચિત્ત, અચિત્ત, મિશ્ર. તેમાં વૃક્ષ, ભાલા આદિનો અગ્રભાગ લેવો. અવગાહના અગ્ર જે દ્રવ્યના નીચલા ભાગને અવગાહે તે. જેમકે મનુષ્ય ક્ષેત્રમાં મેરૂને છોડીને બીજા પર્વતોની ઉંચાઈનો ચોથો ભાગ જમીનમાં અવગાઢ હોય છે - x -





आदेशअग्र - આદેશ એટલે વ્યાપારની નિયોજના. અહીં અગ્ર શબ્દ પરિમાણવાચી છે. તેથી જ્યાં પરિમિત પદાર્થનો આદેશ અપાય તે આદેશાગ્ર છે. જેમકે ત્રણ પુરુષો વડે જે કૃત્ય કરાય છે કે તેમને જમાડે છે.

कालअग्र - અધિક માસ અથવા અગ્ર શબ્દ પરિમાણ વાચક છે. તેમાં અતીતકાલ અનાદિ છે, અનાગત કાળ અનંત છે - x -

क्रमअग्र - પરિપાટી વડે અગ્ર. તે દ્રવ્યાદિ ચાર ભેદે છે. તેમાં દ્રવ્ય અગ્ર તે એક અણુથી બે અણુ, બે અણુથી ત્રણ અણુ ઇત્યાદિ છે.

क्षेत्रअग्र - એક પ્રદેશ અવગાઢથી બે પ્રદેશ અવગાઢ સુધી વગેરે.

कालअग्र - એક સમય સ્થિતિથી બે સમય સ્થિતિ સુધી વગેરે.

भावअग्र - એક ગુણ કાળાશથી બે ગુણ કાળાશ વગેરે.

गणनाअग्र - સંખ્યા ધર્મ સ્થાન તે, દશગણું. જેમકે એક-દશ-સો.

सञ्चयअग्र - સંચિત દ્રવ્યની ઉપર જે છે તે. - x -

भावअग्र - ત્રણ ભેદે છે. પ્રધાનાગ્ર, પ્રભૂતાગ્ર, ઉપકારાગ્ર. તેમાં પ્રધાનાગ્ર સચિત્તાદિ ત્રણ ભેદે છે. સચિત્ત પણ દ્વિપદાદિ ત્રણ ભેદે છે. તેમાં દ્વિપદમાં તીર્થંકર, ચતુષ્પદમાં સિંહ, અપદમાં કલ્પવૃક્ષ છે. અચિત્તમાં વૈડૂર્યાદિ, મિશ્રમાં અલંકૃત્ તીર્થંકર છે. પ્રભૂતાગ્ર તે અપેક્ષા રાખનાર છે. જેમકે - જીવ, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ, પર્યવ - x - x - આ બધામાં એક પછી એક અગ્ર છે અને પર્યાયાગ્ર સૌથી અગ્ર છે.

ઉપકાર અગ્ર તો પૂર્વોક્ત વિસ્તારથી અને અનુક્ત પ્રતિપાદનથી ઉપકારમાં વર્તે છે. જેમકે-દશવૈકાલિકની ચૂડા અથવા આ આચાર શ્રુતસ્કંધની ચૂડા તે ઉપકાર અગ્રનો જ અધિકાર છે.

**[નિ.૨૮૯]** અહીં ઉપકાર અગ્રનો અધિકાર છે. કેમકે આ ચૂડાઓ 'આચાર'ની ઉપર વર્તે છે. 'આચાર'ના વિષયને વિશેષ ખુલાસાથી કહેવા આ ચૂડા છે. જેમ વૃક્ષ અને પર્વતને અગ્ર [ટોચ] હોય છે. શેષ અગ્રના નિક્ષેપાનું વર્ણન તો શિષ્યની મતિ ખીલવવા માટે છે. તથા તેને લીધે ઉપકાર અગ્ર સુખેથી સમજી શકાય છે. - x - x - x - આ ચૂલાઓ કોણે રચી ? શા માટે ? અથવા ક્યાંથી ઉદ્ધરી. તે કહે છે—

**[નિ.૨૯૦]** શ્રુત સ્થવિર, ચૌદ પૂર્વીએ આ ઉદ્ધરી છે. શા માટે ? શિષ્યના હિત માટે-અનુગ્રહ કરીને તેઓ સહેલાઈથી સમજે માટે રચી. ક્યાંથી ? 'આચાર' સૂત્રમાંથી બધો વિસ્તાર આચારાગ્રમાં કહ્યો. હવે જે જ્યાંથી લીધું છે, તે વિભાગ પાડીને કહે છે.

**[નિ.૨૯૧ થી ૨૯૪]** શ્રુતસ્કંધ-૧માં બીજા અધ્યયન 'લોકવિજય'ના ઉદ્દેશા-૫-માં સૂત્ર છે - सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए તેમાં આમ શબ્દથી હણવું આદિ ત્રણે કોટિ લીધી. ગંધ શબ્દથી બીજી ત્રણ કોટિ લીધી. આ છ એ અવિશુદ્ધિ કોટિ લીધી. તે આ પ્રમાણે - હણે, હણાવે, હણતાને અનુમોદે; રાંધે, રંધાવે, રાંધતાને અનુમોદે. તે જ અધ્યયનમાં બીજું સૂત્ર છે - "अदिस्समाणो कयविक्कएहिं" આ સૂત્રથી ત્રણ વિશોધિ કોટિ લીધી. તે આ પ્રમાણે - ખરીદે, ખરીદાવે, ખરીદતાને અનુમોદે.

તથા આઠમાં 'વિમોહ' અધ્યયનના બીજા ઉદ્દેશામાં આ સૂત્ર છે - 'भिक्खू परक्कमेज्जा चिट्ठेज्ज वा निसीएज्ज वा''...ઇત્યાદિ આ બધાંને આશ્રીને ૧૧ પિંડૈષણા રચી છે. તથા બીજા અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં આ સૂત્ર છે - ''से वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं उग्गहं च कडासणं'' તેમાં વસ્ત્ર, કંબલ, રજોહરણ લેવાથી વસ્ત્રૈષણા લીધી. પાત્રના ગ્રહણથી પાત્રૈષણા લીધી. અવગ્રહ શબ્દથી અવગ્રહ પ્રતિમા લીધી. કટાસન શબ્દથી શય્યા લીધી.

૦ તે જ પ્રમાણે પાંચમું અધ્યયન આવંતિ છે. તેના ચોથા ઉદ્દેશામાં સૂત્ર છે. गामाणुगामं दूइज्जमाणस्स दुज्जायं दुप्परिक्कंत० સૂત્રથી 'ઇર્યા' અધ્યયન લીધું. છઠ્ઠા 'ધૂત' અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં સૂત્ર છે - आइक्खइ विहयइ किट्टइ धम्मकामी તેનાથી 'ભાષાજાત' અધ્યયન રચ્યું છે. તેમ તું જાણ.

૦ તથા 'મહાપરિજ્ઞા' અધ્યયનના સાત ઉદ્દેશકો હતા. તે પ્રત્યેક-સાતથી સાત અધ્યયન લીધા. તથા શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથી ભાવના અધ્યયન લીધું છે.

૦ તથા 'આચાર પ્રકલ્પ' તે નિશીથ સૂત્ર. તે પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુ છે, તેમાં ૨૦મું પાહુડ 'આચાર' નામે છે તેમાંથી રચેલ છે. આ રીતે બ્રહ્મચર્ય અધ્યયનોમાંથી 'આચારાગ્ર' રચેલ છે. એથી નિર્યૂહનના અધિકારથી જ તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથી રચેલ છે તે કહે છે.

[નિ.૨૯૫] અવ્યક્ત દંડ નિક્ષેપો બતાવેલ છે. પ્રાણિઓને પીડારૂપ તે દંડ તેનો નિક્ષેપ-પરિત્યાગ અર્થાત્ સંયમ, તે શસ્ત્રપરિજ્ઞામાં ગુપ્ત રીતે કહ્યો હતો. તેથી તે સંયમને જ જુદા જુદા ભાગ પાડી આઠ અધ્યયનોમાં અનેક પ્રકારે વર્ણવ્યો છે એમ જાણવું. આ સંયમ સંક્ષેપથી કહેલો છે. તે વિસ્તારથી કહેવાય છે-તે બતાવે છે.

[નિ.૨૯૬,૨૯૭] અવિરતિના ત્યાગરૂપ એક પ્રકારનો સંયમ છે, તે બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદે છે અને મન-વચન-કાય યોગરૂપ ત્રણ ભેદે છે. ચાર યામરૂપ ચાર ભેદે અને પાંચ મહાવ્રતથી પાંચ ભેદે છે. રાત્રિભોજન ત્યાગ ઉમેરતા છ ભેદે છે. એ રીતે ભેદ કરતા ૧૮,૦૦૦ શીલાંગ ભેદ સુધી પરિમાણવાળો છે. આ સંયમ કેવો છે ? તે ત્યાં પ્રવચનમાં પાંચ મહાવ્રતરૂપ ભેદથી વર્ણવાય છે. તે કહે છે–

[નિ.૨૯૮] સંયમ પાંચ મહાવ્રતરૂપે વ્યવસ્થાપિત હોવાથી કહેવો, વિભાગ કરવો કે જાણવો સરળ છે. તેથી પાંચ મહાવ્રતો બતાવેલ છે, આ પાંચ મહાવ્રત અસ્ખલિત હોય તો ફળવાળા થાય છે. તેથી તેનું રક્ષણ કરવામાં પ્રયત્ન કરવો તે દર્શાવે છે–

[નિ.૨૯૯] તે મહાવ્રતોની એક-એકની વૃત્તિ સ્વરૂપ પાંચ-પાંચ ભાવનાઓ છે. તે બીજા ''અગ્ર'' શ્રુતસ્કંધમાં બતાવી છે. તેથી આ શસ્ત્રપરિજ્ઞા અધ્યયન અભ્યંતર કહ્યું. હવે ચૂડા-પરિમાણ કહે છે–

[નિ.૩૦૦] પહેલી ચૂડામાં પિંડૈષણાથી અવગ્રહ પ્રતિમા સુધી સાત અધ્યયનો છે. સપ્ત સપ્તૈકકા [સાત સાતની એક-એક] એવી બીજી ચૂડા છે. ભાવના નામની ત્રીજી અને વિમુક્તિ નામથી ચોથી ચૂડા છે. આચારપ્રકલ્પ-નિશીથ નામે પાંચમી ચૂડા છે.



## ❀ શ્રુતસ્કંધ-૨ ચૂડા-૧ ❀

૦ ચૂડાનો નામાદિ નિક્ષેપ છ પ્રકારે છે. નામ-સ્થાપના સુગમ છે. દ્રવ્ય ચૂડામાં તદ્‌વ્યતિરિક્તમાં સચિત્તમાં કુકડાની ચૂડા, અચિત્તમાં મુગટની ચૂડા અને મિશ્રમાં મયૂરની કહી છે. ક્ષેત્ર ચૂડા લોક નિષ્કુટરૂપ છે. કાલ ચૂડા અધિક માસરૂપ છે. ભાવ ચૂડા આ 'ચૂડા' પોતે જ છે, કેમકે તે ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે, તે સાત અધ્યયનરૂપ છે–

## 卐 ચૂડા-૧, અધ્યયન-૧ - ''पिण्डैषणा'' 卐

બીજા શ્રુતસ્કંધની ચૂડા-૧નું અધ્યયન-૧ ''पिण्डैषणा'' છે. તેના ચાર અનુયોગદ્વાર છે - યાવત્ - નામ નિષ્પન્ન નિક્ષેપામાં પિંડૈષણા અધ્યયન છે. તેના નિક્ષેપદ્વારે સમગ્ર પિંડનિર્યુક્તિ અહીં કહેવી.

### 卐 ચૂડા-૧, અધ્યયન-૧ पिण्डैषणा-ઉદ્દેશો-૧ 卐

● **સૂત્ર-૩૩૫ :-**

***ભિક્ષા ગ્રહણ કરવાના ઉદ્દેશ્યથી કોઈ સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે અને તેઓ જાણે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રસજ પ્રાણી કે લીલફૂગ સંસક્ત છે, બીજ કે દુર્વાદિ લીલોતરીથી મિશ્રિત છે, સચિત્ત જલથી ભીના છે, સચિત્ત રજયુક્ત છે, તો તેવા પ્રકારના અશન, પાન, ખાદિમ, સ્વાદિમને - જો કે તે આહાર ગૃહસ્થના હાથમાં હોય કે પાત્રમાં સ્થિત હોય તેને અપ્રાસુક અને અનેષણીય માની મળવા છતાં પણ ગ્રહણ ન કરે.***

***કદાચ અસાવધાનીથી એવો આહાર ગ્રહણ થઈ ગયો હોય તો તે આહારને લઈને એકાંતમાં જાય, જઈને ઉદ્યાન કે ઉપાશ્રયમાં જ્યાં ઇંડા, પ્રાણિઓ, બીજો, હરિતકાય, ઓસ, જલ, ઉર્તિંગ, પંચવર્ણી લીલફૂગ, સચિત્ત જલવાળી માટી અને કરોળિયાના જાળાં આદિથી રહિત ભૂમિમાં તે સંસક્ત આહારથી તે આગંતુક જીવોને પૃથક્ કરીને તે મિશ્રિત આહાર શોધી-શોધીને પછી જયણાપૂર્વક ખાય કે પીએ.***

***જો તે ખાવા-પીવા સમર્થ ન હોય તો એકાંત સ્થાને જઈને ત્યાં બળેલી ભૂમિ, હાડકાનો ઢગ, લોઢાના કચરામાં, ફોતરાનો ઢગ, છાણનો ઢગલો કે તેવી જાતના કોઈ સ્થાનની વારંવાર પ્રતિલેખના કરી, વારંવાર પ્રમાર્જન કરી, યતનાપૂર્વક આહારને પરઠવે.***

● **વિવેચન :-**

જે કોઈ ભિક્ષાથી નિર્વાહ કરનાર ભાવભિક્ષુ-મૂલ ઉત્તર ગુણધારી વિવિધ અભિગ્રહ કરનાર સાધુ કે સાધ્વી હોય તે વેદનાદિ કારણે આહાર ગ્રહણ કરે છે તે આ પ્રમાણે - વેદના, વૈયાવચ્ચ, ઇર્યાસમિતિ માટે, સંયમપાલન માટે, જીવિત અર્થે અને ધર્મ ચિંતવન માટે. આ છ કારણોમાં કોઈપણ કારણે આહારનો અર્થી બનીને

ગૃહસ્થના ઘેર જાય. શા માટે ? મને અહીં ભિક્ષા મળશે એવી પ્રતિજ્ઞાથી. તે ત્યાં પ્રવેશીને અશનાદિ જાણે. કઈ રીતે ? તે કહે છે. 'રસજ' આદિ પ્રાણિ જોઈને તે જીવો હોય તો ગોચરી ન લે. તે જ પ્રમાણે - પનક હોય, બીજા આદિ સંસક્ત હોય, દુર્વા-અંકુરાદિ હોય, તેની સાથે મિશ્ર હોય, કાચા પાણીથી ભીંજાયેલ હોય કે સચિત્તરજથી ખરડાયેલ હોય.

આવા પ્રકારના અશુદ્ધ અશનાદિ ચાર પ્રકારનો આહાર દેનારના હાથમાં કે ગૃહસ્થના વાસણમાં હોય, તે સચિત્ત કે આધાકર્માદિ દોષથી દુષિત હોય, એવું જાણે તો તે ભાવભિક્ષુ મળવા છતાં પણ ન લે. આ ઉત્સર્ગ વિધિ છે. અપવાદે દ્રવ્યાદિ જાણીને ગ્રહણ કરે. તેમાં દ્રવ્યથી-તે દ્રવ્ય દુર્લભ હોય, ક્ષેત્ર-સાધારણ દ્રવ્ય લાભરહિત હોય, કાળ-દુકાળ હોય ભાવ-ગ્લાન આદિ હોય. ઇત્યાદિ કારણે ગીતાર્થ સાધુ ગોચરી લે.

વળી કોઈ વખત અજાણપણે જીવાતવાળું કે ઉન્મિશ્ર ભોજનાદિ લીધું હોય તો તેની વિધિ કહે છે - તે ભાવભિક્ષુ કદાચ અનાભોગથી કે સહસા સંસક્તાદિ આહાર ગ્રહણ કરે, આ અનાભોગ દેનાર-લેનાર એ બે પદ ભેદથી ચાર પ્રકારે છે. આવો અશુદ્ધ આહાર આવેલ જાણીને એકાંતમાં જાય, જ્યાં ગૃહસ્થ લોક દેખે કે આવે નહીં. આવું એકાંત સ્થળ અનેક પ્રકારનું હોય છે, તે બતાવે છે—

ઉધાન, ઉપાશ્રય. અહીં अथ શબ્દ અનાપાત વિશિષ્ટ પ્રદેશના સંગ્રહ માટે છે. અથવા 'वा' શબ્દથી શૂન્યગૃહાદિ લેવા. તે સ્થળ કેવા હોય ? અહીં 'अप्प' શબ્દ અભાવ વાચી છે. તેથી જ્યાં ઇંડા ન હોય, બીજ-હરિત-ઠાર-કાચું પાણી-ઉત્તીંગ અર્થાત્ ઘાસના અગ્રભાગે પાણીનાં બિંદુ-પનક (લીલ)-ભીંજાવેલી માટી-મર્કટ એટલે સૂક્ષ્મ જીવ કે કરોળીયાના જાળા. ઇત્યાદિ દરેક જીવથી રહિત એવા ઉધાનાદિ સ્થળે જઈને પૂર્વે લીધેલ આહારમાં જે જીવ મિશ્રિત હોય તે જોઈ-જોઈને અશુદ્ધ આહારને ત્યાગે અથવા ભવિષ્યમાં જીવ થાય તેવા સાથવો વગેરે હોય તેમાં જીવોને દૂર કરી, ખાવા જેવું બાકી રહ્યું હોય તે બરોબર જાણીને રાગદ્વેષ છોડીને ખાય કે પીએ. કહ્યું છે—

હે જીવ ! તું બેંતાલીશ ગોચરીના દોષના સંકટમાં પૂર્વે ઠગાયો નથી, તેમ હવે પણ ગોચરી કરતા રાગદ્વેષથી ઠગાતો નહીં.

રાગથી અંગાર દોષ લાગે છે, દ્વેષથી ધૂમ્ર દોષ લાગે છે, માટે રાગદ્વેષરહિત બની નિર્જરાની ઇચ્છા રાખી ગોચરી કરજે.

જે આહાર આદિ વધારે હોવાથી ખાવો કે પીવો શક્ય ન હોય કે અશુદ્ધ આહાર પૃથક્ કરવો અશક્ય હોય તો પરઠવવો જોઈએ. તેથી તે ભિક્ષુ તેવા આહારને લઈને એકાંતમાં જઈને પરઠવે. ક્યાં પરઠવે તે કહે છે-બળેલી ભૂમિ, હાડકાંનો ઢગલો, લોઢાના કાટનો ઢેર, તૂષનો ઢગલો, સૂકા છાણનો ઢેર આદિમાં કે તેવા કોઈ ઢગલામાં પૂર્વે બતાવેલ નિર્દોષ જગ્યામાં જઈને વારંવાર ચક્ષુ વડે પ્રમાર્જીને-જોઈને તથા રજોહરણથી પ્રતિલેખના કરીને પરઠવે.



અહીં પડિલેહણ-પ્રમાર્જના આશ્રિત સાત ભેદો થાય. જેમકે-૧-અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત, ૨-અપ્રત્યુપેક્ષિત-પ્રમાર્જિત, ૩-પ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત, તેમાં પણ જોયા વિના પ્રમાર્જના કરતો એક સ્થાનથી બીજા સ્થાને જતાં ત્રસ જીવોને વિરાધે છે અને જોઈને પૂંજ્યા વિના આવતા પૃથ્વીકાયાદિને વિરાધે છે. બીજા ચાર ભાંગા આ પ્રમાણે-૪-દુષ્પ્રત્યુપેક્ષિત-દુષ્પ્રમાર્જિત, ૫-દુષ્પ્રત્યુપેક્ષિત-સુપ્રમાર્જિત, ૬-સુપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રમાર્જિત, ૭-સુપ્રત્યુપેક્ષિત સુપ્રમાર્જિત. તેથી આ સાતમાં ભાંગામાં બતાવેલ રીતે સ્થંડિલ ભૂમિ જોઈને સાધુ શુદ્ધ અશુદ્ધ પુંજના ભાગો પરિકલ્પીને પરઠવે.

હવે ઔષધ વિષયનો વિધિ કહે છે—

● સૂત્ર-૩૩૬ :-

***તે સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘેર પ્રવેશીને ઔષધિના વિષયમાં એમ જાણે કે આ પ્રતિપૂર્ણ છે, તેની યોનિ નષ્ટ થઈ નથી, તેના બે દળ કરેલ નથી, તેનું તિર્છું છેદન થયું નથી, તે જીવરહિત છે એવી અણ છેદાયેલી તરૂણ વનસ્પતિ કે મગ વગેરેની શીંગો શસ્ત્રપ્રહાર ન પામી હોય કે તોડીને કકડા કરેલ ન હોય, તેવી ફલીને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થાય તો પણ ગ્રહણ ન કરે.***

***તે સાધુ કે સાધ્વી - x - જો એમ જાણે કે તે ઔષધિ ખંડિત છે, તેના બે કે વધુ ટુકડા થયા છે, તેનું તિર્છું છેદન થયું છે, તે અચિત્ત છે. તે ઔષધિ તથા શીંગોને અચિત્ત તેમજ ભાંગેલી જોઈને અને એષણીય જાણી પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે.***

● વિવેચન :-

તે ભાવભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશીને ત્યાં શાલિ બીજાદિને આ પ્રમાણે જાણે કે તે સંપૂર્ણ છે - હણાયેલી નથી. અહીં દ્રવ્ય-ભાવની ચઉભંગી છે - દ્રવ્યકૃત્સ્ના તે શસ્ત્રથી ન હણાયેલ, ભાવકૃત્સ્ના તે સચિત્ત. તેમાં કૃત્સ્ના પદ વડે ચાર ભાંગામાંના પહેલા ત્રણ લેવા.

જીવનું સ્વપણું તે ઉત્પત્તિ સ્થાન પ્રત્યાશ્રય જેમાં છે તે સ્વાશ્રય છે અર્થાત્ અવિનષ્ટ યોનિવાળું છે. આગમમાં પણ કેટલીક ઔષધિ [અનાજ]નો અવિનષ્ટ યોનિકાળ બતાવ્યો છે. તે કહે છે - एतेसिणं० - આ સાલીની યોનિ કેટલો કાળ સચિત્ત છે ? વગેરે આલાપકો છે.

જ્યાં સુધી બે ફાડચાં ઉપરથી નીચે સુધી સરખાં ન કર્યા હોય, કંદલી કરેલી ન હોય એ દ્રવ્યથી કૃત્સ્ન છે, ભાવથી સચિત્ત હોય કે ન હોય. તે જ પ્રમાણે જીવરહિત ન હોય તે અવ્યવચ્છિન્ન તે ભાવથી કૃત્સ્ન છે તથા અપરિપક્વ મગ વગેરેની શીંગ, તેને જ વિશેષથી કહે છે. જીવથી અભિક્રાન્ત ન હોય અર્થાત્ સચેતન હોય, अमज्जिय અર્થાત્ નહીં ભાંગેલ અમર્દિત કે અવિરાધિત હોય.

આ પ્રમાણે આવો આહાર ખાવા યોગ્ય હોય, પણ તે અપ્રાસુક કે અનેષણીય જાણીને પ્રાપ્ત થાય તો પણ ગ્રહણ ન કરે. હવે તેથી ઉલટું સૂત્ર કહે છે-તે ભાવભિક્ષુ

તેવી ઔષધિનો અસંપૂર્ણ-દ્રવ્યથી ભાવથી અચિત્ત, વિનષ્ટ યોનિવાળી, દ્વિદલીકૃત તથા ફળી અચિત્ત થયેલી અને ભાંગેલી હોય અને તે પ્રાસુક અને એષણીય હોય અને ગૃહસ્થ આપે તો કારણ હોય તો સાધુ તેને ગ્રહણ કરે.

લેવા ન લેવાના અધિકારવાળા આહાર વિશેષને કહે છે—

**• સૂત્ર-૩૩૭ :-**

***સાધુ-સાધ્વી યાવત્ જે ઔષધિ [અનાજ] ના વિષયમાં એમ જાણે કે શાલિ આદિની પલંબ [ધાણી-મમરા] ઘણાં ફોતરાવાળી વસ્તુ કે અર્ધપક્વ કે ચૂર્ણ કે ચોખા-ચોખાના લોટ એકવાર આગમાં સેકાયેલો કે અર્ધ કાચો છે તો તેને અપ્રાસુક અને અનેષણીય માની મળે તો લે. પણ જો તેને બે-ત્રણ વખત સેકાયેલ અને પ્રાસુક તથા એષણીય જાણે તો ગ્રહણ કરે.***

**• વિવેચન :-**

તે ભાવભિક્ષુ ગૃહસ્થને ઘેર પ્રવેશીને ઇત્યાદિ...પૃથક્ શાલી કે ઘઉંને સેકીને ધાણી બનાવે, તેમાં તુષ વગેરેની બહુ રજ હોય, ઘઉં વગેરે અર્ધપક્વ ભૂંજેલા હોય, એક તરફ સેકાયેલ તલ-ઘઉં વગેરે કે ઘઉંનું ચૂર્ણ શેક્યુ હોય અથવા શાલી-વ્રીહીને ચૂર્ણ કરેલ હોય કે કણકી આદિ હોય; આવું કોઈ પણ અનાજ એકવાર થોડું સેક્યું હોય, બીજા શસ્ત્ર વડે કુટેલું હોય પણ જો તે અપ્રાસુક અને અનેષણીય માનતો હોય તો પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે.

તેથી વિપરીત હોય તો ગ્રહણ કરે. એટલે અગ્નિ આદિથી વારંવાર સેક્યુ હોય કે પૂરેપૂરુ કુટ્યુ હોય, દુષ્પક્વાદિ દોષરહિત હોય અને તેને પ્રાસુક જાણે તો પ્રાપ્ત થતા ગ્રહણ કરે. ગૃહસ્થને ત્યાં જવાની વિધિ—

**• સૂત્ર-૩૩૮ :-**

***સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશવા ઇચ્છતા હોય ત્યારે અન્યતીર્થિકો કે ગૃહસ્થ સાથે અથવા પારિહારિક અપારિહારિક સાથે ભિક્ષાને માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ ન કરે કે ન નીકળે. એ જ રીતે બહાર વિચારભૂમિ કે વિહારભૂમિમાં પ્રવેશતા કે નીકળતા અન્યતીર્થિક કે ગૃહસ્થ સાથે અથવા પારિહારિક અપારિહારિક સાથે વિચારભૂમિ કે વિહાર ભૂમિમાં ન પ્રવેશે કે ન નીકળે. - x - એ જ રીતે એક ગામથી બીજે ગામ ન જાય.***

**• વિવેચન :-**

તે સાધુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવા ઇચ્છે તો આ કહેવાનારા સાથે પ્રવેશ ન કરે, જે પ્રવેશ્યો હોય તેમની સાથે ન નીકળે. - x - તેમના નામ બતાવે છે :- અન્યતીર્થિક - લાલ કપડા કે રજવાળા બાવા વગેરે, ગૃહસ્થ-ભીખ ઉપર જીવનારા, બ્રાહ્મણ આદિ. તેમની સાથે પ્રવેશતા આ દોષો થાય છે. જેમકે તેઓ આગળ ચાલે અને સાધુ પાછળ જાય તો તેઓના કરેલ ઇર્યા પ્રત્યયનો કર્મબંધ લાગે અને પ્રવચનની લઘુતા થાય તથા તેઓને પોતાની જાતિનો અહંકાર થાય. જો સાધુ આગળ ચાલે તો તેઓને દ્વેષ ઉત્પન્ન થાય, જો દેનાર અભદ્રક હોય તો વસ્તુ



વહેંચીને આપે. તેથી દુષ્કાળ આદિમાં પૂરો આહાર ન મળતા નિર્વાહ ન થાય.

તે જ પ્રમાણે પરિહરણ તે પરિહાર. તે પરિહાર સહિત ચાલે તે પારિહારિક. એટલે પિંડદોષ ત્યાગથી ઉધતવિહારી અર્થાત્ સાધુ. તેના ગુણવાળા સાધુએ પાસત્થા, અવસન્ન, કુશીલ, સંસક્ત, યથાછંદ સાથે ગોચરી ન જવું. તેમની સાથે જતાં અનેષણીય ભિક્ષા ગ્રહણ-અગ્રહણ દોષ લાગે. જેમકે-અનેષણીય લે તો તેઓની પ્રવૃત્તિનો અનુજ્ઞાતા થાય ન લે તો તેમની સાથે અસંખડ આદિ દોષ લાગે. આ દોષો જાણી સાધુ ગૃહસ્થના ઘેર ગૌચરી માટે તેમની સાથે ન પ્રવેશે, ન નીકળે.

તેમની સાથે બીજે જવાનો પણ નિષેધ કરે છે - તે સાધુને બહાર ને સ્થંડિલ [વિચાર] ભૂમિ તથા સ્વાધ્યાય [વિહાર] ભૂમિ જવું હોય તો અન્યતીર્થિક આદિ સાથે દોષનો સંભવ હોવાથી ન જવું. જેમકે - સ્થંડિલ સાથે જતાં પાસુક જળ સ્વચ્છ, અસ્વચ્છ, ઘણું, થોડું હોય તેનાથી શુદ્ધિ કરતા ઉપઘાત સંભવે છે. સાથે સ્વાધ્યાય કરતા તેમને સિદ્ધાંત આલાપક ન રૂચે તો વિકથન કરે. - x - કલેશનો સંભવ થાય માટે તેવા સાથે સાધુએ જવું-આવવું નહીં.

તથા તે સાધુએ ગામ, નગરાદિમાં વિહાર કરતા અન્યતીર્થિક સાથે જતા દોષનો સંભવ હોવાથી ન જવું. કેમકે માત્રુ, સ્થંડિલ રોકતાં આત્મવિરાધના થાય અને વ્યુત્સર્ગમાં પ્રાસુક-અપ્રાસુકના ગ્રહણથી ઉપઘાત અને સંયમ વિરાધના થાય. એ પ્રમાણે ભોજનમાં પણ દોષ સંભવે છે. શિષ્યને કુમાર્ગે દોરે ઇત્યાદિ દોષ લાગે છે.

હવે તેમના દાનનો નિષેધ કરે છે—

**• સૂત્ર-૩૩૯ :-**

***તે સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશીને અન્યતીર્થિક કે ગૃહસ્થને તથા ઉગ્રવિહારી સાધુ શિથિલાચારીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર ન પોતે આપે કે ન બીજા પાસે અપાવે.***

**• વિવેચન :-**

તે સાધુ ગૃહસ્થના ઘેર પ્રવેશેલ હોય કે ઉપાશ્રયમાં રહેલ હોય તો દોષનો સંભવ હોવાથી અન્યતીર્થિ આદિને અશનાદિ પોતે ન આપે કે બીજા ગૃહસ્થ પાસે અપાવે નહીં. કેમકે તેમને આપતા જોઈને લોકો એવું માને કે આ સાધુઓ આવા અન્યદર્શનીની દાક્ષિણ્યતા રાખનારા છે. વળી તેમને ટેકો આપવાથી અસંયમ પ્રવર્તનાદિ દોષો જન્મે છે. પિંડાધિકારથી ‘અનેષણીય’ દોષ સંબંધી નિષેધ કહે છે—

**• સૂત્ર-૩૪૦ :-**

***સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષાને માટે પ્રવેશીને જાણે કે આ અશનાદિ “આ સાધુ નિર્ધન” છે એમ વિચારીને કોઈ એક સાધર્મિક સાધુ માટે પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વનો આરંભ કરીને તૈયાર કર્યો છે, ઉદ્દિષ્ટ છે, ખરીદ્યો છે, ઉધાર લીધો છે, છીનવેલો છે, બધાં સ્વામીની અનુજ્ઞા વિના આપેલ છે, સામો લાવે છે; તો તેવા પ્રકારના અશનાદિ ચાહે તે ગૃહસ્થે બીજા પુરુષને આધિન કરેલ હોય કે પોતે જ આપી રહ્યો હોય, ઘરથી બહાર લાવ્યો હોય કે અંદર***

*હોય, દાતાએ તેને પોતાનો કરીને રાખેલ હોય કે ન રાખેલ હોય, દાતા એ તેનો પરિભોગ કર્યો હોય કે ન કર્યો હોય, તેનું સેવન કર્યું હોય કે ન કર્યું હોય પરંતુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે.*

*આ પ્રમાણે ઘણાં સાધર્મિક સાધુ, એક સાધ્વી, ઘણાં સાધ્વીને ઉદ્દેશીને બનાવેલ હોય, એ પ્રમાણે ચાર આલાપક કહેવા.*

● વિવેચન :-

તે સાધુ ગૃહસ્થને ઘેર ગયેલ હોય તે આવો આહાર ગ્રહણ ન કરે :- ''જેની પાસે સ્વ-દ્રવ્ય નથી તે અસ્વ-નિર્ગ્રન્થ છે'' એવા નિર્ગ્રન્થને કોઈ ભદ્રક ગૃહસ્થ જોઈને વિચારે કે - આ એક સાધુને ઉદ્દેશીને પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વનો સંરંભ-સમારંભ-આરંભ કરીને વહોરાવીશ. સંરંભ આદિનું સ્વરૂપ-સંકલ્પ કરવો તે સંરંભ, પરિતાપ કરનારો સમારંભ ઉપદ્રવ કરીને કરાય તે આરંભ.

આ પ્રમાણે સમારંભાદિ આચરીને આધાકર્મ કરે તે. એનાથી બધી અશુદ્ધ કોટિ લીધી. क्रीत – મૂલ્ય આપીને લેવું, पामिच्च – ઉછીનું લેવું, બળપૂર્વક છીનવવું, બધાં માલિકની સંમતિ વિનાનું હોય, ગૃહસ્થે લાવેલું. આવું વેચાતું વગેરે લાવીને આપે. આના દ્વારા સમસ્ત વિશુદ્ધિ કોટિ લીધી. તે આહાર ચારે પ્રકારનો હોય, આધાકર્માદિ દોષથી દોષિત હોય, તે જો ગૃહસ્થ આપે, તે બીજાએ કરેલું પોતે આપે કે પોતે જાતે કરીને આપે. ઘેરથી નીકળેલ કે ન નીકળેલ હોય. તે જ દાતાએ સ્વીકારેલ કે ન સ્વીકારેલ હોય. દાતાએ તે બહુ ખાધુ હોય કે ન ખાધું હોય અથવા થોડું ચાખ્યું હોય કે ન ચાખ્યું હોય.

આવું બધું હોય છતાં જો તે અપ્રાસુક અનેષણીય માલુમ પડે તો મળે છતાં ન લેવું. આ પહેલાં અને છેલ્લા તીર્થંકરના સાધુઓને અકલ્પનીય છે, પણ ૨૨-તીર્થંકરોના સાધુઓમાં જેને ઉદ્દેશીને કર્યું હોય તેને ન કલ્પે, બીજાને કલ્પે. આ પ્રમાણે ઘણાં સાધુને ઉદ્દેશીને બનાવેલું લેવું ન કલ્પે. એ પ્રમાણે સાધ્વી તથા સાધ્વીઓમાં જાણવું.

હવે બીજા પ્રકારે અવિશુદ્ધ કોટિને આશ્રીને કહે છે—

● સૂત્ર-૩૪૧ :-

*તે સાધુ-સાધ્વી યાવત્ જે આહારના વિષયમાં એમ જાણે કે આ અશનાદિ ઘણાં જ શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ કે વનીપક માટે ગણી ગણીને તેમને ઉદ્દેશીને પ્રાણી આદિ જીવોનો સમારંભ કરીને બનાવેલ છે - યાવત્ - સાધુ તે ગ્રહણ ન કરે.*

● વિવેચન :-

તે ભાવસાધુ ગૃહસ્થને ઘેર ગયેલ હોય ત્યાં અશનાદિ વિશે જાણે કે તે ઘણાં નિર્ગ્રન્થ-શાક્ય-તાપસ-ગૈરિક-આજીવિકરૂપ શ્રમણ, બ્રાહ્મણ, ભોજનના સમય પહેલાં જે મુસાફર આવે તે અતિથિ, કૃપણ-દરિદ્ર, વનીપક-ભાટ આદિને ઉદ્દેશીને બનાવેલ હોય એટલે બે-ત્રણ શ્રમણ, પાંચ-છ બ્રાહ્મણ એમ સંખ્યા ગણીને પ્રાણી આદિનો સમારંભ કરીને જે અશનાદિ તૈયાર કરેલ હોય તેને - x - અપ્રાસુક, અનેષણીય, આધાકર્મી જાણી મળવા છતાં પણ ન લે. હવે વિશોધિ કોટિ કહે છે—



● સૂત્ર-૩૪૨ :-

*સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશીને જાણે કે તે અશનાદિ ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને ઉદ્દેશીને યાવત્ બનાવેલ છે. તે અશનાદિ બીજા પુરુષને સોંપેલ ન હોય, બહાર કાઢેલ ન હોય, નિશ્રામાં લીધેલ ન હોય, ભોગવેલ ન હોય, સેવેલ ન હોય; તો તેવું અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે. પણ એમ જાણે કે પુરુષાંતરકૃત્ છે, બહાર લાવેલ છે. દાતાએ સ્વીકારેલ છે, પોતે વાપર્યો-ભોગવ્યો-સેવ્યો છે, તો તેને પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે.*

● વિવેચન :-

તે સાધુ જાણે કે આ ભોજન ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, વણીપક, કૃપણને ઉદ્દેશીને બનાવેલું છે અને કોઈ ગૃહસ્થ પ્રાણાદિનો સમારંભ કરી લાવીને આપે, તે તેવા પ્રકારનું ભોજન તે જ પુરુષે પોતાના કબ્જામાં રાખેલું, બહાર ન કાઢેલું, ખાધા વિનાનું, સેવન ન કરેલું, અપ્રાસુક અને અનેષણીય આપતો હોય તો તે જાણીને મળવા છતાં સાધુ ન લે.

હવે તેનાથી ઉલટું સૂત્ર કહે છે - અહીં 'अथ' શબ્દ પૂર્વની અપેક્ષાએ અને પુનઃ શબ્દ વિશેષણાર્થે છે - પણ તે ભિક્ષુ એમ જાણે કે તે ભોજન બીજા માટે કરેલું છે, બહાર લાવેલ, પોતાનું કરેલ, તેણે ખાધું છે, વાપર્યું છે, પ્રાસુક છે, એષણીય છે; એમ જાણીને મળે તો લે. અર્થાત્ અવિશોધિકોટીવાળું ન કલ્પે, વિશોધિકોટિવાળું પુરુષાન્તર કૃત્ અને પોતાનું કરેલ હોય તો કલ્પે. વિશોધિકોટિનો અધિકાર કહે છે—

● સૂત્ર-૩૪૩ :-

*જે સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર આહારને માટે પ્રવેશ કરવાની ઇચ્છાવાળા હોય તે એમ જાણે કે - આ કુલો [ઘરો] માં નિત્ય પિંડ અપાય છે, અગ્રપિંડ દેવાય છે, નિયત ભાગ દેવાય છે, અપાર્ધભાગ દેવાય છે તે પ્રકારના કુળોમાં નિત્ય દાન અપાય છે - ઘણા ભિક્ષુઓ આવે છે; એવા કુળોમાં આહારપાણીને માટે પ્રવેશ કે નિર્ગમન ન કરે.*

*આ ખરેખર સાધુ-સાધ્વીઓનો આચાર છે કે તે બધી વસ્તુઓમાં સમભાવી થઈ જ્ઞાનાદિની રક્ષા કરતા સંયમમાં યત્ન કરે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં જવાની ઇચ્છાવાળો આવા કુળોને જાણે-જેમકે-આ કુળોમાં નિત્ય પિંડ-પોષ અપાય છે. અગ્રપિંડ એટલે શાલિ-ઓદનાદિ પહેલા કાઢીને ભિક્ષા માટે અપાય છે તે અગ્રભિક્ષા. નિત્ય-ભાગ ભોજનનો અર્ધભાગ, ચોથો ભાગ અપાય છે તેવા પ્રકારના કુળો નિત્યદાન દેવાથી સ્વપક્ષ-પરપક્ષના સાધુઓનો નિત્ય પ્રવેશ હોય છે, તેનો ભાવાર્થ એ છે કે - સંયત વર્ગ અને બીજો ભિક્ષાચર વર્ગ, તે

બધાં ભિક્ષા માટે જતા હોય, તે બધાને દાન આપવા છકાયની વિરાધના કરી ભોજન તૈયાર કર્યું હોય; જો થોડું રાંધે તો બધાને અંતરાય થાય, માટે વધુ રાંધે. તેથી આવા સ્થાનમાં સાધુ ગોચરીને માટે ન જાય.

ઉપસંહાર કરતા કહે છે કે - આરંભથી જે કંઈ કહ્યું, તે ભિક્ષુને સમગ્ર જે ઉદ્‌ગમ, ઉત્પાદન, ગ્રહણએષણા, સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ કારણો વડે સમજીને સુપરિશુદ્ધ પિંડ સાધુઓએ લેવો. તે જ્ઞાનાચાર સમગ્રતા દર્શન, ચારિત્ર, તપ અને વીર્યાચાર સંપન્નતા છે અથવા સૂત્રમાં કહ્યા મુજબ જે સરસ, વિરસ આહાર મળે અથવા રૂપ, રસ, ગંધ, સ્પર્શ વડે સાધુ સમિત રહે અર્થાત્ પાંચ સમિતિથી સમિત થઈ શુભ-અશુભમાં રાગદ્વેષ રહિત બને. આવો સાધુ હિત સાધવાથી સહિત છે અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રથી સહિત છે. તે સંયમયુક્ત થાય.

આ પ્રમાણે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું કે, મેં ભગવંત પાસે સાંભળ્યું તે તમને કહું છું, સ્વેચ્છાથી નહીં. બાકી પૂર્વવત્.

**ચૂલિકા-૧ અધ્યયન-૧ પિંડ-એષણાના ઉદ્દેશક-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૨ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૧માં પિંડનું સ્વરૂપ બતાવ્યું, અહીં તેની વિશુદ્ધકોટિ કહે છે.

● સૂત્ર-૩૪૪ :-

***તે સાધુ કે સાધ્વી આહાર અર્થે ગૃહસ્થને ઘેર પ્રવેશીને અશનાદિના વિષયમાં એમ જાણે કે આઠમના પૌષધના સંબંધમાં, પાક્ષિક-માસિક-દ્વિમાસિક-ત્રિમાસિક-ચાતુર્માસિક-પંચમાસિક-છમાસિક ઉપવાસના પારણાના સંબંધમાં, ઋતુ-ઋતુસંધી-ઋતુ પરિવર્તનના ઉપલક્ષ્યમાં [ચૂર્ણિકારના મતે નદી આદિના ઉપલક્ષ્યમાં] બનાવેલ છે અને અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને એક વાસણમાંથી, બે કે ત્રણ વાસણમાંથી કાઢીને અપાય છે, કુંભીના મુખમાંથી કે ગોળીમાંથી સંચિત કરેલ ગોરસાદિ પદાર્થો અપાય છે; તેવા પ્રકારના અશનાદિ પુરુષાંતરકૃત્ થયા નથી યાવત્ આસેવિત થયા નથી તો અપ્રાસુક, અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.***

***જો પુરુષાંતરકૃત્ કે આસેવિત થયા જાણે તો પ્રાસુક જાણી લે.***

● વિવેચન :-

તે ભાવભિક્ષુ આવા પ્રકારનો આહાર છે તેમ જાણે, જેમકે - આઠમનો પૌષધોપવાસ તે અષ્ટમી પૌષધ ઉત્સવ તથા પાક્ષિકાદિથી ઋતુ પર્યન્તનો અને ઋતુ પરિવર્તનનો ઉત્સવ જાણે - જેમાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ આદિને એક ‘પિઠરક’-વાસણમાંથી ભાત વગેરે અપાતા આહારને ખાતાં દેખીને કે બે, ત્રણ વાસણથી અપાતું



જાણે. આ વાસણ સાંકડા મુખની કુંભી હોય, દેઘડો હોય તેમાંથી અપાય. ‘સંનિધિ’ ગોરસ આદિ, ‘સંચય’-ઘૃત-ગુડાદિ. આવો પિંડ અપાતો જાણીને પુરુષાંતર કૃતાદિ ન હોય તો અપ્રાસુક, અનેષણીય જાણીને મળતું હોય તો પણ ગ્રહણ ન કરે - પરંતુ - જો તેને પુરુષાંતરકૃત્ આદિ વિશેષણયુક્ત જાણે તો તે આહાર ગ્રહણ કરે.

હવે જે કુળોમાં ગૌચરી જવું કલ્પે તેનો અધિકાર કહે છે—

● સૂત્ર-૩૪૫ :-

***તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્યકુળ, ક્ષત્રિય કુલ, ઇક્ષ્વાકુકુલ, હરિવંશકુળ, ગોપકુળ, વૈશ્યકુળ, ગંડકકુલ, કોટ્ટણકુલ, ગ્રામ રક્ષકકુલ, બુક્કસકુળ કે તેવા પ્રકારના બીજા અતિરસ્કૃત્ અનિંદિત કુળોમાં અશનાદિ આહાર છે, તેને પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે.***

● વિવેચન :-

તે ભિક્ષુ ભિક્ષાને માટે જવા ઇચ્છે તો આવા કુળો જાણીને પ્રવેશ કરે. જેમકે-ઉગ્ર એટલે આરક્ષક, ભોગ એટલે રાજાને પૂજવા યોગ્ય, રાજન્ય એટલે મિત્રસ્થાનીય, ક્ષત્રિય-રાષ્ટ્રકૂટાદિ, ઇક્ષ્વાકુ-ઋષભસ્વામીના વંશજ, હરિવંશ-અરિષ્ઠનેમિવંશ સ્થાનીય, એસિઅ-ગોષ્ઠ, વૈશ્ય-વણિજ, ગંડક-નાપિત, જે કામમાં ઉદ્‌ઘોષણાનું કામ કરે છે, કોટ્ટાગ-સુતાર, બુક્કસ-વણકર. તેવા કુલોમાં ગૌચરી જવું કે જ્યાં જવાથી લોકોમાં નિંદા ન થાય. વિવિધ દેશના શિષ્યોને સુખેથી સમજાય તે માટે પર્યાયાન્તરથી આ નામો કહ્યા છે.

ન નિંદવા યોગ્ય કુળોમાં ગૌચરી જાય એટલે ચર્મકાર કુલ, દાસી આદિ કુલમાં ગૌચરી ન જાય, પણ તેથી ઉલટું સારા કુળોમાં જ્યાં ગૌચરી પ્રાસુક અને એષણીય મળે તો ગ્રહણ કરે - તથા -

● સૂત્ર-૩૪૬ :-

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અશનાદિ માટે અહીં ઘણા લોકો એકઠા થયેલ છે, પિતૃ ભોજન છે કે ઇન્દ્ર-સ્કંદ-રુદ્ર-મુકુંદ-ભૂત-યક્ષ-નાગ-સ્તૂપ-ચૈત્ય-વૃક્ષ-પર્વત-ગુફા-કૂવા-તળાવ-દ્રહ-નદી-સરોવર-સાગર-આગર કે તેવા અન્ય પ્રકારના વિવિધ મહોત્સવ થઈ રહ્યા છે તેમાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકોને એક વાસણ કે બે વાસણ આદિમાંથી કાઢીને ભોજન પીરસાઈ રહ્યું છે.***

***તે જોઈને તે અશનાદિ પુરુષાંતર કૃત્ નથી તેમ જાણીને યાવત્ ગ્રહણ ન કરે. પરંતુ જો એમ જાણે કે જેમને આપવાનું હતું તે અપાઈ ગયું છે હવે તેમને ભોજન કરતા જોઈને અને ગૃહસ્થ પત્ની-બહેન-પુત્ર-પુત્રી-પુત્રવધૂ-ધાત્રી-દાસ-દાસી-નોકર કે નોકરાણી તે આહારને ભોગવી રહ્યા છે તો તેમને કહે કે, હે આયુષ્મતી બહેન ! મને આ ભોજનમાંથી કંઈ આપશો ? સાધુ આમ કહે ત્યારે કોઈ અશનાદિ લાવીને આપે, તેવા અશનાદિ સાધુની યાચનાથી કે યાચના વિના આપે તો ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ આ પ્રકારનો આહારાદિ જાણે, તે પુરુષાંતર કૃત્ નથી આદિ વિશેષણયુક્ત અપ્રાસુક અનેષણીય જાણી ગ્રહણ ન કરે તે સંબંધ છે.

તેમાં સમવાય-મેળો, પિતૃપિંડ-મૃત ભોજન, ઇન્દ્રોત્સવ, કાર્તિકસ્વામી મહોત્સવ, - x - રુદ્રાદિ પૂજા - x - આવા વિવિધ મહોત્સવમાં જે કોઈ શ્રમણ, બ્રાહ્મણ આદિને આપવા ભોજન બનાવી અપાય છે, તેવું જાણી અપુરુષાંતરકૃતાદિ જાણી અપુરુષાંતરકૃતાદિ વિશેષણ વિશિષ્ટ આહારાદિ જાણી ગ્રહણ ન કરે. જો તે દાન બધાંને ન દેવાતું હોય, તો પણ ત્યાં ઘણા માણસો એકઠાં થયા હોય તો આવી સંખડીમાં પ્રવેશે નહીં. આ જ વાત કહે છે—

પરંતુ જો એવો આહાર જાણે કે જે શ્રમણાદિને આપવાનો હોય તેને અપાયો છે, ગૃહસ્થલોકોને ત્યાં ખાતાં જુએ, તો આહાર માટે ત્યાં જાય, તે ગૃહસ્થોના નામ જણાવતા કહે છે - ગૃહપતિની પત્ની આદિને પૂર્વે ખાતાં જુએ કે માલિકને જુએ તો તેમને ઉદ્દેશીને કહે, હે આયુષ્યમતિ ! ઇત્યાદિ મને જે કંઈ ભોજન તૈયાર હોય તે આપ. - x - ગૃહસ્થ લાવીને આપે. ત્યાં જનસમૂહ એકઠો થવાથી કે બીજા કારણથી સાધુ પોતાની મેળે યાચે કે યાચ્યા વિના ગૃહસ્થ આપે. તે પ્રાસુક, એષણીય જાણી લે. હવે અન્ય ગામની ચિંતાને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૪૭ :-**

***સાધુ કે સાધ્વી અડધા યોજન જેટલું દૂર સંખડી [જમણવાર] છે તેમ જાણે તો સંખડી નિષ્પન્ન આહાર લેવા જવાનો વિચાર ન કરે.***

***સાધુ-સાધ્વી પૂર્વ દિશામાં સંખડી છે તેમ જાણીને તેનો અનાદર કરી પશ્ચિમમાં જાય, પશ્ચિમમાં સંખડી જાણે તો પૂર્વ દિશામાં જાય. દક્ષિણમાં સંખડી જાણી ઉત્તરમાં જાય, ઉત્તરમાં જાણે તો દક્ષિણમાં આહાર માટે જાય.***

***તે સંખડી જ્યાં હોય - જે ગામ, નગર, ખેટ, કર્બટ, મડંબ, પટ્ટણ, આગર, દ્રોણમુહ, નૈગમ, આશ્રમ, સંનિવેશ યાવત્ રાજધાનીમાં સંખડી [જમણવાર] હોય; ત્યાં જવાનો વિચાર પણ ન કરે. કેવળી ભગવંતે કહ્યું છે કે, આ કર્મબંધનું કારણ છે. જો સાધુ સંખડીમાં જવાના વિચારથી જાય તો તેને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, ક્રીતકૃત, પ્રામીત્ય, આચ્છેદ્ય, અનિસૃષ્ટ કે આહૃત આહાર સેવન કરવો પડે. કેમકે—***

***ગૃહસ્થો ભિક્ષુની સંખડીમાં આવવાની શક્યતાથી નાનામાંથી મોટા કે મોટામાંથી નાના દ્વાર બનાવશે. વિષમ સ્થાનને સમ કે સમ સ્થાનને વિષમ બનાવશે. હવાવાળા સ્થાનને નિર્વાત કે નિર્વાતને વાયુવાળા કરશે. ઉપાશ્રયની અંદર અને બહાર વનસ્પતિને કાપી-કાપી, છેદી-છેદીને તે સ્થાનમાં સંસ્તારક બિછાવશે. એ પ્રમાણે સાધુને અનેક દોષ લાગશે.***

***તેથી સંયમી નિર્ગ્રન્થ આ પ્રકારની પૂર્વ કે પશ્ચાત્ સંખડીમાં જવાની ઇચ્છા ન કરે. આ સાધુ-સાધ્વીનો આચાર છે યાવત્ તેમ હું કહું છું.***



● **વિવેચન :-**

તે ભિક્ષુ પ્રકર્ષથી અર્ધયોજન સુધીના ક્ષેત્રમાં જ્યાં પ્રાણીની વિરાધના થતી હોય તેવી સંખડી-અર્થાત્ જમણવારમાં જવાનો વિચાર ન કરે. જો ગામમાં અનુક્રમે ગૌચરી જતાં ત્યાં સંખડી છે તે જાણે તો શું કરે ?

તે ભિક્ષુ પૂર્વ દિશામાં સંખડી જાણે તો પશ્ચિમમાં ગોચરી જાય *[ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ]*. અર્થાત્ સંખડીનો અનાદર કરે. એટલે કે જ્યાં સંખડી હોય ત્યાં ન જાય. સંખડી ક્યાં ક્યાં હોય તે કહે છે - જેમકે -

ગામ-જ્યાં ઇન્દ્રિયોની પુષ્ટિ થાય કે જ્યાં કર લાગે તે. નગર-જ્યાં કર ન હોય તે. ખેટ-ધૂળીયા કિલ્લાયુક્ત. કર્બટ-કુનગર. મડંબ-અર્ધ યોજનમાં રહેલ ગામ. પત્તન-પાટણ આકર-ખાણ, દ્રોણમુખ-બંદર, નિગમ-વ્યાપારનું સ્થાન, આશ્રમ, રાજધાની-જ્યાં રાજા પોતે રહે, સંનિવેશ. આ સ્થાનોમાં સંખડી જાણીને સંખડીના હેતુથી આહારાર્થે જવું નહીં કેમકે કેવલીએ તેને કર્મ-ઉપાદાન કારણ કહ્યું છે. પાઠાંતરથી આદાનને બદલે 'આયતન' શબ્દ છે - એટલે કે - સંખડીમાં જવું તે દોષોનું સ્થાન છે. જે-જે સંખડીને ઉદ્દેશીને પોતે જાય, તો તે સ્થાને આમાંનો કોઈપણ દોષ લાગે છે—

આધાકર્મ, ઔદ્દેશિક, મિશ્ર, ક્રીત, ઉદ્ધતક, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત આમાંથી કોઈપણ દોષથી દોષિત ભોજન વાપરે, કેમકે જમણ કરનારો એવું ધારે છે કે, આવનાર સાધુને મારે કોઈપણ બહાને આપવું, એમ વિચારી આધાકર્માદિ દોષવાળું ભોજન બનાવે અથવા જે સાધુ લોલુપી થઈને જમણની બુદ્ધિએ ત્યાં જાય, તે આધાકર્મી ભોજન વાપરે છે. વળી સંખડી નિમિત્તે આવેલ સાધુ માટે વસતિ કેવી કરે ?

અસંયત-ગૃહસ્થ, તે શ્રાવક પ્રકૃતિભદ્રક હોય, તે સાધુને આવતા જાણીને તેમના નિમિત્તે સાંકડા દ્વારને મોટા કે મોટા દ્વારને સાંકડા કરાવે. સમ જગ્યાને સાગારિક આવવાના ભયથી વિષમ કરાવે, વિષમ હોય તે સાધુના સમાધાન માટે સમ બનાવે. શીતના ભયે હવાવાળા સ્થાનને નિર્વાત કરાવે, ઉનાળો હોય તો હવા રહિત સ્થાનને હવાવાળું બનાવે. ઉપાશ્રયના ચોકમાં લીલું ઘાસ છેદી-છેદી, ઉખેડી-ઉખેડીને ઉપાશ્રય રહેવા યોગ્ય બનાવે અથવા સુવાની જગ્યા સુધરાવે.

ગૃહસ્થ માને કે આ કાર્યને પોતાનું કર્તવ્ય માને. કેમકે સાધુ તો અકિંચન છે. વળી ગૃહસ્થ ન કરે તો સાધુ પોતે કરી લે. તેથી અનેક દોષ દુષ્ટ સંખડીને જાણીને નામકરણ કે લગ્નાદિ પુરઃસંખડી અને મૃતભોજનરૂપ પશ્ચાત્ સંખડી જાણીને સાધુ ન જાય. પરંતુ ગૃહસ્થે જગ્યા સુધારી રાખી હોય, જમણવારી પુરી થઈ હોય પછી વધેલો આહાર યાચીશું એવી બુદ્ધિથી સાધુ જાય.

એ રીતે સંખડીના જમણને ઉદ્દેશીને તેવા સ્થાને સાધુ વિહાર ન કરે. આ જ સાધુની સંપૂર્ણ સંયમશુદ્ધિ છે કે સંખડીનું સર્વથા વર્જન કરે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૩ 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૨-માં દોષનો સંભવ હોવાથી સંખડીમાં જવાનો નિષેધ કર્યો. હવે બીજા પ્રકારે તેમાં જવાના દોષોને બતાવે છે.

● સૂત્ર-૩૪૮ :-

***કદાચિત્ સાધુ કોઈ સંખડી [જમણવાર]માં જાય. ત્યાં અધિક ખાય કે પીએ. તેનાથી તે સાધુને દસ્ત કે વમન થાય, ભોજનનું બરાબર પરિણમન ન થાય અને વિશુચિકા આદિ રોગ કે શૂલાદિ આતંક ઉત્પન્ન થાય. માટે કેવલી ભગવંતે સંખડીને આતંકનું કારણ કહ્યું છે.***

● વિવેચન :-

તે ભિક્ષુ કોઈ વખત એકચર હોય, તે પુરઃ કે પશ્ચાત્ સંખડી-ભોજન ખાઈને તથા શીખંડ, દૂધ આદિ અતિ લોલુપતાથી રસગૃદ્ધિપૂર્વક ઘણાં ખાય તો ઝાડા કે ઉલટી થઈ શકે. અથવા અજીર્ણથી કોઢ આદિ કે જીવ લઈ લેનાર આતંક, શૂળ આદિ રોગ થાય. તેથી સર્વજ્ઞ ભગવંત કહે છે કે, સંખડીનું જમણ કર્મોપાદાન છે. આ આદાન કઈ રીતે થાય છે તે કહે છે—

● સૂત્ર-૩૪૯ :-

***સંખડીમાં જવાથી ગૃહસ્થ કે ગૃહસ્થ પત્ની, પરિવ્રાજક કે પરિવ્રાજિકા સાથે એક સ્થાને ભેગા થઈ નશીલા પીણા પીને, તે બહાર નીકળી ઉપાશ્રય શોધશે. ઉપાશ્રય ન મળતા તે ગૃહસ્થાદિ સાથે જ હળીમળીને રહી જશે. તેઓ અન્યમનસ્ક થઈ મત્ત બની પોતાને ભૂલી જશે. સાધુ પણ પોતાને ભૂલીને સ્ત્રી કે નપુંસક પર આસક્ત થઈ જશે. અથવા સ્ત્રી કે નપુંસક આસક્ત થઈને કહે છે કે, હે શ્રમણ ! આપણે બગીચા કે ઉપાશ્રયમાં રાત્રે કે સંધ્યાકાળે એકાંતમાં ભોગ ભોગવીશું. તે એકલો સાધુ તેમની ભોગ પ્રાર્થના સ્વીકારી પણ લે. આ બધું અકરણીય છે, તે જાણીને સંખડીમાં ન જાય. ત્યાં જવાથી કર્મબંધ થાય છે. તેથી સંયત નિર્ગ્રન્થ તેવી પૂર્વ કે પશ્ચાત્ સંખડીમાં જવાનું ન વિચારે.***

● વિવેચન :-

આ સંખડી સ્થાનમાં આવા અપાયો થાય છે. પરલોકમાં દુર્ગતિ ગમનાદિ થાય. તે ભિક્ષુ ગૃહપતિ, ગૃહપતિની સ્ત્રી, પરિવ્રાજક, પરિવ્રાજિકા સાથે એકચિત્ત થઈ તેમની સાથે લોલુપતાથી નશાકારક પીણું પીએ, નસો ચડતાં રહેવાનું સ્થાન યાચે, પણ જો ન મળે તો સંખડી સ્થાન નજીક ગૃહસ્થ કે પરિવ્રાજિકા સાથે એકમેક થઈ રહે. અન્યમન થઈ ઉન્મત્ત બનેલો ગૃહસ્થાદિ પોતાને ભૂલે અથવા સાધુ જાતને ભૂલી જાય અને પોતાને ગૃહસ્થ જ માની બેસે.

તે સ્ત્રી શરીર કે નપુંસકમાં મોહિત થાય. અથવા સ્ત્રી કે નપુંસક આવીને તે શ્રમણ સાથે એકાંત માટે પ્રાર્થના કરે. બગીચા કે ઉપાશ્રયમાં રાત્રે કે સંધ્યાકાળે



આવવા કહે. પોતાની ઇચ્છાને અનુસરવા કહે. પછી ગામની સીમમાં કે એકાંતમાં સ્ત્રીસંગ કે કુચેષ્ટા માટે વિજ્ઞપ્તિ કરે અને દુરાચારથી ભ્રષ્ટ થવા વખત આવે. માટે સંખડીમાં જવું અયોગ્ય છે માનીને સંખડીમાં ન જવું.

આ સંખડી કર્મ ઉપાદાનનું કારણ છે, તેમાં પ્રતિક્ષણે કર્મો એકઠા થાય છે, બીજા પણ કર્મબંધના કારણો ઉદ્ભવે છે. વળી ત્યાં પરલોક સંબંધી દુર્ગતિના પ્રત્યાપાયો પણ છે. માટે તેવી પુરઃ કે પશ્ચાત્ સંખડીમાં સાધુએ આહારાર્થે જવા ન વિચારવું.

● સૂત્ર-૩૫૦ :-

***તે સાધુ કે સાધ્વી કોઈ પ્રકારની સંખડી [જમણવાર] સાંભળીને, લક્ષ્યમાં રાખી ઉત્કંઠિત ચિત્તવાળા થઈને તે તરફ જલ્દીથી જશે અને વિચારશે કે નક્કી ત્યાં સંખડી છે. તે ભિન્ન ભિન્ન કુલોમાંથી સામુદાયિક ભિક્ષા લાવીને આહાર કરવાનો પરિશ્રમ નહીં કરે, પણ સંખડીનો સદોષ આહાર લાવીને કરશે. તે માયા સ્થાન સ્પર્શશે. સાધુએ આવું ન કરવું જોઈએ. પણ ભિક્ષા કાળે ઘણાં ઘરોથી દોષરહિત ભિક્ષા લાવીને [સાધુએ] આહાર કરવો જોઈએ.***

● વિવેચન :-

તે ભિક્ષુ આગળ કે પાછળની કોઈપણ સંખડી બીજા પાસેથી કે જાતે સાંભળીને નિશ્ચય કરે કે ત્યાં અવશ્ય જમણ છે, તો ત્યાં ઉત્સુક બની અવશ્ય દોડે કે મને અદ્ભૂત ભોજન મળશે. તો ત્યાં ગયા પછી જુદા જુદા ઘરોથી સામુદાનીય એષણીય-આધાકર્માદિ દોષરહિત અને વેસિય - રજોહરણાદિ વેશ માત્રથી ઉપલબ્ધ ઉત્પાદનાદિ દોષરહિત એવો આહાર ગ્રહણ કરવાનું તેનાથી શક્ય નહીં બને.

તે ત્યાં માયા-કપટ પણ કરે. કેવી રીતે ? જુદા જુદા ઘેર ગૌચરી લેવાની પ્રતિજ્ઞા કરીને જાય પણ પૂર્વે કહ્યા મુજબ તેમ કરશે નહીં, તે સંખડીમાં જ જશે. [તેથી કહે છે-] સાધુ આલોક પરલોકના અપાય ભયને જાણીને સંખડી તરફ ન જાય. તે ભિક્ષુ કાળે સંખડીમાં જાય તો પણ જુદાજુદા સમયે જુદા જુદા ઘરોમાં જઈને સામુદાયિક પ્રાસુક આહાર-પાણી વેશમાત્રથી મળે તે ધાત્રિપિંડાદિ દોષરહિત આચાર ગ્રહણ કરી આહાર કરે. સંખડીને આશ્રીને વિશેષ કહે છે—

● સૂત્ર-૩૫૧ :-

***તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ગામ યાવત્ રાજધાનીમાં સંખડી-જમણવાર થશે, તો તે ગામ યાવત્ રાજધાનીમાં સંખડીમાં સંખડી લેવાનો વિચાર પણ ન કરે. કેવલી ભગવંતે કહ્યું છે કે, એમ કરવાથી કર્મબંધન થાય. તે જમણવારમાં ઘણી ભીડ થશે કે થોડા માટે ભોજન બનાવવા પર ઘણાં લોકો પહોંચી જશે તો ત્યાં પગથી પગ ટકરાશે, હાથથી હાથ-મસ્તકથી મસ્તકનું સંઘટ્ટન થશે. કાયાથી કાયાને વિક્ષોભ થાય, બીજા લોકો પણ સાધુને દંડથી, હાડકાથી, મુટ્ઠીથી, ઢેફાથી, ઠીકરાથી પ્રહાર પણ કરે, તેમના પર સચિત્ત પાણી ફેંકે, ધૂળ વડે ઢાંકી દે, વળી તેને અનેષણીય જમવું પડે, બીજાને દેવાનું***

*વચ્ચેથી લેવું પડે. તેથી તે સંયમી નિર્ગ્રન્થ તે પ્રકારના જનાકીર્ણ કે હીન સંખડીમાં જવાનો વિચાર જ ન કરે.*

● **વિવેચન :-**

વળી તે ભિક્ષુ જો જાણે કે ગામ, નગર યાવત્ રાજધાનીમાં સંખડી થવાની છે. ત્યાં ચરક આદિ બીજા ભિક્ષાચરો હશે. તો ત્યાં સંખડીની બુદ્ધિએ સાધુ ન જાય. ત્યાં જવાથી લાગતા દોષો સૂત્રમાં કહે છે.

કેવલી ભગવંત કહે છે આ કર્મ ઉપાદાન છે - તે બતાવતા કહે છે - સંખડી ચરક આદિથી વ્યાપ્ત હશે. ૧૦૦ની રસોઈ હોય ત્યાં ૫૦૦ ભેગા થયા હશે. ત્યાં થોડી રસોઈને લીધે આવા દોષો થાય - પગ વડે બીજાનો પગ લાગશે. પાત્ર સાથે પાત્ર ભટકાશે. હાથથી હાથ અથડાશે. માથા સાથે માથું ટકરાશે. કાયા સાથે ચરક આદિની કાયા અથડાશે. તે વખતે ધક્કો વાગતા તે ચરક આદિ કોપતા ઝઘડો કરશે. પછી—

લાકડી, કેરીના ગોટલા, મુક્કા, માટીના ઢેફા, ઠીકરા આદિથી સાધુને ઘાયલ કરશે કે ઠંડા પાણીથી સિંચશે, ધૂળથી કપડાં બગાડશે. આ તો સંકડાશથી થતાં દોષો કહ્યા. ઓછી રસોઈને લીધે અનેષણીય આહારનો ભોગ થશે. કેમકે રાંધેલું થોડું અને ખાનાર વધુ છે. ત્યારે ગૃહપતિ પોતાનું નામ સાંભળીને ભિક્ષુને આવેલા ધારી તેમના માટે બીજી રસોઈ બનાવી આપશે. તેથી અનેષણીય પરિભોગ થશે.

અથવા દાતા બીજાને દેવા ઇચ્છતા હોય, તેની વચ્ચે સાધુ આવે તેનાથી તેઓને ન ગમે. આવા દોષો જાણીને સંયત નિર્ગ્રન્થ આવી સંખડીમાં - x - x - સંખડીની બુદ્ધિએ ન જાય. હવે સામાન્યથી પિંડની શંકાને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૫૨ :-**

*તે ભિક્ષુ યાવત્ એમ જાણે કે આ અશનાદિ નિર્દોષ છે કે સદોષ ? તેનું ચિત્ત આશંકાથી યુક્ત થાય, તેની ચિત્તવૃત્તિ અશુદ્ધ આહાર લેવાની થાય, તો એવો આહાર મળે તો પણ ન લે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુને ગૃહસ્થના ઘેર જઈ એષણીય આહારમાં પણ શંકા થાય. જેમકે- વિચિકિત્સા, જુગુપ્સા કે અનેષણીય છે તેવી શંકા. અથવા આ આહાર ઉદ્‌ગમ આદિ દોષયુક્ત છે એવી તેને લેશ્યાચિત્ત આશંકા થાય તો - x - x - તેવો આહાર મળવા છતાં ન લે. ‘‘જ્યાં શંકા થાય ત્યાં ન લેવું’’ એ વચનાનુસાર ગ્રહણ ન કરે.

હવે ગચ્છમાંથી નીકળેલા સાધુને આશ્રીને સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૫૩ :-**

*તે સાધુ કે સાધ્વી પોતાના બધાં ધર્મોપકરણ સાથે લઈને—*

*(૧) આહાર પ્રાપ્તિના ઉદ્દેશથી ગૃહસ્થના ઘેર પ્રવેશ કરે કે નીકળે.*

*(૨) બહાર વિહારભૂમિ કે વિચારભૂમિમાં પ્રવેશ કરે કે નીકળે.*

*(૩) એક ગામથી બીજે ગામ વિચરણ કરે.*





● **વિવેચન :-**

તે જિનકલ્પિકાદિ મુનિ ભિક્ષુગચ્છમાંથી નીકળી ગૃહસ્થને ઘેર ગૌચરી માટે જાય, તો પોતાના બધાં ધર્મોપકરણ સાથે લઈને તેના ઘરમાં પ્રવેશે કે નીકળે. તેના ઉપકરણ અનેક પ્રકારે છે.

તે જિનકલ્પી બે પ્રકારે છે - છિદ્રપાણિ, અછિદ્રપાણિ, અછિદ્રપાણિ મુનિને શક્તિ મુજબ અભિગ્રહ વિશેષથી રજોહરણ અને મુહપતિ એ બે જ ઉપકરણ હોય, કોઈને શરીર રક્ષણ માટે એક સુતરાઉ વસ્ત્રસહિત ત્રણ ઉપકરણ હોય. જો વધુ ઠંડીના કારણે ઉનનું વસ્ત્ર રાખે તો ચાર ઉપકરણ થાય. તેથી પણ ઠંડી સહન ન થાય તો બીજુ સુતરાઉ વસ્ત્ર રાખતા પાંચ ઉપકરણ થાય. છિદ્રપાણી જિનકલ્પીને તો સાત પ્રકારના પાત્ર નિર્યોગથી - બાર પ્રકારની ઉપધિ થાય. તેમાં પાત્ર, પાત્રબંધ, પાત્રસ્થાપન, પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છા.

બીજે ક્યાંય જતા બધાં ઉપકરણ લઈને જવું તે કહે છે, ગામ આદિ બહાર સ્વાધ્યાયાર્થે કે સ્થંડિલ જાય તો પણ બધાં ઉપકરણ લઈને જાય. બીજે ગામ જાય તો પણ લઈને જાય. એ રીતે ત્રણ સૂત્રો કહ્યા.

હવે ગમનાભાવ નિમિત્ત કહે છે—

● **સૂત્ર-૩૫૪ :-**

*સાધુ કે સાધ્વી જો એમ જાણે કે ઘણાં વિશાળ ક્ષેત્રમાં વરસાદ વરસતો દેખાય છે, ઘણે દૂર સુધી ધુમ્મસ છે - ઝાકળ પડે છે, મોટા વંટોળ વડે ધૂળ ઉછળી રહી છે અથવા ઘણાં ત્રસ જીવો ઉડીને પડે છે; તો આ રીતે જાણીને સર્વે ધર્મ ઉપકરણ સહિત આહારાર્થે ગૃહસ્થના ઘરમાં ન પ્રવેશે કે ન નીકળે. વિહાર કે વિચારભૂમિમાં પ્રવેશ કે નિર્ગમન ન કરે. એક ગામથી બીજે ગામ વિચરણ ન કરે.*

● **વિવેચન :-**

તે [જિનકલ્પી] મુનિ એમ જાણે કે - અહીં ઘણાં લાંબા ક્ષેત્ર સુધી ઝાકળ કે ધુમ્મસ પડે છે કે વરસાદ વરસે છે અથવા વંટોળીયાને લીધે ઘણી ધૂળ ઉડે છે કે તીર્છા પતંગીયાદિ ઝીણા જંતુઓ ઉડીને પડી રહ્યા છે, તો તે સાધુ પૂર્વોક્ત ત્રણ સૂત્રમાં બતાવેલ ઉપધિ લઈને જાય કે આવે નહીં. તેનો પરમાર્થ એ છે કે—

આ સામાચારી છે કે સાધુ ગચ્છમાંથી નીકળે કે પ્રવેશે ત્યારે ઉપયોગ રાખે કે - જો વરસાદ, ઝાકળ આદિને જાણે તો જિનકલ્પી ન જાય. કેમકે તેમની શક્તિ છે કે તે છ માસ સુધી ઠલ્લો-માત્રુ રોકી શકે. જ્યારે સ્થવીરકલ્પી કારણે જાય તો બધી ઉપધિ લઈને ન નીકળે.

હવે અજુગુપ્સિત કુળમાં દોષ દેખાય તો જવાનો નિષેધ કહે છે—

● **સૂત્ર-૩૫૫ :-**

*તે સાધુ-સાધ્વી આ કુળોને જાણે - જેમકે - ક્ષત્રિય, રાજા, કુરાજા, રાજભૃત્ય કે રાજવંશસ્થના કુળ; આ કુળ-ઘરની બહાર કે અંદર જતા, ઉભતા,*

*બેસતા, નિમંત્રણ હોય કે ન હોય, ત્યાંથી પ્રાપ્ત અશનાદિ પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે.*

● **વિવેચન :-** *[ચૂર્ણિમાં વિશેષ પાઠ છે અને ભિન્ન અર્થ પણ છે. તે જોવો]*

તે ભિક્ષુ એવા કુલો જાણે, જેવા કે खत्तिय એટલે ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરેના કુળો. राईण - ક્ષત્રિયોથી અન્ય, કુરાજા-નાના રજવાડા, દંડપાશિક વગેરે, રાજવંશીયા-રાજાના મામા, ભાણેજ આદિના કુળોમાં સંપાતના ભયથી જવું નહીં. ત્યાં ઘરની અંદર કે બહાર રહેલા અથવા જતા-આવતા માણસોથી સાધુઓને નુકસાન થાય, માટે કોઈ ગૌચરીનું નિમંત્રણ કરે કે ન કરે, અશનાદિનો લાભ મળે તો પણ ન લે.

> ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' - ઉદ્દેશા-૩નો
> મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૪ 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૩-માં સંખડી સંબંધી વિધિ કહી, અહીં પણ તેની વિધિ કહે છે.

● **સૂત્ર-૩૫૬ :-**

*જે સાધુ-સાધ્વી યાવત્ એમ જાણે કે અહીં માંસ કે મત્સ્યપ્રધાન ભોજન છે, અથવા માંસ કે મત્સ્યોના ઢગલા રાખેલ છે અથવા વિવાહ સંબંધી-કન્યાવિદાયનું-મૃત કે સ્વજન સંબંધી ભોજન થઈ રહેલ છે. તે નિમિત્તે ભોજન લઈ જવાઈ રહેલ છે, માર્ગમાં ઘણાં પ્રાણી, ઘણાં બીજ, ઘણી લીલોતરી, ઘણાં ઝાકળબિંદુ, ઘણું પાણી, ઘણાં જ કીડીયારા-કીચડ-લીલફુગ-કરોળીયાના જાળા આદિ છે; ત્યાં ઘણાં શ્રમણ-બ્રાહ્મણ-અતિથિ-કૃપણ-વનીપક આવ્યા છે - આવે છે - આવવાના છે. તેમની ઘણી જ ભીડ જામી છે. તેથી પ્રાજ્ઞ સાધુનો નિષ્ક્રમણ-પ્રવેશ મુશ્કેલ છે, ત્યાં વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા પ્રવૃત્તિ થઈ શકે તેમ નથી.*

*એવું જાણીને તેવા પ્રકારની પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડીમાં જવાનો વિચાર સાધુ મનથી પણ ન કરે. પરંતુ જો સાધુ-સાધ્વી એમ જાણ કે અહીં માંસ કે મત્સ્યપ્રધાન ભોજન છે યાવત્ કોઈ ભોજન લઈ જવાઈ રહ્યું છે, પણ માર્ગમાં પ્રાણી, બીજ આદિ નથી, ઘણાં શ્રમણાદિ યાવત્ આવ્યા કે આવવાના નથી, પ્રાજ્ઞ સાધુને વાંચના, પૃચ્છનાદિ માટે ત્યાં અવકાશ છે તો એવું જાણીને પ્રાજ્ઞ સાધુ અપવાદ માર્ગે પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડીમાં જવાનું વિચારી શકે છે.*

● **વિવેચન :-**

*[ચૂર્ણિમાં કેટલાંક પાઠાંતર અને કેટલાક પદોના વિશેષ અર્થ છે તે જોવા.]*

તે ભિક્ષુ કોઈ ગામ આદિમાં ભિક્ષાર્થે પ્રવેશે અને આવા પ્રકારની સંખડી જાણે



તો ત્યાં જવાની પ્રવૃત્તિ કે વિચાર ન કરે. કેવી સંખડીમાં ન જવું તે કહે છે, જેમાં માંસપ્રધાન છે, પહેલા કે છેલ્લે માંસને જ રાંધવામાં આવે છે, કોઈ સ્વજનાદિ તેને અનુરૂપ જ કંઈ લઈ જતા હોય તેને જોઈને સાધુ ત્યાં ન જાય. તેના દોષો પછી કહેશે.

તે જ પ્રમાણે મત્સ્ય આદિ મુખ્ય હોય, માંસખલ હોય, જ્યાં સંખડી નિમિત્ત માંસ છેદીને સુકાવતા હોય કે સુકવેલાનો ઢગ કર્યો હોય કે મત્સ્યનો ઢગ હોય તથા વિવાહ પછી વહુના પ્રવેશે વરના ઘેર ભોજન હોય કે વહુને લાવતા તેણીના પિતાને ઘેર ભોજન હોય, મૃત ભોજન હોય કે યક્ષની યાત્રાદિ માટે ભોજન હોય, પરિવારના સન્માન કે ગોષ્ઠી-ભોજન હોય. આવી કોઈપણ સંખડી જાણીને, ત્યાં કોઈ સ્વજન નિમિત્તે કંઈપણ લઈ જવાતું જોઈને ત્યાં ભિક્ષા માટે ન જવું.

ત્યાં જવાથી સંભવતા દોષો કહે છે-ભિક્ષુના માર્ગમાં અનેક પતંગ આદિ પ્રાણિઓ, ઘણાં બધાં - બીજ, વનસ્પતિ, ઝાકળ, પાણી, ઉત્તિંગ, લીલફૂગ, ભીની માટી, કરોળીયાના જાળા હોય. ત્યાં જમણ જાણીને ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વણીપક આવ્યા-આવશે-આવે છે. ત્યાં ચરક આદિથી વસતિ વ્યાપ્ત છે. ત્યાં પ્રાજ્ઞ સાધુને જવું-આવવું ન કલ્પે. ત્યાં જનારને ગીત વાજિંત્રના સંભવથી સ્વાધ્યાયાદિ ક્રિયા ન થઈ શકે અને વાચના, પૃચ્છનાદિ પણ ન કલ્પે. તે ભિક્ષુને ત્યાં જતા-આવતા ઘણાં દોષ સંભવે. તેથી માંસાદિની મુખ્યતાવાળી સંખડીમાં સાધુએ જવું નહીં. હવે અપવાદ માર્ગ કહે છે—

તે ભિક્ષુ માર્ગમાં દુર્બળ થાય, બિમારીમાંથી ઉઠ્યો હોય, તપના આચરણથી ક્ષીણ થયો હોય કે સ્થાન ન મળે તો દુર્લભ દ્રવ્યનો અર્થી તે જો એમ જાણે કે - x - x - માર્ગમાં બીજ ઘાસ આદિ નથી, તો આવી અલ્પદોષવાળી સંખડી જાણીને માંસાદિ દોષ દૂર કરવામાં સમર્થ હોય તો કારણે ત્યાં જવા વિચારે.

પિંડ અધિકારમાં ભિક્ષા સંબંધિ વિશેષ કહે છે—

● **સૂત્ર-૩૫૭ :-**

*તે સાધુ કે સાધ્વી યાવત્ પ્રવેશવાની ઇચ્છા કરે ત્યારે એમ જાણે કે દુઝણી ગાયો દોહાઈ રહી હોય, અશનાદિ રાંધવાની ક્રિયા ચાલુ હોય અથવા રાંધેલમાંથી કોઈ બીજાને અપાયુ નથી આ પ્રમાણે જાણીને ગૃહસ્થના ઘરમાં આહાર પ્રાપ્તિ અર્થે ન નીકળે કે ન પ્રવેશ કરે. કદાચ ગૃહસ્થના ઘેર સાધુ પહોંચી ગયા હોય તો ઉક્ત કોઈપણ કારણ જોઈને એકાંતમાં ચાલ્યા જાય, જ્યાં આવાગમન ન હોય, કોઈ જોતું ન હોય એવા સ્થાને ઉભા રહે. જ્યારે એમ જાણે કે દુઝણી ગાયો દોહાઈ ગઈ છે, ભોજન રંધાઈ ગયું છે કે તેમાંથી બીજાને અપાઈ ગયેલ છે, ત્યારે સંયમપૂર્વક આહારપાણી માટે નીકળે કે ગૃહસ્થને ત્યાં પ્રવેશ કરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશવા ઇચ્છે ત્યારે એમ જાણે કે દુધાળી ગાયો અહીં દોહવાઈ રહી છે, ત્યારે તેમને દોહવાતી જોઈને તથા અશન આદિ ચતુર્વિધ

આહાર રંધાતો જોઈને કે પૂર્વે રાંધેલ ભાત બીજા કોઈને ન અપાયેલ જાણીને પ્રવર્તમાન અધિકરણાપેક્ષી પ્રકૃતિભદ્રક આદિ કોઈ ગૃહસ્થ સાધુને જોઈને શ્રદ્ધાવાળો થઈ ઘણું દૂધ તેમને આપું એવી બુદ્ધિથી વાછડાને પીડા આપે, દોહવાની ગાયને ત્રાસ પમાડે તો સાધુને સંયમ અને આત્મ વિરાધના થાય. અર્ધ પક્વ ભાતને જલ્દીથી પકાવવા યત્ન કરે, તેથી સંયમ વિરાધના થાય. તેમ જાણીને સાધુ ગૌચરી માટે ત્યાં ન જાય-ન નીકળે. તેવા સ્થળે શું કરવું તે કહે છે—

તે ભિક્ષુ ગો-દોહન આદિ જાણીને એકાંતમાં જ્યાં ગૃહસ્થ ન આવે કે ન દેખે ત્યાં ઉભો રહે. પછી જ્યારે જાણે કે ગાય દોહાઈ ગઈ છે વગેરે જાણી, પછી આહાર અર્થે નિષ્ક્રમણ કે પ્રવેશ કરે. આગળ કહે છે—

● **સૂત્ર-૩૫૮ :-**

***સ્થિરવાસ કરનાર કે માસકલ્પથી વિચરનાર કોઈ મુનિ, આગંતુક મુનિને કહે કે, આ ગામ નાનું છે, તેમાં પણ કેટલાંક ઘર સૂતક આદિ કારણે રોકાયેલા છે. આ ગામ મોટું નથી. તેથી હે પૂજ્ય ! આપ ભિક્ષાચરી માટે બીજે ગામ પધારો. માનો કે ત્યાં રહેતા કોઈ મુનિના પૂર્વ કે પશ્ચાત્ સંસ્તુત રહે છે. જેમકે - ગૃહસ્થ, ગૃહસ્થપત્ની, તેના પુત્ર-પુત્રી-પુત્રવધૂ-ધાત્રી-દાસ-દાસી-કર્મકર કે કર્મકરી.***

***જો કોઈ સાધુ એમ વિચારે કે મારા પૂર્વ કે પશ્ચાત્ સંસ્તુત એવા ઉક્ત ઘરોમાં પહેલા જ ભિક્ષા માટે પ્રવેશ કરીશ, જેથી મને અન્ન, રસમય પદાર્થ, દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તેલ, મધુ, મદ્ય, માંસ, પૂડી, રાબ, માલપૂઆ કે શ્રીખંડ આદિ ઉત્તમ ભોજન મળશે. તે આહાર પહેલાંજ લાવી ખાઈ-પીને પાત્રને ધોઈ-લુંછીને સાફ કરીશ. પછી બીજા સાધુ સાથે આહાર માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ કરીશ કે નીકળીશ.***

***આ રીતે તે માયા-કપટ કરે છે, તેમ કરવું ન જોઈએ. પરંતુ તે ભિક્ષુએ બીજા સાધુઓ સાથે ભિક્ષાકાળે ગૃહસ્થના ઘેર જઈ અનેક ઘરેથી શુદ્ધિપૂર્વક નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી આહાર કરવો જોઈએ. સાધુ-સાધ્વીનો આ જ આહાર ગ્રહણ કરવાનો આચાર છે.***

● **વિવેચન :-**

*[ચૂર્ણિમાં કોઈ સ્થાને પાઠાંતર જોવા મળેલ છે. અર્થમાં પણ કિંચિત્ ભિન્નતા છે. નિશીથસૂત્ર ઉદ્દેશક-૨-માં પણ આ સૂત્ર જેવો પાઠ છે.]*

ભિક્ષુક એટલે ભિક્ષણશીલ. - x - કેટલાંક સાધુ જંઘાબળ ક્ષીણ થવાથી એક ક્ષેત્રમાં રહ્યા હોય કે માસકલ્પ વિહારી હોવાથી રહ્યા હોય. તે સમયે કોઈ ગ્રામાનુગ્રામ વિચરતા પરોણા સાધુ ત્યાં આવે, ત્યારે પૂર્વ સ્થિત સાધુ કહે, આ ગામ નાનું છે - મોટું નથી અથવા ભિક્ષાદાનમાં તુચ્છ છે. સુતક આદિથી ઘર અટક્યા છે. તેથી ઘણું જ તુચ્છ છે. તેથી હે પૂજ્ય ! આપ નજીકના ગામોમાં ભિક્ષાચર્યાર્થે જજો. તો તેમ કરવું.



અથવા ત્યાં સ્થિત સાધુના પૂર્વના સગાં ભત્રીજા વગેરે કે પછીના સગાં શ્વશૂર કૂલ સંબંધી હોય તેને નામ પૂર્વક સૂત્રમાં જણાવ્યા છે. જેમકે-ગૃહપતિ આદિ. તેવા પ્રકારના પૂર્વ કે પશ્ચાત્ સગાને ત્યાં પહેલા ગૌચરી જાઉં તો ત્યાં - x - શાલિ-ઓદનાદિ, ઇન્દ્રિય અનુકૂલરસાદિ તથા દૂધ વગેરે હોય. જો કે સૂત્રમાં કહેલ દારુ-માંસની વ્યાખ્યા છેદ-સૂત્ર મુજબ કરવી અથવા કોઈ સાધુ અતિ પ્રમાદથી કે અતિ ગૃદ્ધ બનીને મદ્ય, દારુ, માંસ પણ લાવે તેથી સૂત્રમાં ઉલ્લેખ છે. - x - x - તે મેળવીને પહેલા ખાય-પીએ પછી પાત્ર ધોઈ, લુંછી સાફ કરી વસ્ત્ર વડે કોરું કરી, પછી ભિક્ષાકાળ થતાં શાંત ચેહેરે પરોણા સાધુ સાથે ગૃહસ્થને ઘેર આહારને માટે પ્રવેસીશ કે નીકળીશ એમ વિચારી માયા સ્થાનને સ્પર્શે છે. તેથી તેનો નિષેધ કરતા [ગુરુ] કહે છે કે સાધુએ આવું ન કરવું જોઈએ. તો સાધુ શું કરે ?

તે ભિક્ષુએ પરોણા ભિક્ષુ સાથે ભિક્ષા અવસરે ગૃહસ્થના ઘેર જઈને ત્યાં ઉંચ-નીચ કુળોમાંથી સામુદાનિક ઉદ્‌ગમાદિ દોષરહિત અને ફક્ત સાધુના વેશથી મેળવેલ ધાત્રિ-દૂત-નિમિત્તાદિ પિંડદોષરહિત ભિક્ષા લઈને પરોણા સાધુ સાથે ગ્રાસૈષણા દોષરહિત આહાર કરવો જોઈએ. આ તે ભિક્ષુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧ અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૪નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧ ઉદ્દેશો-૫ 卐

૦ ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે ઉદ્દેશા-૪-માં પિંડ ગ્રહણ વિધિ કહી. અહીં પણ તે જ કહે છે.

● **સૂત્ર-૩૫૯ :-**

***તે સાધુ-સાધ્વી યાવત્ એમ જાણે કે અગ્રપિંડ કઢાતું દેખાય છે, અગ્રપિંડ રખાતુ-લઈ જવાતું-વહેંચાતુ-ખવાતુ કે ફેંકાતુ જોઈને અથવા પહેલા [બીજા લોકોએ] જમી લીધું છે કે [કેટલાંક ભિક્ષાચર] પહેલાં લઈને જઈ રહ્યા છે. અથવા બીજા શ્રમણ, બ્રાહ્મણ આદિ અગ્રપિંડ લેવા જલ્દી જલ્દી આવી રહ્યા છે તે જોઈને કોઈ સાધુ એમ વિચારે કે તે ભોજન લેવા હું પણ જલ્દી જાઉં, તો તે માયા કરે છે - ''એવું ન કરવું.''***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર જઈને એમ જાણે કે દેવતા માટે તૈયાર કરેલો ભાત વગેરેનો આહાર છે. તેમાંથી થોડો થોડો કાઢે છે તથા બીજા વાસણમાં નાંખે છે તે જોઈને કે દેવાયતનમાં લઈ જવાતું તથા થોડું થોડું બીજાને અપાતું જોઈને, બીજાથી ખવાતું કે દેવાયતનની ચારે દિશામાં ફેંકાતુ જોઈને; તથા પૂર્વે અન્ય શ્રમણાદિ આ અગ્રપિંડ ખાધો હોય, કે પૂર્વે - x - ગ્રહણ કરેલ હોય અને - x - ફરી પણ અમને મળશે એમ માની - x - શ્રમણાદિ જલ્દી જલ્દી તે અગ્રપિંડ લેવા જતા હોય. ત્યારે

આવું જોઈને કોઈ સાધુ એમ વિચારે કે હું પણ ત્યાં જલ્દી જાઉં, એમ કરતા તે ભિક્ષુ માયા સ્થાનને સ્પર્શે છે. તેથી તેણે આવું ન કરવું જોઈએ.

હવે ભિક્ષા-અટન વિધિ કહે છે—

● **સૂત્ર-૩૬૦ :-**

***તે સાધુ કે સાધ્વી ભિક્ષાર્થે જતા રસ્તામાં ટેકરા, ખાઈ, કોટ, તોરણદ્વાર, અર્ગલા કે અર્ગલા-પાશક હોય તો સામર્થ્ય હોવા છતાં તેવા માર્ગે ન ચાલે પણ બીજો માર્ગ હોય તો સંયમી સાધુ બીજા માર્ગે જાય, તે સીધા માર્ગે ન જાય. કેવલી કહે છે કે તે કર્મબંધનું કારણ છે.***

***તે વિષમ માર્ગે જતાં તે સાધુ લપસી જાય, ડગી જાય કે પડી જાય. લપસતા-ડગતા કે પડતા તેની કાયા મળ, મૂત્ર, કફ, લીંટ, વમન, પિત્ત, પરુ, વીર્ય કે લોહીથી ખરડાઈ જાય. કદાચ તેમ થઈ જાય તો તે સાધુ શરીરને સચિત્ત પૃથ્વીથી, ભીની માટીથી, સચિત્ત શીલાથી, સચિત્ત માટીના ઢેફાથી, ઉધઈવાળા કાષ્ઠથી, જીવયુક્ત કાષ્ઠથી, ઇંડા-પ્રાણી કે જાળાયુક્ત કાષ્ઠથી શરીરને લૂંછે નહીં, સાફ ન કરે, ન ખણે, ન ખોતરે, મર્દન ન કરે, ન તપાવે પરંતુ તે ભિક્ષુ પહેલા સચિત્ત રજથી રહિત તૃણ, પાન, કાષ્ઠ, કંકર આદિની યાચના કરે. યાચીને એકાંતમાં જાય. ત્યાં દગ્ધભૂમિ કે તેવા પ્રકારની અન્ય ભૂમિનું વારંવાર પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને યતનાપૂર્વક શરીરને ઘસે યાવત્ સ્વચ્છ કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર જવા મહોલ્લો, શેરી કે ગામમાં પ્રવેશતા માર્ગ જુએ. ત્યાં માર્ગમાં જતાં વચમાં સમાન ભૂભાગમાં કે ગ્રામાંતરમાં ક્યારા બનેલા જુએ અથવા ખાઈ, કોટ, પત્તન કે તોરણને જુએ. તથા અર્ગલા કે અર્ગલા પાશકને જુએ તો તેવા સીધા માર્ગે ન જાય. પણ સંયમી સાધુ બીજા માર્ગે જાય. - x - કેમકે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. સંયમ કે આત્મવિરાધના થાય.

તે વપ્રાદિ યુક્ત માર્ગે જતાં વિષમતાને કારણે કોઈ વખત કંપે, ઠોકર ખાય કે પડી જાય, તેમ થાય તો છકાયમાંથી કોઈપણ કાયને વિરાધે તથા તેનું શરીર મળ, મૂત્ર, બળખા, લીંટ, વમન, પિત્ત, પરુ, વીર્ય કે લોહીથી ખરડાય માટે તેવા માર્ગે ન જવું. બીજો માર્ગ ન હોય અને તે જ માર્ગે જવું પડે તો ઠોકર ખાતાં કાદવ વડે તેનું શરીર ખરડાય. તેથી આવું ન કરવું જોઈએ તે દર્શાવે છે—

તે સાધુ આવા અશુચિ-કાદવથી લિપ્ત શરીરનો વસ્ત્ર વિના પૃથ્વી સાથે સ્પર્શ ન કરે અથવા ભીની જમીન, ધૂળવાળી પૃથ્વી, સચિત્ત પત્થર, સચિત્ત માટીના ઢેફા, ઉધઈ કે જીવાદિ યુક્ત લાકડા કે કરોળીયાના જાળાનો એકવાર કે વારંવાર સ્પર્શ ન કરે - ગારો દૂર ન કરે. કાદવ ખોતરે નહીં, ઉદ્વર્તન ન કરે, સુકાયેલાને પણ ન ખોતરે એક કે અનેકવાર તાપ ન લે. તો શું કરે ? તે કહે છે—

તે ભિક્ષુ અલ્પ રજવાળું તૃણ આદિ યાચે. એકાંત અચિત્ત સ્થાને જઈને તેના વડે શરીરનો કાદવ દૂર કરે. બાકી સુગમ છે. - વળી -



● **સૂત્ર-૩૬૧ :-**

***તે સાધુ કે સાધ્વી ભિક્ષા લેવા જતા એમ જાણે કે માર્ગમાં દુષ્ટ મદોન્મત્ત સાંઢ, પાડો ઉભો છે, એ જ પ્રમાણે મનુષ્ય, અશ્વ, હાથી, સિંહ, વાઘ, દીપડો, રીંછ, તરચ્છ, અષ્ટાપદ, શિયાળ, બિલાડો, કૂતરો, વરાહ, સૂવર, લોમડી, ચિત્તો, ચિલ્લલક, સાપ આદિ માર્ગમાં રહેલા હોય તો તે સીધે રસ્તે ન જતા, બીજા રસ્તેથી જાય.***

***તે સાધુ-સાધ્વી ભિક્ષાર્થે માર્ગમાં જતા હોય ત્યારે વચ્ચે ખાડા, ઠૂંઠા, કાંટા, જમીનનો ઢોળાવ, તીરાડ, વિષમતા, કીચડ આદિ હોય તો તેવા માર્ગે નહીં ચાલતાં બીજા માર્ગે તે સંયમી જાય, સીધા માર્ગે ન જાય.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે જતાં રસ્તામાં ધ્યાન રાખે, ત્યાં જો એવું જાણે કે રસ્તામાં ગાય આદિ છે, મારકણો ગોધો હોવાથી રસ્તો બંધ છે, ઝેરી સાપ છે, [ઇત્યાદિ સૂત્ર મુજબ જાણવું.] માર્ગમાં તેમને રહેલા જોઈને જો બીજો રસ્તો હોય તો તે સીધા રસ્તે ન જાય કેમકે તેનાથી આત્મ વિરાધના સંભવે છે. અહીં 'विग' એટલે દીપડો, 'द्वीपीन' એટલે રીંછ ઇત્યાદિ જાણવા.

તથા તે ભિક્ષુ ભિક્ષાર્થે જતાં માર્ગમાં ધ્યાન રાખે કે વચમાં - x - ખાડો હોય, ઠુંઠુ-કાંટા-ઢોળાવ હોય, કાળી ફાટેલી માટી, ઉંચાનીચા ટેકરા કે કાદવ હોય તો ત્યાં આત્મ અને સંયમ વિરાધનાનો સંભવ રહે છે. તેથી બીજા માર્ગે જાય પણ સીધા માર્ગે ન જાય - તથા -

● **સૂત્ર-૩૬૨ :-**

***તે સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘરના દ્વારભાગને કાંટાની ડાળીથી ઢાંકેલ જોઈને પહેલાં ગૃહસ્વામીની અનુજ્ઞા લીધા વિના, પડિલેહણ અને પ્રમાર્જના કર્યા વિના દ્વાર ઉઘાડીને તેમાં પ્રવેશ કે નિષ્ક્રમણ ન કરે. પહેલા ઘરના સ્વામીની આજ્ઞા લે, પછી પડિલેહણ કરી-કરીને, પ્રમાર્જન કરી-કરીને યતનાપૂર્વક ખોલીને પ્રવેશ કરે અથવા નીકળે.***

● **વિવેચન :-**

*[આવું વર્ણન દશવૈકાલિક સૂત્ર અધ્યયન-૧-માં પણ છે.]*

તે ભિક્ષુ ભિક્ષાર્થે પ્રવેશતા ગૃહપતિના ઘરના દ્વાર ભાગને કાંટાની ડાળીઓ વડે ઢાંકેલ જોઈને તે ઘરના માલિકની અનુજ્ઞા લીધા વિના તથા આંખ વડે પડિલેહણ કર્યા વિના, રજોહરણથી પ્રમાર્જ્યા વિના દ્વાર ઉઘાડે નહીં, તેમાં પ્રવેશે નહીં કે નીકળે નહીં. તેના દોષો કહે છે - તેમાં ગૃહપતિને દ્વેષ થાય, વસ્તુ ખોવાય તો સાધુ પર શંકા જાય, ઉઘાડેલા દ્વારમાં પશુ વગેરે પ્રવેશે. એ રીતે સંયમ અને આત્મવિરાધના થાય. હવે કારણ હોય તો અપવાદ માર્ગ કહે છે—

તે ભિક્ષુ તે ઘરમાં જવા માટે ગૃહપતિનો અવગ્રહ યાચે. પડિલેહણ અને પ્રમાર્જન કરી બારણું ઉઘાડે. કહ્યું છે કે, જાતે દરવાજો ઉઘાડી ન પેસે, જો ગ્લાન આચાર્ય આદિને યોગ્ય કંઈ મળે, ત્યાં વૈદ્ય રહેતો હોય કે દુર્લભ દ્રવ્ય પ્રાપ્ત થાય કે ઓછી

ગૌચરી મળી હોય ઇત્યાદિ કારણો હોય તો બંધ બારણા પાસે ઉભો રહી શબ્દ કરે. અથવા યથાવિધિ ઉદ્‌ઘાટન કરીને પ્રવેશ કરે. ત્યાં પ્રવેશ્યા પછીની વિધિ કહે છે—

● સૂત્ર-૩૬૩ :-

*તે સાધુ કે સાધ્વી જો એમ જાણે કે તે [ગૃહસ્થને ઘેર] કોઈ શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુક કે અતિથિ પહેલાથી પ્રવેશેલ છે, તે જોઈને તેમની સામે કે જે દ્વારેથી તેઓ નીકળતા હોય તે દ્વારે ઉભા ન રહે. પરંતુ કોઇને પહેલાં આવેલા જાણીને એકાંત સ્થાનમાં ચાલ્યા જાય, એકાંતમાં જઈને મુનિ એવા સ્થાને ઉભા રહે કે જ્યાં બીજાનું આવાગમન ન હોય, બીજા જોઈ ન શકે. કદાચ કોઈ ગૃહસ્થ ત્યાં રહેલા સાધુને અશનાદિ લાવીને આપે અને કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આપ બધાં લોકો માટે આ આહાર મેં આપ્યો છે તો આપ સર્વે ખાઓ અથવા વહેંચી લો.*

*ગૃહસ્થનું આ કથન સાંભળીને સાધુ મૌન રહીને વિચારે કે આ આહાર મારો જ છે, તો તે માયા સ્થાનને સ્પર્શે છે, તેથી સાધુ એવું ન કરે. તે સાધુ આ આહાર લઈને જ્યાં શ્રમણ આદિ છે ત્યાં જાય, જઈને કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણો ! તમે જ આ અશનાદિ બધાં લોકો માટે આપેલ છે. તેથી બધા ખાઓ કે વિભાગ કરો. તેમને એવું કહેતા સાંભળી જો બીજા એમ કહે કે હે શ્રમણ ! તમે જ બધાને આ અશનાદિ વહેંચી આપો.*

*ત્યારે વિભાગ કરતી વેળાએ સાધુ પોતાને માટે જલ્દી-જલ્દી સારુ-સારુ પ્રચૂર માત્રામાં સ-રસ, મનોજ્ઞ, સ્નિગ્ધ આહાર અને રુક્ષ આહાર ન રાખે. પણ તે આહારમાં અમૂર્છિત, અગૃદ્ધ, અનાસક્ત અનધ્યુપપન્ન થઈને અત્યંત સમાન ભાગ કરે. વિભાગ કરતી વેળા બીજા એમ કહે કે, હે શ્રમણ ! તમે તેનો વિભાગ ન કરો, આપણે બધા ભેગા થઈને ખાઈએ-પીએ. એવી રીતે ખાતા પણ સ-રસ યાવત્ રુક્ષ ભોજન જલ્દી ન ખાઈ જાય પણ તેમાં અમૂર્છિત યાવત્ અલોલુપ થઈ સમ માત્રામાં ખાય-પીએ.*

● વિવેચન :-

તે સાધુ ગામ આદિમાં ભિક્ષા માટે પ્રવેશતા એમ જાણે કે આ ઘરમાં પહેલાં શ્રમણ આદિ પ્રવેશેલ છે, તેમને પ્રવેશેલા જોઈને દાતા તથા લેનારને અપ્રીતિ કે અંતરાય ન થાય માટે તે બંને દેખે તેમ ઉભો ન રહે. તેમના નીકળવાના દ્વારે પણ તેમની અપ્રીતિ-અંતરાયભયથી ન ઉભે. પણ તે ભિક્ષુ તે ભિક્ષાર્થે આવેલ શ્રમણાદિથી એકાંતમાં જઈ કોઈ આવે નહીં કે જુએ નહીં ત્યાં ઉભો રહે. ત્યાં રહેલા ભિક્ષુને ગૃહસ્થ જાતે આવીને ચાર પ્રકારનો આહાર લાવીને આપે અને આપતા એમ કહે કે—

તમે ભિક્ષાર્થે ઘણાં લોકો આવ્યા છો, હું વ્યાકુળતાને કારણે આહારનો વિભાગ કરવા સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! હું આ ચતુર્વિધ આહાર તમને સર્વલોકો માટે આપેલ છે, હવે તમે પોતાની ઇચ્છા મુજબ તે આહારને ભેગા બેસી ખાઓ કે વહેંચી આપો, એમ કહી આપે. તો આવો આહાર ઉત્સર્ગથી ન લેવો. પણ



દુકાળ હોય કે લાંબો પથ હોય તો અપવાદથી કારણે ગ્રહણ કરે. પણ ગ્રહણ કરીને આ પ્રમાણે ન કરે—તે આહાર લઈને મૌનપણે એકાંતમાં જઈ વિચારે - મને એકલાને આ આહાર આપેલછે, - x - તો હું એકલો ખાઉં. આ રીતે માયા સ્થાનને સ્પર્શે. પણ સાધુએ આમ ન કરવું જોઈએ. તો શું કરવું ? તે કહે છે—

તે ભિક્ષુ તે આહાર લઈને બીજા શ્રમણાદિ પાસે જઈને તેમને તે આહાર દેખાડે, પછી કહે, હે શ્રમણ આદિઓ ! આ આહાર આપણા બધા માટે ભાગ પાડ્યા વિના સામટો આપેલ છે. તેથી બધાં ભેગા થઈને કે વહેંચીને વાપરો. સાધુ એમ કહે ત્યારે કોઈ શ્રમણાદિ કહે કે, હે આયુષ્યમાન્ ! તમે જ અમને વહેંચી આપો, તો સાધુ તેમ ન કરે. પણ કારણે કરે તો આ પ્રમાણે કરવું - પોતે વહેંચતા વર્ણાદિ ગુણયુક્ત ઘણું સારું શાક આદિ પોતે ન લે, તેમ લુખું પણ ન લે. બાકી સુગમ છે.

પણ-તે ભિક્ષુ આહારમાં મૂર્છિત થયા વિના, અગૃદ્ધપણે, મમતારહિત થઈને [આ બધા એકાર્થક શબ્દો અનાદર જણાવવા છે.] જે કંઈ હોય તે બધાંને સમભાગે વહેંચી આપે. - x - તે સાધુ વહેંચવા જાય ત્યારે કોઈ એમ કહે કે, હે આયુષ્યમાન્ ! તમે વહેંચો નહીં, આપણે બધાં સાથે બેસીને જમીએ-પીએ, તો તેમની સાથે ન જમવું. પણ પોતાના સાધુ હોય, પાસત્થા હોય કે સાંભોગિક હોય તે બધા સાથે આલોચના આપી જમવાની આ વિધિ છે. એટલે પોતે બધાને સરખું વહેંચી આપે. ઇત્યાદિ.

પૂર્વના સૂત્રમાં આલોક સ્થાન નિષેધ્યુ, હવે પ્રવેશ પ્રતિષેધ કહે છે.

● સૂત્ર-૩૬૪ :-

*તે સાધુ-સાધ્વી એમ જાણે કે કોઈ શ્રમણ, બ્રાહ્મણ, યાચક, અતિથિ પૂર્વે ગૃહસ્થના ઘેર પ્રવેશેલ છે, તો તે જોઈને તેઓને ઉલ્લંઘીને ઘરમાં દાખલ થવું નહીં, તેમ પાછળ રહી યાચના ન કરવી. પણ એકાંત સ્થાને જઈને જ્યાં કોઈ આવે નહીં કે જુએ નહીં તેવા સ્થાને રહેવું. જ્યારે તે એમ જાણે કે ગૃહસ્થે શ્રમણાદિને આહારદાનનો ઇન્કાર કર્યો છે કે આપી દીધું છે, તો તેમના પાછા ફરી ગયા પછી જ યતના સહિત તેણે પ્રવેશવું કે બોલવું. આ ખરેખર તે સાધુની ક્રિયા વિધિ છે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગામ આદિમાં પ્રવેશતા એવું જાણે કે આ ઘરમાં શ્રમણ આદિ પ્રવેશેલા છે, તો તે પૂર્વે પ્રવેશેલા શ્રમણ આદિ દેખીને તેને ઓળંગીને પોતે અંદર ન જાય, તેમ ત્યાં ઉભો રહીને ગૃહસ્થ પાસે ભિક્ષા ન માગે, પરંતુ એકાંતમાં જઈ કોઈ દેખે નહીં તેમ ઉભો રહે. પછી તે ગૃહસ્થ અંદરના ભિક્ષુને આપે અથવા ના પાડે, ત્યારે તે સાધુ ત્યાંથી નીકળી અંદર જઈ આહારની યાચના કરે. આ જ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ-સાધુપણું છે.

**ચૂલિકા-૧ અધ્યયન-૧ ''पिण्डैषणा'' - ઉદ્દેશા-૫નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ॥ ચૂલિકા-૧ - અધ્યયન-૧ - ઉદ્દેશો-૬ ॥

૦ પાંચમાં ઉદ્દેશા પછી છઠ્ઠો ઉદ્દેશ કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૫-માં શ્રમણાદિને અંતરાયના ભયથી ગૃહપ્રવેશ નિષેધ્યો. તેમ અહીં બીજા પ્રાણીઓના અંતરાયનો નિષેધ કહે છે—

● **સૂત્ર-૩૬૫ :-**

***તે સાધુ કે સાધ્વી [ગૌચરીએ જતાં] એમ જાણે કે રસાન્વેષી ઘણાં પ્રાણી આહારાર્થે એકત્રિત થયા છે-જેમકે - કુકડાની જાતિના, શૂકરજાતિના અથવા અગ્રપિંડ માટે કાગડા આદિ એકઠા થયેલા જોઈને સંયત સાધુ કે સાધ્વી અન્ય માર્ગ હોય તો સીધા તેમની સામે ન જાય.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે પ્રવેશતા એમ જાણે કે માર્ગમાં ઘણાં પ્રાણી રસના ઇચ્છુક થઈને પછી આહાર માટે કોઈ શેરી આદિમાં એકઠાં થઈ પડેલ છે, તેમને એ રીતે જોઈને સાધુ તેમની સામે ન જાય. તે પ્રાણીના નામ કહે છે - 'કુકડા'-શબ્દથી પક્ષીની જાતિ લીધી, 'સૂવર'-શબ્દથી ચતુષ્પદ જાતિ લીધી. 'અગ્રપિંડ'થી બહાર ફેંકેલ કાકપિંડ લીધું. તેમાં કાગડાને ખાતા જોઈને શક્તિ હોય ત્યાં સુધી સમ્યક્ ઉપયુક્ત સાધુ તે રસ્તે ન જાય, તે સીધા માર્ગે જતાં પ્રાણીને અંતરાય થાય છે. તેમને બીજે ખસતાં વધ પણ થાય. ગૃહસ્થના ઘેર પ્રવેશતા સાધુની વિધિ—

● **સૂત્ર-૩૬૬ :-**

***તે સાધુ-સાધ્વી યાવત્ ગૃહસ્થના ઘેર બારસાખનો વારંવાર સહારો લઈને ઉભા ન રહે. એ જ રીતે ગૃહસ્થના ગંદુ પાણી ફેંકવાના સ્થાને, આચમન સ્થાને, સ્નાન કે શૌચ જવાના સ્થાને કે જવા-આવવાના સ્થાને ઉભા ન રહે. વળી તે ઘરના સમારેલ ભાગને, દીવાલોની સંધિને, જલગૃહને; વારંવાર હાથ ફેલાવીને, આંગળી ચીંધીને, પોતે નીચે નમીને કે ઉંચુ મુખ કરીને મુનિએ અવલોકવા નહીં. ગૃહસ્થ પાસે આંગળી ચીંધીને યાચના ન કરે, આંગળીથી ભય દેખાડી ન યાચે, શરીરને આંગળી વડે સ્પર્શ કરીને કે ગૃહસ્થની પ્રશંસા કરીને ન યાચે. [કદાચ ગૃહસ્થ ન આપે તો] તેને કઠોર વચન ન કહે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર પ્રવેશતા આટલું ન કરે. જેમકે - તેના ઘરના બારશાખને વારંવાર અવલંબીને ઉભો ન રહે કેમકે તે જીર્ણ હોય તો પડી જાય, બરોબર જડેલ ન હોય તો ખસી જાય. તેથી સંયમ અને આત્મ વિરાધના થાય. તથા વાસણ ધોઈને પાણી ફેંકવાના સ્થાને, આચમનના પાણીના જવાને સ્થાને ન ઉભે કેમકે તેથી પ્રવચનનિંદા થાય. તથા સ્નાન કે શૌચ સ્થાને ન ઉભે - x - કહ્યું છે કે સ્નાન શૌચ કરતા ગૃહસ્થ જ્યાં દેખાય ત્યાં ન ઉભવું. કેમકે ત્યાં જોવાથી સ્ત્રી વગેરેના સંબંધીને શંકા જાય અને ત્યાં લજ્જાથી તે બરોબર શરીર સાફ ન કરી શકે



તેથી દ્વેષ થાય.

તે જ પ્રમાણે ગૃહસ્થના ઘરના ઝરોખા, ફાટ પડી હોય તે દુરસ્ત કરાવી હોય, ચોરે ખાતર પાડેલ સંધિ સ્થાન, જલગૃહ તરફ ન જુએ, વારંવાર હાથ લાંબો કરીને કે આંગળી ઉંચી કરીને કે શરીર ઉંચુ-નીચું કરીને પોતે ન જુએ કે બીજાને ન બતાવે. - x - તેથી ચોરીની શંકા જાય. વળી તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને ગૃહસ્થને આંગળી વડે ઉદ્દેશીને તથા આંગળી ચલાવીને ભય બતાવીને તથા ખરજ ખણીને તેમજ ગૃહસ્થને વચનથી સ્તુતિ કરીને યાચના ન કરે. તથા ગૃહસ્થ ન આપે તો તેને કડવા વચન ન કહે. જેમકે - તું યક્ષ માફક પારકાના ઘરનું રક્ષણ કરે છે. તારા નસીબમાં દાન ક્યાંથી ? તારી વાત જ સારી છે કૃત્યો નહીં. વળી તું ''નથી-નથી'', એવા બે અક્ષર બોલે છે, તેને બદલે તું ''આપ-આપ'' એમ કહે તો તારું કલ્યાણ થશે.

● **સૂત્ર-૩૬૭ :-**

***[ભિક્ષા માટે ગયેલ સાધુ-સાધ્વી] ત્યાં કોઈને ભોજન કરતા જુએ, જેમકે ગૃહસ્થ યાવત્ નોકરાણી. તો પહેલા વિચારીને કહે કે, હે આયુષ્યમાન્‌ભાઈ ! કે બહેન ! આમાંથી મને કંઈ ભોજન આપશો ? મુનિના એ પ્રમાણે કહેવાથી તે ગૃહસ્થ હાથ, થાળી, કડછી કે અન્ય પાત્ર સચિત્ત કે ઉષ્ણ જલથી એક કે અનેક વાર ધોવા લાગે તો સાધુએ પહેલાં જ તેને કહી દેવું જોઈએ કે, હે આયુષ્યમાન્ ભાઈ ! કે બહેન ! તમે તમારા હાથ વગેરેને ઠંડા કે ગરમ પાણીથી ધોશો નહીં. જો તમે મને ભોજન આપવા ઇચ્છતા હો તો એમ જ આપો. સાધુએ આમ કહેવા છતાં તે ગૃહસ્થ ઠંડા કે ગરમ પાણીથી હાથ વગેરે ધોઈને કે વિશેષ ધોઈને આપે—***

***તો આવા પૂરો કર્મવાળા હાથ આદિથી અશનાદિ લેવું તે અપ્રાસુક અને અનેષણીય છે યાવત્ તે લેવું ન જોઈએ. વળી જો સાધુ એમ જાણે કે પુરોકર્મથી નહીં પણ એમ જ હાથ વગેરે ભીના છે, તો પણ તે અશનાદિને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે તેમજ એમ જાણે કે હાથ આદિ ભીના તો નથી પણ સસ્નિગ્ધ-સચિત્તરજ, ભીનાશ, માટી, ઓસ, હડતાલ, હિંગુલ, મનશીલ, અંજન, મીઠું, ગેરુ, પીળી માટી, સફેદ માટી, ગોપીચંદન, તાજો લોટ, તાજી કણકી, ચૂર્ણ આદિથી લિપ્ત છે તો પણ તેવા હાથ વગેરેથી અપાયેલ આહાર સાધુ ન લે.***

***પરંતુ જો એમ જાણે કે દાતાના હાથ સચિત્ત વસ્તુથી લિપ્ત નથી, પણ અચિત્ત લિપ્ત છે તો તે અશનાદિ પ્રાસુક જાણી યાવત્ લે.***

● **વિવેચન :-**

*[દશવૈકાલિક અધ્યયન-૫માં અને નિશીથ ચૂર્ણિમાં પણ આવું વર્ણન છે.]*

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશતા ગૃહસ્થ આદિ કોઈને જમતા જોઈને વિચારે કે આ ગૃહસ્થ કે તેની પત્ની યાવત્ નોકરાણી જમી રહ્યા છે. તો તેમનું નામ લઈને

યાચના કરે કે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! કે હે બહેન ! અથવા તેવું બીજું વચન બોલીને કહે કે, તમે જે રાંધ્યુ હોય તેમાંથી અમને કંઈ આપો. - x - x - તે ભિક્ષુને તેમ યાચના કરતા સાંભળીને બીજા કોઈ ગૃહસ્થ કદાચ હાથ, થાળી, કડછી કે બીજું કોઈ વાસણ કાચા પાણીથી કે અપ્રાસુક ઉષ્ણ પાણી વડે કે કાળ વીતી જતા સચિત્ત થયેલ ઉષ્ણ પાણી વડે એક વખત ધુએ કે વિશેષથી ધુએ ત્યારે તે જોઈને પહેલા સાધુ વિચારે પછી તેમનું નામ દઈને અટકાવે કે તમે એ રીતે હાથ વગેરે ન ધોશો. તો પણ જો તે ગૃહસ્થ સચિત્ત પાણીથી હાથ વગેરે ધોઈને આહાર આપે તો તેને અપ્રાસુક જાણી સાધુ ન લે.

વળી તે સાધુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને એમ જાણે કે, સાધુ માટે નહીં, પણ કોઈપણ કારણે પહેલા જ ધોવાની ક્રિયા કરી છે, હાથમાંથી પાણી ટપકી રહ્યું છે એવું જાણીને - x - x - ચારે પ્રકારનો આહાર અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે. વળી એમ જાણે કે—

પાણી ટપકતું નથી પણ હાથ કે વાસણ ભીના છે તો પણ સાધુ ન લે. એ પ્રમાણે ભીના હાથ હોય તો ન લે તથા સચિત્ત રજ, માટી આદિમાં સમજી લેવું. તેમાં 'उष' એટલે ક્ષારવાળી માટી, હડતાલ, હિંગલોક આદિ પ્રસિદ્ધ છે. આ બધી ખાણમાંથી નીકળતી સચિત્ત વસ્તુ છે. वर्णिका એટલે પીળી માટી, सेटिका તે ખડી, તુવરિકા, છડ્યા વિનાના ચોખાનું ચૂર્ણ, ઉપરના છોતરા, ખાંડેલ ચુરો વગેરેથી ખરડેલા હાથે આપે તો લે નહીં; પણ જો ખરડેલા ન હોય તો સાધુ ગોચરી લે.

પરંતુ જો એમ જાણે કે - x - તે જાતિના આહારાદિથી હાથ વગેરે ખરડાયેલ છે, તો પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે. અહીં આઠ ભાંગા [ભેદ] છે. તેમાં અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ વાસણ, તે જાતિના દ્રવ્ય વડે સંસૃષ્ટ ઇત્યાદિ - x - x - x - તો પ્રાસુક, એષણીય જાણી ગ્રહણ કરે.

● સૂત્ર-૩૬૮ :-

***તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર પ્રવેશી એવું જાણે કે કોઈ અસંયમી ગૃહસ્થે સાધુ નિમિત્તે ધાણી, મમરા, પોંક, ચાવલ આદિ [તૈયાર કર્યા છે.] તે સચિત્ત શિલા પર તથા બીજવાળી, વનસ્પતિવાળી યાવત્ જાળાવાળી શીલા પર કુટ્યા છે, કુટે છે અને કુટશે, ઝાટક્યા છે, ઝાટકે છે અને ઝાટકશે. આ પ્રકારે પૃથક્ કરેલ ચાવલ આદિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.***

● વિવેચન :-

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘરમાં પ્રવેશતા જો એમ જાણે કે - ચોખા આદિના મમરા ઘણાં રજ [ફોતરા] વાળા છે અથવા અર્ધપક્વ ચોખા આદિના કણ વગેરે હોય, તેને ગૃહસ્થે સાધુને ઉદ્દેશીને સચિત્ત શિલા કે બીજવાળી, વનસ્પતિવાળી, ઇંડાવાળી યાવત્ કરોળીયાના જાળાવાળી શિલા ઉપર કુટેલા છે - કુટે છે કે કુટશે. - x - x - તે ધાણી મમરા આદિ સચિત્ત કે અચિત્ત હોય તેને સચિત્ત શિલા પર કુટીને સાધુ માટે ઝાટકીને આપ્યા છે - આપે છે કે આપશે. તેવું જાણીને તેવા પ્રકારનો



પૃથુક આદિ આહાર મળે તો પણ ગ્રહણ ન કરે.

● સૂત્ર-૩૬૯ :-

***તે સાધુ-સાધ્વી ગૌચરી માટે ગૃહસ્થના ઘેર પ્રવેશતા એમ જાણે કે બિલ કે ઉદ્ભિજ મીઠું અસંયમી ગૃહસ્થે સાધુના નિમિત્તે સચિત્ત યાવત્ જાળા વાળી શિલા પર ભાંગેલ છે - ભાંગે છે કે ભાંગશે, પીસેલ છે - પીસે છે કે પીસશે તો તેવા મીઠાને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે.***

● વિવેચન :-

જો તે ભિક્ષુ એવું જાણે કે આ ખાણમાંથી ખણેલ મીઠું અથવા સિંધવ, સંચર આદિ તથા ઉદ્ભિજ - સમુદ્ર કિનારે ક્ષારના સંપર્કથી થતું મીઠું ઉપલક્ષણથી ક્ષાર સૂકવવાથી થતું, રૂમકાદિ મીઠું; આવું મીઠું શિલા પર ભેદીને કણીયા રૂપ કરેલ છે તથા સાધુ માટે ભેદે છે કે ભેદશે અથવા ચૂર્ણ જેવું કરવા પીસ્યુ છે, પીસે છે કે પીસશે તો એવું મીઠું ગ્રહણ ન કરે.

● સૂત્ર-૩૭૦ :-

***[ભિક્ષાર્થે ગયેલ] સાધુ કે સાધ્વી એમ જાણે કે અશનાદિ આહાર અગ્નિ પર રાખેલ છે, તો તેવા પ્રકારના અશનાદિને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે, કેવળી ભગવંત કહે છે કે, તે કર્મબંધનું કારણ છે, કેમકે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિ પર રાખેલ આહારમાંથી થોડો ભાગ કાઢે છે કે તેમાં નાંખે છે, હાથ લુંછે કે વિશેષથી સાફ કરે, પાત્રને નીચે ઉતારે કે ચડાવે અને એ રીતે અગ્નિજીવની હિંસા કરે છે. હવે સાધુની એ જ પ્રતિજ્ઞા, એજ હેતુ, એ જ કારણ, એ જ ઉપદેશ છે કે તે અગ્નિ પર રાખેલ અશનાદિને હિંસાનું કારણ જાણી અપ્રાસુક હોવાથી ગ્રહણ ન કરે. આ જ સાધુનો ભિક્ષુ ભાવ છે.***

● વિવેચન :-

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને ચતુર્વિધ આહાર અગ્નિ ઉપર રાખેલ, તેવા પ્રકારની જ્વાલા સાથે સંબદ્ધ હોય તો મળવા છતાં ગ્રહણ ન કરે. હવે તેનો દોષ કહે છે - કેવલી કહે છે આ કર્માદાન છે, તે જ પ્રમાણે ગૃહસ્થ ભિક્ષુને ઉદ્દેશીને ત્યાં અગ્નિ ઉપર રહેલ આહારને [બીજા વાસણમાં] નાંખે વધેલું પાછું નાંખે કે એક વખત હાથથી મસળીને શોધે કે પ્રકર્ષથી શોધે, તથા નીચે ઉતારે કે તીર્છુ કરીને અગ્નિ જીવોને પીડે.

હવે ઉપરોક્ત સાધુની આ પ્રતિજ્ઞા છે, આ હેતુ - આ કારણ - આ ઉપદેશ છે કે અગ્નિ સંબદ્ધ ભોજન કે અગ્નિ ઉપર રહેલ ભોજન અપ્રાસુક અને અનેષણીય છે. આ પ્રમાણે જાણી મળવા છતાં તે આહાર ન લે. એ જ ખરેખર સાધુનો સમગ્ર ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧ - અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૬નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ✻ ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૭ ✻

૦ છટ્ઠા ઉદ્દેશા પછી સાતમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૬-માં સંયમ વિરાધના બતાવી અહીં સંયમ-આત્મા-દાતૃ વિરાધના વડે પ્રવચનની હીલના થાય તે બતાવે છે—

**● સૂત્ર-૩૭૧ :-**

*ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી જાણે કે અશન આદિ દીવાલ-સ્થંભ-મંચ-માળ-પ્રાસાદ-હવેલીની છત કે અન્ય તેવા પ્રકારના ઉંચા સ્થાને રાખેલ છે, તો એવા સ્થાનોથી લાવીને અપાતું અશનાદિ અપ્રાસુક જાણીને તેવો આહાર ગ્રહણ ન કરે. કેવલી કહે છે કે એ કર્મબંધનું કારણ છે. કેમકે ગૃહસ્થ સાધુના નિમિત્તે પીઠ, ફલક, નીસરણી કે ઉખલ આદિ લાવીને તેને ઉંચો કરીને ઉપર ચડશે. તેમ ઉપર ચડતા તે લપસે કે પડે. જો તે લપસે કે પડે તો તેના હાથ, પગ, ભુજા, છાતી, પેટ, મસ્તક કે શરીરનું કોઈ અંગ ભાંગે અથવા પ્રાણી-જીવ-ભૂત-સત્વની હિંસા કરશે, તેઓને ત્રાસ થશે, કચડાશે, અંગોપાંગ ટુટશે, ટકરાશે, મસળાશે, અથડાશે, ઘસાશે, સંતાપ પામશે, પીડાશે, કિલામણા પામશે, એક સ્થાનથી બીજા સ્થાને પડશે. તેથી આવા પ્રકારના માલોપહૃત અશનાદિ મળવા છતાં ગ્રહણ ન કરે.*

*ગૃહસ્થના ઘેર ગયેલ સાધુ-સાધ્વી જાણે કે આ અશનાદિ કોઠીમાંથી, ગૃહસ્થે સાધુ નિમિત્તે ઉંચા થઈને, નીચા નમીને, શરીર સંકોચી કે આડા પડીને આહાર લાવીને આપે તો તે અશનાદિ ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-** *[ચૂર્ણિમાં કિંચિત્ પાઠ ભેદ અને અર્થ વિશેષતા છે.]*

તે ભિક્ષુ ભિક્ષાર્થે પ્રવેશીને ચારે પ્રકારના આહાર વિશે જાણે કે તે સ્કંધ-અર્ધપ્રાકાર, પત્થર કે લાકડાનો સ્તંભ, તથા માંચડો કે શીકું કે પ્રાસાદ કે હવેલીતલ કે અન્ય તેવા પ્રકારના અધર સ્થાનમાં રાખેલો હોય, તે તેવા પ્રકારના આહારને માલાપહૃત જાણીને મળવા છતાં ગ્રહણ ન કરે. કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. તે આ પ્રમાણે—

ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને સાધુને દેવા માટે માંચી, પાટીયું, નીસરણી કે ઉંધી ઉખલ આદિ ઉંચે ટેકવીને તેના પર ચડીને આહાર લેવા જતાં લપસે કે પડે. ત્યાંથી તે લપસતા કે પડતાં હાથ વગેરે ભાંગે કે શરીર અથવા ઇન્દ્રિયો ટુટે. તથા [તેના લપસવા કે પડવાથી] પ્રાણી-ભૂત-જીવ-સત્વ હણાય કે ત્રાસ પામે. *[અહીં અભિહયાદિ પદો છે જે ઇર્યાપથિકી સૂત્ર મુજબ છે.]* તે જીવો સંશ્લેષ-સંઘર્ષ-સંઘટ્ટ પામે. આ પ્રમાણે થતાં તે જીવો પરિતાપ પામે, કિલામણા પામે, એક સ્થાનથી બીજે સ્થાન સંક્રમિત થાય.

આ પ્રમાણે જાણીને તે પ્રકારના માળા આદિથી લાવીને જો આહાર આપે તો તે મળવા છતાં ગ્રહણ ન કરે. અથવા તે સાધુ આહાર લેતાં આ પ્રમાણે જાણે કે માટીની કોઠીમાંથી કે જમીનમાં ખોદેલ અર્ધવૃત્તાકાર ખાડમાંથી તે ગૃહસ્થ સાધુને



ઉદ્દેશીને કાયાને ઉંચી નીચી કરીને, કુબ્જ થઈને તથા ખાડમાં નીચા નમીને કે તીર્છા પડીને આહાર લાવીને આપે, તો સાધુ તેવા પ્રકારના અધોમાલાહૃત આહાર મળવા છતાં ન લે.

હવે પૃથ્વીકાયને આશ્રીને કહે છે—

**● સૂત્ર-૩૭૨ :-**

*તે સાધુ-સાધ્વી યાવત્ એમ જાણે કે અશનાદિ આહાર માટી વડે લિપ્ત વાસણમાં છે, તો તેવા અશનાદિ મળવા છતાં ન લે. કેવલી ભગવંત તેને કર્મબંધનું કારણ કહે છે. કેમકે ગૃહસ્થ સાધુને આહાર આપવા માટીથી લિપ્ત વાસણને ખોલતા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાય અને ત્રસકાયની હિંસા કરશે, ફરી લીંપીને પશ્ચાત્ કર્મ કરશે.*

*તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે માટીથી બંધ કરેલ ભાજન આદિમાંથી અપાતો આહાર મળવા છતાં ગ્રહણ ન કરે. તે ભિક્ષુ - x - x - જાણે કે અશનાદિ પૃથ્વીકાય પર રાખેલ છે, તો તેવા અશનને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે. - x - તે અશનાદિ અપ્કાય કે અગ્નિકાય પર રહેલ હોય તો પણ - x - ગ્રહણ ન કરે. કેવલી ભગવંતને તેને કર્મબંધનું કારણ કહે છે. કેમકે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિને તેજ કરશે, લાકડા વગેરે બહાર કાઢશે, પાત્રને ઉતારીને આહાર આપશે તેથી સાધુ આવો આહાર અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહપતિના ઘરમાં પ્રવેશતા જો એમ જાણે કે - પિઠરક આદિ માટીથી લીંપીને રાખેલ હોય તેમાંથી કાઢી આહાર આપે તો પશ્ચાત્ કર્મના ભયે ચારે પ્રકારનો આહાર મળવા છતાં ગ્રહણ ન કરે. કેમકે કેવલીએ કહ્યું છે કે તેનાથી કર્મ આદાન થાય. તે જ દર્શાવે છે—

ગૃહસ્થ ભિક્ષુ નિમિત્તે માટીથી લિપ્ત વાસણમાંથી આહાર આપે તો તે વાસણ ખોલતા પૃથ્વીકાયનો સમારંભ કરે, તે જ કેવલી કહે છે તથા તેઉ-વાયુ-વનસ્પતિ-ત્રસકાયનો સમારંભ કરે, સાધુને આપ્યા પછીના કાળે બાકીના આહારની રક્ષાર્થે તે વાસણને લીંપીને પશ્ચાત્ કર્મ કરે. હવે ભિક્ષુની આ પૂર્વોપદિષ્ટા પ્રતિજ્ઞા છે, તે જ હેતુ - તે જ કારણ - તે જ ઉપદેશ છે કે તેવા પ્રકારે માટીથી લીંપેલ વાસણ ઉઘાડીને અશનાદિ આપે તો મળવા છતાં ગ્રહણ ન કરે.

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેસતા જાણે કે તે આહાર સચિત્ત પૃથ્વીકાય પ્રતિષ્ઠિત છે તો તેવો આહાર જાણીને પૃથ્વીકાય સંઘટ્ટનાદિ ભયથી મળવા છતાં અપ્રાસુક, અનેષણીય જાણી ગ્રહણ ન કરે. એ પ્રમાણે અપ્કાય અને અગ્નિકાય ઉપર રહેલ આહાર પણ મળવા છતાં ગ્રહણ ન કરે, કેમકે કેવલી તેને કર્મનું આદાન કહે છે - તે જ બતાવે છે—

ગૃહસ્થ ભિક્ષુ નિમિત્તે અગ્નિકાયને ઉલ્કાદિ વડે પ્રજ્વલિત કરે અગ્નિ ઉપર

સ્થાપેલ વાસણને આમતેમ ફેરવી આહાર આપે [તેથી તે જીવોને પીડા થાય] માટે સાધુની પ્રતિજ્ઞા છે કે તેવો આહાર ન લે.

*[૦ દશવૈકાલિક અધ્ય.૫-માં આ સૂત્રને મળતી ગાથા છે, પિંડ નિર્યુક્તિમાં પણ આવી ગાથા છે, જેની વૃત્તિ અવશ્ય જોવી.]*

● **સૂત્ર-૩૭૩ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ અશનાદિ અતિ ઉષ્ણ છે, ગૃહસ્થ સાધુ નિમિત્તે [તે આહારને] સુપડા-વિંઝણા-તાડપત્ર-પાન-શાખા-શાખાનો ટુકડો-મોરના પંખ-તે પંખનો બનેલ પંખો-વસ્ત્ર કે વસ્ત્રનો ટુકડા વડે અથવા હાથ કે મુખથી ફુંકે કે હવા નાંખે, તો સાધુ વિચારીને કહે કે, હે આયુષ્યમાન્ ! કે બહેન ! તમે આ અતિઉષ્ણ આહારને સુપડા યાવત્ ફુંકીને કે હવા નાંખીને મને દેવા ઇચ્છતા હો તો ન આપો.***

***એમ કહેવા છતાં ગૃહસ્થ સુપડા આદિ વડે યાવત્ હવા નાંખીને તે આહાર લાવીને આપે તો તેવા અશનાદિ અપ્રાસુક જાણી ન લે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને જો જાણે કે અતિ ઉષ્ણ ઓદનાદિને ગૃહસ્થ સાધુને નિમિત્તે ઠંડો કરવા માટે સુપડાથી, વીંઝણાથી, તાલવૃંતથી, મોરના પીંછાના પંખાથી તથા શાખાથી, શાખાભંગથી, પાંદડાથી તથા પીંછા કે પીંછાના સમૂહથી, વસ્ત્ર કે વસ્ત્રના છેડાથી, હાથથી કે મુખથી કે તેવા અન્ય સાધનથી, મુખવાયુ વડે ઠંડા કરે કે વસ્ત્રાદિ વડે હવા નાંખે; ત્યારે ભિક્ષુ પહેલાથી ઉપયોગ રાખીને તેમ કરતા ગૃહસ્થને જોઈને આમ કહે કે, હે અમુક ! કે હે બહેન ! તમે આવું ન કરો. જો મને આપવા ઇચ્છતા હો તો જેમ છે તેમ જ આપો. આ પ્રમાણે તે ભિક્ષુએ કહેવા છતાં તે ગૃહસ્થ સૂપડાં વડે કે યાવત્ મુખ વડે હવા નાંખીને તે આહાર લાવીને આપે, તો તેને અનેષણીય જાણી ન લે.

પિંડાધિકાર જ એષણાદોષને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૭૪ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અશનાદિ વનસ્પતિકાય પર રાખેલ છે, તો તેવા અશનાદિ મળવા છતાં ગ્રહણ ન કરે.***

***એવી જ રીતે ત્રસકાય પ્રતિષ્ઠિત આહાર પણ ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહપતિના ઘેર પ્રવેશતા જો એમ જાણે કે - તે ચતુર્વિધ આહાર વનસ્પતિકાય ઉપર રહેલો છે, તો ગ્રહણ ન કરે. આ પ્રમાણે ત્રસકાય સૂત્ર પણ જાણવું. અહીં વનસ્પતિકાય પ્રતિષ્ઠિત ઇત્યાદિથી 'નિક્ષિપ્ત' નામનો એષણાદોષ કહ્યો. એ રીતે બીજા પણ એષણા દોષો યથાસંભવ સૂત્રોમાં યોજવા. તે આ પ્રમાણે છે—

તેમાં ૧-આધાકર્માદિ વડે શંકિત, ૨-પાણી વગેરેથી મ્રક્ષિત, ૩-પૃથ્વીકાયાદિ પર રહેલ નિક્ષિપ્ત, ૪-બીજોરાદિ ઢાંકેલ-પિહિત, ૫-વાસણમાંથી તુષ આદિ ન આપવા





યોગ્ય સચિત્ત પૃથ્વી આદિ પર નાંખી તે વાસણ આદિથી આપે તે સંહત, ૬-બાલવૃદ્ધાથી-દાતા, ૭-સચિત્ત મિશ્ર-ઉન્મિશ્ર, ૮-દેય વસ્તુ બરોબર અચિત્ત ન થઈ હોય કે દેનાર-લેનારના ભાવ વિનાની હોય તે અપરિણત. ૯-ચરબી આદિથી લિપ્ત, ૧૦-છાંટા પાડતા વહોરાવે તે છર્દિત. હવે પાનક અધિકાર કહે છે—

● **સૂત્ર-૩૭૫ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જે આ પાણીને જાણે - જેમકે - લોટનું ધોવાણ, તલનું ધોવાણ, ચોખાનું ધોવાણ અથવા તેવા પ્રકારના બીજા ધોવાણ જે તુર્તના હોય, સ્વાદ બદલાયો ન હોય, અચિત્ત ન હોય, શસ્ત્ર પરિણત ન હોય, વિધ્વસ્ત ન હોય તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.***

***પરંતુ જો સાધુ એમ જાણે કે આ ધોવાણ લાંબા સમયનું છે, સ્વાદ બદલાયો છે, અચિત્ત છે, પરિણત છે, વિધ્વસ્ત છે તો ગ્રહણ કરે.***

***જો કોઈ પાણીના વિષયમાં જાણે કે - આ પાણી તલનું, તુષનું, જવનું, કાંજીનું કે ચોખાનું ધોવાણ છે, શુદ્ધ ઉકાળેલ છે અથવા અન્ય તેવા પ્રકારનું છે, તો તેવું પાણી જોઈને પહેલા જ કહી દે હે આયુષ્યમાન્ ! બહેન ! તમે આમાંથી કોઈ પાણી મને આપશો ? એમ કહેતા સાધુને કદાચ દાતા એમ કહે કે, તમે પોતે જ તમારા પાત્રથી કે પાત્ર ઉંચુ કરીને કે નમાવીને લઈ લો, તો એવું પ્રાસુક પાણી મળે તો તે સ્વયં લે અથવા બીજા આપે તો પણ ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પાણી માટે પ્રવેશતા જો એમ જાણે કે આ પાણી લોટનું ધોવાણ છે, તલનું ધોવાણ છે, અરણિકા આદિનું ધોવાણ છે તેમાં પ્રથમનાં બે તો પ્રાસુક છે, ત્રીજું-ચોથું મિશ્ર છે, તે કાલાંતરે પરિણત થાય છે, ચોખાનું ધોવાણ તેના ત્રણ અનાદેશ છે — (૧) પરપોટા થતા હોય, (૨) વાસણને લાગેલ બિંદુ શોષાઈ ગયા હોય, (૩) ચોખા રંધાઈ ગયા હોય. તેનો આદેશ એ છે કે, પાણી સ્વચ્છ થઈ ગયું હોય તો લેવાય. પણ સ્વ સ્વાદથી અચલિત, અવ્યુત્ક્રાંત, અપરિણત, અવિધ્વસ્ત, અપ્રાસુક પાણી ગ્રહણ ન કરે. તેનાથી વિપરીત હોય તો ગ્રહણ કરે.

પાનક અધિકારને વિશેષથી કહે છે - તે ભિક્ષુ - x - એવું પાણી જાણે કે તલનું કોઈ પ્રકારે પ્રાસુક કરાયેલ પાણી, તુષ કે જવનું ધોવાણ, ઓસામણ, સૌવીર, પ્રાસુક પાણી કે તેવા પ્રકારના બીજા દ્રાક્ષાદિના ધોવાણ વગેરે અચિત્ત પાણી જુએ તો ગૃહસ્થને કહે કે, હે ભાઈ ! હે બહેન ! જે કંઈ અચિત્ત પાણી હોય તે મને આપો. તે ગૃહસ્થ સાધુને એવું બોલતા સાંભળી કહે કે, હે શ્રમણ ! તમે આ પાણી પોતાના પાતરા, કાચલી કે કડાયું ઉંચકીને કે નમાવીને લઈ લો - x - તે એમ અનુજ્ઞા આપે ત્યારે સાધુ સ્વયં લે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને લે.

● **સૂત્ર-૩૭૬ :-**

***તે સાધુ કે સાધ્વી પાણીના વિષયમાં જાણે કે - તે [અચિત] પાણી સચિત્ત પૃથ્વી યાવત્ જાળાયુક્ત પદાર્થ પર રાખેલ છે. અથવા સચિત્ત પદાર્થ યુક્ત***

***વાસણમાંથી કાઢીને રાખેલ છે, ગૃહસ્થે સાધુને દેવા માટે (સચિત્ત) ટપકતાં પાણીવાળા કે ભીના હાથે, સચિત્ત પૃથ્વી યુક્ત પાત્રથી કે સચિત્ત પાણી મેળવીને આપે તો તેવા પાણીને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. એ સાધુની સામાચારી છે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ જો એવું જાણે કે તે પાણી સચિત્ત પૃથ્વીકાયાદિ ઉપર આંતરારહિતપણે મુકેલું છે તથા કરોળીયાના જાળા આદિ યુક્ત બીજા વાસણમાંથી લઈને રાખેલું છે કે ગૃહસ્થે ભિક્ષુને નિમિત્તે જ પાણીના ગળતાં ટપકાં વડે કે સચિત્ત પૃથ્વી આદિથી ખરડાયેલ વાસણ કે ઠંડા પાણી સાથે મિશ્ર કરીને આપે છે તો તેવું પાણી અપ્રાસુક-અનેષણીય જાણી ગ્રહણ ન કરે. આ ભિક્ષુ-ભિક્ષુણીનો સમગ્ર ભિક્ષભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૭ નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧ અધ્યયન-૧ ઉદ્દેશો-૮ 卐

૦ સાતમો ઉદ્દેશો કહ્યો. હવે આઠમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૭-માં 'પાનક' વિશે કહ્યું. અહીં પણ તે જ વિશેષથી કહે છે—

● **સૂત્ર-૩૭૭ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ આવા પાનકને જાણે - જેમકે - આંબાનું પાણી, અંબાડગ, કોઠા, બીજોરા, દ્રાક્ષ, દાડમ, ખજૂર, નાળિયેર, કરીર, બેર, આંબળા કે આંબલીનું પાણી અથવા તે પ્રકારનું બીજું કોઈ પાણી જો ગોઠલી-છાલ કે બીજ સહિત હોય અને ગૃહસ્થ સાધુ નિમિત્તે ચાલણી વસ્ત્ર કે વાલકથી એક કે અનેક વાર મસળીને, છણીને અને બીજાદિ અલગ કરીને લાવીને આપે તો તેવા પ્રકારના પાનકને અપ્રાસુક જાણીને મળવા છતાં પણ ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને એવા પાણીને જાણે કે તે કેરીનું, અંબાડા, કોઠ, બીજોરુ, દ્રાક્ષ, દાડમ, ખજૂર, નાળિયેર, કેર, કોલ, આમળા કે આંબલીનું ધોવાણ છે - x - x - કે તેવું બીજું પાણી છે, તે ઠળિયા, કણુક-છાલ આદિ તથા બીજ સહિત વર્તે છે - x - એવા પાણીને ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને દ્રાક્ષ વગેરે ચુરીને કે વાંસની છાલથી બનાવેલ છાબડી કે વસ્ત્ર કે ગાયની પુંછના વાળના ચાલણા કે સુઘરીના માળા વડે ઠળીયો આદિ દૂર કરવા એકવાર મસળીને કે વારંવાર ચોળીને તથા ગાળીને સાધુ પાસે લાવીને આપે, તો આવું પાણી ઉદ્‌ગમ દોષથી દુષ્ટ જાણીને મળતું હોય તો પણ ન લે. આ ઉદ્‌ગમ દોષ આ પ્રમાણે છે—

૧-આધાકર્મ-સાધુ માટે સચિત્તનું અચિત્ત કરે કે અચિત્ત રાંધે, ૨-ઔદ્દેશિક-પોતાને માટે તૈયાર રસોઈ-લાડુ આદિને સાધુ માટે ફરી સંસ્કારિત કરે, ૩-પૂતિકર્મ-આધાકર્માદિ ભાગથી મિશ્ર, ૪-મિશ્ર-સાધુ અને ગૃહસ્થ માટે ભેગો આહાર રાંધે, ૫-સ્થાપના-સાધુ માટે ખીર આદિ રાખી મૂકે, ૬-પ્રાભૃતિકા-અવસરે સાધુ માટે આઘુ-



પાછું કરે, ૭-પ્રાદુષ્કરણ-સાધુ નિમિત્તે બારી ખોલી પ્રકાશ કરવો કે આહારને અજવાળામાં મૂકવો. ૮-ક્રીત-દ્રવ્યાદિથી વસ્તુ ખરીદે.

૯-પામિચ્ચ-સાધુ માટે કોઈ પાસે ઉછીનું લે, ૧૦-પરિવર્ત્ય-સાધુ માટે કોઈ એક વસ્તુ આપી બદલામાં બીજી લાવે, ૧૧-અભ્યાહત-ઘેરથી સાધુની વસતિમાં લાવીને આપે, ૧૨-ઉદ્‌ભિન્ન-છાણ વગેરેથી લીંપેલ વાસણ ખોલીને આપે, ૧૩-માલાહત-માળા આદિ પર રહેલ વસ્તુ નીસરણી આદિથી ઉતારીને આપે, ૧૪-આચ્છેદ્ય-નોકર આદિ પાસેથી છીનવીને આપે, ૧૫-અનિસૃષ્ટ-સમુદાય માટેનો આહાર તેમાંનો કોઈ એક જાતે આપે. ૧૬-અધ્યવપૂરક-પોતાના માટે રંધાતા અન્નમાં પછીથી સાધુ માટે ચોખા વગેરે ઉમેરે. આવા કોઈ દોષથી યુક્ત આહારને સાધુ ન લે.

ફરી પણ ભોજન-પાનને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૭૮ :-**

***તે સાધુ કે સાધ્વી ધર્મશાળા, ઉધાનગૃહો, ગૃહસ્થના ઘર કે ભિક્ષુક આદિના મઠોમાં અન્ન કે પાનક કે અન્ય સુરભિ ગંધોને સુંઘી-સુંઘીને તેના આસ્વાદનની ઇચ્છાથી તેમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થઈ અહો ગંધ ! અહોગંધ ! કહે તો તે ગંધને ન સુંઘે.***

● **વિવેચન :-**

શહેરની બહારના ગૃહ [ધર્મશાળા] કે જ્યાં આવીને મુસાફરો રહે છે, તથા આરામઘરો કે ગૃહસ્થના ઘરો કે ભિક્ષુકાદિના મઠોમાં જ્યાં અન્ન-પાણીની સુગંધી ગંધોને સુંઘી-સુંઘીને તે ભિક્ષુ તેના સ્વાદની પ્રતિજ્ઞાથી મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત થઈને અહાહા ! શું સુગંધ છે ! એમ ગંધને સુંઘે નહીં. ફરી આહારને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૭૯ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે, કમલકંદ, પલાશકંદ, સરસવની દાંડલી કે તેવા પ્રકારના અન્ય કાચા કંદ જે શસ્ત્ર પરિણત ન હોય તે કંદાદિને અપ્રાસુક જાણી દાતા આપે તો પણ ગ્રહણ ન કરે.***

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે પીપર, પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, શ્રૃંગબેર, શ્રૃંગબેરચૂર્ણ કે તેવા પ્રકારની અન્ય કાચી વનસ્પતિ શસ્ત્ર પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.***

***તે સાધુ કે સાધ્વી યાવત્ ફળના વિષયમાં એમ જાણે કે આંબો, અંબાડ, તાલ, વલ્લી, સુરભિ, સલ્લકીના ફળ તથા તેવા પ્રકારના કોઈ ફળ કાચા હોય શસ્ત્ર પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.***

***તે સાધુ કે સાધ્વી યાવત્ કૂંપળના વિષયમાં એમ જાણે કે, પીંપળ, વડ, પિલુંખ, નંદીવૃક્ષ, શલ્લકીની કે તેવા પ્રકારની અન્ય કૂંપળ સચિત્ત હોય, શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.***

***તે સાધુ કે સાધ્વી યાવત્ કોમળફલના વિષયમાં એમ જાણે કે - શલાદ, કોઠા, દાડમ, બિલ્વ કે તેવા પ્રકારના અન્ય કોમળ ફળ જે સચિત્ત હોય, શસ્ત્ર***

*પરિણત ન હોય તો અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ ચૂર્ણના વિષયમાં જાણે કે, ઉંબર, વડ, પીપર, પીપળાનું કે તેવા પ્રકારનું અન્ય ચૂર્ણ સચિત્ત હોય, થોડું પીસેલ હોય, જેનું બીજ નષ્ટ ન થયેલ હોય તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

અર્થ સુગમ છે. 'સાલુક' એ જલજ કંદ છે, 'બિરાલિય' એ સ્થલજ કંદ છે. ઇત્યાદિ - x - x - ઝિંઝિરી એટલે વલ્લી, સુરભિ એટલે શતગ્રુ આદિ. [*સરળ હોવાથી વૃત્તિકારે વિશેષ કહ્યું નથી. ચૂર્ણિમાં કેટલાંક વિશેષ કે ભિન્ન અર્થો છે, દશવૈકાલિક અધ્યયન-૫-માં આવા જ સૂત્ર પાઠો છે.*]

**● સૂત્ર-૩૮૦ :-**

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ત્યાં કાચી ભાજી, સડેલો ખોળ, મધ, મધ, ઘી નીચે જુનો કચરો છે, જેમાં જીવોની પુનઃ ઉત્પત્તિ થાય છે. તેમાં જીવો જન્મે છે, વૃદ્ધિ પામે છે, વ્યુત્ક્રમણ થતું નથી, શસ્ત્ર પરિણત નથી થતાં એ પ્રાણી વિધ્વસ્ત નથી. તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ જે એમ જાણે કે કાચાં પાન તે અરણિક તંદુલીય આદિ, તે અર્ધપક્વ કે અપક્વ હોય અથવા તેનો ખલ કર્યો હોય. - x - x - આ બધાં જુના હોય તો લેવા નહીં કેમકે તેમાં જીવો ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, અવ્યુત્ક્રાંત, અપરિણત હોય. એ એકાર્થક શબ્દો છે. - x -

**● સૂત્ર-૩૮૧ :-**

*તે સાધુ કે સાધ્વી જાણે કે - શેરડીના ટુકડા, અંક કારેલા, કસેરુક, સિંઘોડા, પૂતિઆલુક કે તેવા પ્રકારની બીજી કોઈ વનસ્પતિ જે અપક્વ હોય, શસ્ત્રપરિણત ન હોય તો અપ્રાસુક જાણી ન લે.*

*તે સાધુ કે સાધ્વી જાણે કે - ઉત્પલ, ઉત્પલની દાંડી, પદ્મ, પદ્મની દાંડી, પુષ્કર કે તેના ટુકડા અથવા તેવા પ્રકારના બીજા કમળ સચિત્ત હોય તો અપ્રાસુક જાણીને મળવા છતાં ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

ઉચ્છુમેરગ એટલે છોલેલી શેરડીના ટુકડા - x - ઇત્યાદિ વનસ્પતિ વિશેષ જલજ કે અન્ય તેવા પ્રકારની હોય તે શસ્ત્રથી હણાયેલ ન હોય તો ગ્રહણ ન કરવી. તે ભિક્ષુ જો એમ જાણે કે નીલોત્પલ, તેની નાલ, પદ્મકંદમૂળ, પદ્મકંદ ઉપરવર્તી લતા, પદ્મકેસર, પદ્મકંદ કે અન્ય તેવા પ્રકારની વનસ્પતિ શસ્ત્રથી હણાયેલ ન હોય તો ન લે.

**● સૂત્ર-૩૮૨ :-**

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અગ્રબીજ, મૂલબીજ, સ્કંધબીજ, પર્વબીજ અથવા અગ્ર, મૂળ, સ્કંધ, પર્વ-જાત અથવા અન્યત્ર નહીં પણ એ જ વૃક્ષો પર ઉત્પન્ન કંદલી ગર્ભ, કંદલી ગુચ્છ, નારિયેલનો ગર્ભ, ખજૂરનો ગર્ભ, તાડનો ગર્ભ કે તેવી અન્ય વનસ્પતિ યાવત્ ગ્રહણ ન કરે.*



*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે શેરડી, છિદ્રવાળી પોલી-સડેલી, અંગાર, ફાટેલ છોતાવાળી, શિયાળ આદિની થોડી થોડી ખાધેલી શેરડી, નેતરનો અગ્રભાગ, કંદલી ગર્ભ કે અન્ય તેવા પ્રકારની કોઈ વનસ્પતિ શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણી ન લે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ એમ જાણે કે લસણ, લસણના પાન, લસણની દાંડી, લસણનો કંદ, લસણની છાલ કે તેવી કોઈ વનસ્પતિ છે તેને અપ્રાસુક અનેષણીય જાણીને મળે છતાં ન લે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે કુંભિમાં પકાવેલ અચ્છિય ફળ, તિંદુક, વેલુંક, શ્રીપર્ણી કે તેવા અન્ય પ્રકારના ફળ સચિત્ત હોય, શસ્ત્રથી પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ધાન્યના કણ, દાણાથી ભરેલ કુસકા, દાણાવાળી રોટલી, ચોખા, ચોખાનો લોટ, તલ, તલનો લોટ, તલપાપડી કે તે પ્રકારની અન્ય વસ્તુ શસ્ત્ર પરિણત ન હોય તો મળવા છતાં ગ્રહણ ન કરે. આ જ સાધુ સાધ્વીનો આચાર છે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ જો એવું જાણે કે જપાકુસુમાદિ અગ્રબીજ, જાઈ આદિ મૂળબીજ, સલ્લકી આદિ સ્કંધબીજ, ઇક્ષુ આદિ પર્વબીજ એ જ પ્રમાણે અગ્ર-મૂળ-સ્કંધ-પર્વ જાત તે તેમાંથી જ જન્મે છે, બીજેથી નહીં. કંદલીનો ગર્ભ તથા કંદલી સ્તબક ઇત્યાદિ. કંદલી આદિના મસ્તક સમાન જે કંઈ છેદવાથી તુર્ત જ ધ્વંસ પામે છે, તેવું બીજું પણ અશસ્ત્ર પરિણત હોય તે ન લે.

તે ભિક્ષુ જો એવું જાણે કે શેરડી, રોગ વિશેષથી છિદ્રવાળી, વિવર્ણી-થયેલ, છેદાઈ ગયેલ છાલ, વૃક કે શિયાળે થોડી ખાધેલ હોય - આવા છિદ્રાદિથી તે શેરડી પ્રાસુક થતી નથી તથા વેત્રાગ્ર, કંદલીનો મધ્ય ભાગ તથા બીજું પણ કાચું, શસ્ત્રથી પરિણત ન થયેલ લેવું નહીં.

આ પ્રમાણે લસણ સંબંધી પણ જાણવું, તેમાં ચોયગ એટલે લસણની બહારની છાલ, તે જ્યાં સુધી આર્દ્ર હોય ત્યાં સુધી સચિત્ત જાણવી.

અચ્છિય તે કોઈ વૃક્ષનું ફળ છે. તથા ટીંબરુ આદિ - x - x - કાચાં ફળોને પકવવા ખાડામાં નાખે, તે - x - x - પાકેલાં પણ સચિત્ત જાણવા, આ રીતે પકવે તે 'કુંભીપાક' કહેવાય. સાધુ તે ગ્રહણ ન કરે.

શાલિ વગેરેના કણ તે કણિકા છે, તેમાં કોઈ સચિત્ત યોનિ હોય તથા કણકી મિશ્રિત કુકસા ઇત્યાદિ - x - થોડું પકવેલ હોય તો સચિત્ત યોનિ સંભવે છે. શેષ સુગમ છે - આજ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૮નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૯ 卐

૦ આઠમો ઉદ્દેશો કહ્યો, હવે નવમો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે છે, ઉદ્દેશા-૮ માં અનેષણીય પિંડપરિહાર કહ્યો. અહીં પણ તે કહે છે—

● **સૂત્ર-૩૮૩ :-**

***અહીં પૂર્વાદિ ચારે દિશામાં કોઈ શ્રદ્ધાવાન્ ગૃહસ્થ યાવત્ કર્મચારિણીઓ હોય છે. તેઓ પહેલા એમ કહે છે - આ શ્રમણ, ભગવંત, શીલવાન્, વ્રતી, ગુણી, સંયમી, સંવૃત્ત, બ્રહ્મચારી અને મૈથુન ધર્મના ત્યાગી છે. તેમને આધાકર્મિક અશનાદિ આહાર ખાવો-પીવો કલ્પતો નથી. તેથી અમારા માટે જે આહાર બનાવેલો છે, તે બધો આહાર તેમને આપી દો. પછી આપણા માટે ફરી અશનાદિ બનાવી લઈશું. આવા વચનો સાંભળીને અને સમજીને એવા અશનાદિ અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

इह શબ્દ વાક્યના ઉપન્યાસ કે પ્રજ્ઞાપક ક્ષેત્રાશ્રયી છે. - x - પ્રજ્ઞાપકની અપેક્ષાઓ પૂર્વ આદિ દિશાઓ છે. તેમાં કેટલાંક શ્રદ્ધાળુઓ શ્રાવક કે પ્રકૃતિભદ્રક પુરુષો હોય છે. તે ગૃહસ્થ યાવત્ કામ કરનારી હોય. તેઓ પહેલાં આમ કહે છે. આ સાધુ ભગવંતો ૧૮,૦૦૦ ભેદે શીલવાળા, પાંચ મહાવ્રત અને છટ્ઠુ રાત્રિભોજન વિરમણ વ્રતધારી, પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ યુક્ત, ઇન્દ્રિય અને મનથી સંયમવાળા, આસ્રવદ્વાર બંધ કરનારા, નવવિધ બ્રહ્મગુપ્તિયુક્ત, અઢાર પ્રકારે બ્રહ્મચર્ય પાળનારા છે. તેઓને આધાકર્મી અશનાદિ ખાવા કે પીવા કલ્પતા નથી. તેથી આપણા માટે બનાવેલ અશનાદિ બધું તે સાધુને આપી દઈએ. આપણે પોતા માટે પછી બીજા અશનાદિ બનાવી લઈશું.

ત્યારે સાધુ પોતે આ વાત સાંભળે કે બીજા પાસેથી જાણે તો તેવા અશનાદિ પશ્ચાત્કર્મના ભયથી અપ્રાસુક અનેષણીય જાણી લે નહીં.

● **સૂત્ર-૩૮૪ :-**

***તે સાધુ કે સાધ્વી સ્થિરવાસ હોય કે એક ગામથી બીજે ગામ વિચરતા હોય, તે ગામ યાવત્ રાજધાનીમાં પહોંચે. તે ગામ કે રાજધાનીમાં તે સાધુના પૂર્વ પરિચિત કે પશ્ચાત્ પરિચિત રહેતા હોય. જેમકે ગૃહસ્થ યાવત્ કર્મચારિણી. તો આવા ઘરોમાં ભિક્ષાકાળ પૂર્વે આહારાર્થે આવે-જાય નહીં. કેમકે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. તેમને પહેલા આવેલા જોઈને ગૃહસ્થો સાધુ નિમિત્તે રસોઈની સામગ્રી એકઠી કરશે કે બનાવશે. હવે સાધુને પૂર્વોપદિષ્ટ મર્યાદા છે કે આવા ઘરોમાં આહાર-પાણી માટે ભિક્ષાના સમય પહેલાં પ્રવેશ કે નિષ્ક્રમણ ન કરે. [કદાચ ક્યારેક જવાનો પ્રસંગ આવે તો] - જ્યાં સંબંધીજનોનું આવાગમન ન હોય, કોઈ તેને દેખે નહીં તેવા એકાંત સ્થાને ઉભા રહે અને ભિક્ષાકાળે જ ત્યાં પ્રવેશ કરે. સ્વજનાદિથી ભિન્ન અન્યાન્ય ઘરોમાં સામુદાનિકરૂપે એષણીય અને વેષમાત્રથી પ્રાપ્ત નિર્દોષ આહારની ગવેષણા કરીને તેવો આહાર કરે.***



● **વિવેચન :-**

તે ભિક્ષુ જો એમ જાણે કે ગામથી લઈને રાજધાની સુધીના આ ગામોમાં અમુક સાધુના કાકા વગેરે પૂર્વ પરિચિત અને સસરા વગેરે પશ્ચાત્ પરિચિત ત્યાં ઘરવાસ કરીને રહ્યા છે. તેમાં ગૃહપતિથી કર્મકરી સુધીના છે. તેવા પ્રકારના કુળોમાં આહાર પાણી માટે ન જવું - આવવું. ‘‘આવું હું નથી કહેતો’’ તેમ જણાવવા કહે છે કે, આ કેવલી ભગવંતે કહ્યું છે કે, તેથી અશુભકર્મ બંધાય છે - x - કેમકે તેઓ સાધુ માટે પહેલાથી વિચારીને ઉપકરણ તૈયાર કરાવી રાખે તેમાં અશનાદિ રંધાવી રાખે. તેથી સાધુ માટે પહેલાથી જ આ પ્રતિજ્ઞા કહી છે કે તેઓ સગાસંબંધીના ઘરોમાં ભિક્ષાકાળ પૂર્વે આહારાર્થે ન જાય.

ત્યારે શું કરવું ? તે કહે છે - તે સાધુ આ સ્વજનકુલોને જાણીને કોઈ સ્વજન ન જાણે તેવા એકાંતમાં ચાલ્યા જાય. જઈને સ્વજનાદિ જ્યાં ન આવે કે ન દેખે તેવા સ્થાને રહે. સ્વજનસંબંધી ગ્રામાદિમાં ભિક્ષાકાળે પ્રવેશ કરે, પ્રવેશીને સ્વજન સિવાયના બીજા ઘરોમાં ઉદ્ગમાદિ દોષરહિત તથા વેશમાત્રથી પ્રાપ્ત એવી ઉત્પાદનાદિ દોષરહિત ભિક્ષાની ગવેષણા કરી ગ્રાસૈષણા દોષરહિત આહારને વાપરે.

તે ઉત્પાદન દોષો આ પ્રમાણે છે—

૧-ધાત્રીપિંડ-અશનાદિ માટે દાતાના બાળકો રમાડે, ૨-દૂતીપિંડ-દૂતની માફક ગૃહસ્થનો સંદેશો લઈ જાય, ૩-નિમિત્ત-અંગુષ્ઠ કે પ્રશ્નાદિ નિમિત્ત કહી આહાર મેળવે, ૪-આજીવિકા પિંડ-જાતિ બતાવીને આહાર મેળવે, ૫-વણીમગપિંડ-દાતા જેનો ધર્મ પાળતો હોય તેની પ્રશંસા કરી ગોચરી લે, ૬-ચિકિત્સા-નાની મોટી ચિકિત્સા બતાવી ગોચરી લે, ૭ થી ૧૦-ક્રોધ, માન, માયા અને લોભ દ્વારા ગોચરી મેળવે. ૧૧-પૂર્વ પશ્ચાત્ સંસ્તવ પિંડ-ભિક્ષા દાનથી પૂર્વે કે પછી દાતાની સ્તુતિ કરી ગૌચરી મેળવે, ૧૨-વિદ્યાપીંડ-વિદ્યા વડે મેળવેલ આહાર. ૧૩-મંત્રપિંડ-મંત્રજાપ બતાવી ગોચરી મેળવે, ૧૪-ચૂર્ણપિંડ-વશીકરણાદિ માટે દ્રવ્યચૂર્ણ વડે ગોચરી મેળવે, ૧૫-યોગપિંડ-અંજનાદિથી આહાર મેળવે, ૧૬-મૂલપિંડ-જે અનુષ્ઠાનથી ગર્ભપાત આદિ થાય તેવા વિધાનથી આહાર મેળવે. આ સોળે દોષ સાધુથી ઉત્પન્ન થાય છે.

હવે ગ્રાસએષણાના દોષો કહે છે—

૧-સંયોજના-આહાર લોલુપતાથી દહીં, ગોળ આદિની સંયોજના કરે. ૨-પ્રમાણ-બત્રીશ કોળીયા પ્રમાણથી વધુ આહાર કરે, ૩-અંગાર-આહારના રાગથી આસક્તિપૂર્વક ખાય અને ચારિત્રને અંગારા માફક બાળે, ૪-ધુમ્ર-અંત પ્રાંત આહારના દ્વેષથી ચારિત્રને કાળુ કરે, ૫-કારણ-વેદના આદિ કારણ વિના આહાર કરે. આ પ્રમાણે વેશમાત્રથી પ્રાપ્ત આહારને ગ્રાસૈસણાદિ દોષરહિત થઈને આહાર કરે.

હવે કદાચ એવું થાય કે - ભિક્ષાકાળે પ્રવેશ્યા છતાં ગૃહસ્થ તે સાધુ માટે આધાકર્મિક અશનાદિ બનાવે. તો તે સાધુ મૌનપણે તેની ઉપેક્ષા કરે. શા માટે ? તે લેતાં જ હું પ્રત્યાખ્યાન કરીશ, એ પ્રમાણે માયા સ્થાનને સ્પર્શે. સાધુએ તેમ ન કરવું.

તો શું કરવું ? તે કહે છે, તે પહેલા ઉપયોગ રાખે અને આહારને તૈયાર થતો જોઈ એમ કહે, હે અમુક ભાઈ કે બહેન ! મને આધાકર્મિક આહાર ખાવો કે પીવો કલ્પતો નથી. તેથી તે માટે તમે યત્ન ન કરો. આમ કહેવા છતાં ગૃહસ્થ આધાકર્માદિ આહાર તૈયાર કરે તો તે મળવા છતાં પણ સાધુ ગ્રહણ ન કરે.

● સૂત્ર-૩૮૫ :-

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અતિથિ માટે - માંસ કે મત્સ્ય ભૂંજાઈ રહ્યા છે, તેલના પુડલા બની રહ્યા છે તે જોઈને અતિશીઘ્રતાથી પાસે જઈને યાચના ન કરે. ગ્લાન સાધુ માટે આવશ્યક હોય તો જાય.*

● વિવેચન :-

તે સાધુ જો એમ જાણે કે માંસ કે મત્સ્ય અથવા તેલપ્રધાન પૂડાઓ તેને ત્યાં આવનારા મહેમાનો માટે તૈયાર થઈ રહ્યા છે - સંસ્કારાઈ રહ્યા છે, ત્યારે તેને જોઈને લોલુપતાથી જલ્દી જલ્દી - x - જઈને યાચના ન કરે. સિવાય કે ગ્લાનાદિના કાર્ય માટે જવું પડે.

● સૂત્ર-૩૮૬ :-

*તે સાધુ કે સાધ્વી કોઈપણ પ્રકારના ભોજનને ગ્રહણ કરીને સારો-સારો આહાર ખાઈને ખરાબ કે નિઃસ્વાદ આહાર પરઠવી દે તો તે માયાસ્થાનને સ્પર્શે છે, તેણે આમ ન કરવું જોઈએ. સારું કે ખરાબ બધું જ ખાવું જોઈએ, કંઈપણ પરઠવવું ન જોઈએ.*

● વિવેચન :-

તે ભિક્ષુ કોઈપણ જાતનું ભોજન ગ્રહણ કરીને સારું-સારું ખાઈ જાય અને દુર્ગંધી પદાર્થ ત્યજી દે - x - તો તે કપટ છે, તેવું ન કરવું જોઈએ. પણ સારું કે માઠું બધું ખાઈ લે પણ પરઠવે નહીં.

● સૂત્ર-૩૮૭ :-

*તે સાધુ કે સાધ્વી કોઈપણ જાતનું પાણી ગ્રહણ કરીને મધુર-મીઠું પાણી પીવે અને કસેલુ-અમનોજ્ઞ પાણી પરઠવી દે, તો માયાસ્થાનને સ્પર્શે છે, તે સાધુ એવું ન કરે. પુષ્પિત કે કાસાયિત બધું જ પાણી પી જાય તેમાંથી કિંચિત્ પણ ન પરઠવે.*

● વિવેચન :-

[ભોજન માફક] પાનકસૂત્ર પણ જાણવું, સારા વર્ણ-ગંધયુક્તને પુષ્પ કહેવાય તેથી વિપરીત કષાય કહેવાય. - x - સૂત્ર-૩૮૬ માફક આહારના ગૃદ્ધપણાથી સૂત્રાર્થની હાનિ અને કર્મબંધ થાય છે.

● સૂત્ર-૩૮૮ :-

*તે સાધુ કે સાધ્વી યાવત્ ઘણાં ભોજનાદિને ગ્રહણ કરી લાવેલ હોય [અને આવશ્યકતાથી અધિક હોય તો] ત્યાં જે સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ તથા અપરિહારિક નિકટમાં હોય, તેમને પૂછ્યા કે નિમંત્રિત કર્યા વિના જો સાધુ*



*આહાર પરઠવે તો તે માયાસ્થાનને સ્પર્શે છે, સાધુએ તેમ ન કરવું. પરંતુ આહાર લઈને ત્યાં જાય, તેમને બતાવીને કહે હે શ્રમણો ! આ અશનાદિ ઘણાં વધુ છે, તે તમે વાપરો. તે એવું કહે ત્યારે બીજા સાધુ એમ કહે કે, હે શ્રમણ ! આ આહારમાંથી અમારાથી જેટલું ખાઈ-પી શકાશે તેટલું વાપરીશું, જો બધું વપરાશે તો બધું ખાઈશું-પીશું [તો આપી દે.]*

● વિવેચન :-

તે ભિક્ષુ ઘણું ભોજન પ્રાપ્ત થાય ત્યારે આચાર્ય, ગ્લાન, પરોણા આદિ માટે લાવેલ દુર્લભદ્રવ્યાદિ આપ્યા પછી પણ ઘણું વધી જવાથી ન ખવાય તો ત્યાં સાધર્મિકો, સાંભોગિકો, સમનોજ્ઞો, અપરિહારિકોને - x - નજીક હોવા છતાં તેઓને પૂછ્યા વિના પ્રમાદથી પરઠવી દે તો તે કપટ કરે છે, તેણે એમ ન કરવું, તો શું કરવું ? તે બતાવે છે - તે સાધુ તે વધારાનો આહાર લઈને તેઓની પાસે જાય, જઈને પહેલા આહાર બતાવે. પછી એમ કહે કે, હે શ્રમણો ! મારી પાસે આ અશનાદિ ઘણાં છે, હું તે ખાવા સમર્થ નથી, તમે કંઈ લેશો ? તે સાંભળી બીજા સાધુ કહે કે અમારાથી બને તેટલું ખાઈશું-પીશું, બધું ખવાય તો બધું વાપરીશું.

● સૂત્ર-૩૮૯ :-

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ અશનાદિ બીજાને ઉદ્દેશીને બહાર લાવેલ છે અને તેમણે મને આપવાની અનુમતિ આપી નથી અથવા અનિસૃષ્ટ છે તો તેવા અશનાદિ અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. પરંતુ જેના માટે તે આહાર પાણી લાવ્યા હોય તેમની આજ્ઞાથી આપે અથવા તેમનો ભાગ આપી દીધા પછી દાતા આપે તો તેને પ્રાસુક માનીને યાવત્ ગ્રહણ કરે, આ તે સાધુ-સાધ્વીની સામાચારી છે.*

● વિવેચન :-

તે ફરી જો આવો આહાર જાણે કે - ચાર, ભટ આદિને ઉદ્દેશીને ઘરમાંથી કાઢેલ છે, પણ તે આહારને ચાર, ભટ આદિએ સ્વીકારેલ નથી, તો તે બહુ દોષવાળો જાણીને ન લેવો. પણ જો તે આહાર તે માલિકે સ્વીકારી પોતાનો કર્યો હોય અને આપે તો ગ્રહણ કરવો. - x -

**ચૂલિકા-૧ અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૯નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ᐊ ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૧૦ ᐊ

૦ નવમો ઉદ્દેશો કહ્યો. હવે દશમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૯-માં પિંડગ્રહણવિધિ બતાવી. અહીં સાધારણાદિ પિંડ મેળવેલ વસતિમાં ગયેલ સાધુએ શું કરવું ? તે કહે છે—

● સૂત્ર-૩૯૦ :-

*કોઈ સાધુ એકલો બધાં સાધુ માટે સાધારણ આહાર લાવેલ હોય અને તે સાધર્મિકને પૂછ્યા વિના જેને-જેને ઇચ્છે તેને-તેને ઘણું ઘણું આપે તે માયા સ્થાનને સ્પર્શે છે. તેણે એમ ન કરવું જોઈએ. તે આહાર લઈને સાધુ ત્યાં જઈને એમ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણો ! અહીં મારા પૂર્વ કે પશ્ચાત્ પરિચિત છે. જેમકે - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદક છે. એઓને હું પર્યાપ્ત-પર્યાપ્ત આહાર આપું ? તેને એમ કહેતા સાંભળી સાધુને આચાર્યાદિ કહે, હે આયુષ્યમાન્ ! તમે તમારી ઇચ્છાનુસાર યથાપર્યાપ્ત આહાર આપો. એ પ્રમાણે તેમની આજ્ઞાનુસાર જેટલો દેવાની આજ્ઞા આપે તેટલે આહાર દેવો. જો તેઓ બધો આહાર દેવાની આજ્ઞા કરે તો બધો આહાર આપી દેવો.*

● વિવેચન :-

તે ભિક્ષુ ક્યારેક બધા સાધુ માટે સામાન્ય આહાર આપેલ હોય - x - તે ગ્રહણ કરીને તે બધા સાધર્મિકોને પૂછ્યા વિના જેને જે રૂચે તેને તેવું પોતાની બુદ્ધિથી ઘણું ઘણું આપે, એ રીતે માયા કરે છે. માટે સાધુએ તેમ ન કરવું. અસાધારણ પિંડ મળતાં જે કરવાનું તે કહે છે—

તે સાધુ વેષમાત્રથી મેળવેલ પિંડ [આહાર] લઈને આચાર્ય પાસે જાય. જઈને એમ કહે કે, હે આયુષ્યમાન્ ! અહીં મારા પૂર્વ પરિચિત છે જેમની પાસે મેં દીક્ષા લીધી છે તેના સંબંધી અને પશ્ચાત્ પરિચિત-જેની પાસે શ્રુત ભણ્યો તેના સંબંધી અન્યત્ર રહ્યા છે, તેમના નામ બતાવે છે — ૧-આચાર્ય-અનુયોગધર, ૨-ઉપાધ્યાય-અધ્યાપક, ૩-પ્રવર્તક-વૈયાવચ્ચ આદિમાં યથાયોગ સાધુને પ્રવર્તાવે, ૪-સ્થવિર-સંયમ આદિમાં સીદાતા સાધુઓને સ્થિર કરે, ૫-ગણિ-ગચ્છાધિપ, ૬-ગણધર-આચાર્યકલ્પ-સમાન, ગુરુની આજ્ઞાથી સાધુગણને લઈને જુદા વિચરે તે. ૭-ગણાવચ્છેદક-ગચ્છના નિર્વાહના ચિંતક. આ બધાંને ઉદ્દેશીને આ પ્રમાણે કહે-હું આપની આજ્ઞાથી આ બધાંને શીઘ્ર શીઘ્ર આપું, આ પ્રમાણે સાધુની વિજ્ઞપ્તિથી આચાર્યાદિ જેટલી માત્રામાં આજ્ઞા આપે તેટલી માત્રામાં આપે અને બધાની આજ્ઞા આપે તો બધો આહાર આપે.

● સૂત્ર-૩૯૧ :-

*તે ભિક્ષુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન ગ્રહણ કરીને તે આહારને તુચ્છ ભોજનથી ઢાંકી દે અને એમ વિચારે કે આ મનોજ્ઞ આહાર દેખાડીશ તો આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પોતે જ લઈ લેશે. આ ઉત્તમ ભોજનમાંથી મારે કોઈને કંઈ નથી આપવું. એમ તે માયા સ્થાનને સ્પર્શે છે, સાધુએ આવું ન કરવું જોઈએ. પરંતુ મુનિ તે આહાર લઈને આચાર્યાદિ પાસે જાય, પાત્ર ખુલ્લુ રાખી*



*હાથથી આહારને ઉંચા કરી 'આ છે આ છે' એમ કહીને બધો આહાર દેખાડે, કંઈ પણ ન છુપાવે.*

*કોઈ સાધુ કંઈ ભોજન લાવીને [માર્ગમાં] સારું-સારું ખાઈ લે અને વિવર્ણ તથા વિરસ આહાર આચાર્યાદિને દેખાડે તો તે માયા સ્થાનને સ્પર્શે છે. સાધુએ તેવું ન કરવું જોઈએ.*

● વિવેચન :-

'સુગમ' છે - x - શું કરવું તે બતાવે છે - તે ભિક્ષુ તે આહાર લઈને આચાર્ય પાસે જાય, જઈને બધું યથાવસ્થિત દેખાડે, કંઈ પણ ન છુપાવે. માયા સ્થાન પ્રતિષેધ કહે છે - રસ ગૃદ્ધિથી ભટકતા તે ભિક્ષુ કંઈ વર્ણાદિયુક્ત ભોજન મેળવે પછી સારું સારું ખાઈને અંતપ્રાંતાદિકને ઉપાશ્રયમાં લાવે તે પણ માયા-કપટ છે.

સાધુએ તેમ ન કરવું.

● સૂત્ર-૩૯૨ :-

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે શેરડીની ગાંઠનો મધ્ય ભાગ, શેરડીની ગંડેરી-ટુકડા-પૂછડું-શાખા કે ડાળી, મગ આદિની ભૂંજેલ ફળી કે ઓળા એ બધાં તથા એવા પ્રકારના કોઈ પદાર્થ જેમાં ખાવા યોગ્ય થોડું અને ફેંકી દેવા જેવું ઘણું હોય તો તે અપ્રાસુક જાણી ન લે.*

*સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ દળદાર ફળમાં ઘણી ગુટલી છે અને ઘણાં કાંટાવાળી મત્સ્ય વનસ્પતિ જેમાં ખાવું થોડું અને નાંખી દેવાનું વધુ હોય તેવા ફળ કે વનસ્પતિ અપ્રાસુક સમજી ન લે.*

*કોઈ ગૃહસ્થ સાધુ કે સાધ્વીને ઘણાં ગોઠલીવાળા દળ કે મત્સ્ય વનસ્પતિ માટે નિમંત્રણ આપે કે - હે આયુષ્યમાન્ શ્રમણ ! આપ આ બહુ ગોઠલીવાળા ફળને આપ લેવા ઈચ્છો છો ? આવા શબ્દો સાંભળી અને સમજીને મુનિ પહેલા જ કહી દે કે, હે આયુષ્યમાન્! કે બહેન! મને બહુ ગુટલીવાળા ફળ લેવા ન કલ્પે, દેવા ઇચ્છતા હો તો આ જેટલો ગર્ભ-સારભાગ છે તે મને આપો, ઠળીયા ન આપો. એમ કહેવા છતાં ગૃહસ્થ પોતાના પાત્રમાં ઠળિયાવાળા ગર્ભને લાવીને દેવા લાગે તો આવો ગર્ભ ગૃહસ્થના હાથમાં કે પાત્રમાં હોય તો અપ્રાસુક જાણી ન લે.*

*કદાચ ગૃહસ્થ જબરદસ્તીથી આપી દે તો હા-હૂં ન કરે, ધિક્કારે નહીં પણ તે લઈને એકાંતમાં જાય, જઈને ઉધાન કે ઉપાશ્રયમાં ઇંડારહિત યાવત્ જીવજંતુરહિત ભૂમિ જોઈને ગર્ભ કે મત્સ્ય વનસ્પતિ ખાઈને ઠળિયા તથા કાંટાને લઈને એકાંતમાં જાય, જઈને દગ્ધાદિ અચિત્તભૂમિમાં યાવત્ પ્રમાર્જન કરીને પરઠવી દે.*

● વિવેચન :-

તે ભિક્ષુ જો આવા પ્રકારનો આહાર જાણે કે - શેરડીના પર્વનો મધ્ય ભાગ, શેરડીની ગંડેરી, પીલેલી શેરડીના છોતરા, મેરૂક, સાંઠો, ટુકડો, મગ આદિની અચિત્ત ફળી, વલપાપડીની થાળી કે રાંધેલી ફલી આવી વસ્તુ ગ્રહણ કરી હોય જેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું ઘણું હોય તે જાણીને ગ્રહણ ન કરે. આ પ્રમાણે 'માંસ' સૂત્ર પણ

જાણવું. માંસનું ગ્રહણ ક્યારેક લૂતાદિ ઉપશમનાર્થે વૈદ્યના ઉપદેશથી બાહ્ય પરિભોગથી સ્વેદ આદિ વડે જ્ઞાનાદિ ઉપકારકત્વથી ફલવાન્ જાણવું. બાહ્ય પરિભોગ અર્થે આનો ભોગ જાણવો. ખાવા માટે નહીં ને પદાતિ ભોગવત્ જાણવો. આ પ્રમાણે ગૃહસ્થ આમંત્રણાદિ વિધિ પુદ્‌ગલ સૂત્ર સુગમ છે. તે છેદસૂત્ર અભિપ્રાયથી ગ્રહણ કર્યું છે, કંટક આદિ પરઠવવાની વિધિ પણ સુગમ છે. *[આ અપવાદ સૂત્ર છે, દશવૈકાલિકમાં અધ્ય.૫-માં આવી ગાથા છે. માંસ-મત્સ્ય શબ્દ દ્વયર્થક છે. આ સૂત્ર બહુશ્રુત પાસે સમજવું.]*

**● સૂત્ર-૩૯૩ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ [કોઈ ગ્લાન સાધુ માટે ખાંડ આદિની] યાચના કરે ત્યારે ગૃહસ્થ પોતાના પાત્રમાં વિટલૂણ કે ઉદ્‌ભિજ મીઠું લાવીને તેને વિભક્ત કરીને થોડો ભાગ કાઢીને દેવા લાગે તો તેવું મીઠું ગૃહસ્થના પાત્રમાં કે હાથમાં હોય ત્યારે જ તેને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે. કદાચિત્ અજાણતા લેવાઈ જાય અને પછી થોડે દૂર જઈને ખ્યાલ આવે તો તેને લઈને ગૃહસ્થના ઘેર પાછા ફરીને તેને સાધુ પૂછે કે, હે આયુષ્યમાન્ ! તમે આ જાણીને આપ્યું કે અજાણતા ? જો તે એમ કહે કે મેં જાણી જોઈને નથી આપ્યું, અજાણતા આપેલ છે. હે આયુષ્યમાન્ ! તે આપને કામ આવે તો આપને સ્વેચ્છાએ આપું છું. આપ તે ઉપભોગ કરો કે પરસ્પર વહેંચી લો.***

***આ પ્રમાણે તે ગૃહસ્થે વસ્તુની અનુજ્ઞા આપી હોય, સમર્પિત કરી હોય તેને યતનાપૂર્વક ખાય કે પીએ. અથવા પોતે તે ખાવા કે પીવા સમર્થ ન હોય તો ત્યાં વસતા સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ અને અપરિહારિકને આપે અથવા ત્યાં કોઈ સાધર્મિક આદિ ન હોય તો વધારાનો આહાર યથા-વિધિ પરઠવી દે. આ જ સાધુ-સાધ્વીનો આચાર છે. [આ એષણાવિધિ વિવેક છે.]***

**● વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહાદિમાં પ્રવેશે, કદાચ ગૃહસ્થ પાસે જઈને પાત્રમાં ગ્લાન આદિ અર્થે ખાંડ વગેરેને યાચે ત્યારે ગૃહસ્થ ભૂલથી ખાણમાં ઉત્પન્ન થયેલ કે સમુદ્રનું મીઠું આપી દે ત્યારે સાધુએ તપાસીને લેવું - x - x - તે પ્રકારે મીઠું છે એમ જાણે તો ગૃહસ્થના હાથમાં હોય ત્યાંજ તેને ના કહી દે. કદાચ સહસા આવી જાય અને દાતાને દૂર ગયો નથી તેમ જાણે તો તે ભિક્ષુ તે મીઠું લઈને તેની સમીપે જાય, તે મીઠું આદિ દેખાડી પૂછે કે - x - x - જાણીને આપ્યું કે અજાણતા ? ત્યારે - x - ગૃહસ્થ કહે કે પહેલા અજાણતા આપેલ, પણ હવે આપને ખપ હોય તો રાખો. આનો ઉપભોગ કરો. ત્યારે તેને સમનુજ્ઞાત સમનુસૃષ્ટ જાણી પ્રાસુક કે કારણવશાત્ અપ્રાસુકને પણ ખાય કે પીએ. જો વાપરવું શક્ય ન હોય તો સાધર્મિકને આપે. કોઈ ન હોય તો પૂર્વે કહેલ વિધિ મુજબ પરઠવે. આ સાધુનો ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૧૦નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૧૧ 卐

૦ દશમો ઉદ્દેશો કહ્યો. હવે અગિયારમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે- ઉદ્દેશા-૧૦-માં મળેલ પિંડનો વિધિ કહ્યો, તેને જ આ ઉદ્દેશામાં વિશેષથી કહે છે—

**● સૂત્ર-૩૯૪ :-**

***એક સ્થાને સ્થિર કે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને [કોઈ સાધુને] કહે, જે સાધુ ગ્લાન છે, તેને માટે આ મનોજ્ઞ આહાર લઈ લો, તે તેને આપજો, જો તે ગ્લાન સાધુ ન વાપરે તો તમે વાપરજો. તે મુનિ એમ વિચારે કે હું એકલો જ આ આહાર વાપરીશ અને તેને છુપાવી બિમાર મુનિને કહે કે, આ ભોજન લુખું છે, કડવું છે, તુરું છે, તીખું છે, ખાટું છે, મીઠું છે, બિમાર માટે યોગ્ય નથી. તો તે સાધુ માયાસ્થાનને સ્પર્શે છે, તેણે એમ કરવું જોઈએ નહીં, પણ જેવું ભોજન લાવેલ હોય, તેવું જ બિમારને બતાવે અને કહે, તીખાને તીખું, કડવાને કડવું, તુરુ હોય તો તુરુ વગેરે.***

**● વિવેચન :-**

ભિક્ષા માટે ફરે તે - ભિક્ષણશીલ એટલે સાધુ. કેટલાક સમાન આચારાદિવાળા સાધુ જે ત્યાં સ્થિરવાસ હોય કે બીજા ગામથી વિહાર કરતા આવ્યા હોય, તેમાં કોઈ સાધુ ગ્લાન થાય અને ભિક્ષા જનાર સાંભોગિક સાધુને મનોજ્ઞ ભોજનનો લાભ થતાં બીજા સાધુને કહે કે, આ મનોજ્ઞ ભોજન તમે લો અને તે માંદા સાધુને આપજો, જો તે ન ખાય તો તમે વાપરજો.

તે ભિક્ષુ બીજા ભિક્ષુ પાસેથી માંદા સાધુ માટે આહાર લઈને એમ વિચારે કે, આ હું એકલો ખાઈશ. એમ કરીને તે ગ્લાનને મનોજ્ઞ આહાર છુપાવીને કહે કે, આ આહાર તમને આપતા વાયુ આદિ રોગ વધી જશે. આ અપથ્ય છે તમારે ખાવા યોગ્ય નથી. સાધુ પાસે આહારનું પાત્ર મૂકી કહે કે, આ આહાર તમારે માટે સાધુએ આપેલ છે, પણ તે રૂક્ષ છે. તથા તીખો-કડવો-કષાયેલો-ખાટો-મધુર છે. તમને તેનાથી લાભ થાય તેમ નથી. એવી રીતે માયાકપટ કરે, તેણે આવું કરવું ન જોઈએ.

ત્યારે તેણે શું કરવું ? તે કહે છે—

જેવો આહાર હોય તેવો ગ્લાનને દેખાડે. અર્થાત્ માયા કપટનો ત્યાગ કરી જેવું હોય તેવું કહેવું. બાકી અર્થ સુગમ છે - તથા -

**● સૂત્ર-૩૯૫ :-**

***એક સ્થાને સ્થિર કે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને [કોઈ સાધુને] કહે, ગ્લાન સાધુ માટે આ મનોજ્ઞ આહાર લઈ જાઓ, જો તે સાધુ ન વાપરે, તો તમે મને પાછો આપજો. ત્યારે લેનાર મુનિ કહે કે, જો કોઈ વિઘ્ન નહીં હોય તો આપને પાછો આપી જઈશ. [પછી પોતે ખાઈ જાય] તો તે કર્મબંધનું કારણ છે, માટે તેમ ન કરવું.***

**● વિવેચન :-**

તે સાધુ મનોજ્ઞ આહાર પ્રાપ્ત થતાં ત્યાં વસતા કે પરોણારૂપે આવેલ સમનોજ્ઞ

સાધુને માંદા સાધુને માટે કહે કે, આ મનોજ્ઞ આહાર માંદા સાધુને માટે લઈ જાઓ અને તે ન ખાય તો અમારી પાસે પાછું લાવજો. ત્યારે આહાર લેનાર સાધુ એમ કહે કે, જો કોઈ અંતરાય ન પડે તો પાછું લાવીશ. એમ પ્રતિજ્ઞા કરી આહાર લઈ ગ્લાન પાસે જાય, સૂત્ર-૩૯૪માં બતાવ્યા મુજબ ભોજનના રુક્ષાદિ દોષ દેખાડી ગ્લાનને ન આપીને પોતે જ લોલુપતાથી ખાઈ જાય, પછી આપનાર સાધુને કહે કે, મને વૈયાવચ્ચ કરતાં ગોચરી સમયે ન વાપરવાથી શૂળ ઉપડી. તેથી આહાર પાછો ન લાવ્યો. એ રીતે માયા-કપટ કરે. તેવું કપટ ન કરે, પણ ગ્લાનને આપે કે દાતાને પાછું આપે. હવે પિંડાધિકાર સાત પિંડૈષણાને આશ્રીને સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૯૬ :-**

***સાધુ સાત ''પિણ્ડૈષણા'' અને સાત પાનૈષણા જાણે. તે આ પ્રમાણે —***

***૧. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ પાત્ર - તે પ્રકારના અસંસૃષ્ટ હાથ કે પાત્ર હોય તો અશનાદિ સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને ગ્રહણ કરે તે પહેલી ''પિણ્ડૈષણા''.***

***૨. સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ પાત્ર-હોવા તે બીજી ''પિણ્ડૈષણા''.***

***૩. પૂર્વાદિ દિશામાં ઘણા શ્રદ્ધાળુ ગૃહસ્થ યાવત્ કર્મકારિણી રહે છે - તેમને ત્યાં વિવિધ વાસણો જેવા કે, થાળી, તપેલી, કથરોટ, સુપડા, ટોકરી, મણિજડિત વાસણોમાં પહેલાથી ભોજન રખાયેલ હોય, પછી સાધુ એમ જાણે કે, અલિપ્ત હાથ-લિપ્ત વાસણ, લિપ્ત હાથ-અલિપ્ત વાસણ છે તો તે પાત્રધારી કે કરપાત્રી પહેલા જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! તમે મને અલિપ્તહાથ-લિપ્તવાસણ કે લિપ્ત હાથ અલિપ્ત વાસણથી અમારા પાત્ર કે હાથમાં લાવીને આપે. તો તેવું ભોજન સ્વયં કે યાચીને મળે તો પણ અપ્રાસુક અને અનેષણીય સમજીને ન લે તે ત્રીજી ''પિણ્ડૈષણા''.***

***૪. તે સાધુ યાવત્ જાણે કે, તુષરહિત મમરા યાવત્ ખાંડેલા ચોખા ગ્રહણ કરવાથી પશ્ચાત્ કર્મદોષ નથી, ફોતરા ઉડાડવા પડે તેમ નથી તો તેવા પ્રકારના મમરા યાવત્ ખાંડેલા ચોખા સ્વયં યાચે કે ગૃહસ્થ આપે તો પ્રાસુક અને એષણીય સમજી મળે તો લો. આ ચોથી ''પિણ્ડૈષણા''.***

***૫. સાધુ યાવત્ જાણે કે, ગૃહસ્થે પોતા માટે શકોરા, કાંસાની થાળી કે માટીના વાસણમાં ભોજન કાઢેલ હોય, પછી સાધુ એમ જાણે કે તે પાણીથી ધોયેલ પણ હવે લિપ્ત નથી તો તેવા પ્રકારના આહારને યાવત્ અપ્રાસુક જાણી ગ્રહણ કરે. આ પાંચમી ''પિણ્ડૈષણા''.***

***૬. તે સાધુ યાવત્ જાણે કે ગૃહસ્થ પોતા માટે કે બીજા માટે વાસણમાં ભોજન કાઢેલ હોય, પણ જેને માટે કાઢેલ છે તેણે ગ્રહણ કરેલ ન હોય, તેવા પ્રકારનું ભોજન ગૃહસ્થના પાત્ર કે હાથમાં હોય તે પ્રાપ્ત થવા પર પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે - આ છઠ્ઠી ''પિણ્ડૈષણા''.***

***૭. તે સાધુ યાવત્ પ્રતિજ્ઞા કરે કે, હું ફેંકી દેવા યોગ્ય આહાર યાચીશ.***



***જે બીજા ઘણાં દ્વિપદ, ચતુષ્પદ, શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, વનીપક પણ ન ઇચ્છે. આવું ઉજ્ઝિતધર્મિય ભોજન સ્વયં યાચે કે બીજા આપે તો યાવત્ તેને ગ્રહણ કરે. આ સાતમી ''પિણ્ડૈષણા''.***

***આ પ્રમાણે સાત પિણ્ડૈષણા કહી. હવે સાત પાણૈષણા કહે છે. તેમાં આ પહેલી પાણૈષણા - અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ વાસણ. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું. ચોથી પાનૈષણામાં એટલું વિશેષ કે - તે સાધુ-સાધ્વી પાણીના વિષયમાં એમ જાણે કે તલ આદિનું ધોવાણ ગ્રહણ કર્યા પછી પશ્ચાત્ કર્મ ન લાગે તો તેવા પ્રકારના પાનક ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

અથ શબ્દથી સાત પિણ્ડૈષણા અને પાનૈષણાનો અધિકાર બતાવે છે. તેથી ભિક્ષુ આ સાત પિણ્ડૈષણા અને પાનૈષણા જાણે - અસંસૃષ્ટા, સંસૃષ્ટા, ઉદ્ધૃડા, લેપરહિત, ઉગ્ગહિયા, પગ્ગહિયા અને ઉજ્ઝિતધર્મા.

સાધુના બે ભેદ - ગચ્છમાં રહેલ, ગચ્છથી નીકળેલ. ગચ્છવાસીને સાતે પિંડૈષણાનું ગ્રહણ કહ્યું, ગચ્છ નિર્ગતને પહેલી બે છોડી પાંચનું ગ્રહણ છે.

૧. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ વાસણ, વાસણમાં દ્રવ્ય રહે કે ન રહે જો દ્રવ્ય ન રહે તો પશ્ચાત્ કર્મદોષ સંભવે છે, છતાં પણ ગચ્છમાં બાળ આદિની આકુળતાને કારણે તેનો નિષેધ નથી - x - બાકી સુગમ છે.

૨. સંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ વાસણ પણ સુગમ છે.

૩. પ્રજ્ઞાપક અપેક્ષાએ પૂર્વાદિ દિશામાં ગૃહસ્થ આદિ કેટલાંક શ્રદ્ધાળુ હોય છે, તેમને ત્યાં [સૂત્રાર્થમાં કહ્યા મુજબ] વાસણોમાં ભોજન રાખેલ હોય છે. - x - x - બાકી સુગમ છે. યાવત્ સાધુ ગ્રહણ કરે. અહીં સંસૃષ્ટ, અસંસૃષ્ટ, અવશેષ દ્રવ્ય એ આઠ ભંગો છે, તેમાં આઠમો ભંગ છે - લિપ્ત હાથ, લિપ્ત પાત્ર, વધેલું દ્રવ્ય. તે ગચ્છનિર્ગતને પણ કલ્પે, ગચ્છવાસીને તો સૂત્રઅર્થહાનિને કારણે બધા ભાંગા કલ્પે છે.

૪. અલ્પલેપા - તે લેપરહિત જાણવી. જેમકે - ચોખા વગેરે સેકવાથી ફોતરા નીકળી જાય તે - x - અહીં પશ્ચાત્કર્માદિનો અભાવ છે. વળી ફોતરા વગેરેનું ત્યજવાપણું નથી. એ જ રીતે વાલ-ચણા પણ કલ્પે.

૫. અવગૃહિતા - - x - ગૃહસ્થે પોતાના ખાવા માટે વાસણ કે હાથ ધોયા હોય તેવું વાસણ પાણીથી લિપ્ત દેખાય તો લેવું ન કલ્પે, પણ બહુ સુકાઈ ગયેલા શકોરા, કાંસાના વાસણ આદિમાં લેવું કલ્પે.

૬. પ્રગૃહીતા - પોતા કે બીજા માટે ચરુ કે હાંડી આદિમાંથી ચાટવા આદિથી લઈને બીજાને વસ્તુ આપી હોય તે બીજાએ ન લીધી હોય અથવા સાધુને અપાવી હોય તો પ્રગૃહીતા કહેવાય તે ગૃહસ્થના પાત્રમાં કે હાથમાં હોય તો યાવત્ ગ્રહણ કરે.

૭. ઉજ્ઝિતધર્મિકા - સુગમ છે. [સૂત્રાર્થ જુઓ.]

આ સાતે પિણ્ડૈષણા પણ જાણવી. ભાંગાઓ યોજવા. માત્ર ચોથીમાં વિશેષતા

છે, સ્વચ્છ પાણીથી તેમાં અલ્પલેપપણું છે. કેમકે તેમાં સંસૃષ્ટ આદિનો અભાવ છે, પછીની ત્રણ પાણૈષણા વધુ-વધુ વિશુદ્ધ હોવાથી એવો જ ક્રમ છે. હવે આ બતાવેલા સૂત્રો વડે શું કરવું ? તે કહે છે.

● સૂત્ર-૩૯૭ :-

*આ સાત પિણ્ડૈષણા તથા સાત પાનૈષણામાંથી કોઈપણ એક પ્રતિમાને ધારણ કરનાર મુનિ એવું ન કહે કે, આ બધાં સાધુઓએ મિથ્યારૂપથી પ્રતિમા અંગીકાર કરી છે, હું એકલો જ શુદ્ધ પ્રતિમાને વહન કરું છું. [પરંતુ તે એમ કહે કે-] જે આ સાધુ ભગવંતો આ પ્રતિમા સ્વીકારીને વિચરે છે અને જે હું પણ આ પ્રતિમાને સ્વીકારીને વિચરું છું તે બધાં જિનાજ્ઞામાં ઉધત્ છે તે અન્યોન્ય સમાધિસહ વિચરે છે. આ જે તે સાધુ-સાધ્વીની સમગ્રતા - સાધુપણું છે.*

● વિવેચન :-

આ રીતે આ સાત પિણ્ડૈષણા કે પાનૈષણામાંની કોઈ પણ પ્રતિજ્ઞા સ્વીકારનાર મુનિ એમ ન બોલે કે, બીજા સાધુઓ સમ્યક્ રીતે પિંડ-એષણાદિ અભિગ્રહો પાળતા નથી, હું એક જ બરાબર પાળું છું, તેથી મેં જ વિશુદ્ધ અભિગ્રહ કર્યો છે, આ કોઈએ નહીં. આ રીતે ગચ્છનિર્ગત્ કે ગચ્છવાસીને સમદૃષ્ટિએ જોવા. પણ ઉત્તરોત્તર પિંડ-એષણાના ધારકે ગચ્છવાસી સાધુએ પૂર્વ-પૂર્વની પિંડ-એષણાના ધારકને દૂષિત ન સમજવા. ત્યારે શું કરવું તે કહે છે–

આ જે સાધુઓ પિંડ-એષણાદિ વિશેષ અભિગ્રહો ધારણ કરીને ગામ-ગામ વિચરે છે અને હું જે પ્રતિજ્ઞાને ધારણ કરીને વિચરું છું. તેથી અમે બધાં જિનાજ્ઞામાં કે જિનાજ્ઞા વડે અભ્યુધત વિહાર કરનારા સંવૃત્ત છીએ. તેઓ બધાં એકબીજાને સમાધિ વડે જે ગચ્છમાં જેને સમાધિ બતાવી હોય તેને તે પાળે. કેમકે ગચ્છવાસીને સાતે પ્રતિજ્ઞા પાળવાની છે. ગચ્છનિર્ગતોને પહેલી બે સિવાયની પાંચનો અભિગ્રહ છે, તે વડે તેઓ પ્રયત્ન કરે, તે પ્રમાણે તે પાળીને વિચરતા હોય તે બધા જિનેશ્વરની આજ્ઞા ઉલ્લંઘતા નથી.

કહ્યું છે કે, ''કોઈ બે વસ્ત્ર, કોઈ ત્રણ, કોઈ ઘણાં વસ્ત્ર અને કોઈ વસ્ત્રરહિત વિચરે છે, તો પણ તે પરસ્પર નિંદા ન કરે કેમકે તે બધાં જિનાજ્ઞામાં છે.'' આ સાધુ-સાધ્વીનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે - કે પોતાના અભિમાનનું વર્જન કરવું.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''પિણ્ડૈષણા'' ઉદ્દેશા-૧૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧નો ટીકાનુવાદ પૂર્ણ 卐

- x - x - x - x - x - x - x - x - x -





## ❁ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧, અધ્યયન-૨ ❁

૦ પ્રથમ અધ્યયન કહ્યું. હવે બીજું કહે છે. તેનો સંબંધ આ રીતે-અધ્યયન-૧-માં ધર્મના આધારરૂપ શરીરની પ્રતિપાલનાર્થે પહેલા પિંડગ્રહણ વિધિ કહી. તે પિંડ લઈને જ્યાં ગૃહસ્થો ન હોય તેવા સ્થાનમાં ભોજન કરવું. તેથી સ્થાનના ગુણ-દોષ બતાવવા આ બીજું અધ્યયન કહે છે. આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો કહેવા. તેમાં નામનિષ્પન્ન નિક્ષેપે 'શય્યૈષણા' નામ છે. તેનો નિક્ષેપો કરવામાં જ્યાં પિણ્ડૈષણા નિર્યુક્તિ સંભવે છે, ત્યાં પ્રથમ ગાથા વડે અને બીજી આ નિર્યુક્તિઓને યથાયોગ સંભવતી બીજી ગાથા વડે પ્રગટ કરીને ત્રીજી ગાથા વડે શય્યા શબ્દના છ નિક્ષેપાના વિચારમાં નામ સ્થાપના છોડીને નિર્યુક્તિકાર કહે છે–

[નિ.૩૦૧] દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એ ચાર પ્રકારે શય્યા છે. તેમાં દ્રવ્ય શય્યા અહીં પ્રસ્તુત છે. તે દર્શાવે છે. તે દ્રવ્યશય્યા કેવી છે ? સંયતોને યોગ્ય એવી શય્યા જાણવી જોઈએ. દ્રવ્યશય્યા કહે છે–

[નિ.૩૦૨] દ્રવ્યશય્યા ત્રણ પ્રકારે છે. સચિત્તા, અચિત્તા, મિશ્રા. તેમાં સચિત્તા-પૃથ્વીકાયાદિ, અચિત્તા-પ્રાસુક પૃથ્વી, મિશ્રા - અર્ધપરિણિત પૃથ્વી અથવા સચિત્તશય્યાનું વર્ણન નિર્યુક્તિકાર પોતે જ હવે કરે છે.

ક્ષેત્રશય્યા તે જે ગામ આદિમાં શય્યા કરાય તે.

કાળશય્યા તે જે ઋતુબદ્ધ કાળમાં શય્યા કરાય. દ્રવ્યશય્યા કહે છે.

[નિ.૩૦૩] દ્રવ્યશય્યાને એક દૃષ્ટાંતથી સમજાવે છે - *[સંક્ષેપમાં]*

એક અટવીમાં ઉત્કલ અને કલિંગ નામે બે ભાઈઓ હતા. તે ચોરી કરતા. તેમને વલ્ગુમતી નામે બેન હતી. ત્યાં ગૌતમ નામે નિમિત્તક આવ્યો વલ્ગુમતીએ કહ્યું આ આપણી પલ્લીનો વિનાશ કરશે, બહેનના કહેવાથી ભાઈઓએ તેને કાઢી મૂક્યો. નિમિત્તક તેના પર દ્વેષી બન્યો અને પ્રતિજ્ઞા કરી કે વસુમતીનું ઉદર ચીરીને હું તેમાં સુઈશ. આ જ કથામાં વૃત્તિકારે બીજા આચાર્યનો મત ટાંકીને પણ આ દૃષ્ટાંત રજૂ કરેલ છે - x - x - x - એ રીતે ગૌતમ વસુમતીના ઉદર પર સુતો તે સચિત્ત દ્રવ્યશય્યા.

[નિ.૩૦૪] હવે ભાવશય્યા કહે છે - તે બે પ્રકારે છે. કાયવિષયા અને છ ભાવવિષયા. તેમાં જે જીવ ઔદયિકાદિ ભાવમાં જે કાળે વર્તે તે તેની છ ભાવરૂપ ભાવશય્યા છે, કેમકે શયન તે શય્યાસ્થિતિ છે. તે જ પ્રમાણે જે જીવ સ્ત્રી વગેરેની કાયામાં ગર્ભપણે રહેલો છે તે જીવને સ્ત્રી વગેરેની કાયા ભાવશય્યા છે કેમકે સ્ત્રી આદિની કાયામાં સુખમાં, દુઃખમાં, સુતા, ઉઠતા તે જીવ તેની અંદર રહેલી બધી અવસ્થાવાળો થાય છે, માટે તે કાયસંબંધી ભાવશય્યા છે. અધ્યયનો બધો અધિકાર શય્યા સંબંધી છે, હવે ઉદ્દેશાર્થ અધિકાર બતાવવા કહે છે–

[નિ.૩૦૫] આ બધા એટલે ત્રણે ઉદ્દેશા જો કે શય્યા વિશુદ્ધિ કરનારા છે, તો પણ તે દરેકમાં કંઈક વિશેષ છે, તે હું કંઈક કહીશ.

[નિ.૩૦૬] તેમાં પહેલા ઉદ્દેશામાં વસતિના ઉદ્ગમ દોષો આધાકર્માદિ છે તથા ગૃહસ્થાદિ સંસર્ગથી અપાયો ચિંતવેલા છે. બીજા ઉદ્દેશામાં શૌચવાદિ બહુ પ્રકારના દોષો તથા શય્યા ત્યાગ બતાવ્યો છે એ આ અર્થાધિકાર છે.

[નિ.૩૦૭] ત્રીજા ઉદ્દેશામાં ઉદ્ગમાદિ દોષ ત્યાગી સાધુને જે છલના થાય તે દૂર કરવા પ્રયત્ન કરવો. તથા સ્વાધ્યાયને અનુકૂળ સમ-વિષમ આદિ ઉપાશ્રયમાં નિર્જરાર્થી સાધુઓએ રહેવું તે અધિકાર છે.

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૨ "શય્યૈષણા", ઉદ્દેશો-૧ 卐

૦ નિર્યુક્તિ અનુગમ કહ્યો. હવે સૂત્રાનુગમે સૂત્ર કહેવું જોઈએ—

● સૂત્ર-૩૯૮ :-

*તે સાધુ કે સાધ્વી ઉપાશ્રયની ગવેષણા કરવા ઇચ્છે તો ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશીને તે જાણે કે આ ઉપાશ્રય ઇંડા યાવત્ જાળાથી યુક્ત છે, તો તેવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પણ જે ઉપાશ્રયને ઇંડા યાવત્ જાળાથી રહિત જાણે તે પ્રકારના ઉપાશ્રયનું સારી રીતે પડિલેહણ-પ્રમાર્જન કરી ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય કરે.*

*સાધુ-સાધ્વી એવા ઉપાશ્રયને જાણે કે કોઈ એક સાધુના નિમિત્તે ગૃહસ્થે પ્રાણી-ભૂત-જીવ-સત્વોનો સમારંભ કરી બનાવેલ છે, ખરીદેલ છે, ઉધાર લીધેલ છે, છિનવેલ છે, અનિસૃષ્ટ છે, અભિહૃત છે - x - આ પ્રકારનો ઉપાશ્રય પુરુષાંતર કૃત્ હોય કે અપુરુષાંતરકૃત્ યાવત્ તે અનાસેવિત હોય તો ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.*

*એ જ રીતે ઘણા સાધુ, એક સાધ્વી, ઘણા સાધ્વી [એવા ત્રણ આલાપકો જાણવા. આ ત્રણેમાં સાધુ સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.]*

*તે સાધુ કે સાધ્વી ઉપાશ્રય વિશે જાણે કે તે ઘણાં શ્રમણ, વનીપક આદિને ગણી-ગણીને તેઓના નિમિત્તે બનાવેલ છે ઇત્યાદિ પૂર્વ આલાપક મુજબ જાણવું યાવત્ સ્વાધ્યાયાદિ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ઉપાશ્રય ઘણાં શ્રમણાદિને ઉદ્દેશીને પ્રાણી આદિ હિંસા કરીને બનાવેલ છે તે પ્રકારનો ઉપાશ્રય અપુરુષાંતર કૃત્ યાવત્ અનાસેવિત છે, તો ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પરંતુ જો તે પુરુષાંતર કૃત્ છે એમ જાણે યાવત્ આસેવિત હોય તો તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી ઉપયોગમાં લે.*

*તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય ગૃહસ્થે સાધુના નિમિત્તે બનાવેલ છે, કાષ્ઠાદિ લગાવી સંસ્કારેલ છે, વાંસ આદિથી બાંધેલ છે. આચ્છાદિત કરેલ છે, લીંપેલ છે, સંવારેલ-ઘસેલ-ચીકણો કરેલ છે, સુવાસિત કર્યો છે, તેવા પ્રકારનો ઉપાશ્રય અપુરુષાંતરકૃત્ યાવત્ અનાસેવિત હોય તો ત્યાં સ્થાન,*



*શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે. પણ જો તે પુરુષાંતરકૃત્ યાવત્ આસેવિત હોય તો પ્રતિલેખના કરી ઉપયોગ કરે.*

● વિવેચન :-

*[ચૂર્ણિમાં અર્થમાં ક્યાંક ક્યાંક વિશેષતા જોવા મળી છે, કેટલાંક શબ્દોની નિશીથ ચૂર્ણિ, બૃહત્ કલ્પસૂત્ર વૃત્તિમાં પણ વ્યાખ્યા જોવા મળે છે.]*

તે ભિક્ષુ વસતિ શોધવાને ઇચ્છે તો ગામાદિમાં પ્રવેશે, પ્રવેશીને સાધુ યોગ્ય વસતિ શોધે. ત્યાં જો ઇંડાદિ યુક્ત ઉપાશ્રય જાણે તો ત્યાં વાસ વગેરે ન કરે તે બતાવે છે - અર્થ સુગમ છે. વિશેષ એ કે - સ્થાન એટલે કાયોત્સર્ગ, શય્યા-સંથારો, નિષીધિકા-સ્વાધ્યાય ભૂમિ - ન કરે તેનાથી વિપરીત હોય તો પડિલેહણ કરી સ્થાનાદિ કરે.

હવે ઉપાશ્રય સંબંધી ઉદ્ગમ વગેરે દોષો બતાવે છે - તે ભિક્ષુ એમ જાણે કે - કોઈ શ્રાવકે પ્રાણીહિંસા કરીને સાધુને ઉદ્દેશીને આ ઉપાશ્રય કરાવેલ છે, તે દર્શાવે છે - અર્હત્ પ્રણિત ધર્માનુષ્ઠાયી એક સાધુને આશ્રીને પ્રાણી સમારંભથી કરેલ છે, સાધુને ઉદ્દેશીને વેચાતો લીધેલ છે કોઈ પાસેથી ઉછીનો લીધો છે, નોકર પાસેથી બળજબરીથી પડાવેલ છે, સ્વામીની રજા વિના લીધો હોય ઇત્યાદિ - x - એવા ઉપાશ્રયમાં જ્યાં સુધી બીજો પુરુષ ન વાપરે ત્યાં સુધી સ્થાનાદિ ન કરે.

અહીં ચાર આલાપક જાણવા.

વળી પછીના બે સૂત્ર પિંડ-એષણાનુસાર જાણવા. - x - ભિક્ષુ એવો ઉપાશ્રય જાણે કે જે ગૃહસ્થે સાધુને આશ્રીને બનાવ્યો છે, કાષ્ઠાદિથી ભિંતો સંસ્કારી છે, વાંસની કાંબીથી બાંધેલ છે, ઘાસથી આચ્છાદિત કર્યો છે, છાણ આદિથી લીંપેલ છે, ખડી આદિથી ઘસેલ છે, કળી આદિથી લેપ કર્યો છે, જમીન સાફ કરી સંસ્કાર્યો છે, ધૂપ વડે દુર્ગંધ દૂર કરી છે, તો આવો ઉપાશ્રય કોઈ ગૃહસ્થે વાપરેલ ન હોય, સ્વીકારેલ ન હોય તો ત્યાં સ્થાન આદિ ન કરવા. પુરુષાંતરકૃત્ - આસેવિત હોય તો સ્થાનાદિ કરે.

● સૂત્ર-૩૯૯ :-

*તે સાધુ કે સાધ્વી એમ જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે ઉપાશ્રયના નાના દ્વારોને મોટા કર્યા છે [ઇત્યાદિ पिण्डैषणा અધ્યયન મુજબ જાણવું] આવો ઉપાશ્રય બીજા પુરુષે કામમાં લીધો ન હોય ત્યાં સુધી સાધુ યાવત્ ત્યાં સંથારો ન કરે, પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સંથારો કરે. એ જ રીતે વનસ્પતિ આદિ ઉખેડી બહાર લઈ જવાય છે તે જુએ તો તેવા ઉપાશ્રયમાં યાવત્ સ્થાનાદિ ન કરે, પણ જો કોઈએ તેને ઉપયોગમાં લીધો હોય તો યતનાપૂર્વક પડિલેહણ કરી યાવત્ સ્થાનાદિ કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે પાણીથી ઉત્પન્ન કંદ, મૂલ, પાન, પુષ્પ, ફળ, બીજ કે વનસ્પતિ એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જઈ રહ્યા છે. તે ઉપાશ્રય અપુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ ન કરે, જો*

*પુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ કરે.*

*તે સાધુ કે સાધ્વી જાણે કે ગૃહસ્થ સાધુ નિમિત્તે બાજોઠ, પાટિયું, નિસરણી કે ખાંડણિયો એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે તો તેવા પ્રકારનો ઉપાશ્રય યાવત્ અપુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ ન કરે, પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સાધુ તેમાં સ્થાનાદિ કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ એવો ઉપાશ્રય જાણે કે તે ગૃહસ્થે સાધુ નિમિત્તે નાના દ્વારનું મોટું દ્વાર કરેલ છે, તેવા મકાનમાં ગૃહસ્થાદિ બીજું કોઈ ન વાપરે ત્યાં સુધી સાધુ તે સ્થાન ન વાપરે, પુરુષાંતરકૃત્ - આસેવિત હોય તો સાધુ તે ઉપાશ્રય વાપરે. આ બંને સૂત્રોમાં ઉત્તરગુણ કહ્યા છે. તે દોષથી દુષ્ટ હોવા છતાં બીજા પુરુષે સ્વીકાર્યા પછી કલ્પે, પણ મૂળગુણથી દુષ્ટ હોય તો પુરુષાંતરકૃત્ હોવા છતાં ન કલ્પે. મૂળગુણ દોષ આ છે - પીઠનો વાંસડો, બે ધારણ કરનારા તથા ચાર મૂળ વેલીઓ હોય એ રીતે સાધુ નિમિત્તે તૈયાર કરેલ વસતિ મૂલગુણ દુષ્ટા જાણવી.

તે ભિક્ષુ જો એવો ઉપાશ્રય જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે પાણીથી જન્મેલ કંદાદિ બીજે સ્થાને લઈ જાય છે કે બહાર ઢગલો કરે છે, તેવા મકાનમાં બીજા કોઈ આવીને ન રહે, ત્યાં સુધી સાધુ સ્થાનાદિ ન કરે. પુરુષાંતરકૃત્ થયા પછી કરે. આ પ્રમાણે અચિત્ત-નિઃસારણ સૂત્ર પણ જાણવું કેમકે તેમાં પણ ત્રસાદિ વિરાધના થવા સંભવ છે.

● સૂત્ર-૪૦૦ :-

*તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય સ્થંભ, માંચડા, માળ, પ્રાસાદ, મંજીલ કે પ્રાસાદ તલ ઉપર અથવા કોઈ ઉંચા સ્થાને બનાવેલ છે તો અત્યંત ગાઢ કારણ વિના તે સ્થાને વાસ ન કરે, કદાચ ત્યાં રહેવું પડે તો ત્યાં પ્રાસુક શીતલ જળથી હાથ, પગ, આંખ, દાંત કે મુખ એક વખત કે વારંવાર સાફ ન કરે તથા મળ, મૂત્ર, કફ, લીંટ, ઉલટી, પીત, પરુ, લોહી કે શરીરના અન્ય ભાગેથી નીકળતી અશુચિનો ત્યાગ ન કરે. કેમકે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. વળી સંભવ છે કે ઉપરથી ફેંકવા જતાં સાધુ લપસે કે પડે. લપસવા કે પડવાથી તેના હાથ યાવત્ મસ્તક કે શરીરનો અન્ય કોઈ ભાગ તૂટી જાય. તેમજ ત્યાં રહેલા પ્રાણિ આદિની હિંસા થાય યાવત્ મૃત્યુ થાય.*

*સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા પ્રકારના ઉંચા ઉપાશ્રયમાં સ્થાન, શયન, સ્વાધ્યાયાદિ ન કરવા.*

● વિવેચન :-

તે ભિક્ષુ જો એવા પ્રકારનો ઉપાશ્રય જાણે કે જે એક સ્તંભ પર હોય, માંચડા કે માળા પર હોય, બીજે મજલે હોય, ભોંયરાવાળું મકાન હોય, આ કે આવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે, પણ જો એવું કોઈ પ્રયોજન હોય તો ત્યાં રહેવું પડે - તે માટે શું કરે ? તે કહે છે—



ત્યાં ઠંડા પાણી વગેરેથી હાથ આદિ ન ધોવે, ત્યાંથી મળ-મૂત્રનો ત્યાગ ન કરે. કેવલી ભગવંત કહે છે કે, આત્મ અને સંયમ વિરાધનાથી તે કર્મબંધનું કારણ છે. તે ત્યાં મળમૂત્રાદિ ત્યાગ કરતો પડી જાય, પડતાં શરીરના કોઈ અવયવ કે ઇન્દ્રિય વિનાશ પામે છે તથા બીજા પ્રાણીને પીડા કે જીવની હાનિ થાય છે, ભિક્ષુની પૂર્વોપદિષ્ટ આ પ્રતિજ્ઞા છે કે તેવા ઉંચા ઉપાશ્રયમાં સ્થાન આદિ ન કરે. - પણ -

● સૂત્ર-૪૦૧ :-

*તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ઉપાશ્રય સ્ત્રીઓ, બાળકો, ક્ષુદ્ર પશુ-પ્રાણીથી યુક્ત છે, પશુઓના ભોજન પાણીથી યુક્ત છે, તો આવા ગૃહસ્થ સંસર્ગવાળા મકાનમાં સ્થાન, શયન, સ્વાધ્યાય ન કરે. એમ કરતા કર્મબંધન થાય છે; ગૃહસ્થ સંસર્ગવાળી વસતિમાં સાધુને અલસગ, વિશૂચિકા, વમન કે બીજી કોઈ વ્યાધિ થાય કે તેવા કોઈ દુઃખ કે રોગાતંક ઉત્પન્ન થાય ત્યારે ગૃહસ્થ કરૂણાથી પ્રેરાઈને તે સાધુના શરીર પર તેલ, ઘી, માખણ કે ચરબીથી માલિશ કે મર્દન કરશે, સ્નાન કરાવશે, કલ્ક-લોધ્ર-વર્ણ-ચૂર્ણ કે પદ્મ આદિથી ઘસી-ઘસીને માલિશ કરશે, મસળશે-મર્દન કરશે. ઠંડા કે ગરમ પાણીથી પ્રક્ષાલન કરશે, સ્નાન કરાવશે, સિંચશે; લાકડાં પરસ્પર ઘસી અગ્નિ પ્રગટાવશે - પ્રજ્વલિત કરશે, આગ જલાવીને શરીરને સેકશે-તપાવશે. તેથી સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે તેવા પ્રકારના ગૃહસ્થયુક્ત ઉપાશ્રયમાં સાધુ-સાધ્વી સ્થાન, શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ વળી એવો ઉપાશ્રય જાણે કે જ્યાં સ્ત્રીઓ રહે છે તથા ત્યાં બાળકો રહે છે અથવા તે વસતિ સિંહ, કૂતરા, બિલાડા આદિ ક્ષુદ્ર પ્રાણી યુક્ત છે અથવા પશુ અને ભોજન-પાણી છે કે પશુના ભોજન-પાન ત્યાં રખાય છે, આવા ગૃહસ્થ આકુલ ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે.

તેમાં આ દોષો છે - કર્મોનું ઉપાદાન થાય છે. કેમકે ભિક્ષુ ગૃહપતિના કુટુંબ સાથે વસતા ત્યાં ભોજનાદિ ક્રિયા નિઃશંક ન થાય, કોઈ વખત વ્યાધિ વિશેષ થાય તે દર્શાવે છે - હાથ-પગ આદિ સ્તંભન, લકવા, વિશૂચિકા, છર્દી આદિ વ્યાધિ તે સાધુને થાય, બીજા તાવ, પ્રાણ હરે તેવા શૂળ આદિ રોગ ઉત્પન્ન થાય; તેને તેવા રોગથી પીડાતા જોઈને ગૃહસ્થ કરુણા કે ભક્તિથી તે ભિક્ષુના શરીરને તેલ આદિથી અભ્યંગન કે મર્દન કરે. સુગંધી દ્રવ્યથી સ્નાન કરાવે, કર્ણ-લોધ્ર-વર્ણક-ચૂર્ણ-પદ્મક આદિ દ્રવ્ય વડે થોડું થોડું ઘસે, ચોળીને તેનું ઉદ્વર્તન કરે. પછી ઠંડા કે ઉના પાણીથી થોડું સ્નાન કરાવે કે વારંવાર સ્નાન કરાવી માથાને જલથી સિંચે, લાકડાથી લાકડા ઘસીને અગ્નિને બાળે, ભડકા કરે. તેમ કરીને સાધુની કાયાને એક કે અનેક વખત તપાવે.

સાધુને પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે આવા પ્રકારના ગૃહસ્થયુક્ત ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.

● સૂત્ર-૪૦૨ :-

*ગૃહસ્થના સંસર્ગવાળા મકાનમાં રહેવું તે સાધુ માટે કર્મબંધનું કારણ છે,*

*કેમકે ગૃહસ્થથી માંડીને કર્મચારીણી આદિ પરસ્પર આક્રોશ કરતા હોય, કુવચન બોલતા હોય, એકબીજાને રોકતા હોય, ઉપદ્રવ કરતા હોય; આવું બધું જોઈને સાધુનું મન ઉંચું નીચું થઈ જાય અને મનમાં વિચારે કે આ લોકો ઝઘડે તો સારું અથવા ન ઝઘડે તો સારું યાવત્ મારે તો સારું કે ન મારે તો સારું. તેથી સાધુ માટે આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા ગૃહસ્થયુક્ત સ્થાનમાં સ્થાનાદિ ન કરે.*

● વિવેચન :-

ભિક્ષુને ગૃહસ્થયુક્ત વસતિમાં રહેવાથી કર્મોનું ઉપાદાન થાય. જેથી ત્યાં ઘણાં દોષો સંભવે છે તે કહે છે, આવી વસતિમાં ગૃહસ્થાદિ પરસ્પર આક્રોશ આદિ કરે, તેમ કરતા જોઈને સાધુનું મન ઉંચુ-નીચું થાય, તેમાં ઉંચુ એટલે આવું ન કરે, નીચું એટલે આવું કરે.

● સૂત્ર-૪૦૩ :-

*ગૃહસ્થ સાથે વાસ કરનાર સાધુને કર્મબંધ થાય. કેમકે ગૃહસ્થ પોતાના માટે અગ્નિકાય પ્રગટાવશે, પ્રજ્વલિત કરશે કે બુઝાવશે. તે જોઈ મુનિનું મન ઉંચુ-નીચું થશે. તે વિચારશે કે આ અગ્નિકાયને પ્રગટાવે-ન પ્રગટાવે, પ્રજ્વલિત કરે - ન કરે, ઠારે - ન ઠારે તો સારું. તેથી સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે, તેવા ઉપાશ્રયમાં ન રહે.*

● વિવેચન :-

આ પણ ગૃહસ્થ સાથે વસવાથી તે સ્વાર્થે અગ્નિ સમારંભ કરે તો સાધુનું મન ઉંચુ-નીચું થઈ શકે તે દર્શાવતું સૂત્ર છે.

● સૂત્ર-૪૦૪ :-

*ગૃહસ્થ સાથે નિવાસ કરનાર સાધુને કર્મબંધ થાય છે. કેમકે - ગૃહસ્થના કુંડલ, કંદોરો, મણિ, મોતી, હિરણ્ય, સુવર્ણ, કડા, બાજુબંધ, ત્રિસરો હાર, પ્રલંબ હાર, અર્ધહાર, એકાવલી, કનકાવલી, મુક્તાવલી, રત્નાવલી આદિથી સજ્જ તરુણી કે કુમારીને અલંકૃત્ - વિભૂષિત જોઈને સાધુનું મન ઉંચુ-નીચું થાય, વિચારે કે આ સુંદર લાગે છે - નથી લાગતી, ઉપભોગ્ય છે કે નથી. તે આવું બોલે, અનુમોદે. તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે યાવત્ ત્યાં વાસ ન કરે.*

● વિવેચન :-

ગૃહસ્થ સાથે વસતાં ભિક્ષુને આ દોષો લાગે છે - જેમકે અલંકાર પહેરેલી કન્યા જોઈને - x - આવી શોભન કે અશોભન મારી પત્ની હતી કે આ અલંકાર અથવા કન્યા શોભન કે અશોભન છે તેવું વચનથી બોલે તથા મનને શોભન કે અશોભનમાં ઉંચુ-નીચું કરે. તેમાં ગુણ એટલે રસના [દોષો] છે, હિરણ્ય-દીનારાદિ દ્રવ્ય, ત્રુટિત-તે મૃણાલિકા અને પ્રાલંબ એ આભરણ વિશેષ છે. બાકી સુગમ છે. - વળી -



● સૂત્ર-૪૦૫ :-

*સાધુ કે સાધ્વીને ગૃહસ્થ સાથે વસતાં કર્મબંધ થાય છે. જેમકે - અહીં ગૃહસ્થની પત્ની કે પુત્રવધૂ, પુત્રી, ધાત્રી, દાસી, નોકરાણી મુનિને જોઈને પરસ્પર વાર્તાલાપ કરશે કે જે આ શ્રમણ ભગવંત મૈથુન ધર્મથી વિરત છે, તેમને મૈથુન સેવન કે તેની અભિલાષા પણ ન કલ્પે. આવા સાધુ સાથે કોઈ સ્ત્રી મૈથુન સેવે તો તેણીને પુત્ર પ્રાપ્તિ થાય. જે ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, દેખાવડો અને વિજયી હોય. આવા પ્રકારની વાત સાંભળી સમજી તેમાંની કોઈ સ્ત્રી તે તપસ્વી ભિક્ષુને મૈથુન ધર્મ માટે પ્રલોભન આપી આકર્ષિત કરશે. તેથી સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે સાધુ તેવી વસતિમાં સ્થાન, શય્યા, સ્વાધ્યાય ન કરે, તે ભિક્ષુધર્મ છે.*

● વિવેચન :-

પૂર્વોક્ત ગૃહે વસતા ભિક્ષુને આ દોષ છે - ગૃહપતિની પત્ની આદિ એમ કહે કે, આ શ્રમણો મૈથુનથી વિરત છે. તેથી તેના દ્વારા જો પુત્ર થાય તો બળવાન્, દીપ્તિમાન્, રૂપવાન્, કીર્તિમાન્ થાય. આવું ધારીને તેમાંની કોઈ પુત્ર વાંછક સ્ત્રી આ શબ્દો સાંભળી તે સાધુને મૈથુનધર્મ સેવવા માટે આકર્ષિત કરે. આ દોષના ભયથી સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞાદિ છે કે આવી વસતિમાં સ્થાનાદિ ન કરવા. આ જ તેનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૨ 'શય્યૈષણા', ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૨ ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશો-૧ કહ્યો, હવે બીજો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૧-માં ગૃહસ્થયુક્ત વસતિના દોષ કહ્યા. તે વિશેષથી કહે છે.

● સૂત્ર-૪૦૬ :-

*કોઈ ગૃહસ્થ શૂચિ સમાચાર હોય, સાધુ તો સ્નાન ત્યાગી, [કોઈ] મોક પ્રતિમાધારી હોય, તે ગંધ ગૃહસ્થને દુર્ગંધ, પ્રતિકૂળ, અપ્રિય લાગે. તેમજ સાધુને કારણે ગૃહસ્થ પહેલા કરવાનું કાર્ય પછી, પછી કરવાનું કાર્ય પહેલાં કરે, વળી ભોજનાદિ કાર્ય કરે કે ન કરે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તે આવી વસતિમાં વાસ ન કરે.*

● વિવેચન :-

કેટલાંક ગૃહસ્થો શૂચિ સમાચારવાળા ભાગવત આદિના ભક્તો કે ભોગીઓ - ચંદન, અગરુ, કુંકુમ, કર્પુરાદિ સેવી હોય છે. ભિક્ષુઓ સ્નાન ન કરવાથી કે કાર્યવશાત્ મુત્રનો ઉપયોગ કરનારા હોવાથી તે ગંધવાળા કે દુર્ગન્ધ હોય છે. આ બધું તે ગૃહસ્થોને અનુકૂળ કે અભિમત હોતું નથી. તથા તે ગંધથી વિપરીત ગંધ હોય છે. - x - x - x -

તે ગૃહસ્થ સાધુ નિમિત્તે ભોજન અને સ્વાધ્યાય ભૂમિમાં સ્નાન આદિ પૂર્વે કરવાનું પછી કે પછી કરવાનું પહેલાં કરે છે. એમ આગળ પાછળ ક્રિયા થવાથી સાધુઓને અધિકરણ દોષ લાગે અથવા તે ગૃહસ્થો સાધુને કારણે પ્રાપ્ત કાળે પણ ભોજનાદિ ન કરે. તેથી અંતરાય અને મનોપીડાદિ દોષ સંભવે છે અથવા તે સાધુઓ ગૃહસ્થને કારણે પડિલેહણાદિ પછી, વિપરીત કે કાળ વીત્યા પછી કરે કે ન કરે. માટે સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે - x - ત્યાં સ્થાનાદિ ન કરે.

● **સૂત્ર-૪૦૭,૪૦૮ :-**

***ગૃહસ્થ સાથે રહેનાર સાધુને કર્મબંધ થાય છે. ગૃહસ્થ પોતા માટે વિવિધ પ્રકારનું ભોજન બનાવેલ હશે. તે સાધુ નિમિત્તે પોતાની સાથે સાધુ માટે પણ અશનાદિ બનાવશે કે લાવશે. સાધુ તે ખાવા કે પીવાની ઇચ્છા કરશે. અથવા આહાર લોલુપ બની ત્યાં જ રહેશે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે સાધુ આવા સ્થાનમાં વાસ ન કરે.***

***ગૃહસ્થ સાથે રહેનાર મુનિને કર્મબંધ થાય છે. ગૃહસ્થ પોતા માટે વિવિધ પ્રકારના કાષ્ઠ પહેલાથી કાપી રાખે છે. પછી તે સાધુ નિમિત્તે વિવિધ પ્રકારે કાષ્ઠ કાપે, ખરીદે કે ઉધાર લે. લાકડા સાથે લાકડું ઘસીને આગ સળગાવે કે પ્રજ્વલિત કરે. આ જોઈ સાધુને અગ્નિનો આતાપ-પ્રતાપ લેવાની ઇચ્છા થાય, ત્યાં રહેવાની કામના કરે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે સાધુ આવા સ્થાનમાં વાસ ન કરે.***

● **વિવેચન :-**

ગૃહસ્થ સાથે વસતા સાધુને આવાં કર્મબંધ થાય. ગૃહસ્થ પોતા માટે વિવિધ આહાર રાંધે, પછી સાધુના નિમિત્તે અશનાદિ રાંધે અથવા ભોજનના વાસણો આગળ મૂકે, તે જોઈને ભિક્ષુ તેને ખાવા-પીવા ઇચ્છે અથવા ત્યાં સાધુ રહેવા ઇચ્છે. શેષ પૂર્વવત્.

કાષ્ઠાગ્નિ સૂત્ર [૪૦૮] પણ આ સૂત્ર [૪૦૭] મુજબ જાણવું.

● **સૂત્ર-૪૦૯ :-**

***[ગૃહસ્થ સાથે એક વસતિમાં રહેનાર] સાધુ કે સાધ્વી મળ-મૂત્રની બાધા થતાં રાત્રે કે વિકાલે ગૃહસ્થના ઘરનું દ્વારભાગ ખોલશે, ત્યારે કોઈ ચોર ઘરમાં પ્રવેશી જાય, ત્યારે તે સાધુને એમ કહેવું ન કલ્પે કે ચોર પ્રવેશી રહ્યો છે કે નહીં, છુપાઈ રહ્યો છે કે નહીં, આવે છે કે નહીં, બોલે છે કે નથી બોલતો. તેણે ચોરી કરી કે બીજાએ કરી, આ ચોર છે કે તેનો સાથી છે, આ ઘાતક છે, આણે આ કાર્ય કર્યું છે; તે તપસ્વી સાધુ પર ગૃહસ્થને ચોર હોવાની શંકા થાય છે. તેથી સાધુનો એ પૂર્વોપદિષ્ટ આચાર છે કે ગૃહસ્થા યુક્ત સ્થાનમાં નિવાસ ન કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ત્યાં ગૃહસ્થ સંસક્ત વસતિમાં વસતા મળ આદિને કારણે વિકાલાદિમાં



વસતિનું દ્વાર ઉઘાડે. ત્યાં - x - ચોર પ્રવેશે, તેને જોઈને તે ભિક્ષુને એમ બોલવું ન કલ્પે - આ ચોર ઘરમાં પેસે છે. ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવું.] કેમકે તેથી તે ચોરને પીડા થાય, તે ચોરને સાધુ ઉપર દ્વેષ થતાં મારવા લાગે વગેરે દોષ છે. જો તે સાધુ ચોરને ન બતાવે તો ગૃહસ્થ તે ભિક્ષુને જ ચોર માનશે.

- ફરી વસતિ-દોષ કહે છે.

● **સૂત્ર-૪૧૦ :-**

***તે સાધુ-સાધ્વી યાવત્ જાણે કે ઘાસ કે પલાલના ઢેર, ઇંડા યાવત્ જાળા છે, તો તેવા ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પણ જો સાધુ-સાધ્વી જાણે કે ઘાસ આદિ નથી તો તે સ્થાને નિવાસ કરે.***

● **વિવેચન :-**

સુગમ છે. - x - હવે વસતિ પરિત્યાગનો અર્થાધિકાર કહે છે.

● **સૂત્ર-૪૧૧ :-**

***સાધુ-સાધ્વી ધર્મશાળા, ઉધાનગૃહ, ગૃહસ્થના ઘર કે તાપસના મઠમાં જ્યાં વારંવાર બીજા-સાધુઓ આવતા હોય ત્યાં રહેવું નહીં.***

● **વિવેચન :-**

ગામ બહાર જ્યાં મુસાફરો આવતા-જતાં રહે તે ધર્મશાળા. ઉધાન મધ્યનું ગૃહ, મઠ આદિ સ્થાનમાં વારંવાર બીજા સાધુ આવતા હોય તેવા સ્થાનમાં માસ કલ્પાદિ ન કરવો. હવે કાલાતિક્રાંત વસતિ દોષ—

● **સૂત્ર-૪૧૨ :-**

***જે ધર્મશાળાદિમાં જે સાધુ ઋતુબદ્ધ કાળ કે વર્ષાવાસ રહ્યા હોય ત્યાં જ ફરી નિવાસ કરે તો કાલાતિક્રમ દોષ લાગે છે.***

● **વિવેચન :-**

જે સાધુ ભગવંતો ધર્મશાળા આદિમાં શિયાળા-ઉનાળામાં માસકલ્પ કરીને કે ચોમાસું કરીને ત્યાંજ કારણ વિના ફરી રહે તો હે આયુષ્યમાન્ ! કાલાતિક્રમ દોષ સંભવે છે, તેમજ સ્ત્રી વગેરેની આસક્તિ કે સ્નેહથી ઉદ્ગમાદિ દોષનો સંભવ રહે, માટે આવું સ્થાન સાધુને ન કલ્પે. હવે ઉપસ્થાન દોષને બતાવે છે—

● **સૂત્ર-૪૧૩ :-**

***હે આયુષ્યમાન્ ! જે સાધુ ધર્મશાળાદિમાં ઋતુબદ્ધ કે વર્ષાવાસકલ્પ વીતાવે તેના કરતા બમણો-ત્રણગણો કાળ વ્યતીત કર્યા વિના ત્યાં ચોમાસું કે માસકલ્પ કરે તો તેને ઉપસ્થાન ક્રિયા દોષ લાગે.***

● **વિવેચન :-**

[સૂત્રાર્થમાં કહ્યા મુજબ જ વૃત્તિ છે.] તેથી આવા સ્થાનમાં રહેવું ન કલ્પે. હવે અભિક્રાંત વસતિ બતાવવા કહે છે—

● **સૂત્ર-૪૧૪ :-**

***આ જગત્માં પૂર્વાદિ દિશાઓમાં ગૃહપતિ યાવત્ નોકરાણી જેવા કેટલાંક***

*શ્રદ્ધાળુઓ હોય છે, તેઓએ સાધુના આચાર-વિચાર સારી રીતે સાંભળેલ હોતા નથી. તેઓ શ્રદ્ધા, પ્રીતિ, રુચિ રાખતાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને આશ્રીને રહેવા ગૃહસ્થો સ્થાનાદિ તૈયાર કરાવે છે. જેવા કે લુહારશાળા, આયતન, દેવકુલ, સભા, પરબ, દુકાન, વખાર, વાહનઘર, યાનશાળા, ચુનાનું કારખાનું, દર્ભશાળા, ચર્માલય, વલ્કલશાળા, કોલસાના કારખાના, લાકડાના કારખાના, સ્મશાનગૃહ, શૂન્યગૃહ, પર્વતીયગૃહ, પર્વતગુફાગૃહ, પાષાણ મંડપ કે ભવનગૃહો. જે સાધુ તેવા પ્રકારની લુહારશાળા યાવત્ ભવનગૃહોમાં નિવાસ કરે છે, હે આયુષ્યમાન્ ! તેને અભિકાંત ક્રિયા વસતિ કહેવાય છે.*

**• વિવેચન :-**

અહીં પ્રજ્ઞાપક આદિની અપેક્ષાએ પૂર્વાદિ દિશામાં શ્રાવકો કે પ્રકૃતિ ભદ્રક ગૃહસ્થાદિ રહે છે. તેઓએ સાધુના આચારાદિ જાણ્યા હોતા નથી કે સાધુનો આવો ઉપાશ્રય કલ્પે કે નહીં ? પણ વસતિદાનથી સ્વર્ગાદિ ફળ મળે તેમ ક્યાંકથી જાણીને તેની શ્રદ્ધાથી, પ્રીતિથી રુચિથી ઘણા સાધુ વગેરેને ઉદ્દેશીને ગૃહસ્થે ત્યાં આરામાદિ માટે યાનશાલા વગેરે પોતા માટે કરતા શ્રમણાદિ માટે મોટા કરાવ્યા હોય છે. આ સ્થાનોને નામ લઈને જણાવે છે. જેમકે - આદેશન તે લુહારશાળા, દેવકુલ પાસેના ઓરડા, દેવકુલ, ચાર વેદ ભણવાની શાળા, પાણી પીવાની પરબ, દુકાન, ઘંઘશાળા, રથ આદિ રાખવાનું સ્થાન, રથ આદિ બનાવાનું સ્થાન. ખડીનું પરિકર્મ થાય તે સ્થાન ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવા.]

આવા ગૃહો ચરક, બ્રાહ્મણાદિ દ્વારા પૂર્વે વપરાયા હોય, પછી સાધુ તેમાં ઉતરે તો હે આયુષ્યમાન્ ! તે અભિકાંત ક્રિયા વસતિ કહેવાય. આવા મકાનમાં અલ્પદોષ છે.

**• સૂત્ર-૪૧૫ :-**

*આ જગત્‌માં પૂર્વ આદિ દિશામાં રહેતા ગૃહસ્થ યાવત્ ઘણાં શ્રમણ, આદિને ઉદ્દેશીને વિશાળ મકાન બનાવે. જેમકે લુહાર શાળા યાવત્ ભવનગૃહ. જે સાધુ આવા ગૃહોમાં ઉતરે કે જ્યાં ચરકાદિ પરિવ્રાજક વગેરે કોઈ પહેલા રહ્યા ન હોય, તો તે અનભિક્રાન્ત ક્રિયા વસતિ કહેવાય.*

**• વિવેચન :-**

સુગમ છે. વિશેષ એ કે પૂર્વે ચરક આદિ કોઈ ત્યાં ઉતર્યા નથી, તો અનભિક્રાંતક્રિયા વસતિ કહેવાય. તેથી આવી વસતિ સાધુને માટે અકલ્પનીય છે. હવે ન ઉતરવા યોગ્ય વસતિ કહે છે—

**• સૂત્ર-૪૧૬ :-**

*આ જગત્‌માં પૂર્વ આદિ દિશામાં યાવત્ નોકરાણી રહે છે, તેઓને પહેલાથી એ જ્ઞાત હોય છે કે આ શ્રમણ ભગવંતો યાવત્ મૈથુનકર્મથી વિરમેલા છે. આ મુનિઓને આધાકર્મિક ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી, તેથી આપણે આપણા માટે જે લુહારશાળા યાવત્ ભવનગૃહ બનાવેલ છે, તે બધાં આ મુનિઓને રહેવા આપીશું, પછી આપણે આપણા માટે બીજી લુહારશાળા યાવત્*



*ગૃહો બનાવીશું, આવા તેમના વાર્તાલાપને સાંભળીને, સમજીને જે સાધુ તેવા પ્રકારની લુહારશાળા યાવત્ ગૃહોમાં નિવાસ કરે કે તેવી રીતે બીજાના આપેલા મકાનમાં રહે તો હે શિષ્ય ! તે વર્જ્યક્રિયા વસતિ છે.*

**• વિવેચન :-**

પ્રાયઃસુગમ છે. તેનો સમુદાય અર્થ આ પ્રમાણે - સાધુ આચારના જ્ઞાત ગૃહસ્થો પોતાના માટે બનાવેલ ગૃહાદિ સાધુને આપી, પોતા માટે બીજા કરે, તે કે તેવા બીજા ઉચ્ચ-નીચ ઘરો બીજા હોય, તે સાધુને અપાયા હોય, તો તે વર્જ્યક્રિયા વસતિ છે, તે સાધુને ન કલ્પે. હવે મહાવર્જ્ય વસતિ—

**• સૂત્ર-૪૧૭ :-**

*આ જગત્‌માં પૂર્વાદિ ચારે દિશામાં કેટલાંક શ્રદ્ધાળુ હોય છે. તેઓને સાધુના આચાર ગોચરનું જ્ઞાન હોતું નથી યાવત્ શ્રદ્ધાથી ઘણા શ્રમણ, બ્રાહ્મણ યાવત્ વનીપકની ગણના કરીને તેમના માટે તે ગૃહસ્થો મકાનો બનાવે છે - જેવા કે લુહારશાળા યાવત્ ભવનગૃહ. જે સાધુ તેવા પ્રકારના ગૃહોમાં નિવાસ કરે છે કે અન્યાન્ય પ્રદત્ત ગૃહોમાં રહે છે, તે મહાવર્જ્યક્રિયા વસતિ છે.*

**• વિવેચન :-**

પ્રાયઃસુગમ છે. વિશેષ એ કે શ્રમણાદિ માટે તૈયાર કરેલ જે વસતિમાં સ્થાનાદિ કરે તે મહાવર્જ્યા વસતિ કહેવાય. તેથી તે અકલ્પ્ય અને વિશુદ્ધિ કોટિ વસતિ કહેવાય. હવે સાવદ્ય નામક વસતિ કહે છે.

**• સૂત્ર-૪૧૮ :-**

*આ સંસારમાં પૂર્વાદિ દિશામાં કેટલાંક શ્રદ્ધાળુ રહે છે, જે શ્રદ્ધા, પ્રીતિ અને રુચિથી ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને ગણી-ગણીને તેમના માટે લુહારશાળા યાવત્ ભવનગૃહો બનાવે છે. જે સાધુ આવી લુહારશાળાદિમાં નિવાસ કરે કે અન્યાન્ય પ્રદત્ત ગૃહોનો ઉપયોગ કરે તે હે આયુષ્યમાન્ ! સાવદ્યક્રિયા વસતિ છે.*

**• વિવેચન :-**

પ્રાયઃસુગમ છે. વિશેષ એ કે પાંચ પ્રકારના શ્રમણોને કલ્પીને વસતિ બનાવેલ હોય તે શ્રમણો આ પ્રમાણે - નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરિક અને આજીવિક. તેમને માટે કરાયેલા સ્થાનાદિ સાવદ્યક્રિયા નામની વસતિ થાય. આ અકલ્પનીય અને વિશુદ્ધિકોટિ છે - હવે મહાસાવદ્ય નામની વસતિ કહે છે.

**• સૂત્ર-૪૧૯ :-**

*આ જગત્‌માં પૂર્વાદિ દિશામાં શ્રદ્ધાળુ રહે છે યાવત્ કેવળ રુચિ માત્રથી કોઈ એક શ્રમણવર્ગને ઉદ્દેશીને ગૃહસ્થો લુહારશાળા યાવત્ ગૃહો બનાવે છે. તેઓ ઘણાં જ પૃથ્વીકાય યાવત્ ત્રસકાયનો સમારંભ કરીને, વિવિધ પ્રકારના ઘણાં પાપકર્મો કરીને જેવા કે - આચ્છાદન, લેપન, બેઠક કે દ્વાર બંધ કરવા, શીત જળ નાંખવું, અગ્નિકાયને પૂર્વે પ્રગટાવવો આદિ. જે સાધુ આવા પ્રકારની*

***લુહારશાળા આદિમાં રહે કે અન્યાન્ય પ્રદત્ત સ્થાને રહે તે દ્વિપક્ષ કર્મને સેવે છે. હે આયુષ્યમાન્ ! તે મહાસાવધક્રિયા વસતિ છે.***

**● વિવેચન :-**

અહીં કોઈ ગૃહસ્થાદિ એક સાધુને ઉદ્દેશીને પૃથ્વીકાયાદિના સંરંભ, સમારંભ, આરંભમાંથી કંઈ કરીને તથા વિવિધ પાપકર્મ કૃત્યોથી જેવા કે છાદન, લેપન, સંથારા માટે બારણું ઢાંકવા માટે ઇત્યાદિ હેતુથી પહેલાં કાચું પાણી નાંખે, પ્રથમ અગ્નિ બાળે ઇત્યાદિ. આવી વસતિમાં સ્થાનાદિ કરતાં તે સાધુ બે પક્ષનું કર્મસેવન કરે. તે આ પ્રમાણે - [દ્રવ્યથી] સાધુપણું અને [ભાવથી] આધાકર્મિક વસતિના સેવનથી ગૃહસ્થત્વ. રાગ-દ્વેષ, ઇર્યાપથ-સાંપરાયિક, ઇત્યાદિ દોષોથી તે મહા સાવધ ક્રિયા નામની વસતિ થાય. હવે અલ્પક્રિયા વસતિ—

**● સૂત્ર-૪૨૦ :-**

***આ જગત્માં પૂર્વાદિ દિશામાં યાવત્ રુચિથી પોતાના માટે ગૃહસ્થો પૃથ્વીકાયાદિનો સમારંભ કરી મકાન બનાવે છે. જે મુનિ તેવા પ્રકારના લુહારશાળાદિ સ્થાનમાં રહે છે કે અન્યાન્ય પ્રદત્ત સ્વીકારે છે, તેઓ એક પક્ષી કર્મનું સેવન કરે છે. હે આયુષ્યમાન્ ! આ અલ્પસાવધ ક્રિયા વસતિ છે. આ તે સાધુનો સમગ્ર ભિક્ષુભાવ છે.***

**● વિવેચન :-**

સુગમ છે. અહીં અલ્પ શબ્દ અભાવવાચી છે. આ જ ભિક્ષુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે. ૧-કાલાતિક્રાંત, ૨-ઉપસ્થાન, ૩-અભિક્રાંત, ૪-અનભિક્રાંત, ૫-વર્જ્ય, ૬-મહાવર્જ્ય, ૭-સાવધ, ૮-મહાસાવધ અને ૯-અલ્પક્રિયા. એમ નવ વસતિ છે. તે નવ સૂત્રોમાં બતાવી. તેમાં અભિક્રાંત અને અલ્પક્રિયા બે વસતિ યોગ્ય છે. બાકીની અયોગ્ય છે.

**ચૂલિકા-૨, અધ્યયન-૨ ''શય્યૈષણા'' ઉદ્દેશા-૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, અધ્યયન-૨, ઉદ્દેશો-૩ 卐

૦ ઉદ્દેશો-૨ કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા બીજામાં અલ્પક્રિયાવાળી શુદ્ધ વસતિ બતાવી, અહીં પણ આદિ સૂત્રથી તેથી વિપરીત શય્યા બતાવે છે—

**● સૂત્ર-૪૨૧ :-**

***તે પ્રાસુક, ઉંછ, એષણીય ઉપાશ્રય સુલભ નથી અને આ સાવધકર્મોના કારણે નિર્દોષ વસતિ દુર્લભ છે - જેમકે - આચ્છાદન, લેપન, સંથારા ભૂમિને દ્વાર લગાવવા, 'પિંડપાત-એષણા'. [કદાચ ઉક્ત દોષરહિત ઉપાશ્રય મળી પણ જાય, તો પણ આવશ્યક ક્રિયા યોગ્ય ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. કેમકે—] તે સાધુ ચર્યારત, કાયોત્સર્ગરત, શય્યા સંસ્તારક અને પિંડપાત [આહાર-પાણી]***



***ગવેષણારત હોય છે. આ પ્રકારે મોક્ષપથ સ્વીકારેલ કેટલાંક સરળ અને નિષ્કપટ સાધુ માયા ન કરતા ઉપાશ્રયના યથાવસ્થિત ગુણ-દોષ ગૃહસ્થોને બતાવી દે છે—***

***કેટલાંક ગૃહસ્થો ઉત્ક્ષિપ્તપૂર્વા, નિક્ષિપ્તપૂર્વા, પરિભાઇયપૂર્વા, પરિભૂત્તપૂર્વા કે પરિક્રવિયપૂર્વા હોય છે. સાધુ આવા છળ-કપટને જાણીને તે દોષો ગૃહસ્થને સારી રીતે બતાવે. શું આમ કહેનાર મુનિ સમ્યક્ વક્તા છે ? હા તે મુનિ સમ્યક્ વક્તા છે.***

**● વિવેચન :-**

*[અહીં વિશેષ અર્થ માટે ચૂર્ણિ પણ જોવી.]*

અહીં કોઈ વખત કોઈ સાધુ વસતિ શોધવા કે ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર જતાં કોઈ શ્રદ્ધાળુ એમ કહે, આ ગામ પ્રચુર અન્ન-પાનયુક્ત છે, તેથી આપ આ ગામમાં વસતિ યાચીને રહો. - x - ત્યારે સાધુ કહે કે, પ્રાસુક અન્ન-પાણી દુર્લભ નથી, પણ તે જ્યાં ખવાય તેવો આધાકર્માદિરહિત ઉપાશ્રય દુર્લભ છે. 'उंछ' એટલે છાદનાદિ ઉત્તરગુણના દોષોથી રહિત-તે દર્શાવે છે—

'अहेसणिज्ज' એટલે મૂળ-ઉત્તરગુણ દોષરહિતતાથી એષણીય વસતિ મળવી દુર્લભ છે. તે મૂળ-ઉત્તર ગુણો આ પ્રમાણે-પીઠનો વાંસ, બે ધારણ, ચાર મૂળ વેલી, આવું કોઈ સ્થાન ગૃહસ્થ પોતા માટે બનાવે તો મૂળ-ગુણ વિશુદ્ધિ જાણવી. વાંસને કપાવવા, ઠોકઠાક કરવી, દ્વાર ભૂમિને આચ્છાદન કે લેપન કરવું - આ પરિકર્મથી વિપ્રમુક્ત મૂળ-ઉત્તર ગુણોથી વિશુદ્ધ છે. ધોળેલ, ધૂપિત, વાસિત, ઉદ્યોતિત, બલિકૃત, ખુલ્લી મૂકેલ, સિંચિત, સંમૃષ્ટ એ વિશોધિ કોટીમાં ગયેલ વસતિ છે.

અહીં પ્રાયઃ સર્વત્ર સંભવિત ઉત્તરગુણોને દર્શાવે છે, આ વસતિ આ કર્મના ઉપાદાન કર્મો વડે શુદ્ધ થતી નથી તે બતાવે છે - દર્ભ આદિથી છાદિત હોય, છાણ આદિથી લેપિત હોય, સંસ્તારક તથા દ્વારને આશ્રીને મોટું-નાનું કર્યુ હોય તથા કમાડને આશ્રીને દ્વાર બંધ કરવા તથા પિંડપાત એષણા આશ્રિત દોષો કહે છે, કોઈ સ્થાને રહેલ સાધુને ઘરનો માલિક આહાર લેવા નિમંત્રે, તેના ઘેર આહાર લેવાનો નિષેધ હોવાથી સાધુ ના પાડે તો ગૃહસ્થને દ્વેષ થાય. આવા કારણોથી ઉત્તરગુણોથી શુદ્ધ ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. સાધુએ શુદ્ધ ઉપાશ્રયમાં સ્થાનાદિ કરવા.

કહ્યું છે કે, મૂળ-ઉત્તરગુણ શુદ્ધ, સ્ત્રી-પશુ-નપુંસકથી વર્જિત વસતિ સર્વ કાળ સેવે અને દોષોને દૂર કરે. મૂળ-ઉત્તરગુણ શુદ્ધ વસતિ મળે તો પણ સ્વાધ્યાય આદિ ભૂમિયુક્ત ખાલી ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. તે દર્શાવે છે - તેમાં ભિક્ષા-ચર્યારત એટલે યોગ્ય વિહાર કરનારા, સ્થાનરત-કાયોત્સર્ગ કરનાર, નિષીધિકારત તે સ્વાધ્યાયી, શય્યા એટલે અઢી હાથ પ્રમાણ સંસ્તારક અથવા શયન તે શય્યા, તે માટે સંથારો તે શય્યા સંસ્તારક રત, તેમાં કોઈ ગ્લાનાદિ કારણે સૂતા હોય તથા ગૌચરી મળેથી ગ્રાસએષણારત છે.

આ પ્રમાણે કેટલાક સાધુઓ યથાવસ્થિત વસતિના ગુણ-દોષ બતાવનારા છે.

તેઓ ઋજુ છે, સંયમ કે મોક્ષપથને પામેલા છે તથા માયારહિત હોવાથી ઉત્તમ ગુણવાળા સાધુઓ છે. આ રીતે વસતિના ગુણ-દોષ બતાવીને સાધુ જાય, પછી નિર્દોષ વસતિ સાધુને આપવા યોગ્ય ન હોય તો શ્રાવકો સાધુ માટે વસતિ બનાવે અથવા પૂર્વકૃત્‌ને યોગ્ય બનાવે. પછી તે અથવા બીજા સાધુ આવતા કેટલાંક શ્રાવક છળ કરે અને કહે કે, આ દાનાર્થે કલ્પેલી વસતિ તમે ગ્રહણ કરો.

આવી વસતિ ગૃહસ્થે પૂર્વે સાધુને બતાવી 'અહીં ઉતરજો' તેમ કહ્યું હોય તો તે 'ઉત્ક્ષિપ્ત પૂર્વા' છે, જો એમ કહે કે, પૂર્વે અમારા રહેવા માટે બનાવી છે, તો 'નિક્ષિપ્ત પૂર્વા' છે, 'પરિભાઇયપૂર્વા' એટલે - અમે પહેલાં જ ભત્રીજા આદિ માટે રાખી છે તથા બીજા ગૃહસ્થ પણ રહ્યા છે કે અમે પહેલાંથી જ તેને તજેલ છે, તમારે જો ઉપયોગમાં ન આવે તો અમે તેને પાડી નાંખશું. ઇત્યાદિ રીતે કોઈ ગૃહસ્થ છલના કરે. તો સાધુએ ઠગાવું નહીં પણ તે દોષોને દૂર કરવા.

શું આવી છલનાના સંભવમાં પણ - x - ગૃહસ્થ સાધુને સમ્યક્ જ જવાબ આપશે અથવા સાધુ સમ્યક્ પ્રગટ કરનાર થશે ? હા, તે સમ્યગ્ પ્રકટ કર્તા જ થાય. હવે ચરક આદિ સાથે રહેવું પડે તો તે વિધિ કહે છે—

● સૂત્ર-૪૨૨ :-

***તે સાધુ-સાધ્વી એવા ઉપાશ્રયને જાણે કે, જે નાનો છે, નાના દ્વારવાળો છે, નીચો છે, સંનિરુદ્ધ છે, તો તેવા પ્રકારના ઉપાશ્રયમાં રાત્રે કે વિકાલે નીકળતા કે પ્રવેશતા પહેલા હાથ પ્રસારીને પછી સાવધાનીથી પગ મૂકી બહાર નીકળે. કેવળી કહે છે કે આવો ઉપાશ્રય કર્મબંધનું કારણ છે. જેમકે ત્યાં શ્રમણ, બ્રાહ્મણ આદિના છત્ર, પાત્ર, દંડ, લાકડી, આસન, નાલિકા, વસ્ત્ર, મૃગચર્મ, પડદો, ચર્મકોશ, ચર્મછેદનક અવ્યવસ્થિત, વિખરાયેલ અનિષ્કંપ અને ચલાચલ હોય છે. રાત્રિના કે વિકાલે ત્યાંથી નીકળતા કે પ્રવેશતા સાધુ ત્યાં લપશે કે પડે. લપસતા કે પડતા તેના હાથ-પગ ભાંગે અને જીવ આદિની યાવત્ હિંસા થાય. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા પ્રકારના ઉપાશ્રયમાં પહેલા હાથ પ્રસારી પછી પગ સંભાળીને યતનાપૂર્વક પ્રવેશવું કે નીકળવું.***

● વિવેચન :-

તે ભિક્ષુ એવો ઉપાશ્રય જાણે કે - આ વસતિ નાની છે, દ્વાર નાના છે, નીચા છે કે વસતિ ગૃહસ્થથી ભરેલી છે, - x - ત્યાં સાધુને ઉતરવાનું સ્થાન શય્યાતરે બીજા કેટલાક દિવસ રહેનારા ચરક આદિને આપેલ છે, અથવા તેઓ પૂર્વે સ્થિત છે, પછી સાધુને ઉપાશ્રય આપ્યો છે. ત્યાં કાર્યવશાત્ રહેલા રાત્રિ આદિમાં નીકળતા કે પ્રવેશતા ચરકાદિના ઉપકરણને ઉપઘાત ન થાય તેમ પહેલા હાથ ફેરવતા યતનાથી ગમન-આગમનાદિ ક્રિયા કરે. બાકી સરળ છે. - x - હવે વસતિ યાચના વિધિ કહે છે.

● સૂત્ર-૪૨૩ :-

***તે સાધુ સારી રીતે વિચારી ધર્મશાળાદિમાં સ્થાનની યાચના કરે, જે તે સ્થાનનો સ્વામી હોય કે અધિકારી હોય તેમની પાસે અનુજ્ઞા માંગતા કહે કે,***



***હે આયુષ્યમાન્ ! આપ જેટલો કાળ અને ઉપાશ્રયના જેટલા ભાગની આજ્ઞા આપો તેટલો અમે નિવાસ કરીશું. આજ્ઞા આપનાર કહે કે, હે આયુષ્યમાન્ ! યાવત્ આપ રહો. ત્યારે મુનિ કહે કે, જેટલા સ્વધર્મી સાધુ આવશે તે પણ અહીં રહેશે, પછી અમે બધાં વિહાર કરીશું.***

● વિવેચન :-

તે ભિક્ષુ પૂર્વોક્ત ધર્મશાળાદિ ગૃહોમાં પ્રવેશીને વિચારે કે આ વસતિ કેવી છ ? તેનો સ્વામી કોણ છે ? ઇત્યાદિ વિચારી વસતિ યાચો. જે ઘરનો સ્વામી છે અથવા માલિકે નિયુક્ત કરેલ અધિકારી છે તેની પાસે ઉપાશ્રયની અનુજ્ઞા માંગે. તે આ રીતે - હે આયુષ્યમાન્ ! તમારી ઇચ્છાથી તમે આજ્ઞા આપો તો અમુક દિવસ આટલા ભાગમાં અમે રહીશું. ત્યારે કદાચ ગૃહસ્થ પૂછે કે તમે કેટલા દિવસ અહીં રહેશો ? ગૃહસ્થ પૂછે તો વસતિ પર્યુપ્રિક્ષક સાધુ એમ કહે કે, ખાસ કારણ વિના ઋતુબદ્ધ કાળમાં એક માસ અને વર્ષાવાસમાં ચાર માસ રહીશું. આમ કહે ત્યારે કદાચ ગૃહસ્થ કહે કે મારે તેટલો કાળ અહીં રહેવું નથી અથવા જગ્યા નથી ત્યારે સાધુ તેવું કારણ વિશેષ હોય તો કહે કે, જેટલો કાળ તમે અહીં રહો અથવા જ્યાં સુધી આ વસતિ તમારી પાસે હોય ત્યાં સુધી અમે રહીશું, પછી અમે વિહાર કરીશું. જો સાધુની સંખ્યા પૂછે, તો કહે કે, અમારા આચાર્ય સમુદ્ર જેવા છે, પરિમાણ નક્કી નથી. કાર્યાર્થે કેટલાંક આવે, કાર્ય પૂર્ણ થતા ચાલ્યા જાય, તેથી જેટલા હાજર હશે, તેટલા માટે આ યાચના છે અર્થાત્ સાધુ સંખ્યા ન કહેવી.

● સૂત્ર-૪૨૪ :-

***તે સાધુ-સાધ્વી જેના મકાનમાં રહે તેના નામ ગોત્ર પહેલાં જાણી લે. પછી તેમના ઘેર નિમંત્રણ મળે કે ન મળે તો પણ અશનાદિ આહાર જો અપ્રાસુક અને અનેષણીય જાણે તો યાવત્ ગ્રહણ ન કરે.***

● વિવેચન :-

અર્થ સુગમ છે. સાધુની આ સામાચારી છે - જો શય્યાતરના નામગોત્રાદિ જાણતા હોય તો પરોણા સાધુ સુખેથી આવી શકે. - વળી -

● સૂત્ર-૪૨૫ :-

***સાધુ સાધ્વી જો એવો ઉપાશ્રય જાણે કે, આ ગૃહસ્થના સંસર્ગવાળો છે, અગ્નિ, જળથી યુક્ત છે, તો પ્રજ્ઞાવાન્ સાધુ નિષ્ક્રમણ, પ્રવેશ યાવત્ ધર્મ અનુચિંતાર્થે આવા ઉપાશ્રયમાં સ્થાન, શય્યાદિ ન કરે.***

● વિવેચન :-

સૂત્રાર્થ અનુસાર જાણવું.

● સૂત્ર-૪૨૬ :-

***સાધુ-સાધ્વી એવો ઉપાશ્રય જાણે કે - ગૃહસ્થના ઘર વચ્ચે આવાગમનનો માર્ગ છે કે આવવા-જવામાં પ્રતિબંધ છે, તો પ્રજ્ઞાવાન્ સાધુ યાવત્ તેવા ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે.***

● વિવેચન :-

જે ઉપાશ્રયમાં ગૃહસ્થના ગૃહ મધ્યે માર્ગ હોય ત્યાં બહુ અપાયનો સંભવ હોવાથી ત્યાં નિવાસ ન કરવો.

● સૂત્ર-૪૨૭ થી ૪૩૧ :-

*સાધુ-સાધ્વી જે ઉપાશ્રય વિશે જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણીમાં [નીચે કહ્યા મુજબ છે] તો પ્રજ્ઞાવાન્ સાધુ યાવત્ ત્યાં નિવાસ ન કરે.*

*[૪૨૭-] તેઓ પરસ્પર ઝઘડાં યાવત્ મારપીટ કરે છે.*

*[૪૨૮-] પરસ્પર તેલ, માખણ, ઘી કે ચરબીથી શરીરનું માલીશ-મર્દન કર છે.*

*[૪૨૯-] પરસ્પર સ્નાન કરાવે છે કર્ક-લોધ્ર-ચૂર્ણ-પદ્મ આદિથી મસળે - રગળે - મેલ ઉતારે - પીઠી ચોળે છે.*

*[૪૩૦-] પરસ્પર શીતળ કે ઉષ્ણ જળથી સાફ કરે છે, ધુવે છે, સીંચે છે, સ્નાન કરાવે છે.*

*[૪૩૧-] નગ્ન થઈને સ્થિત છે, નગ્ન છૂપાયેલ છે, એકાંતમાં મૈથુન સેવન કરે છે. કે કોઈ ગુપ્ત વિચાર કરે છે.*

● વિવેચન-૪૨૭ થી ૪૩૧ :-

સુગમ છે. વિશેષ એ કે ત્યાં વસનારા રોજ ઝઘડે છે, તૈલાદિ અભ્યંગન કરે છે, કલ્કાથી ઉદ્વર્તન કરે છે, સ્નાન કરાવે છે ઇત્યાદિ. ત્યાં સાધુને સ્વાધ્યાયાદિમાં વિઘ્ન આવે માટે ત્યાં નિવાસ ન કરવો.

જ્યાં તે ગૃહમાં વસનારી સ્ત્રીઓ વસ્ત્રો કાઢીને રહે છે, ખાનગી એવા મૈથુનધર્મ વિષયે કંઈક રહસ્ય તથા રાત્રિના સંભોગની પરસ્પર વાત કરે છે, બીજા પણ અકાર્ય સંબંધી રહસ્ય ચિંતવે છે, તેવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાન આદિ ન કરવા કેમકે તેથી સ્વાધ્યાયમાં ક્ષતિ, ચિત્તમાં કુવાસના આદિ દોષો ઉત્પન્ન થાય છે. વળી—

● સૂત્ર-૪૩૨ :-

*સાધુ-સાધ્વી જે ઉપાશ્રયને [ગૃહસ્થ સ્ત્રી-પુરુષ આદિના] ચિત્રો વાળો જાણે ત્યાં પ્રાજ્ઞ સાધુ યાવત્ નિવાસ ન કરે.*

● વિવેચન :-

*[દશવૈકાલિક અધ્યયન-૮માં આવા પ્રકારનો જ પાઠ જોવા મળે છે.]*

સરળ છે. વિશેષ, તેમાં આ દોષ છે - ભિંત ચિત્રોના દર્શનથી સ્વાધ્યાયમાં વિઘ્ન થાય, તેવા ચિત્રમાં રહેલી સ્ત્રી આદિના દર્શનથી પૂર્વે ક્રીડા કરેલનું સ્મરણ થાય, ક્રીડા ન કરી હોય તેનું કૌતુક થાય.

હવે ફલહક આદિ સંસ્તારકને આશ્રીને કહે છે—

● સૂત્ર-૪૩૩ :-

*કોઈ સાધુ-સાધ્વી સંથારાની ગવેષણા કરવા ઇચ્છે અને જે સંસ્તારકને*





*ઇંડા યાવત્ કરોળીયાના જાળાથી યુક્ત જાણે, તેવા પ્રકારનો સંસ્તારક મળવા છતાં ગ્રહણ ન કરે. [૧] જો સાધુ-સાધ્વી તે સંસ્તારકને ઇંડા આદિથી રહિત જાણે પણ તે ભારે હોય તો પણ ગ્રહણ ન કરે [૨]. સાધુ-સાધ્વી સંથારાને ઇંડાદિથી રહિત અને હલકો જાણે તો પણ અપ્રાતિહારિક હોય તો ગ્રહણ ન કરે [૩]. સાધુસાધ્વી સંથારાને ઇંડાદિથી રહિત, હલકો, પ્રાતિહારિક જાણે તો પણ યોગ્ય રીતે બાંધેલ ન હોય તો ન ગ્રહણ કરે [૪]. પરંતુ જો સાધુસાધ્વી જાણે કે ઉક્ત ચારે દોષ નથી તો મળે ત્યારે ગ્રહણ કરે [૫].*

● વિવેચન :-

તે સાધુને જો સુવા માટે પાટિયું જોઈએ, તો તે સંબંધી પાંચ સૂત્ર છે. જેમકે પહેલા સૂત્ર મુજબ ઇંડાદિના કારણે સંયમ વિરાધના દોષ લાગે બીજામાં ભારે હોવાથી લેતા મુક્તા આત્મવિરાધના થાય. ત્રીજામાં - અપ્રતિહારત્વને લીધે તેને પરઠવવાનો દોષ. ચોથામાં - સાંધા બરાબર ન જોડ્યા હોવાથી પડી જવાનો દોષ. પાંચમાં મુજબ - x - x - સર્વ દોષરહિત હોવાથી તે સંથારો કલ્પે તે બતાવ્યું. હવે સંથારાને ઉદ્દેશીને અભિગ્રહ વિશેષ કહે છે—

● સૂત્ર-૪૩૪ :-

*ઉક્ત વસતિગત અને સંસ્તારકગત દોષોને ત્યાગીને સાધુ આ ચાર પ્રતિજ્ઞા વડે સંસ્તારકની એષણા કરવાનું જાણે - જેમાં પહેલી પ્રતિજ્ઞા આ છે—*

*સાધુ કે સાધ્વી જો સંથારાનો નામ ઉલ્લેખ કરી યાચના કરે જેમકે — ઇક્કડ, કઢિણ, જંતુક, પરગ, મોરગ, તૃણક, સોરગ, કુશ, કુર્ચક, પિપ્પલક કે પલાલગ; સાધુ આમાંનો જે સંથારો લેવો હોય તે પહેલા વિચારી લે અને કહે કે, હે આયુષ્યમાન્ ! મને આમાંનો કોઈ એક સંથારો આપો. આવા સંથારાની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક-એષણીય જાણી લે.*

● વિવેચન :-

પૂર્વે બતાવેલા વસતિના અને સંથારાના દોષોને તજીને તથા હવે કહેવાનારા દોષોનો ત્યાગ કરી સંથારો લેવો તે કહે છે - તે ભાવભિક્ષુ એમ જાણે કે આ ચાર અભિગ્રહની પ્રતિજ્ઞા વડે સંથારો શોધે. તે આ રીતે—

ઉદ્દિષ્ટ, પ્રેક્ષ્ય, તેના ઘરનો, યથા સંસ્તૃત. તેમાં ૧-ઉદ્દિષ્ટમાં ફલહક આદિમાંથી કોઈ એક લઈશ, બીજો નહીં તે પ્રથમ. ૨-જેવો મનમાં પૂર્વે ધારેલ છે, તેવો આંખે દેખીશ તો જ લઈશ, અન્ય નહીં, ૩-તે પણ તે શય્યાતરના ઘરમાં હશે તો જ લઈશ, બીજેથી લાવીને સુઈશ નહીં. ૪-તે પણ સંસ્તારક ફલહક આદિ જેવો હશે તેવો જ વાપરીશ.

આ ચારમાંની પ્રથમ બે પ્રતિજ્ઞા ગચ્છ નિર્ગત સાધુને કલ્પતી નથી, પાછલી બેમાંથી કોઈ કલ્પે. ગચ્છવાસી સાધુને તો ચારે કલ્પે. તે સૂત્ર વડે કહે છે.

તેમાં આ પહેલી પ્રતિજ્ઞા છે. જેમકે - ઉદ્દેશી ઉદ્દેશીને ઇક્કડ આદિમાંથી

કોઈપણ લઈશ એવા અભિગ્રહધારી બીજું મળે તો પણ ન લે. બાકી સુગમ છે. વિશેષ એ કે - કઠિન તે વંશકાષ્ઠાદિ, જંતુક અને પરક એ તૃણ વિશેષ છે મોરગ-તે મોરના પીંછાથી બનેલ. ભીનાશ વાળા દેશ માટે આ સંથારા છે.

● સૂત્ર-૪૩૫ :-

*હવે બીજી પ્રતિજ્ઞા-સાધુ-સાધ્વી સંસ્તારકને જોઈને યાચના કરે. ગૃહસ્થ યાવત્ નોકરાણીને પહેલાથી વિચારીને કહે, હે આયુષ્યમાન્ ! કે બહેન ! આમાંથી મને કોઈ સંથારો આપશો ? યાવત્ ગ્રહણ કરે.*

*હવે ત્રીજી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી જે ઉપાશ્રયમાં રહ્યા હોય, ત્યાં જેવા સંથારા હશે, તેવા લઈશ. બીજાને ત્યાંથી નહીં. જેમકે ઇક્કડ યાવત્ પલાલ. તે મળે તો ગ્રહણ કરીશ નહીં મળે તો ઉક્કુડુ આદિ આસને રહીશ.*

● વિવેચન :-

અહીં પણ પૂર્વવત્ બધું કહેવું. વિશેષ એ કે આ સંથારો નજરે દેખે તો જ યાચના કરે. એ રીતે ત્રીજી પ્રતિજ્ઞા જાણવી. તેમાં વિશેષ એ કે ગચ્છ નિર્ગત કે ગચ્છવાસીને વસતિ દાતા જ સંથારો આપે તો ગ્રહણ કરે, તે ન મળે તો ઉત્કટુક આસને કે પદ્માસને બેસી રાત્રિ વીતાવે.

● સૂત્ર-૪૩૬ :-

*આ ચોથી પ્રતિજ્ઞા-સાધુ કે સાધ્વી પહેલાથી જ બીછાવેલા સંથારાની યાચના કરે. જેમ કે પૃથ્વીશિલા કે કાષ્ઠશિલા. એવો સંથારો મળે તો ગ્રહણ કરે, ન મળે તો ઉત્કટુક આસને કે પદ્માસને બેસે.*

● વિવેચન :-

સુગમ છે. વિશેષ એ કે શિલાદિ સંથારો પાથરેલ હોય તો જ સુવે.

● સૂત્ર-૪૩૭ :-

*આ ચારમાંની કોઈપણ પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર યાવત્ અન્યોન્ય સમાધિપૂર્વક વિચરે. [બીજાની નિંદા ન કરે.]*

● વિવેચન :-

આ ચારમાંની કોઈપણ પ્રતિજ્ઞા સ્વીકારનાર બીજી પ્રતિજ્ઞાવાળા સાધુની નિંદા ન કરે, કેમકે તે બધા જિનાજ્ઞા આશ્રીને સમાધિમાં વર્તે છે.

હવે પ્રાતિહારિક સંથારો પાછો આપવાની વિધિ કહે છે—

● સૂત્ર-૪૩૮ :-

*સાધુ-સાધ્વી સંથારો પાછો આપવા ઇચ્છે, પણ તે જાણે કે સંથારો ઇંડા યાવત્ જાળાવાળો છે, તો તેવો સંથારો પાછો ન આપે.*

● વિવેચન :-

સૂત્રાર્થ મુજબ જાણવું. વળી—

● સૂત્ર-૪૩૯ :-

*સાધુ-સાધ્વી સંથારો પાછો આપવા ઇચ્છે અને તેને ઇંડાદિથી રહિત જાણે*



*તો પડિલેહણ-પ્રમાર્જન કરી, તપાવી, ખંખેરી જયણાપૂર્વક આપે.*

● વિવેચન :-

સુગમ છે. હવે વસતિમાં વસવાની વિધિ કહે છે—

● સૂત્ર-૪૪૦ :-

*સાધુ-સાધ્વી સ્થિરવાસ હોય, માસકલ્પી હોય કે ગામ ગામ વીચરતા હોય, તે પ્રાજ્ઞ સાધુ પહેલાથી મળ-મૂત્ર ત્યાગ ભૂમિ જોઈ રાખે. કેવલીનું કથન છે કે અપ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ કર્મબંધનું કારણ છે. સાધુ-સાધ્વીને રાત્રે કે વિકાલે મળ-મૂત્ર પરઠવતા પગ લપસે કે પડે. તે રીતે લપસતા કે પડતા હાથ-પગ આદિ ભાંગે અથવા પ્રાણિ આદિની હિંસા થાય. તેથી તેમનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે ભૂમિ પડિલેહવી.*

● વિવેચન :-

સુગમ છે. આ સાધુની સામાચારી છે કે વિકાલે પ્રશ્રવણાદિ ભૂમિનું પ્રત્યુપેક્ષણ કરે. હવે સંસ્તારક ભૂમિનો અધિકાર કહે છે—

● સૂત્ર-૪૪૧ :-

*સાધુ કે સાધ્વી શય્યા-સંસ્તારક ભૂમિની પ્રતિલેખના કરવા ઇચ્છે તો આચાર્ય, ઉપાધ્યાય યાવત્ ગણાવચ્છેદક, બાળ, વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન કે અતિથિ સાધુ દ્વારા સ્વીકૃત્ ભૂમિ છોડીને કિનારે કે મધ્યસ્થાને, સમ કે વિષમ, હવાવાળી કે નિર્વાત ભૂમિમાં યતનાપૂર્વક પડિલેહણ-પ્રમાર્જન કરી-કરીને અત્યંત પ્રાસુક શય્યા-સંસ્તારકને બિછાવે.*

● વિવેચન :-

તે ભિક્ષુ આચાર્યાદિ સ્વીકૃત ભૂમિ છોડીને બીજી ભૂમિ પોતાના સંથારા માટે પડિલેહે. - x - x - x - હવે શયનવિધિ કહે છે.

● સૂત્ર-૪૪૨ :-

સાધુ-સાધ્વી સુવા ઇચ્છે તો અત્યંત પ્રાસુક શય્યા-સંસ્તારકે આરૂઢ થાય. તે સાધુ-સાધ્વી આરૂઢ થતાં પૂર્વે મસ્તકથી પગ સુધી શરીરને પૂંજીને યતનાપૂર્વક આરૂઢ થઈને પછી યતનાપૂર્વક શયન કરે.

● વિવેચન :-

સ્પષ્ટ છે. હવે સુતેલાની વિધિ કહે છે—

● સૂત્ર-૪૪૩ :-

*સાધુ કે સાધ્વી પ્રાસુક સંથારા પર શયન કરતી સમયે પરસ્પર હાથથી હાથ, પગથી પગ, શરીરથી શરીરની આશાતના ન કરવી, પણ આશાતના ન કરતા યતનાપૂર્વક પ્રાસુક સંથારા પર સુવું જોઈએ.*

*સાધુ કે સાધ્વી ઉચ્છ્વાસ લેતા કે નિશ્વાસ મુકતા, છીંક ખાતા, બગાસુ ખાતા, ઓડકાર ખાતા, વાયુનિસર્ગ કરતા પહેલેથી મુખ કે ગુદાને હાથ વડે ઢાંકે પછી યતનાપૂર્વક શ્વાસ લે યાવત્ વાતનિસર્ગ કરે.*

● **વિવેચન :-**

સૂત્રાર્થ મુજબ જાણવું. અહીં આ ભાવના છે - પોતાના પગથી હસ્તમાત્ર વ્યવહિત સંથારામાં સુવું. આ પ્રમાણે સુનારની નિઃશ્વસિતાદિ વિધિ સૂત્ર કહ્યું. - x - x - હવે સામાન્યથી શય્યાને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૪૪૪ :-**

***સાધુ કે સાધ્વી કોઈ સમયે સમ કે વિષમ કે પવનવાળી કે નિર્વાત કે ધૂળવાળી કે ધૂળ વિનાની કે ડાંસ મચ્છરવાળી કે ડાંસ મચ્છર વિનાની કે જીર્ણશીર્ણ કે નવી સુદૃઢ કે ઉપસર્ગવાળી કે ઉપસર્ગરહિત કે કોઈ સમયે તેવા પ્રકારની શય્યા પ્રાપ્ત થાય તો પણ તેમાં રાગરહિત-સમભાવ ધારણ કરી રહેવું પણ લેશ માત્ર ગ્લાનિ લાવવી નહીં. આ જ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે, માટે તેઓ સદા જયણાથી વર્તે.***

● **વિવેચન :-**

સુખેથી સમજાય તેવું છે. તેવા પ્રકારની વસતિ વિદ્યમાન હોય તેમાંથી સમ-વિષમાદિ કોઈપણ વસતિ મળે તેમાં સમચિત્તે રહે. તેમાં દીનતાદિ ન કરે. આ જ તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે તેથી સદા તેમાં યત્ન કરે.

**ચૂલિકા-૧, અધ્યયન-૨ “શય્યૈષણા, ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૦ અધ્યયન-૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ ૦



## ૦ શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૩ “ઈર્યા” ૦

૦ બીજું અધ્યયન કહ્યું, હવે ત્રીજું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૧-માં ધર્મ શરીરનું પાલન કરવા પિંડ બતાવ્યો. તે આ લોક પરલોકના અપાયના રક્ષણ માટે અવશ્ય વસતિમાં વાપરવો. તેથી બીજા અધ્યયનમાં વસતિનું સ્વરૂપ બતાવ્યું. હવે પિંડ તથા વસતિ શોધવા માટે ગમન કરવું, તે આ પ્રમાણે કરવું, આ પ્રમાણે ન કરવું, તે અહીં બતાવવાનું છે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર છે. તેમાં નિક્ષેપ, નિર્યુક્તિ, અનુગમમાં નામ નિક્ષેપાર્થે નિર્યુક્તિ—

[નિ.૩૦૮] નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ પ્રકારે ઈર્યાનો નિક્ષેપ છે. નામ-સ્થાપના છોડીને દ્રવ્ય ઈર્યા કહે છે—

[નિ.૩૦૯] દ્રવ્ય ઈર્યા સચિત્ત, અચિત, મિશ્ર એ ત્રણ ભેદે છે. ઈર્યા એટલે ગમન. સચિત્ત વાયુ કે પુરુષનું ગમન તે સચિત્ત દ્રવ્ય ઈર્યા. એ રીતે પરમાણું આદિ દ્રવ્યનું ગમન તે અચિતદ્રવ્ય ઈર્યા, રથ આદિનું ગમન તે મિશ્ર દ્રવ્ય ઈર્યા. ક્ષેત્ર ઈર્યા તે જે ક્ષેત્રમાં ગમન કરાય તે - x - કાળ ઈર્યા તે જે કાળમાં ગમન થાય તે.

હવે ભાવ ઈર્યા કહે છે.

[નિ.૩૧૦] ભાવ વિષય ઈર્યા બે પ્રકારે - ચરણઈર્યા, સંયમઈર્યા. તેમાં ૧૭ ભેદે સંયમાનુષ્ઠાન તે સંયમેર્યા. અથવા અસંખ્ય સંયમ સ્થાનમાં એક સંયમ સ્થાનથી બીજા સંયમ સ્થાને જવું તે. ચરણ ઈર્યા - તેમાં - x - ચરણ એટલે ગતિ કે ગમન.

તે શ્રમણનું ભાવગમન કેમ થાય ?

[નિ.૩૧૧] પ્રવચન, સંઘ, ગચ્છ, આચાર્યાદિ માટે પ્રયોજન આવતાં સાધુ ગમન કરે તે આલંબન અને વિહરણ યોગ્ય અવસર તે કાળ છે. માર્ગ એટલે લોકોએ પગ વડેલ ખુંદેલ, ત્યાં યુગ માત્ર દૃષ્ટિ રાખવી. તે આલંબન કાળ માર્ગ. તેમાં - x - ૧૬ ભંગો થાય છે. તેમાં જ પરિશુદ્ધ હોય તે જ પ્રશસ્ત છે.

[નિ.૩૧૨] ચાર કારણે સાધુનું ગમન શુદ્ધ થાય છે. દિવસે માર્ગ વડે યતનાથી જાય અથવા અકાલમાં પણ ગ્લાનાદિના આલંબને યતનાથી જતાં શુદ્ધ ગમન હોય છે. આવે માર્ગે સાધુએ યત્ન કરવો. નામ નિક્ષેપ કહ્યો.

[નિ.૩૧૩] આ અધ્યયનના ત્રણે ઉદ્દેશા જો કે ઈર્યા વિશુદ્ધિકારક છે, તે પણ ત્રણેમાં કંઈક વિશેષ છે. તે દરેકને યથાક્રમે કિંચિત્ કહીશ.

[નિ.૩૧૪] ઉદ્દેશો-૧ માં વર્ષાકાલાદિમાં સ્થાન ન લેવું તથા નિર્ગમ. શરત્ કાલાદિમાં વિહાર જેવો હોય તેવો કહે છે. તેમાં યતનાથી માર્ગે ચાલવું. ઉદ્દેશા-૨ માં નાવાદિમાં આરૂઢનું પ્રક્ષેપણ વર્ણવશે. પાણીમાં યતના રાખવી તથા જુદા જુદા પ્રશ્નમાં સાધુએ શું કરવું ? તે અહીં કહે છે.

[૩૧૫-] ઉદ્દેશા-૩-માં જો કોઈ પાણી આદિ સંબંધે પૂછે તો જાણવા છતાં અજાણ રહેવું તે અધિકાર છે. તથા ઉપધિમાં અપ્રતિબંધપણું રાખવું. કદાચ તે ચોરાઈ જાય તો સ્વજન કે રાજગૃહે ફરિયાદ ન કરવી.

## ॥ ચૂલિકા-૧, અધ્યયન-૩, ઉદ્દેશો-૧ ॥

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણોવાળું સૂત્ર ઉચ્ચારવું તે કહે છે—

● **સૂત્ર-૪૪૫ :-**

***સાધુ-સ્વામી જાણે કે વર્ષાકાળ આવ્યો, ઘણી વર્ષા થઈ, ઘણા જીવજંતુ ઉત્પન્ન થયા છે, ઘણાં બીજો ઉગ્યા છે, તે માર્ગ મધ્યે ઘણાં પ્રાણી, ઘણાં બીજ યાવત્ કરોળીયાના જાળા થયા છે, માર્ગે ચાલવું કઠિન છે, માર્ગ બરાબર દેખાતો નથી. એમ જાણીને ગામ-ગામ વિહાર ન કરવો, જયણાપૂર્વક વર્ષાવાસ વ્યતીત કરવું જોઈએ.***

● **વિવેચન :-**

મુખ્યત્વે વર્ષાઋતુ આવે અને વરસાદ વરસે ત્યારે સાધુએ શું કરવું ? અહીં વર્ષાકાળ અને વૃષ્ટિ આશ્રીને ચાર ભાંગા છે. તેમાં સાધુઓને આ જ સામાચારી છે એટલે અષાઢ ચોમાસુ આવ્યા પહેલાં ઘાસ, ફલક, ડગલ, ભસ્મ, માત્રકાદિનો પરિગ્રહ કરવો. કેમકે વધુ વર્ષા થતા ઇન્દ્રગોપક, બીચાવક, ગર્દભક આદિ ઘણાં પ્રાણી ઉત્પન્ન થાય છે. ઘણાં નવા બીજો અંકુરિત થાય છે. માર્ગે જતાં તે પ્રાણીઓ તથા બીજો યાવત્ જાળાથી માર્ગ વ્યાપ્ત હોય, તે કારણે માર્ગ શોધવો મુશ્કેલ પડે છે. સાધુ આ જાણી એક ગામથી બીજે ગામ ન જાય. તેથી સંયત સાધુ સમય જોઈને ચોમાસુ કરી લે. હવે તેનો અપવાદ કહે છે—

● **સૂત્ર-૪૪૬ :-**

***સાધુ-સાધ્વી જે ગામ યાવત્ રાજધાની વિશે એમ જાણે કે આ ગામ યાવત્ રાજધાનીમાં વિશાળ સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિ નથી, પીઠ, ફલક, શય્યા, સંસ્તારકાદિ સુલભ નથી, પ્રાસુક-એષણીય આહાર-પાણી સુલભ નથી, ઘણાં શ્રમણ, બ્રાહ્મણાદિ આવ્યા છે અને આવવાના છે, વસ્તી સઘન છે, સાધુ માટે ભિક્ષાટન, સ્વાધ્યાયાદિ માટે આવાગમન સુગમ નથી. તે જાણીને તે ગામ યાવત્ રાજધાનીમાં ચોમાસુ ન કરવું. પરંતુ સાધુ એમ જાણે કે આ ગામમાં વિશાળ સ્થંડીલભૂમિ અને સ્વાધ્યાય ભૂમિ છે, પીઠ-ફલકાદિ સુલભ છે, ભિક્ષા પ્રાસુક મલે છે, શ્રમણ-બ્રાહ્મણાદિની ભીડ નથી, આવાગમન સરળ છે. તો તેવા ગામ યાવત્ રાજધાનીમાં ચોમાસુ રહે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ યાવત્ એવા રાજધાનિ આદિ જાણે કે અહીં - x - મોટી સ્વાધ્યાય ભૂમિ તથા સ્થંડિલ ભૂમિ નથી, પીઠ ફલકાદિ સુલભ નથી, પ્રાસુક આહાર સુલભ નથી. એષણીય આહાર ન મળે - તે બતાવે છે - ઉદ્‌ગમાદિ દોષરહિત તે એષણીય, તે ન મળે. જે ગામ, નગરાદિમાં શ્રમણ, બ્રાહ્મણાદિથી - x - વસતિ આકીર્ણ છે. તે ભિક્ષાટન, સ્વાધ્યાય, ધ્યાન, સ્થંડિલાદિ કાર્યમાં જનસંકુલત્વથી આકીર્ણ છે. ત્યાં પ્રાજ્ઞ સાધુને પ્રવેશ-નિર્ગમન યાવત્ ચિંતનાદિક ક્રિયા ઉપદ્રવરહિત સંભવતી નથી.



તે જાણીને સાધુ ત્યાં ચોમાસુ ન કરે.

ઉક્ત સમસ્યાઓ ન હોય ત્યાં ચોમાસુ કરે. હવે વર્ષાકાળ પુરો થયા પછી ક્યારે ક્યાં જવું તે અધિકાર કહે છે—

● **સૂત્ર-૪૪૭ :-**

***સાધુ-સાધ્વી જાણે કે વર્ષાવાસના ચાર માસ વીતી ગયા છે, હેમંતઋતુના પણ પાંચ-દશ દિવસ વીતી ગયા છે, પણ માર્ગમાં ઘણાં પ્રાણી યાવત્ જાળા છે, ઘણાં શ્રમણ-બ્રાહ્મણનું આવાગમન થયું નથી, એમ જાણીને સાધુ ગામ-ગામ વિહાર ન કરે. પરંતુ જો એમ જાણે કે ચાર માસ પુરા થયા છે યાવત્ માર્ગમાં ઇંડા યાવત્ જાળા નથી, ઘણા શ્રમણ-બ્રાહ્મણનું આવાગમન થયું છે તેમ જાણે તો ગામ-ગામ વિહાર કરે.***

● **વિવેચન :-**

જો સાધુ જાણે કે ચોમાસા સંબંધી ચારે માસ પૂરા થયા છે અર્થાત્ કારતક ચોમાસુ પૂરું થયું છે, ત્યાં જો ઉત્સર્ગથી વૃષ્ટિ ન થઈ હોય તો પડવા દિને જ બીજે સ્થાને જઈ પારણું કરે, પણ જો વર્ષા હોય તો હેમંત ઋતુના પાંચ-દશ દિવસ ગયા પછી વિહાર કરે. તેમાં પણ જો માર્ગમાં ઇંડા યાવત્ જાળા હોય - x - બહું આવાગમન ન થયું હોય તો માગસર પૂનમ સુધી ત્યાં રહે, પછી તો ન જ રહે. તેથી વિપરીત સૂત્ર આ રીતે જ જાણવું. હવે માર્ગની યતનાનો અધિકાર કહે છે.

● **સૂત્ર-૪૪૮ :-**

***તે સાધુ-સાધ્વી ગામથી ગામ જતાં આગળ યુગમાત્ર ભૂમિ જોઈને ચાલે, માર્ગમાં ત્રસ આદિ પ્રાણીને જોઈને પગનો અગ્રભાગ ઉઠાવીને ચાલે કે પગ પાછો હટાવીને કે પગ તિર્છા કરીને ચાલે. બીજો માર્ગ હોય તો યતનાપૂર્વક બીજા માર્ગે જાય, સીધા માર્ગે ન જાય. એ જ પ્રમાણે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.***

***તે સાધુ-સાધ્વી ગામથી ગામ જતાં હોય અને માર્ગમાં પ્રાણી, બીજ, હરિતકાય, સચિત્ત પાણી કે માટી હોય તો બીજો માર્ગ મળતો હોય ત્યાં સુધી સીધા માર્ગે ન જાય. એ રીતે જયણાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ બીજે ગામ જતાં આગળ ચાર હાથ પ્રમાણ ગાડાના ધૂસરા આકારે ભૂ ભાગ દેખતો ચાલે, ત્યાં માર્ગમાં પતંગ આદિ ત્રસ જીવોને જુએ કે તે પગને કે પગના તળીયાને અડકે છે તો તેને ઓળંગીને ચાલે. આવા પ્રાણી પગ પાસે આવે ત્યારે પગ સંભાળીને મૂકે અથવા પગનો અગ્રભાગ ઉંચો કરીને કે પગને તીર્છો કરીને ચાલે. અન્ય માર્ગનો અભાવ હોય તો આ વિધિ છે, જો અન્ય માર્ગ હોય તો તે માર્ગે જ જાય, સીધા માર્ગે ગ્રામાંતરે ન જાય, એ સૂત્રનો સારાંશ છે.

● **સૂત્ર-૪૪૯ :-**

***સાધુ-સાધ્વી એકથી બીજે ગામ જતા માર્ગમાં જુદા જુદા સીમાવર્તી આદિ***

*સ્થળોમાં બનેલા ચોરના સ્થાનો, મ્લેચ્છો, અનાર્યોના સ્થાનો મળે તથા મુશ્કેલીથી આર્યોના આચાર સમજાવી શકાય, મુશ્કેલીથી અનાર્ય કર્મોથી હટાવી શકાય એવા અકાળે જાગવાવાળા અને અકાળે ખાવાવાળા પ્રદેશમાં થઈને જતા હોય ત્યારે અન્ય ગ્રામાદિમાં વિહાર થઈ શકે કે અન્ય જનપદ મળે તો તેવા મ્લેચ્છાદિ સ્થાનોમાં સાધુ ન વિચરે.*

*કેવલી કહે છે કે, તે કર્મબંધનું કારણ છે, અનાર્ય અજ્ઞાની લોક મુનિને આ ચોર છે, ચોરનો સહાયક છે, શત્રુ ગામથી આવે છે એમ કહીને સાધુને આક્રોશ કરશે યાવત્ મારશે અથવા તેના વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ છીનવી લેશ કે તોડી નાંખશે કે લુંટી લેશે કે ફેંકી દેશે. તેથી સાધુ-સાધ્વીનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે જ્યાં ચોર, અનાર્ય આદિના સ્થાન હોય ત્યાં થઈ વિહાર કરવાની ઇચ્છા ન કરે, પણ તે છોડીને યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગ્રામાંતર જતા એમ જાણે કે માર્ગે જતાં વચમાં વિવિધ પ્રકારના મહાદુષ્ટ ચોરોના સ્થાન છે, બર્બર શબર પુલિંદ આદિ મ્લેચ્છ પ્રધાન અનાર્ય લોકો જે સાડા પચીશ આર્ય દેશ છોડીને બીજા દેશોમાં રહેલા છે, તેઓ દુઃખેથી આર્ય સંજ્ઞા સમજે છે તથા કષ્ટથી આર્યધર્મ સમજે છે અને અનાર્ય સંકલ્પ છોડે છે, અકાળે ભટકનારા છે કેમકે અર્ધી રાત્રે પણ શિકારાદિ માટે જાય છે, અકાલે ભોજન કરે છે; માટે જ્યાં સુધી બીજા આર્ય-જનપદના ગામોમાં વિહાર શક્ય હોય ત્યાં સુધી તેવા અનાર્ય દેશોના ક્ષેત્રોમાં જવાનો વિચાર સાધુ ન કરે. કેમકે કેવલીએ તેને કર્મ ઉપાદાનનું કારણ કહ્યું છે.

ત્યાં જવાથી - x - સંયમ વિરાધના અને આત્મવિરાધના સંભવે છે તે બતાવે છે - મ્લેચ્છાદિ આ પ્રમાણે બોલે કે, આ ચોર છે, જાસુસ છે, તેના ગામથી આવેલો છે એમ કહી વચનથી આક્રોશ કરે, દંડ વડે તાડન કરે અને જીવ પણ લઈ લે. વસ્ત્રાદિ ખૂંચવી લે. સાધુને કાઢી મૂકે. - x - સાધુએ આવા મ્લેચ્છ સ્થાનોમાં ન જવું પણ સારા માર્ગે વિહાર કરવો.

● સૂત્ર-૪૫૦ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા માર્ગમાં એમ જાણે કે આ પ્રદેશ રાજા વગરનો, ઘણાં રાજાવાળો, યુવરાજ જ હોય તેવો, બે રાજાવાળો, બે રાજ્યોમાં વેર હોય તેવો કે વિરોધીનું રાજ્ય હોય તેવો છે તો બીજા માર્ગેથી જાય પણ આવા પ્રદેશની વચ્ચેથી ન જાય. કેવલી કહે છે કે તે કર્મબંધનું કારણ છે, ત્યાંના અજ્ઞાની લોકો-'આ ચોર છે' ઇત્યાદિ સૂત્ર-૪૪૯ મુજબ જાણવું, તેથી મુનિ તે દેશ છોડી નિરુપદ્રવ માર્ગે જાય.*

● વિવેચન :-

સરળ છે. अराजा - રાજા મૃત્યુ પામ્યો હોય, યુવરાજ-અભિષેકરહિત.



● સૂત્ર-૪૫૧ :-

*એક ગામથી બીજે ગામ જતાં સાધુ-સાધ્વીને માર્ગમાં લાંબી અટવી આવે તો તેણે જાણવું જોઈએ કે આ અટવી એક-બે-ત્રણ-ચાર કે પાંચ દિવસમાં પાર કરી શકાશે કે નહીં ? જો બીજો માર્ગ હોય તો આવી અનેક દિવસે પાર કરી શકાય તેવી અટવીમાં થઈને ન જાય. કેવલી કહે છે કે ત્યાંથી જવું તે કર્મબંધનું કારણ છે, ત્યાં જતા વચ્ચે વાસ કરવો પડે તો પ્રાણી, લીલફુગ, બીજ, હરિત, સચિત્ત પાણી-માટી આદિથી વિરાધના થાય. સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે યાવત્ આવી અટવીમાં વિહાર ન કરે, પણ બીજા માર્ગોથી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગ્રામાંતર જતા એમ જાણે કે માર્ગમાં જતાં મને કેટલાંક દિવસ લાગશે, ત્યારે આવા માર્ગને જાણીને જો બીજો વિહાર માર્ગ હોય તો આવા સ્થાનેથી જવાનો વિચાર ન કરે. - x - હવે નાવ-ગમન વિધિ કહે છે.

● સૂત્ર-૪૫૨ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતા જાણે કે માર્ગમાં નૌકાથી પાર કરી શકાય તેટલું પાણી છે, પણ જો તે નૌકા ગૃહસ્થે સાધુના નિમિત્તે ખરીદેલી, ઉધાર લીધેલી કે નૌકા બદલે નૌકા લીધી છે. સ્થળમાંથી જળમાં ઉતારેલી છે કે જલમાંથી સ્થળમાં કાઢી છે, ભરેલી નૌકાનું પાણી ઉલેચી ખાલી કરી છે કે ફસાયેલીને બહાર ખેંચી કાઢી છે; એવા પ્રકારની નૌકા ઉપર, નીચે કે તીર્છી ચાલવાવાળી હોય, તે પછી એક યોજન-અર્ધયોજન કે તેનાથી ઓછી-વધુ જવાવાળી હોય તો પણ સાધુ-સાધ્વી તે નૌકામાં ન બેસે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે આ નૌકા સામે પાર જવાની છે, તો પોતાના ઉપકરણ લઈને એકાંતમાં જાય, જઈને ઉપકરણોનું પડિલેહણ કરે, કરીને તે એકત્ર કરે, એકત્ર કરીને મસ્તકથી પગ સુધી સંપૂર્ણ શરીરનું પ્રમાર્જન કરે, પછી આહારના સાગારી પચ્ચક્ખાણ કરે, પછી એક પગ જલમાં અને એક પગ સ્થળમાં રાખી યતનાપૂર્વક નૌકા પર ચઢે.*

● વિવેચન :-

સૂત્રાર્થ મુજબ જ જાણવું. હવે કારણે નાવ આરોહણ વિધિ કહે છે—

● સૂત્ર-૪૫૩ :-

*સાધુ-સાધ્વી નૌકા પર ચઢે ત્યારે નૌકાના આગલા ભાગમાં ન બેસે, પાછલા ભાગમાં ન બેસે, મધ્ય ભાગે ન બેસે. નૌકાના બાજુના ભાગને પકડી-પકડીને, આંગળી ચીંધી-ચીંધીને, શરીરને ઉંચુ-નીચું કરીને ન જુએ.*

*જો નાવિક નૌકામાં ચઢેલ સાધુને કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ નૌકાને આગળ ખેંચો કે પાછળ ખેંચો, ચલાવો કે દોરડાઓ ખેંચો. આ સાંભળી મુનિ લક્ષ ન આપે પણ ઉપેક્ષા ભાવ ધરી મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! નૌકાને આગળ પાછળ ખેંચવામાં કે દોરડાથી નૌકાને સારી રીતે બાંધવામાં કે દોરડાથી ખેંચવામાં સમર્થ ન હોય તો નૌકાનું દોરડું લાવી આપો, અમે પોતે જ નૌકાને આગળ-પાછળ ખેંચી લેશું, દોરડાથી સારી રીતે બાંધીશું અને પછી ખેંચીશું. સાધુ નાવિકના આ વચનને ન સ્વીકારે પણ મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ નાવને તમે હલેસા-પાટીયા-વાંસ-વળી-ચાટવા આદિથી ચલાવો. સાધુ નાવિકના આ વચનને ન સ્વીકારે પણ ઉપેક્ષાભાવે મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, નાવમાં ભરાયેલ પાણીને હાથ-પગ-વાસણ કે પાત્રથી નૌકાના પાણીને ઉલેચીને બહાર કાઢો. સાધુ નાવિકના તે કથનને ન સ્વીકારે પણ ઉપેક્ષાભાવે મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે, આ નાવમાં થયેલ છિદ્રને હાથ, પગ, ભુજા, જાંઘ, પેટ, મસ્તક, કાયા, ઉપકરણ, વસ્ત્ર, માટી, કુશપત્ર કે કમલપત્રથી બંધ કરી દો; સાધુ તેના આ કથનને ન સ્વીકારે, મૌન રહે.*

*સાધુ-સાધ્વી નૌકાના છિદ્રમાંથી પાણી ભરાતું જોઈને, તે પાણીથી નૌકાને હાલકડોલક થતી જોઈને નાવિક કે કોઈની પાસે જઈને એમ ન કહે કે, હે આયુષ્યમાન્ ગાથાપતિ ! તારી આ નાવના છિદ્રમાંથી પાણી ભરાઈ રહ્યું છે, નાવ ડૂબી રહી છે, આ પ્રકારે મન કે વચનને આગળ-પાછળ ન કરીને સાધુ વિચરણ કરે. પોતાના શરીર કે ઉપકરણની મૂર્છા ન કરીને તથા પોતાની લેશ્યાને સંયમ બાહ્ય પ્રવૃત્તિમાં ન રોકીને, પોતાના આત્માને એકત્વ ભાવમાં લીન કરીને સમાધિ સ્થિત થઈ, વ્યુત્સર્ગ કરે.*

*નૌકામાં બેઠેલ મુનિનો આ આચાર બતાવ્યો, તેનું સમ્યક્ પાલન કરી પછી યતનાપૂર્વક નૌકામાંથી ઉતરે. મુનિ આ વિધિનું સારી રીતે પાલન કરતો વિચરે. તેમ હું કહું છું.*

● **વિવેચન :-**

*[નિશીથ ચૂર્ણિમાં પણ આવા પાઠ જોવા મળે છે.]*

સ્પષ્ટ છે. નાવના અગ્ર ભાગે ન બેસે જેથી ખલાસીને ઉપદ્રવ ન થાય. બીજા લોકોને ચડવા પહેલાં પોતે ન ચઢે, કેમકે તેથી પ્રવર્તન અધિકરણ દોષ ન લાગે. તેમાં રહીને કોઈના કહેવાથી નાવ-પ્રવૃત્તિ ન કરે, ન કરાવે. વિશિષ્ટ અધ્યવસાયપૂર્વક વિધિ પાળે, તે ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૩, "ઈર્યા" ઉદ્દેશા-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ૐ ચૂલિકા-૧, અધ્યયન-૩ - ઉદ્દેશો-૨ ૐ

૦ ઉદ્દેશો-૧- કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૧-માં નાવમાં બેઠેલ સાધુની વિધિ કહી, અહીં પણ તે જ કહે છે, આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૪૫૪ :-**

*નૌકામાં રહેલ કોઈ નૌકારૂઢ મુનિને કહે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે આ છત્ર યાવત્ ચર્મછેદનકને પકડો, આ વિવિધ પ્રકારના શસ્ત્રોને ધારણ કરો અથવા આ બાળકને પાણી આપો. મુનિ તેમ ન કરે, મૌન રહે.*

● **વિવેચન :-**

— સૂત્રાર્થ મુજબ જાણવું - નાવિકના કહ્યા પ્રમાણે ન કરવાથી તો ક્રોધી થઈને સાધુને નાવમાંથી ફેંકી દે તો શું કરવું ? તે કહે છે—

● **સૂત્ર-૪૫૫ :-**

*નૌકામાં રહેલ કોઈ વ્યક્તિ, નૌકામાં બેઠેલ કોઈ બીજાને કહે કે, આ શ્રમણ નાવનો ભાર વધારનાર છે, તેને બાહુથી પકડી પાણીમાં ફેંકી દો, આવા શબ્દ સાંભળીને-સમજીને તે જો વસ્ત્રધારી હોય તો શીઘ્ર ભારે વસ્ત્ર અલગ કરી હળવા વસ્ત્રો ધારણ કરે, તેમજ મસ્તકાદિ પર લપેટી લે.*

*હવે જો મુનિ જાણે કે આ અજ્ઞાની ક્રૂરકર્મા લોકો અવશ્ય મને બાહુ પકડીને પાણીમાં ફેંકશે, તો મુનિ પહેલાં જ કહી દે, હે આયુષ્યમાન્ ગૃહસ્થો ! મને બાહુથી પકડી નાવમાંથી પાણી ન ફેંકો, હું જાતે જ નાવથી પાણીમાં ઉતરી જઉં છું. મુનિ એમ કહે તો પણ તે જલ્દીથી બળપૂર્વક બાહુ પકડી પાણીમાં ફેંકી દે તો મુનિ હર્ષ કે શોક ન કરે, સંકલ્પ-વિકલ્પ ન કરે, તે અજ્ઞાનીજનનો વધ કે ઘાત કરવા તૈયાર ન થાય, શાંત ચિત્તે ગભરાયા વિના સમાધિપૂર્વક યતનાથી પાણીમાં પ્રવેશ કરે.*

● **વિવેચન :-**

તે-ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને બીજાને કહે કે, આ સાધુ કામ કર્યા વિના માત્ર ભાંડ કે ઉપકરણ વડે બોજારૂપ છે. તેને - x - પકડીને ફેંકી દો. આવા શબ્દો સાંભળીને કે કોઈ પાસેથી જાણીને તે ગચ્છવાસી કે ગચ્છ નિર્ગત મુનિ હોય તે તુર્ત બોજાવાળા નકામા વસ્ત્ર ઉતારીને જરૂર જોગ હલકા વસ્ત્રાદિ શરીરે વીંટી લે, માથે બાંધી લે. આ રીતે ઉપકરણ વીંટી લીધેલ સાધુ સુખેથી, નિર્વ્યાકુળતાથી પાણીમાં તરે છે. પછી ધર્મોપદેશના વડે સાધુનો આચાર સમજાવે છતાં ગૃહસ્થો પાણીમાં નાંખવા તૈયાર થાય તો ઇત્યાદિ સુગમ છે. હવે પાણીમાં પડેલાની વિધિ કહે છે—

● **સૂત્ર-૪૫૬ :-**

*સાધુ-સાધ્વી પાણીમાં તણાતા હોય ત્યારે હાથથી હાથ, પગથી પગ કે શરીરથી શરીરનો સ્પર્શ ન કરે. પરસ્પર ન સ્પર્શતા યતનાપૂર્વક પાણીમાં તણાય.*

*તે સાધુ પાણીમાં તણાતા ઉપર-નીચે જવાની ક્રિયા ન કરે. એમ પણ ન વિચારે કે આ પાણી મારા કાન-આંખ-નાક-મુખમાં પ્રવેશ ન કરે. પણ યતનાપૂર્વક પાણીમાં તણાય. સાધુ જો પાણીમાં તણાતા થાકી જાય તો જલ્દીથી વસ્ત્ર પાત્રાદિ ઉપધિ છોડી દે કે નિસ્સારને ફેંકી દે-આસક્તિ ન રાખે. જો જળાશયના કિનારે પહોંચી જાય તો જ્યાં સુધી શરીર પાણીથી ભીંજાયેલ રહે ત્યાં સુધી યતનાપૂર્વક કિનારે સ્થિર રહે. તે સાધુ પાણીથી ભીંજાયેલ શરીરને લુંછે નહીં, પૂંજે નહીં, દબાવે નહીં, સૂકાવે નહીં, મસળે નહીં, ઘસે નહીં, તપાવે નહીં પરંતુ જ્યારે સાધુને પ્રતીતિ થાય કે હવે શરીર સુકાઈ ગયું છે ત્યારે શરીર લુંછે-પૂંજે-યાવત્ તડકામાં તપાવે અને ત્યારબાદ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ પાણીમાં પડ્યા પછી અપ્‌કાય જીવના રક્ષણ માટે હાથ આદિ વડે હાથ આદિને ન સ્પર્શે પણ સંયત થઈ પાણીમાં તરે. પાણીમાં તરતા ડૂબકી ન લગાવે. બાકી સુગમ છે. જો તે પાણીમાં તરતા થાકી જાય તો પોતાની ઉપધિ કે તેનો ભાગ ત્યાગ કરે. ઉપધિમાં આસક્ત ન થાય. જો સમર્થ હોય તો ઉપધિ સહિત જળને પાર કરે. પાણી ટપકતાં શરીરે કિનારે ઉભો રહે અને ઇર્યાવહી પડિક્કમે. પણ શું ન કરે તે સ્પષ્ટ છે. વિશેષમાં આ સામાચારી છે કે ભીના વસ્ત્રો-શરીર નીતરી ન જાય ત્યાં સુધી કિનારે ઉભા રહે. પણ ચોર આદિના ભયથી જવું પડે તો કાયાને સ્પર્શ કર્યા વિના લાંબા હાથ રાખી ચાલ્યા જવું.

● સૂત્ર-૪૫૭ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતાં બીજા સાથે વાતો કરતા ન જાય. પણ યતના પૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

સરળ છે. બીજા સાથે વિશેષ વાતચીત કરતા ન ચાલે. - x -

● સૂત્ર-૪૫૮ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા માર્ગમાં જાંઘ સુધીના પાણીમાં ઉતરવાનું હોય તો પહેલા માથાથી પગ સુધી શરીરને પ્રમાર્જે. પ્રમાર્જીને એક પગ જળમાં અને એક પગ સ્થળમાં રાખી યતનાપૂર્વક આર્યજનોચિત વિધિથી જળમાં ચાલે. આ રીતે ચાલતા તે સાધુ હાથથી હાથને યાવત્ ન સ્પર્શતા-[અપ્‌કાયની વિરાધના ન કરી] યતનાપૂર્વક જંઘા સુધીના પાણીમાં ચાલે. સાધુ-સાધ્વી એ રીતે ચાલતા શરીરની સાતાને માટે કે દાહ ઉપશાંત કરવા માટે ઉંડા અને વિશાળ જળમાં શરીરને ન ઝબોળે પણ યતનાપૂર્વક જંઘા સુધીના પાણીમાં ચાલે. જ્યારે એમ જાણે કે કિનારો આવીગયો છે ત્યારે યતનાપૂર્વક પાણીમાંથી નીકળી શરીર ભીનું હોય ત્યાં સુધી કિનારે રહે. તે સાધુ ભીંજાયેલા શરીરને સ્પર્શે નહીં, રગડે નહીં, પૂંજે નહીં, મસળે નહીં ઇત્યાદિ પણ જ્યારે શરીર સૂકાયું છે તેમ જાણે પછી સ્પર્શે યાવત્ તાપમાં ઉભા*



*રહીને શરીરને તપાવે. પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● સૂત્ર-૪૫૯ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા હોય અને પગ કીચડથી ખરડાઈ જાય તો તેને સાફ કરવા ઉન્માર્ગમાં જઈ સચિત્ત વનસ્પતિ છેદન કે લીલા પાન ભેગા કરી કે કચડીને, ઉખેડીને, મસળીને પગ સાફ ન કરે. જે આ રીતે જલ્દીથી વનસ્પતિ વડે પગની માટી સાફ કરે છે, તે માયા સ્થાનને સ્પર્શે છે, માટે સાધુએ તેમ ન કરવું. તે પહેલાથી જ વનસ્પતિરહિત માર્ગ જુએ [શોધે], તે માર્ગે જ યતનાપૂર્વક વિચરે.*

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતાં જાણે કે માર્ગમાં ટેકરા, ખાઈ, કિલ્લો, તોરણ, અર્ગલા, ખાડા, ગુફા, દરાદિ હોય અને બીજો માર્ગ સારો હોય તો સીધા માર્ગે ન જાય, પણ તે માર્ગે યતનાપૂર્વક જાય, કેવલી ભગવંતે વિષમ માર્ગે જતાં કર્મબંધનનું કારણ બતાવેલ છે. વિષમ માર્ગે જતા લપસી કે પડી જવાથી તે વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતા, વેલ કે ઘાસને પકડીને કે તેનું અવલંબન લઈને ઉતરશે. જે યોગ્ય નથી. વિશેષ કારણે તે જ માર્ગે જવું પડે તો યતનાપૂર્વક વૃક્ષ, વેલ આદિનો સહારો લેતો અથવા કોઈ પથિક જતો હોય તો તેના હાથનો સહારો લઈ યતનાપૂર્વક ચાલે એ રીતે સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરે.*

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતા હોય ત્યારે માર્ગમાં જવ, ઘઉં આદિ ધાન્યોના ઢેર હોય, ગાડા કે રથ હોય, સ્વ કે પર શાસકની સેનાના વિવિધ પડાવથી માર્ગ રોકાયેલો હોય તો બીજા માર્ગે યતનાપૂર્વક જાય પણ સીધા માર્ગે ન જાય. કેમકે સેનામાંથી કોઈ કહે કે, હે આયુષ્યમાન્ ! આ સાધુ સેનાના ગુપ્ત ભેદ લઈ રહ્યા છે માટે હાથ પકડી તેને હટાવો અને કોઈ બીજા હાથ પકડી ખસેડી મૂકે, તો મુનિ પ્રસન્ન કે અપ્રસન્ન ન થાય યાવત્ પોતાના ચિત્તને સમાધિયુક્ત રાખી ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ નદી પાર ઉતરે તે વખતે જો ઉન્માર્ગે જઈને ગારથી ખરડેલા પગે લીલા ઘાસને છેદીને કે વાંકુ વાળીને તથા ખેંચી કાઢીને પોતાના પગ સાફ કરવાના ઇરાદાથી વનસ્પતિને દુઃખ દે તો એ કપટનું નિંદિત કાર્ય છે, માટે તેમ ન કરવું

શેષ સુગમ છે.

સાધુને વિહાર કરતા માર્ગમાં કિલ્લો આદિ જોવા મળે તો બીજા માર્ગે જાય પણ તે સીધા માર્ગે ન જાય કેમકે ત્યાં જતા ખાડા આદિમાં પડતા સચિત્ત વૃક્ષાદિને પકડે તે અયુક્ત છે. જો કારણે તે જ માર્ગે જવું પડે તો જતા ક્યાંક પડે તેમ હોય તો વેલી આદિનો પણ સહારો લે અને આવતા પથિકનો હાથ માગીને યતનાપૂર્વક જાય.

તે ભિક્ષુને ગ્રામાંતર જતા ઘઉં આદિ ધાન્યના ગાડાં કે સૈન્યના પડાવ આદિ હોય તો ત્યાં ઘણાં અપાયનો સંભવ છે તેથી બીજો માર્ગ સંભવતો હોય તો તે માર્ગે ન જાય. બાકી સુગમ છે.

● સૂત્ર-૪૬૦ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતા હોય ત્યારે માર્ગમાં કોઈ પથિક મળે અને સાધુને પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ ગામ યાવત્ રાજધાની કેવા છે ? અહીં ઘોડા, હાથી, ભિક્ષાજીવી મનુષ્યો કેટલા છે ? અહીં ભોજન, પાણી, મનુષ્યો, ઘઉં આદિની પ્રચૂરતા છે કે અલ્પતા છે ? આવા પ્રશ્નો પૂછે તો સાધુ તેનો ઉત્તર ન આપે. વગર પૂછ્યે કંઈ ન કહે. આ સાધુ-સાધ્વીનો આચાર છે, તેનું યતનાપૂર્વક પાલન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુને માર્ગે ચાલતા પથિક મળે તો ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૩ ''ઈર્યા'' ઉદ્દેશા-૨નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૩, ઉદ્દેશો-૩ 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો, હવે ત્રીજો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૨ માં ગમનવિધિ કહી, અહીં પણ તે કહે છે. તે સંબંધનું સૂત્ર—

● સૂત્ર-૪૬૧ :-

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વી માર્ગમાં કોઈ ટેકરા યાવત્ ભૂમિગૃહ, કૂટાગાર કે પ્રાસાદ, ભૂગૃહ, વૃક્ષ નીચે બનેલ ઘર, પર્વતગૃહ, વૃક્ષ, ચૈત્યસ્તૂપ, ચૈત્યસ્થળ, લુહારશાળા યાવત્ ભવનગૃહને હાથ ઉંચા-નીચા કરી, આંગળી ચીંધી, નીચે ઝૂકી કે ઉંચા થઈને ન જુએ પણ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.*

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા હોય ત્યારે માર્ગમાં કચ્છ, ઘાસની વીડ, તળેટી, નદી આદિથી ઘેરાયેલ પ્રદેશ, નિર્જલ પ્રદેશ, નિર્જનભૂમિ, ગહન દુર્ગમવન, ગહન દુર્ગમ પર્વત, પર્વત પરનું દુર્ગમ સ્થાન, કૂવો, તળાવ, દ્રહ, નદી, વાવડી, પુષ્કરિણી, દીર્ધિકા, ગુંજાલિકા, સરોવર, સારપંક્તિ, સરસરપંક્તિ આદિને હાથ ઉંચા કરી કરીને યાવત્ તાકી-તાકીને ન જુએ.*

*કેવલીએ ઉક્ત કથનોને કર્મબંધનું કારણ કહેલ છે. પૂર્વોક્ત સ્થળોને આ રીતે જોવાથી ત્યાં રહેલા મૃગ, પશુ, પક્ષી, સાંપ, સિંહ, જલચર, સ્થલચર, ખેચર કે સત્વો ત્રાસ પામશે, રક્ષા માટે ખેતરની વાડી કે ઝાડીનો આશ્રય લેવા ઇચ્છશે, આ શ્રમણ અમને ભગાડવા ઇચ્છે છે એમ સમજશે. માટે સાધુનો પૂર્વોલ્લેખિત આચાર છે કે હાથ ફેલાવી-ફેલાવી ન જુએ ઇત્યાદિ, પરંતુ યતનાપૂર્વક આચાર્ય-ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુને ગ્રામાનુગ્રામ ચાલતા માર્ગમાં જુએ - જેમકે - ખાઈ, કોટ, પર્વત ઉપરિગૃહ ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવા યાવત્ આ સ્થાનોને ન જોવા, ન દેખાડવા. તેમાં દોષો આ છે કે - ત્યાં આગ લાગે કે ચોરી થાય તો સાધુ ઉપર શંકા આવે અથવા સાધુને અજિતેન્દ્રિય જાણે, ત્યાં રહેલ પક્ષીનો સમુદાય ત્રાસ પામે. આ દોષ ભયથી યતનાપૂર્વક જ વિચરે.



તથા તે ભિક્ષુ ગ્રામાન્તર જતાં આવું બને, જેમકે - નદી નજીકના નિમ્ન પ્રદેશો કે મૂળા-વાલોરની વાટિકા, અટવીમાં ઘાસ માટે રાજકૂલે રોકેલ ભૂમિ, ખાડાઓ, નદીથી વેષ્ટિત ભૂમિ ભાગ, નિર્જલ પ્રદેશ કે અરણ્ય ક્ષેત્ર, દીર્ઘ-ગંભીર-કુટિલ-શ્લક્ષ્ણ જળાશય, સરોવર, પરસ્પર સંલગ્ન ઘણાં સરોવરો, ઇત્યાદિ હાથ વડે ન દર્શાવે કે ન જુએ. તે કર્મોપાદાનનું કારણ છે, કેમકે ત્યાં રહેલા પક્ષી, મૃગાદિ ત્રાસ પામે. ત્યાં રહેલાને સાધુ વિશે શંકા થાય તેથી - x - આચાર્ય, ઉપાધ્યાયાદિ ગીતાર્થ સાથે વિચરે.

હવે આચાર્યાદિ સાથે જતા સાધુની વિધિ કહે છે—

● સૂત્ર-૪૬૨ :-

*આચાર્ય ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ હાથ વડે હાથની યાવત્ આશાતના ન કરતા યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.*

*આચાર્ય ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુને માર્ગમાં પથિક મળે અને તે પથિક એમ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ક્યાં જઈ રહ્યા છો ? ત્યારે આચાર્ય કે ઉપાધ્યાય સામાન્ય કે વિશેષથી ઉત્તર આપે અને આચાર્ય ઉપાધ્યાય ઉત્તર આપતા હોય ત્યારે વચ્ચે સાધુએ ન બોલવું પણ યતનાપૂર્વક દીક્ષામાં વડીલોના ક્રમથી તેમની સાથે વિચરણ કરે.*

*રત્નાધિક [દીક્ષા વડીલ] સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ તેમની સાથે હાથ વડે હાથથી યાવત્ આશાતના ન કરતા યતનાપૂર્વક વિચરે કોઈ પથિક મળે અને ઉક્ત પ્રશ્નો પૂછે તો રત્નાધિક ઉત્તર આપે અને રત્નાધિક ઉત્તર આપતા હોય ત્યારે સાધુ વચ્ચે ન બોલતા વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ આચાર્યાદિ સાથે વિચરતા તેમને હાથ વગેરેનો સ્પર્શ ન થાય એટલું અંતર રાખી ચાલે તથા તે વખતે પથિકે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આચાર્યાદિને અતિક્રમીને ન આપે કે તે વખતે વચ્ચે પણ ન બોલે પણ યુગમાત્ર દૃષ્ટિ રાખી યતનાપૂર્વક યથા રત્નાધિક વિચરે. આ જ વિધિ રત્નાધિક સાથે ચાલતા પણ [સૂત્રાર્થ મુજબ] જાણવી. વળી—

● સૂત્ર-૪૬૩ :-

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને તે પથિક એમ પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે માર્ગમાં કોઈ મનુષ્ય, સાંઢ, પાડો, પશુ, પક્ષી, સર્પ કે જલચર જોયા છે ? તો કહો - દેખાડો. ત્યારે સાધુ ન ઉત્તર આપે, ન દેખાડે. તેના કથનનું સમર્થન ન કરતા મૌન રહે. જાણવા*

છતાં હું જાણું છું એમ ન કહે. એ રીતે યતનાપૂર્વક વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને તે પથિક એમ પૂછે કે માર્ગમાં તમે જળમાં ઉત્પન્ન થતાં કંદ, મૂળ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, લીલોતરી કે એકત્ર કરાયેલ જળ અથવા અગ્નિ જોયા ? સાધુ તેનો ઉત્તર ન આપે, મૌન રહે યાવત્ ગ્રામાનુગ્રામ વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને એમ પૂછે કે માર્ગમાં તમે ઘઉં, જવ આદિના ઢેર યાવત્ સૈન્યના પડાવ જોયા ? સાધુ તેનો ઉત્તર ન આપતા યાવત્ ગ્રામાનુગ્રામ વિચરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને પૂછે કે આ ગામ યાવત્ રાજધાની કેટલા મોટા છે ? તો સાધુ તેનો ઉત્તર ન આપતા મૌન રહે યાવત્ યતનાપૂર્વક વિચરે.

ગ્રામાનુગ્રામ જતા સાધુ-સાધ્વીને કોઈ પથિક મળે અને પૂછે કે આ ગામ યાવત્ રાજધાની કેટલા દૂર છે ? સાધુ ઉત્તર ન આપતા યાવત્ વિચરે.

● વિવેચન :-

જતાં એવા તે ભિક્ષુને સામે આવતો કોઈ મુસાફર પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! માર્ગમાં આવતા તમે કોઈ માણસ આદિને જોયા ? તે આવું પૂછે ત્યારે મૌનપણે તેની ઉપેક્ષા કરે ? અથવા જાણવા છતાં નથી જાણતો એમ કહે. - x - x - x - આ પ્રમાણે કંદ, મૂલ આદિ, ઘઉં, આદિ સંબંધી સૂત્રો પણ જાણવા, તથા ગામનું અંતર આદિ સૂત્રો જાણવા.

● સૂત્ર-૪૬૪ :-

ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ-સાધ્વીને માર્ગમાં ઉન્મત્ત સાંઢ, સાપ યાવત્ ચિત્તા આદિ હિંસક પશુ સામે આવતા દેખાય તો તેમનાથી ડરીને બીજા માર્ગે ન જાય, માર્ગ છોડી ઉન્માર્ગે ન ચાલે, ગહન વન કે દુર્ગમાં પ્રવેશ ન કરે, વૃક્ષ પર ન ચડે, મોટા-વિશાળ જળાશયમાં શરીર ન છુપાવે, વાડમાં ન છુપાય, સેનાદિ કોઈ શરણ કે શસ્ત્રની ઇચ્છા ન કરે. પરંતુ આત્મએકત્વભાવમાં લીન બની, સમાધિમાં સ્થિર રહી યાવત્ યતનાપૂર્વક એક ગામથી બીજે ગામ વિચર કરે.

ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વી જાણે કે માર્ગમાં લાંબી અટવી છે અને આ લાંબી અટવીમાં ઘણાં ચોર એકઠા થઈને ઉપકરણ ચોરવાની બુદ્ધિથી આવે-જાય છે, ત્યારે તેમનાથી ડરીને ઉન્માર્ગે ન જાય - યાવત્ સમાધિ ભાવમાં સ્થિર રહે પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

● વિવેચન :-

તે ભિક્ષુને ગ્રામાંતર જતા માર્ગમાં ઉન્મત્ત થયેલ બળદ કે સાપ તથા સિંહ, વાઘ યાવત્ ચિત્તાને કે તેના બચ્ચાને જુએ કે ક્રૂર શિયાળને જુએ તેના ભયથી ઉન્માર્ગે ન જાય [આદિ સૂત્રાર્થ પ્રમાણે જાણવું.] પણ ઉત્સુકતા વિના, અવિમનસ્ક થઈ યતનાપૂર્વક જવું. આ વિધિ ગચ્છનિર્ગત સાધુ માટે જાણવી. ગચ્છવાસીએ તો





સાપ વગેરેને બાજુએ ટાળીને નીકળવું.

આ રીતે દીર્ઘ અટવીવાળું સૂત્ર સૂત્રાર્થ મુજબ જાણવું.

● સૂત્ર-૪૬૫ :-

સાધુ કે સાધ્વી એક ગામથી બીજે ગામ જતા હોય ત્યારે માર્ગમાં ચોરો એકઠા થઈને આવે અને તેઓ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ અમને આપી દો કે અહીં રાખી દો. ત્યારે સાધુ તે ન આપે, ન મૂકે. જો તે બળપૂર્વક લઈ લે તો સાધુ તેને પાછા લેવા તેઓની સ્તુતિ કરી યાચના ન કરે, હાથ જોડીને ન માંગે, કરુણતાથી ન માંગે, પણ ધર્મનો ઉપદેશ આપી યાચના કરે અથવા મૌન કરી ઉભા રહે. ચોરોને જે કરવું હોય તે કરે. ચોરો આક્રોશ કરે યાવત્ મારી નાંખવા પ્રયાસ કરે અથવા સાધુના વસ્ત્ર આદિ છીનવી લે યાવત્ તોડી-ફોડીને ફેંકી દે તો પણ ચોરોના આ કાર્યની ગામમાં ચર્ચા ન કરે, રાજાને ફરિયાદ ન કરે કે બીજા કોઈ પાસે જઈને પણ ન કહે કે, હે આયુષ્યમાન્ ગાથાપતિ ! આ ચોરોએ અમારા ઉપકરણાદિ આક્રોશાદિ કરીને લૂંટી લીધા છે અથવા યાવત્ તોડીફોડીને ફેંકી દીધા છે.

આવા કુવિચારો સાધુ મનથી પણ ન કરે કે વચનથી ન બોલે, પણ નિર્ભય, નિર્દ્વન્દ્વ અને અનાસક્ત થઈ યાવત્ સમાધિમાં સ્થિર રહે અને પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.

આ જ સાધુ-સાધ્વીનો ઇર્યા સંબંધી આચાર છે, સમતાયુક્ત થઈ, સાવધાની સહિત તેમાં પ્રવૃત્તિ કરે. તેમ હું કહું છું.

● વિવેચન :-

તે ભિક્ષુને ગ્રામાન્તર જતાં ચોરો ઉપકરણ માંગે તો આપવા નહીં બળજબરીથી લેવા જાય તો ભૂમિ પર મૂકી દે. ચોરે લઈ લીધેલા ઉપકરણ વંદન કરી કે દીનતાપૂર્વક ન યાચે, પણ ગચ્છવાસી મુનિ ધર્મકથનપૂર્વક યાચે અથવા મૌનપણે ઉપેક્ષા કરે. ચોરો પોતાના કર્તવ્ય મુજબ વચનથી આક્રોશ કરે, દંડ વડે તાડના કરે યાવત્ જીવ લે, વસ્ત્રાદિ છીનવીને ફેંકી દે તો પણ તે વાત ગામમાં, રાજાને કે ગૃહસ્થને ન કરે, મન કે વચનથી પણ આ દુર્ભાવ ન ધરે. આ જ ભિક્ષુનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૩ ''ઈર્યા'' ઉદ્દેશા-૩નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

**૦ ચૂલિકા-૧, અધ્યયન-૩નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦**

- x - x - x -x - x - x -x - x - x -

## ૐ ચૂલિકા-૧, અધ્યયન-૪ "ભાષાજાત" ૐ

૦ ત્રીજું અધ્યયન કહ્યું, હવે ચોથું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૩-માં પિંડવિશુદ્ધિ માટે ગમનવિધિ બતાવી. ત્યાં જતા માર્ગમાં આવું બોલવું કે ન બોલવું તે બતાવશે. આ સંબંધે આવેલા 'ભાષાજાત' અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમમાં ભાષાજાત શબ્દોના નિક્ષેપા માટે નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૧૬-] જે રીતે વાક્યશુદ્ધિ અધ્યયનમાં વાક્યનો નિક્ષેપ કર્યો છે, તે રીતે ભાષાનો પણ કરવો. પણ 'जात' શબ્દનો છ પ્રકારે નિક્ષેપો આ પ્રમાણે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે, દ્રવ્યજાત આગમથી-નો આગમથી. તેમાં વ્યતિરિક્તને નિર્યુક્તિકાર અડધી ગાથાથી કહે છે. તે ચાર પ્રકારે છે - ઉત્પત્તિજાત, પર્યવજાત, અંતરજાત અને ગ્રહણજાત.

તેમાં (૧) ઉત્પત્તિ જાત - જે દ્રવ્યો ભાષાવર્ગણાની અંદર પડેલા, કાયયોગથી ગ્રહણ કરેલા, વાગ્યોગ વડે નિસૃષ્ટ અને ભાષારૂપે ઉત્પન્ન થાય તે. અર્થાત્ જે દ્રવ્ય ભાષાપણે ઉત્પન્ન થાય તે.

(૨) પર્યવજાત - તે જ વાચા વડે નિસૃષ્ટ ભાષા દ્રવ્યો વડે જે વિશ્રેણીમાં રહેલા ભાષા વર્ગણાની અંદર રહેલાં નિસૃષ્ટ દ્રવ્યના પરાઘાત વડે ભાષાપર્યાયપણે જે ઉત્પન્ન થાય તે....(૩)... અંતરજાત-જે દ્રવ્યો અંતરાલે સમશ્રેણિમાં જ નિસૃષ્ટ દ્રવ્યની સાથે મિશ્રિત ભાષા પરિણામને ભજે તે. (૪) ગ્રહણજાત-વળી જે દ્રવ્યો સમશ્રેણિ વિશ્રેણિમાં રહેલા ભાષાપણે પરિણમેલા કર્ણ-શષ્કુલીના વિવરમાં પ્રવેશેલા ગ્રહણ કરાય છે, તે દ્રવ્યથી અનંતપ્રદેશવાળા છે, ક્ષેત્રથી અસંખ્યપ્રદેશ અવગાઢ છે, કાળથી એક, બે, ત્રણથી અસંખ્યાત સમય સુદીની સ્થિતિવાળા છે, ભાવથી વર્ણગંધરસ સ્પર્શવાળા છે, તે આવા દ્રવ્યોને ગ્રહણજાત કહ્યા છે. દ્રવ્યજાત કહ્યું.

ક્ષેત્રજાત સ્પષ્ટ હોવાથી નિર્યુક્તિકારે કહેલ નથી. તે આ પ્રમાણે, જે ક્ષેત્રમાં ભાષાજાતનું વર્ણન ચાલે કે જેટલું ક્ષેત્ર સ્પર્શ કરે તે ક્ષેત્રજાત. આ પ્રમાણે 'કાળજાત' જાણવું. 'ભાવજાત' તો તે જ ઉત્પત્તિ પર્યવ અંતર્ગ્રહણ દ્રવ્યો સાંભળનારના કાનમાં જણાય કે આ શબ્દ છે એવી બુદ્ધિ ઉત્પન્ન કરે.

પણ અહીં અધિકાર દ્રવ્યભાષાજાત વડે છે, કેમકે દ્રવ્યની પ્રધાન વિવક્ષા છે. દ્રવ્યનો વિશિષ્ટ અવસ્થા ભાવ છે, તે માટે ભાવભાષાજાતનો પણ અધિકાર છે. હવે ઉદ્દેશાના અર્થાધિકાર માટે કહે છે—

[નિ.૩૧૭-] જો કે બંને પણ ઉદ્દેશા વચનશુદ્ધિકારક છે, તો પણ તેમાં વિશેષતા છે. પ્રથમના ઉદ્દેશામાં વચનવિભક્તિ છે. તેથી એકથી માંડીને સોળ પ્રકારના વચનનો વિભાગ છે તથા આવું વચન બોલવું કે ન બોલવું તેનું વર્ણન છે. બીજા ઉદ્દેશામાં ક્રોધાદિ ઉત્પત્તિ જેમ ન થાય તેમ બોલવું. તે 'ઉત્પત્તિ' વર્ણન છે.



## ૐ ચૂલિકા-૧, અધ્યયન-૪ "ભાષાજાત", ઉદ્દેશો-૧ ૐ

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું જોઈએ—

● **સૂત્ર-૪૬૬ :-**

*સાધુ-સાધ્વી આ વચનના આચાર સાંભળી અને સમજીને, પૂર્વ મુનિ દ્વારા અનાચીર્ણ અનાચારોને જાણે, જે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી વાણી પ્રયોગ કરે છે, જાણીને કે જાણ્યા વિના કઠોર વચનો બોલે છે, આવી ભાષાને સાવધ કહે છે. વિવેકપૂર્વક સાવધ ભાષાનો ત્યાગ કરે. મુનિ ધ્રુવ અને અધ્રુવ ભાષાને જાણે અને તેનો ત્યાગ કરે.*

*અશન આદિ મળ્યું છે કે નથી મળ્યું, આહાર વાપર્યો છે કે નથી વાપર્યો. તે આવ્યો છે અથવા નથી આવ્યો, તે આવે છે અથવા નથી આવતો, તે આવશે અથવા નહીં આવે, તે અહીં પણ આવ્યો હતો કે આવ્યો ન હતો, તે અહીં અવશ્ય આવે છે કે કદી નથી આવતો, તે અહીં અવશ્ય આવશે કે કદી નહીં આવે [આવી ધ્રુવ ભાષાનો ત્યાગ કરવો.]*

*મુનિ સારી રીતે વિચારી ભાષાસમિતિયુક્ત નિષ્ઠાભાસી બની, સંયત થઈને ભાષા પ્રયોગ કરે - જેમકે - એકવચન, દ્વિવચન, બહુવચન, સ્ત્રીલિંગ, પુંલિગ, નપુંસકલિંગ-વચન, અધ્યાત્મ કથન, ઉપનીત વચન, અપનીત વચન, ઉપનીતઅપનીત વચન, અપનીતઉપનીત વચન, અતીત વચન, વર્તમાન વચન, અનાગત વચન, પ્રત્યક્ષ વચન, પરોક્ષ વચન.*

*તેને એકવચન બોલવાનું હોય તો એક વચન જ બોલે યાવત્ પરોક્ષ વચન બોલવાનું હોય તો પરોક્ષ વચન જ બોલે. આ પુરુષ છે, આ સ્ત્રી છે, આ નપુંસક છે, આ તે છે કે કોઈ અન્ય છે એવી રીતે વિચારપૂર્વક નિશ્ચય થઈ જાય પછી ભાષાદોષ ટાળી સમિતિયુક્ત થઈને સંયત ભાષા બોલે.*

*મુનિએ ચાર પ્રકારની ભાષા જાણવી જોઈએ - સત્યા, મૃષા, સત્યામૃષા અને જે સત્ય નથી - મૃષા નથી - સત્યામૃષા નથી તે અસત્યામૃષા નામની ચોથી ભાષાજાત છે. હવે હું કહું છું કે જે અતીત-વર્તમાન-અનાગત અરિહંત ભગવંતો છે, તે બધાંએ આ જ ચાર ભાષાના ભેદ કહ્યા છે - કહે છે અને કહેશે. પ્રરૂપ્યા છે - પ્રરૂપે છે અને પ્રરૂપશે. આ બધાં ભાષા-દ્રવ્ય અચિત્ત છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત છે, ચય ઉપચય અને વિવિધ પરિણામધર્મી છે.*

● **વિવેચન :-**

તે ભાવભિક્ષુને અંતઃકરણમાં નિષ્પન્ન, इदम् - પ્રત્યક્ષવાચી શબ્દથી હવે કહેવાનાર વાણીસંબંધી આચારને સાંભળીને તથા જાણીને ભાષા સમિતિ વડે ભાષા [વચન] બોલે એ પ્રમાણે સંબંધ જાણવો.

તેમાં જેવી ભાષા ન બોલવી જોઈએ તે દર્શાવે છે - કહેવાનાર - સાધુને ન બોલવા યોગ્ય, પૂર્વના સાધુ દ્વારા અનાચીર્ણ ભાષાને સાધુ જાણે - તે આ રીતે -

જેમકે કોઈ ક્રોધથી વિવિધ વચન બોલે - જેમકે - તું ચોર છે, દાસ છે. તથા માનથી બોલે કે હું ઉત્તમ જાતિનો છું, તું હીનજાતિ છે, માયથી બોલે કે હું માંદો છું, બીજાનો સાવધ સંદેશ કોઈ ઉપાય વડે કહીને મિથ્યાદુષ્કૃત્ કરે - આ તો મારાથી ઉતાવળે બોલાઈ ગયું. લોભથી બોલે કે આ વચન બોલવાથી હું કંઈક મેળવીશ તથા કોઈનો દોષ જાણતા હોય તેનો દોષ ઉઘાડવા વડે કઠોર વચન બોલે કે અજાણપણે બોલે. આ બધાં ક્રોધાદિ વચન સાવધ-સપાપ હોવાથી વર્જવા, વિવેકી બની સાધુ આવા સાવધવચન ન બોલે. તથા કોઈ સાથે સાધુએ બોલતાં નિશ્ચયાત્મક વચન ન બોલવા કે નક્કી વરસાદ આદિ થશે, એ જ રીતે અધ્રુવ પણ જાણવું.

તથા કોઈ સાધુ ભિક્ષાર્થે કોઈ જ્ઞાતિ કે કુલમાં પ્રવેશતા જોઈને તેને ઉદ્દેશીને બીજા સાધુ આવું બોલે કે આપણે ખાઈ લઈએ, તે અશનાદિ પ્રાપ્ત કરીને જ આવશે અથવા તેને માટે રાખી મૂકો, તે કંઈપણ લીધા વિના જ આવશે, એ રીતે ત્યાંજ ખાઈને કે ખાધા વિના જ આવશે. આવા નિશ્ચય વચનો ન બોલે તથા આવા નિશ્ચય વચનો પણ ન બોલે - કોઈ રાજાદિ આવ્યો છે કે નથી જ આવ્યો અથવા આવે છે કે નથી જ આવવાનો અથવા આવશે કે નહીં જ આવશે. આ રીતે પત્તન, મઠ આદિમાં પણ ત્રણે કાળ યોજવા. આ બધાંનો સાર એ કે જે અર્થને પોતે બરાબર ન જાણે ત્યાં આ 'એમ જ છે' એવું ન બોલવું.

સામાન્યથી સાધુને બધે સ્થાને આ ઉપદેશ છે કે વિચારીને સારી રીતે નિશ્ચય કરીને અથવા શ્રુત ઉપદેશ વડે પ્રયોજન હોય ત્યારે નિશ્ચયાત્મક બનીને ભાષાસમિતિ વડે કે રાગદ્વેષ છોડીને સોળ વચનની વિધિ જાણી ભાષા બોલે. જે ભાષા બોલવાની છે તે સોળ વચન વિધિ કહે છે—

૧-એકવચન-વૃક્ષ, ૨-દ્વિવચન-બે વૃક્ષ, ૩-બહુવચન-વૃક્ષો, ૪-સ્ત્રીવચન-વીણા, કન્યા, ૫-પુંવચન-ઘટ, પટ, ૬-નપુંસકવચન-દેવકુલ, પીઠ. ૭-અધ્યાત્મવચન-આત્મામાં રહેલું તે અધ્યાત્મ, તેના પરિહારથી અન્ય બોલવા જતાં સત્ય બોલી જાય. ૮-ઉપનીતવચન-પ્રશંસા. જેમકે - રૂપવતી સ્ત્રી. ૯-અપનીત વચન-નિંદા-કુરૂપ સ્ત્રી.

૧૦-ઉપનીતઅપનીત વચન-કંઈક પ્રશંસા કરી કંઈક નિંદા કરે - આ સ્ત્રી સુંદર છે પણ કુલટા છે. ૧૧-અપનીતઉપનીત વચન-પૂર્વથી ઉલટું - આ સ્ત્રી કુરૂપ છે પણ શીલવતી છે. ૧૨-અતીત વચન-કર્યું. ૧૩-વર્તમાનવચન-કરે છે. ૧૪-અનાગતવચન-કરશે. ૧૫-પ્રત્યક્ષવચન-આ દેવદત્ત છે. ૧૬-પરોક્ષવચન-તે દેવદત્ત છે.

આ પ્રમાણે સોળ વચનો છે, આ સોળમાંથી ભિક્ષુ એક વિવક્ષામાં એકવચન જ બોલે. યાવત્ પરોક્ષ વચન વિવક્ષામાં પરોક્ષ વચન જ બોલે. તથા સ્ત્રી વગેરે જોઈને આ સ્ત્રી જ છે ઇત્યાદિ જેવું હોય તેવું બોલે.

આ પ્રમાણે નિશ્ચિત્ય, નિષ્ઠાભાષી થઈ સમિતિ વડે સમપણે સંયત જ ભાષા બોલે તથા પૂર્વોક્ત અને હવે પછી કહેવાતા ભાષાગત દોષ સ્થાનોને છોડીને ભાષા બોલે. તે ભાષા ચાર પ્રકારની ભાષાઓ જાણે.

૧-સત્યભાષાજાત-અવિતથ વચન-ગાયને ગાય, ઘોડાને ઘોડો કહે. ૨-મૃષા-



સત્યથી ઉલટું-ગાયને ઘોડો કે ઘોડાને ગાય કહે. ૩-સત્યમૃષા-થોડું સત્ય થોડું અસત્ય-ઘોડા પર જતા દેવદત્તને ઉંટ પર જાય છે તેમ કહે. ૪-અસત્યામૃષા-સાચું પણ નહીં-જુઠું પણ નહીં તેવી-આમંત્રણ, આજ્ઞા.

પોતાની બુદ્ધિથી નથી કહ્યું તે જણાવે છે - હું જે કહું છું તે બધું અતીત અનાગત, વર્તમાન તીર્થંકરે કહ્યું છે - કહે છે - કહેશે. આ બધાં ભાષા દ્રવ્ય અચિત્ત છે [ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.] અહીં વર્ણાદિથી શબ્દનું મૂર્તપણું બતાવ્યું, અમૂર્ત એવા આકાશાદિને વર્ણાદિ ન સંભવે તથા ચયોપચય ધર્મથી શબ્દનું અનિત્યત્વ બતાવ્યું. કેમકે શબ્દ દ્રવ્યનું વિચિત્રપણું સિદ્ધ થાય છે. હવે શબ્દોનું કૃતકત્વ બતાવે છે—

● **સૂત્ર-૪૬૭ :-**

***સાધુ-સાધ્વીએ જાણવું જોઈએ કે બોલ્યા પહેલાની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે.***

***સાધુ-સાધ્વી જાણે કે - આ જે ભાષા સત્યા, મૃષા, સત્યમૃષા, અસત્યામૃષા છે, તેમાંથી પણ સાવધ, સક્રિય, કર્કશ, કટુ, નિષ્ઠુર, કઠોર, આસ્રવજનક, છેદનકારી, ભેદનકારી, પરિતાપનકારી, ઉપદ્રવકારી, ભૂતોપઘાતિક ભાષા સત્ય હોવા છતાં બોલવાની ઇચ્છા ન કરે.***

***સાધુ-સાધ્વીએ જાણવું જોઈએ કે સૂક્ષ્મબુદ્ધિથી વિચારતા જે ભાષા સત્ય હોય અને જે ભાષા અસત્યામૃષા હોય એવી ભાષા અસાવધ યાવત્ પ્રાણીઓનો ઘાત કરનારી ન હોય, તેવી જ ભાષા બોલવા ઇચ્છે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ આ પ્રમાણે શબ્દને જાણે કે ભાષા દ્રવ્ય વર્ગણાઓનો વાક્યોગ નિસરવાથી પૂર્વે જે ભાષા હતી તે વાક્યોગ નિસરવાથી જ ભાષા છે. ભાષા દ્રવ્યભાષા છે. તે તાલુ, ઓઠ આદિના વ્યાપારથી પૂર્વે જે શબ્દ ન હતા તે તે નિષ્પન્ન થતાં પ્રગટ જ કૃતકત્વ બતાવ્યું - x - x - બોલાયા પછી ભાષા નાશ પામતી હોવાથી ભાષણોત્તર કાળે અભાષા છે. - x - x - x -

હવે ચારે ભાષામાં ન બોલવા યોગ્ય ભાષા કહે છે - સત્યા, મૃષા, સત્યામૃષા, અસત્યામૃષા તેમાં મૃષા અને સત્યામૃષા તો બોલવા યોગ્ય નથી, પણ સત્યાભાષા કર્કશાદિ દુર્ગુણવાળું ન બોલવું, તે બતાવે છે.

અવધ સહિત વર્તે તે સાવધ, ક્રિયા સહિત - અનર્થદંડની ક્રિયા વર્તે તે, કર્કશા-ચાવેલા અક્ષરવાળી, કટુકા-ચિત્ત ઉદ્વેગકારી, નિષ્ઠુર-ઠપકારૂપ, પરુષા-બીજાના મર્મ ઉઘાડવારૂપ, કર્માશ્રવકારી, છેદન યાવત્ અપદ્રાવણકારી, જીવોને ઉપતાપકારી આવી ભાષા સત્ય હોય તો પણ ન બોલવી.

હવે બોલવાની ભાષા કહે છે - તે ભિક્ષુ આ પ્રમાણે જાણે કે જે ભાષા સત્ય છે. કુશાગ્ર બુદ્ધિ વડે વિચારીને મૃષા પણ સત્ય ભાષા બને, જેમકે મૃગને જોવા છતાં શિકારી પાસે અપલાપ કરે. - x - x - . જે અસત્યામૃષા ભાષા છે તે આમંત્રણી,

આજ્ઞાપની આદિ છે. તેવી ભાષા અસાવધ, અક્રિય યાવત્ અભૂતોપઘાતિની છે, તેને મનથી વિચારીને સાધુએ હંમેશા બોલવી.

● સૂત્ર-૪૬૮ :-

*સાધુ-સાધ્વી કોઈ પુરુષને બોલાવે ત્યારે બોલાવવા છતાં તે ન સાંભળે તો આમ ન કહે, હે હોલ !, ગોલ, ચાંડાલ, કુજાતિ, દાસિપુત્ર, કૂતરા, ચોર, વ્યભિચારી, કપટી કે, હે જૂઠા ! અથવા તું આવો છે, તારા મા-બાપ આવા છે. આવા પ્રકારની ભાષા સાવધ, સક્રિય યાવત્ ભૂતોપઘાતિક છે તેથી વિચારી સમજી સાધુ આવી ભાષા ન બોલે.*

*સાધુ કોઈ પુરુષને બોલાવે ત્યારે અને બોલાવવા છતાં તે ન સાંભળે ત્યારે એમ કહે કે, હે અમુક !, હે આયુષ્યમાન્ !, આયુષ્યમાનો, શ્રાવક, ઉપાસક, ધાર્મિક કે હે ધર્મપ્રિય ! આ પ્રકારની અસાવધ યાવત્ અહિંસક ભાષાનો વિચારપૂર્વક બોલે.*

*સાધુ-સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવે ત્યારે કે બોલાવતા ન સાંભળે ત્યારે આમ ન કહે, હે હોલી ! હે ગોલી ! આદિ પૂર્વવત્.*

*સાધુ-સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવે ત્યારે કે બોલાવતા ન સાંભળે ત્યારે આમ કહે, હે આયુષ્યમતી ! હે ભગિની ! ભવતી, ભગવતી, શ્રાવિકા, ઉપાસિકા, ધાર્મિકા કે હે ધર્મપ્રિયા ! આવી અસાવધ ભાષા બોલે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કોઈ માણસને બોલાવે કે બોલાવે ત્યારે તે ન સાંભલે તે આવું ન બોલે, હે હોલ ! ગોલ ! દેશાંતરમાં આ બંને અપમાનસૂચક શબ્દો છે. તથા વૃષલ ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવા.] આવી ભાષા યાવત્ ન બોલવી પણ તેથી વિપરીત ભાષા બોલવી તે કહે છે - x - x - હે અમુક ! હે આયુષ્યમાન્ ! ઇત્યાદિ ભાષા બોલે. આ જ પ્રમાણે સ્ત્રીને આશ્રીને બે સૂત્ર પ્રતિષેધ-વિધિના જાણવા. ફરી અભાષણીય કહે છે.

● સૂત્ર-૪૬૯ :-

*સાધુ-સાધ્વી આ પ્રમાણે ન બોલે કે, હે નભોદેવ !, હે ગજદેવ !, હે વિધુત્ દેવ !, હે પ્રવૃષ્ટ દેવ !, હે નિવૃષ્ટ દેવ ! વરસાદ વરસે કે ન વરસે, ધાન્ય નિપજે કે ન નિપજે, રાત્રિ પ્રકાશવાળી થાઓ કે ન થાઓ, સૂર્ય ઉગે કે ન ઉગે, રાજા જય પામો કે ન પામો, આવી ભાષા ન બોલે.*

*સાધુ-સાધ્વી પ્રયોજન હોય તો અંતરિક્ષ, ગુહ્યાનુચરિત, સંમૂર્છિમ જલ વરસે છે કે મેઘ વરસે છે કે વાદળા વરસી ચૂક્યા છે [એવી ભાષા બોલે]. આ તે સાધુ-સાધ્વીનો ભાષા સંબંધી આચાર છે, જે સર્વ અર્થ વડે, સમિત થઈ, સહિત થઈ સદા યતનાપૂર્વક પાળે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ આવી અસંયત ભાષા ન બોલે. જેમકે હે નભોદેવ ! હે ગર્જતો દેવ ! હે વિધુત દેવ ! આદિ. તથા વરસાદ પડો કે ન પડો ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ] આવી દેવાદિ ભાષા ન બોલે. કારણે તે પ્રજ્ઞાવાન્ સાધુ સંયત ભાષા વડે અંતરિક્ષ આદિ ભાષા બોલે. આ તે ભિક્ષુની સમગ્રતા અર્થાત્ ભિક્ષુભાવ છે.



**ચૂલિકા-૧, અધ્યયન-૪ "ભાષાજાત" ઉદ્દેશા-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧ અધ્યયન-૪ ઉદ્દેશો-૨ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ગત ઉદ્દેશામાં વાચ્ય-અવાચ્યનું વિશેષપણું બતાવ્યું. અહીં પણ તે જ બાકીનું કહે છે - આ સંબંધે આવેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર—

● સૂત્ર-૪૭૦ :-

*સાધુ-સાધ્વી જેવા પ્રકારનું રૂપ જુએ ત્યાં તેને એવું જ ન કહે જેમકે - ગંડરોગીને ગંડી, કુષ્ઠને કોઢીયો, યાવત્ મધુમેહના રોગીને મધુમેહી કહેવો. હાથ કપાયેલાને હાથકટ્ટો, એ રીતે લંગડો, નકટો, કાનકટો, હોઠકટો ઇત્યાદિ. આવા જેટલા પ્રકાર છે તેમને એવા જ પ્રકારે બોલાવતા તે વ્યક્તિ દુઃખી કે કુપિત થાય છે. તેથી આવા પ્રકારની ભાષાથી તેમને બોલાવવાનો વિચાર પણ ન કરે.*

*સાધુ-સાધ્વી કોઈ પ્રકારના રૂપ જુએ અને બોલવાનું પ્રયોજન હોય તો ઓજસ્વીને ઓજસ્વી, તેજસ્વીને તેજસ્વી, યશસ્વીને યશસ્વી એ રીતે વર્ચસ્વી, અભિરૂપ, પ્રતિરૂપ, પ્રાસાદીય કે દર્શનીય કહે; આ પ્રમાણે જે જેવા છે તેને તેવા પ્રકારે સૌમ્યાભાષાથી સંબોધિત કરે તો તે કુપિત ન થાય, તેથી સાધુ-સાધ્વીએ આવા પ્રકારની સૌમ્ય ભાષા બોલવી જોઈએ.*

*સાધુ-સાધ્વી કોઈ પ્રકારના રૂપને જુએ - જેમકે - કોટ યાવત્ ગૃહાદિ, તો પણ તે એમ ન કહે - સારું બનાવ્યું, સુષ્ઠુકૃત, સાધુકૃત, કલ્યાણકારી, કરણીય, આવા પ્રકારની સાવધભાષા યાવત્ ન બોલે.*

*સાધુ-સાધ્વી કોઈ પ્રકારના રૂપ જુએ - જેમકે - કોટ યાવત્ ગૃહાદિ. ત્યારે પ્રયોજનવશાત્ એમ કહે કે, આરંભ, સાવધ કે પ્રયત્ન કરીને બનાવેલ છે. તે પ્રસાદયુક્ત હોય તો પ્રાસાદિક, એ રીતે દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ કે આવા પ્રકારની અસાવધ ભાષા યાવત્ સાધુ બોલે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કોઈ રૂપ જેમકે - ગંડીપદ, કુષ્ઠી આદિ જુએ તો પણ તેનું નામ લઈ તે વિશેષણથી ન બોલાવે જેમકે - ગંડરોગીને ગંડી અથવા જેના પગ અને પીંડીમાં શૂન્યતા હોય તેને ગંડી, કહી ન બોલાવે. - x - યાવત્ મધુ જેવું મૂત્ર વારંવાર આવે તેને મધુમેહી કહી ન બોલાવે. ધૂત અધ્યયનમાં આ બધાં રોગનું વર્ણન છે, તે

જાણવા. એ રીતે હાથ-પગ આદિ છેદાયેલાને ઠુંઠો, લંગડો આદિ કહી ન બોલાવે, તેમ બોલવાથી તે કોપે છે - x - માટે તે ભાષા ન બોલે.

તેવાને કઈ રીતે બોલાવે, તે કહે છે - તે ભિક્ષુ જો ગંડીપદાદિ વ્યાધિ-ગ્રસ્તને જુએ તો તેને બોલાવવા તેના કોઈ સારા ગુણને જુએ, તેને ઉદ્દેશીને હે ઓજસ્વી !, હે તેજસ્વી ! ઇત્યાદિ કહી બોલાવે. - x - x -

તથા તે ભિક્ષુ જો આવા રૂપોને જુએ, જેમકે - કોટ યાવત્ ગૃહ તો પણ જોઈને એમ ન કહે - આ સારું કર્યું, ભોજન કર્યું, કલ્યાણકારી છે, કરવાલાયક છે. આ પ્રકારની બીજી પણ અધિકરણને અનુમોદનારી સાવદ્ય ભાષા ન બોલે છતાં જરૂર પડે તો સંયતભાષાથી બોલે જેમકે આ મહારંભથી કરેલ છે. સાવદ્યકૃત્ છે, પ્રયત્નકૃત્ છે, પ્રાસાદીયાદિ છે એમ અસાવદ્ય ભાષા બોલે.

● **સૂત્ર-૪૭૧ :-**

*સાધુ-સાધ્વી અશનાદિ આહાર તૈયાર જોઈને એમ ન કહે કે, સુંદર બનેલ છે, સારી રીતે બનેલ છે, શોભન બનેલ છે, કલ્યાણકર છે, કરણીય છે સાધુ આવી સાવદ્ય ભાષા યાવત્ ન બોલે. પણ સાધુ અશનાદિ આહાર જોઈ આ રીતે બોલે કે, આરંભ કરી, સાવદ્ય વ્યાપાર કરી, પ્રયત્ન કરી બનાવેલ છે, તે ભદ્ર હોય તો ભદ્ર કહે, તાજા હોય તો તાજો કહે એ રીતે રસવાળો, મનોજ્ઞ, આવા પ્રકારે અસાવદ્ય ભાષા બોલે.*

● **વિવેચન :-**

આ પ્રમાણે અશન આદિ વિષયે પ્રતિષેધક બે સૂત્રો જાણવા. ऊसढ એટલે વર્ણગંધાદિયુક્ત. ફરી પણ અભાષણીય કહે છે–

● **સૂત્ર-૪૭૨ :-**

*સાધુ-સાધ્વી કોઈ મનુષ્ય, બળદ, પાડો, મૃગ, પશુ, પક્ષી, સર્પ કે જલચરને પુષ્ટકાય જોઈને એમ ન બોલે કે આ પુષ્ટ, મેદવાળો, ગોળમટોળ, વધ્ય કે પકાવવા યોગ્ય છે, આ પ્રકારની સાવદ્યભાષા યાવત્ ન બોલે.*

*સાધુ-સાધ્વી મનુષ્ય યાવત્ જલચરને પુષ્ટકાય જોઈને પ્રયોજન હોય તો એમ કહે કે, આ પુષ્ટકાય છે, ઉપચિતકાય છે, સ્થિર સંઘયણી છે, માંસ-લોહી સંચિત છે, ઇન્દ્રિય પરિપૂર્ણ છે. આવી અસાવદ્ય ભાષા યાવત્ બોલે.*

*સાધુ-સાધ્વી વિવિધ પ્રકારની ગાયો જોઈને એમ ન કહે કે, આ ગાયો દોહવા યોગ્ય છે, વાછડા દમન યોગ્ય છે, નાના છે, વાહ્ય છે, રથ યોગ્ય છે આવા પ્રકારની સાવદ્ય ભાષા યાવત્ ન બોલે. પરંતુ તે સાધુ વિવિધ પ્રકારની ગાયો જોઈને એમ કહે કે, આ બળદ યુવાન છે, આ ધેનુ છે, દુઝણી છે, આ વાછડો નાનો છે - મોટો છે, મોટા શરીરવાળો છે, ભારવહન યોગ્ય છે. આવા પ્રકારની નિરવદ્ય ભાષા વિચારપૂર્વક બોલે.*

*સાધુ-સાધ્વી ઉદ્યાન, પર્વત કે વનમાં જઈને મોટા વૃક્ષો જોઈ એમ ન કહે કે, તે પ્રાસાદ યોગ્ય છે અથવા તોરણ, ગૃહ, પાટ, અર્ગલા, નાવ, હોડી, દ્રોણ,*



*બાજોઠ, છાબડા, હલ, કુલિય,, એરણ કે આસન બનાવવા યોગ્ય છે. અથવા શય્યા, યાન કે ઉપાશ્રય બનાવવા યોગ્ય છે આવા પ્રકારની સાવદ્ય યાવત્ જીવોપઘાતી ભાષાન બોલે.*

*સાધુ-સાધ્વી ઉદ્યાનાદિમાં જઈને પ્રયોજનવશાત્ બોલવું પડે તો એમ બોલે કે, આ વૃક્ષો જાતિવંત છે, લાંબા, ગોળ, વિસ્તારવાળા, શાખા-પ્રશાખાવાળા, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. આવી અસાવદ્ય ભાષા બોલે.*

*સાધુ-સાધ્વી અતિ માત્રામાં લાગેલ, વન્યફળોને જોઈને એમ ન બોલે કે, આ ફળ પાકી ગયા છે, પકાવીને ખાવા યોગ્ય, તોડવા યોગ્ય, કોમળ કે વિદારણ યોગ્ય છે. આવા પ્રકારની સાવદ્યભાષા યાવત્ ન બોલે.*

*સાધુ-સાધ્વી અતિ માત્રામાં લાગેલ વન્યફળ-આંબાને જોઈને એમ કહે કે, આ વૃક્ષ ફળોનો ભાર સહન કરવા અસમર્થ છે, પ્રાયઃ નિષ્પન્ન થઈ ચૂક્યા છે, ઘણાં ફળો થયા છે, પૂરા પાક્યા નથી, એવી અસાવદ્ય ભાષા બોલે.*

*સાધુ-સાધ્વી ઘણી માત્રામાં ઉત્પન્ન ધાન્યાદિ જોઈને એમ ન બોલે કે, પાકી ગઈ છે, કાચી છે, છાલવાળી છે, લણવા યોગ્ય છે, ભુંજવા યોગ્ય છે, ખાવા યોગ્ય છે, એમ ન બોલે. પરંતુ તેને જોઈને એમ બોલે કે, અંકુરિત થઈ છે, સ્થિર થયેલ છે, વધી ગઈ છે, બીજ પડેલ છે, બહાર નીકળી આવી છે, કણયુક્ત થઈ છે. આવા પ્રકારની અસાવદ્ય ભાષા યાવત્ બોલે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગાય વગેરેને પુષ્ટકાય જોઈને એમ ન કહે કે, આ સ્થૂળ, પ્રમેદુર, વૃત્ત, વધ્ય, વાહ્ય, રાંધવા યોગ્ય કે દેવતાના બળીને યોગ્ય છે. એ પ્રમાણે આવી અન્ય પ્રકારની સાવદ્ય ભાષા ન બોલે. ભાષણ વિધિ–

તે ભિક્ષુ ગાય આદિને પુષ્ટકાય જોઈને એમ કહે કે, આનું શરીર વૃદ્ધિ પામેલ છે ઇત્યાદિ સુગમ છે તથા તે ભિક્ષુ વિવિધ પ્રકારની ગાય જોઈને એમ ન કહે કે, આ ગાય દોહવા યોગ્ય છે કે દોહવાનો કાળ થયો છે. આ ગોધો વહન યોગ્ય કે રથયોગ્ય છે. આવી સાવદ્ય ભાષા ન બોલે.

કારણ હોય તો શું બોલે ? - વિવિધ પ્રકારની ગાયને જોઈને એમ કહે કે, આ ગાય યુવાન છે, રસવતી છે, સંવહન છે એવી નિરવદ્ય ભાષા બોલે.

તે ભિક્ષુ ઉદ્યાન આદિમાં જતાં મોટા વૃક્ષો જોઈને એમ ન કહે કે, આ વૃક્ષો મહેલ બનાવવા યોગ્ય છે, આવી સાવદ્ય ભાષા ન બોલે. તો શું કહે ? તે બતાવે છે - તેવા ઉદ્યાનાદિમાં જતા ભિક્ષુ એમ બોલે કે, આ વૃક્ષો૦ ઇત્યાદિ એવી અસાવદ્ય ભાષા યતનાપૂર્વક બોલે. - વળી -

તે સાધુ ઘણાં ફળવાળા વૃક્ષોને જોઈને એમ ન કહે કે, આ ફળો પાકી ગયા છે, ગોટલી બંધાઈ છે, ખાડામાં નાખી કોદ્રવાદિ ઘાસથી પકાવી ખાવા યોગ્ય છે, પાકી ગયા હોય તોડવા યોગ્ય છે કેમકે હવે વધુ વખત રહી શકે તેમ નથી. કોમળ બીજવાળા છે, - x - બે ટુકડા કરવા યોગ્ય છે ફળસંબંધી આવી સાવદ્ય ભાષા સાધુ

ન બોલે. તો કેવી ભાષા બોલે ? તે ભિક્ષુ ઘણાં ફળવાળા વૃક્ષને જોઈને કહે કે, અતિભારથી ફળને ધારણ કરવા સમર્થ નથી, ઘણાં ફળો નિર્વર્તિત થયા છે, બહુ પાકી જવાથી ગ્રહણ કાળઉચિત થયા છે, બીજ બંધાયેલ ન હોવાથી કોમળ જણાય છે, આવા પ્રકારના આ આંબા છે, એવા પ્રકારની અનવદ્ય ભાષા બોલે.

તે ભિક્ષુ ઘણાં પાકેલા ધાન્યાદિ જોઈ એમ ન બોલે કે પાકી, નીલી, આર્દ્ર, છાલવાળી, લણવા-રોપવા યોગ્ય, પચન યોગ્ય, પૃથક્ કરવા યોગ્ય છે એવી સાવદ્ય ભાષા ન બોલે. પણ - x - x - x - અસાવદ્ય ભાષા બોલે.

**● સૂત્ર-૪૭૩ :-**

***સાધુ-સાધ્વી તેવા પ્રકારના શબ્દોને સાંભળીને પણ તે વિષયમાં એમ ન બોલે કે, આ સુશબ્દ છે, દુઃશબ્દ છે. આ સાવદ્ય ભાષા ન બોલે.***

***સાધુ-સાધ્વી તેવા શબ્દો સાંભળીને બોલવું પડે તો સુશબ્દને સુશબ્દ અને દુશબ્દને દુશબ્દ એવા પ્રકારે અસાવદ્ય ભાષા યાવત્ બોલે.***

***એ જ પ્રમાણે રૂપના વિષયમાં આ કૃષ્ણ છે, ગંધમાં આ સુગંધ છે, રસમાં આ તિક્ત છે, સ્પર્શમાં આ કર્કશ છે ઇત્યાદિ જાણવું.***

**● વિવેચન :-**

તે ભિક્ષુ શબ્દો સાંભળીને એમ ન બોલે કે શોભન કે અશોભન, માંગલિક કે અમાંગલિક શબ્દ આદિ ન બોલે. પણ - x - પ્રજ્ઞાપના વિષયમાં યથાવસ્થિત જેમ હોય તેમ કહે. જેમકે સુશબ્દ. એ રીતે રૂપાદિમાં જાણવું.

**● સૂત્ર-૪૭૪ :-**

***સાધુ-સાધ્વી ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરી, વિચારપૂર્વક નિષ્ઠાભાષી, નિસમ્મભાષી, અતુરિયભાષી, વિવેકભાષી અને સમિત થઈ સંયતભાષા બોલે. આ સાધુ-સાધ્વીનો ભાષા સંબંધી આચાર છે, તેમાં યત્ન કરે તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

સૂત્રાર્થ મુજબ વિવેચન જાણવું.

**ચૂલિકા-૧, અધ્યયન-૪ ‘‘ભાષાજાત’’ ઉદ્દેશા-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૪નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐



## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૫ ‘‘વસ્ત્રૈષણા’’ ૦

૦ ચોથા અધ્યયન પછી પાંચમું શરૂ કરીએ છીએ તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૪માં ભાષાસમિતિ કહી. તેના પછી એષણા સમિતિ હોય. તે વસ્ત્રને આશ્રીને કહે છે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર ઉપક્રમ આદિ છે, તે ઉપક્રમમાં અધ્યયન અર્થાધિકારે વસ્ત્રૈષણા બતાવી. ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર બતાવે છે—

[નિ.૩૧૮] પહેલા ઉદ્દેશામાં વસ્ત્રગ્રહણવિધિ બતાવી છે, બીજામાં રાખવાની વિધિ કહી છે. નામનિષ્પન્ન નિક્ષેપામાં વસ્ત્રૈષણા છે, તેમાં વસ્ત્રના નામાદિ ચાર પ્રકારે નિક્ષેપા છે, તેમાં નામ-સ્થાપના સુગમ છે. દ્રવ્યવસ્ત્ર ત્રણ પ્રકારે - એકેન્દ્રિય નિષ્પન્ન-રૂમાંથી બનેલ, વિકલેન્દ્રિય નિષ્પન્ન-ચીનાંશુક આદિ, પંચેન્દ્રિય નિષ્પન્ન-કંબલરત્નાદિ. ભાવવસ્ત્ર તે ૧૮,૦૦૦ શીલાંગ. પણ અહીં દ્રવ્ય વસ્ત્રૈષણા અધિકાર છે, તે નિર્યુક્તિકારે બતાવેલ છે. વસ્ત્ર માફક પાત્રનો - x - x - ચાર પ્રકારે નિક્ષેપ છે. જે નિર્યુક્તિની અડધી ગાથામાં કહ્યો છે, તેમાં દ્રવ્યપાત્ર - એકેન્દ્રિયાદિ નિષ્પન્ન છે, ભાવપાત્ર તો સાધુ પોતે જ ગુણધારી છે. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર બોલવું જોઈએ. તે આ છે—

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૫ - ઉદ્દેશો-૧ 卐

**● સૂત્ર-૪૭૫ :-**

***સાધુ-સાધ્વી વસ્ત્રગ્રહણ કરવા ઇચ્છે તો તે વસ્ત્ર વિશે જાણે કે, આ વસ્ત્ર-જંગિક, ભંગિક, સાનિક, પોત્રક, ક્ષૌમિક કે તૂલકૃત્ અથવા તેવા પ્રકારનું વસ્ત્ર મુનિ ગ્રહણ કરે. જો સાધુ તરુણ, યુગવાન્, બળવાન્, નિરોગી, સ્થિર સંઘયણી હોય તો એક જ વસ્ત્ર ગ્રહણ કરે, બીજું નહીં પણ સાધ્વી ચાર સંઘાટી ધારણ કરે. તે-એક બે હાથ પહોળી, બે ત્રણ-ત્રણ હાથ પહોળી, એક ચાર હાથ પહોળી. એવા પ્રકારનું વસ્ત્ર ન મળે તો ગ્રહણ કર્યા પછી સીવી લે.***

**● વિવેચન :-**

તે ભિક્ષુ વસ્ત્ર શોધવા ઇચ્છે ત્યારે આવું વસ્ત્ર જાણે [લે] :- જંગિક - ઉંટ આદિના ઉનનું બનેલ, ભંગિક-વિકલેન્દ્રિયની લાળનું બનેલ, સાણય-શણ વૃક્ષની છાલનું બનેલ, પોત્તગ-તાડ આદિના પત્રનું બનેલ, ક્ષૌમિક-કપાસમાંથી બનેલ, તૂલકૃત-આકડાના તૂલનું બનેલ, તેમજ આવા અન્ય વસ્ત્ર ધારણ કરે. સાધુ કેટલા વસ્ત્ર ધારણ કરે ? તે કહે છે—

તેમાં જે સાધુ યુવાન છે, સમર્થ, અરોગી, દૃઢકાય-દૃઢધૃતિ છે આવો સાધુ શરીરના રક્ષણ માટે એક વસ્ત્ર ધારણ કરે, બીજું નહીં. બીજું વસ્ત્ર આચાર્યાદિ માટે રાખે પણ પોતે ઉપભોગ ન કરે. જે બાળ, દુર્બળ, વૃદ્ધ કે અલ્પશક્તિવાળા છે, તે સમાધિ રહે તેમ બે વગેરે વસ્ત્રો પણ ધારણ કરે. જિનકલ્પી પોતાની પ્રતિજ્ઞા મુજબ અપવાદરહિત ધારણ કરે.

સાધ્વી ચાર વસ્ત્રો રાખે. એક-બે હાથ પરિમાણનું તે ઉપાશ્રયમાં ઓઢીને બેસે. બે-ત્રણ હાથ પહોળાં હોય તેમાંનું એક ઉજળું ભિક્ષાકાળે ઓઢે, બીજુ સ્થંડિલ અવસરે ઓઢે, ચોથું વસ્ત્ર ચાર હાથનું તે સમોસરણ આદિમાં આખાં શરીરને ઢાંકવા માટે રાખે. જો તેવું વસ્ત્ર ન મળે તો પછી એક વસ્ત્ર બીજા સાથે સાંધીને ઓઢે.

*૦ સ્થાનાંગ, બૃહત્કલ્પ આદિમાં પણ આ પ્રકારના સૂત્ર છે.*

● **સૂત્ર-૪૭૬ :-**

***સાધુ-સાધ્વી વસ્ત્ર યાચના માટે અર્ધયોજન ઉપરાંત જાય નહીં.***

● **વિવેચન :-**

ભિક્ષુ વસ્ત્ર લેવા માટે અડધા યોજનથી દૂર જવા વિચાર ન કરે.

● **સૂત્ર-૪૭૭ :-**

***સાધુ-સાધ્વી જો વસ્ત્રના સંબંધે એમ જાણે કે આ વસ્ત્ર એક સાધુને ઉદ્દેશીને પ્રાણ આદિ હિંસા કરીને બનાવેલ છે તો ન લે. ઇત્યાદિ*** पिण्डैषणा ***અધ્યયન મુજબ જાણવું, એ જ રીતે ઘણાં સાધુ, એક સાધ્વી, ઘણાં સાધ્વી તથા ઘણાં શ્રમણ-બ્રાહ્મણ સંબંધી સૂત્રો '***पिण्डैषणा***' મુજબ જાણવા.***

● **વિવેચન :-**

બંને સૂત્ર આધાકર્મી ઉદ્દેશી છે - पिण्डैषणा અધ્યયનવત્ જાણવા. હવે ઉત્તર ગુણને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૪૭૮ :-**

***સાધુ-સાધ્વી એમ જાણે કે આ વસ્ત્ર ગૃહસ્થે સાધુ નિમિત્તે ખરીદેલ, ધોયેલ, રંગેલ, સાફસૂફ કરેલ, મુલાયમ કરેલ કે ધૂપિત કરેલ છે; તે પ્રકારનું વસ્ત્ર પુરુષાંતરકૃત્ ન થયું હોય તો યાવત્ ગ્રહણ ન કરે. પરંતુ જો તે પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સાધુ ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

સાધુને ઉદ્દેશીને ગૃહસ્થે ખરીદ્યુ હોય, ધોયું હોય ઇત્યાદિ વસ્ત્ર જ્યાં સુધી બીજા પુરુષે વાપરેલ ન હોય ગ્રહણ ન કરે; વાપરેલ ગ્રહણ કરે.

● **સૂત્ર-૪૭૯ :-**

***સાધુ-સાધ્વી એવા વિવિધ પ્રકારના વસ્ત્રોને જાણે જે બહુ-મૂલ્ય હોય, જેવા કે - આજિનક, શ્લક્ષ્ણ, શ્લક્ષ્ણકલ્યાણક, આજક, કાયક, ક્ષૌમિક, દુકુલ, પટ્ટ, મલય, પતુન્ન, અંશુક, ચીનાંશુક, દેશરાગ, અમિલ, ગર્જલ, સ્ફટિક, કોયબ, કંબલ તથા અન્ય પ્રકારના તેવા બહુમૂલ્ય વસ્ત્ર પ્રાપ્ત થવા છતાં પણ પ્રાપ્ત થાય ત્યારે વિચારશીલ સાધુ તે ગ્રહણ ન કરે.***

***સાધુ-સાધ્વી ચર્મનિષ્પન્ન ઓઢવાના વસ્ત્ર વિશે જાણે - જેમકે - ઔદ્ર, પેષ, પેષલ, કૃષ્ણ-નીલ-ગૌર હરણના ચામડાના બનેલા, સ્વર્ણ ખચિત સ્વર્ણ જેવી કાંતિવાળા, સ્વર્ણપટ્ટયુક્ત, સ્વર્ણતાર જડિત, સ્વર્ણસ્પર્શિત, વાઘ કે ચિત્તાના ચર્મથી મઢેલ, આભારણમંડિત કે આચરણ ચિત્રિત કે તેવા પ્રકારના અન્ય કોઈ ચર્મના ઓઢવાના વસ્ત્રો મળે તો ન લે.***



● **વિવેચન :-**

*[આચાર અને નિશીથ ચૂર્ણિમાં આ શબ્દનો અર્થમાં ભેદ છે.]*

તે ભિક્ષુ વળી બહુમૂલ્ય વસ્ત્ર જાણે, જેમકે - ઉંદર આદિના ચર્મના બનેલા, વર્ણ-છવિના કારણે સૂક્ષ્મ, સુંદર, [સૂક્ષ્મ અને મંગલમય], કોઈ ઠંડા દેશમાં બકરાંના કિંમતી વાળમાંથી બનાવેલ વસ્ત્ર, ઇન્દ્રનીલવર્ણના કપાસથી નિષ્પન્ન, સામાન્ય કપાસ, ગૌડ દેશમાં બનેલ વિશિષ્ટ કપાસ, પટ્ટસૂત્ર નિષ્પન્ન, મલય દેશોત્પન્ન, વલ્કલતંતુ નિષ્પન્ન આદિ વિવિધ દેશ પ્રસિદ્ધ વસ્ત્ર. તે બહુ મૂલ્ય વસ્ત્ર હોય તો આલોક પરલોકના અપાય જાણી મળે તો પણ સાધુ તેને ગ્રહણ ન કરે.

તે ભિક્ષુ વળી આવા ચર્મ નિષ્પન્ન વસ્ત્રોને જાણે. જેમકે - સિંધુ દેશના માછલાના સૂક્ષ્મ ચર્મથી નિષ્પન્ન, સિંધુ દેશના જ કોઈ પશુના ચર્મથી બનેલ, તેના જ ચામડાના સૂક્ષ્મ રોમમાંથી બનેલ, મૃગચર્મ, સુવર્ણ રસથી લિપ્ત, સુવર્ણની કાંતિ જેવા, સુવર્ણ રસના પટ્ટ કરેલ, સુવર્ણ રસથી સ્તબક બનાવી સુંદર બનાવેલ, સુવર્ણ સ્પૃષ્ટાદિ વસ્ત્ર, વ્યાઘ્રચર્મ, વ્યાઘ્રચર્મથી ચિત્રિત આભરણ પ્રધાન, ગિરિ-વિડકાદિ વિભૂષિત કે તેવા અન્ય બહુમૂલ્ય ચર્મ વસ્ત્રો મળવા છતાં ગ્રહણ ન કરે

- હવે વસ્ત્રગ્રહણ વિધિ—

● **સૂત્ર-૪૮૦ :-**

***ઉપરોક્ત દોષના સ્થાનો તજીને ચાર પ્રતિજ્ઞાથી વસ્ત્ર યાચે—***

***૧. પહેલી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી જાંગિક યાવત્ તૂલકૃત્ વસ્ત્રોમાંથી કોઈ એક પ્રકારના વસ્ત્રનો સંકલ્પ કરે, તે જ પ્રકારના વસ્ત્રની યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો પ્રાસુક હોય તો ગ્રહણ કરે.***

***૨. બીજી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી વસ્ત્ર જોઈને યાચના કરે. ગૃહસ્થથી માંડીને દાસી આદિને ત્યાં વસ્ત્ર જોઈને કહે, હે આયુષ્યમાન્ ! આ વસ્ત્રોમાંથી મને કોઈ વસ્ત્ર આપશો ? તેવા વસ્ત્રને સ્વયં માંગે અથવા ગૃહસ્થ આપમેળે આપે તો પ્રાસુક, એષણીય જાણી ગ્રહણ કરે.***

***૩. ત્રીજી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી મનમાં એવી ધારણા કરે કે મને ગૃહસ્થનું [પહેરેલું કે ઓઢેલું] અંતરિજ્જ કે ઉત્તરિજ્જ વસ્ત્ર પ્રાપ્ત થશે તો લઈશ, તેવા પ્રકારના વસ્ત્રની માંગણી પોતે કરે કે માગ્યા વિના ગૃહસ્થ સ્વયં આપે તો નિર્દોષ જાણી ગ્રહણ કરે.***

***૪. ચોથી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી એવી ધારણા કરે કે નકામું વસ્ત્ર પ્રાપ્ત થશે તો લઈશ. જેને અન્ય ઘણાં શ્રમણ યાવત્ વનીપક પણ લેવા ન ઇચ્છે, તેવા ફેંકી દેવા યોગ્ય વસ્ત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો નિર્દોષ જાણી ગ્રહણ કરે.***

***આ ચારે પ્રતિજ્ઞા*** पिण्डैषणा ***અધ્યયન મુજબ જાણવી.***

***પૂર્વોક્ત એષણાનુસાર વસ્ત્ર યાચનાકર્તા મુનિને કદાચ કોઈ ગૃહસ્થ કહે,***

*હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે જાઓ, એક માસ કે દશ કે પાંચ દિવસ બાદ કે કાલે અથવા પરમ દિવસે પધારજો, ત્યારે અમે કોઈ વસ્ત્ર આપશું. આવા શબ્દો સાંભળીને, સાધુ પહેલાથી વિચાર કરીને કહી દે કે, અમને આવા સંકેત વચન સ્વીકારવા ન કલ્પે. જો તમે વસ્ત્ર આપવા ઇચ્છતા હો તો હમણાં જ આપી દો.*

*તે સાધુ આમ કહે તો પણ તે ગૃહસ્થ એમ કહે, હમણાં જાઓ. પછી તમને કોઈ વસ્ત્ર આપીશું, ત્યારે મુનિ તુરંત કહી દે કે, આ પ્રકારની અવધિ પણ અમારે ન કલ્પે. આમ સાંભળી જો તે ગૃહસ્થ ઘરના કોઈ સભ્યને કહે કે, લાવો-આ વસ્ત્ર આપણે શ્રમણને આપીએ, આપણા માટે પ્રાણી આદિનો આરંભ કરી નવું બનાવી લઈશું. આવા શબ્દો સાંભળી વિચારી તે વસ્ત્રને અપ્રાસુક યાવત્ જાણી ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી એમ કહે કે, તે વસ્ત્ર લાવો, તેને સ્નાનાદિકમાં વપરાતા સુગંધિત દ્રવ્યો વડે સુગંધિત કરીને સાધુને આપીશું. આવા શબ્દો સાંભળી, વિચારી સાધુ પહેલા જ કહી દે કે, આ વસ્ત્રને સ્નાનીય પદાર્થથી યાવત્ પ્રઘર્ષિત ન કરો, આપવું હોય તો સીધું આપો. તેમ છતાં ગૃહસ્થ સ્નાન દ્રવ્યોથી યાવત્ સુગંધિત કરીને આપે તો સાધુ તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક જાણી યાવત્ ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી કહે કે, લાવો આ વસ્ત્રને ઠંડા કે ગરમ પાણીથી ધોઈને આ શ્રમણને આપીએ. આ શબ્દો સાંભળીને સાધુ કહી દે કે, તમે આ વસ્ત્ર ઠંડા કે ગરમ પાણીથી ધોશો નહીં, આપવું હોય તો એમ જ આપો ઇત્યાદિ યાવત્ સાધુ તે ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી કહે કે, વસ્ત્ર લાવો, આપણે તેમાંથી કંદ કે યાવત્ લીલોતરી કાઢીને સાધુને આપીશું. આ શબ્દ સાંભળીને યાવત્ સાધુ કહે કે, તમે કંદને યાવત્ દૂર ન કરો, મને આવું વસ્ત્ર લેવું ન કલ્પે. સાધુ એમ કહે તો પણ જો ગૃહસ્થ યાવત્ સાફ કરીને આપે તો તેવા પ્રકારનું વસ્ત્ર અપ્રાસુક જાણીને યાવત્ સાધુ ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી સાધુને વસ્ત્ર કાઢીને આપે તો સાધુ લેતા પહેલા કહે કે, હું તમારી સમક્ષ આ વસ્ત્રને ચારે બાજુથી જોઈ લેવું કેમકે કેવલીએ પ્રતિલેખન કર્યા વિના વસ્ત્ર લેવું તે કર્મબંધનું કારણ કહ્યું છે. કદાચ વસ્ત્રના છેડે કુંડલ, સૂત્ર, ચાંદી, સોનું-મણી યાવત્ રત્નાવલી અથવા પ્રાણી, બીજ કે લીલોતરી હોય તો સાધુનો આ પૂર્વોક્ત આચાર છે કે વસ્ત્ર પડિલેહવું.*

**● વિવેચન :-**

હવે પછી કહેવાતાં આયતનોને ઉલ્લંઘીને ભિક્ષુ ચાર અભિગ્રહ વિશેષ થકી વસ્ત્ર શોધવાનું જાણે — ૧-ઉદ્દિષ્ટ-પ્રાક્સંકલ્પિત વસ્ત્ર યાચીશ, ૨-પ્રેક્ષિત-જોયેલું વસ્ત્ર યાચીશ, બીજું નહીં, ૩-પરિભુક્ત-શય્યાતરે - x - x - વાપરેલ વસ્ત્ર લઈશ, ૪-ઉત્સૃષ્ટ-ફેંકી દેવા જેવું વસ્ત્ર યાચીશ. - x - આ ચારે પ્રતિજ્ઞાની વિધિ પિંડૈષણા



માફક જાણવી.

કદાચિત્ - x - અનન્તર ઉક્ત વસ્ત્રૈષણા વડે વસ્ત્ર શોધતા સાધુને ગૃહસ્થ કહે કે, હે શ્રમણ ! તમે મહિનો આદિ ગયા પછી હું વસ્ત્રાદિ આપીશ. તેની આ વાત ન સાંભળે. બાકી સુગમ છે - x - x - x - *[સૂત્રાર્થમાં કહ્યા મુજબ બધું જાણવું.]* - x - x - સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તે વસ્ત્રને જોઈને-પડિલેહીને ગ્રહણ કરે - વળી -

**● સૂત્ર-૪૮૧ :-**

*સાધુ-સાધ્વી જે વસ્ત્રને ઇંડા યાવત્ જાળા સહિત જુએ તો તેવા વસ્ત્રને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. સાધુ-સાધ્વી જે વસ્ત્રને ઇંડા યાવત્ જાળારહિત જાણે પણ પ્રમાણમાં પર્યાપ્ત ન હોય, અસ્થિર, અધ્રુવ, અધારણીય, દાતાની રુચિરહિત જાણે, તો અપ્રાસુક હોવાથી ગ્રહણ ન કરે.*

*સાધુ-સાધ્વી તે વસ્ત્રને ઇંડા યાવત્ જાળારહિત, પ્રમાણયુક્ત, સ્થિર, ધ્રુવ, ધારણીય, દાતાની દેવાની ઇચ્છાયુક્ત અને અનુકૂળ જાણી તે પ્રકારના વસ્ત્રને પ્રાસુક જાણી ગ્રહણ કરે. સાધુ-સાધ્વી મારું વસ્ત્ર નવું નથી એમ વિચારી — (૧) બહુ કે થોડા સુગંધિત દ્રવ્યથી યાવત્ પ્રઘર્ષિત ન કરે, (૨) બહુ કે થોડા ઠંડા અથવા ગરમ પાણીથી યાવત્ ધોવે નહીં, (૩) મારા વસ્ત્ર દુર્ગન્ધી છે એમ વિચારીને બહુ કે થોડા સુગંધી દ્રવ્યોથી કે ઠંડા-ગરમ પાણીથી તે વસ્ત્રોને ઉત્સિંચિતાદિ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ જો વસ્ત્રને ઇંડાદિ સહિત જાણે તો તે ગ્રહણ ન કરે, પણ જો તે ભિક્ષુ એવું વસ્ત્ર જાણે કે જે ઇંડા યાવત્ જાળારહિત છે પણ નાનું હોવાથી અભીષ્ટ કાર્ય માટે અસમર્થ છે તથા જીર્ણ, થોડા કાળની અનુજ્ઞાવાળું, અપ્રશસ્ત પ્રદેશવાળું - ખંજનાદિ કલંકવાળું છે તો ન લે. - x - x - x - લક્ષણથી હીન ઉપધિ જ્ઞાન, દર્શન, ચારિત્રને હણે છે, તેથી હીન વસ્ત્ર ન લે તથા પ્રશસ્યમાનવાળું હોય પણ તે આપતાં દાતાનું મન નારાજ થતું હોય તો સાધુને લેવું ન કલ્પે. આ અનલ આદિ ચારના સોળ ભાંગા છે. તેમાં પહેલા પંદર અશુદ્ધ છે, સોળમો એક જ શુદ્ધ છે.

માટે સૂત્રમાં કહે છે—

તે ભિક્ષુ ચારે પદે વિશુદ્ધ વસ્ત્ર જાણે તો મળે ત્યારે ગ્રહણ કરે.

તે ભિક્ષુ મારું વસ્ત્ર નવું નથી એમ જાણે - ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ સમજવું. - x - x - આ પાઠ જિનકલ્પીને આશ્રીને છે, સ્થવિરકલ્પીને એટલું વિશેષ છે કે - લોકનિંદા નિવારવા તથા તેલ દૂર કરવા યતનાથી પ્રાસુક પાણી આદિ વડે ધુવે પણ ખરા. ધોયેલાને સુકવવાની વિધિ કહે છે—

**● સૂત્ર-૪૮૨ :-**

*સાધૂ-સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો તે વસ્ત્રને જીવજંતુવાળી યાવત્ ભૂમિ પર સૂકવે નહીં. સાધુ-સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો વસ્ત્રને સ્તંભ,*

*દરવાજા, ઉખલ, સ્નાન-ચોકી કે કોઈ બીજા ઉંચા સ્થાન ઉપર કે જે દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ, ચલાચલ હોય તો યાવત્ ત્યાં ન સૂકવે. સાધુ-સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો દીવાલ, નદીતટ, શિલા, ઢેફા કે તેવા કોઈ સ્થાને યાવત્ ન સૂકવે. સાધુ-સાધ્વી વસ્ત્રને સ્તંભ, મંચ, માળા, પ્રાસાદ, હર્મ્યતલ કે તેવા કોઈ ઉંચા સ્થાને યાવત્ ન સૂકવે.*

*સાધુ-સાધ્વી તે વસ્ત્રને લઈને એકાંતમાં જાય, જઈને દગ્ધ યાવત્ બીજી કોઈ અચિત્ત ભૂમિનું પડિલેહણ તથા પ્રમાર્જન કરી - કરીને વસ્ત્રને થોડું કે વધુ સૂકવે. આ તે સાધુ-સાધ્વીનો સંપૂર્ણ આચાર છે, તેનું પાલન કરીને સંયમમાં યતનાવાન્ બને.*

● વિવેચન :-

તે ભિક્ષુ અવ્યવહિત ભૂમિ પર વસ્ત્ર ન સૂકવે. તે ભિક્ષુ વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો થાંભલા આદિ પર ન સૂકવે તે ચંચળ આદિ હોય તો વસ્ત્ર પડવાનો ભય રહે છે. તેમાં गिहेलुक એટલે ઉંબર આદિ જાણવું. એ જ રીતે ભિત, શિલા, સ્કંધ, મંચાદિ પર પણ વસ્ત્ર પડવાના ભયે ન સૂકવે. જો સૂકવવા હોય તો તે વસ્ત્ર લઈ નિર્જીવભૂમિને ચક્ષુ વડે જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને સૂકવે. આ તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૫ ''વસ્ત્રૈષણા'', ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૫ - ઉદ્દેશો-૨ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ રીતે - ઉદ્દેશા-૧-માં વસ્ત્રગ્રહણવિધિ કહી, હવે તે પહેરવાની વિધિ કહે છે - x -

● સૂત્ર-૪૮૩ :-

*સાધુ-સાધ્વી એષણા સમિતિ મુજબ વસ્ત્ર યાચે, જેવા ગ્રહણ કર્યા હોય તેવા જ ધારણ કરે, તેને ધુએ નહીં કે રંગે નહીં કે ન ધોએલ-રંગેલ વસ્ત્ર ધારણ કરે, વસ્ત્રોને ગોપન ન કરીને ગ્રામ આદિમાં વિચરે. તે નિસ્સાર વસ્ત્રધારી કહેવાય. આ જ વસ્ત્રધારી મુનિનો સંપૂર્ણ આચાર છે.*

*સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘેર જવા ઇચ્છે તો બધાં કપડાં સાથે ગૃહસ્થના ઘેર પ્રવેશે કે નીકળે. એ જ રીતે સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાં જતા કે ગામ-ગામ વિચરતા બધાં વસ્ત્રો સાથે રાખે. ઘણો વરસાદ વરસતો જોઈ સાધુ તેવું જ આચરણ કરે જેવું ''पिण्डैषणा'' અધ્યયનમાં કહ્યું છે. વિશેષ એ કે અહીં બધાં વસ્ત્ર સાથે લઈ જાય તેમ સમજવું.*

● વિવેચન :-

તે સાધુ અપરિકર્મ વસ્ત્રોને યાચે, જેવાં લીધાં હોય તેવા પહેરે. પણ તેમાં કંઈ ન કરે જેમકે તે વસ્ત્રો ધોવે નહીં, રંગે નહીં કે બકુશપણાથી ધોઈને રંગેલા વસ્ત્ર





ધારણ ન કરે કે તેવા વસ્ત્ર લે નહીં. તેવા ન ધોયેલા - ન રંગેલા વસ્ત્ર ધારણ કરી ગ્રામાંતર જતાં વસ્ત્ર ગોપવ્યા વિના સુખેથી વિચરે કેમકે તે અસાર વસ્ત્રધારી હોય. આ જ વસ્ત્રધારી ભિક્ષુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે - કે તે આવા વસ્ત્રો ધારણ કરે. આ સૂત્ર જિનકલ્પીને આશ્રીને છે, છતાં તે સ્થવિરકલ્પીને પણ લાગુ પડે છે, તેમાં કોઈ વિરોધ નથી.

- x - x - હવે પાછું દેવાના વસ્ત્ર સંબંધી વિધિ કહે છે—

● સૂત્ર-૪૮૪ :-

*કોઈ સાધુ મુહૂર્ત્ત આદિ નિયત કાલ માટે પ્રાતિહારિક વસ્ત્રની યાચના કરે યાવત્ એક, બે, ત્રણ, ચાર, પાંચ દિવસ રહી પાછો ફરે ત્યારે કદાચ તે વસ્ત્ર ફાટી જાય, તો જેણે તે વસ્ત્ર આપેલ છે તે સાધુ આ ફાટેલા વસ્ત્રને ગ્રહણ ન કરે, લઈને બીજાને ન આપે, ઉધાર ન આપે, અદલાબદલી ન કરે, બીજા પાસે જઈને એમ પણ ન કહે કે, હે શ્રમણ ! તમે આ વસ્ત્રને ગ્રહણ કરવા કે પહેરવા ઇચ્છો છો ? તે દૃઢ વસ્ત્રને ટુકડા કરી પરઠવે નહીં તેવું વસ્ત્ર સાંધેલું પણ પોતે ગ્રહણ ન કરે, પણ લઈ જનાર મુનિને જ આપી દે.*

*તે એકાકી સાધુ ઉપરોક્ત વાત સાંભળીને વિચારે કે જે સાધુઓ તેવા પ્રકારના વસ્ત્રોને મુહૂર્ત્તકાળ યાવત્ એકાદિ પાંચ દિવસ સુધી લઈ જઈ કોઈ ગામ આદિથી પાછા ફરે ત્યારે તે ફાટેલ વસ્ત્ર ન પોતે લે યાવત્ તે વસ્ત્ર લઈ જનારને જ પરત કરી દે. આ રીતે બહુવચનનો આલાવો જાણવો.*

*કોઈ મુનિ એમ વિચારે કે હું મુહૂર્ત્ત આદિનું કહી વસ્ત્રની યાચના કરીશ, એક, બે યાવત્ પાંચ દિવસ ગ્રામાંતર જઈને આવીશ. વસ્ત્ર બગાડી દઈશ તેથી તે લેશે નહીં, વસ્ત્ર મારું થશે, તે માયા કપટ છે, સાધુ તેમ ન કરે.*

● વિવેચન :-

તે કોઈ સાધુ બીજા સાધુ પાસે મુહૂર્ત્તાદિ કાળ માટે પ્રાતિહારિક વસ્ત્ર યાચે, યાચીને એકલો જ ગ્રામાન્તર જઈ ત્યાં એકથી પાંચ દિવસ રહીને આવે, ત્યાં એકલો હોવાથી તે વસ્ત્ર બગડે કે ફાટે, ત્યારે તે વસ્ત્ર પાછું આપે તો પણ તેના પૂર્વના સ્વામીએ પાછું લેવું નહીં ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. પણ જો કોઈ સાધુ એકલા ક્યાંક જતા હોય તો તેને તેવું વસ્ત્ર આપે. પણ તે વસ્ત્રનો સ્વામી પોતે આવું વસ્ત્ર પોતે ન વાપરતા લઈ જનારને જ પાછું આપે અથવા બીજા કોઈ એકલા જનારને આપે.

આ જ પ્રમાણે બહુવચનમાં જાણવું. બાકી સૂત્રાર્થ મુજબ જાણવું.

● સૂત્ર-૪૮૫ :-

*સાધુ-સાધ્વી સુંદર વર્ણવાળા વસ્ત્રને વિવર્ણ કે વિવર્ણ વસ્ત્રને સુંદર વર્ણવાળું ન કરે. મને બીજું વસ્ત્ર મળશે એમ વિચારી પોતાના જૂના વસ્ત્ર બીજાને આપે, ન ઉધાર લે કે વસ્ત્રની પરસ્પર અદલા-બદલી ન કરે. કોઈ બીજા સાધુને એમ પણ ન કહે કે હે શ્રમણ ! તમે મારું વસ્ત્ર લેવા કે પહેરવા ઇચ્છો છો ? તે વસ્ત્ર ટકાઉ હોય તો એ વસ્ત્ર બીજાને સારુ નથી દેખાતું એમ વિચારી*

*ટુકડા કરી પરઠવે નહીં.*

*માર્ગમાં સામે આવતા ચોરોને દેખીને તે વસ્ત્રની રક્ષા માટે તેમનાથી ડરીને ઉન્માર્ગે ન જાય. પણ નીડરતાપૂર્વક ધીરજથી યતનાસહિત એક ગામથી બીજે ગામ તે જ માર્ગે જાય.*

*સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હોય અને જાણે કે માર્ગમાં અટવીમાં ઘણાં ચોરો વસ્ત્ર લૂંટવા એકઠા થઈ રહ્યા છે. તો તેનાથી ભયભીત થઈ ઉન્માર્ગે ન જતા યાવત્ ગામ-ગામ વિચરે.*

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં લુંટારા સામે મળે અને કહે કે, આ વસ્ત્ર લાવો, મને આપી દો, મૂકી દો ઇત્યાદિ ઇર્યા અધ્યયનમાં કહ્યા મુજબ જાણવું. ફર્ક એ કે અહીં તે વસ્ત્રના વિષયમાં જાણવું.*

*આ સાધુ-સાધ્વીનો વસ્ત્ર સંબંધી આચાર છે, તેના પાલનમાં તેઓ સદા યતનાવાન્ થઈ વિચરે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ સુંદર વસ્ત્રોને ચોર આદિના ભયથી અસુંદર ન કરે, ઉત્સર્ગથી તો તેવા વસ્ત્ર ગ્રહણ જ ન કરવા જોઈએ, ગ્રહણ કર્યા હોય તો પરિકર્મ ન કરે. એ જ રીતે અસુંદર વસ્ત્રને સુંદર ન કરે. આદિ સુગમ છે. - x - x - તે ભિક્ષુને માર્ગમાં જો કોઈ ચોર વસ્ત્ર લઈ લેવાની ઇચ્છાથી સામા મળે તો ઇત્યાદિ બધું 'ઇર્યા' અધ્યયન મુજબ જાણવું તે સાધુનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૫ ''વસ્ત્રૈષણા'', ઉદ્દેશા-૨ નો
મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૫ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ ૦

- x - x - x - x - x - x -



## ❁ ચૂલિકા-૧ અધ્યયન-૬ ''પાત્રૈષણા'' ❁

● ભૂમિકા :-

પાંચમાં અધ્યયન પછી છટ્ઠુ કહે છે, તેનો સંબંધ આ રીતે - અધ્યયન-પહેલામાં પિંડવિધિ કહી, તે આગમોક્ત વિધિએ વસતિમાં આવીને વાપરવું. તેથી બીજામાં વસતિ વિધિ બતાવી. તે શોધવા ત્રીજામાં ઈર્યાસમિતિ બતાવી. પિંડ માટે નીકળેલ કેમ બોલે - તે જણાવવા ચોથું ભાષા સમિતિ કહ્યું. તે માટે પડલા જોઈએ તેથી પાંચમામાં વસ્ત્રૈષણા કહી. પિંડ લેવા પાત્ર જોઈએ, તેથી અહીં પાત્રૈષણા કહે છે. પાત્રના ચાર અનુયોગદ્વાર છે. તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં પાત્રૈષણા અધ્યયન છે, તેનો નિક્ષેપો અને અર્થાધિકાર પૂર્વના અધ્યયનમાં જ ટુંકાણમાં બતાવવા નિર્યુક્તિકારે કહેલ છે.

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૬, ઉદ્દેશો-૧ 卐

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

● સૂત્ર-૪૮૬ :-

*સાધુ-સાધ્વી પાત્ર ગ્રહણ કરવા ઇચ્છે તો આ ત્રણ પ્રકારના પાત્ર સ્વીકારે. તુંબ પાત્ર, કાષ્ઠ પાત્ર, માટી પાત્ર. આ પ્રકારનું કોઈ એક પાત્ર તરુણ યાવત્ દૃઢ સંઘયણવાળો સાધક રાખે-બીજું નહીં. તે સાધુ અર્ધયોજનથી આગળ પાત્ર લેવા જવાનો મનથી પણ વિચાર ન કરે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે એક સાધર્મિક સાધુને ઉદ્દેશીને પ્રાણી આદિની હિંસા કરીને આ પાત્ર બનાવેલ છે. ઇત્યાદિ ચાર આલાવા ''पिण्डैषणा'' અધ્યયન મુજબ જાણવા. પાંચમાં આલાવામાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ આદિને ગણી-ગણીને બનાવવામાં આવેલ હોય ઇત્યાદિ. આવું પાત્ર ગ્રહણ ન કરે.*

*સાધુ-સાધ્વી જાણે કે ગૃહસ્થે ભિક્ષુ નિમિત્તે ઘણાં શ્રમણ-બ્રાહ્મણને ઉદ્દેશીને પાત્ર બનાવેલ છે ઇત્યાદિ વસ્ત્રૈષણા અધ્યયનથી જાણવું.*

*સાધુ-સાધ્વી જાણે કે આ પાત્ર વિવિધ પ્રકારના અને મહામૂલ્યવાન્ છે જેમકે - લોઢુ, રાંગ, તાંબુ, શીશું, ચાંદી, સોનું, પીત્તળ, પોલાદ, મણિ, કાચ, કાંસુ, શંખ, શૃંગ, દાંત, વસ્ત્ર, પાષાણ કે ચર્મના પાત્ર છે અથવા તેવા વિવિધ પ્રકારના મૂલ્યવાન્ પાત્ર છે તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

*સાધુ-સાધ્વી જાણે કે આ પાત્રાને મૂલ્યવાન્ લોખંડ યાવત્ ચામડાનું બંધન કે તેવું મૂલ્યવાન્ અન્ય કોઈ બંધન હોય તો યાવત્ ગ્રહણ ન કરે.*

*સાધુ - આ દોષ સ્થાનોને ત્યાગી પાત્ર ગ્રહણની ચાર પ્રતિજ્ઞા જાણે.*

*૧. સાધુ તુંબ, કાષ્ઠ કે માટીમાંથી કોઈ એક પ્રકારનું પાત્ર નામોલ્લેખ કરીને સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.*

*૨. સાધુ પાત્રને જોઈને યાચના કરે. ગૃહસ્થના ઘેર જઈ ગૃહસ્થથી દાસીપર્યંત પહેલા કોઈ પાસે પાત્ર જોઈને કહે કે, હે આયુષ્યમાન્ ! શું મને*

*આમાંથી આ એક પાત્ર આપશો ? જેવું કે તુંબ, કાષ્ઠ કે માટીપાત્ર. તે પાત્ર સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.*

*૩. સાધુ જો એવું પાત્ર જાણે કે તે ગૃહસ્થ દ્વારા ઉપભુક્ત છે અથવા તેમાં ભોજન કરાઈ રહ્યું છે. તે પાત્ર સ્વયં યાચે યાવત્ ગ્રહણ કરે.*

*૪. સાધુ જો ઉજ્ઝિતધર્મ પાત્ર યાચે યાવત્ જે અન્ય ઘણાં શ્રમણાદિ લેવા પણ ન ઇચ્છે તો તેવું પાત્ર સ્વયં યાચે યાવત્ ગ્રહણ કરે.*

*આ ચારમાંથી કોઈ એક પ્રતિજ્ઞા લે. શેષ पिण्डैषणा મુજબ જાણવું.*

*આ રીતે પાત્રૈષણાપૂર્વક યાચના કરતા જોઈને કોઈ ગૃહસ્થ કહે કે, હે શ્રમણ ! તમે એક માસ પછી આવજો ઇત્યાદિ કથન વસ્ત્રૈષણા મુજબ જાણવું. વળી કોઈ ગૃહસ્થ કહે કે, હે આયુષ્યમાન્ ! બહેન ! તે પાત્ર લાવો આપણે તેના પર તેલ, ઘી, માખણ કે ચરબીથી લેપન કરીને આપીએ કે શીતલજલ વડે ધોઈને કે કંદાદિ ખાલી કરીને આપીએ ઇત્યાદિ સર્વ કથન વસ્ત્રૈષણા મુજબ જાણવું યાવત્ સાધુ તે ગ્રહણ ન કરે.*

*કોઈ ગૃહસ્વામી સાધુને એમ કહે, હે શ્રમણ ! તમે મુહૂર્ત્ત માત્ર ઉભા રહો. અમે ત્યાં સુધી અશનાદિ તૈયાર કરીને પાત્ર ભરીને આપીએ. કેમકે ખાલી પાત્ર આપવું ઠીક નથી. ત્યારે તે સાધુ પહેલાથી જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! હે બહેન ! મને આધાકર્મી અશનાદિ લેવું કલ્પે નહીં. માટે તમે સામગ્રી ભેગી કરશો નહીં કે અશનાદિ પકાવશો નહીં. આપવું હોય તો મને ખાલી પાત્ર જ આપો. આવું કહેવા છતાં ગૃહસ્થ અશનાદિ સામગ્રી એકઠી કરી, તૈયાર કરી ભોજન-પાન સહિત પાત્ર આપે તો તેવા પ્રકારના પાત્રને અપ્રાસુક અને અનેષણીય જાણી યાવત્ ગ્રહણ ન કરે.*

*કદાચ કોઈ ગૃહસ્થ પાત્રને લાવીને આપે તો પહેલા સાધુ કહે કે, તમારી સામે આ પાત્ર અંદર-બહારથી હું પડીલેહીશ. પડીલેહ્યા વિના પાત્ર લેવું તેને કેવલીએ કર્મબંધનું કારણ કહ્યું છે. સંભવ છે કે પાત્રમાં પ્રાણી, બીજ, હરિત હોય માટે સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે પાત્ર પડિલેહવું. ઇત્યાદિ સર્વે આલાવા વસ્ત્રૈષણા મુજબ જાણવા. ફર્ક માત્ર એ કે જો પાત્ર તેલ, ઘી, માખણ, ચરબી, સુગંધિત દ્રવ્ય કે અન્ય તેવા પ્રકારના દ્રવ્યથી લિપ્ત હોય તો એકાંતમાં જાય. નિર્દોષ સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન-પ્રમાર્જન કરે અને ત્યાં યતનાપૂર્વક પાત્રને સાફ કરે. આ સાધુ-સાધ્વીનો પાત્ર સંબંધી આચાર છે. જેને સદા યતનાવાન્ થઈ પાળે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ પાત્ર શોધવા ઇચ્છે તો આ પ્રમાણે જાણે. જેમકે - તુંબડા આદિ પાત્ર. તેમાં સ્થિર સંહનનાદિ યુક્ત હોય તે એક પાત્ર ધારણ કરે. આ જિનકલ્પી માટે છે. સ્થવિરકલ્પી તો માત્રક એવું બીજું પાત્ર પણ ધારણ કરે. તેમાં સંઘાટક હોય ત્યારે એકમાં આહાર અને બીજામાં પાણી લે. અથવા આચાર્ય વગેરે માટે અશુદ્ધ [માત્રુ



આદિ] માં કામ લાગે.

से भिक्खु ઇત્યાદિ સૂત્રો સુગમ છે. - x - x - પ્રતિમા ચતુષ્ટય સૂત્રો પણ વસ્ત્રૈષણા વત્ જાણવા. તેમાં ત્રીજી પ્રતિજ્ઞામાં संगइय એટલે પરિભુક્ત પ્રાયઃ, वेजयंतिय એટલે બે-ત્રણ પાત્રમાં ક્રમથી ભોજન કરાતુ હોય તે પાત્ર. *[જો કે ચૂર્ણિમાં આ બંને શબ્દનો અર્થ જુદો છે.]*

શેષ સર્વ વૃત્તિ સૂત્રાર્થમાં જણાવેલા અર્થનો સારાંશ માત્ર છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૬, ''પાત્રૈષણા'', ઉદ્દેશા-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૬ ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશા-૧ સાથેનો સંબંધ આ પ્રમાણે - ગયા સૂત્રમાં પાત્ર નિરીક્ષણ બતાવ્યું, અહીં પણ તેની શેષ વિધિ કહે છે. આ સંબંધે આવેલ સૂત્ર—

● **સૂત્ર-૪૮૭ :-**

*ગૃહસ્થને ઘેર આહાર-પાણી લેવા જતાં પહેલા સાધુ-સાધ્વી પાત્રને બરાબર જુએ, તેમાં કોઈ જીવજંતુ હોય તો સાવધાનીથી એક બાજુ મૂકી દે. ધૂળની પ્રમાર્જના કરે. પછી આહારાદિ માટે નીકળે કે ગૃહસ્થના ઘેર પ્રવેશે. કેવલી કહે છે કે, તેમ ન કરવું તે કર્મબંધનું કારણ છે, કેમકે પાત્રમાં પ્રાણિ, બીજ, હરિતકાય હોય તો તે પરિતાપ પામે. તેથી મુનિનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે પહેલાથી પાત્રને જોઈને, રજ પ્રમાર્જીને યતનાપૂર્વક ભિક્ષાર્થે નીકળે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર ગૌચરી જતા પહેલા પાત્રાને બરોબર તપાસે તેમાં પ્રાણીને જુએ તો તુરંત તેનો ત્યાગ કરે. તથા રજની પ્રમાર્જના કરી યતનાપૂર્વક નીકળી ગૃહસ્થને ઘેર જાય, આ પણ પાત્ર વિધિ જ છે. કેમકે અહીં પણ સમ્યક્ પ્રત્યુપ્રેક્ષણ-પ્રમાર્જનાદિ પાત્ર સંબંધી વિચાર જ છે. પાત્ર પ્રત્યુપેક્ષણ વિના આહાર ગ્રહણથી કર્મબંધ થાય, તેમ કેવલી પણ કહે છે. કેમકે પાત્રામાં બેઇન્દ્રિયાદિથી જીવો તથા બીજ કે રજ હોવાનો સંભવ છે, તેવા પાત્રમાં આહાર લેવાથી કર્મબંધ થાય છે માટે સાધુનો આચાર છે કે પાત્ર પૂંજી-પ્રમાર્જી ગૃહસ્થને ત્યાં જવું.

● **સૂત્ર-૪૮૮ :-**

*ગૃહસ્થને ઘેર ગયેલ સાધુ-સાધ્વી આહારાદિ યાચે ત્યારે ગૃહસ્થ ઘરમાંથી સચિત્ત પાણી પાત્રમાં લઈને સાધુને આપવા આવે ત્યારે તે પાત્ર તેનાં હાથમાં કે પાત્રમાં હોય તો અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. કદાચ અસાવધાનીથી ગ્રહણ કરી લે તો જલ્દીથી તે પાણીને પાછું આપી દે. અથવા સ્નિગ્ધ ભૂમિમાં તે પાણીને પરઠવી પાત્રને એક તરફ મૂકી દે. તે સાધુ ભીના અને સ્નિગ્ધ પાત્રને લુંછે કે સુકાવે નહીં. જ્યારે પાત્ર સ્વયં નીતરી જાય પછી તે પાત્રને યતનાપૂર્વક*

*સાફ કરે યાવત્ સુકાવે.*

*સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘેર જાય તથા સ્થંડીલ કે સ્વાધ્યાય ભૂમિ જાય અથવા ગ્રામાનુગ્રામ વિચરે ત્યારે પાત્ર સાથે રાખે.*

*તીવ્ર કે થોડો વરસાદ થતો હોય ઇત્યાદિ વસ્ત્રૈષણામાં જણાવ્યા મુજબ પાત્ર સંબંધે પણ જાણવું. વિશેષ એ કે અહીં પાત્ર કહેવું. આ તે સાધુ-સાધ્વીનો આચાર છે. તેનું સર્વ અર્થથી પાલન કરે - એમ હું કહું છું.*

● વિવેચન :-

*[ચૂર્ણિ અને વૃત્તિમાં અહીં મહત્ત્વનો ભેદ છે. ચૂર્ણિકારે પાત્ર-ગ્રહણ સંબંધે વ્યાખ્યા કરી છે, વૃત્તિકારે પાનક ગ્રહણ સંબંધે વ્યાખ્યા કરી છે. અમે 'પાત્રૈષણા' હોવાથી ચૂર્ણિ મુજબ સૂત્રાર્થની નોંધ કરી છે.]*

- અહીં વૃત્તિનો અનુવાદ અમે કર્યો નથી. કેમકે ચૂર્ણિકારના મત મુજબ સૂત્રાર્થમાં 'પાત્ર' મુખ્ય છે. વૃત્તિનો અર્થ 'પાનક'ને આશ્રીને છે.

ચૂલિકા-૧, અધ્યયન-૬ ''પાત્રૈષણા'', ઉદ્દેશા-૨નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૬, ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦

- x - x - x - x - x - x -



## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૭ ''અવગ્રહ પ્રતિમા''

૦ છટ્ઠુ અધ્યયન કહ્યું, હવે સાતમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર આદિ એષણા અવગ્રહને આશ્રીને થાય છે - x - તેથી આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગ દ્વાર છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે કે સાધુએ આ પ્રમાણે વિશુદ્ધ અવગ્રહ લેવો. નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'અવગ્રહ પ્રતિમા' એવું નામ છે. તેમાં અવગ્રહના નામ, સ્થાપના સુગમ હોવાથી છોડીને દ્રવ્યાદિ નિક્ષેપ નિર્યુક્તિમાં કહે છે—

[નિ.૩૧૯] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર પ્રકારનો અવગ્રહ છે અથવા સામાન્યથી પાંચ પ્રકારનો અવગ્રહ છે. તે આ પ્રમાણે—

૧. દેવેન્દ્ર અવગ્રહ - લોક મધ્યવર્તિ રૂચકથી દક્ષિણાર્ધ ભૂમિનો.
૨. રાજાનો અવગ્રહ - ચક્રવર્તી આદિનો ભરતાદિ ક્ષેત્ર વિષયક.
૩. ગૃહપતિ અવગ્રહ - ગામનો મહત્તર-પટેલનો ગામ-પાટક સંબંધી.
૪. સાગારિક અવગ્રહ - શય્યાતરનો ઘંઘશાલાદિ વિષયક.
૫. સાધર્મિક અવગ્રહ - માસકલ્પાદિ સ્થિત સાધુનો વસતિ વિષયક.

આ પ્રમાણે પાંચ પ્રકારનો અવગ્રહ વસતિ આદિ લેતા યથા અવસર અનુજ્ઞા લેવા યોગ્ય છે. હવે પહેલા કહેલ દ્રવ્યાદિ અવગ્રહ બતાવે છે—

[નિ.૩૨૦] દ્રવ્ય અવગ્રહ ત્રણ ભેદે છે. સચિત્ત-શિષ્યાદિ, અચિત્ત-રજોહરણ, મિશ્ર-રજોહરણ સહિત શિષ્ય. ક્ષેત્ર અવગ્રહ પણ સચિત્તાદિ ત્રણ પ્રકારે છે અથવા ગામ, નગર, અરણ્ય ભેદે છે. કાલ અવગ્રહ ઋતુબદ્ધ અને વર્ષાકાળ એ બે ભેદે છે. હવે ભાવ અવગ્રહ બતાવે છે—

[નિ.૩૨૧] ભાવ અવગ્રહ બે પ્રકારે છે. મતિ અવગ્રહ, ગ્રહણ અવગ્રહ, મતિ અવગ્રહ બે પ્રકારે છે - અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ. અર્થાવગ્રહ ઇન્દ્રિય, નોઇન્દ્રિય ભેદે છ પ્રકારે છે. વ્યંજનાવગ્રહ ચક્ષુ ઇન્દ્રિય અને મનને છોડીને ચાર ભેદે છે. તે બધાએ ભેદથી મતિ-ભાવ અવગ્રહ દશ પ્રકારે છે.

[નિ.૩૨૨] હવે ગ્રહણ અવગ્રહ કહે છે - અપરિગ્રહી સાધુ જ્યારે પિંડ, વસતિ, વસ્ત્ર, પાત્ર લેવા વિચારે ત્યારે તે ગ્રહણ ભાવાવગ્રહ છે તેમાં કઈ રીતે મને શુદ્ધ વસતિ આદિ, પ્રાતિહારિક કે અપ્રાતિહારિક મળે તે માટે યત્ન કરવો.

પહેલા દેવેન્દ્રાદિ પાંચ પ્રકારનો અવગ્રહ કહ્યો. તે આ ગ્રહણાવગ્રહમાં જાણવો. આ પ્રમાણે નામ નિષ્પન્ન નિક્ષેપો થયો.

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૭ ઉદ્દેશો-૧ 卐

● સૂત્ર-૪૮૯ —

***દીક્ષા લેતી વખતે સંયમાર્થી કહે છે, હું શ્રમણ થઈશ, અનગાર, અકિંચન, અપુત્ર, અ-પશુ અને પરદત્તભોજી થઈ પાપકર્મ કરીશ નહીં. એ રીતે ઉદ્યત થઈ કહે છે, હે ભદંત ! હું સર્વ પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે શ્રમણ ગામ***

*યાવત્ રાજધાનીમાં પ્રવેશ કરે ત્યારે સ્વયં અદત્ત ગ્રહણ ન કરે, બીજા પાસે અદત્ત ગ્રહણ ન કરાવે, અદત્ત ગ્રહણ કરવાવાળાની અનુમોદના ન કરે. જેમની સાથે પ્રવ્રજિત થઈને રહે છે, તેઓના છત્ર યાવત્ ચર્મ છેદનકને તેમની પહેલા અવગ્રહ-અનુજ્ઞા લીધા વિના, પડિલેહણ-પ્રમાર્જન કર્યા વિના સામાન્ય કે વિશેષથી ગ્રહણ ન કરે. પૂર્વેથી તેમનો અવગ્રહ યાચી અનુજ્ઞાપૂર્વક પૂંજી-પ્રમાર્જીને યતનાપૂર્વક લે.*

● વિવેચન :-

શ્રમ પામે તે શ્રમણ-તપસ્વી. તે હું આ રીતે બનું તે દર્શાવે છે. અગ એટલે વૃક્ષ, તેનાથી જે બને તે ઘર. તે ન હોય તે અનગાર-ગૃહપાશત્યાગી. અકિંચન-જેની પાસે કંઈ નથી તે - નિષ્પરિગ્રહી. અપુત્ર-સ્વજનાદિ રહિત-નિર્મમ. અપશુ-દ્વિપદ ચતુષ્પદાદિરહિત તથા પરદત્તભોજી થઈ હું પાપકર્મ નહીં કરું એવી પ્રતિજ્ઞાવાળો થાય તે દર્શાવે છે - જેમકે—

હે ભદંત ! હું સર્વથા અદત્તાદાનનું પચ્ચક્ખાણ કરું છું. દંતશોધન માત્ર પણ બીજાએ આપેલ નહીં લઉં. આ પ્રતિજ્ઞાથી બીજા શાક્યાદિમાં શ્રમણત્વ નથી તે કહ્યું. આવો અકિંચન શ્રમણ - x - અદત્ત લે નહીં - x - જે સાધુ સાથે દીક્ષા લીધી હોય કે રહ્યા હોય તેમના ઉપકરણ પણ તેમની આજ્ઞા વિના ન લે, તે બતાવે છે. જેમકે—

છત્ર-જે ઢાંકે તે. વર્ષા-કલ્પ આદિ અથવા કારણિક. જેમકે કોંકણ દેશાદિમાં અતિવૃષ્ટિ સંભવ હોવાથી છત્રક પણ લે. યાવત્ ચર્મછેદનક પણ આજ્ઞારહિત અને પડિલેહણ કર્યા વિના ન લે. - x - પૂર્વે તેની આજ્ઞા લઈ ચક્ષુથી જોઈ, રજોહરણથી પ્રમાર્જી એક કે અનેકવાર ગ્રહણ કરે.

● સૂત્ર-૪૯૦ :-

*સાધુ-સાધ્વી જોઈ-વિચારીને ધર્મશાળા આદિમાં અવગ્રહની યાચના કરે. તે સ્થાનના સ્વામી કે અધિષ્ઠાતાની આજ્ઞા લે - હે આયુષ્યમાન્ ! આપની ઇચ્છાનુસાર જેટલો સમય અને જેટલા ક્ષેત્રમાં રહેવા આજ્ઞા આપો. તે પ્રમાણે રહીશું યાવત્ તે અવધિમાં અમારા કોઈ સાધર્મિક આવશે તો તે પણ રહેશે ત્યારપછી વિહાર કરીશું. તે સ્થાનમાં રહ્યા પછી જે કોઈ સંભોગી કે સમાન સામાચારીવાળા સાધુ વિહાર કરીને પધાર્યા હોય ત્યારે પોતાના લાવેલ અશનાદિ માટે તેઓને નિમંત્રણ કરે, પણ બીજા મુનિ દ્વારા કે મુનિ માટે લાવેલ અશનાદિ માટે નિમંત્રણ ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ ધર્મશાળાદિમાં પ્રવેશી વિચાર કરીને સાધુ વિહાર યોગ્ય ક્ષેત્ર જુએ. પછી અવગ્રહ-વસતિ આદિ યાચે. આ યાચના ગૃહસ્વામી કે તેણે નિયુક્ત કરેલ પાસે કરે - ક્ષેત્રાવગ્રહ યાચે. કઈ રીતે ? હે ગૃહપતિ ! તમારી ઇચ્છા પ્રમાણે તમે જેટલો કાળ અનુજ્ઞા આપો, જેટલી જગ્યા આપો તેટલો કાળ તે વસતિમાં અમે રહીએ ઇત્યાદિ. તે અવધિમાં કોઈ સાધર્મિક સાધુ આવે તો તેમના માટે પણ આ અવગ્રહ આપશો, પછી અમે વિચાર કરીશું.



અવગ્રહ ગ્રહણ કર્યા પછી - ત્યાં કેટલાક પરોણા એક સામાચારીવાળા ઉદ્યુક્ત વિહારી સાધુ-અતિથિ આવે તેમને પૂર્વના મોક્ષાભિલાષી સાધુ ઉતરવા દે તથા આપમેળે આવેલા પણ હોય. તેમને અશનાદિ લાવીને નિમંત્રણા કરે - કે મેં લાવેલ આ અશનાદિ તમે ગ્રહણ કરો. જો કે બીજાએ લાવેલા અશનાદિ માટે નિમંત્રણા ન કરે. - x - x -

● સૂત્ર-૪૯૧ :-

*આજ્ઞા પ્રાપ્ત કરી ધર્મશાળા આદિમાં રહેલ સાધુ ત્યાં રહેલા કે આવતા સાધર્મિક, અન્ય સાંભોગિકને પોતે લાવેલ પીઠ, ફલક, શય્યા-સંસ્તારકાદિ માટે તેઓને આમંત્રિત કરે. પરંતુ બીજા મુનિ દ્વારા કે મુનિ કે લાવેલા પીઠ, ફલક આદિ માટે આમંત્રિત ન કરે.*

*ધર્મશાળાદિમાં યાવત્ અનુજ્ઞા લઈને રહેલ હોય અને તે સ્થાનમાં કોઈ ગૃહસ્થ કે ગૃહસ્થપુત્ર આદિ પાસેથી સોય, કાતર, કાન ખોતરણી, નેરણી આદિ ઉપકરણ પોતા માટે યાચીને લાવેલ હોય તો તે અન્ય સાધુને ન આપે - ન લે. પણ કાર્ય પૂર્ણ થયે જ્યાંથી લાવેલ હોય તે ગૃહસ્થને ત્યાં જાય અને હાથ લાંબો કરી તે વસ્તુ ભૂમિ પર રાખે અને કહે કે, આ વસ્તુ તમારી છે. પરંતુ તે વસ્તુ પોતાના હાથે ગૃહસ્થના હાથ પર ન રાખે.*

● વિવેચન :-

બધું પૂર્વ સૂત્ર મુજબ જાણવું. વિશેષ એ કે, સાંભોગિકને પીઠ, ફલકાદિ માટે નિમંત્રણ આપે. - x - x - વળી એક સાધુને આશ્રીને યાચિત સોય વગેરે બીજા સાધુને ન આપે પણ જેમની પાસે લીધા હોય તેમને પાછા સોંપે.

● સૂત્ર-૪૯૨ :-

*સાધુ-સાધ્વી એવા અવગ્રહને જાણે — (૧) જે સચિત્ત પૃથ્વી યાવત્ જાળાથી યુક્ત હોય તો તેવા પ્રકારનો અવગ્રહ ગ્રહણ ન કરે. (૨) જે સ્થાન સ્થંભ આદિ પર ઉંચે હોય અને બરાબર બાંધેલ હોય તો યાવત્ ન યાચે. (૩) જે સ્થાન કાચી દીવાલ આદિ ઉપર હોય તો યાવત્ ન યાચે. (૪) જે સ્થાન સ્થંભ આદિ પર કે તેવા અન્ય ઉચ્ચસ્થાને હોય તો યાવત્ ન યાચે. (૫) જે સ્થાન ગૃહસ્થયુક્ત, અગ્નિ કે જલયુક્ત, સ્ત્રી-બાળક-પશુના ભોજન પાનથી યુક્ત હોય, બુદ્ધિમાન સાધુ માટે ત્યાં આવાગમન યાવત્ ધર્માનુયોગ ચિંતન માટે યોગ્ય ન હોય તો આવા સ્થાનને યાવત્ ન યાચે.*

*સાધુ-સાધ્વી એવા સ્થાનને જાણે કે (૬) જેમાં આવાગમનનો માર્ગ ગૃહસ્થના મકાનની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, તો પ્રાજ્ઞ સાધુ યાવત્ તેવા સ્થાનને ન યાચે. (૭) જે સ્થાને ગૃહપતિ યાવત્ દાસી પરસ્પર આક્રોશ કરતા હોય, તેલ આદિ મર્દન, સ્નાનાદિ, ઠંડા કે ગરમ પાણીથી ગાત્રસિંચન કરતા હોય કે નગ્ન થઈ ક્રીડા કરતાં હોય ઇત્યાદિ કથન શય્યા-અધ્યયન માફક જાણવું. માત્ર શય્યાને સ્થાને અવગ્રહ કહેવું. (૮) જે સ્થાન વિકૃતિકારક*

*ચિત્રોથી ચિત્રિત હોય યાવત્ આવા સ્થાનની પ્રાજ્ઞ સાધુ યાચના ન કરે. આ સાધુ-સાધ્વીનો અવગ્રહ સંબંધી આચાર છે, તેનું સંપૂર્ણ પાલન કરી સાધુ સંયમમાં યતનાવાત્ બને.*

● **વિવેચન :-**

સચિત્ત પૃથ્વીસંબંધી - x - ઇત્યાદિ - x - અવગ્રહ જાણી તે ગ્રહણ ન કરે. વગેરે શય્યા અધ્યયન મુજબ જાણે. માત્ર શય્યાને બદલે અવગ્રહ કહેવું.

ચૂલિકા-૧, અધ્યયન-૭ ‘‘અવગ્રહપ્રતિમા’’ ઉદ્દેશો-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૭, ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશો-૧ કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં અવગ્રહ બતાવ્યો. અહીં પણ તેનું બાકીનું જ કહે છે—

● **સૂત્ર-૪૯૩ :-**

*સાધુ ધર્મશાળાદિ સ્થાનમાં અવગ્રહ યાચે, તે સ્થાના સ્વામીને યાચના કરતા કહે કે, હે આયુષ્યમાન્! આપની ઇચ્છાનુસાર જેટલો સમય - જેટલા ક્ષેત્રમાં રહેવાની આપ અનુજ્ઞા આપો તેમ રહીશું. યાવત્ અમારા સાધર્મિક સાધુ આવશે તો યાવત્ તે પણ આ અવધિમાં રહેશે. ત્યારપછી અમે વિહાર કરીશું. અવગ્રહ લીધા પછી શું કરે? ત્યાં જે શ્રમણ, બ્રાહ્મણ આદિના છત્ર યાવત્ ચર્મછેદનક આદિ હોય તેને અંદરથી બહાર ન કાઢે કે બહારથી અંદર ન લઈ જાય. સૂતેલા શ્રમણાદિને જગાડે નહીં કે તેઓની સાથે અપ્રિતિજનક કે પ્રતિકૂળ વર્તન કરે નહીં.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ જે ધર્મશાળાદિમાં ઉતરેલ હોય, ત્યાં પૂર્વે બીજા પણ બ્રાહ્મણ આદિ ઉતરેલ હોય અને કારણે સામાન્ય ઉપભોગવાળા તે સ્થાને ઉતરવું પડે તો બ્રાહ્મણ આદિના છત્રાદિને અંદરથી બહાર ન લઈ જાય ઇત્યાદિ-સૂત્રાર્થમાં લખ્યા મુજબ જાણવું. - x - x -

● **સૂત્ર-૪૯૪ :-**

*તે સાધુ-સાધ્વી આમ્રવનમાં રહેવા ઇચ્છે તો ત્યાંના જે સ્વામી કે વનપાલ હોય, તેની પાસે અવગ્રહ યાચતા કહે, આપની ઇચ્છા હોય યાવત્ ત્યાં સુધી અહીં રહીશું. આ રીતે અનુજ્ઞા મેળવી નિવાસ કર્યા પછી શું કરે? - (૧) જો સાધુ કેરી ખાવા ઇચ્છે, પણ તે. એમ જાણે કે આ કેરીઓ ઇંડા યાવત્ જીવજંતુ યુક્ત છે, તો તેવી કેરીને અપ્રાસુક જાણી ન લે.*

*(૨) સાધુ-સાધ્વી એમ જાણે કે આ કેરી ઇંડા યાવત્ જીવજંતુથીરહિત છે પણ તે તિર્છી કાપેલ નથી, ટુકડા કરેલ નથી તો તેને અપ્રાસુક જાણી ન લે.*

*(૩) સાધુ-સાધ્વી જાણે કે આ કેરી ઇંડા યાવત્ જીવજંતુથીરહિત છે અને તીર્છી કાપેલ તથા ટુકડા કરેલ છે તો તેને પ્રાસુક જાણી ગ્રહણ કરે.*



*(૪) સાધુ-સાધ્વીને કેરીનો અડધો ભાગ, ચીર, છાલ, રસ, ટુકડા આદિ ખાવા કે પીવાની ઇચ્છા થાય પણ તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત હોય તો ન લે; જો તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત ન હોય પણ છોલેલ કે સુધારેલ ન હોય તો તેને ગ્રહણ ન કરે પરંતુ તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત ન હોય, છોલેલ તથા સુધારેલ પણ હોય તો અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ કરે.*

*તે સાધુ-સાધ્વી શેરડીના વનમાં રહેવા ઇચ્છે તો તેના માલિકની અનુજ્ઞા લઈને યાવત્ ત્યાં રહે. ત્યાં રહ્યા પછી શેરડી ખાવા કે પીવા ઇચ્છે તો પહેલા જાણી લે કે શેરડી ઇંડા યાવત્ જાળાથી યુક્ત નથી ને ? તીર્છી આદિ છેદાયેલ છે કે નહીં? ઇત્યાદિ ત્રણે સૂત્રો ઉપર મુજબ જાણવા.*

*તે સાધુ-સાધ્વી શેરડીનો મધ્યભાગ, તેની ગાંઠ, છાલ, રસ, ટુકડા ખાવા કે પીવા ઇચ્છે તો ઇંડાદિ યુક્ત અશુદ્ધ જાણે તો ગ્રહણ ન કરે, શેરડીનો મધ્યભાગ આદિ ઇંડાદિ યુક્ત ન હોય પણ તીર્છુ છેદેલ ન હોય તો પણ ગ્રહણ ન કરે. પરંતુ જો ઇંડાદિરહિત હોય, તીર્છી છેદાયેલ હોય તો અપ્રાસુક જાણી ગ્રહણ કરે.*

*તે સાધુ-સાધ્વી લસણના વનમાં જાય તો ઉક્ત ત્રણે આલાવા જાણવા. વિશેષ એ કે ત્યાં ‘લસણ’ કહેવું. કોઈ સાધુ-સાધ્વીને લસણ, લસણનો કંદ, લસણની છાલ કે ટુકડા, લસણના પાન, લસણનો રસ આદિ ખાવા કે પીવાની ઇચ્છા થાય યાવત્ તે જાણે કે તે ઇંડાદિથી યુક્ત છે તો ગ્રહણ ન કરે. એ રીતે ઇંડાદિ યુક્ત ન હોય પણ ટુકડા કે છેદન કર્યા વિનાનું હોય તો પણ ગ્રહણ ન કરે પણ ઇંડાદિરહિત હોય, છેદન-ભેદન થયેલ હોય તો પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ કદાચ આમ્રવનમાં ગૃહસ્થ પાસે અવગ્રહ યાચીને રહે અને કારણે આંબો ખાવાને ઇચ્છે તો ઇત્યાદિ સર્વ વિવેચન સૂત્રાર્થ મુજબ જાણવું. આમાં જે કથન ન સમજાય તે નિશીથ સૂત્રના સોળમાં ઉદ્દેશાથી જાણવું. *[आचारांग चूर्णि માં આ સૂત્ર વિશે વિશેષ સ્પષ્ટતા છે આગાઢ કારણે લસણ લે તો તેનું પ્રાયશ્ચિત્ત પણ ‘‘નિશીથ’’માં છે.]*

● **સૂત્ર-૪૯૫ :-**

*સાધુ-સાધ્વી ધર્મશાળાદિમાં અવગ્રહ ગ્રહણ કરીને ગૃહસ્થ કે ગૃહસ્થ-પુત્રાદિના સંબંધ ઉત્પન્ન થતા દોષોથી બચે અને સાધુ આ સાત પ્રતિજ્ઞા થકી અવગ્રહ ગ્રહણ કરવાનું જાણે. તેમાં પહેલી પ્રતિજ્ઞા આ પ્રમાણે—*

*૧. સાધુ ધર્મશાળાદિમાં વિચાર કરીને અવગ્રહ યાચે યાવત્ વિચરે.*

*૨. હું બીજા ભિક્ષુઓ માટે ઉપાશ્રયની આજ્ઞા માંગીશ અને તેઓ દ્વારા યાચેલા ઉપાશ્રયમાં રહીશ, તે બીજી પ્રતિજ્ઞા.*

*૩. હું બીજા ભિક્ષુ માટે અવગ્રહ યાચીશ, પણ તેઓએ યાચેલા સ્થાનમાં રહીશ નહીં, તેમ કોઈ સાધુ અભિગ્રહ કરે એ ત્રીજી પ્રતિજ્ઞા.*

*૪. હું કોઈ સાધુ માટે અવગ્રહ યાચીશ નહીં, પણ તેમના યાચેલા સ્થાનોમાં રહીશ તેવો કોઈ સાધુ અભિગ્રહ કરે એ ચોથી પ્રતિજ્ઞા.*

*૫. કોઈ સાધુ અભિગ્રહ કરે કે હું મારા માટે અવગ્રહ યાચીશ, પણ બીજા બે, ત્રણ, ચાર, પાંચ સાધુ માટે યાચના નહીં કરું, તે પાંચમી પ્રતિજ્ઞા.*

*૬. કોઈ સાધુ અભિગ્રહ કરે કે હું જેના અવગ્રહની યાચના કરીશ તેના જ અવગ્રહમાં જો તૃણ વિશેષ સંસ્તારક મળી જશે તો ઉપયોગ કરીશ નહીં તો ઉત્કટુક આસનાદિ દ્વારા રાત્રિ વ્યતીત કરીશ, તે છટ્ઠી પ્રતિજ્ઞા.*

*૭. સાધુ જે સ્થાનની અનુજ્ઞા લે તે સ્થાનમાં પૃથ્વીશિલા, કાષ્ઠશિલા, પરાળાદિ આસનો હશે તેના પર આસન કરીશ, અન્યથા ઉત્કટુક આસન દ્વારા રાત્રિ વ્યતીત કરીશ એ સાતમી પ્રતિજ્ઞા.*

*આ સાતમાંથી કોઈપણ પ્રતિજ્ઞા સ્વીકારે આદિ* पिण्डैषणा *મુજબ જાણો.*

● વિવેચન :-

તે ભિક્ષુ ધર્મશાળાદિમાં અવગ્રહ ગ્રહણ કરીને ત્યાં રહેતા ગૃહસ્થો આદિ પૂર્વે બતાવેલ અને હવે પછી બતાવનારા કર્મોપાદાનના કારણોનો ત્યાગ કરીને અવગ્રહ ગ્રહણ કરવાનું જાણે. તે ભિક્ષુ સાત પ્રતિજ્ઞા વડે અવગ્રહ ગ્રહણ કરે. પ્રથમ બે પ્રતિજ્ઞાનો અર્થ સૂત્રાર્થ મુજબ જાણવો. વિશેષ એ કે - પહેલી પ્રતિજ્ઞા સામાન્ય્ છે, બીજી પ્રતિજ્ઞા ગચ્છવાસી ઉદ્યુક્ત વિહારી સાધુને હોય, તેઓ સાંભોગિક કે અસાંભોગિક કોઈપણ માટે અન્યોન્ય વસતિ યાચે.

ત્રીજી પ્રતિજ્ઞામાં બીજા માટે અવગ્રહ યાચના કહી - x - આ પ્રતિજ્ઞા અહાલંદિક સાધુ માટે છે, તે સૂત્ર-અર્થ ભણતા હોવાથી આચાર્ય માટે મકાન છે. ચોથી પ્રતિજ્ઞામાં - x - બીજાએ યાચેલ અવગ્રહમાં રહેવાનું કથન છે. આ અભિગ્રહ ગચ્છમાં રહી અભ્યુદ્યત વિહારી જિનકલ્પાદિ માટે અભ્યાસ કરનાર માટે છે. પાંચમી પ્રતિજ્ઞા - x - જિનકલ્પીની છે. છટ્ઠી પ્રતિજ્ઞા - x - x - જિનકલ્પી આદિની છે. સાતમી પણ એ જ પ્રમાણે છે. બાકીનું આત્મોત્કર્ષ વર્જનાદિ પિંડ-એષણાવત્ જાણવું.

● સૂત્ર-૪૯૬ :-

*મેં સાંભળેલ છે કે આયુષ્યમાન્ ભગવંતે આમ કહ્યું છે, અહીં સ્થવિર ભગવંતે પાંચ પ્રકારના અવગ્રહ કહ્યા છે. દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, સાગારિક અને સાધર્મિકનો. આ સાધુ-સાધ્વીનો સમગ્ર આચાર છે.*

● વિવેચન :- સૂત્રાર્થ મુજબ જ જાણવું.

ચૂલિકા-૧, અધ્યયન-૭ ''અવગ્રહપ્રતિમા'' ઉદ્દેશા-૨નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

**૦ ચૂલિકા-૧, અધ્યયન-૭ નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦**

- x - x - x - x - x - x -

**૦ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦**



## ૦ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૨ ''સાત સપ્તિકા'' ૦

૦ સાતમું અધ્યયન કહ્યું, તે કહેતા પ્રથમ ચૂલા કહી. હવે બીજી ચૂલિકા કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ચૂલા-૧માં વસતિ અવગ્રહ બતાવ્યો. તેમાં કેવા સ્થાનમાં કાયોત્સર્ગ, સ્વાધ્યાય, મળ-મૂળ ત્યાગ આદિ કરવો તે બતાવવા આ બીજી ચૂડા-ચૂલિકા છે. આ ચૂલામાં સાત અધ્યયન છે, તે નિર્યુક્તિકાર બતાવે છે—

## 卐 ચૂલિકા-૨, અધ્યયન-૧ ''સ્થાનસપ્તિકા'' 卐

[નિ.૩૨૩] આ ચૂલિકાના સાતે અધ્યયનોમાં ઉદ્દેશા નથી. તેમાં પહેલું અધ્યયન સ્થાન નામે છે, તેની વ્યાખ્યા કરે છે.

આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે - સાધુએ કેવા સ્થાનમાં આશ્રય લેવો, નામ નિષ્પન્ન નિક્ષેપામાં સ્થાન એ નામ છે, તેના નામાદિ ચાર નિક્ષેપા છે. તેમાં અહીં દ્રવ્યને આશ્રીને ઉર્ધ્વસ્થાન વડે અધિકાર છે, તે નિર્યુક્તિકાર કહે છે.

બીજું અધ્યયન નિશીથિકા છે, તેનો નિક્ષેપ છ પ્રકારે છે, તે તેના સ્થાનમાં કહીશું.

● સૂત્ર-૪૯૭ :-

*સાધુ-સાધ્વી કોઈ સ્થાનમાં રહેવા ઇચ્છે તો ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશીને જે સ્થાનને જાણે કે - તે સ્થાન ઇંડા - યાવત્ કરોળીયાના જાળાથી યુક્ત છે, તે પ્રકારના સ્થાનને અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે. શેષ વર્ણન જલોત્પન્ન કંદ પર્યન્ત શય્યા અધ્યયન સમાન જાણવું.*

*સાધુઓએ સ્થાનના દોષો ત્યાગી ચાર પ્રતિજ્ઞાઓનો આશ્રય લઈ કોઈ સ્થાનમાં રહેવાની ઇચ્છા કરવી તે પ્રતિજ્ઞા આ પ્રમાણે—*

*૧. હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત દિવાલાદિનો સહારો લઈશ હાથ-પગનું આકુંચન-પ્રસારણ કરીશ, મર્યાદિત ભૂમિમાં ભ્રમણ કરીશ.*

*૨. હું અચિત્ત સ્થાનમાં રહીશ, કાયાથી અચિત્ત દિવાલાદિનો સહારો લઈશ, હાથ-પગનું પ્રસારણાદિ કરીશ, પણ ભ્રમણ નહીં કરું.*

*3. હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત દિવાલાદિનો સહારો લઈશ નહીં. હાથ-પગનું સંકોચન-પ્રસારણ કરીશ પણ ભ્રમણ નહીં કરું.*

*૪. હું અચિત્ત સ્થાનમાં રહીશ પણ દિવાલાદિનું અવલંબન, હાથ-પગનું પ્રસારણાદિ કે મર્યાદિત ભૂમિમાં ભ્રમણ નહીં કરું.*

*તથા કાયોત્સર્ગ દ્વારા શરીરનો સારી રીતે નિરોધ કરીશ, કાયાનું મમત્વ તજીશ. કેશ-દાઢી-નખ-મૂછને વોસિરાવી દઈશ, એ રીતે એક સ્થાને રહીશ.*

***આ ચારમાંથી કોઈ એક પ્રતિજ્ઞાને સ્વીકારીને યાવત્ બધાં પ્રત્યે સમાન ભાવ રાખી વિચરીશ. કોઈને કંઈ કહીશ નહીં.***

***એ જ સાધુ-સાધ્વીનો સમગ્ર આચાર છે, તેનું પાલન કરી સંયમમાં યતના રાખે.***

**● વિવેચન :-**

પૂર્વોક્ત ભિક્ષુ જો સ્થાનમાં રહેવા ઇચ્છે તો તે ગ્રામાદિમાં પ્રવેશ કરે, પ્રવેશીને ઉર્ધ્વસ્થાનાદિ અર્થે સ્થાનને શોધે. તે જો ઇંડા યાવત્ કરોળીયાના જાળાવાળું અપ્રાસુક મળે તો પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે એ પ્રમાણે બીજા પણ સૂત્રો ''શય્યા'' માફક સમજી લેવા. - x -

હવે પ્રતિજ્ઞાને આશ્રીને કહે છે, પૂર્વોક્ત અને હવે પછી કહેવાનાર દોષવાળા સ્થાનો છોડીને ચાર અભિગ્રહ વિશેષને ક્રમથી કહે છે—

પહેલી પ્રતિજ્ઞા - કોઈ ભિક્ષુ એવો અભિગ્રહ લે કે હું અચિત્ત સ્થાને રહીશ તથા કાયા વડે અચિત્ત ભીંત આદિનો ટેકો લઈશ, પરિસ્પન્દ - હાથ-પગનું આકુંચનાદિ કરીશ, ત્યાં જ થોડા પગલા વિહરવા રૂપ સ્થાનનો આશ્રય કરીશ.

બીજી પ્રતિજ્ઞામાં આકુંચન, પ્રસારણ આદિ ક્રિયા કરીશ ટેકો લઈશ પણ પાદ વિહરણ નહીં કરું.

ત્રીજી પ્રતિજ્ઞામાં આકુંચન પ્રસારણ કરીશ પણ પાદ વિહરણ કે ટેકો લેવાનું નહીં કરું.

ચોથીમાં આ ત્રણે નહીં કરું. ચોથી પ્રતિજ્ઞાધારક સાધુ આવો થાય—

પરિમિત કાલ માટે કાયાના મમત્વનો ત્યાગી, પોતાના વાળ, દાઢી-મૂછ, રોમ, નખ આદિના મમત્વનો ત્યાગી, સમ્યક્ નિરુદ્ધ સ્થાને રહીને કાયોત્સર્ગ કરતા મેરુ વત્ નિષ્પ્રકંપ બને.

કોઈ તેના વાળ વગેરે ખેંચે તો પણ સ્થાનથી ચલિત ન થાય. અન્ય પ્રતિમાધારીને હલકો ન માને, પોતે અહંકારી ન બને કે તેવા કોઈ વચન ન બોલે.

**ચૂલિકા-૨, સપ્તિકા-૧ ''સ્થાન''નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૨ ''નિષિધિકા'' 卐

૦ પહેલી કહીને હવે બીજી સપ્તિકા કહે છે. સંબંધ આ રીતે - પૂર્વની [સપ્તિકા] અધ્યયનમાં 'સ્થાન' બતાવ્યું. તે કેવું હોય તો સ્વાધ્યાય યોગ્ય થાય ? તે સ્વાધ્યાય ભૂમિમાં શું કરવું ? શું ન કરવું ? આ સંબંધે આ અધ્યયન આવેલું છે. એના ચાર અનુયોગદ્વાર છે. તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપે ''નિષિથિકા'' એવું નામ છે, તેના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ છ પ્રકારે નિક્ષેપા છે. નામ, સ્થાપના પૂર્વવત્ છે. દ્રવ્ય નિષીથનો આગમથી જ્ઞ શરીર ભવ્યશરીર છોડીને જે દ્રવ્ય પ્રચ્છન્ન હોય તે છે. ક્ષેત્ર નિશીથ તે બ્રહ્મલોકના રિષ્ઠ વિમાનની પાસે કૃષ્ણરાજીઓ જે ક્ષેત્રમાં છે તે, કાળનિશીથ તે કૃષ્ણ રાત્રિ અથવા જે કાળ નિશીથનું વર્ણન ચાલે તે, ભાવનિશીથ તે નોઆગમથી આ અધ્યયન કેમકે તે આગમનો એક દેશ છે.

**● સૂત્ર-૪૯૮ :-**

***તે સાધુ-સાધ્વી પ્રાસુક સ્વાધ્યાય ભૂમિમાં જવા ઇચ્છે અને તે નિષિથિકા [સ્વાધ્યાય ભૂમિ] ને જાણે કે તે જીવજંતુ યુક્ત છે તો તેવી ભૂમિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. પણ જો તે પ્રાણ, બીજ યાવત્ જાળા વગરની ભૂમિ જાણે તો પ્રાસુક સમજી ગ્રહણ કરે. ઇત્યાદિ શય્યા અધ્યયન મુજબ*** उदगप्रसूत ***પર્યન્ત જાણી લેવું.***

***સ્વાધ્યાય ભૂમિમાં બે ત્રણ ચાર કે પાંચના સમુહમાં સાધુઓ જવા ઇચ્છે તો, ત્યાં પરસ્પર કાયાને આલિંગન આદિ તથા ચુંબન કે દાંત અને નખથી છેદન ન કરે. આ સાધુ સાધ્વીનો આચાર છે. જે સર્વ અર્થથી સહિત થઈ, સમિત થઈ, સદા પ્રયત્નપૂર્વક પાળે અને પોતાના માટે શ્રેયસ્કર માને.***

***તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તે ભાવભિક્ષુ જો વસતિની અયોગ્યતાને લીધે બીજી સ્વાધ્યાય ભૂમિમાં જવા ઇચ્છે, તે ભૂમિ જો જીવજંતુ યુક્ત જાણે તો અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે ઇત્યાદિ - x - x - શય્યા અધ્યયન મુજબ જાણવું.

ત્યાં જઈને શું કરે ? તે વિધિ કહે છે - ત્યાં બે, ત્રણ કે વધુ સાધુ જાય પછી પરસ્પર ગાત્ર સંસ્પર્શ ન કરે, જેનાથી મોહ ઉદય પામે તેવી ચેષ્ટા ન કરે, કંદર્પપ્રધાન ઓષ્ઠ ચુંબનાદિ ક્રિયા ન કરે. એ તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે કે પરલોકના પ્રયોજન વડે યુક્ત તથા પાંચ સમિતિથી જીવનપર્યન્ત સંયમ અનુષ્ઠાનમાં યત્ન કરે અને એ જ શ્રેયસ્કર છે તેમ માને. એ પ્રમાણે હું કહું છું.

**ચૂલિકા-૨, સપ્તિકા-૨ ''નિષિધિકા'' ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૩ - "ઉચ્ચારપ્રસ્રવણ" 卐

૦ હવે ત્રીજી સપ્તિકા કહીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વે 'નિષીધિકા' બતાવી. ત્યાં કેવી ભૂમિ ઉપર સ્થંડીલ, માત્રુ કરવું તે બતાવે છે. નામ નિષ્પન્ન નિક્ષેપે 'ઉચ્ચારપ્રસ્રવણ' નામ છે. તેનો નિરુક્તિ અર્થ નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૨૪-] ઉચ્ચાર એટલે શરીરમાંથી પ્રબળતા થકી દૂર કરે કે મેલ સાફ કરે તે અર્થાત વિષ્ઠા તથા પ્રકર્ષથી શ્રવે તે-મૂત્ર કે એકિકા. આ બંને કઈ રીતે કરે તો સ્થંડિલ શુદ્ધિ થાય ? તે હવેની ગાથામાં કહે છે—

[નિ.૩૨૫-] છ જીવનિકાયના રક્ષણ માટે ઉઘત-સાધુ હવે કહેવાતા સ્થંડિલમાં અપ્રમત્તપણે ઉચ્ચાર-પ્રશ્રવણ કરે. - x - હવે સૂત્ર કહે છે.

● સૂત્ર-૪૯૯ :-

*તે સાધુ-સાધ્વી મળ-મૂત્રની તીવ્ર બાધા ઉત્પન્ન થાય ત્યારે પોતા પાસે પાદપ્રૌંછનક ન હોય તો બીજા સાધુ પાસે માંગી મળ-મૂત્ર ત્યાગે.*

*સાધુ-સાધ્વી જો જીવજંતુવાળી આદિ ભૂમિ જાણે તો યાવત્ તેવી ભૂમિમાં મળ-મૂત્ર વિસર્જન ન કરે. પણ સાધુ-સાધ્વી એમ જાણે કે આ સ્થંડિલ ભૂમિ જીવજંતુ આદિથી રહિત છે તો તે ભૂમિમાં મળમૂત્ર ત્યાગે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે - આ સ્થંડિલભૂમિ કોઈ ગૃહસ્થે એક સાધુને ઉદ્દેશીને અથવા અનેક સાધુ એક સાધ્વી કે અનેક સાધ્વીને ઉદ્દેશીને અથવા ઘણાં શ્રમણાદિને ગણી ગણીને તેમને આશ્રીને પ્રાણિ આદિનો સમારંભ કરીને યાવત્ બનાવેલી છે, તો તેવી સ્થંડિલ ભૂમિ પુરુષાંતરકૃત્ યાવત્ બહાર કાઢેલી કે ન કાઢેલી હોય કે અન્ય તેવા કોઈ દોષથી યુક્ત હોય તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*સાધુ-સાધ્વી એવી સ્થંડિલ ભૂમિને જાણે કે જે ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, વનીપક, અતિથિને ઉદ્દેશીને પ્રાણ-ભૂત-જીવ-સત્વનો આરંભ કરી યાવત્ બનાવી છે, તે ભૂમિ પુરુષાંતરકૃત્ યાવત્ કામમાં લેવાઈ નથી તો તે કે તેવા પ્રકારની અન્ય ભૂમિમાં મળ-મૂત્ર ત્યાગ ન કરે. પણ જો એમ જાણે કે પુરુષાંતરકૃત્ યાવત્ ઉપભૂક્ત છે તો ત્યાં મળ-મૂત્ર ત્યાગે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે તે ભૂમિ સાધુ માટે કરેલ, કરાવેલ, ઉધાર લીધેલ, છત કરેલ, ઘસેલ, કોમળ કરેલ, લિંપેલ, ધૂપેલ કે અન્ય કોઈ આરંભ કરેલ છે તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*સાધુ-સાધ્વી જાણે કે ગૃહસ્થ અથવા તેના પુત્રો કંદ યાવત્ વનસ્પતિને અંદરથી બહાર અને બહારથી અંદર લઈ જાય છે તો તેવી કે તેવા અન્ય પ્રકારની ભૂમિમાં મળ-મૂત્ર ન ત્યાગે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે તે સ્થંડિલ ભૂમિ પીઠ, મંચ, માળા, અગાસી કે પ્રાસાદ પર છે તો તે ભૂમિમાં યાવત્ મળમૂત્ર ન ત્યાગે.*





*સાધુ-સાધ્વી સચિત્ત-સ્નિગ્ધ-સરજસ્ક પૃથ્વી પર, સચિત્ત શિલા-ઢેફું-ઉધઈવાળા કાષ્ઠ કે જીવ પ્રતિષ્ઠિત ભૂમિ યાવત્ કરોળીયાના જાળાવાળી ભૂમિ પર કે તેવી અન્ય ભૂમિ પર મળ-મૂત્ર ન ત્યાગે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કદાચ મળ-મૂત્ર કરવા પ્રબળતાથી પીડાતો હોય તો પોતાના પાદપ્રૌંછનક [પાત્રક, માત્રક] માં સમાધિ માટે મળ-મૂત્ર કરે પણ પોતાના ન હોય તો બીજા સાધુ પાસે યાચે, પ્રતિલેખના કરી - x - સમાધિ પામી મળ-મૂત્ર ત્યાગે. એમ કહીને મળ-મૂત્ર ન રોકવા કહ્યું.

વૃત્તિનું શેષ સર્વ કથન સૂત્રાર્થ અનુસારે જાણવું.

● સૂત્ર-૫૦૦ :-

*સાધુ-સાધ્વી એવી સ્થંડિલ ભૂમિને જાણે કે ગૃહસ્થ કે તેના પુત્રોએ—*

*(૧) કંદ યાવત્ બીજને અહીં ફેંક્યા છે, ફેંકે છે કે ફેંકશે તો તેવી કે તેવા પ્રકારની બીજી ભૂમિમાં મળ-મૂત્રનો ત્યાગ ન કરે.*

*(૨) શાલી, ઘઉં, મગ, અડદ, કુલત્થા, જવ, જવારા આદિ વાવ્યા છે, વાવે છે કે વાવશે તો તેવી ભૂમિમાં મળ-મૂત્ર ત્યાગ ન કરે.*

*(૩) સાધુ-સાધ્વી જાણે કે આ સ્થંડિલ ભૂમિ પર ઉકરડો છે, ઘણી ફાટેલી કે પોલી જમીન છે, ઠુંઠા કે ખીલા ગાડેલા છે, કિલ્લો છે, ઉંચી-નીચી ભૂમિ છે ત્યાં તેમજ તેવા પ્રકારની અન્ય ભૂમિમાં મળ-મૂત્ર ન ત્યાગે.*

*(૪) જ્યાં મનુષ્યને રાંધવાના સ્થાન હોય, ભેંસ-બળદ-અશ્વ-કુકડા-મરઘા-લાવક-બતક-તેતર-કબૂતર-કપિંજલના સ્થાન છે, તો તે કે તેવા અન્ય પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર ન ત્યાગે.*

*(૫) જ્યાં વેહાયસ, ગૃદ્ધપૃષ્ઠ, વૃક્ષપતન, પર્વતપતન, વિષભક્ષણ, અગ્નિપતન કે તેવા અન્ય પ્રકારના મૃત્યુ સ્થાન હોય ત્યાં મળાદિ ન ત્યાગે.*

*(૬) જ્યાં બગીચો, ઉધાન, વન, વનખંડ, દેવકુલ, સભા કે પરબ હોય ત્યાં કે તેવા અન્ય સ્થાનમાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*(૭) જ્યાં અટારી, કિલ્લા અને નગરની વચ્ચેનો માર્ગ, દ્વાર, ગોપુર કે અન્ય તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*(૮) જ્યાં ત્રણ કે ચાર માર્ગ મળતા હોય, ચોરો-ચૌટો કે ચતુર્મુખાદિ હોય, તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળત્યાગ ન કરે.*
*[આચારાંગ ચૂર્ણિ માં અહીં દક્માર્ગ, દક્પથ ઇત્યાદિ શબ્દો પણ છે.]*

*જ્યાં કોલસા પાડવાની, સાજીખાર પકવવાની, મૃતકને બાળવાની, મૃતકની સ્તૂપિકા, મૃતક ચૈત્યની કે તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ ન કરે.*

*જ્યાં નદીના તટસ્થાન, કાદવના સ્થાન, પવિત્ર જલપ્રવાહસ્થાન પાણીની ક્યારીઓ કે તેવા પ્રકારના અન્ય સ્થાને મળ-મૂત્ર ન ત્યાગે.*

*જ્યાં માટીની નવી ખાણ, નવી ગોચરભૂમિ, નવી ચરગાહ, ખાણ કે તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ મળ ત્યાગ ન કરે.*

*જ્યાં ડાળ પ્રધાન શાકના ક્ષેત્ર, પાન પ્રધાન ભાજીના ક્ષેત્ર, ગાજરના ક્ષેત્ર, હસ્તાંકુર વનસ્પતિ કે તેવી અન્ય ભૂમિમાં મળત્યાગ ન કરે.*

*અશન-શણ-ધાવડી-કેતકી-આમ્ર-અશોક-નાગ-પુન્નાગ-કે-ચુલક વનમાં કે તેવા અન્ય પત્ર-પુષ્પ-ફળ-બીજ કે વનસ્પતિયુક્ત સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનું વિસર્જન ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ એવા પ્રકારની સ્થંડિલ ભૂમિ જાણે કે જ્યાં ગૃહપતિ આદિ કંદ-બીજાદિ ફેંકવાની ક્રિયા ત્રણે કાળમાં કરતા હોય ત્યાં આ લોક પરલોકના અપાયના ભયથી ઉચ્ચારાદિ ન કરે. તથા જ્યાં શાલિ આદિ વાવ્યા હોય, વાવતા હોય કે વાવે ત્યાં પણ મળ વિસર્જન ન કરે. વળી - x - કચરાના ઢગ, ઘાસ, સૂક્ષ્મ ભૂમિરાજી, પિચ્છલ, ઠુંઠા, કડચ, મોટી ખાડ, દરી, પ્રદુર્ગ આદિ સ્થાન સમ કે વિષમ હોય ત્યાં આત્મ વિરાધના કે સંયમ વિરાધનાના સંભવથી મળાદિ ન તજે.

વળી તે ભિક્ષુ - x - ચુલ્લા હોય, ભેંસાદિ માટેનું ભોજન થતું હોય કે તે જ્યાં રખાતા હોય ત્યાં લોક વિરુદ્ધ, પ્રવચન ઉપઘાતાદિ ભયથી મળ-મૂત્ર ત્યાગ ન કરે. તથા જ્યાં લોકો ફાંસો ખાઈને મરતા હોય, ગીધ આદિના ભક્ષણ માટે લોહી વ્યાપ્ત શરીરે સુતા હોય, ઝાડ માફક સ્થિર થઈ અનશન વડે ઉભા રહેતા હોય કે ઝાડ અથવા પર્વતથી પડતા હોય, વિષભક્ષણ કે અગ્નિ પ્રવેશ સ્થાન હોય ત્યાં મળત્યાગ ન કરે.

એ રીતે બગીચાના દેવકૂલ આદિ, અટ્ટાલિકાદિ, ત્રિક ચતુષ્ક આદિ, સ્મશાનાદિ સ્થાને ભિક્ષુ મળ-મૂત્રાદિ ત્યાગ ન કરે

વળી જ્યાં તીર્થસ્થાને લોકો પુણ્યાદિ અર્થે સ્નાનાદિ કરતા હોય, પંકિલ પ્રદેશે લોકો ધર્માર્થે આળોટતા હોય, પરંપરાથી જે પવિત્ર સ્થાન મનાતા હોય કે તળાવના જળમાં પ્રવેશવાનો માર્ગ હોય, પાણીની નીક હોય ત્યાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર ત્યાગ ન કરે. શેષ કથન સૂત્રાર્થ મુજબ જાણવું. સ્થંડિલ કઈ રીતે જાય ?

● સૂત્ર-૫૦૧ :-

*તે સાધુ-સાધ્વી સ્વપાત્ર કે પરપાત્ર લઈને એકાંત સ્થાનમાં જાય જ્યાં કોઈનું આવાગમન ન હોય, કોઈ જોતું ન હોય, પ્રાણી કે કરોળીયાના જાળા ન હોય એવા બગીચા કે ઉપાશ્રયમાં જઈને યતનાપૂર્વક મળમૂત્ર વિસર્જન કરે. ત્યારપછી તે પાત્ર લઈને જ્યાં કોઈ જોતું ન હોય યાવત્ આવાગમન ન હોય તેવા એકાંત સ્થાનમાં જઈને તેવા બગીચા કે દગ્ધ સ્થંડિલ ભૂમિ કે તેવી અન્ય અચિત્ત સ્થંડિલ ભૂમિમાં યતનાપૂર્વક મળ-મૂત્ર વોસિરાવે.*

*આ તે સાધુનો આચાર છે, તેને સદા પાળે.*



● વિવેચન :-

તે ભિક્ષુ પોતાના કે બીજાના પાત્રકને ગ્રહણ કરીને જ્યાં કોઈ જોતું ન હોય કે આવાગમન ન હોય ત્યાં જઈ મળ-મૂત્ર પરઠવે ઇત્યાદિ.

**ચૂલિકા-૨, સપ્તિકા-૩ "ઉચ્ચાર પ્રસ્રવણ" ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૪ "શબ્દસપ્તક" 卐

૦ ત્રીજી સપ્તિકા પછી ચોથા સપ્તકને કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે પહેલીમાં 'સ્થાન', બીજીમાં 'સ્વાધ્યાયભૂમિ' ત્રીજીમાં ઉચ્ચારાદિ વિધિ કહી. તે ત્રણેમાં રહેલ સાધુ જે અનુકૂળ પ્રતિકૂળ શબ્દો સાંભળે તો તેમાં રાગદ્વેષ ન કરે. આ સંબંધથી આવેલ આ સપ્તક [-અધ્યયન] નું નામ નિષ્પન્ન નિક્ષેપે શબ્દસપ્તક એવું નામ છે. તેના નામ-સ્થાપનાને છોડીને દ્રવ્ય નિક્ષેપ દર્શાવવા નિર્યુક્તિકાર ગાથાર્ધ જણાવે છે.

[નિ.૩૨૬-] નોઆગમથી દ્રવ્ય વ્યતિરિક્તમાં શબ્દપણે જે ભાષા દ્રવ્યો પરિણત થયા છે, તે અહીં લેવા, ભાવશબ્દ એટલે આગમથી શબ્દમાં ઉપયોગ હોય અને નોઆગમથી અહિંસાદિ લક્ષણ જાણવું કેમકે હિંસા, જૂઠ આદિથી વિરતિ લક્ષણ-ગુણોથી પ્રશંસા પામે છે. કીર્તિ તે જેમકે ભગવંત ૩૪ અતિશયોથી યુક્ત અધિકરૂપ સંપદ પામતા લોકમાં અર્હન્ એવી ખ્યાતિ પામે તે છે. હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે.

● સૂત્ર-૫૦૨ :-

*સાધુ-સાધ્વી મૃદંગ, નંદી, ઝલ્લરી કે તેવા કોઈ પ્રકારના શબ્દોને તથા વિતત આદિ શબ્દોને કાનથી સાંભળવાના ઉદ્દેશથી જવાનો વિચાર પણ ન કરે. સાધુ-સાધ્વી કાનમાં પડતા શબ્દોને સાંભળે છે. જેવા કે - વીણા, સિતાર, શરણાઈ, તુનક, ઢોલ, તંબૂરો, ઢંકુણ કે તેવા અન્ય તત. આ શબ્દોને સાંભળવા તે સ્થાને જવા ન વિચારે.*

*સાધુ-સાધ્વીને કાનમાં પડતા શબ્દો જેવા કે - તાલ, કંસતાલ, મંજિરા, ગોધિકા, વાંસની ખપાટનું વાજિંત્ર તથા તેવા પ્રકારના બીજા શબ્દો. આ શબ્દો સાંભળવાની ઇચ્છાથી ત્યાં જવા ન વિચારે. એ જ રીતે શંખ, વેણુ, વાંસડી, ખરમુખી, પિરિપિરિકાના શબ્દો કે તેવા બીજા શુષિર શબ્દો થતાં હોય ત્યાં સાંભળવાની ઇચ્છાથી સાધુ-સાધ્વી ન જાય.*

● વિવેચન :-

તે ભિક્ષુ જો વિતત, તત, ઘન, શુષિરરૂપ ચાર પ્રકારના શબ્દોને સાંભળે, તો તે સાંભળવાની ઇચ્છાથી તે તરફ ન જાય. શેષ વૃત્તિ કથન સૂત્રાર્થમાં નોંધ્યા મુજબ જાણવું. આ ચાર સૂત્રનો સમુદિત અર્થ છે.

● સૂત્ર-૫૦૩ :-

*સાધુ-સાધ્વી નીચે મુજબના કોઈ શબ્દ સાંભળે તો ત્યાં જવા ન વિચારે—*

*(૧) ક્યારી, ખાઈ, સરોવર, સાગર, સરોવર પંક્તિ કે તેવા અન્ય શબ્દો. કે અન્ય તેવા પ્રકારના કલકલ શબ્દો. (૨) જળાશય, ગુફા, ગહન ઝાડી, વન, વનદુર્ગ, પર્વત, પર્વત દુર્ગ કે તેવા પ્રકારના અન્ય સ્થળોમાં થતાં શબ્દો. (૩) ગામ, નગર, રાજધાની, આશ્રમ, પટ્ટણ, સંનિવેશ કે તેવા પ્રકારના અન્ય સ્થાનોમાં થતા શબ્દો. (૪) આરામ, ઉધાન, વન, વનખંડ, દેવકુલ, સભા, પાણીની પરબ કે તેવા બીજા સ્થાને થતાં શબ્દો.*

*(૫) અગાસી, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર કે તેવા વિવિધ સ્થાનોમાં થતા શબ્દો. (૬) ત્રિક, ચતુષ્ક, ચૌટા, ચતુર્મુખ કે તેવા અન્ય સ્થાનોમાં થતા શબ્દો. (૭) ભેંસ, બળદ, અશ્વ, હાથી યાવત્ કપિંજલના સ્થાન કે અન્ય તેવા પ્રકારના સ્થાને થતાં શબ્દો. (૮) ભેંસોનું યુદ્ધ યાવત્ કપિંજલનું યુદ્ધ સ્થાન કે તેવા અન્ય સ્થાને થતાં શબ્દો. (૯) લગ્નાદિના ગીતો તથા અશ્વ કે હસ્તિયુગલ સ્થાનો કે તેવા અન્ય સ્થાનોમાં થતાં શબ્દો.*

*ઉક્ત શબ્દોને સાંભલવાની ઇચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કદાચ કોઈપણ જાતના શબ્દોને સાંભળે, જેવા કે - વપ્ર એટલે ક્યારા વગેરેના શબ્દો, ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.

● સૂત્ર-૫૦૪ :-

*સાધુ-સાધ્વી હવે કહેવાનાર શબ્દો સાંભળી, ત્યાં જવા ન વિચારે.*

*(૧) કથા-કથન, તોલ-માપ, ઘોડા-દોડ, મહાન્ નૃત્ય-ગીત - વાજીંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-તુરી આદિના શબ્દો થતાં હોય તેવા સ્થાનો.*

*(૨) ઝઘડો, બળવાના શબ્દો, રાષ્ટ્રનો વિપ્લવ, બે રાજ્યના વિરોધથી થતાં શબ્દો, ઉપદ્રવના શબ્દો, બે રાજ્યોની યુદ્ધ ભૂમિના શબ્દો કે અન્ય તેવા પ્રકારના સ્થળે થતાં શબ્દો.*

*(૩) વસ્ત્રાભૂષણોથી અલંકૃત્, ઘણાં લોકોથી ઘેરાયેલી નાની બાલિકાને લઈ જવાતી જોઈને કે કોઈ એક પુરુષને વધ માટે લઈ જવાતો જોઈને કે અન્ય તેવા પ્રકારની કોઈ યાત્રાદિના થતાં શબ્દો.*

*(૪) વિવિધ પ્રકારના મહાશ્રવના સ્થાનો જેવા કે ઘણાં - ગાડી, રથો, મ્લેચ્છો, સીમાવર્તી લોકો તથા તેવા બીજા આશ્રવ સ્થાનોના શબ્દો.*

*(૫) વિવિધ પ્રકારના ઉત્સવો કે જ્યાં સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો, બાળકો કે તરુણો આભૂષણોથી વિભૂષિત થઈ ગાતા-વગાડતા-નાચતા-હસતા-રમતા-ક્રીડા કરતા-વિપુલ અશનાદિ ખાતાં કે વહેંચતા, આપ-લે કરતા, સાંભળતા કે તેવા પ્રકારના મહોત્સવમાં થતાં શબ્દો.*

*ઉક્ત શબ્દો સાંભળવા જવાનો સાધુ મનમાં પણ સંકલ્પ ન કરે.*



*સાધુ-સાધ્વી આ લોક કે પરલોક સંબંધી, શ્રુત કે અશ્રુત, દૃષ્ટ કે અદૃષ્ટ, ઇષ્ટ કે કાંત શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે. મોહિત ન થાય કે લોલુપતા ધારણ ન કરે, તે સાધુનો સમગ્ર આચાર છે, તેને પાળે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કથાનક સ્થાનો તથા પ્રસ્થકાદિ માન, નારાચાદિ ઉન્માન અથવા માનોન્માન તે અશ્વાદિના વેગની પરીક્ષા, તે સ્થાનો તથા મોટા અવાજે થતાં નૃત્યાદિના સ્થાનો સાંભળવાની ઇચ્છાથી ન જાય. - x - x - ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.

વિશેષ એ કે - મહા આશ્રવ સ્થાન અર્થાત્ પાપ ઉપાદાનના સ્થાનો.

ઉક્ત બધાં સ્થાને શ્રવણની ઇચ્છાથી ન જાય, તે બધાંના ઉપસંહાર અર્થે કહે છે - તે ભિક્ષુ આલોક-પરલોકના ભયથી ડરેલ. આ લોક એટલે મનુષ્યાદિ કૃત્, પરલોક-પરમાધામી કૃત્. ઇત્યાદિમાં તે રાગાદિ ન કરે ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. આ બધામાં સર્વત્ર આ દોષ છે—

જો તેમ ઇન્દ્રિયોને કબ્જામાં ન રાખી શબ્દો સાંભળવા જાય તો સ્વાધ્યાયાદિ ન થાય, તથા રાગ-દ્વેષ સંભવે છે. આ પ્રમાણે બીજા પણ આલોક પરલોક સંબંધી દુઃખો જાણીને સ્વબુદ્ધિથી વિચારવા.

**ચૂલિકા-૨, સપ્તિકા-૪ ''શબ્દ'' ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૫ ''રૂપ'' 卐

૦ ચોથા સપ્તક પછી પાંચમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - આ પૂર્વે શ્રવણ ઇન્દ્રિયને આશ્રીને રાગ-દ્વેષની ઉત્પત્તિનો નિષેધ કર્યો. તેમ અહીં ચક્ષુઇન્દ્રિય આશ્રીને નિષેધે છે. એ સંબંધથી આવેલ આ અધ્યયન [સપ્તક] ના નામ નિષ્પન્ન નિક્ષેપે 'રૂપસપ્તક' નામ છે. તે રૂપના ચાર નિક્ષેપ છે. નામ-સ્થાપના છોડીને દ્રવ્ય ભાવ નિક્ષેપો નિર્યુક્તિકાર અર્ધગાથાથી કહે છે - *[आचारांग चूर्णि માં 'રૂપ'ને ચોથું અને 'શબ્દ'ને પાંચમું સપ્તક કહેલું છે. નિર્યુક્તિ ગાથા બંનેની એક જ છે.]*

**[નિ.૩૨૭]** *નિર્યુક્તિ-૩૨૬ અને ૩૨૭ એક જ છે. ક્રમ ભૂલથી બેવડાયો છે.*

નો આગમથી તદ્દ્રવ્ય વ્યતિરિક્તમાં પરિમંડલાદિ પાંચ સંસ્થાનો છે. ભાવ 'રૂપ' બે પ્રકારે છે. વર્ણથી અને સ્વભાવથી તેમાં વર્ણથી પાંચે વર્ણો છે. સ્વભાવ 'રૂપ' તે અંદરમાં રહેલા ક્રોધાદિથી વશ થઈને ભ્રકુટી ચડાવવી, કપાળમાં સળ પાડી આંખ લાલ કરી અનુચિત વચન બોલવા અને તેથી વિપરીત પ્રસન્ન થઈને રાગના વચન બોલવા. કહ્યું છે કે, ક્રોધીને આંખ લાલ અને પ્રસન્ન થયેલાની કમળ જેવી શ્વેત, દુઃખી જીવની મીંચાયેલા જેવી અને જવા ઇચ્છનારની આંખો ઉત્સુક હોય.

● **સૂત્ર-૫૦૫ :-**

***સાધુ-સાધ્વી કદાચ કોઈ રૂપને જુએ, જેમકે - ગ્રથિત, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ, કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ, મણિકર્મ, દંતકર્મ, પત્રછેદનકર્મ અથવા વિવિધ વેષ્ટિમરૂપ કે તેવા અન્ય પ્રકારના વિવિધ પદાર્થના રૂપોને જોવા માટે જવાનો વિચાર મનથી પણ ન કરે. બાકી બધું 'શબ્દ'ના વિષયમાં જે કહેવાયું છે, તે અહીં પણ સમજી લેવું. તેમાં ચાર આતોદ્ય વાદ્ય ન લેવા.***

● **વિવેચન :-**

તે ભાવ ભિક્ષુ ગૌચરી આદિ કારણે ફરતા વિવિધ પ્રકારના કેટલાંક રૂપો જુએ. જેમકે - ફૂલો વડે ગુંથેલ સ્વસ્તિકાદિ, વસ્ત્રાદિથી બનેલ પુતળી આદિ, અમુક ચીજો પુરીને બનાવેલ પુરુષાદિ આકૃતિ, વસ્ત્રાદિ સીવીને બનાવેલ સંઘાતિમ, રથાદિ કાષ્ઠકર્મ, પુસ્ત-લેપ્ય કર્મ, ચિત્રકર્મ, વિચિત્ર મણિથી નિર્મિત સ્વસ્તિકાદિ, દાંતની પુતળી આદિ, પાંદડા છેદી બનાવેલ ઇત્યાદિ અનેક મનોહર વસ્તુઓ જોઈને આંખો વડે જોવા જવાની ઇચ્છા મનથી પણ ન કરે. એ પ્રમાણે ચાર પ્રકારના વાદ્ય સિવાય બધું શબ્દ સપ્તક મુજબ જાણવું. કેવલ 'શબ્દ'ને બદલે 'રૂપ'ની ઇચ્છાથી એમ સમજવું.

**ચૂલિકા-૨, સપ્તક-૫ ''રૂપ''નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૬ - ''પરક્રિયા'' 卐

૦ હવે પાંચમાં પછી છટ્ઠી સપ્તિકા કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ગત બે અધ્યયનોમાં રાગદ્વેષની ઉત્પત્તિના નિમિત્તોનો પ્રતિષેધ કહ્યો. તે જ વાત અહીં બીજા પ્રકારે કહે છે, તે સંબંધે આવેલ આ અધ્યયનનો નામ નિષ્પન્ન નિક્ષેપે 'પરક્રિયા' એવું આદાનપદ નામ છે. તેમાં 'પર' શબ્દના છ પ્રકારના નિક્ષેપને દર્શાવવા નિર્યુક્તિકાર અડધી ગાથા વડે કહે છે

**[નિ.૩૨૮ અડધી-]** 'પર' શબ્દનો નિક્ષેપ છ પ્રકારે છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યાદિ 'પર' એક-એક છ પ્રકારે છે - તે આ પ્રમાણે—

૧-તત્ પર, ૨-અન્ય પર, ૩-આદેશ પર, ૪-ક્રમ પર, ૫-બહુ પર, ૬-પ્રધાન પર. તેમાં (૧) દ્રવ્ય પર તે જ રૂપે વર્તમાનમાં વિદ્યમાન છે, જેમ એક પરમાણુથી બીજો પરમાણું જુદો છે. (૨) અન્ય પર તે અન્યરૂપે પર છે. જેમકે એક અણુથી બે અણુ-ત્રણ અણુ આદિ. (૩) આદેશ પર - આજ્ઞા કરાય તે આદેશ. જેમકે નોકરાદિને કોઈ કાર્યમાં જોડવા તે. (૪) ક્રમ પર - ચાર પ્રકારે છે - દ્રવ્યથી ક્રમપર એક પ્રદેશિક દ્રવ્યથી બે પ્રદેશિક દ્રવ્ય આદિ, ક્ષેત્રથી ક્રમ પર એકપ્રદેશ-અવગાઢથી દ્વિપ્રદેશાવગાઢ આદિ, કાળથી ક્રમ પર એક સમય સ્થિતિથી બે સમય સ્થિતિ આદિ, ભાવથી ક્રમ પર એક ગુણ કૃષ્ણથી બે ગુણ આદિ.



(૧) બહુ પર - બહુપણે પર એટલે એકથી બીજુ બહુ હોય તે. જેમકે - જીવ સૌથી થોડા છે, તેથી પુદ્‌ગલો અનંતગુણા છે. તેથી સમય, દ્રવ્યના પ્રદેશો અને દ્રવ્યના પર્યાયો અનંત તથા વિશેષાધિક છે. (૬) પ્રધાન પર - બે પગવાળામાં તીર્થંકર, ચોપગામાં સિંહ અને અપદમાં અર્જુન, સુવર્ણ, ફણસાદિ છે આ પ્રમાણે ક્ષેત્ર, કાળ, ભાવ - પર પણ 'તત્ પર' આદિ છ ભેદે સ્વબુદ્ધિએ યોજવા. સામાન્યથી જંબૂદ્વીપ કરતા પુષ્કરાદિ ક્ષેત્ર પર છે, કાળથી વર્ષાકાળથી શરત્‌કાળ, ભાવથી ઔદયિકથી ઔપશમિકાદિ પર છે.

હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહેવું જોઈએ. તે આ પ્રમાણે છે—

● **સૂત્ર-૫૦૬ :-**

***સાધુ-સાધ્વી બીજા દ્વારા પોતા માટે કરાતી કર્મજનક ક્રિયાની ઇચ્છા ન કરે કે બીજા પાસે કહીને પણ ન કરાવે.***

***કદાચ કોઈ ગૃહસ્થ (૧) પગને થોડા કે વધુ સાફ કરે તો મુનિ તે સાફ કરાવવાની ઇચ્છા ન કરે. તેમજ સાફ કરવાનું પણ ન કહે.***

*[આવી કઈ-કઈ પર ક્રિયા છે કે જે મુનિ ઇચ્છે નહીં અને કરાવે પણ નહીં તેનો નિર્દેશ નીચે ક્રમથી કરેલ છે. તે બધામાં ''ન ઇચ્છે - ન કરાવે'' જોડવું.]*

***(૨) કોઈ સાધુના પગ દબાવે કે તેલ આદિથી મર્દન કરે.***

***(૩) કોઈ સાધુના પગને ફૂંક મારવા માટે સ્પર્શે કે રંગે.***

***(૪) કોઈ સાધુના પગને તેલ, ઘી કે ચરબી ચોપડે, મસળે કે મર્દન કરે.***

***(૫) કોઈ સાધુના પગને લોધ્ર, કર્ક, ચૂર્ણ કે વર્ણથી ઉબટન કે લેપ કરે.***

***(૬) કોઈ સાધુના પગને ઠંડા કે ગરમ પાણીથી પખાળે કે ધુવે.***

***(૭) કોઈ સાધુના પગને કોઈ વિલેપન દ્રવ્યથી આલેપન-વિલેપન કરે.***

***(૮) કોઈ સાધુના પગને કોઈ પ્રકારનાં ધૂપથી ધૂપિત કે સુવાસિત કરે.***

***(૯) કોઈ સાધુના પગમાં લાગેલ કાંટાને કાઢે કે શુદ્ધ કરે.***

***(૧૦) કોઈ સાધુના પગમાં લાગેલ લોહી કે પરુ કાઢે કે શુદ્ધ કરે.***

***— આ જ પ્રમાણે હવે કાયાના સંબંધમાં આ સૂત્રો કહે છે. તેમાં પણ કોઈ સાધુની કાયાને.....સાધુ મનથી તે ન ઇચ્છે કે ન બીજાને કહીને કરાવે. એ પ્રમાણે બધામાં સમજી લેવું. તેવા સાત સૂત્રો છે—***

***કાયાને—(૧) થોડી કે વધુ સાફ કરે, (૨) દબાવે કે મર્દન કરે, (૩) તેલ,ઘી આદિ ચોપડે કે મસળે, (૪) લોધ્ર, કર્કાદિથી ઉબટન કે લેપન કરે, (૫) ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધુવે, (૬) વિશિષ્ટ વિલેપનથી આલેપન-વિલેપન કરે, (૭) કોઈ પ્રકારના ધૂપથી ધૂપિત કે સુવાસિત કરે.***

***આજ પ્રમાણે હવે કાયાના ઘાવના સંબંધમાં સાત સૂત્રો છે. તેમાં પણ કોઈ સાધુના શરીરના ઘાવને...સાધુ મનથી ન ઇચ્છે કે બીજાને કહીને ન કરાવે. એ પ્રમાણે સાતે સૂત્રોમાં જોડી દેવું—***

***કાયાના ઘાવને — (૧) થોડા કે વધુ સાફ કરે, (૨) દબાવે કે મર્દન કરે,***

*(૩) તેલ, ઘી આદિ ચોપડે કે મસળે, (૪) લોધ્ર, કર્ક આદિથી ઉબટન કે લેપ કરે. (૫) ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધુવે, (૬) શસ્ત્રથી થોડું કે વધુ છેદન કરે, (૭) શસ્ત્રથી છેદન કરી તેમાંથી લોહી કે પરુ કાઢે.*

*કદાચ કોઈ ગૃહસ્થ સાધુના શરીરમાં થયેલ વ્રણ, ગંડ, અર્શ, પુલક કે ભગંદરને — (૧) થોડું કે વધુ સાફ કરે યાવત્ (૬/૭) શસ્ત્રથી થોડું કે વધુ છેદન કરી લોહી કે પરુ કાઢે [આ છ એ સૂત્રો કાયાના ઘાવ પ્રમાણે છે. માત્ર ૬ અને ૭ સૂત્ર ભેગા છે.] તે સાધુ ન ઇચ્છે કે ન કરાવે.*

*કોઈ ગૃહસ્થ સાધુના શરીરનો મેલ ઉતારે, પરસેવો સાફ કરે તથા આંખ-કાન-દાંત-નખનો મેલ કાઢે કે સાફ કરે તથા લાંબા-વાળ, રોમ, ભ્રમર, કાંખ કે ગુહ્યભાગના વાળ કાપે કે સંવારે, વાળમાંથી જૂ કે લીખ કાઢે કે શોધે તો સાધુ તેવું મનથી ન ઇચ્છે, ન કહીને કરાવે.*

*કોઈ ગૃહસ્થ સાધુને ખોળામાં કે પલંગમાં સુવડાવીને તેના પગને સાફ કરે ઇત્યાદિ સૂત્રો પૂર્વે પગના વિષયમાં કહ્યા મુજબ જાણવા.*

*કોઈ ગૃહસ્થ સાધુને ખોળામાં કે પલંગમાં સુવડાવી હાર, અર્ધહાર, આભરણ, મુગટ, માળાદિ પહેરાવે તેને સાધુ ન ઇચ્છે, ન કહીને કરાવે.*

*કોઈ ગૃહસ્થ સાધુને આરામ કે ઉધાનમાં લઈ જઈને તેના પગને સાફ કરે તો સાધુ તે ઇચ્છે નહીં કે કરાવે નહીં.*

*આ પ્રમાણે સાધુની અન્યોન્ય-પરસ્પર ક્રિયામાં પણ આ સૂત્રો જાણવા.*

● **વિવેચન :-** *[આ સૂત્ર જેવું કથન 'નિશીથ' સૂત્રમાં પણ આવે છે.]*

પર એટલે પોતા સિવાયનું બીજું કોઈ. તેની કાય-વ્યાપાર રૂપ ચેષ્ટા તે ક્રિયા. તે પરક્રિયા કોઈ સાધુ ઉપર કરે તો તે ક્રિયા કર્મબંધનું કારણ જાણીને તેને મનથી પણ ન ઇચ્છે. તેમ વચન કે કાયાથી પણ ન કરાવે. આ પરક્રિયાને ખુલાસાથી સમજાવે છે. સાધુના નિષ્પ્રતિકર્મ શરીરની કોઈ અન્ય [ગૃહસ્થ] ધર્મશ્રદ્ધાથી પગ ઉપર લાગેલી ધૂળ વગેરે દૂર કરે ઇત્યાદિ તેનું સાધુ આસ્વાદન ન કરે કે વચન-કાયાથી પ્રેરણા ન કરે.

શેષ સર્વ કથન સૂત્રાર્થ મુજબ જાણવું. વૃત્તિકારે પણ તેનો સંક્ષેપ જ કર્યો છે. વળી સૂત્રકારે અતિદેશ કરતા કહ્યું છે કે આ રજપ્રમાર્જનાદિ ક્રિયા સાધુએ પરસ્પર પણ ન કરવી. આ પ્રમાણે અન્યોન્યક્રિયા જાણવી.

● **સૂત્ર-૫૦૭ :-**

*કદાચ કોઈ ગૃહસ્થ શુદ્ધ વચનબળ - [વિધા કે મંત્રશક્તિથી] કે અશુદ્ધ વચનબળથી સાધુની ચિકિત્સા કરે અથવા કોઈ ગૃહસ્થ બીમાર સાધુની ચિકિત્સા સચિત્ત કંદ, મૂળ, છાલ કે હરિતકાય ખોદી કાઢીને કે ખોદી કઢાવીને કરવા ઇચ્છે તો સાધુ તેને મન-વચન-કાયાથી ન ઇચ્છે - ન કરાવે. કેમકે આવી કટુ વેદના પ્રાણી, ભૂત, જીવ, સત્વને પહોંચાડેલ વેદનાનું ફળ છે.*

*આ જ સાધુના આચારની પૂર્ણતા છે, તેને સમિતિયુક્ત થઈ પાળે,*



*સંયમમાં યતનાવાન્ બને અને તેમાં જ પોતાનું શ્રેય માને. એમ હું કહું છું.*

● **વિવેચન :-**

કોઈ ગૃહસ્થ તે સાધુને શુદ્ધ કે અશુદ્ધ મંત્રાદિ સામર્થ્યથી રોગ શાંત કરે કે કે બિમાર સાધુની ચિકિત્સાર્થે સચિત્ત કંદ-મૂળાદિ પોતે ખોદીને કે બીજા પાસે ખોદાવીને ચિકિત્સા કરવા ઇચ્છે તેને સાધુ મનથી ન ઇચ્છે પણ આવી ભાવના ભાવે કે - જીવ પૂર્વકૃત્ કર્મના ફળનો ભાગી છે, બીજા પ્રાણીઓને શરીર-મન સંબંધી પીડા આપીને પોતે ફરીથી દુઃખ ભોગવશે કેમકે પ્રાણી, ભૂત, જીવ, સત્વો હાલ પોતાના પૂર્વે કરેલા કર્મોના વિપાકને ભોગવી રહ્યા છે. કહ્યું છે કે—

હે સાધુ ! તારે આ દુઃખવિપાક સહેવો જોઈએ, સંચિત કર્મોનો નાશ થતો નથી. તે સમજીને જે-જે દુઃખ આવે તેને સમ્યક્ રીતે સહન કર. સત્ અસત્નો બીજો વિવેક તારે ક્યાંથી હોય.

ચૂલિકા-૨, સપ્તિકા-૬ ''પરક્રિયા''નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૭ ''અન્યોન્યક્રિયા'' 卐

૦ છટ્ઠા પછી આ સાતમી સપ્તિકા કે અધ્યયન છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૬ માં સામાન્યથી પરક્રિયાનો નિષેધ કર્યો. અહીં ગચ્છનિર્ગતને આશ્રીને અન્યોન્ય ક્રિયા નિષેધે છે. એ સંબંધે આવેલા આ અધ્યયનનું નામનિક્ષેપથી ''અન્યોન્યક્રિયા'' નામ છે. તેમાં અન્યના નિક્ષેપાને માટે નિર્યુક્તિકાર પાછલી અડધી ગાથા કહે છે—

[નિ.૩૨૮ અડધી-] 'અન્ય' શબ્દના નામ આદિ છ પ્રકારે નિક્ષેપ છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય-અન્ય ત્રણ પ્રકારે છે — (૧) તદ્ અન્ય, (૨) અન્ય અન્ય, (૩) આદેશ અન્ય. તેને ''દ્રવ્ય પર'' મુજબ જાણવું. અહીં પરક્રિયા અને અન્યોન્યક્રિયા ગચ્છવાસીને માટે જયણા રાખવી. ગચ્છનિર્ગતને તો તેનું પ્રયોજન નથી તે નિર્યુક્તિકાર દર્શાવે છે.

[નિ.૩૨૯-] યતનાપૂર્વક ગૃહસ્થ જે કરે તેનો અહીં જયણાએ અધિકાર છે. પણ જે નિષ્પ્રતિકર્મ છે તેને માટે તો અન્યોન્ય કરણ અયુક્ત જ છે. સપ્તિકા નિર્યુક્તિ પુરી થઈ. હવે સૂત્ર કહે છે—

● **સૂત્ર-૫૦૮ :-**

*સાધુ-સાધ્વી પરસ્પર પોતાના વિષયમાં કર્મબંધના કારણભૂત કરાતી ક્રિયાને મનથી પણ ન ઈચ્છે, વચન-કાયાથી ન કરાવે.*

*સાધુ પરસ્પર એકબીજા સાધુના પગની પ્રમાર્જનાદિ કરે તો [જેના પગનું પ્રમાર્જન થઈ રહ્યું છે તે] સાધુ મનથી પણ તે ક્રિયાનું આસ્વાદન ન કરે કે વચન-કાયાથી કરવાનું ન કહે. શેષ વર્ણન સપ્તિકા-૬-'પરક્રિયા' અનુસાર જાણવું. આ સાધુ-સાધ્વીના આચારની પૂર્ણતા છે. સમિતિયુક્ત થઈને સાધુએ*

*તેનું પાલન કરી સંયમમાં પરાક્રમ કરવું જોઈએ. તેમ હું કહું છું.*

● **વિવેચન :-**

અન્યોન્ય એટલે પરસ્પર ક્રિયા..પગ વગેરેનું પ્રમાર્જન આદિ બધું પૂર્વે કહેવાયું છે. - x - પોતાને માટે કર્મબંધ કરાવનારી આ ક્રિયાનું આસ્વાદન ન કરવું ઇત્યાદિ પૂર્વવત્ જાણવું - x -

**ચૂલિકા-૨, સપ્તિકા-૭ ‘‘અન્યોન્યક્રિયા’’ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

## સપ્તિકા-૧ થી ૭ રૂપ [અધ્યયન-૮ થી ૧૪] ચૂલિકા બીજીનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ



## ❀ ચૂલિકા-૩ - ‘‘ભાવના’’ ❀

૦ બીજી ચૂલા કહી, હવે ત્રીજી કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે — આ ‘આચાર’ સૂત્રનો વિષય આરંભથી શ્રી વર્ધમાનસ્વામીએ અર્થથી કહ્યો. તેમના ઉપકારીપણાથી તેમની વક્તવ્યતા કહેવા તથા પંચમહાવ્રતધારી સાધુ પિંડ, શય્યા આદિ લેવા તે બતાવ્યુ તેમના મહાવ્રત પાલન માટે ભાવનાઓ બતાવી તે સંબંધથી આ ચૂલા આવેલી છે. તેના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમ અંતર્ગત્ આ અર્થાધિકાર કે અપ્રશસ્ત ભાવના ત્યાગીને પ્રશસ્ત ભાવના ભાવવી.

નામ નિષ્પન્ન નિક્ષેપામાં ‘ભાવના’ એ નામ છે. તેના નામાદિ ચાર પ્રકારે નિક્ષેપ છે. તેમાં નામ સ્થાપના સુગમ છે. દ્રવ્યાદિ નિક્ષેપ માટે નિર્યુક્તિકાર પોતે કહે છે.—

[નિ.૩૩૦-] નોઆગમથી દ્રવ્યભાવના વ્યતિરિક્તમાં જાઈ આદિના ફૂલો રૂપ દ્રવ્યથી તેલ વગેરે દ્રવ્યમાં જે વાસના લાવે તે દ્રવ્ય ભાવના છે. તથા શીતમાં ઉછરેલો શીત સહે, ઉષ્ણવાળો ઉષ્ણતા સહે વ્યાયામ કરનારો કાયકષ્ટ સહે ઇત્યાદિ અન્ય દ્રવ્ય વડે દ્રવ્યની જે ભાવના તે દ્રવ્યભાવના. ભાવસંબંધી પ્રશસ્ત-અપ્રશસ્ત ભેદે બે પ્રકારની છે. તેમાં પ્રથમ અપ્રશસ્તા ભાવભાવનાને આશ્રીને કહે છે—

[નિ.૩૩૧-] જીવહિંસા, મૃષાવાદ, અદત્ત, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ એ નવમાં પ્રથમ શંકાથી અને પછી વારંવાર નિષ્ઠુર થઈને નિઃશંકપણે વર્તે, તે અપ્રશસ્ત ભાવના. કહ્યું છે કે—

જીવહિંસાદિ પાપો પહેલા ડરીને છુપાં કરે છે, પછી તે લોકો કુટેવ ન છુટવાથી અપેક્ષા વિચારી કુયુક્તિ લગાડીને જાહેર પાપ કરે છે, પછી નિઃશંક થઈને લજ્જા છોડીને નવા નવા પાપ કરે છે. પછી પાપના અભ્યાસથી હંમેશાં પાપમાં જ રમણ કરે છે - હવે પ્રશસ્ત ભાવના કહે છે—

[નિ.૩૩૨-] દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વૈરાગ્યાદિમાં જે જેવી પ્રશસ્ત ભાવના છે, તેને પ્રત્યેકને લક્ષણથી કહીશ. દર્શનભાવના કહે છે.

[નિ.૩૩૩-] તીર્થંકર-ભગવંત, પ્રવચન-દ્વાદશાંગ ગણિપિટક તથા પ્રાવચની-આચાર્યાદિ યુગપ્રધાન, અતિશય ઋદ્ધિવાળા - કેવલિ મનઃપર્યવ અવધિજ્ઞાની ચૌદ પૂર્વધર તથા આમર્ષૌષધિ આદિ પ્રાપ્ત ઋદ્ધિ આદિનું બહુમાન કરવા સામે જઈને દર્શન કરવા. તેમના ગુણોની પ્રશંસા કરવી, ગંધ વડે પૂજન, સ્તોત્ર વડે સ્તવના તે દર્શન ભાવના. આ દર્શનભાવના વડે નિરંતર ભાવતા દર્શન શુદ્ધિ થાય છે. - વળી -

[નિ.૩૩૪,૩૩૫-] તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષા-ચારિત્ર, જ્ઞાનોત્પત્તિ, નિર્વાણ ભૂમિ તથા દેવલોકભવન, મેરુપર્વત તથા નંદીશ્વરદ્વીપાદિ, પાતાળ ભવનોમાં જે શાશ્વતા ચૈત્યો-પ્રતિમાઓ છે તેને હું વંદુ છું.

અષ્ટાપદ, ઉજ્જયંતગિરિ, દશાર્ણ કૂટવર્તી તથા તક્ષશિલામાં ધર્મચક્રમાં તથા અહિછત્રાનગરીમાં જ્યાં ધરણેન્દ્રે પાર્શ્વનાથનો મહિમા કર્યો તથા રથાવર્ત્ત પર્વત જ્યાં

વજસ્વામીએ પાદપોપગમન અનશન કર્યું તથા જ્યાં વર્ધમાનસ્વામીને આશ્રીને ચમરેન્દ્રે ઉત્પાત કર્યો; આ બધા સ્થાનોમાં યથાસંભવ અભિગમન, વંદન, પૂજન, કીર્તનાદિ ક્રિયા કરવાથી દર્શનશુદ્ધિ થાય છે. - વળી-

[નિ.૩૩૬,૩૩૭-] પ્રવચનવિદોમાં આ ગુણપ્રત્યયિક અર્થો છે—

જેમ આ બીજગણિત આદિમાં પાર પામેલો. આ અષ્ટાંગ નિમિત્તમાં પાર પામેલો તથા દૃષ્ટિવાદમાં ઉક્ત જુદી જુદી યુક્તિ કે દ્રવ્યસંયોગના હેતુને જાણે. તથા સમ્યગ્દૃષ્ટિ-અવિપરીત દર્શનવાળા હોય, તેને દેવોથી પણ ચલાયમાન કરવા શક્ય નથી. તથા અવિતથ જ્ઞાનવાળા પવિત્ર આચાર્યાદિના ગુણોની પ્રશંસા કરતાં દર્શન શુદ્ધિ થાય છે.

તે જ પ્રમાણે બીજા પણ આચાર્યાદિના ગુણ માહાત્મ્ય વર્ણવતા તથા પૂર્વ મહર્ષિના નામોત્કીર્તન કરતા, તેઓની સુર-નરેન્દ્ર એ કરેલ પૂજાદિની કથા કરતા તથા પ્રાચીન ચૈત્યોને પૂજતા, ઇત્યાદિ ક્રિયા કરતા તેમના ગુણોથી વાસિત થતાં દર્શન વિશુદ્ધિ થાય છે. આ પ્રશસ્તા દર્શનવિષયા ભાવના છે.

જ્ઞાનભાવનાને આશ્રીને કહે છે—

[નિ.૩૩૮ થી ૩૪૦-] જ્ઞાનની ભાવના તે જ્ઞાન ભાવના. તીર્થંકરનું જ્ઞાન-પ્રવચન-યથાવસ્થિત બધા પદાર્થોનું વર્ણન. તે જ્ઞાન વડે મોક્ષના પ્રધાન અંગ એવું અધિગમ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. કારણ કે તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન. જીવાદિ નવ પદાર્થ તે તત્ત્વ છે, આ તત્ત્વો જ્ઞાનના અર્થીઓએ સમ્યક્ જાણવા યોગ્ય છે. તે પરિજ્ઞાન આ આર્હત્ પ્રવચનમાં ઉપલબ્ધ છે. વળી આ આર્હત્ પ્રવચનમાં પરમાર્થરૂપ કાર્ય મોક્ષ છે. તે મોક્ષની ક્રિયા સિદ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. કારક એટલે સમ્યગ્દર્શનાદિનો અનુષ્ઠાતા સાધુ ક્રિયાસિદ્ધિ તે મોક્ષની પ્રાપ્તિ, તેને જ દર્શાવે છે - બંધ એટલે કર્મબંધન, તેનાથી મુક્તિ અર્થાત્ કર્મનો ક્ષય. તે અહીં જ છે, શાક્યાદિ દર્શનમાં નથી. એ પ્રમાણે જ્ઞાનને ભાવતા જ્ઞાનભાવના થાય છે.

આઠ પ્રકારના કર્મપુદ્ગલોથી જીવ દરેક પ્રદેશે બંધાયેલ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધના હેતુ છે. આઠ પ્રકારની કર્મવર્ગણા એ બંધન છે. ચાર ગતિવાળા સંસારમાં ભ્રમણ કરતા સુખ-દુઃખ અનુભવવા તે તેનું ફળ છે. આ બધું જિનવચનમાં જ કહ્યું છે. અથવા બીજા જે કંઈ સુભાષિત વચનો છે તે જિનપ્રવચનમાં જ કહ્યા છે. તે જ્ઞાનભાવના છે. વળી સંસારનું વિચિત્ર સ્વરૂપ પણ જિનેન્દ્રોએ કહ્યું છે.

મને વિશિષ્ટતર જ્ઞાન થશે તે જ્ઞાનભાવના કરવી એટલે જ્ઞાનનો અભ્યાસ કરવો. આદિ શબ્દથી એકાગ્રચિત્ત વગેરે ગુણો જ્ઞાનથી થાય છે. વળી અજ્ઞાની જે કર્મ કરોડો વર્ષે ખપાવે તે જ્ઞાની શ્વાસોશ્વાસમાં ખપાવે એ ભાવના ભાવવી. આવા કારણથી જ્ઞાન ભણવું. તેથી જ્ઞાનનો સંગ્રહ થાય, નિર્જરા થાય, ભૂલાય નહીં અને સ્વાધ્યાય થાય. જ્ઞાનભાવનાથી નિત્ય ગુરુકૂલવાસ થાય તે કહે છે - જ્ઞાનનો ભાગી



થાય, દર્શન-ચારિત્રમાં સ્થિર થાય. આથી ગુરુકુલવાસ ન મૂકનારા ધન્ય છે. આવી જ્ઞાનવિષયા ભાવના છે - હવે ચારિત્રભાવનાને આશ્રીને કહે છે—

[નિ.૩૪૧,૩૪૨-] પહેલા વ્રતની ભાવના-અહિંસાદિ લક્ષણ ધર્મ શ્રેષ્ઠ છે. બીજા વ્રતની ભાવના - આ આર્હત્ પ્રવચનમાં સત્ય છે તેવું બીજે નથી. ત્રીજા વ્રતની ભાવના - અદત્ત વિરતિ અહીં જ શોભે છે. ચોથા વ્રતમાં - નવગુપ્તિ ગુપ્ત બ્રહ્મચર્ય અહીં જ છે. પાંચમાં વ્રતમાં - પરિગ્રહ વિરતિ અહીં જ સર્વોત્તમ છે. તથા બાર પ્રકારનું તપ અહીં જ શોભે છે.

વૈરાગ્ય ભાવના - સાંસારિક સુખની જુગુપ્સારૂપ છે. અપ્રમાદ ભાવના-મદ્યાદિ પ્રમાદથી કર્મબંધ ઉપાદાનરૂપ છે માટે સેવવું નહીં. એકાગ્ર ભાવના-જ્ઞાન-દર્શન-ચારિત્રયુક્ત એક જ મારો આત્મા શાશ્વત છે. બાકીના સર્વે સંયોગ લક્ષણરૂપ બાહ્ય ભાવો છે. ઇત્યાદિ ભાવના ચારિત્રને ટેકો આપે છે. હવે આગળ તપોભાવના કહીશ.

[નિ.૩૪૩-] વિગઈરહિતપણે તપ વડે મારો દિવસ કઈ રીતે અવન્ધ્ય થાય ? હું કયો તપ કરવા સમર્થ છું ? કયા દ્રવ્યથી મારો તપ-નિર્વાહ થશે ? આવું ચિંતવવું તેમાં ઉત્સર્ગથી દ્રવ્યમાં વાલ, ચણા, ક્ષેત્રથી સ્નિગ્ધ કે રૂક્ષ, કાળથી શીત કે ઉષ્ણ, ભાવથી હું અગ્લાન છું માટે તપ કરું. એ રીતે દ્રવ્યાદિ વિચારણા કરી યથાશક્તિ તપ કરવો. - x - x -

[નિ.૩૪૪-] અનશનાદિ તપમાં બળ કે વીર્ય ન ગોપવતા ઉત્સાહ રાખવો અને લીધેલ તપનું પાલન કરવું. કહ્યું છે - તીર્થંકર ચાર જ્ઞાની છે, દેવપૂજિત છે, નિશ્ચે સિદ્ધિ પામે છે. તો પણ બળ-વીર્ય ગોપવ્યા વિના સર્વ શક્તિએ તપોદ્યમ કરે છે. તો પછી બીજા સાધુઓ અનેક વિઘ્નવાળા મનુષ્ય ભવમાં દુઃખના ક્ષય માટે શા માટે ઉદ્યમ ન કરે ? આવી તપ ભાવના કરવી. એ રીતે સંયમમાં ઇન્દ્રિય-નોઇન્દ્રિય નિગ્રહરૂપ, સંઘયણ તે વજ્રઋષભાદિમાં તપનો નિર્વાહ થઈ શકે તેવી ભાવના ભાવવી.

વૈરાગ્ય ભાવનામાં - x - અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, કર્માશ્રવ, સંવર, નિર્જરણ, લોકવિસ્તર, સ્વાખ્યાત ધર્મ અને તત્વચિંતન તથા બોધિની દુર્લભતા ભાવના ભાવવી.

ભાવના અનેક પ્રકારે છે, પણ અહીં ચારિત્ર ભાવના અધિકાર છે—

● **સૂત્ર-૫૦૯** :- *વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.*

***તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં પાંચ ઘટનાઓ થઈ. જેમકે - ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં — (૧) ચ્યવ્યા, ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. (૨) એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં સંહારાયા. (૩) જન્મ્યા. (૪) મુંડ થઈ, ગૃહત્યાગી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા. (૫) સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાઘાત, નિરાવરણ, અનંત, અનુત્તર, શ્રેષ્ઠ કેવલજ્ઞાન અને કેવલદર્શન પામ્યા અને સ્વાતિ નક્ષત્રમાં પરિનિર્વાણ પામ્યા.***

● **સૂત્ર-૫૧૦** :- *વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.*

***શ્રમણ ભગવંત મહાવીર આ અવસર્પિણીમાં સુષમસુષમ આરો, સુષમ***

આરો અને સુષમદુષમ આરો વ્યતીત થયા પછી દુષમસુષમ આરો ઘણો વીત્યા પછી ૭૫ વર્ષ સાડા આઠ માસ બાકી રહ્યા ત્યારે જે આ ગ્રીષ્મ ઋતુનો ચોથો માસ, આઠમો પક્ષ-અષાઢ સુદ, તે અષાઢ સુદ છઠ્ઠી તિથિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે મહાવિજય સિદ્ધાર્થ પુષ્પોત્તરવર પુંડરીક દિક્સ્વસ્તિક વર્ધમાન મહાવિમાનથી ૨૦ સાગરોપમ આયુ પાળીને આયુ-સ્થિતિ-ભવનો ક્ષય કરી આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભારતવર્ષમાં દક્ષિણાર્ધ ભરતમાં દક્ષિણ બ્રાહ્મણકુંડપુર સંનિવેશમાં કોડાલગોત્રના ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સિંહની માફક ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. હું ચ્યવીશ તે જાણે છે, હું ચ્યવ્યો તે જાણે છે પણ કાળની સૂક્ષ્મતાથી હું ચ્યવું છું તે જાણતા નથી. ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર હિતાનુકંપક દેવે 'આ જીત આચાર છે' એમ વિચારી, જે તે વર્ષાકાળનો ત્રીજો માસ, પાંચમો પક્ષ-આસો વદ, તે આસોવદની તેરમી તિથિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે ૮૨ રાત્રિ દિવસ વીત્યા બાદ ૮૩મી રાત્રિનો પર્યાય વર્તતા દક્ષિણબ્રાહ્મણકુંડપર સંનિવેશથી ઉત્તરક્ષત્રિયકુંડપુર સંનિવેશમાં જ્ઞાતક્ષત્રિય કાશ્યપગોત્રીય સિદ્ધાર્થક્ષત્રિયની પત્ની વાશિષ્ઠગોત્રીયા ત્રિશલાક્ષત્રિયાણીના અશુભ પુદ્ગલોને હટાવીને, શુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરીને કુક્ષિમાં ગર્ભને સંહર્યો અને જે ત્રિશલાક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભ હતો તેને દક્ષિણમાહણકુંડપુર સંનિવેશમાં કોડાલગોત્રિય ઋષભદત્તની જાલંધરગોત્રિયા દેવાનંદાની કુક્ષિમાં સંહર્યો.

શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનયુક્ત હતા. સંહરણ થશે તે જાણતા હતા, સંહરાઉં છું તે જાણતા ન હતા, સંહરાયો તે જાણતા હતા.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે કાળે તે સમયે અન્યદા કોઈ સમયે ત્રિશલા ક્ષત્રિયાણીને નવ માસ પૂર્ણ થયા અને સાડા સાત રાત્રિ-દિવસ વ્યતીત થતાં જે તે ગ્રીષ્મનો પહેલો માસ, બીજો પક્ષ-ચૈત્રસુદ, તે ચૈત્ર સુદ-૧૩ના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગે વિઘ્નરહિત આરોગ્યપૂર્ણ એવા શ્રમણ ભગવંત મહાવીરને જન્મ આપ્યો.

જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ શ્રમણ ભગવંત મહાવીરને સુખપૂર્વક જન્મ આપ્યો, તે રાત્રિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અને દેવીઓના ઉપર નીચે આવાગમનથી એક મહાન્ દિવ્ય દૈવોદ્યૌત, દેવસંગમ, દેવ કોલાહલ, કલકલનાદ વ્યાપી ગયો.

જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવંત મહાવીરને જન્મ આપ્યો તે રાત્રિએ ઘણાં દેવ-દેવીઓ એક મહાન્ અમૃત વર્ષા, ગંધ-ચૂર્ણ-પુષ્પ-હિરણ્ય-રત્નની વર્ષા કરી.

જે રાત્રે ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવંત મહાવીરને જન્મ આપ્યો તે રાત્રિએ ભવનપત્યાદિ દેવ-દેવીઓએ ભગવંત મહાવીરનું સૂચિકર્મ અને તિર્થકર



અભિષેક કર્યો.

જ્યારથી ભગવંત મહાવીર ત્રિશલાક્ષત્રિયાણીના કુક્ષિમાં ગર્ભરૂપે પધાર્યા, ત્યારથી તે કુળ વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, શિલા, પ્રવાલથી અતિ અતિ વૃદ્ધિ પામ્યું, ત્યારે શ્રમણ ભગવંત મહાવીરના માતા-પિતાએ આ વાત જાણીને દસ દિવસ વીત્યા બાદ શૂચિભૂત થઈને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યા, કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન, સંબંધીઓને આમંત્રણ આપ્યું. આપીને ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, વનીપક, ભિક્ષુ, દુઃખીજન આદિને ભોજન કરાવ્યું - સુરક્ષિત રખાવ્યું - આપ્યું - વહેંચ્યું, યાચકોને દાન આપ્યું - વહેંચ્યું - વિતરીત કર્યું. તેમ કરીને મિત્ર, જ્ઞાતિજન આદિને જમાડ્યા. જમાડીને તેઓની સમક્ષ નામકરણ સંબંધે કહ્યું કે—

જ્યારથી આ બાળક ત્રિશલાક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે આવેલ છે, ત્યારથી આ કુળ વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, શંખ, શિલા, પ્રવાલ આદિથી અતિ અતિ વૃદ્ધિ પામેલ છે, તેથી આ બાળકનું 'વર્ધમાન' નામ થાઓ. [એ રીતે 'વર્ધમાન' નામ રાખ્યું.]

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર પાંચ ધાત્રી દ્વારા પાલન કરાવા લાગ્યા. તે આ પ્રમાણે — ક્ષીરધાત્રી, મજ્જન ધાત્રી, મંડનધાત્રી, ખેલાવણધાત્રી, અંકધાત્રી. એ રીતે તેઓ એક ખોળાથી બીજા ખોળામાં સંહૃત થતા રમ્ય મણિમંડિત આંગણમાં રમતા, પર્વતીય ગુફામાં રહેલ ચંપકવૃક્ષની જેમ ક્રમશઃ વૃદ્ધિ પામ્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને વિજ્ઞાન થયું, બાલ્યભાવ છોડી યુવાન થયા. મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના - શબ્દ, સ્પર્શ-રસ-રૂપ-ગંધ-કામભોગોને ભોગવતા વિચરવા લાગ્યા.

● **સૂત્ર-૫૧૧ :-** વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.

શ્રમણ ભગવંત મહાવીર કાશ્યપગોત્રીય હતા. તેના ત્રણ નામ આ પ્રમાણે હતા — (૧) માતાપિતાએ પાડેલ 'વર્ધમાન'. (૨) સહજ ગુણોને કારણે 'શ્રમણ' (૩) ભયંકર ભય-ભૈરવ તથા અચેલાદિ પરીષહ સહેવાને કારણે દેવોએ રાખેલ નામ "શ્રમણ ભગવંત મહાવીર."

શ્રમણ ભગવંત મહાવીરના કાશ્યપગોત્રીય પિતાના ત્રણ નામ આ પ્રમાણે — સિદ્ધાર્થ, શ્રેયાંસ, યશસ્વી, શ્રમણ ભગવંત મહાવીરના વાશિષ્ઠ ગોત્રિયા માતાના ત્રણ નામ આ પ્રમાણે - ત્રિશલા, વિદેહદિન્ના, પ્રિયકારિણી.

તેમના કાકા કાશ્યપ ગોત્રિય હતા તેનું નામ - સુપાર્શ્વ. મોટા ભાઈનું નામ નંદિવર્ધન. મોટી બેનનું નામ સુદર્શના.

ભગવાન્ મહાવીરની પત્ની કૌડિન્ય ગોત્રીયા હતી, તેનું નામ યશોદા. તેમની પુત્રી કાશ્યપ ગોત્રીયા હતી તેમના બે નામ - અનવદ્યા અને પ્રિયદર્શના. ભગવંત મહાવીરની દોહિત્રી કૌશિક ગોત્રની હતી તેના બે નામ - શેષવતી, યશસ્વતી.

● **સૂત્ર-૫૧૨ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે]*

શ્રમણ ભગવંત મહાવીરના માતા-પિતા પાર્શ્વનાથના અનુયાયી શ્રમણોપાસક હતા. તેઓ ઘણાં વર્ષો શ્રમણોપાસક પર્યાય પાળીને છ જીવનિકાયની રક્ષા માટે આલોચના, નિંદા, ગર્હા, પ્રતિક્રમણ કરીને યથાયોગ્ય ઉત્તરગુણ પ્રાયશ્ચિત લઈને દર્ભના સંથારે બેસીને ભક્ત પ્રત્યાખ્યાન કરી, અંતિમ મારણાંતિક સંલેખના કરી શરીર કૃશ કરીને મૃત્યુ અવસરે કાળ કરી અચ્યુત સ્વર્ગે દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય કરી ચ્યવીને મહાવિદેહ વર્ષમાં ચરમ ઉચ્છ્વાસે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત થઈ બધાં દુઃખોનો અંત કરશે.

● **સૂત્ર-૫૧૩ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.]*

તે કાળે તે સમયે જ્ઞાત, જ્ઞાતપુત્ર, જ્ઞાતકુલોત્પન્ન, વિ-દેહ, ત્રિશલા માતાના પુત્ર, વિદેહજાત્ય, વિદેહસૂમાલ એવા શ્રમણ ભગવંત મહાવીર ૩૦ વર્ષ સુધી ઉદાસીન ભાવે ગૃહ મધ્યે રહી, માતાપિતા આયુષ્યપૂર્ણ કરી દેવલોકને પ્રાપ્ત થયા પછી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જાણી હિરણ, સુવર્ણ, સેના, વાહનનો ત્યાગ કરી, ધન-ધાન્ય-કનક-રત્નાદિ બહુમૂલ્ય દ્રવ્યોનું દાન આપી, વહેંચણી કરી, પ્રગટરૂપે દાન દઈ, યાચકોને દાનનો વિભાગ કરી, વર્ષીદાન દઈ શીતઋતુના પ્રથમ માસના પ્રથમ પક્ષે-માગસર વદ દશમીએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગે ભગવંતે અભિનિષ્ક્રમણ-દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા કરી.

● **સૂત્ર-૫૧૪ થી ૫૧૯ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.]*

તીર્થંકરોનું અભિનિષ્ક્રમણ-દીક્ષા વર્ષ પછી થાય, [તે પૂર્વે એક વર્ષ] સૂર્યોદયથી દ્રવ્યદાન થાય છે. પ્રતિદિન સૂર્યોદયથી એક પ્રહર પર્યન્ત - જ્યાં સુધી પ્રાતરાશ [નાસ્તો] ન કરે ત્યાં સુધી - અન્યૂન એક કરોડ આઠ લાખ સુવર્ણ મુદ્રાનું દાન અપાય છે. એ રીતે એક વર્ષમાં ૩૮૮ કરોડ, ૮૦ લાખ સુવર્ણ મુદ્રાનું દાન ભગવાન્ આપે છે.

કુંડલધારી વૈશ્રમણ દેવ અને મહાન્ ઋદ્ધિવાળા લોકાંતિક દેવ પંદર કર્મભૂમિમાં થતાં તીર્થંકરોને પ્રતિબોધ કરે છે.

બ્રહ્મ દેવલોકમાં આઠ કૃષ્ણરાજિઓના મધ્યમાં આઠ પ્રકારના લોકાંતિક દેવોના અસંખ્યાત વિસ્તારવાળા વિમાનો છે. આ લોકાંતિક દેવો ભગવંત વીર જિનવરને બોધિત કરે છે - હે અર્હન્ દેવ! સર્વ જગત્‌ના હિત માટે તીર્થ પ્રવર્તન કરો.

● **સૂત્ર-૫૨૦ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.]*

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરનો અભિનિષ્ક્રમણ અભિપ્રાય જાણીને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ-દેવીઓ પોતપોતાના રૂપ-વેશ અને ચિહ્નોથી યુક્ત થઈ, સર્વ ઋદ્ધિ-દ્યુતિ-સેના સમૂહની સાથે પોત-પોતાના યાન વિમાનો પર આરૂઢ થાય છે, થઈને બાદર પુદ્‌ગલોનો ત્યાગ કરી, સૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કરી ઉંચે ઉડે છે, ઉડીને ઉત્કૃષ્ટ, શીઘ્ર, ચપળ, ત્વરિત દિવ્ય દેવગતિથી





નીચે ઉતરતા-ઉતરતા તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોને ઓળંગતા જંબૂદ્વીપ નામક દ્વીપે આવ્યા. આવીને ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશે આવ્યા. ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશના ઇશાન ખૂણાની દિશામાં વેગપૂર્વક ઉતર્યા.

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્રે ધીમે ધીમે યાન વિમાનને રોક્યું. રોકીને ધીમે ધીમે વિમાનથી નીચે ઉતર્યા, ધીમે ધીમે એકાંતમાં ગયા, જઈને મહાન્ વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો. સમુદ્‌ઘાત કરીને એક મહાન્ વિવિધ મણિ, કનક, રત્નોથી જડિત, શુભ-સુંદર-મનોહર દેવછંદક વિકુર્વ્યુ.

તે દેવછંદકના મધ્ય ભાગે એક મહાન્ પાદપીઠ યુક્ત વિવિધ મણિ-રત્ન-સુવર્ણ જડેલ શુભ-સુંદર-કમનીય સિંહાસન વિકુર્વ્યુ. વિકુર્વીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આ-દક્ષિણ પ્રદક્ષિણા કરી. કરીને ભગવંતને વંદન-નમસ્કાર કર્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને લઈને જ્યાં દેવછંદક છે ત્યાં આવ્યા. ધીમે ધીમે સિંહાસનમાં પૂર્વાભિમુખ બેસાડ્યા. બેસાડીને ધીમે ધીમે શતપાક, સહસ્રપાક તેલથી ભગવંતના શરીરને માલિશ કર્યો, ગંધયુક્ત કાષાયિક વસ્ત્રથી શરીરને લૂછયું. લૂંછીને શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું, કરાવીને શરીર પર એક લાખ મૂલ્યવાળા ત્રણ પટને લપેટીને સાધેલ ગોશીર્ષ રક્ત ચંદનનું લેપન કર્યું. કરીને ધીમા શ્વાસના વાયરે ઉડી જાય તેવા, શ્રેષ્ઠ નગર-પાટણમાં નિર્મિત, કુશળ નર પ્રશંસિત, ઘોડાના મુખના ફીણ સમાન સ્વચ્છ, મનોહર, ચતુર કારીગરો દ્વારા સુવર્ણ તારોથી ખચિત, હંસલક્ષણ બે વસ્ત્રો પહેરાવ્યા. પહેરાવીને હાર, અર્ધહાર, વક્ષસ્થળ-આભૂષણ, એકાવલી, લટકતી માળા, કંદોરો, મુગટ, રત્નમાલાદિ પહેરાવ્યા. પહેરાવીને ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ માળા વડે કલ્પવૃક્ષ સમાન શૃંગાર કર્યો. શણગારીને—

શક્રેન્દ્રએ બીજી વખત મહાન્ વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, કરીને એક મહાન્ ચંદ્રપ્રભા નામક અને હજાર પુરુષ દ્વારા વહન કરવા યોગ્ય શિબિકાની રચના કરી. તે શિબિકા ઈહામૃગ, વૃષભ, અશ્વ, નર, મગર, પક્ષી, વાનર, હાથી, રુરુ, સરભ, ચમરી, ગાય, વાઘ, સિંહ, વનલતા ઇત્યાદિ વિવિધ ચિત્રોથી ચિત્રિત હતી. વિદ્યાધર યુગલના યંત્ર યોગે કરી યુક્ત હતી. તેમાંથી હજારો તેજરાશિઓમાં ઝળહળતા કિરણો રોશની ફેલાવી રહ્યા હતા. રમણીય સુંદર રૂપથી અદ્‌ભૂત બની હતી. ઝગમગતી, હજારો રૂપોની સંપન્ન, દેદીપ્યમાન, અત્યંત દેદીપ્યમાન અને અનિમેષ દૃષ્ટિથી દેખવા લાયક હતી. તે શિબિકામાં મોતીના ઝુમરો ઝુલી રહ્યા હતા. તપનીય સુવર્ણના તોરણો લટકી રહ્યા હતા. મોતીઓની માળા, હાર, અર્ધહાર આદિ આભૂષણોથી શોભિત અને અતિ દર્શનીય હતી. તેના પર પદ્મલતા, અશોકલતા, કુંદલતાના ચિત્રો હતા તથા અન્યોન્ય વિવિધ લતાઓના ચિત્રોથી શોભિત હતી, શુભ, સુંદર, કાંતરૂપ હતી. તેનો અગ્રભાગ અનેક પ્રકારની પંચવર્ણી મણિયુક્ત ઘંટાઓ અને પતાકાઓથી શોભિત હતી. પ્રાસાદીય,

દર્શનીય, સુરૂપ હતી.

● સૂત્ર-૫૨૧ થી ૫૨૪ :- [વિવેચન સૂત્ર-૫૩૫ને પછી જોવું.]

જરા મરણથી મુક્ત જિનવર માટે જલ અને સ્થળમાં ઉત્પન્ન દિવ્ય ફૂલોની માળાઓથી શણગારેલી શિબિકા લાવવામાં આવી..તે શિબિકાની મધ્યમાં જિનવર માટે પાદપીઠ સહિત એક મહામૂલ્ય સિંહાસન હતું..

તે સમયે ભગવંત મહાવીરે શ્રેષ્ઠ આભૂષણ ધારણ કરેલા. યથાસ્થાને દિવ્યમાળા અને મુગટ પહેરેલા હતા, લાખ સુવર્ણમુદ્રાવાળું વસ્ત્ર યુગલ પહેરેલ હતું. જેનાથી પ્રભુ દેદીપ્યમાન શરીરવાળા લાગતા હતા.

તે ભગવંત છઠ્ઠ ભક્તની તપસ્યાથી યુક્ત, સુંદર અધ્યવસાયવાળા, વિશુદ્ધ લેશ્યાવાળા હતા. તેઓ ઉક્ત શિબિકામાં આરૂઢ થયા.

● સૂત્ર-૫૨૫ થી ૫૩૧ :- [વિવેચન સૂત્ર-૨૩૫ને અંતે જોવું.]

ભગવંત સિંહાસને બિરાજીત થયા પછી શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્ર બન્ને બાજુ ઉભા રહી મણિ અને રત્નોથી યુક્ત વિચિત્ર દંડવાળા ચામર ઢોળવા લાગ્યા.. જેમના રોમકૂપ હર્ષથી વિકસિત થતા હતા તેવા મનુષ્યોએ ઉલ્લાસવશ થઈ પહેલા શિબિકા ઉપાડી. ત્યારપછી સુર, અસુર, ગરુડ અને નાગેન્દ્ર આદિ દેવોએ શિબિકા વહન કરી.. તે શિબિકાને પૂર્વ તરફ વૈમાનિક દેવે, દક્ષિણ તરફ અસુર દેવો, પશ્ચિમે ગરૂડ દેવો અને ઉત્તરે નાગેન્દ્ર દેવોએ ઉપાડીને વહન કર્યું.....

પુષ્પોથી વનખંડ અને શરદઋતુમાં કમળોથી સરોવર શોભે તેમ દેવગણોથી ગગનતલ શોભતું હતું. જેમ સરસવ, કણેર કે ચંપક વન ફૂલોના સમૂહથી શોભે તેમ દેવગણથી આકાશ શોભતું હતું...ઉત્તમ ઢોલ, ભેરી, ઝલ્લરી, શંખાદિ લાખો વાદ્યોથી આકાશ અને પૃથ્વીમાં અતિરમણીય ધ્વનિ થવા લાગ્યો. દેવો તત, વિતત, ઘન, શુષિર એ ચાર પ્રકારના વાજિંત્રો વગાડવા લાગ્યા અને સેંકડો પ્રકારના નૃત્ય કરવા લાગ્યા.

● સૂત્ર-૫૩૨ :- [વિવેચન સૂત્ર-૫૩૫ને પછી જોવું.]

તે કાળે તે સમયે હેમંતઋતુનો પહેલો માસ પહેલો પક્ષ-માગસર વદની દશમી તિથિએ સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગે પૂર્વગામિની છાયા થતા, બીજી પોરિસી વીતતા, નિર્જલ છઠ્ઠ ભક્ત સહિત, એક વસ્ત્ર ધારણ કરી, સહસ્રપુરુષવાહિની ચંદ્રપ્રભા શિબિકામાં દેવ-મનુષ્ય-અસુરની પર્ષદા દ્વારા લઈ જવાતા ઉત્તર ક્ષત્રિય કુંડપુર સંનિવેશની ઠીક મધ્યમાંથી થઈને જ્યાં જ્ઞાતખંડ ઉદ્યાન હતું ત્યાં આવ્યા. આવીને ભૂમિથી હાથ પ્રમાણ ઉંચે ધીમે ધીમે સહસ્રવાહિની ચંદ્રપ્રભા શિબિકા સ્થિર કરી.

ભગવંત તેમાંથી ધીમે ધીમે નીચે ઉતર્યા. ઉતરીને ધીમે-ધીમે પૂર્વ દિશામાં મુખ કરી સિંહાસને બેઠા, આભરણ-અલંકાર ઉતાર્યા. ત્યારે વૈશ્રમણ દેવ ઘૂંટણીયે ઝુકી ભગવંત મહાવીરના આભરણાદિને હંસલક્ષણ વસ્ત્રમાં આભૂષણ-અલંકાર ગ્રહણ કરે છે.



ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર ડાબા હાથે ડાબી તરફના, જમણા હાથે જમણી તરફના વાળનો પંચમુષ્ટિક લોચ કરે છે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર ભગવંત મહાવીર સમક્ષ ગોદોહિક આસને બેસીને હીરમય થાળમાં થાળમાં કેશ ગ્રહણ કરે છે, કરીને 'ભગવન્ ! આપની આજ્ઞા હોજો' એમ કહીને તે કેશને ક્ષીર સમુદ્રમાં પધરાવે છે.

ત્યારે શ્રમણ ભગવંતે યાવત્ લોચ કરીને સિદ્ધોને નમસ્કાર કર્યા. કરીને "આજથી મારે સર્વ પાપકર્મ અકરણીય છે" એમ પ્રતિજ્ઞા કરી સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે દેવો અને મનુષ્યોની પર્ષદા ચિત્રવત્ બની ગઈ.

● સૂત્ર-૫૩૩,૫૩૪ :- [વિવેચન સૂત્ર-૫૩૫ને પછી જોવું.]

જે સમયે ભગવંત મહાવીરે ચારિત્ર ગ્રહણ કર્યું. તે સમયે શક્રેન્દ્રની આજ્ઞાથી દેવ, મનુષ્ય, વાદ્યોના અવાજ બંધ થઈ ગયા..

ભગવંત ચારિત્ર અંગીકાર કરીને અહર્નિશ સમસ્ત પ્રાણિ અને ભૂતોના હિતમાં સંલગ્ન થઈ ગયા.

બધાં દેવો એ સાંભળીને રોમાંચયુક્ત થઈ ગયા.

● સૂત્ર-૫૩૫ :-

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર સ્વીકારતા મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી અઢીદ્વીપ અને બે સમુદ્રમાં રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય વ્યક્ત મનવાળા જીવોના મનોગત ભાવ જાણવા લાગ્યા.

ત્યારપછી દીક્ષિત થયેલા શ્રમણ ભગવંત મહાવીરે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધી આદિને વિસર્જિત કર્યા. કરીને આવા પ્રકારે અભિગ્રહ ગ્રહણ કર્યો. - બાર વર્ષ સુધી શરીરની મમતા ત્યાગી, દેહાસક્તિ છોડી, દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગો આવશે તે સર્વેને હું સમ્યક્ રીતે સહન કરીશ, ખમીશ, અધ્યાસિત કરીશ.

આ પ્રતિજ્ઞા અંગીકાર કરીને શ્રમણ ભગવંત મહાવીર દેહનું મમત્વ ત્યાગી, એક મુહૂર્ત દિવસ શેષ રહેતા કુમારગ્રામ પહોંચ્યા, ત્યારપછી શરીર મમતાના ત્યાગી ભગવંત અનુત્તર આલય અને વિહાર વડે ઉત્કૃષ્ટ સંયમ-તપ-બ્રહ્મચર્ય-ક્ષમા-મુક્તિ-ગુપ્તિ-સમિતિ-સ્થિતિ-સ્થાન-ક્રિયાથી સુચરિત ફલ નિર્વાણ અને મુક્તિ માર્ગ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

એ રીતે વિચરતા દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થયા તે સર્વે ઉપસર્ગોને અનાકુળ, અવ્યથિત, અદીન મનથી, મન-વચ-કાય ગુપ્ત થઈ સમ્યક્ સહન કર્યા, ખમ્યા, શાંતિ અને ધૈર્યથી ઝેલ્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને આ રીતે વિચરણ કરતા બાર વર્ષ વીત્યા. તેરમું વર્ષ ચાલી રહ્યું હતું. તેમાં ગ્રીષ્મઋતુનો બીજો માસ, ચોથો પક્ષ..વૈશાખ સુદની દશમીને દિને સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તમાં ઉત્તરા

ફાલ્ગુની નક્ષત્રના યોગે પૂર્વગામિની છાયા થતાં અંતિમ પ્રહરે જૃંભિકગામ નગરની બહાર ઋજુવાલિકા નદીના ઉત્તરપટ્ટ પર શ્યામાક ગાથાપતિના કાષ્ઠકરણ ક્ષેત્રમાં ઉપર જાનુ અને નીચે મસ્તક રાખીને ધ્યાનરૂપી કોઠામાં રહેતા ભગવંતને વૈયાવૃત્ય ચૈત્યના ઇશાન ખૂણામાં શાલ વૃક્ષની સમીપે ઉક્કુડુ ગોદોહિક આસને આતાપના લેતા નિર્જળ છઠ્ઠ ભક્ત સહિત, શુક્લ ધ્યાનમાં વર્તતા, નિવૃત્તિ અપાવનાર, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાઘાત, નિરાવરણ, અનંત, અનુત્તર કેવલજ્ઞાન દર્શન ઉત્પન્ન થયા.

તે ભગવંત હવે અર્હન્, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી, દેવ-મનુષ્ય-અસુરના પર્યાયોને જાણવા લાગ્યા. જેવાકે - આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, ભુક્ત, પીત, કૃત, પ્રતિસેવિત, પ્રકટ કર્મ, ગુપ્તકર્મ, બોલેલું, કહેલું, મનો માનસિક ભાવો તથા સર્વલોકમાં સર્વ જીવોના સર્વ ભાવોને જોતા અને જાણતા વિહરવા લાગ્યા.

જે દિવસે શ્રમણ ભગવંત મહાવીરને નિવૃત્તિ આપનાર સંપૂર્ણ યાવત્ જ્ઞાન ઉત્પન્ન થયું તે દિવસે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ-દેવીઓના આવવા-જવાથી યાવત્ કોલાહલ મચી ગયો.

ત્યારપછી ઉત્પન્ન શ્રેષ્ઠ જ્ઞાન-દર્શન ધર શ્રમણ ભગવંત મહાવીર પોતાના આત્મા અને લોકને જાણીને પહેલાં દેવોને ધર્મ કહ્યો, પછી મનુષ્યોને કહ્યો.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમાદિ શ્રમણોને ભાવના સહિત પાંચ મહાવ્રત અને છ જીવનિકાયનું સ્વરૂપ સમજાવ્યું. કહ્યું, પ્રરૂપણા કરી.

**● વિવેચન :-**

– સૂત્ર-૫૦૯ થી ૫૩૫ને અંતે વૃત્તિકારે અલ્પ વૃત્તિ નોંધી છે.

– આ જ સૂત્રોનો વિષય કલ્પસૂત્રમાં થોડા વિસ્તારથી નોંધાયેલ છે.

– આ સૂત્રોમાં આવતા પાઠોમાં પાઠાંતરો અને વિશેષ અર્થ પણ મળે છે.

તે કાળ એટલે દુષમસુષમાદિ, તે સમય એટલે વિવક્ષિત વિશિષ્ટ કાળ ત્યારે ઉત્પત્તિ આદિ થયા એ સંબંધ. ઇત્યાદિ - x - x - સર્વવાત સૂત્રાર્થમાં પ્રગટપણે કહેવાઈ છે. માટે તેનું પુનરાવર્તન કરેલ નથી.

હવે પાંચે મહાવ્રતની પ્રત્યેકની પાંચ પાંચ ભાવનાઓ કહે છે—

**● સૂત્ર-૫૩૬ :-**

હે ભગવંત ! પહેલા મહાવ્રતમાં હું સર્વ પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું. તે-સૂક્ષ્મ, બાદર, ત્રસ કે સ્થાવર [કોઈ પણ જીવની] જીવનપર્યન્ત મન, વચન, કાયાથી સ્વયં હિંસા કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં કે હિંસા કરનારની અનુમોદના કરીશ નહીં. હે ભગવંત હું તેનું પ્રતિક્રમણ-નિંદા-ગર્હા કરું છું. તે પાપાત્માને વોસિરાવું છું. આ વ્રતની પાંચ ભાવનાઓ છે—

(૧) મુનિએ ઇર્યાસમિતિયુક્ત રહેવું જોઈએ, ઇર્યાસમિતિથી રહિત નહીં. કેવલી ભગવંત કહે છે કે ઇર્યાસમિતિ રહિત મુનિ પ્રાણિ, ભૂત, જીવ, સત્વોને



હણે છે, ધૂળથી ઢાંકે છે, પરિતાપ આપે છે, કચળે છે, નિષ્પ્રાણ કરી દે છે તેથી મુનિએ ઇર્યાસમિતિ યુક્ત રહેવું, ઇર્યાસમિતિ રહિત નહીં.

(૨) જે મનને જાણે છે તે મુનિ છે, જે મન પાપકારી, સાવધ, ક્રિયાયુક્ત, આસ્રવકારી, છેદકારી, ભેદકારી, દ્વેષકારી, પરિતાપકારી, પ્રાણાતિપાત અને ભૂત ઉપઘાતકારી છે તેવું મન કરવું નહીં. મનને સારી રીતે જાણી પાપરહિત રાખે તે નિર્ગ્રન્થ છે.

(૩) જે વચનને જાણે તે નિર્ગ્રન્થ. જે વચન પાપકારી, સાવધ યાવત્ ભૂત ઉપઘાતિક હોય તે ન બોલવું. જે વચનના દોષોને જાણી પાપરહિત વચન બોલે તે નિર્ગ્રન્થ છે.

(૪) આદાન-ભાંડ-માત્ર નિક્ષેપ સમિતિયુક્ત છે તે નિર્ગ્રન્થ છે. કેવલી કહે છે કે જે આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિરહિત હોય છે, તે નિર્ગ્રન્થ પ્રાણી, ભૂત, જીવ, સત્વોનો ઘાત યાવત્ પીડા કરે છે. તેથી જે આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા સમિતિથી યુક્ત છે, તે જ નિર્ગ્રન્થ છે. સમિતિથી રહિત નહીં.

(૫) જે આલોકિત પાન ભોજન ભોજી છે તે જ નિર્ગ્રન્થ છે અનાલોકિત પાન ભોજન ભોજી નહીં. કેવલી ભગવંત કહે છે કે જોયા વિના આહાર પાણી વાપરનાર સાધુ પ્રાણાદિનો ઘાત કરે છે યાવત્ પીડા કરે છે. તેથી આલોકિત પાન ભોજન ભોજી છે તે જ નિર્ગ્રન્થ છે, અનાલોકિતપાન ભોજન ભોજી નહીં.

આ ભાવનાઓથી પહેલા મહાવ્રતને સમ્યક્ રીતે કાયાએ સ્પર્શિત, પાલિત, તીરિત, કિર્તિત, અવસ્થિત અને આજ્ઞાને અનુરૂપ આરાધિત થાય છે. હે ભગવન્ ! આ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત છે.

**● વિવેચન :-**

[આ સૂત્રની ચૂર્ણિમાં થોડો અધિક પાઠ છે, તે જોવો.]

ઈરણ – જવું તે ઇર્યા, તેની સમિતિ, ઉપયોગપૂર્વક આગળ યુગમાત્ર ભૂ ભાગ પ્રતિ દૃષ્ટિ રાખી જનાર. પણ અસમિત ન થાય. કેવલીએ તેને કર્મબંધનું કારણ કહ્યું છે. જવાની ક્રિયામાં અસમિત જ પ્રાણીને પગ વડે તાડન કરે છે, તથા બીજે પાડે છે, પીડા આપે છે, જીવિતથી જુદા કરે છે, - x - તે પહેલી ભાવના.

બીજી ભાવનામાં મનથી દુષ્પ્રણિહિતતા ન કરવી, તે કહે છે - મનથી સાવધ ક્રિયા કર્માશ્રવકારી છે, તથા છેદનભેદનકર આદિ - x - પ્રકૃષ્ટ દોષ છે. તેથી પ્રાણીને પરિતાપકારી આદિ ન થવું. ત્રીજી ભાવના - જે વાણી દુષ્પ્રસક્તા છે પ્રાણીને અપકારી છે, તે ન બોલવી. ચોથી ભાવના સાધુએ સમિત થઈને આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ પાળવી. પાંચમી ભાવના પ્રત્યુપ્રેક્ષિત અશન આદિ જ ખાવા. તેમ ન કરતા દોષનો સંભવ છે. - x - x -

**● સૂત્ર-૫૩૭ :-**

હવે બીજા મહાવ્રતનો સ્વીકાર કરું છું - સર્વ મૃષાવાદરૂપ વચનદોષનો ત્યાગ કરું છું, તે ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી સ્વયં જૂઠ ન બોલે, બીજાને

જૂઠ ન બોલાવે, જૂઠ બોલનારને અનુમોદે નહીં. ત્રણ કરણ અને મન, વચન, કાયારૂપ ત્રણ યોગથી હે ભગવંત ! તેને હું પ્રતિક્રમુ છું યાવત્ વોસિરાવું છું. તેની આ પ્રમાણે પાંચ ભાવનાઓ છે. તે આ પ્રમાણે—

૧-વિચારીને બોલે તે નિર્ગ્રન્થ, વગર વિચાર્યે બોલે તે નહીં. કેવલીએ કહ્યું છે કે - વગર વિચાર્યે બોલનાર સાધુ મૃષાવાદના દોષને પામે છે. તેથી વિચારીને બોલનાર તે નિર્ગ્રન્થ છે, વણવિચાર્યુ બોલનાર નહીં.

૨-ક્રોધને જાણનાર મુનિ ક્રોધશીલ ન હોય. કેવળી કહે છે ક્રોધ પ્રાપ્ત ક્રોધી મૃષા વચન બોલે છે, માટે ક્રોધને જાણે તે નિર્ગ્રન્થ ક્રોધી ન થાય.

૩-લોભને જાણે તે નિર્ગ્રન્થ છે, તેથી સાધુ લોભી ન બને. કેવલી કહે છે કે લોભ પ્રાપ્ત લોભી અસત્ય બોલે છે. તેથી મુનિએ લોભના સ્વરૂપને સમજી અને લોભી ન બનવું.

૪-ભયને જાણે તે નિર્ગ્રન્થ છે, તેથી સાધુએ ભયભીત ન થવું. કેવળી કહે છે કે, ભય પ્રાપ્ત બીકણ મૃષા વચન બોલે છે. જે ભયના સ્વરૂપને જાણે તે નિર્ગ્રન્થ છે, ભયભીત થયેલો નહીં.

૫-હાસ્યને જાણે તે નિર્ગ્રન્થ છે માટે સાધુએ હાસ્ય કરનાર ન થવું. કેવલી કહે છે હાસ્યપ્રાપ્ત મૃષાવાદ સેવે છે હાસ્યના સ્વરૂપને જાણનાર નિર્ગ્રન્થ છે, હંસી-મજાક કરનારો નહીં.

આ બીજા મહાવ્રતને સમ્યક્ રીતે કાયાથી સ્પર્શિત કરે યાવત્ આજ્ઞાનો આરાધક થાય છે. હે ભગવન્ ! આ બીજું મહાવ્રત છે.

● વિવેચન :-

[ચૂર્ણિમાં ભાવનાના ક્રમમાં ભિન્નતા જોવા મળે છે.]

બીજા વ્રતની ભાવના કહે છે - તેમાં પહેલી વિચારીને બોલનાર થવું તેમ ન કરતા દોષનો સંભવ છે, બીજી ભાવનામાં ક્રોધ સદા પરિત્યાજ્ય છે કેમકે ક્રોધાંધ મિથ્યા પણ બોલે. ત્રીજી ભાવનામાં લોભજય કરવો. તેમાં પણ મૃષાવાદહેતુ-કારણ છે. ચોથી-પાંચમીમાં ભય-હાસ્ય ત્યાગ કહ્યો.

● સૂત્ર-૫૩૮ :-

[આ સૂત્રમાં ઘણાં પાઠાંતર છે, ચૂર્ણિમાં વિશેષ પાઠ પણ છે.]

હે ભગવંત ! ત્રીજા મહાવ્રતના સ્વીકારમાં હું સમસ્ત અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે અદત્તાદાન. ગામ, નગર કે અરણ્યમાં હોય, અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત હોય; હું સ્વયં અદત્ત લઈશ નહીં, બીજા પાસે અદત્ત લેવડાવીશ નહીં, અદત્ત લેનારની અનુમોદના કરીશ નહીં. જીવનપર્યન્ત યાવત્ તે વોસિરાવું છું. તેની પાંચ ભાવનાઓ આ પ્રમાણે—

૧-વિચારીને મિત અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ, વિચાર્યા વિના સાધુ અવગ્રહની યાચના ન કરે. કેવળી કહે છે - વિચાર્યા વિના અવગ્રહ યાચક મુનિ અદત્તનો ગ્રાહક થાય. અણ વિચાર્યો અવગ્રહ યાચવો નહીં.



૨-અનુજ્ઞાપૂર્વક પાન-ભોજન ભોજી નિર્ગ્રન્થ કહેવાય, અનુજ્ઞારહિત પાન-ભોજન કરનાર નહીં. કેવલી કહે છે - અનુજ્ઞારહિત પાન-ભોજન ભોજી નિર્ગ્રન્થ અદત્ત ભોજી છે. તેથી તે આજ્ઞાયુક્ત પાન-ભોજન ભોજી નિર્ગ્રન્થ કહેવાય છે, આજ્ઞારહિત આહાર-પાણી કરનાર નહીં.

૩-નિર્ગ્રન્થ ક્ષેત્ર અને કાળના પ્રમાણપૂર્વક અવગ્રહ ગ્રહે. કેવળી કહે છે - મર્યાદાપૂર્વક અવગ્રહની યાચના ન કરનાર અદત્ત સેવી છે, તેથી નિર્ગ્રન્થ ક્ષેત્ર, કાળની મર્યાદાપૂર્વક અવગ્રહ ગ્રહણ કરે.

૪-સાધુ વારંવાર પરિમાણનું ધ્યાન રાખી અવગ્રહ ગ્રહણ કરનારા હોય. કેવલી કહે છે - નિર્ગ્રન્થ વારંવાર પરિમાણનું ધ્યાન રાખીને અવગ્રહ ન ગ્રહે તો અદત્તાદાનનો દોષ લાગે. તેથી નિર્ગ્રન્થે એક વખત અવગ્રહ અનુજ્ઞા ગ્રહ્યા પછી વારંવાર અવગ્રહાનુજ્ઞા ગ્રહણશીલ થવું જોઈએ.

૫-સાધર્મિક પાસે વિચારપૂર્વક અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ છે, વિના વિચારે યાચનાર નહીં. કેવલી કહે છે - સાધર્મિક પાસે વિચાર્યા વિના મિત અવગ્રહ યાચનાર અદત્ત ગ્રહણ કરે છે. તેથી સાધર્મિક પાસે પણ વિચારીને પરિમિત અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ છે, વિના વિચારે નહીં.

આ રીતે આ પાંચ ભાવનાપૂર્વક ત્રીજા મહાવ્રતની સમ્યક્ યાવત્ આજ્ઞાપૂર્વક આરાધના થાય છે. હે ભગવંત ! આ ત્રીજું મહાવ્રત છે.

● વિવેચન :-

ત્રીજા વ્રતમાં આ પ્રથમ ભાવના છે - વિચારીને શુદ્ધ અવગ્રહ યાચવો. બીજી ભાવના-આચાર્યની અનુજ્ઞાથી ભોજનાદિ કરવા. ત્રીજી-અવગ્રહ ગ્રહણ કરતા નિર્ગ્રન્થ સાધુએ પરિમિત જ અવગ્રહ ગ્રહણ કરવો. ચોથી ભાવનામાં-નિરંતર અવગ્રહ પરિમાણ રાખવું. પાંચમીમાં-વિચારીને સાધર્મિક સંબંધી પરિમિત અવગ્રહ ગ્રહણ કરવો.

● સૂત્ર-૫૩૯ :-

હું ચોથા મહાવ્રતમાં સર્વ મૈથુનનો ત્યાગ કરું છું. દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુનનો હું સ્વયં સેવું નહીં ઇત્યાદિ સર્વે અદત્તાદાન મુજબ કહેવું યાવત્ હું વોસિરાવું છું. તેની આ પાંચ ભાવનાઓ છે—

૧-મુનિએ વારંવાર સ્ત્રી સંબંધી કથા કરવી ન જોઈએ. કેવલી કહે છે - વારંવાર સ્ત્રી કથા કરવાથી સાધુની શાંતિમાં ભંગ, શાંતિમાં વ્યાઘાત અને શાંતિરૂપ કેવલિ પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. માટે સાધુએ વારંવાર સ્ત્રીઓ સંબંધી વાર્તાલાપ ન કરવો.

૨-સાધુએ સ્ત્રીઓની મનોહર, મનોરમ ઇન્દ્રિયોને સામાન્ય કે વિશેષથી જોવી નહીં. કેવલી કહે છે કે સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયોને જોવાથી-નિહાળવાથી સાધુની શાંતિમાં બાધા થાય છે, શાંતિનો ભંગ થાય છે યાવત્ ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી સાધુ સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયો ન જુએ, ન તેનો વિચાર કરે.

૩-મુનિએ સ્ત્રીઓ સાથે પહેલા કરેલી રતિ કે કામક્રિડાનું સ્મરણ કરવું

*ન જોઈએ. કેવલી કહે છે - નિર્ગ્રન્થને સ્ત્રીઓ સાથે પૂર્વ કરેલ રતિ કે ક્રીડાના સ્મરણથી તેની શાંતિનો ભંગ યાવત્ ધર્મથી ભ્રંશ થાય છે માટે સાધુ સ્ત્રીઓ સાથેની પૂર્વરત કે પૂર્વક્રીડાનું સ્મરણ ન કરે.*

*૪-સાધુ અતિમાત્રામાં પાન-ભોજન ભોજી ન બને, પ્રણિતરસ ભોજન ભોજી ન બને. કેવલી કહે છે કે અતિ માત્રામાં પાન-ભોજન કરનાર અને પ્રણિતરસ ભોજન કરનાર સાધુની શાંતિનો ભંગ યાવત્ ધર્મથી ભ્રંશ થાય છે. માટે જે અતિમાત્રામાં ભોજન કે પ્રણિતરસ ભોજન નથી કરતો તે જ નિર્ગ્રન્થ છે.*

*૫-મુનિએ સ્ત્રી, પશુ, નપુંસકના સંસર્ગવાળા શય્યા, આસનનું સેવન ન કરવું જોઈએ. કેવલી કહે છે - સ્ત્રી, પશુ, નપુંસકવાળા શયન, આસનનું સેવન કરનાર મુનિ શાંતિનો ભંગ યાવત્ ધર્મ ભ્રંશ કરે છે. માટે નિર્ગ્રન્થ સ્ત્રી-પશુ-નપુંસકયુક્ત શય્યા અને આસન સેવે નહીં.*

*આ ભાવના વડે ચોથા મહાવ્રતને સમ્યક્પણે કાયાથી સ્પૃષ્ટ કરી યાવત્ આરાધિત થાય છે. આ મૈથુન વિરમણ રૂપ ચોથું મહાવ્રત છે.*

● **વિવેચન :-**

*– આચારાંગ ચૂર્ણિ, આવશ્યકાદિમાં પાંચ ભાવનામાં ક્રમમાં ફેરફાર છે.*

ચોથા વ્રતમાં પહેલી ભાવના-સ્ત્રીસંબંધી કથા ન કરવી, બીજી - તેની મનોહર ઇન્દ્રિયો ન અવલોકવી, ત્રીજી-પૂર્વની ક્રીડા સ્મરણ ન કરવી, ચોથી-અતિ માત્રામાં ભોજન-પાન ન લેવા, પાંચમી-સ્ત્રી, પશુ, પંડકરહિત વસતિમાં રહેવું.

● **સૂત્ર-૫૪૦ :-**

*હવે પાંચમાં મહાવ્રતમાં સર્વ પરિગ્રહનો ત્યાગ કરું છું. તે પરિગ્રહ થોડો કે બહુ, સ્થૂળ કે સૂક્ષ્મ, સચિત્ત કે અચિત હોય તે સ્વયં ગ્રહણ કરું નહીં, બીજા પાસે ગ્રહણ કરાવું નહીં કે પરિગ્રહ ગ્રહણ કરતા બીજાનું અનુમોદન કરું નહીં યાવત્ તેને વોસિરાવું છું. તેની પાંચ ભાવનાઓ આ પ્રમાણે—*

*૧-કાનથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દો સાંભળે છે, પણ તે મનોજ્ઞ અમનોજ્ઞ શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે, મોહિત ન થાય, ગૃદ્ધ ન થાય, તલ્લીન ન થાય, વિવેકનો ત્યાગ ન કરે. કેવલી કહે છે નિર્ગ્રન્થો મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દોમાં આસક્તિ યાવત્ વિવેક ભૂલવાથી પોતાના શાંતિને નષ્ટ કરે છે, ભંગ કરે છે અને કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. કાનમાં પડતા-શબ્દો ન સાંભળવા શક્ય નથી, પણ તેના શ્રવણથી ઉત્પન્ન થતા રાગ-દ્વેષનો ભિક્ષુ ત્યાગ કરે. તેથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દો સાંભળી તેમાં રાગ ન કરે.*

*૨-ચક્ષુ વડે જીવ મનોજ્ઞ અમનોજ્ઞ રૂપને જુએ છે. સાધુ આ મનોજ્ઞ, અમનોજ્ઞ રૂપમાં આસક્ત ન થાય યાવત્ વિવેકનો ત્યાગ ન કરે, જેથી તેને શાંતિભંગ યાવત્ ધર્મભ્રંશ ન થાય. ચક્ષુના વિષયમાં આવતા રૂપને ન જોવું તે શક્ય નથી, પણ ભિક્ષુ તે વિષયમાં રાગદ્વેષ ન કરે. બાકી પૂર્વવત્.*

*૩-જીવ નાસિકા દ્વારા મનોજ્ઞ, અમનોજ્ઞ ગંધ ગ્રહણ કરે છે. તે મનોજ્ઞ, અમનોજ્ઞ ગંધમાં આસક્ત ન થાય, યાવત્ વિવેક ત્યાગ ન કરે. કેવલી કહે છે કે મનોજ્ઞ-અમનોજ્ઞ ગંધમાં આસક્ત થનાર યાવત્ વિવેક ભૂલનાર સાધુ પોતાની શાંતિનો ભંગ કરે છે યાવત્ ધર્મભ્રષ્ટ થાય છે. નાકના વિષયમાં આવેલ ગંધ ગ્રહણ ન કરવી તે શક્ય નથી. પણ ભિક્ષુ તેમાં થતા રાગદ્વેષનો ત્યાગ કરે. બાકી પૂર્વવત્.*



*૪-જીભથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ રસને આસ્વાદે છે. આ મનોજ્ઞ, અમનોજ્ઞ રસમાં આસક્ત યાવત્ વિવેક ભ્રષ્ટ ન થાય. કેવલી કહે છે - સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ રસમાં આસક્ત યાવત્ વિવેકભ્રષ્ટ થતા શાંતિનો ભંગ યાવત્ ધર્મભ્રષ્ટ કરે છે. જીભના વિષયમાં આવતા રસનું આસ્વાદન ન કરે તે શક્ય નથી પણ તેમાં થતા રાગ-દ્વેષનો ભિક્ષુ ત્યાગ કરે. બાકી પૂર્વવત્.*

*૫-સ્પર્શથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શને સેવે છે, આ મનોજ્ઞામનોજ્ઞ સ્પર્શમાં આસક્ત ન થાય યાવત્ વિવેક ત્યાગ ન કરે. કેવલી કહે છે - સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શમાં આસક્ત આદિ થતા શાંતિનો ભંગ, શાંતિમાં બાધા અને કેવલી પ્રરૂપિત ધર્મનો ભંજક થાય છે. સ્પર્શના વિષયમાં આવેલા સ્પર્શોનો અનુભવ ન થવો શક્ય નથી પણ તેમાં રાગદ્વેષ ન કરવો. બાકી પૂર્વવત્.*

*આ ભાવના વડે પાંચમાં મહાવ્રતમાં સમ્યક્ રીતે અવસ્થિત ભિક્ષુ આજ્ઞાનો આરાધક થાય છે. આ પાંચમું પરિગ્રહ વિરમણ મહાવ્રત છે.*

*આ પાંચ મહાવ્રતની પચીશ ભાવનાથી સંપન્ન અણગાર યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ તેનો કાયાથી સમ્યક્ પ્રકારે સ્પર્શ કરી, પાલન કરી, પાર પમાડી, કીર્તન કરી આજ્ઞાનો આરાધક થાય છે.*

● **વિવેચન :-**

*આચારાંગ ચૂર્ણિ આદિમાં પાઠ ભેદ, ક્રમભેદ આદિ જોવા મળે છે.*

શ્રોત્રાદિ પાંચને આશ્રીને શબ્દાદિ પાંચમાં મનોજ્ઞ, અમનોજ્ઞ વિષયમાં રાગ, ગૃદ્ધતા આદિ ન કરવા. બાકી સુગમ છે.

**શ્રુતસ્કંધ-૨, 'ભાવના' નામક અધ્યયન-૧૫-રૂપ ચૂલિકા-૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ થયો.**

## ❁ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૪ "વિમુક્તિ" ❁

૦ ત્રીજી ચૂલિકારૂપ 'ભાવના' નામક અધ્યયન કહ્યું, હવે ચોથી ચૂલિકારૂપ 'વિમુક્તિ' નામક સોળમું અધ્યયન કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - આ પૂર્વે મહાવ્રત ભાવના કહી, અહીં પણ અનિત્ય ભાવના કહે છે. આ સંબંધથી આવેલ આ અધ્યયનના ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમ અંતર્ગત્ અર્થાધિકાર દર્શાવવા નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૪૫-] આ અધ્યયનમાં અનિત્યત્વ, પર્વત, રૂપ્ય, ભુજગત્વ અને સમુદ્ર એ પાંચ અધિકાર છે. તે યથાયોગ્ય સૂત્રમાં જ કહીશું. નામનિષ્પન્ન નિક્ષેપે 'વિમુક્તિ' નામ છે, તેના નામ આદિ નિક્ષેપ ઉત્તરાધ્યયન સૂત્રમાં વિમોક્ષ અધ્યયનમાં બતાવ્યા પ્રમાણે જાણવા. નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૪૬-] જે મોક્ષ છે તે જ વિમુક્તિ છે, તેના મોક્ષવત્ નિક્ષેપ છે. અહીં ભાવવિમુક્તિનો અધિકાર છે, ભાવ-વિમુક્તિ દેશ અને સર્વ બે ભેદે છે. દેશથી સાધુથી માંડીને ભવસ્થ કેવલી પર્યન્ત અને સર્વ વિમુક્ત તો આઠ કર્મના ક્ષય થવાથી સિદ્ધો જ છે. સૂત્રાનુગમે હવે સૂત્ર કહે છે—

● સૂત્ર-૫૪૧ :-

***સંસારના પ્રાણીઓને અનિત્ય આવાસની જ પ્રાપ્તિ થાય છે, સર્વશ્રેષ્ઠ આ પ્રવચન સાંભળીને-વિચારીને જ્ઞાની ગૃહ-બંધનને વોસિરાવે તથા અભીરુ બની આરંભ પરિગ્રહનો ત્યાગ કરે.***

● વિવેચન :-

જેમાં રહેવાય તે આવાસ, એટલે મનુષ્યાદિ ભવ કે તેનું શરીર. તેને પ્રાણી મેળવે છે. ચારે ગતિમાં જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં અનિત્ય ભાવને પામે છે. આ પ્રમાણે જિનેન્દ્રનું અનુત્તર વચન સાંભળીને વિચારે કે - આ પ્રવચનમાં અનિત્યત્વ આદિ બતાવેલ છે. તે જ દર્શાવે છે. આ સાંભળી-વિચારીને વિદ્વાન પુત્ર, પત્ની, ધન, ધાન્યાદિ રૂપ ગૃહપાશનો ત્યાગ કરે. કઈ રીતે ? સાત પ્રકારના ભયથી રહિત થઈ, પરિસહ ઉપસર્ગથી ન ડરતો સાવધ અનુષ્ઠાન અને બાહ્યાભ્યંતર પરિગ્રહ તજે.

● સૂત્ર-૫૪૨ :-

***તેવા પ્રકારનો ભિક્ષુ અનંતકાય પ્રતિ સંયત, અનુપમ જ્ઞાની તથા આહારાદિની એષણા કરનારને મિથ્યાદૃષ્ટિ અનાર્ય અસભ્ય વચનથી પીડા પહોંચાડે છે, જેમ રણભૂમિમાં અગ્રેસર હાથીને શત્રુસેના પીડે છે.***

● વિવેચન :-

અનિત્યત્વાદિ ભાવના ભાવેલો સાધુ, ગૃહબંધન છોડેલો, આરંભ પરિગ્રહ તજેલો અનંતકાય-એકેન્દ્રિયાદિની સમ્યગ્ યતના કરવાથી, અનન્ય સદૃશ જિનાગમના સારને પામેલો, શુદ્ધ આહારાદિ વડે વર્તતો એવો ભિક્ષુ, મિથ્યા દૃષ્ટિ પાપોપહત આત્માના અસભ્ય વચનોથી વ્યથા પામે-પીડા પામે અને માટીના ઢેફા વડે સંગ્રામગત



હાથી જેમ બાણ વડે હણાય તેમ હણાય...

● સૂત્ર-૫૪૩ :-

***તેવા પ્રકારના લોકો વડે કઠોર શબ્દો તથા શીતોષ્ણાદિ સ્પર્શોથી પીડિત જ્ઞાની ભિક્ષુ પ્રશાંત ચિત્તથી સહન કરે. જેમ વાયુના વેગથી પર્વત કંપતો નથી, તેમ સંયમી મુનિ પરીષહ ઉપસર્ગોથી ચલિત ન થાય.***

● વિવેચન :-

અનાર્ય પ્રાયઃ લોકો વડે કદર્થિત, એટલે તે પુરુષો કડવા કઠોર વચન વડે આક્રોશ કરે શીતોષ્ણાદિ દુઃખ ઉત્પન્ન કરે, તો પણ મુનિ તેને સમભાવે સહન કરે, કેમકે જ્ઞાની સમજે છે કે - આ મારા પૂર્વકૃત્ કર્મોનો વિપાક છે એમ માનતો અકલુષિત અંતઃકરણવાળો થઈને વાયુ વડે ન કંપતા ગિરિની માફક સ્થિર રહે. હવે રૂપ્યનું દૃષ્ટાંત—

● સૂત્ર-૫૪૪ :-

***અજ્ઞાનીજનો દ્વારા અપાતા કષ્ટોને સમભાવે સહેતા મુનિ ગીતાર્થ સાથે વસે અને ત્રસ-સ્થાવર બધાને દુઃખ અપ્રિય છે, તેમ જાણીને કોઈ જીવોને સંતાપ ન આપે. બધું સહે તે મુનિને સુશ્રમણ કહેલ છે.***

● વિવેચન :-

પરિસહ-ઉપસર્ગોને સહેતો કે ઇષ્ટ-અનિષ્ટ વિષયોની ઉપેક્ષા કરતો માધ્યસ્થભાવ ધારીને ગીતાર્થ સાધુ સાથે વસે. કઈ રીતે ? અશાતા વેદનીય કે દુઃખથી પીડાતા ત્રસ-સ્થાવર જીવોને ન પીડતો આશ્રવદ્વાર બંધ કરીને પૃથ્વીવત્ પરીષહ ઉપસર્ગોને સહેનાર, સમ્યગ્ રીતે ત્રણ જગત્ના સ્વભાવને જાણનાર છે માટે તે સુશ્રમણ કહેવાય છે.

● સૂત્ર-૫૪૫ :-

***અવસરજ્ઞ, અનુત્તર ધર્મપદ પ્રતિપણત, તૃષ્ણા ત્યાગી, ધર્મધ્યાની, સાવધાન, તપ તેજથી અગ્નિશિખા સમાન તેજસ્વી મુનિના તપ, બુદ્ધિ અને યશની વૃદ્ધિ થાય છે.***

● વિવેચન :-

કાળને જાણનાર, નમેલો, પ્રધાન એવા ક્ષાંત્યાદિ ધર્મપદોને જાણીને આવો મુનિ તૃષ્ણાને દૂર કરીને, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખતા અગ્નિશિખા માફક તપ-તેજથી તપ, બુદ્ધિ અને યશથી વૃદ્ધિ પામે છે.

● સૂત્ર-૫૪૬ :-

***પ્રાણી માત્રના રક્ષક, અનંત જિનોએ સર્વદિશામાં સ્થિત જીવોની રક્ષાના સ્થાનરૂપ મહાવ્રતોની પ્રરૂપણા કરી છે, તે મહાવ્રતો ઘણાં કઠિન છતાં કર્મનાશક છે, જેમ પ્રકાશ અંધકારનો નાશ કરે છે તેમ આ મહાવ્રત ઉર્ધ્વ-અધો-તિર્છી દિશાને પ્રકાશિત કરે છે.***

● વિવેચન :-

સર્વે પણ એકેન્દ્રિયાદિ ભાવદિશાને વિશે રક્ષણ સ્થાનરૂપ વ્રતોને અનંતજ્ઞાનાત્મ

કે નિત્યપણે રોગદ્વેષને જિતનાર જિને પ્રરૂપેલા છે. આ વ્રતો કાયર પુરુષથી ન પળાય તેવા, અનાદિ કર્મોને દૂર કરવામાં સમર્થ છે. જેમ અગ્નિ ઉપર, નીચે, તીર્છી દિશા પ્રકાશિત કરે છે તેમ કર્મરૂપી અંધકાર દૂર કરવાથી ત્રણે દિશાને પ્રકાશિત કરે છે.

હવે ઉત્તરગુણોને કહે છે—

**● સૂત્ર-૫૪૭ :-**

***સાધુએ રાગાદિ નિબંધજનક ગૃહપાશથી બદ્ધ ગૃહસ્થાદિ સાથે સંસર્ગ ન રાખવો, સ્ત્રીઓમાં આસક્ત ન થવું, પૂજા પ્રતિષ્ઠાની કામના ન કરવી.***

**● વિવેચન :-**

કર્મો વડે કે રાગદ્વેષના કારણરૂપ ગૃહપાશથી બદ્ધ ગૃહસ્થ કે અન્ય તીર્થિક સાથે સંગ ન કરે તે ભિક્ષુ સંયમાનુષ્ઠાયી થાય, તથા સ્ત્રીનો સંગ ન કરતો પૂજનને તજે-સત્કાર અભિલાષી ન થાય. આ જન્મમાં અને સ્વર્ગાદિમાં એ રીતે મનોજ્ઞશબ્દાદિ વડે ન સ્વીકારાય તે કટુ વિપાક કામગુણદર્શી પંડિત છે.

**● સૂત્ર-૫૪૮ :-**

***તથા વિમુક્ત, જ્ઞાનપૂર્વક આચરણ કરનાર, દુઃખ સહન કરનાર ભિક્ષુના પૂર્વકૃત્ કર્મમલ અગ્નિ દ્વારા ચાંદીના મેલની જેમ શુદ્ધ થાય છે.***

**● વિવેચન :-**

તે પ્રકારે મૂળ-ઉત્તરગુણધારિત્વથી વિમુક્ત થયેલ તથા સદ્ અસદ્વિવેક રૂપ પરિજ્ઞા વડે ચાલનાર, જ્ઞાનપૂર્વક ક્રિયાકારી તથા સંયમમાં ધૃતિમાન્, અસાતા વેદનીયથી ઉદીર્ણ દુઃખને સમ્યક્ સહે, ખેદ ન કરે, તેને ઉપશમાવવા વૈદ્યનું ઔષધ ન શોધે, આવા ભિક્ષુના પૂર્વકૃત્ કર્મ દૂર થાય છે.

કઈ રીતે ? અગ્નિ વડે ચાંદીની માફક. - x -

**● સૂત્ર-૫૪૯ :-**

***જેમ સર્પ જીર્ણ ત્વચાને તજે તેમ મૂલ-ઉત્તરગુણ ધારી ભિક્ષુ પરિજ્ઞા-સિદ્ધાંતમાં વર્તે છે, આશંસા રહિત થઈ, મૈથુનથી વિરત થઈ વિચરે, તે દુઃખશય્યાથી મુક્ત થાય છે.***

**● વિવેચન :-**

તે મૂલ-ઉત્તરગુણધારી ભિક્ષુ પિણ્ડૈષણા અધ્યયનમાં બતાવેલા અર્થ પ્રમાણે પરિજ્ઞા-સિદ્ધાંતમાં વર્તે છે. તથા આ લોક-પરલોકની આકાંક્ષા રહિત તથા મૈથુનથી વિરમી, ઉપલક્ષણથી બીજા પણ મહાવ્રતધારી એવો ભિક્ષુ જેમ સાપ કાંચળી ઉતારીને નિર્મળ થાય, તેમ મુનિ પણ નરકાદિ દુઃખશય્યાથી મુક્ત થાય છે.

**● સૂત્ર-૫૫૦ :-**

***અપાર જળ પ્રવાહવાળા સમુદ્રને ભૂજા વડે પાર કરવો દુસ્તર છે તેમ સંસાર સમુદ્રને પાર કરવો દુસ્તર છે, તેથી સંસારના સ્વરૂપને જાણીને, ત્યાગ કરનાર પંડિત મુનિ કર્મોનો અંત કરનાર કહેવાય છે.***



**● વિવેચન :-**

તીર્થંકર કે ગણધર કહે છે, સંસાર સમુદ્ર માફક ભુજા વડે તરવો કઠિન છે. કેવો સમુદ્ર ? ઓઘરૂપ. તેમાં દ્રવ્ય ઓઘ તે જળ પ્રવેશ, ભાવ ઓઘ તે આસ્રવ દ્વારો તથા મિથ્યાત્વાદિ અપાર જળ. તે કારણે દુસ્તરત્વ કહ્યું. આવા સંસારસમુદ્રને જ્ઞપરિજ્ઞા વડે જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કર. સદસદ વિવેકજ્ઞ મુનિ આ રીતે કર્મનો અંત કરે છે.

**● સૂત્ર-૫૫૧ :-**

***જે પ્રકારે મનુષ્યે કર્મ બાંધેલ છે, જે પ્રકારે તેમાંથી મુક્તિ કહી છે. તે રીતે બંધ-મોક્ષને જે જાણે છે, તે જ મુનિ કર્મોનો અંત કરનાર કહેવાય.***

**● વિવેચન :-**

જે પ્રકારે મિથ્યાત્વ આદિથી પ્રકૃતિ, સ્થિતિ આદિથી કર્મ આત્મસાત્ થાય છે, તેને આ સંસારમાં મનુષ્યો સમ્યગ્ દર્શનાદિ વડે તોડે છે તે જ મોક્ષ કહ્યો છે. આ રીતે બંધ-મોક્ષનું સ્વરૂપ સમ્યક્ રીતે જાણીને તે પ્રમાણે વર્તનાર કર્મનો અંત કરનાર મુનિ કહેવાય છે.

**● સૂત્ર-૫૫૨ :-**

***આ લોક અને પરલોકમાં કે બંનેમાં જેને કોઈ બંધન નથી તથા જે નિરાલંબી અને ક્યાંય પ્રતિબદ્ધ નથી, તે સાધુ સંસારમાં ગર્ભાદિ પર્યટનથી મુક્ત થાય છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

આ લોક, પરલોક અને બંને લોકમાં જેને જરા પણ બંધન નથી તે આ લોક, પરલોકની આકાંક્ષા રહિત ક્યાંય પ્રતિબદ્ધ નથી અથવા શરીરી છે, તે સંસારમાં ગર્ભાદિ પર્યટનથી મુકાય છે. - x -

**ચૂલિકા-૪ - વિમુક્તિનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ થયો.**

૦ અનુગમ કહ્યો. હવે નયો કહે છે - તે જ્ઞાન-ક્રિયા નયોમાં અવતરે છે. તેમાં જ્ઞાનનય કહે છે - જ્ઞાન જ આલોક, પરલોકના અર્થને આપે છે. - x - x - જ્ઞાનના વિષયમાં યત્ન કરવો એવો જે ઉપદેશ તે નય એ જ્ઞાનનય છે તેવો અર્થ જાણવો.

ક્રિયાનય કહે છે, પુરુષને ક્રિયા જ ફળદાયી કહી છે, જ્ઞાનને ફળદાયી માનેલ નથી, કેમકે સ્ત્રી, ભક્ષ્ય, ભોગનો જ્ઞાતા જ્ઞાનથી સુખી થતો નથી. તથા શાસ્ત્રોને ભણવા છતાં લોકો મૂર્ખ થાય છે, પણ જે ક્રિયાવાન્ પુરુષ છે તે વિદ્વાન્ છે. શું સંચિત કરેલા ઔષધના જ્ઞાનમાત્રથી રોગરહિત કરે છે તથા ગ્રાહ્ય-ગ્રાહકનો અર્થ જાણવા છતાં ક્રિયાના અભ્યાસને માટે પ્રયત્ન કરવો જોઈએ તે ક્રિયા નય.

હવે પ્રત્યેકને આશ્રીને આ પરમાર્થ કહે છે - જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ છે. આગમમાં પણ કહ્યું છે કે - સર્વે પણ નયોની બહુવિધ વક્તવ્યતાને છોડીને સર્વનય

વિશુદ્ધ એ છે જે ચરણગુણ સ્થિત સાધુ છે. ચરણ એટલે ક્રિયા, ગુણ તે જ્ઞાન. તેનાથી યુક્ત સાધુ મોક્ષ સાધના માટે યોગ્ય છે, તે તાત્પર્યાર્થ છે.

**આચારાંગ શ્રુતસ્કંધ-૨ 'આચારાગ્ર'નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

'આચાર' સૂત્રની ટીકા કરતા મને જે પુન્ય પ્રાપ્ત થાય તે મને મોક્ષના એક હેતુ માટે થાઓ. તેના વડે કર્મોની અશુભ રાશિ દૂર થાઓ અને લોકને ઉચ્ચ આચાર માર્ગ પ્રવણ થાઓ.

[નિ.૩૪૭-] પૂજ્ય 'આચાર' સૂત્રની ચોથી ચૂલાની આ નિર્યુક્તિ છે. પાંચમી 'નિશીથ' નામની ચૂલા તેના પછી હું કહીશ.

[નિ.૩૪૮] પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયનના અનુક્રમે સાત, છ, ચાર, ચાર, પાંચ, આઠ, આઠ, ચાર ઉદ્દેશા વડે જાણવા. *[નોંધેલા ઉદ્દેશા અને અહીં અપાયેલ ઉદ્દેશાની સંખ્યામાં ભેદ છે.]*

[નિ.૩૪૯-] અગિયાર, ત્રણ, ત્રણ, બે, બે, બે, બે, ઉદ્દેશથી અને બાકી એકસરા અધ્યયનો જાણવા.

— x ----- x ---

૦ આ ઉપરાંત સાત મહાપરિજ્ઞા નિર્યુક્તિ વૃત્તિને અંતે આપી છે. તેની કોઈ વૃત્તિ કે વિવરણ નોંધાયેલ નથી. તેથી અમે પણ છોડી દીધેલ છે.

**(૧) "આચાર" નામક પહેલા અંગસૂત્રનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

• ભાગ-૨ પૂરો થયો •

- x - x - x - x - x - x -



# આચાર-સૂત્ર

## આગમ-૧, અંગસૂત્ર-૧

ભાગ-૧-માં

શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧ થી ૫

તથા

ભાગ-૨-માં

શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૬ થી ૯

તથા શ્રુતસ્કંધ-૨

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |